# સમ્યગ્દર્શનની રીત

જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ
માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં=સ્વભાવમાં) જ
'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ
અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દષ્ટિ છે.
સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.

લેખક - CA. જયેશ મોહનલાલ શેઠ
(બોરીવલી), B.Com., F.C.A.

# સમ્યગ્દર્શનની રીત

**- અર્પણ -**

**માતા – પૂજ્ય કાંતાબેન, પિતા – પૂજ્ય સ્વર્ગીય મોહનલાલ નાનચંદ શેઠ,**

**તથા ભાઈ – શ્રી રશ્મિનભાઈ મોહનલાલ શેઠને.**

**જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ**
**માત્ર શુદ્ધાત્મામાં (દ્રવ્યાત્મામાં=સ્વભાવમાં) જ**
**'હું પણું' (એકત્વ) કરે છે અને તેનો જ**
**અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દષ્ટિ છે.**
**સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.**

**- લેખક -**

CA. જયેશ મોહનલાલ શેઠ *(બોરીવલી)*,
B.Com., F.C.A.

**પ્રકાશક :** શૈલેશ પુનમચંદ શાહ

# - અનુક્રમણિકા -


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | લેખકના હૃદયોદ્ગારો | ૧ |
| ૨ | પૂર્વભૂમિકા | ૫ |
| ૩ | સમ્યગ્દર્શન | ૧૨ |
| ૪ | દ્રવ્ય - ગુણ વ્યવસ્થા | ૧૬ |
| ૫ | દ્રવ્ય - પર્યાય વ્યવસ્થા | ૨૦ |
| ૬ | ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વ્યવસ્થા | ૨૩ |
| ૭ | દ્રષ્ટિભેદે ભેદ | ૨૪ |
| ૮ | પંચાધ્યાયી પૂર્વાર્ધની વસ્તુવ્યવસ્થા દર્શાવતી ગાથાઓ | ૨૬ |
| ૯ | સમ્યગ્દર્શનનું સ્વરૂપ | ૫૬ |
| ૧૦ | સમ્યગ્દર્શનનો વિષય અર્થાત્ દ્રષ્ટિનો વિષય | ૬૧ |
| ૧૧ | પંચાધ્યાયી પૂર્વાર્ધની દ્રષ્ટિનો વિષય દર્શાવતી ગાથાઓ | ૬૪ |
| ૧૨ | આત્મજ્ઞાનરૂપ સ્વાત્માનુભૂતિ પરોક્ષ કે પ્રત્યક્ષ | ૬૯ |
| ૧૩ | સ્વાત્માનુભૂતિ આત્માના ક્યા પ્રદેશે | ૭૦ |
| ૧૪ | ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી? | ૭૧ |
| ૧૫ | પર્યાય પરમપારિણામિકભાવની જ બનેલ છે | ૭૪ |
| ૧૬ | સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય | ૭૮ |
| ૧૭ | નવ તત્ત્વની સાચી શ્રદ્ધાનું સ્વરૂપ | ૭૯ |
| ૧૮ | સમ્યગ્દર્શનનું લક્ષણ | ૮૪ |
| ૧૮એ | શ્વેતાંબર ગ્રંથોમાં સ્વાનુભૂતિ દર્શાવતી ગાથાઓ | ૮૬ |
| ૧૯ | સમ્યગ્દ્રષ્ટિને ભોગ બંધનું કારણ નથી | ૮૯ |
| ૨૦ | નિમિત્ત-ઉપાદાનની સ્પષ્ટતા | ૯૨ |
| ૨૧ | ઉપયોગ અને લબ્ધિરૂપ સમ્યગ્દર્શન | ૯૪ |
| ૨૨ | સ્વાનુભૂતિ વગરની શ્રદ્ધા | ૯૫ |
| ૨૩ | સમ્યગ્દ્રષ્ટિ જીવનો નિર્વિચિકિત્સાગુણ | ૯૭ |
| ૨૪ | સમ્યગ્દર્શન માટેની યોગ્યતા | ૯૮ |
| ૨૫ | શુભોપયોગ નિર્જરાનું કારણ નથી | ૧૩૯ |
| ૨૬ | સમ્યગ્દર્શન વિના દ્રવ્ય ચારિત્ર | ૧૪૧ |

૨૭ સ્વ-પર વિષયનો ઉપયોગ કરવાવાળો પણ આત્મજ્ઞાની હોય ... ... ... ૧૪૨
૨૮ પ્રવચનસાર અનુસાર સમ્યગ્દર્શનનો વિષય ... ... ... ... ૧૪૪
૨૯ નિયમસાર અનુસાર સમ્યગ્દર્શનનો વિષય ... ... ... ... ૧૪૬
૩૦ ધ્યાન વિશે ... ... ... ... ... ... ૧૪૯
(૩૧) સાધકને સલાહ ... ... ... ... ... ... ૧૫૨
૩૨ નિયમસાર અનુસાર ધ્યાન અને સમ્યગ્દર્શનનો વિષય ... ... ... ૧૫૮
૩૩ પંચાસ્તિકાય સંગ્રહની ગાથાઓ ... ... ... ... ... ૧૭૯
૩૪ અષ્ટપાહુડની ગાથાઓ ... ... ... ... ... ... ૧૮૦
૩૫ સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ ... ... ... ... ... ૧૮૩
૩૬ સમયસાર અનુસાર સમ્યગ્દર્શનનો વિષય ... ... ... ... ૧૮૬
૩૭ સમયસારના અધિકારોનું વિહંગાવલોકન ... ... ... ... ૨૦૭
૩૮ સમયસારના પરિશિષ્ટમાંથી અનેકાંતનું સ્વરૂપ ... ... ... ... ૨૨૪
(૩૯) બાર ભાવના ... ... ... ... ... ... ૨૩૦
(૪૦) ચિંતન કણિકાઓ ... ... ... ... ... ... ૨૩૨
(૪૧) રાત્રિભોજન વિશે ... ... ... ... ... ... ૨૩૮
(૪૨) સમાધિમરણ ચિંતન ... ... ... ... ... ... ૨૪૦
(૪૩) યુનિવર્સલ લો ... ... ... ... ... ... ૨૪૨


O = ***આ પ્રકરણો વારંવાર વાંચો.***

© CA. **જયેશ મોહનલાલ શેઠ** **મૂલ્ય :** અમૂલ્ય

**નોંધ-** આ પુસ્તક કોઈને છપાવવું હોય તો, અમારો સંપર્ક કરવા વિનંતિ છે.
E-Book available on : **www.jayeshsheth.com**


**- સંપર્ક અને પ્રાપ્તિ સ્થાન -**

**શૈલેશ પુનમચંદ શાહ** - ૪૦૨, પારિજાત, સ્વામી સમર્થ માર્ગ,
(હનુમાન ક્રોસ રોડ નં ૨), વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૭.
ફોન નં ૨૬૧૩ ૩૦૪૮ મોબાઈલ નં ૯૮૯૨૪ ૩૬૭૯૯ / ૯૩૨૪૩ ૩૭૩૨૬

**જયકળા નલિન ગાંધી** - સી/૫૦૨, એડવેન્ટ નિલ રેસીડન્સી, પૂર્ણપ્રજ્ઞા હાઈસ્કુલની પાછળ,
ભરૂચા રોડ, ભાટલાદેવી મંદિરની સામે, દહિસર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૮.
ફોન નં ૨૮૯૫ ૨૫૩૦ મોબાઈલ નં ૯૮૩૩૬ ૭૭૪૪૭ / ૯૮૨૧૯ ૫૨૫૩૦

*ટાઈપ સેટીંગ* **: સમીર પારેખ - *ક્રિએટીવ પેજ સેટર્સ*** ફોન : ૮૩૬૯૨ ૬૮૬૯૫

*મુદ્રણ* **: નિલેશ પારેખ - *પારસ પ્રિન્ટ્સ,*** ગોરેગામ, મુંબઈ ફોન : ૯૯૬૭૭ ૨૨૩૫૯

## – અનુમોદક –

**જયકળા નલિન ગાંધી પરિવાર**

**સ્વ. જયંતિલાલ નરભેરામ દેસાઈ પરિવાર, હસ્તે : સ્મિતા પ્રકાશ દેસાઈ**

**પૂ. પિતાશ્રી મુકુંદરાય ગિરધરલાલ શાહ (નાથાભવાન વાળા) અને**
**પૂ. માતુશ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ પરીખ (લગડીવાળા) ના સ્મરણાર્થે**
**હસ્તે : નમિતા રસેશ શાહના જય જિનેન્દ્ર**

ॐ શ્રી મહાવીરાય નમઃ

# ૧
# લેખકના હૃદયોદ્‌ગારો

**પં**ચ પરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરીને શાસ્ત્ર અને સ્વાનુભૂતિના આધારે બહુજન હિતાય, બહુજન સુખાય સમ્યગ્દર્શન કે જે મોક્ષમાર્ગનો દરવાજો છે, તે સમ્યગ્દર્શનની રીત અને તેના માટે આવશ્યક ભાવ વિશે અર્થાત્ શેની ભાવના ભાવવાથી સમ્યગ્દર્શન પ્રગટે તે અર્થાત્ સમ્યગ્દર્શન માટે ચિંતન-મનનનો વિષય, તેના સ્પષ્ટીકરણ માટે દ્રવ્યગુણપર્યાયમય સતરૂપ વસ્તુ કે જે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ પણ છે તે, સમ્યગ્દર્શન માટેની અન્ય યોગ્યતાઓ વિશે અને ધ્યાન કે જે કેવળજ્ઞાન, કેવળદર્શન અને મુક્તિનું કારણ છે તેના વિશે વિશેષ સ્પષ્ટીકરણ સહિત સમજાવવાનો પ્રયાસ અમે આ પુસ્તકમાં કરેલ છે. આ પુસ્તક અમારું પૂર્વે પ્રકાશિત 'દૃષ્ટિનો વિષય' નામના પુસ્તકમાં નવું ચિંતન ઉમેરીને બનાવવામાં આવ્યું છે. મુમુક્ષુ જીવોને અમારો અનુરોધ છે કે આપ આ પુસ્તક શરૂઆતથી અંત સુધી અધ્યયન કરીને પોતાનો મત બનાવો, અન્યથા નહીં. જો આપણે અધૂરું વાંચીને કે અમુક અંશ વાંચીને પોતાનો મત બનાવી લઈએ તો તે આપણા માટે જ હાનિકારક છે. અહીંયા હાનિ એટલે અનંત સંસાર, જે બહુ જ દુઃખદાયક છે.

મને નાની ઉંમરથી જ સત્યની શોધ હતી અને તેને માટે સર્વ દર્શનનો અભ્યાસ કર્યો અને અંતે જૈનદર્શનના અભ્યાસ પશ્ચાત્ ૧૯૯૯માં ૩૮ વર્ષની ઉંમરે મને સત્યની પ્રાપ્તિ થઈ અર્થાત્ તેનો અનુભવ/સાક્ષાત્કાર થયો. તત્પશ્ચાત્ જૈનશાસ્ત્રોનો પુનઃ પુનઃ સ્વાધ્યાય કરતા અનેક વખત સત્યનો અર્થાત્ શુદ્ધાત્માનો અનુભવ થયો કે જેની રીત આ પુસ્તકમાં શાસ્ત્રોના આધારસહ સર્વ જનોના લાભાર્થે આપવાનો પ્રયત્ન કરેલ છે.

દરેક જૈન સંપ્રદાયમાં સમ્યગ્દર્શન વિશેના તો અનેક પુસ્તકો છે કે જેમાં સમ્યગ્દર્શનના પ્રકારો, સમ્યગ્દર્શનના ભેદો, પાંચ લબ્ધિઓ, સમ્યગ્દર્શનના પાંચ લક્ષણો, સમ્યગ્દર્શનના આઠ અંગો, સમ્યગ્દર્શનના ૨૫ મળ વગેરે વિષયો ઉપર વિસ્તારથી વર્ણન છે; પરંતુ તેમાં સમ્યગ્દર્શનના વિષય વિશેની ચર્ચા બહુ જ ઓછી જોવામાં આવે છે. તેથી અમે તેના ઉપર પ્રસ્તુત પુસ્તકમાં થોડો પ્રકાશ પાથરવાનો પ્રયાસ કરેલ છે.

અમે કોઈ પણ મત - પંથમાં નથી. અમે માત્ર આત્મામાં છીએ. અર્થાત્ માત્ર આત્મધર્મમાં જ છીએ. તેથી કરીને અત્ર અમે કોઈ પણ મત - પંથનું મંડન અથવા ખંડન ન કરતા માત્ર

આત્માર્થે જે ઉપયોગી છે તે જ આપવાની કોશિશ કરેલ છે. માટે સર્વ જનોએ તેને તે જ અપેક્ષાએ સમજવું - એવો અમારો અનુરોધ છે.

અમે આ પુસ્તકમાં જે પણ જણાવેલ છે, તે શાસ્ત્રોના આધારે અને અનુભવીને જણાવેલ છે; છતાં પણ કોઈને અમારી વાત તરંગરૂપ લાગતી હોય, તો તેઓએ આ પુસ્તકમાં જણાવેલ વિષયને કોઈ પણ શાસ્ત્ર સાથે મેળવી જોવો અથવા તો પોતે અનુભવીને પ્રમાણ કરી જોવો - આ બે સિવાય અન્ય કોઈ પરીક્ષણની રીત નથી. કોઈ પોતાની ધારણાને અનુકૂળ ન હોવાથી અમને તરંગ માને, તો એમાં અમારું કાંઈ નુકસાન નથી; કારણ કે તેનાથી અમારા આનંદની ભરતીમાં કોઈ પણ ઊણપ આવવાની નથી. પરંતુ નુકસાન તો માત્ર તરંગ માનવાવાળાનું જ થવાનું છે. છતાં આપને એવું લાગતું હોય કે આપે ધારી રાખેલ છે તે જ સાચું છે, તો આપને અમો કહીએ છીએ કે, આપ આપની ધારણા અનુસાર આત્માનુભૂતિ કરી લો, તો બહુ સરસ. અને જો આપ આપની ધારણા અનુસાર વર્ષો સુધી પ્રયત્નો કર્યા બાદ પણ ભાવભાસન (તત્ત્વનો નિર્ણય) સુધી પણ ન પહોંચ્યા હો, અને તત્ત્વની ચર્ચા અને વાદવિવાદ જ કરતા રહ્યા હો, તો આપ આ પુસ્તકમાં અમે દર્શાવેલ વિષય પર જરૂર વિચાર કરજો. જો આપ વિચાર કરશો તો તત્ત્વનો નિર્ણય તો અચૂક જ થશે - એવો અમને વિશ્વાસ છે. માટે આ પુસ્તકમાં જે વિષય જણાવેલ છે તેના ઉપર સર્વને વિચાર કરવા અમારો અનુરોધ છે. અમે કોઈ વાદવિવાદમાં પડવા માગતા નથી. માટે જેને આ વાત ન સમજાય અથવા ન જચે તેઓ અમોને માફ કરે. મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા !

આ કાળમાં જૈનસમાજ બે વિભાગમાં વહેંચાઈ ગયેલ છે; તેમાંથી એક વિભાગ એવો છે કે જે માત્ર વ્યવહારનયને જ માન્ય કરે છે, માત્ર તેને જ પ્રાધાન્ય આપે છે અને માત્ર તેનાથી જ મોક્ષ માને છે. જ્યારે બીજો વિભાગ એવો છે કે જે માત્ર નિશ્ચયનયને જ માન્ય કરે છે, માત્ર તેને જ પ્રાધાન્ય આપે છે અને માત્ર તેનાથી જ મોક્ષ માને છે. પરંતુ ખરેખરો મોક્ષમાર્ગ નિશ્ચય-વ્યવહારની યોગ્ય સંધિમાં જ છે કે જે વાત માત્ર કોઈક વિરલા જ જાણે છે; જેમ કે **પુરુષાર્થસિદ્ધિ-ઉપાય** ગાથા ૮માં પણ કહ્યું છે કે- ''જે જીવ વ્યવહારનય અને નિશ્ચયનયને વસ્તુસ્વરૂપ વડે યથાર્થપણે જાણીને મધ્યસ્થ થાય છે અર્થાત્ નિશ્ચયનય અને વ્યવહારનયના પક્ષપાતથી રહિત થાય છે, તે જ શિષ્ય ઉપદેશના સંપૂર્ણ ફળને પામે છે (અર્થાત્ સમ્યગ્દર્શન પામીને મોક્ષ મેળવે છે).''

જ્યારે સાંપ્રત કાળે (વર્તમાન કાળે) મોટા ભાગનો જૈનસમાજ વ્યવહારનયને જ પ્રાધાન્ય આપે છે અને નિશ્ચયનયની ઘોર અવગણના કરે છે અથવા વિરોધ કરે છે કે જેથી કરી તેવો સમાજ જાણ્યે-અજાણ્યે પણ એકાંત મતરૂપે પરિણમે છે કે જેને ભગવાને પાખંડીનો મત જણાવેલ છે. અને જૈનસમાજનો બીજો વર્ગ કે જે નિશ્ચયનયને જ પ્રાધાન્ય આપે છે અને વ્યવહારનયની ઘોર અવગણના કરે છે અથવા વિરોધ કરે છે, તે સમાજ પણ જાણ્યે-અજાણ્યે એકાંત મતરૂપે પરિણમે

છે કે જેને પણ ભગવાને પાખંડીનો મત જ જણાવેલ છે. અમે આ પુસ્તકમાં નિશ્ચય-વ્યવહારની યોગ્ય સંધિ સમજાવવાનો પ્રામાણિક પ્રયત્ન કરેલ છે કે જેને સર્વ જૈનસમાજ યોગ્ય રીતે સમજીને આરાધે, તો જૈન ધર્મમાં આમૂલ-ચૂલ ક્રાન્તિ આવી શકે તેમ છે અને અત્યારે જે એકાંત પ્રરૂપણાઓ ચાલે છે કે જે પાખંડ મતરૂપ છે, તે અટકી શકે તેમ છે.

માત્ર વ્યવહારનયને જ માન્ય કરી અને તેને જ પ્રાધાન્ય આપતું એક ઉદાહરણ છેઃ સમ્યગ્દર્શનનું સ્વરૂપ. માત્ર વ્યવહારનયને જ માન્ય કરનારા મોટા ભાગના જૈનો એવું માને છે કે, સમ્યગ્દર્શન એટલે સાત/નવ તત્ત્વોની (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા અથવા સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા. સમ્યગ્દર્શનની આ વ્યાખ્યા વ્યવહારનયના પક્ષની છે. પરંતુ નિશ્ચયનયના મતે જે એકને અર્થાત્ આત્માને જાણે છે તે જ સર્વને અર્થાત્ સાત/નવ તત્ત્વોને અને સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રને જાણે છે કારણ કે એક આત્માને જાણતા જ તે જીવ સાચા દેવ તત્ત્વનો અંશે અનુભવ કરે છે અને તેથી જ તે સાચા દેવને અંતરથી ઓળખે છે અને તેમ સાચા દેવને જાણતા જ અર્થાત્ (સ્વાત્માનુભૂતિ સહિતની) શ્રદ્ધા થતા જ તે જીવ તેવા દેવ બનવાના માર્ગે ચાલતા સાચા ગુરુને પણ અંતરથી ઓળખે છે અને સાથે - સાથે તે જીવ તેવા દેવ બનવાનો માર્ગ અર્થાત્ સત્ય ધર્મ બતાવતા સાચા શાસ્ત્રોને પણ ઓળખે છે.

નિશ્ચય સમ્યગ્દર્શનની સાચી વ્યાખ્યા આવી હોવા છતાં વ્યવહારનયના પક્ષવાળાને સમ્યગ્દર્શનની આવી સાચી વ્યાખ્યા માન્ય હોતી નથી અથવા તેઓ આવી વ્યાખ્યાનો જ વિરોધ કરે છે અને તેથી કરીને તેઓ સમ્યગ્દર્શન એટલે સાત/નવ તત્ત્વોની કહેવાતી (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા અથવા સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની કહેવાતી (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા એટલું જ માનતા હોઈને તેઓ 'સ્વાત્માનુભૂતિ વગરની શ્રદ્ધા' અને 'સ્વાત્માનુભૂતિ સહિતની શ્રદ્ધા' વચ્ચેનો ફરક જ જાણતા નથી અથવા જાણવા જ માગતા નથી. તેથી કરીને તેઓ સમ્યગ્દર્શન કે જે ધર્મનો પાયો છે તેના વિશે જ અજાણ રહીને આખી જિંદગી ક્રિયા-ધર્મ ઉત્તમ રીતે કરવા છતાં પણ સંસારના અંત માટેનો ધર્મ પામતા નથી, જે કરુણા ઉપજાવે તેવી વાત છે.

તેવી જ રીતે જેઓ માત્ર નિશ્ચયનયને જ માન્ય કરીને તેને જ પ્રાધાન્ય આપે છે તેઓ માત્ર જ્ઞાનની શુષ્ક (કોરી) વાતોમાં જ રહી જાય છે અને પારમાર્થિક (નિશ્ચય) સમ્યગ્દર્શન માટેની આત્માની યોગ્યતા વિશે અથવા માત્ર પાયાના સદાચાર વિશે પણ ઘોર ઉપેક્ષા સેવીને, તેઓ પણ સંસારના અંત માટેના ધર્મથી તો દૂર જ રહે છે. તદ્ઉપરાંત આવા લોકોને પ્રાયઃ સ્વચ્છંદતાના કારણે અર્થાત્ પુણ્યને એકાંતે હેય માનવાના કારણે પુણ્યનો પણ અભાવ હોવાથી ભાવના કે ભવના પણ ઠેકાણા રહેતા નથી, જે વાત પણ અધિક કરુણા ઉપજાવે તેવી જ છે.

તેવી જ રીતે જૈનસમાજમાં એક નાનો વર્ગ એવો પણ છે કે જેઓએ વસ્તુ-વ્યવસ્થાને જ

વિકૃત કરી નાખેલ છે. તેઓ દ્રવ્ય અને પર્યાયને એ હદે અલગ માને છે જાણે કે તે બે અલગ દ્રવ્યો ન હોય ! તેઓ એક અભેદ દ્રવ્યમાં ભેદ ઉપજાવીને જણાવેલ ગુણ-પર્યાયને પણ ભિન્ન સમજે છે અર્થાત્ દ્રવ્યનું સમ્યક્ સ્વરૂપ સમજાવવા દ્રવ્યને અપેક્ષાએ ગુણ અને પર્યાયથી ભિન્ન જણાવેલ છે. પરંતુ તેને તેઓ વાસ્તવિક રીતે ભિન્ન સમજે છે. દ્રવ્ય અને પર્યાયને બે ભાવ ન માનતા તેઓ તેને બે ભાગરૂપ માનવા સુધીની પ્રરૂપણા કરે છે અને આગળ તેમાં પણ સામાન્ય-વિશેષ એવા બે ભાગોની કલ્પના કરે છે. આ રીતે વસ્તુ-વ્યવસ્થાની જ વિકૃત રીતે પ્રરૂપણા કરીને તેઓ પણ સંસારના અંત માટેના ધર્મથી તો દૂર જ રહે છે. તે ઉપરાંત આવા લોકોને પણ પ્રાયઃ સ્વચ્છંદતાના કારણે પુણ્યનો અભાવ હોવાથી ભાવના કે ભવના પણ ઠેકાણા રહેતા નથી, તે વાત પણ અત્યંત કરુણા ઉપજાવે તેવી જ છે.

અત્યારે જૈનસમાજમાં પ્રવર્તતી તત્ત્વ વિશેની આવી ગેરસમજોને દૂર કરવા અમે અમારા આત્માની અનુભૂતિપૂર્વકના વિચારો, શાસ્ત્રોના આધારસહિત આ પુસ્તકમાં પ્રસ્તુત કરીયે છીએ, જેનો વિચાર-ચિંતન-મનન આપ ખુલ્લા મનથી અને 'સારું તે જ મારું ' અને 'સાચું તે જ મારું ' એવો અભિગમ અપનાવીને કરશો, તો આપ પણ તત્ત્વની પ્રતીતિ જરૂર કરી શકશો - એવો અમને વિશ્વાસ છે. અત્ર અમારા માટે જે 'અમે' સંબોધન વાપરેલ છે તે કોઈ માનવાચક શબ્દ ન સમજવો, પરંતુ તેનો અર્થ ત્રિકાળવર્તી આત્માનુભવીઓ છે; કારણ કે ત્રિકાળવર્તી આત્માનુભવીઓની સ્વાત્માનુભૂતિ એક સમાન જ હોય છે.

આ પુસ્તક તૈયાર કરવામાં અમે જે જે ગ્રંથોનો આધાર લીધેલ છે, તે માટે અમે તેમના લેખકો એવા આચાર્ય ભગવંતોના, તે ગ્રંથોની ટીકા રચનારાઓના, અનુવાદકોના તથા પ્રકાશકોના હૃદયપૂર્વક આભારી છીએ. દરેક ગ્રંથની ગાથાનો અન્વયાર્થ અને ભાવાર્થ ''  '' માં આપેલ છે. અમને આ પુસ્તક તૈયાર કરવામાં અનેક લોકોએ અલગ-અલગ રીતે સહકાર આપેલ છે, તે સર્વ જનોના અમે ઋણી છીએ. તેથી તે સર્વનો અમે હૃદયપૂર્વક આભાર માનીયે છીએ.

અમારા આત્માની અનુભૂતિપૂર્વકના વિચારોને આપ પરીક્ષા કરીને અને અત્ર આપેલ શાસ્ત્રોના આધારથી સ્વીકાર કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરો કે જેથી આપ પણ ધર્મરૂપે પરિણમો અને મોક્ષમાર્ગ ઉપર અગ્રેસર બની અંતે સિદ્ધત્વને પામો એ જ અભ્યર્થનાસહ. પ્રસ્તુત પુસ્તકમાં જાણ્યે-અજાણ્યે મારાથી કાંઈ પણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મારા મિચ્છામિ દુક્કડં! ઉત્તમ ક્ષમા !

મુંબઈ, ૧૨/૧૨/૨૦૧૮.

**CA. જયેશ મોહનલાલ શેઠ**

# ૨
# પૂર્વભૂમિકા

**પ**હેલાં આપણે આપણી અનાદિની વાર્તા (Story) સમજી લઈએ. તેના માટે આપણે પ્રાથમિક કાળગણતરી સમજવી આવશ્યક છે. આપણે કાળને સેકંડ, મિનિટ, કલાક ઇત્યાદિ રૂપથી જાણીયે છીએ; પરંતુ આપણી વાર્તા સમજવા માટે આપણે ઉપમા કાળ, જે અસંખ્યાત વર્ષોનો હોય છે, તે જાણવો આવશ્યક છે.

તેના માટે અમે પહેલા ઉપમા કાળની વ્યાખ્યા કરીએ છીએ. તેમાં શ્વેતાંબર-દિગંબર આમ્નાયમાં થોડો ફરક હોઈ શકે છે. એટલે અહીં બતાવેલ વ્યાખ્યામાં કોઈ સંમત ન હોય તો પણ તકલીફ નથી. આપ તેને શબ્દ કે અંકના રૂપમાં ગ્રહણ ન કરતા અને આ વ્યાખ્યાના સાચાખોટાપણાના વિવાદમાં પણ ન પડતા તે કાળગણતરીનું ભાવભાસન જરૂર કરજો, એવું આપ સૌને અમારું નિવેદન છે.

(લગભગ) ૬૦૦૦ કિલોમીટર લાંબો, તેટલો જ પહોળો અને તેટલો જ ઊંડો કૂવો (પલ્ય) બનાવી તેને ઉત્તમ ભોગભૂમિના (અર્થાત્ યુગલિકભૂમિના) સાત દિવસના જન્મેલા ઘેટાના વાળના (લગભગ આપણા વાળના ૫૧૨મા ભાગ જેટલા પાતળા) ઝીણામાં ઝીણા ટુકડાથી (એટલા ઝીણા ટુકડા કે જેના બે ટુકડા ન થઈ શકે તેનાથી) ઠસોઠસ ભરવાનો છે. પછી દર ૧૦૦ વર્ષે તે કૂવામાંથી એક વાળનો ટુકડો બહાર કાઢવાનો છે. આવી રીતે વાળનો એકએક ટુકડો કાઢતા કાઢતા જ્યારે આખો કૂવો ખાલી થઈ જાય એટલા કાળને એક વ્યવહાર પલ્યોપમ કહેવામાં આવે છે. આવા એક વ્યવહાર પલ્યોપમને અસંખ્યાત વડે ગુણાકાર કરતા જે સંખ્યા આવશે, તેટલા કાળને એક ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે. આવા એક ઉદ્ધાર પલ્યોપમને અસંખ્યાત વડે ગુણાકાર કરતા જે સંખ્યા આવશે, તેટલા કાળને એક અદ્ધા પલ્યોપમ કહેવાય છે.

આવા એક કરોડ અદ્ધા પલ્યોપમને દસ કરોડ અદ્ધા પલ્યોપમથી ગુણાકાર કરતા જે સંખ્યા આવશે, તેટલા કાળને એક સાગરોપમ કહેવાય છે. આવા એક કરોડ સાગરોપમને ૨૦ કરોડ

સાગરોપમથી ગુણાકાર કરતા જે સંખ્યા આવશે, તેટલા કાળને એક કાળચક્ર કહેવાય છે. આવા અનંતાનંત કાળચક્ર વીતતા એક પુદ્‌ગલ પરાવર્તન કાળનો અનંતમા ભાગનો સમય વ્યતીત થાય છે. આટલો મોટો છે એક પુદ્‌ગલ પરાવર્તન કાળ. એટલે કે એક પુદ્‌ગલ પરાવર્તન કાળના અનંતમા ભાગમાં અનંતાનંત કાળચક્ર હોય છે.

હવે આપણે આપણી વાર્તા સમજીએ. અનાદિથી આપણે સંસારમાં ભ્રમણ કરી રહ્યા છીએ. અહીંયા જેમ આપણું ઘર હોય છે અને આપણે ક્યાંય યાત્રા પર જઈએ તો હરીફરીને ઘરે અવશ્ય પાછા આવી જઈએ છીએ. તેવી જ રીતે આપણા આત્માનું અનાદિથી એક જ નિવાસસ્થાન છે, તેનું નામ છે નિગોદ. નિગોદ એટલે અનંતાનંત આત્માઓનું એક જ શરીરમાં સાથે રહેવું અને એક જ કાળે તે સર્વનું જન્મ-મરણ હોય છે. તેઓનું આયુષ્ય લગભગ એક શ્વાસોશ્વાસના ૧૮મા ભાગ જેટલું હોય છે, અર્થાત્ તેઓનું વારંવાર જન્મ-મરણ થતું જ રહે છે. આપણા શરીરના સાડા ત્રણ કરોડ રોમકૂપમાં ગરમ સોય ભોંકીને શરીરને માટીમાં રગડપટ્ટી કરવામાં આવે તેમાં જેટલું દુઃખ થાય છે, તેટલું દુઃખ ભગવાને જન્મ વખતનું બતાવ્યું છે અને મરણ સમયનું દુઃખ તેનાથી અનેકગણું વધારે હોય છે. આવું જન્મ-મરણનું દુઃખ નિગોદના જીવો સતત ભોગવતા હોય છે. તેથી નિગોદના જીવોને સાતમી નરકના જીવોથી પણ અનેકગણું વધારે દુઃખ હોય છે - એમ ભગવાને કહ્યું છે.

અનાદિથી આપણે નિગોદમાં આવા દુઃખો સહન કરતા હતા. તેને અવ્યવહાર રાશિ અથવા નિત્ય નિગોદ પણ કહેવાય છે. અનેક ભવ્ય જીવો એવા પણ છે કે જે ક્યારેય નિત્ય નિગોદમાંથી બહાર નીકળવાના જ નથી. જ્યારે એક જીવ મોક્ષ પામે છે, ત્યારે એક જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે. આ રીતે આપણે અનંતાનંત પુદ્‌ગલ પરાવર્તન કાળ વીત્યા પછી નિગોદમાંથી નીકળી બેઇન્દ્રિયાદિ ગતિમાં પ્રવેશ મેળવ્યો છે. જે આપણા માટે અત્યાર સુધીનો સૌથી મોટો જેકપોટ (ઇનામ/પારિતોષિક) છે.

નિગોદમાંથી બહાર નીકળ્યા પછી એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, નરક, યુગલિયા મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચ, પંચેન્દ્રિય તિર્યંચ યુગલિયા, દેવ વગેરે ગતિઓમાં અસંખ્યાત-અસંખ્યાત કાળ વિતાવ્યા પછી આપણને કર્મભૂમિમાં મનુષ્ય રૂપે જન્મ મળે છે.

અનેક મનુષ્ય-જન્મ પામ્યા પછી ક્યારેક (એક વખત) આપણો જન્મ આર્યક્ષેત્રમાં થાય છે. અનેક વાર આર્યક્ષેત્રમાં મનુષ્ય-જન્મ પામ્યા પછી ક્યારેક (એક વખત) આપણો જન્મ ઉચ્ચકુળમાં થાય છે. અનેક વાર ઇન્દ્રિયોની ખામી સાથે ઉચ્ચકુળમાં મનુષ્ય જન્મ પામ્યા પછી ક્યારેક (એક વખત) આપણને પરિપૂર્ણ ઇન્દ્રિયો સાથે નિરોગી શરીર મળે છે. અનેક વાર ઇન્દ્રિયોની પરિપૂર્ણતા

અને નીરોગી શરીર મળ્યા પછી ક્યારેક (એક વખત) આપણને દીર્ઘાયુ મળે છે. અનેક વાર દીર્ઘાયુ મળ્યા પછી ક્યારેક (એક વખત) આપણને સત્ય ધર્મ મળે છે. અનેક વાર સત્ય ધર્મ મળ્યા પછી ક્યારેક (એક વખત) આપણને તે સત્ય ધર્મમાં રુચિ જાગે છે. અનેક વાર આપણને સત્ય ધર્મમાં રુચિ જાગ્યા પછી ક્યારેક (એક વખત) આપણને તે સત્ય ધર્મ ઉપર શ્રદ્ધા થાય છે. આવી શ્રદ્ધાને પરમ દુર્લભ બતાવવામાં આવી છે.

આ રીતે મનુષ્ય-જન્મથી સત્ય ધર્મમાં રુચિ સુધીની પ્રાપ્તિ એક-એકથી અનેકગણી દુર્લભ-દુર્લભતર-દુર્લભતમ બતાવવામાં આવી છે. આવી દુર્લભતમ વસ્તુ મેળવીને આપણે તેનો ઉપયોગ, પરમ દુર્લભ કહેવાય તેવી શ્રદ્ધા પ્રાપ્ત કરવામાં અને તેના ફળસ્વરૂપ એવો વૈરાગ્ય પ્રાપ્ત કરવામાં જ લગાવવા યોગ્ય છે. તે યોગ્યતાની પ્રાપ્તિ પણ એકમાત્ર આત્મપ્રાપ્તિ(સમ્યગ્દર્શનપ્રાપ્તિ)ના લક્ષ્યથી થવી જોઈએ, અન્યથા નહીં. એકમાત્ર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થવાથી જ અનંતાનંત કાળથી આપણે આ સંસારમાં અનંતાનંત દુ:ખો સહન કરતા-કરતા ભ્રમણ કરી રહ્યા છીએ. અર્થાત્ સમ્યગ્દર્શન જ મોક્ષનો પરવાનો છે.

આ રીતે આપણે અનંતી વાર દુર્લભ એવો મનુષ્ય-જન્મ આદિ પ્રાપ્ત કરીને પણ એક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થવાથી અનંતાનંત કાળ નિગોદમાં પસાર કર્યો છે. કારણ કે એક વાર આપણે નિગોદમાંથી નીકળી ૨૦૦૦ સાગરોપમમાં મોક્ષ પ્રાપ્ત નથી કરતા, તો નિયમથી ફરીથી નિગોદને જ પ્રાપ્ત કરીયે છીએ.

એક જીવ અપેક્ષાએ નિગોદમાં રહેવાનો કાળ (કાયસ્થિતિ) ૨.૫ પુદ્ગલ પરાવર્તન જેટલો છે અર્થાત્ તે જીવ ૨.૫ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી સતત નિગોદમાં જ જન્મ-મરણ કરતો રહી શકે છે. ૨.૫ પુદ્ગલ પરાવર્તન કાળ પછી જો તે જીવ થોડા કાળ માટે પ્રત્યેક એકેન્દ્રિયમાં જઈ પાછો નિગોદમાં આવે, તો બીજા ૨.૫ પુદ્ગલ પરાવર્તન કાળ સુધી તે જીવ નિગોદમાં જ જન્મ-મરણ કરતો રહી શકે છે. કોઈ એક જીવ સાથે આવું અસંખ્યાત વાર પણ થઈ શકે છે. અર્થાત્ કોઈ એક જીવ અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળ સુધી એકેન્દ્રિયમાં રહી શકે છે. તે જીવને અનંતાનંત કાળ સુધી અનંતાનંત દુ:ખો સહન કરવા પડે છે.

અર્થાત્ નિગોદથી નીકળી ફરીથી મનુષ્ય-જન્મ આદિ પ્રાપ્ત થવું અત્યંત અત્યંત કઠિન/મુશ્કેલ છે. તેથી ભગવાને એકેન્દ્રિયમાંથી બહાર નીકળવાને ચિંતામણિ રત્નની પ્રાપ્તિથી પણ અધિક દુર્લભ જણાવેલ છે. આ તથ્ય/સત્યને યાદ કરીને વર્તમાન જીવનને એકમાત્ર આત્મપ્રાપ્તિમાં જ લગાવવા યોગ્ય છે. આ વાતને દરરોજ યાદ કરવી જોઈએ. ખરેખર આ વાત ક્યારેય ભૂલવા જેવી જ નથી.

આ કારણથી જ અમે આ પુસ્તકમાં મુક્તિ ઝંખનાર મુમુક્ષુ જીવોને માટે સમ્યગ્દર્શનની રીતનું યથાસંભવ વર્ણન કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

ઇચ્છા દુઃખનું કારણ છે. માટે જ્યાં સુધી સર્વ ઇચ્છાઓનું યોગ્ય શમન (નાશ) ન થાય ત્યાં સુધી સુખ મળવું અસંભવ જ છે. ઇચ્છાઓનો નાશ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટેની યોગ્યતારૂપે પણ જરૂરી છે. કારણ કે ઇચ્છાઓના નાશથી જ વૈરાગ્યનો જન્મ થાય છે. જ્યાં સુધી એક પણ સાંસારિક ઇચ્છા છે ત્યાં સુધી સંસારનો નાશ થતો નથી. ઇચ્છા મનમાં ઉત્પન્ન થાય છે તે કારણે પહેલા મનમાંથી સંસારનો નાશ થવો આવશ્યક છે. મનમાંથી સંસારનો નાશ થતા જ બહારમાં માત્ર યંત્રવત્ કાર્ય થતું રહે છે, પરંતુ સંસારનું આંતરિક ચાલક બળ (driving force) ખતમ થઈ જાય છે.

ઇચ્છા આ સંસારનું એંજિન છે. અનાદિથી જીવ ઇચ્છાપૂર્તિ માટે જ ભાગી રહ્યો છે, પણ આજ સુધી જીવની ઇચ્છાપૂર્તિ થઈ નથી. કારણ કે જ્યારે કોઇ એક ઇચ્છાપૂર્તિ થાય છે ત્યાં સુધીમાં બીજી અનેક નવી ઇચ્છાઓનો જન્મ થઈ ચૂકયો હોય છે. આ રીતે જીવ ઇચ્છાપૂર્તિના પ્રયાસોના કારણે અનંત કાળથી સંસારમાં રખડી રહ્યો છે. જો આ જન્મમાં પણ આપણે ઇચ્છાઓનું યથાર્થ શમન (નાશ) ન કરી શક્યા, તો હજુ કેટલા કાળ સુધી સંસારમાં ભ્રમણ કરતા રહીશું ? તે ખબર નથી. ઇચ્છાપૂર્તિમાં સહાય કે અવરોધ કરનાર પ્રત્યે ક્રમશઃ રાગ અથવા દ્વેષ થાય છે. તે રાગ-દ્વેષ પણ સંસાર અને અનંત દુઃખોનું એક કારણ બને છે.

અનાદિથી આપણો આત્મા આ સંસારમાં સમ્યગ્દર્શનના અભાવના કારણે જ રખડે છે અર્થાત્ અનંત પુદ્ગલ પરાવર્તનથી આપણો આત્મા આ સંસારમાં અનંત દુઃખો સહન કરતો ફરે છે અને તેનું મુખ્ય કારણ છે મિથ્યાત્વ અર્થાત્ સમ્યગ્દર્શનનો અભાવ. 'આ મિથ્યાત્વ આપણો મહાન શત્રુ છે' એવું જ્ઞાન ન હોવાને કારણે ઘણા જીવો અન્ય-અન્ય શત્રુઓની કલ્પના કરીને આપસમાં લડતા જણાય છે અને એમાં જ આ અમૂલ્ય જીવન પૂરું કરીને પછી અનંત કાળના દુઃખોને આમંત્રણ આપે છે. **પરમાત્મપ્રકાશ –** ત્રિવિધ આત્માધિકાર ગાથા ૬૫માં પણ જણાવેલ છે કે, ''આ જગતમાં (in the Universe) એવો કોઈ પણ પ્રદેશ નથી કે જ્યાં ચોરાસી લાખ જીવયોનિમાં ઊપજીને, ભેદાભેદ રત્નત્રયના પ્રતિપાદક જિન વચનને પ્રાપ્ત નહિ કરતો આ જીવ અનાદિકાળથી ન ભમ્યો હોય.''

સર્વ આત્મા સ્વભાવથી સુખસ્વરૂપ જ હોવાથી સુખના જ ઇચ્છુક હોય છે. છતાં સાચા સુખની જાણ અથવા અનુભવ ન હોવાને કારણે અનાદિથી આપણો આત્મા શારીરિક - ઇન્દ્રિયજન્ય સુખ કે જે ખરેખરું સુખ જ નથી પરંતુ તે માત્ર સુખાભાસરૂપ જ છે. અર્થાત્ તે સુખ દુઃખપૂર્વક જ હોય છે. અર્થાત્ તે સુખ ઇન્દ્રિયોની આકુળતારૂપ દુઃખને/વેગને શાંત કરવા જ સેવવામાં આવે છે.

છતાં તે સુખ અગ્નિમાં ઈંધણરૂપ જ ભાગ ભજવે છે. અર્થાત્ તે સુખ ફરી ફરી તેની ઇચ્છારૂપ દુઃખ જગાડવાનું જ કામ કરે છે અને તે સુખ (ભોગ) ભોગવતા જે નવા પાપો બંધાય છે તે નવા દુઃખોનું કારણ બને છે. અર્થાત્ તેવું સુખ દુઃખપૂર્વક અને દુઃખરૂપ ફળસહિત જ હોય છે. તેની પાછળ જ પાગલ બનીને જ જીવ ભાગ્યો છે.

બીજું, શારીરિક-ઇન્દ્રિયજન્ય સુખ ક્ષણિક છે. કારણ કે તે સુખ અમુક કાળ પછી નિયમથી જવાવાળું છે. અર્થાત્ જીવને આવું સુખ માત્ર ત્રસપર્યાયમાં જ મળવા યોગ્ય છે કે જે બહુ ઓછા કાળ માટે હોય છે, પછી તે જીવ નિયમથી એકેન્દ્રિયમાં જાય છે કે જ્યાં અનંતકાળ સુધી અનંત દુઃખો ભોગવવા પડે છે, અને એકેન્દ્રિયમાંથી બહાર નીકળવું ભગવાને ચિંતામણિ રત્નની પ્રાપ્તિથી પણ અધિક દુર્લભ જણાવેલ છે.

આ ઇન્દ્રિયોના વિષયો પર પ્રીતિ (ગમો) પણ અનંત સંસારનું કારણ છે. આપણે અનંતી વાર ઇન્દ્રિયોના વિષયોના ભોગ ભોગવ્યા છે. પરંતુ ઇન્દ્રિયોના ભોગ ભોગવવાથી ક્યારેય મન ભરાતું નથી. ઊલટું, તેની માંગ અધિક બળવાન બને છે, તેથી વધારે માંગે છે. જે રીતે અગ્નિમાં લાકડા નાખતા તે અધિક બળવાન બને છે, તે જ પ્રકારે ઇન્દ્રિયોને જેટલી વધુ ભોગસામગ્રી આપીશું, તેમ તેની અભિલાષા ઘટતી નથી પરંતુ વધે છે, વધુ બળવાન બને છે.

એવી જ રીતે **આત્માનુશાસન** ગાથા ૫૧માં પણ જણાવેલ છે કે, ''કાળા નાગ જેવા પ્રાણનાશ કરવાવાળા એવા એ ભોગની તીવ્ર અભિલાષાથી ભૂત, ભાવિ અને વર્તમાન ભવોને નષ્ટ કરી તું અખંડિત મૃત્યુથી અનંતી વાર મર્યો અને આત્માના સર્વસ્વાધીન સુખનો નાશ કર્યો. મને તો લાગે છે કે તું અવિવેકી, પરલોક ભયથી રહિત, નિર્દય અને કઠોર પરિણામી છે. કારણ, મહાપુરુષોથી નિંદિત વસ્તુનો જ તું અભિલાષી થયો છે. ધિક્કાર છે એ કામી પુરુષોને કે જેનું અંતઃકરણ નિરન્તર કામક્રોધરૂપ મહાગ્રહ (ડાકુ-પિશાચ વળગાડ)ને વશ રહ્યા કરે છે ! એવો પ્રાણી આ જગતમાં શું શું નથી કરતો ? સર્વ કુકર્મ કરે છે.''

અનાદિથી જો મારો કોઈ સૌથી મોટો દુશ્મન હોય તો તે હું પોતે જ છું. અનાદિથી જો મને કોઈએ સૌથી વધુ ઠગ્યો હોય તો તે હું પોતે જ છું. કારણ કે અનાદિથી મેં પોતાને ખોટા તર્કોમાં, પક્ષમાં, આગ્રહમાં, પૂર્વગ્રહમાં, હઠાગ્રહમાં, કદાગ્રહમાં ફસાવીને રાખ્યો છે. આ કારણથી આપણે પોતાને સ્વચ્છંદતાથી મુક્તિ અપાવવામાં અસફળ રહ્યા છીએ અને તે જ રીતે આપણે પોતાને ઠગતા રહ્યા છીએ. હું આ સર્વને છોડીને મારો મિત્ર પણ બની શકું છું. તેની રીત બહુ જ સરળ છે. મારે મારા જૂઠા તર્ક, પક્ષ, આગ્રહ, પૂર્વગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહ અને સ્વચ્છંદતા છોડી 'સાચું તે જ મારું'

અને 'સારું તે જ મારું' -આ સૂત્રોને અપનાવીને પોતાના મારા પરમ મિત્ર બનવું જોઈએ.

આગળ **આત્માનુશાસન** ગાથા ૫૪માં પણ જણાવેલ છે કે, ''હે જીવ ! આ અપાર અને અથાહ સંસારમાં પરિભ્રમણ કરતા કરતા તેં અનેક યોનિઓ ધારણ કરી, મહાદોષયુક્ત સપ્તધાતુમય મળથી બનેલું એવું તારું આ શરીર છે. ક્રોધાદિ કષાયજન્ય માનસિક અને શારીરિક દુઃખોથી તું નિરંતર પીડિત છે. હીનાચરણ, અભક્ષ્ય ભક્ષણ અને દુરાચારમાં તું નિમગ્ન થઈ રહ્યો છે અને એમ કરી કરીને તું તારા આત્માને જ નિરંતર ઠગી રહ્યો છે. વળી જરાથી ગ્રસ્ત છે. મૃત્યુના મુખ વચ્ચે પડચો છે. છતાં વ્યર્થ ઉન્મત્ત થઈ રહ્યો છે, એ જ પરમ આશ્ચર્ય છે ! શું તું આત્મકલ્યાણનો કટ્ટો શત્રુ છે ? અથવા શું અકલ્યાણને વાંછે છે ?''

કેટલાક જીવો એવા પણ છે જે પુણ્યાર્જનને જ મોક્ષમાર્ગ માને છે. તેઓ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિના લક્ષ વગર માત્ર પુણ્યાર્જનમાં જ લાગ્યા રહે છે અને તેનાથી જ મોક્ષ માને છે. આવા બાળ જીવો ઉપર કરુણા કરીને, **યોગસાર** દોહરા ૧૫માં આચાર્ય ભગવંતે જણાવેલ છે કે, ''વળી જો તું પોતાને તો જાણતો નથી (અર્થાત્ સમ્યગ્દર્શન નથી) અને સર્વથા એકલું પુણ્ય જ કરતો રહીશ તો પણ તું વારંવાર સંસારમાં જ ભ્રમણ કરીશ અને શિવસુખને પામી શકીશ નહિ.'' અર્થાત્ સમ્યગ્દર્શન વગર શિવસુખની (મોક્ષની) પ્રાપ્તિ શક્ય જ નથી. આગળ **યોગસાર** દોહરા ૫૩માં પણ આચાર્ય ભગવંત જણાવે છે કે, ''શાસ્ત્ર ભણવા છતાં પણ જેઓ આત્માને જાણતા નથી (અર્થાત્ જેઓને સમ્યગ્દર્શન નથી) તેઓ પણ જડ છે (કેમ કે તેમનું અહં શરીરમાં હોય છે); તે કારણે આ જીવો નિશ્ચયથી નિર્વાણને પામતા નથી. એ વાત સ્પષ્ટ છે.'' અર્થાત્ મિથ્યાત્વ (અર્થાત્ સમ્યગ્દર્શનની ગેરહાજરી) એ અનંત સંસારનું ચાલકબળ છે. અર્થાત્ મિથ્યાત્વ એ સર્વ પાપોનો રાજા છે કે જે સમ્યગ્દર્શનથી જ હણાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન નિર્વાણને પામવા માટે, શાશ્વત સુખની પ્રાપ્તિ અર્થે પરમ આવશ્યક છે.

તેથી જ **સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા** ગાથા ૨૯૦થી ૨૯૬માં જણાવેલ છે કે, આ મનુષ્યગતિ, આર્યખંડ, ઉચ્ચકુળ, ધનવાનપણું, ઇન્દ્રિયોની પરિપૂર્ણતા, નીરોગી શરીર, દીર્ઘાયુ, ભદ્ર પરિણામ, સરળ સ્વભાવ, સાધુપુરુષોની સંગતિ, સમ્યગ્દર્શન-સત્ શ્રદ્ધાન, ચારિત્ર વગેરે એક એકથી અધિક અધિક દુર્લભ છે. **આત્માનુશાસન** ગાથા ૭૫માં જણાવેલ છે કે, ''મનુષ્યપ્રાણીની દુર્લભતા અને ઉત્તમતાને લઈને વિધિરૂપ મંત્રીએ તેની અનેક પ્રકારે રક્ષા કરી. દુષ્ટ પરિણામી નરકના જીવોને અધોભાગમાં રાખ્યા - દેવોને ઊર્ધ્વ ભાગમાં રાખ્યા. લોકની ચારે તરફ અનેક મહાન અલંઘ્ય સમુદ્ર તથા તેની ચારે તરફ ઘનોદધિ, ઘન અને તનુ એ નામના ત્રણ પવનથી વીંટી વિસ્તીર્ણ કોટ કરી

રાખ્યો અને વચ્ચે પૂર્ણ જતનથી મનુષ્યપ્રાણીને રાખ્યા....''.

**સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા** ગાથા ૨૯૭માં પણ જણાવેલ છે કે, ''જેમ મહાન સમુદ્રમાં પડી ગયેલું રત્ન ફરી પામવું દુર્લભ છે તેમ આ મનુષ્યપણું પામવું દુર્લભ છે, એવો નિશ્ચય કરી હે ભવ્ય જીવો ! આ મિથ્યાત્વને અને કષાયને છોડો એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે.'' માટે આ અમૂલ્ય - દુર્લભ મનુષ્યજન્મ માત્ર શારીરિક-ઇન્દ્રિયજન્ય સુખ અને તેની પ્રાપ્તિ પાછળ ખર્ચવા જેવો નથી. પરંતુ તેની એક પણ પળને વ્યર્થ ન ગુમાવતા, માત્ર ને માત્ર, ત્વરાએ શાશ્વત સુખ એવા આત્મિક સુખની (સમ્યગ્દર્શનની) પ્રાપ્તિ અર્થે જ લગાવવા યોગ્ય છે. અર્થાત્ જો આ ભવ સમ્યગ્દર્શન પામ્યા વગરનો ગયો તો પછી અનંત કાળ સુધી સમ્યગ્દર્શન પામવાને યોગ્ય આવો ભવ મળવો દુર્લભ જ છે. તેથી સર્વ જનોને અમારો અનુરોધ છે કે આપે આપનું વર્તમાન પૂર્ણ જીવન સમ્યગ્દર્શન પામવા માટે જ લગાવવા યોગ્ય છે. તેથી કરીને જ અમે પ્રસ્તુત પુસ્તકમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની રીત, તેને પામતી વખતે જે વિષયનું મનન-ચિંતન કરી તેમાં જ એકત્વ થાય છે તેવો વિષય (સમ્યગ્દર્શનનો વિષય) અને સમ્યગ્દર્શનને માટે આત્માની જે અન્ય યોગ્યતાઓ જરૂરી છે તે જણાવીશું.

# ૩

# સમ્યગ્દર્શન

**સ**મ્યગ્દર્શન એ મુક્તિ મહેલનો દરવાજો છે. અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ જ થતો નથી, અને મોક્ષમાર્ગમાં પ્રવેશ વગર અવ્યાબાધ સુખનો માર્ગ પણ સાધ્ય થતો નથી. અર્થાત્ મોક્ષમાર્ગમાં પ્રવેશ અને પછીના પુરુષાર્થથી જ સિદ્ધત્વ રૂપે માર્ગ ફળ મળે છે, અન્યથા નહિ. સમ્યગ્દર્શન વગર ભવકટી પણ થતી નથી, કારણ કે સમ્યગ્દર્શન થયા પછી જ જીવ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળથી અધિક સંસારમાં રહેતો નથી. તે અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં જરૂર સિદ્ધત્વને પામે જ છે કે જે સત્-ચિત્-આનંદસ્વરૂપ શાશ્વત છે. તેથી સમજાય છે કે આ માનવભવમાં જો કાંઈ પણ કરવા જેવું હોય તો તે એકમાત્ર નિશ્ચય સમ્યગ્દર્શન જ પ્રથમમાં પ્રથમ પ્રાપ્ત કરવા જેવું છે કે જેથી કરીને પોતાને મોક્ષમાર્ગમાં પ્રવેશ મળે અને પુરુષાર્થ ફોરવતા આગળ સિદ્ધપદની પ્રાપ્તિ થાય.

અત્ર એ સમજવું આવશ્યક છે કે જે સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્ર પ્રત્યે શ્રદ્ધારૂપ અથવા તો નવ તત્ત્વોની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન છે, તે તો માત્ર વ્યવહારિક (ઉપચારરૂપ) સમ્યગ્દર્શન પણ હોઈ શકે છે કે જે મોક્ષમાર્ગના પ્રવેશ માટે કાર્યકારી ગણાતું નથી; કારણ કે નિશ્ચયનયના મતે જે એકને અર્થાત્ આત્માને જાણે છે તે જ સર્વને અર્થાત્ સાત/નવ તત્ત્વોને અને સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રને જાણે છે. કારણ કે એક આત્માને જાણતા જ તે જીવ સાચા દેવ તત્ત્વનો અંશે અનુભવ કરે છે અને તેથી તે સાચા દેવને અંતરથી ઓળખે છે, અને તેમ સાચા દેવને જાણતા જ અર્થાત્ શ્રદ્ધા થતા જ તે જીવ તેવા દેવ બનવાના માર્ગે ચાલતા સાચા ગુરુને પણ અંતરથી ઓળખે છે અને સાથે સાથે તે જીવ તેવા દેવ બનવાનો માર્ગ (= સત્ય ધર્મ) બતાવતા સાચા શાસ્ત્રને પણ ઓળખે છે. આ રીતે સ્વાનુભૂતિ (સ્વની અનુભૂતિ) સહિતનું સમ્યગ્દર્શન અર્થાત્ ભેદજ્ઞાન સહિતનું સમ્યગ્દર્શન જ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે અને તેના વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ પણ શક્ય નથી. તેથી કરીને અત્ર જણાવેલ સમ્યગ્દર્શન તે નિશ્ચય સમ્યગ્દર્શન જ સમજવું.

જૈનસમાજમાં સમ્યગ્દર્શન પર ઘણું બધું લખવામાં આવ્યું છે. પરંતુ નિશ્ચય સમ્યગ્દર્શનના

દુર્લભપણાને લીધે, તેની અનુભવસિદ્ધ રીત (સાધ્ય કરવાની રીત) ઓછી જોવામાં આવે છે. સમ્યગ્દર્શન માટે અમે અનેક સંપ્રદાયોમાં અનેક મુમુક્ષુ જીવોને ગંભીરતાથી પ્રયાસ કરતા જોયા છે. પરંતુ તેઓને ઉપયુક્ત માર્ગદર્શન ન મળતા તેવા જીવો થોડો સમય સુધી ભરપૂર પ્રયાસ કરીને પછી હતપ્રભ (હતાશ) થઈ જાય છે. ત્યારે આવા લોકો નિરાશાથી ઘેરાઈ જાય છે અને ઘણા લોકો તેને પોતાની ભવિતવ્યતા (નિયતિ) પર છોડી દે છે. એમાંના અમુક લોકો કોઈ ને કોઈ પોતાની પસંદગીની સાંપ્રદાયિક ક્રિયાઓમાં અથવા ક્રમમાં લાગી જાય છે. અમુક લોકો આશ્રમ, મંદિર, સ્થાનક, તીર્થ અથવા સાંપ્રદાયિક વ્યવસ્થાના કાર્યોમાં લાગી જાય છે. તે કાર્યો ખરાબ નથી. પરંતુ આત્માનું લક્ષ્ય છોડીને તેને જ ધર્મ માનવો તે ભૂલ છે. અમુક લોકો દેવને પ્રસન્ન કરવાની આરાધનામાં લાગી જાય છે અને તેને જ ધર્મ માને છે. અમુક લોકો દેવને પ્રસન્ન કરવાની આરાધનાથી ઉત્પન્ન થયેલી મામૂલી સિદ્ધિમાં જ રોકાઈ જાય છે, અને તેને જ ધર્મ અને ધર્મની પ્રભાવના માને છે, તેનાથી જ પોતાનો અહંકાર પુષ્ટ કરે છે. અમુક લોકો પ્રાપ્ત કરેલા ક્ષયોપશમ જ્ઞાનમાં જ રોકાઈ જાય છે અને તેનાથી જ પોતાનો અહંકાર પુષ્ટ કરે છે. અમુક લોકો ધ્યાન (આર્તધ્યાન) પાછળ પડી જાય છે. 'ધ્યાનથી જ સમ્યગ્દર્શન મળશે' એવું માનીને આત્માનો અનુભવ ન હોવાને કારણે દેહાદિનું જ ધ્યાન કરતા હોય છે, જેને શાસ્ત્રમાં આર્તધ્યાન કહ્યું છે કે જેને તિર્યંચ ગતિનું કારણ માન્યું છે.

અમુક લોકો કોરી ભક્તિમાં લાગી જાય છે. યથાર્થ ભક્તિ એ હોય છે કે જેમાં મુમુક્ષુ જીવ ભગવાનના અથવા સત્પુરુષોના વચનો પર ચાલવાનો પ્રયાસ કરે છે, નહીં કે ભગવાન અથવા સત્પુરુષોની સ્તુતિ કરીને પોતાના કલ્યાણની જવાબદારી એમના માથે થોપી દે છે. આવું કરવા પાછળ ઘણા કારણો હોઈ શકે છે. જેમ કે, જેને સંસારનો લગાવ છે તેને પોતાનો પુરુષાર્થ સંસારમાં લગાવવો છે અને સ્વયંના આત્મકલ્યાણની જવાબદારી ભગવાન/સત્પુરુષ પર રાખવી છે. અથવા જેવી રીતે સંસારમાં બીજી વસ્તુઓ ચાપલૂસી કરીને પામે છે, તેવી રીતે સમ્યગ્દર્શનને પણ ભગવાન/સત્પુરુષની કોરી (આજ્ઞા પાળ્યા વગરની) ભક્તિ કરીને પ્રાપ્ત કરી લેવું છે. અથવા સંસારીને જેમ બધી વસ્તુઓ દેખાડા માટે અથવા આડંબર માટે જોઈએ, તેવી જ રીતે સમ્યગ્દર્શન પણ દેખાડા માટે જ જોઈએ છે, નહીં કે મુક્તિ માટે. અથવા બીજા કોઈ સાંસારિક કારણ પણ હોઈ શકે છે. અને અન્ય લોકો સંસારના આકર્ષણથી, ધર્મના નામે ભેગા કરેલ ધન-વૈભવ અને તેના જ પ્રપંચમાં ફસાઈ જાય છે.

આવી રીતે અનેક લોકો સમ્યગ્દર્શનની વાત તો કરે છે, પરંતુ તેઓ માત્ર વ્યવહાર સમ્યગ્દર્શનને જ વાસ્તવિક/સાચું સમ્યગ્દર્શન માનીને સંતુષ્ટ થઈ જાય છે, અને પોતાને મોક્ષમાર્ગી સમજવા લાગે છે. આ જ રીતે અનાદિથી આપણે પોતાને ઠગ્યા છે. હવે કયાં સુધી પોતાને ઠગવા

છે ? આ વાતનો વિચાર કરીને સ્વયં ઉપર કરુણા લાવીને, સ્વદયા લાવીને અનાદિથી દુ:ખમય સંસારમાં રખડતા એવા પોતાને આ દુ:ખમય સંસારથી છોડાવવાના છે – મુક્ત કરાવવાના છે. તેના માટે નિશ્ચય સમ્યગ્દર્શન પરમ આવશ્યક છે.

શાસ્ત્રોના સમગ્રતાથી અધ્યયનના અભાવના કારણે અનેક લોકોને વસ્તુસ્વરૂપને સમજવામાં ભ્રાન્તિ/ગેરસમજ થાય છે. તેથી શાસ્ત્રોને સમગ્રતાથી નહીં જાણવાવાળા લોકો, કોઈના પણ શબ્દોને પકડીને તેનું હાર્દ સમજ્યા વગર અક્ષરશ: અર્થઘટન કરે છે; પરંતુ તેઓ તેનું યથાર્થ તાત્પર્યગ્રાહી અર્થઘટન કરી શકતા નથી. તેથી તેઓ આ પ્રકારે હાર્દ સમજ્યા વગર અક્ષરશ: અર્થઘટન કરીને એકાંતરૂપે પરિણમે છે અથવા વિકૃતરૂપે પણ પરિણમે છે. અને તેઓ સમજે છે કે અમે બધું જ સમજી લીધું છે. અને તેના જ અહંકારમાં (ગુમાનમાં) બીજા કોઈની સાચી વાત પણ, તેમના મતને અનુકૂળ ન હોવાથી સાંભળતા નથી. જ્યારે તેઓ તે હાર્દ સમજ્યા વગરના અક્ષરશ: અર્થઘટન અનુસાર પકડી રાખેલી પોતાની વાત પર જ મક્કમ રહે છે, ત્યારે તે ભ્રાન્તિ/ગેરસમજ તેઓને આગ્રહરૂપે પરિણમે છે અને આગળ જતા તે આગ્રહ હઠાગ્રહ, દુરાગ્રહ અને એકાંતરૂપે પરિણમે છે.

જેમ કે, દૃષ્ટિ (સમ્યગ્દર્શન)નો વિષય 'પર્યાયરહિત દ્રવ્ય' છે. આ વાક્યનો હાર્દ સમજ્યા વગર અક્ષરશ: અર્થઘટન કરીને અભેદ દ્રવ્યમાંથી પર્યાયને ભૌતિક રીતે કાઢવાની કોશિશ/ચેષ્ટા કરવી. તે તો સૌથી મોટી ભૂલ છે, કારણ કે અભેદ-અખંડ વસ્તુમાંથી=દ્રવ્યમાંથી એક પણ અંશ કાઢવાની કોશિશ કરવાથી પૂર્ણ વસ્તુનો જ લોપ થઈ જાય છે. ખરેખર અભેદનય જ સમ્યગ્દર્શન માટે કાર્યકારી છે. પરંતુ વર્તમાનમાં મુમુક્ષુ જીવો કોઈ ને કોઈ ભેદ માનીને (ઉપજાવીને) ભેદમાં જ રમે છે અને તે મુજબ જ વસ્તુનો નિર્ણય કરવાની કોશિશ/ચેષ્ટા કરે છે. કે જેથી તેઓને અભેદ વસ્તુની પ્રાપ્તિ અસંભવ જ હોય છે. આ ઊણપની પૂર્તિ અર્થે અમે આ પુસ્તકમાં વસ્તુનું ભેદાભેદ સ્વરૂપ સમજાવવાનો પ્રયાસ કરીશું. તે અભેદ અનુભૂતિમાં આવવાવાળી વસ્તુની (દ્રવ્યની) પ્રાપ્તિ કેવી રીતે કરવી જોઈએ ? તે વાત અમે આગળના થોડા પ્રકરણોમાં સમજાવવાનો પ્રયાસ કરીશું. આવી પરિસ્થિતિ અનંત કાળ પછી આવવાવાળા હુંડાઅવસર્પિણી પંચમ કાળના કારણે જ છે કે ભગવાનના માત્ર ૨૬૦૦ વર્ષ પછી જ અનેક સંપ્રદાયોમાં ધર્મનું માત્ર બાહ્ય સ્વરૂપ જ રહી ગયું છે અને ધર્મનો પ્રાણ એવા નિશ્ચય સમ્યગ્દર્શનની વાત તો ખૂબ જ ઓછા લોકો જાણે છે, કરે છે અને માને છે.

સમ્યગ્દર્શન માટે ભેદજ્ઞાન જરૂરી છે અર્થાત્ પુદ્‌ગલ અને તેના લક્ષે થતા ભાવોથી આત્માનું ભેદજ્ઞાન જરૂરી છે, નહીં કે દ્રવ્ય-ગુણ-પર્યાયની સમજ. છતાં જેમણે તે દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ

વસ્તુવ્યવસ્થા અગર તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વસ્તુવ્યવસ્થા વિપરીત રૂપે ધારણ કરેલ હોય તો તેમને માટે અત્ર પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વસ્તુવ્યવસ્થા સમ્યક્‌રૂપે જણાવીએ છીએ. તેના ઉપર વિચાર કરવો યોગ્ય છે અને તે 'જેમ છે તેમ' પ્રથમ સ્વીકારવી પરમ આવશ્યક છે. કારણ કે જૈનસમાજમાં એક વર્ગ એવો પણ છે કે જેઓએ વસ્તુવ્યવસ્થાને જ વિકૃત કરી નાખેલ છે. તેઓ દ્રવ્ય અને પર્યાયને એ હદે અલગ માને છે જાણે કે તે બે અલગ દ્રવ્યો ન હોય! તેઓ એક અભેદ દ્રવ્યમાં ભેદ ઉપજાવીને જણાવેલ ગુણ-પર્યાયને પણ ભિન્ન સમજે છે અર્થાત્ દ્રવ્યનું સમ્યક્ સ્વરૂપ સમજાવવા દ્રવ્યને અપેક્ષાએ ગુણ અને પર્યાયથી ભિન્ન જણાવેલ છે, તેને તેઓ વાસ્તવિક ભિન્ન સમજે છે. દ્રવ્ય અને પર્યાયને બે ભાવ ન માનતા તેઓ તેને બે ભાગરૂપ માનવા સુધીની પ્રરૂપણા કરે છે, અને આગળ તેમાં પણ સામાન્ય-વિશેષ એવા બે ભાગની કલ્પના કરે છે. આ રીતે વસ્તુવ્યવસ્થાને જ વિકૃત રીતે ધારણ કરીને અને વિકૃત રીતે પ્રરૂપણા કરીને તેઓ પોતે સંસારના અંત માટેના ધર્મથી તો દૂર જ રહે છે. તે ઉપરાંત તેઓ જાણ્યે-અજાણ્યે અનેક લોકોને પણ સંસારના અંતથી દૂર રાખે છે, જે વાત અત્યંત કરુણા ઉપજાવે તેવી છે. તેથી કરીને અત્ર પ્રથમ અમે વસ્તુવ્યવસ્થા ઉપર વિસ્તારથી પ્રકાશ પાથરીએ છીએ.

હવે પછી અમે નિશ્ચય સમ્યગ્દર્શનની વિધિ પણ સમજાવવાનો પ્રયાસ કરીશું. પરંતુ કોઈ એવું ન સમજે કે અમે જરાક પણ વ્યવહાર ધર્મના વિરોધી છીએ. જે વ્યવહાર ધર્મ આપણને નિશ્ચય તરફ લઈ જાય એ તમામ વ્યવહાર, 'ધર્મ' સંજ્ઞા પામવાને અધિકારી છે. આવી અનેકાંતમય વસ્તુવ્યવસ્થા છે જિનશાસનની. એ આપણે ક્યારેય ભૂલવા જેવું નથી. આ જ વિધિ છે તત્ત્વના નિર્ણયની, જે અમે આગળ સમજાવવાનો પ્રયાસ કરીશું. હવે અમે દ્રવ્ય-ગુણની યથાર્થ વ્યવસ્થા સમજાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૪
# દ્રવ્ય-ગુણ વ્યવસ્થા

ટૂંકમાં કહેવું હોય તો દ્રવ્ય, તે ગુણોનો સમૂહ છે અને તે દ્રવ્યની વર્તમાન અવસ્થાને જ પર્યાય કહેવાય છે. જો કોઈને એવો પ્રશ્ન થાય કે ગુણોનો સમૂહ એટલે ઘઉંના કોથળા સમાન કે બીજી કોઈ રીતે ? ઉત્તરઃ તે ઘઉંના કોથળા જેવો નથી અર્થાત્ જેમ કોથળામાં અલગ અલગ ઘઉં છે તેવી રીતે દ્રવ્યમાં ગુણો નથી, પરંતુ તે ગુણો દ્રવ્યમાં, સાકરમાં ગળાશની જેમ છે અર્થાત્ દ્રવ્યના તમામ ભાગમાં (ક્ષેત્રમાં) અર્થાત્ પ્રત્યેક પ્રદેશે (પ્રદેશ એટલે ક્ષેત્રનો નાનામાં નાનો અંશ) છે. મતલબ કે દ્રવ્યના પ્રત્યેક પ્રદેશે, તે દ્રવ્યના તમામ (અનંતાનંત) ગુણો રહેલા છે. તેને બીજી રીતે એમ પણ કહી શકાય કે એક અખંડ દ્રવ્યમાં રહેલ અનંતાનંત વિશેષતાઓને તે દ્રવ્યના અનંતાનંત ગુણો તરીકે વર્ણવ્યા છે, ઓળખાવ્યા છે. તે સર્વ વિશેષતાઓના સમૂહને દ્રવ્ય (વસ્તુ) તરીકે ઓળખાવેલ છે. તે વસ્તુ (દ્રવ્ય) તો અભેદ-એક જ છે, પરંતુ તેની વિશેષતાઓને દર્શાવવા જ તેમાં ગુણભેદ કરેલ છે. અન્યથા, ત્યાં કોઈ જ ક્ષેત્રભેદરૂપ ગુણભેદ છે જ નહીં. ત્યાં તો માત્ર એક વસ્તુમાં રહેલ અનંતાનંત વિશેષતાઓને બતાવવા જ ગુણભેદનો સહારો લીધેલ છે. તે વસ્તુમાં વાસ્તવિક (ખરેખર) કોઈ ભેદ જ નથી, કારણ કે વસ્તુ અભેદ જ છે. તેથી તેને કથંચિત્ ભેદ-અભેદરૂપ જણાવેલ છે. અર્થાત્ ત્યાં સર્વથા ન તો ભેદ છે અને ન તો અભેદ છે. પરંતુ વસ્તુની અપેક્ષાએ અભેદ છે અને ગુણોની=વિશેષતાઓની અપેક્ષાએ ભેદ છે. તેથી તેને કથંચિત્ ભેદાભેદરૂપ જણાવેલ છે. તેનો અર્થ એ છે કે તે વસ્તુમાં એક જ ગુણ છે - એવું નથી, પરંતુ તે વસ્તુમાં અનંતાનંત વિશેષતાઓ અર્થાત્ ગુણો છે. તે અપેક્ષાએ જ ભેદ કહેવાય છે. પરંતુ ત્યાં વસ્તુમાં કોઈ જ વાસ્તવિક ભેદ નથી. તે અપેક્ષાએ અભેદ જ કહેવાય છે. અભેદનયને જ કાર્યકારી જણાવેલ છે અને ભેદનય માત્ર વસ્તુનું સ્વરૂપ સમજાવવા માટે જ છે. ભેદરૂપ વ્યવહાર માત્ર જ છે. કારણ કે નિશ્ચયથી વસ્તુ એક અભેદ જ છે.

અત્ર આપણે **શ્રી પંચાધ્યાયી પૂર્વાર્ધ**ની (પં. દેવકીનંદજી કૃત હિંદી ટીકાના આધાર ઉપરથી સરળ ગુજરાતી ટીકા અનુવાદક સોમચંદ અમથાલાલ શાહ - પ્રકાશક : ભગવાન શ્રી કુંદકુંદ - કહાન જૈનશાસ્ત્રમાળા પુષ્પ-૩૧, આવૃત્તિ-૧) ગાથાઓ પર વિચાર કરીશું :

ગાથા ૩૫ :- અન્વયાર્થ : ''બીજા પક્ષમાં એટલે અખંડ અનેકપ્રદેશી વસ્તુ માનવામાં નિશ્ચયથી જે ગુણોનું પરિણમન થાય છે, તે દ્રવ્યના સર્વ પ્રદેશોમાં સમાન થાય છે, અને તે ઠીક છે. કારણ કે હલાવેલો એક વાંસ પોતાની બધી પર્વોમાં - એકેએક ગાંઠમાં હલી જાય છે'' આ રીતે દ્રવ્ય અખંડ છે અને સર્વ પ્રદેશોમાં રહેલ તમામ ગુણો સર્વ પ્રદેશે પરિણમે છે.

ગાથા ૩૯ : અન્વયાર્થ :- ''એ ગુણોનો આત્મા જ દ્રવ્ય છે. કારણ કે તે ગુણો દેશથી (દ્રવ્યથી) જુદી સત્તાવાળા નથી. નિશ્ચયથી દેશમાં (દ્રવ્યમાં) વિશેષ (ગુણો) રહેતા નથી, પરંતુ એ વિશેષો (ગુણો) દ્વારા જ દેશ (દ્રવ્ય) તેવો ગુણમય જણાય છે.'' અર્થાત્ ગુણો છે તે જ દ્રવ્ય છે, બીજું કોઈ દ્રવ્ય નથી.

ગાથા ૪૫ : અન્વયાર્થ :- ''એટલા માટે આ જ નિર્દોષ છે કે એ નિર્વિશેષ - નિર્ગુણ દ્રવ્યના વિશેષ જ ગુણ કહેવાય છે અને તે પ્રતિક્ષણ કથંચિત્ પરિણમનશીલ છે.''

અર્થાત્ દ્રવ્યમાં ગુણો સિવાય કાંઈ જ નથી અને તે સર્વ ગુણો ટકતા અને પરિણમતા છે. અર્થાત્ જે ટકે છે તે જ ટકીને પરિણમે પણ છે. તે કૂટસ્થ નથી. કથંચિત્નો અર્થ એ છે કે, જે ટકે છે તે જ પરિણમે છે. માત્ર અપેક્ષાએ ટકતો અને પરિણમતો કહેવાય. અર્થાત્ જે ટકે છે તેનો વર્તમાન - તે જ તેનું પરિણમન અને તેમાં કોઈ વાસ્તવિક ભેદ ન હોવાથી તેને કથંચિત્ કહ્યું છે.

ગાથા ૧૦૫ : અન્વયાર્થ :- ''પ્રગટ છે અર્થ જેનો એવા ગુણોના લક્ષણ સંબંધી પદોનો સારાંશ એ છે કે, સમાન છે પ્રદેશ જેના એવા એક સાથે રહેવાવાળા જે વિશેષો છે તે જ (વિશેષો) જ્ઞાન દ્વારા ભિન્ન કરતા ક્રમથી શ્રેણીકૃત ગુણ જાણવા.''

ભાવાર્થ :- ''અનંત ગુણોના સમુદાયનું નામ દ્રવ્ય છે. દ્રવ્યના સંપૂર્ણ પ્રદેશોમાં જેમ એક વિવક્ષિત ગુણ રહે છે તે જ પ્રમાણે દ્રવ્યના બધા ગુણો પણ તે દ્રવ્યના એ જ બધા પ્રદેશોમાં યુગપત્ (એક સાથે) રહે છે. એટલા માટે દ્રવ્યના બધા ગુણો સમાન પ્રદેશવાળા અર્થાત્ અભિન્ન છે. વસ્તુતાએ તેમાં કોઈ ભેદ નથી તો પણ શ્રુતજ્ઞાનાન્તર્ગત નયજ્ઞાનથી વિભક્ત (ભિન્ન ભિન્ન) કરતા તેની ભિન્ન ભિન્ન શ્રેણીઓ થઈ જાય છે. કારણ કે વસ્તુમાં ખંડકલ્પના નયજ્ઞાનના કારણથી જ થાય છે.'' અર્થાત્ વસ્તુ અભેદ જ છે, તેથી કોઈ પણ ભેદની કલ્પના તે નયજ્ઞાન જ છે.

ગાથા ૪૯૧ : અન્વયાર્થ :- ''.....એ બધા ગુણોની એક જ સત્તા હોવાથી એ બધા ગુણોમાં અખંડિતપણું પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે.''

ગાથા ૪૯૨ : અન્વયાર્થ :- ''તેથી આ કથન નિર્દોષ છે કે, જો કે ભાવની અપેક્ષાએ સત્ અખંડિત એક છે, તો પણ એ સર્વ કથન વિવક્ષાવશથી છે, 'સર્વથા' એ જ નયથી નથી.''

ભાવાર્થ :- ''તેથી અમારું આ કહેવું બરાબર છે કે, ભાવની અપેક્ષાએ પણ 'સત્' એક અને અખંડિત છે તથા આમ કહેવું એ પણ નયવિશેષની વિવક્ષાથી છે, પણ સર્વથા નથી.'' અર્થાત્ અભેદ નયથી છે, ભેદ નયથી નહીં.

ગાથા ૧૪૩ : અન્વયાર્થ :- ''સત્તા, સત્ત્વ અથવા સત્, સામાન્ય, દ્રવ્ય, અન્વય, વસ્તુ, અર્થ અને વિધિ - એ નવ શબ્દો સામાન્ય રૂપથી એક દ્રવ્યરૂપ અર્થના જ વાચક છે.''

એટલે જો એમ કહેવામાં આવે કે એક સત્તાના બે સત્ છે કે ત્રણ સત્ છે કે ચાર સત્ છે કે અનંત સત્ છે, તો એ કથન ભેદનયની અપેક્ષાએ સમજવું; કારણ કે સત્તા અને સત્ એ બન્ને એકાર્થ વાચક જ છે. છતાં ભેદની અપેક્ષાએ એક સત્તાના બે, ત્રણ, ચાર અથવા અનંત ભેદ કરીને ભેદનયથી કથન કરી શકાય. પરંતુ વાસ્તવમાં (ખરેખર) તો સત્ કહો કે સત્તા કહો તે એક, અભેદ જ છે. અર્થાત્ જે પણ ભેદ કર્યા છે તે તો માત્ર વસ્તુને સમજાવવા માટે જ છે, ભેદરૂપ વ્યવહારમાત્ર જ છે.

ગાથા ૫૨૪ : અન્વયાર્થ :- ''અનંત ધર્મવાળા એક ધર્મીના વિષયમાં આસ્તિક્ય બુદ્ધિ થવી એ જ આ વ્યવહારનયનું ફળ છે......'' અર્થાત્ વ્યવહારરૂપ ભેદ માત્ર આસ્તિક્ય બુદ્ધિ=તત્ત્વશ્રદ્ધા થવા અર્થે જ છે, અન્યથા નહિ.

ભાવાર્થ :- ''પૂર્વોક્ત પ્રકારના વ્યવહારને માનવાનું પ્રયોજન આ છે કે, 'વસ્તુના અનંત ધર્મો હોવા છતાં તે એક અખંડ વસ્તુ છે' એવી પ્રતીતિ કરવી. અર્થાત્ ગુણ-ગુણી અભેદ હોવાથી ગુણોને જાણતા ગુણીનું સુપ્રતીત (ઓળખાણ) જીવને થાય, તો આ વ્યવહારનયનું યથાર્થ ફળ આવ્યું કહેવાય. વ્યવહારના આશ્રયનું ફળ વિકલ્પ-રાગદ્વેષ છે. માટે ભેદનો આશ્રય ન કરતા અર્થાત્ આ નય દ્વારા કહેલા ગુણના ભેદમાં ન રોકાતા અભેદદ્રવ્યની પ્રતીતિ કરવી તે આ (વ્યવહાર) નયના જ્ઞાનનું ફળ છે. આ ફળ ન આવે તો આ નયજ્ઞાન યથાર્થ નથી.''

ગાથા ૬૩૪-૬૩૫ : અન્વયાર્થ :- ''નિશ્ચયથી વ્યવહારનય અભૂતાર્થ છે. (અર્થાત્ સમ્યગ્દર્શન અર્થે=આત્માની અભેદ અનુભૂતિ અર્થે કાર્યકારી નથી.) તેમાં આ કારણ છે કે, અહીં સૂત્રમાં જે દ્રવ્યને ગુણવાળું કહ્યું છે તેનો અર્થ કરવાથી અહીં આગળ 'ગુણ જુદા છે, દ્રવ્ય જુદું છે તથા ગુણના યોગથી તે દ્રવ્ય ગુણવાળું કહેવાય છે' એવો અર્થ સિદ્ધ થાય છે (જણાય છે). પરંતુ તે ઠીક નથી. કારણ કે ન ગુણ છે, ન દ્રવ્ય છે, ન ઉભય છે, ન એ બન્નેનો યોગ છે. પરંતુ કેવળ અદ્વૈતસત્ (અભેદદ્રવ્ય) છે. તથા એ જ સત્‌ને ચાહે ગુણ માનો અથવા દ્રવ્ય માનો, પરંતુ તે ભિન્ન નથી. અર્થાત્ નિશ્ચયથી અભિન્ન જ છે.''

ભાવાર્થ :- ''વ્યવહારનયથી **'गुणवद्द्रव्यं'** ગુણવાળાને દ્રવ્ય કહેવાથી એવો બોધ થઈ શકે છે કે, ગુણ અને દ્રવ્ય ભિન્ન ભિન્ન વસ્તુ છે તથા ગુણના યોગથી દ્રવ્ય, દ્રવ્ય કહેવાય છે. પરંતુ એવો

અર્થ ઠીક નથી, કારણ કે ન ગુણ છે, ન દ્રવ્ય છે, ન બંને છે કે ન બંનેનો યોગ છે. પરંતુ નિશ્ચયનયથી કેવળ એક અદ્વૈત, અભિન્ન, અખંડ જ સત્ છે. તેને જ ચાહે ગુણ કહો, ચાહે દ્રવ્ય કહો અથવા જે ઇચ્છો તે કહો ! સારાંશ-''

ગાથા ૬૩૬ : અન્વયાર્થ :- ''તેથી આ ન્યાયથી સિદ્ધ થયું કે વ્યવહારનય છે, તો પણ તે અભૂતાર્થ છે તથા ખરેખર તેનો અનુભવ કરવાવાળા જે મિથ્યાદષ્ટિ છે તે પણ અહીં ખંડિત થઈ ચૂક્યા.'' અર્થાત્ જેઓ દ્રવ્યને અભેદ-અખંડ અનુભવતા નથી, તેઓને નિયમથી ભ્રમયુક્ત મિથ્યાદષ્ટિ માનવા.

ભાવાર્થ :- ''વ્યવહારનય, ઉક્ત પ્રકારના ભેદને વિષય કરે છે; કારણ કે, વિધિપૂર્વક ભેદ કરવો એ જ 'વ્યવહાર' શબ્દનો અર્થ છે. તેથી સિદ્ધ થાય છે કે, વ્યવહારનય અભૂતાર્થ જ છે - પરમાર્થભૂત નથી, તથા ખરેખર તેનો અનુભવ કરવાવાળા મિથ્યાદષ્ટિ છે. તેઓ પણ નષ્ટ થઇ ચૂક્યા (અર્થાત્ તેઓ અનંતસંસારી થઈ ચૂક્યા)....'' અર્થાત્ જેઓ ભેદમાં જ રમતા હોય અને ભેદની જ પ્રરૂપણા કરતા હોય તેને કદી અભેદ દ્રવ્ય અનુભવમાં જ આવવાનું નથી. તેથી કરી તે મિથ્યાદષ્ટિ છે - નષ્ટ થઈ ચૂક્યા સમાન છે.

ગાથા ૬૩૭ : અન્વયાર્થ :- ''શંકાકાર કહે છે કે, જો એમ કહો તો નિયમથી નિશ્ચયપૂર્વક નિશ્ચયનય જ આદર કરવા યોગ્ય માનવો જોઈએ. કારણ કે અકિંચિત્કારી હોવાથી અપરમાર્થભૂત વ્યવહારનયથી શું પ્રયોજન છે ? જો એમ કહો તો -'' અર્થાત્ શંકાકાર એકાંતે નિશ્ચયનય જ માનવો જોઈએ એમ કહે છે. ઉત્તર -

ગાથા ૬૩૮-૬૩૯ : અન્વયાર્થ :- ''એ પ્રમાણે કહેવું ઠીક નથી. કારણ કે અહીં આગળ વિપ્રતિપત્તિ થતા તથા સંશયની આપત્તિ આવતા વા વસ્તુનો વિચાર કરવામાં બળપૂર્વક વ્યવહારનય પ્રવૃત્ત થાય છે. અથવા જે જ્ઞાન બન્ને નયોને અવલંબન કરવાવાળું છે તે જ પ્રમાણ કહેવાય છે. તેથી પ્રસંગવશ તે વ્યવહારનય કોઈના માટે ઉપરના (ઉપર જણાવેલ) કાર્યો માટે આશ્રય કરવા યોગ્ય છે. પરંતુ સવિકલ્પ જ્ઞાનવાળાઓની માફક નિર્વિકલ્પ જ્ઞાનવાળાઓને તે શ્રેયભૂત નથી.'' અર્થાત્ તે મિથ્યાત્વીને તત્ત્વ સમજવા/સમજાવવા માટે આશ્રય કરવા યોગ્ય છે, પરંતુ સમ્યગ્દષ્ટિઓને (નિર્વિકલ્પ) અનુભવકાળે તેનો આશ્રય હોતો નથી. અર્થાત્ તે શ્રેયભૂત નથી. કારણ કે જે વિકલ્પ છે તે વ્યવહાર છે અને નિર્વિકલ્પ છે તે નિશ્ચય છે. હવે અમે આગળ દ્રવ્ય-પર્યાયની યથાર્થ વ્યવસ્થા સમજાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૫
# દ્રવ્ય-પર્યાય વ્યવસ્થા

દ્રવ્ય અને ગુણની વ્યવસ્થા જોઈ. હવે આપણે પર્યાય વિશે વિચાર કરીશું. **પ્રશ્ન** - ગુણોના સમૂહરૂપ અભેદ દ્રવ્ય (વસ્તુ) છે, તો તેમાં પર્યાય ક્યાં રહે છે ? **ઉત્તર** - પર્યાય દ્રવ્યના સર્વ ભાગમાં (પૂર્ણ ક્ષેત્રમાં) રહે છે. કારણ કે ગુણોના સમૂહરૂપ અભેદ દ્રવ્યનો જે વર્તમાન છે અર્થાત્ તેની જે વર્તમાન અવસ્થા છે (પરિણમન છે), તેને જ તે દ્રવ્યની પર્યાય કહેવામાં આવે છે અને તે અભેદ પર્યાયમાં જ વિશેષતાઓની અપેક્ષાથી અર્થાત્ ગુણોની અપેક્ષાએ તેમાં (અભેદ પર્યાયમાં) જ ભેદ કરીને તેને ગુણોની પર્યાય કહેવાય છે. આ કારણે કહી શકાય કે જેટલું ક્ષેત્ર દ્રવ્યનું છે, તે અને તેટલું જ ક્ષેત્ર ગુણોનું છે તથા તે અને તેટલું જ ક્ષેત્ર પર્યાયનું પણ છે. તેથી જ દ્રવ્ય-પર્યાયનો વ્યાપ્ય-વ્યાપક સંબંધ કહેવાય છે.

આ જ વાત **પ્રવચનસાર** ગાથા ૧૧૪ માં પણ કહેલ છે કે, ''દ્રવ્યાર્થિક (નય) વડે સઘળું (અર્થાત્ પૂર્ણ દ્રવ્ય) દ્રવ્ય છે; અને વળી પર્યાયાર્થિક (નય) વડે તે (દ્રવ્ય) અન્ય-અન્ય છે. કારણ કે તે કાળે તન્મય હોવાને લીધે (દ્રવ્ય-પર્યાયોથી) અનન્ય છે.''

અહીં કોઈને **પ્રશ્ન** થાય કે તો દ્રવ્ય અને પર્યાયના પ્રદેશો ભિન્ન છે એવું કઈ રીતે કહી શકાય ? **ઉત્તર** - ભેદ વિવક્ષામાં જ્યારે એક અભેદ-અખંડ દ્રવ્યમાં ભેદ ઉપજાવીને સમજાવવામાં આવે છે ત્યારે દ્રવ્ય અને પર્યાય એવા વસ્તુના બે ભાવોને પોતપોતાના ભાવની અપેક્ષાથી એવું કહી શકાય કે બન્નેના પ્રદેશો ભિન્ન છે; પરંતુ વાસ્તવમાં (ખરેખર) ત્યાં કાંઈ જ ભિન્નતા નથી. તે બન્ને અભેદ જ છે, તન્મય જ છે. અર્થાત્ એક જ આકાશપ્રદેશોને અવગાહીને રહેલ છે. જેમ **સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા** ગાથા ૨૭૭માં જણાવેલ છે કે, ''વસ્તુ જે કાળે, જે સ્વભાવે પરિણમનરૂપ હોય છે, તે કાળે, તે પરિણામથી તન્મય હોય છે;........'' અને **પંચાસ્તિકાયસંગ્રહ** ગાથા ૯માં પણ જણાવેલ છે કે, ''તે તે સદ્ભાવપર્યાયોને જે દ્રવે છે - પામે છે, તેને (સર્વજ્ઞો) દ્રવ્ય કહે છે કે જે સત્તાથી (અર્થાત્ દ્રવ્યથી) અનન્યભૂત છે.''

આ અભેદ પર્યાયને, આકારની અપેક્ષાએ વ્યંજનપર્યાય અથવા દ્રવ્યપર્યાય કહેવાય છે, અને તે જ અભેદ પર્યાયને વિશેષતાઓની અપેક્ષાએ અર્થપર્યાય અથવા ગુણપર્યાય પણ કહેવાય છે. અત્ર સમજવાનું એ છે કે જે ગુણોના સમૂહરૂપ દ્રવ્ય છે, તેનો કોઈ ને કોઈ આકાર અવશ્ય હોવાનો અને તેનું કોઈ ને કોઈ કાર્ય પણ અવશ્ય હોવાનું જ અર્થાત્ તેમાં જે આકાર છે તેને તે દ્રવ્યની દ્રવ્યપર્યાય અથવા વ્યંજનપર્યાય કહેવાય છે, અને જે તેનું વર્તમાન કાર્ય છે (=પરિણામ છે = અવસ્થા છે), તેને તે દ્રવ્યની અર્થપર્યાય અથવા ગુણપર્યાય કહેવાય છે.

જેમ આપણે ઉપર જોયું તેમ ભેદરૂપ વ્યવહાર અભૂતાર્થ છે, તે માત્ર તત્ત્વ સમજવા અથવા સમજાવવા માટે પ્રયોગમાં લેવાય છે, અન્યથા તે કાર્યકારી નથી. વસ્તુનું સ્વરૂપ તો અભેદ જ છે અને તે જ ભૂતાર્થ છે. તેથી સર્વ કથન, અપેક્ષાએ ગ્રહણ કરવું યોગ્ય છે, અન્યથા અર્થનો અનર્થ થઈ જાય છે. અર્થાત્ તેને જો કોઈ એકાંતે ગ્રહણ કરે અથવા સમજાવે, તો તે મિથ્યાદષ્ટિ છે અને તે નષ્ટ થઈ ચૂકેલા છે. અર્થાત્ આ મનુષ્યભવ હારી ચૂકેલા છે (ઉપર જણાવેલ ગાથા ૬૩૬ જોવી).

દરેક વસ્તુનું કાર્ય વસ્તુથી અભેદ જ હોય છે અને તેને જ તેનું ઉપાદાનરૂપ પરિણમન કહેવાય છે. અને તે કાર્યને અથવા અવસ્થાને વર્તમાન સમય અપેક્ષાએ વર્તમાન પર્યાય કહેવાય છે. તેથી કહેવા માટે એમ કહી શકાય છે કે, પર્યાય દ્રવ્યમાંથી આવે છે અને દ્રવ્યમાં જ જાય છે. કારણ કે કોઈ પણ દ્રવ્ય(વસ્તુ)નું કાર્ય તેનાથી અભેદ જ હોય છે છતાં ભેદનયથી આવું કથન કરી શકાય છે. પરંતુ તેથી કરીને, તે બન્ને ભિન્ન ભિન્ન છે – તેવું નથી. દ્રવ્ય અને પર્યાયને કથંચિત્ ભિન્ન કહેવાય છે તે આ અપેક્ષાએ.

કોઈ પણ દ્રવ્ય છે તે નિત્ય છે પરંતુ કૂટસ્થ નિત્ય નહિ. કારણ કે જો તે વસ્તુનું કોઈ પણ કાર્ય જ માનવામાં ન આવે તો તે વસ્તુનો જ અભાવ થઈ જશે. કેમ કે જે અર્થ ક્રિયાકારી હોય (પોતાનું કામ કરતું હોય) તેને જ સત્ કહેવાય – આ નિયમ છે. તેથી કરીને દરેક નિત્ય વસ્તુનું, જે વર્તમાન કાર્ય છે તેને જ તેનો પર્યાય કહેવામાં આવે છે અને આવા ભૂત, ભવિષ્ય અને વર્તમાનના પર્યાયોનો સમૂહ જ દ્રવ્ય (વસ્તુ) છે અર્થાત્ અનુસ્યૂતિથી રચાયેલ પર્યાયોનો સમૂહ તે જ દ્રવ્ય છે.

વસ્તુનો સ્વભાવ છે કે તે ટકીને પરિણમે છે. તેથી તે વસ્તુમાં એક ટકતો ભાવ છે અને એક પરિણમતો ભાવ છે. તેમાંથી જે ટકતો ભાવ છે તેને નિત્યરૂપ અર્થાત્ દ્રવ્ય કહેવાય છે, ત્રિકાળી ધ્રુવ કહેવાય છે અને જે પરિણમતો ભાવ છે તેને પર્યાય કહેવાય છે. અર્થાત્ વસ્તુમાં એક ટકતો ભાગ અને એક પરિણમતો ભાગ – એવા બે ભાગ અર્થાત્ વિભાગ નથી. જો એવા કોઈ વિભાગ માનવામાં આવે, તો વસ્તુ એક – અખંડ – અભેદ ન રહેતા બે – ભિન્ન થઈ જાય અને એક ભાગ કૂટસ્થ અર્થાત્

એક દ્રવ્ય કૂટસ્થરૂપ થઈ જાય અને બીજો ભાગ ક્ષણિક અર્થાત્ બીજું દ્રવ્ય ક્ષણિક થઈ જાય. આમ થતા વસ્તુની સિદ્ધિ જ ન થાય. કારણ કે ઉપર જણાવ્યા અનુસાર કોઈ જ દ્રવ્ય તેના કાર્ય વગર કૂટસ્થ ન હોય અને કોઈ વસ્તુ ક્ષણિક હોય, તો તે વસ્તુનો જ અભાવ થઈ જાય. તેથી કરીને આવા બે દોષ વસ્તુવ્યવસ્થા ન સમજાતા આવી જશે અને વસ્તુની સિદ્ધિ જ નહિ થાય.

તેથી કરીને પ્રથમ જણાવ્યા અનુસાર વસ્તુનો જે વર્તમાન છે અર્થાત્ તેની જે અવસ્થા છે તેને જ પર્યાય સમજવો અત્યંત આવશ્યક છે અને તે એમ જ છે. અર્થાત્ જ્યારે એમ કહેવામાં આવે કે પર્યાય તો દ્રવ્યમાંથી જ આવે છે અને દ્રવ્યમાં જ જાય છે, તો તેવા કથનને ઉપર જણાવ્યા અનુસારની અપેક્ષાએ માત્ર 'વ્યવહાર' અર્થાત્ ઉપચાર-કથન માત્ર સમજવું, નહીં કે વાસ્તવિક. હવે અમે આગળ ઉત્પાદ-વ્યય-ધ્રુવની યથાર્થ વ્યવસ્થા સમજાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૬
# ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વ્યવસ્થા

**હ**વે ઉત્પાદ-વ્યય-ધ્રુવથી પણ આ જ ભાવ સમજીએ. જે ઉત્પાદ-વ્યય છે તે પર્યાય છે અને જે ધ્રુવ છે તે દ્રવ્ય છે. અર્થાત્ જે દ્રવ્ય છે તે નિત્ય છે અને તેનાથી જ 'આ તે જ છે' એવો નિર્ણય થાય છે. તેથી તેને જ ધ્રુવભાવ અથવા અપરિણામી ભાવ પણ કહેવાય છે.

જૈન ધર્મમાં ધ્રુવભાવ એ એકાંત અપરિણામી અર્થાત્ કૂટસ્થ નથી પરંતુ તે પરિણમનશીલ વસ્તુ છે. જેમ કે **સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા** ગાથા ૨૨૬માં જણાવેલ છે કે ''વળી, એકાંતસ્વરૂપ દ્રવ્ય છે તે લેશમાત્ર પણ કાર્ય કરતું નથી તથા જે કાર્ય ન કરે તે દ્રવ્ય જ કેવું ? તે તો શૂન્યરૂપ જેવું છે.''

ભાવાર્થ :- ''જે અર્થક્રિયારૂપ હોય તેને જ પરમાર્થ વસ્તુ કહી છે, પણ જે અર્થક્રિયારૂપ નથી તે તો આકાશના ફૂલની માફક શૂન્યરૂપ છે.'' અર્થાત્ જે પોતાના કાર્યસહિતની વસ્તુ છે, તેનો જે ટકતો ભાવ છે, તે જ ધ્રુવભાવ અથવા અપરિણામી ભાવ છે અને તે વસ્તુનું જે કાર્ય છે અર્થાત્ તેનો જે વર્તમાન ભાવ અર્થાત્ તેની જે વર્તમાન અવસ્થા છે, તેને જ તેનો પરિણમતો ભાવ કહેવાય છે, તેને જ ઉત્પાદ-વ્યય કહેવાય છે. તે એવી રીતે કે જૂના પર્યાયનો ક્ષય અને નવા પર્યાયનો ઉત્પાદ. આ ઉત્પાદ-વ્યય પણ કોઈ નવી વસ્તુના ઉત્પાદ-વ્યયરૂપ નથી. તે તો માત્ર એક વસ્તુના (દ્રવ્યના) એક સમય પહેલાંના રૂપનો વ્યય અને વર્તમાન સમયના રૂપનો ઉત્પાદ જ છે. અર્થાત્ એક અભેદ-અખંડ-અભિન્ન વસ્તુનું સમય અપેક્ષાએ કાર્ય (પરિણમન) તે જ તેનો ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય કહેવાય છે.

ત્યાં કોઈ વાસ્તવિક ઉત્પાદ-વ્યય અથવા આવવું-જવું નથી, પરંતુ વસ્તુ નિત્ય પરિણમતી રહે છે. અર્થાત્ અનુસ્યૂતિથી (continuity) રચાયેલ પર્યાયોનો સમૂહ તે જ વસ્તુ અને તેમાં સમય અપેક્ષાએ ઉત્પાદ-વ્યય કહેવાય છે. અર્થાત્ તે જ વસ્તુને વર્તમાનથી જોતા તેને તે દ્રવ્યની વર્તમાન અવસ્થા-પર્યાય કહેવાય છે. અર્થાત્ વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવા વાસ્તવિક ભેદ ન હોવા છતાં, માત્ર 'વ્યવહાર'થી જ ભેદનયની અપેક્ષાએ તેમ કહેવાય છે. તેનું ફળ માત્ર વસ્તુનું સ્વરૂપ સમજવા પૂરતું જ છે, નહીં કે ભેદમાં જ અટવાઈ પડવા માટે. કારણ કે ભેદમાં જ અટકતા વસ્તુનું અભેદ સ્વરૂપ નહીં પકડાય કે જે સ્વાત્માનુભૂતિ માટે કાર્યકારી છે. હવે અમે આગળ ભેદાભેદ સ્વરૂપ કઈ અપેક્ષાએ પ્રાપ્ત થાય ? તેની યથાર્થ વિધિ સમજાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૭
# દૃષ્ટિભેદે ભેદ

**અ**નેક લોકો સંસારી જીવને એકાંતે અશુદ્ધ માને છે, તેમને પર્યાયદૃષ્ટિ જીવ કહેવાય છે. અને એવા લોકો ચોથા ગુણસ્થાનકે શુદ્ધાત્માના અનુભવની વાત પણ માનતા નથી. સાંસારિક જીવ શુદ્ધનય/શુદ્ધ-દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ પરમ શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે - આ વાત અનેક શાસ્ત્રોમાં જણાવેલ છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સમયે જે શુદ્ધાત્માનો અનુભવ થાય છે, તે આ ત્રિકાળ શુદ્ધાત્માનો અનુભવ થાય છે, નહીં કે આત્માના મધ્યના આઠ રૂચક પ્રદેશોનો. આ શુદ્ધાત્માને કારણ પરમાત્મા અથવા કારણ સમયસાર પણ કહેવાય છે. આ કારણ પરમાત્મા ત્રિકાળ શુદ્ધ છે, જેના બળથી/અનુભવથી જ કાર્ય પરમાત્માપણું પ્રાપ્ત થાય છે. આ વાત અમે આગળ વિસ્તારથી સમજાવશું. તેને યથાયોગ્ય સમજીને પહેલા તેનો નિર્ણય કરવો, ભાવભાસન કરવું અને પછી તેનો જ અનુભવ પોતાની યોગ્યતા અનુસાર થાય છે.

વસ્તુમાં સર્વ ભેદો દૃષ્ટિ અપેક્ષાએ છે, નહિ કે વાસ્તવિક. જેમ કે, પ્રમાણદૃષ્ટિએ જોતા વસ્તુ દ્રવ્ય-પર્યાયમય છે. અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ જ છે. જ્યારે તે જ વસ્તુને પર્યાયદૃષ્ટિથી જોવામાં આવે અર્થાત્ તેને માત્ર તેના વર્તમાન કાર્યથી, તેની વર્તમાન અવસ્થાથી જ જોવામાં આવે, તો તે વસ્તુ માત્ર તેટલી જ છે. અર્થાત્ પૂર્ણદ્રવ્ય તે વખતે માત્ર વર્તમાન અવસ્થારૂપ જ જણાય છે. અર્થાત્ તે વર્તમાન અવસ્થામાં જ પૂર્ણ દ્રવ્ય છુપાયેલ છે કે જે ભાવ સમયસાર ગાથા ૧૩માં દર્શાવવામાં આવેલ છે. અર્થાત્ વર્તમાન ત્રિકાળીનું જ બનેલ છે. જેમ **સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા** ગાથા ૨૬૯માં જણાવેલ છે કે, ''જે નય વસ્તુને તેના વિશેષ રૂપથી (પર્યાયથી) અવિનાભૂત (અર્થાત્ પર્યાયરહિત દ્રવ્ય નહિ પરંતુ પર્યાયસહિત દ્રવ્યને અર્થાત્) સામાન્ય રૂપને નાના (=અનેક) પ્રકારની યુક્તિના બળથી (અર્થાત્ પર્યાયને ગૌણ કરીને સામાન્ય દ્રવ્યને) સાધે તે દ્રવ્યાર્થિકનય (દ્રવ્યદૃષ્ટિ) છે.''

ભાવાર્થ :- ''વસ્તુનું સ્વરૂપ સામાન્ય-વિશેષાત્મક છે. વિશેષ વિના સામાન્ય હોતું નથી.......'' અને ગાથા ૨૭૦માં પણ જણાવેલ છે કે, ''જે નય અનેક પ્રકારે સામાન્યસહિત સર્વ વિશેષને તેના સાધનનું જે લિંગ (ચિહ્ન) તેના વશથી સાધે તે પર્યાયાર્થિકનય (પર્યાયદૃષ્ટિ) છે.''

ભાવાર્થ :- ''સામાન્ય (દ્રવ્ય) સહિત તેના વિશેષોને (પર્યાયોને) હેતુપૂર્વક સાધે (અર્થાત્ દ્રવ્યને ગૌણ કરીને પર્યાયને ગ્રહણ કરે) તે પર્યાયાર્થિકનય (પર્યાયદૃષ્ટિ) છે.......'' અર્થાત્ પૂર્ણ દ્રવ્ય જ્યારે માત્ર વર્તમાન અવસ્થારૂપ - પર્યાયરૂપ જ જણાય છે તેને જ પર્યાયદૃષ્ટિ કહેવાય છે. અને તે વખતે તે વર્તમાન પર્યાયમાં જ પૂર્ણ દ્રવ્ય છુપાયેલ છે.

તેથી જો એમ કહેવામાં આવે કે વર્તમાન પર્યાયનો સમ્યગ્દર્શનના વિષયમાં સમાવેશ નથી, તો ત્યાં સમજવું પડશે કે કોઈ પણ દ્રવ્યના વર્તમાન પર્યાયનો લોપ થતા જ પૂર્ણ દ્રવ્યનો જ લોપ થઈ જશે, ત્યાં વસ્તુનો જ અભાવ થઈ જશે. માટે દૃષ્ટિના વિષયમાં (સમ્યગ્દર્શનના વિષયમાં) વર્તમાન પર્યાયનો અભાવ ન કરતા, માત્ર તેમાં રહેલ અશુદ્ધિને (વિભાવભાવને) ગૌણ કરવામાં આવે છે; જે અમે આગળ ઉપર જણાવીશું - સમજાવીશું.

તે જ પૂર્ણ વસ્તુને જો દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે તો તે સંપૂર્ણ વસ્તુ માત્ર દ્રવ્યરૂપ જ - ધ્રુવરૂપ જ - અપરિણામીરૂપ જ જણાય છે, ત્યાં પર્યાય જણાતો જ નથી. કારણ કે ત્યારે પર્યાય તે દ્રવ્યમાં અંતર્ભૂત થઈ જાય છે અર્થાત્ પર્યાય ગૌણ થઈ જાય છે અને પૂર્ણ વસ્તુ ધ્રુવરૂપ-દ્રવ્યરૂપ જ જણાય છે. તેથી જ દ્રવ્યદૃષ્ટિ કાર્યકારી છે, જે વાત અમે આગળ વિસ્તારથી જણાવીશું.

અત્ર જણાવ્યા અનુસાર દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુવ્યવસ્થા સમ્યક્ રૂપે ન સમજાઈ હોય અથવા તો વિપરીત રૂપે ધારણા થઈ હોય, તો સૌપ્રથમ તેને સમ્યક્ રૂપે સમજી લેવી અત્યંત આવશ્યક છે. કારણ કે તેના વિના સમ્યગ્દર્શનનો વિષય સમજાવો અશક્ય જ છે. તેથી હવે આપણે તે જ ભાવો શાસ્ત્રના આધારે પણ દૃઢ કરીશું.

# ૮
# પંચાધ્યાયી પૂર્વાર્ધની વસ્તુવ્યવસ્થા દર્શાવતી ગાથાઓ

**ગા**થા ૬૭ : અન્વયાર્થ :- ''..... જેમ પરિણમનશીલ આત્મા જો કે જ્ઞાનગુણપણાથી અવસ્થિત છે તો પણ જ્ઞાનગુણના તરતમ(ભાવ)રૂપ પોતાની અપેક્ષાએ અનવસ્થિત છે.''

અર્થાત્ આત્મા (દ્રવ્ય) પરિણમનશીલ છે અને છતાં તેને ટકતા ભાવથી = જ્ઞાનગુણથી = જ્ઞાયકભાવથી જોવામાં આવે, તો તે તેવો ને તેવો જ જણાય છે અર્થાત્ અવસ્થિત છે, અને જો જ્ઞાનગુણની જ તરતમતારૂપ અવસ્થાથી અર્થાત્ વિકલ્પરૂપ = જ્ઞેયાકારરૂપ અવસ્થાથી જોવામાં આવે, તો તે તેવો ને તેવો રહેતો નથી અર્થાત્ અનવસ્થિત જણાય છે. આ જ અનુક્રમે દ્રવ્યદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ છે.

ગાથા ૬૮-૬૯ : અન્વયાર્થ :- ''જો ઉપરના કથન અનુસાર ગુણ-ગુણાંશની (ગુણ-પર્યાયની) કલ્પના ન માનવામાં આવે, તો દ્રવ્ય ગુણાંશની પેઠે નિરંશ થઈ જાત અથવા તે દ્રવ્ય કૂટસ્થની માફક નિત્ય થઈ જાત. તે પરિણમનશીલ બિલકુલ ન હોત અથવા ક્ષણિક થઈ જાત. અથવા જો તમારો આવો અભિપ્રાય હોય કે, અનંત અવિભાગી ગુણાંશોનું માનવું તો ઠીક છે, પરંતુ એ બધા નિરંશ અંશોનું પરિણમન સમાંશ અર્થાત્ એકસરખું હોવું જોઈએ પણ તરતમરૂપ (તીવ્ર-મંદરૂપ) ન હોવું જોઈએ.''

ભાવાર્થ :- ''દ્રવ્યાર્થિકનયથી વસ્તુ અવસ્થિત છે તથા પર્યાયાર્થિકનયથી વસ્તુ અનવસ્થિત છે એ પ્રકારની (વસ્તુમાં) પ્રતીતિ હોવાના કારણથી 'ગુણ-ગુણાંશ કલ્પના સાર્થક છે' એવું પહેલા સિદ્ધ કર્યું છે. હવે એ જ (વસ્તુસ્વરૂપને) દૃઢ કરવા માટે વ્યતિરેકરૂપથી ઊહાપોહ કરવામાં આવે છે કે, જો ગુણ-ગુણાંશ કલ્પના માનવામાં ન આવે તો દ્રવ્યના સ્વરૂપમાં ચાર અનિષ્ટ પક્ષો ઉત્પન્ન થવાનો પ્રસંગ આવશે. તે આ પ્રમાણે :- (૧) એક ગુણાંશની માફક દ્રવ્યને નિરંશ માનવું પડશે. (૨) દ્રવ્યમાં માત્ર ગુણોનો જ સદ્ભાવ માનવાથી કીલકની માફક તેને કૂટસ્થ એટલે અપરિણામી માનવું પડશે. (૩) ગુણો સિવાય માત્ર ગુણાંશકલ્પના જ માનતા તેને (દ્રવ્યને) ક્ષણિક માનવું પડશે. (૪)

ગુણોના અનંત અંશો માનવા છતાં પણ તેનું સમાન પરિણમન માનવું પડશે પણ તરતમ અંશરૂપ નહિ મનાય.''

ગાથા ૭૦ : અન્વયાર્થ :- ''ઉપરના ચારેય પક્ષ પણ દોષયુક્ત છે. કારણ કે તે પ્રત્યક્ષ રૂપથી બાધિત છે. એ પ્રત્યક્ષબાધિત એટલા માટે છે કે, એ પક્ષોને સિદ્ધ કરવાવાળું કોઈ પ્રમાણ નથી. તથા તેના સાધક પ્રમાણનો અભાવ એટલા માટે છે કે એ પક્ષોની સિદ્ધિને માટે આ લોકમાં કોઈ દૃષ્ટાંત પણ મળી શકતું નથી.''

અર્થાત્ દ્રવ્યને પરિણામી સિદ્ધ કર્યું અને છતાં તેને ટકતા ભાવની અપેક્ષાએ અપરિણામી પણ કહેવાય, પરંતુ એકાંતે નહિ. કારણ કે જૈન સિદ્ધાંતમાં અનેકાંતનો જ જય થાય છે, નહિ કે એકાંતનો.

ગાથા ૮૩-૮૪ : અન્વયાર્થ :- ''જેમ આંબાના ફળમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ - એ ચારે પુદ્ગલ દ્રવ્યના ગુણો પોતપોતાના લક્ષણથી ભિન્ન છે તથા નિશ્ચયથી તે બધા અખંડ દેશી (દ્રવ્ય) હોવાથી કોઈ પણ પ્રકારે જુદા પણ કરી શકાતા નથી. એટલા માટે જેમ વિશેષરૂપ હોવાના કારણથી પર્યાયદૃષ્ટિએ (ભેદવિવક્ષાએ) દેશ, દેશાંશ, ગુણ અને ગુણાંશરૂપ સ્વચતુષ્ટય કહી શકાય છે. તેમજ સામાન્ય રૂપની અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યાર્થિક દૃષ્ટિએ (અભેદ વિવક્ષાએ) એ જ બધા એક આલાપથી એક અખંડ દ્રવ્ય કહી શકાય છે.'' અર્થાત્ જે વિશેષ અપેક્ષાએ પર્યાય છે તે જ સામાન્ય અપેક્ષાએ દ્રવ્ય છે. જેમ કે 'ઉપાદાન પોતે જ કાર્યરૂપે પરિણમે છે' એ વાત તો સર્વવિદિત છે. તેમાં ઉપાદાન તે જ દ્રવ્ય છે અને કાર્ય છે તે પર્યાય છે. તેથી એ વાત સિદ્ધ થાય છે કે દ્રવ્ય જ પોતે દ્રવે છે અર્થાત્ પરિણમે છે. અને દ્રવ્ય જ પોતે વર્તમાન અવસ્થાની અપેક્ષાએ પર્યાય કહેવાય છે.

જેમ કે માટીનો પિંડ નષ્ટ થઈને માટીના ઘડારૂપ બનવાથી માટીરૂપી દ્રવ્યના એક પર્યાયનો નાશ થયો અને નવા પર્યાયનો ઉત્પાદ થયો. પરંતુ બન્નેમાં માટીત્વ (માટીપણું) તો કાયમ જ રહ્યું, નિત્ય જ રહ્યું. તે અપેક્ષાએ કૂટસ્થ રહ્યું - અપરિણામી રહ્યું. તે એ રીતે કે માટીરૂપ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યરૂપે નથી પરિણમી જતું. તેથી તેને તે અપેક્ષાએ પણ કૂટસ્થ અથવા અપરિણામી કહી શકાય. અને બીજું તે પિંડ અને ઘડામાં માટીપણું એવું ને એવું જ રહે છે. તે અપેક્ષાએ પણ તેને કથંચિત્ કૂટસ્થ અથવા કથંચિત્ અપરિણામી કહી શકાય. અન્યથા એકાંતે અપરિણામી કહેવામાં આવે તો ત્યાં એક ભાગ અપરિણામી અને એક ભાગમાં પરિણામ એવું કલ્પતા તો દ્રવ્યનો જ નાશ થઈ જાય, અને તે દ્રવ્ય દ્રવે પણ નહીં. તેથી તેનું કોઈ જ કાર્ય ન માનતા દ્રવ્યપણાનો જ નાશ થઈ જાય. આ

રીતે ઉપાદાનથી કાર્યને ભિન્ન માનતા આકાશકુસુમવત્ દ્રવ્યનું જ અસ્તિત્વ નહીં રહે અને તેના કાર્યનું પણ અસ્તિત્વ નહિ રહે.

માટે આ જ રીતે સમજવું કે ઉપાદાન પોતે જ કાર્યરૂપે પરિણમેલ છે. તેથી તે પરિણામમાં પૂર્ણ ઉપાદાન હાજર જ છે. અર્થાત્ પરિણામ (કાર્ય) પોતે ઉપાદાનનું જ બનેલ છે. અર્થાત્ જે પર્યાય છે તે દ્રવ્યનો જ બનેલ છે. કારણ કે તે દ્રવ્યનું જ વર્તમાન સ્વરૂપ છે. તેથી જ તેને દ્રવ્યદષ્ટિથી જોતા ત્યાં માત્ર દ્રવ્ય જ જણાય છે - ત્રિકાળી ધ્રુવ (ધ્રૌવ્ય) જ જણાય છે. ત્યાં તેની વર્તમાન અવસ્થા (પર્યાય) ગૌણ થઈ જાય છે અને તેને જ દ્રવ્યદષ્ટિ કહેવાય છે. જ્યારે પર્યાયદષ્ટિમાં, તે જ દ્રવ્યને તેની વર્તમાન અવસ્થાથી અર્થાત્ પર્યાયથી જ જોવામાં આવતા દ્રવ્ય ગૌણ થઇ જાય છે, દ્રવ્ય જણાતું જ નથી. પૂર્ણ દ્રવ્ય માત્ર પર્યાયરૂપ જ ભાસે છે. આવી જ મુખ્ય-ગૌણની વ્યવસ્થા છે. આ સિવાય બીજી કોઈ અભાવની વ્યવસ્થા જ નથી. કારણ કે અખંડ-અભેદ દ્રવ્યમાં કોઈ પણ અંશનો અભાવ ઇચ્છતા પૂર્ણ દ્રવ્યનો જ અભાવ થઈ જાય છે - લોપ થઈ જાય છે. તેથી અભાવની વ્યવસ્થા એટલે મુખ્ય-ગૌણ ભાવ, અન્યથા નહિ.

ગાથા ૮૯ : અન્વયાર્થ :- ''જેમ વસ્તુ સ્વતઃસિદ્ધ છે તે જ પ્રમાણે તે સ્વતઃ પરિણમનશીલ પણ છે. એટલા માટે અહીં એ સત્ નિયમથી ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ છે.''

ભાવાર્થ : ''જૈનદર્શનમાં જેમ વસ્તુનો સદ્ભાવ સ્વતઃસિદ્ધ માન્યો છે (અર્થાત્ તે વસ્તુનો ક્યારેય નાશ થતો નથી અને તે અપેક્ષાએ તે ધ્રુવ છે - નિત્ય છે), તેમ જ તેને પરિણમનશીલ પણ માન્યો છે (અર્થાત્ દ્રવ્ય પોતે જ પર્યાયરૂપે પરિણમે છે). માટે સત્ પોતે જ નિયમથી ઉત્પાદ-સ્થિતિ-ભંગમય છે (અર્થાત્ માટી પોતે જ પિંડપણું છોડીને ઘડારૂપ થાય છે). અર્થાત્ સત્ સ્વતઃસિદ્ધ હોવાથી ધ્રૌવ્યમય અને પરિણમનશીલ હોવાથી ઉત્પાદ-વ્યયમય છે. એ પ્રમાણે પ્રત્યેક વસ્તુ ત્રિતયાત્મક (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમય) છે.''

અર્થાત્ કોઈ એમ કહે કે જો દ્રવ્યને જ પરિણામરૂપ માનવામાં આવે તો પરિણામના નાશે દ્રવ્યનો પણ નાશ થઈ જશે, તો તેવું નથી. કારણ કે ઉત્પાદ-વ્યય તે દ્રવ્યનો નથી પરંતુ દ્રવ્યની અવસ્થાનો છે. અર્થાત્ તે દ્રવ્ય જ પોતે પિંડપણું છોડીને ઘડાપણું ધારણ કરે છે અને ત્યાં પિંડનો વ્યય અને ઘડાનો ઉત્પાદ કહેવાય છે. પણ તે બન્નેમાં રહેલ માટીપણાનો નાશ કોઈ કાળે થતો નથી. તેથી જ તેને ત્રિકાળી ધ્રુવ (ધ્રૌવ્ય) અથવા અપરિણામી કહેવાય છે, નહિ કે અન્ય કોઈ રીતે.

ગાથા ૯૦ : અન્વયાર્થ :- ''પરંતુ એ સત્ પણ પરિણામ વિના ઉત્પાદ, સ્થિતિ, ભંગરૂપ

થઈ શકતું નથી. કારણ કે એમ માનતા જગતમાં અસત્‌નો જન્મ (આકાશના ફૂલનો જન્મ) અને સત્‌નો વિનાશ (ઝાડ પરના ફૂલનો વિનાશ) દુર્નિવાર થઈ જશે.''

ભાવાર્થ :- ''સત્ કેવળ સ્વતઃસિદ્ધ અને પરિણમનશીલ હોવાના કારણથી જ (તેને) ઉત્પાદ, સ્થિતિ તથા ભંગમય માનવામાં આવ્યું છે. અર્થાત્ એ ત્રણે અવસ્થાઓ છે. કારણ કે પ્રતિસમય સત્‌ની અવસ્થાઓમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય થયા કરે છે પણ કેવલ સત્‌માં નહિ. તેથી (ભેદનયે) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યને સત્‌ના પરિણામ કહેવામાં આવે છે. જો એમ ન માનતા સત્‌માં જ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય માનવામાં આવે તો અસત્‌ની ઉત્પત્તિ તથા સત્‌ના વિનાશનો દુર્નિવાર (નિવારી ન શકાય એવો) પ્રસંગ આવશે.''

ગાથા ૯૧ : અન્વયાર્થ :- ''એટલા માટે નક્કી જ દ્રવ્ય કથંચિત્ કોઈ અવસ્થારૂપથી ઉત્પન્ન થાય છે તથા કોઈ અન્ય અવસ્થાથી નષ્ટ થાય છે. પરંતુ પરમાર્થપણે (દ્રવ્યાર્થિકનયે) નિશ્ચયથી એ બંને જ નથી અર્થાત્ (અભેદથી)દ્રવ્ય ન તો ઉત્પન્ન થાય છે તથા ન નષ્ટ થાય છે.''

અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી તો તે નિત્ય ત્રિકાળી-ધ્રુવરૂપે (ધ્રૌવ્ય) જ જણાય છે, તેમાં કોઈ ઉત્પાદ-વ્યય જણાતા જ નથી. કારણ કે તેના ઉપર દૃષ્ટિ જ નથી. દૃષ્ટિ કેવળ ત્રિકાળી-ધ્રુવ દ્રવ્ય પર જ છે. તેથી ઉત્પાદ, વ્યય ગૌણ થઈ જાય છે અને નિત્યત્વ મુખ્ય થઈ જાય છે. આ જ રીત છે પર્યાયના અભાવની.

ભાવાર્થ :- ''તેથી દ્રવ્ય, પર્યાયાર્થિકનયની અપેક્ષાએ નવીન નવીન અવસ્થારૂપથી ઉત્પન્ન તથા પૂર્વ પૂર્વ અવસ્થાઓથી નષ્ટ કહેવામાં આવે છે. પરંતુ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્ય ન તો નષ્ટ થાય છે, ન ઉત્પન્ન થાય છે.'' આ ભાવને અપેક્ષાએ ધ્રૌવ્યભાવ, અપરિણામી ભાવ પણ કહી શકાય છે, પરંતુ એકાંતે નહીં.

ગાથા ૧૦૮ : અન્વયાર્થ :- ''જૈનનો આ સિદ્ધાંત છે કે જેમ દ્રવ્ય નિત્ય-અનિત્યાત્મક છે તે જ પ્રમાણે ગુણ પણ પોતાના દ્રવ્યથી અભિન્ન હોવાના કારણે નિત્ય-અનિત્યાત્મક છે એમ સમજવું.''

ભાવાર્થ :- ''....દ્રવ્યદૃષ્ટિએ તે ગુણો પરસ્પરમાં તથા દ્રવ્યથી અભિન્ન જ છે....''

ગાથા ૧૧૦ : અન્વયાર્થ :- ''જેમ જ્ઞાન, ઘટના આકારથી પટના આકારરૂપે થવાના કારણે પરિણમનશીલ છે, તો શું તેનું જ્ઞાનપણું નષ્ટ થઈ જાય છે ? જો તે જ્ઞાનત્વ નષ્ટ થતું નથી, તો તે અપેક્ષાએ નિત્ય કેમ સિદ્ધ નહિ થાય ? અર્થાત્ અવશ્ય જ (નિત્ય સિદ્ધ) થશે.''

અત્ર સમજવાનું એ છે કે કોઈ એમ કહે કે જ્ઞાનગુણ તો અકબંધ-કૂટસ્થ-અપરિણામી રહે છે અને તેમાંથી જ્ઞાનનો પર્યાય નીકળે છે, તો એવી માન્યતાથી તો જ્ઞાનગુણનો જ અભાવ થઈ જશે. કારણ કે જ્ઞાનગુણ પરિણમનશીલ છે. અર્થાત્ જ્ઞાનગુણ પોતે કોઈ ને કોઈ કાર્ય વગર રહેતો જ નથી. તે જ્ઞાનગુણ પોતે જ તે કાર્યરૂપે પરિણમે છે. અર્થાત્ સ્વપરને જાણવારૂપે પરિણમે છે અને તે સ્વપરરૂપ પ્રતિબિંબને ગૌણ કરતા જ સામાન્યપણાથી જ્ઞાનગુણ એવો ને એવો જ જણાય છે. તેથી કહેવાય છે કે તે જ્ઞાનપણાનું ઉલ્લંઘન કરતો જ નથી. તે અપેક્ષાએ તેને કૂટસ્થ અથવા અપરિણામી કહી શકાય, અન્યથા નહિ.

ભાવાર્થ :- ''ઘટને છોડીને પટને અને પટને છોડીને અન્ય પદાર્થને જાણતી વેળા જ્ઞાન પર્યાયાર્થિકનયથી અન્યરૂપ કહેવાતા છતાં પણ તેનું જ્ઞાનપણું ઉલ્લંઘન કરતું નથી. પરંતુ સામાન્યપણાથી (અર્થાત્ તે પ્રતિબિંબને ગૌણ કરતા જે ભાવ રહે તેને જ તેનું સામાન્ય કહેવાય છે. અર્થાત્ વિશેષ સામાન્યનું જ બનેલ હોય છે. અર્થાત્ પર્યાયરૂપ વિશેષ દ્રવ્યરૂપ સામાન્યનું જ બનેલ હોય છે. અર્થાત્ વિશેષને = પર્યાયને ગૌણ કરતા જ સામાન્યની = દ્રવ્યની અનુભૂતિ થાય છે) નિરંતર **''तदेवेदं''** - તે જ આ છે. અર્થાત્ 'આ તે જ જ્ઞાન છે કે જેનો પહેલાં તે પર્યાય હતો અને હાલ આ પર્યાય છે' (અર્થાત્ જ્ઞાન જ = જ્ઞાનગુણ જ તે પર્યાયરૂપે પરિણમેલ છે) એવી પ્રતીતિ થાય છે. માટે જ્ઞાનત્વસામાન્યની અપેક્ષાએ જ્ઞાન નિત્ય છે.'' જેમ કે -

ગાથા ૧૧૧ : અન્વયાર્થ :- ''તેનું ઉદાહરણ આ છે કે, જેમ નિશ્ચયથી આમ્રફળમાં રૂપ નામનો ગુણ પરિણમન કરતો કરતો હરિતમાંથી પીળો થઈ જાય છે, તો શું એટલામાં તેના વર્ણપણાનો નાશ થઈ જાય છે? અર્થાત્ નથી થતો. એટલા માટે તેનું વર્ણપણું નિત્ય છે.'' આવો છે જૈન સિદ્ધાંતનો ત્રિકાળી ધ્રુવ (ધ્રૌવ્ય).

ભાવાર્થ :- ''....સામાન્યપણે તો વર્ણપણું તો તેનું તે જ છે, એ (વર્ણસામાન્યપણું) કાંઈ નષ્ટ થઈ ગયું નથી. એટલા માટે વર્ણસામાન્યની અપેક્ષાએ તે વર્ણગુણ નિત્ય જ છે.'' આ રીતે સામાન્યની અપેક્ષાએ તેને કૂટસ્થ અથવા અપરિણામી કહી શકાય, અન્યથા નહિ, અન્યથા માનતા જૈન સિદ્ધાંતની વિરુદ્ધ અર્થાત્ અન્યમતિ મિથ્યાત્વરૂપે પરિણમી જશે કે જે અનંત સંસારનું કારણ બનશે.

ગાથા ૧૧૨ : અન્વયાર્થ :- ''જેમ વસ્તુ (દ્રવ્ય) પરિણમનશીલ છે તે જ પ્રમાણે ગુણો પણ પરિણમનશીલ છે (અન્યથા માનતા મિથ્યાત્વનો ઉદય સમજવો). એટલા માટે નિશ્ચયથી ગુણોના પણ ઉત્પાદ-વ્યય બંને થાય છે.''

ભાવાર્થ :- ''તેથી જેમ દ્રવ્ય પરિણામી છે, તેમ દ્રવ્યથી અભિન્ન રહેવાવાળા ગુણો પણ પરિણામી છે. અને તે પરિણામી હોવાથી તેમાં પ્રતિસમય ઉત્પાદ-વ્યય (કોઈ ને કોઈ કાર્ય) પણ થયા જ કરે છે; અને એ યુક્તિથી ગુણોમાં ઉત્પાદ-વ્યય હોવાથી તેને અનિત્ય પણ કહેવામાં આવે છે. સારાંશ કે, ''

ગાથા ૧૧૩ : અન્વયાર્થ :- ''એટલા માટે જેમ જ્ઞાન નામનો ગુણ સામાન્ય રૂપથી નિત્ય છે તથા એ જ પ્રમાણે ઘટને છોડીને પટને જાણતા જ્ઞાન નષ્ટ અને ઉત્પન્નરૂપ પણ છે અર્થાત્ અનિત્ય પણ છે.''

તેથી અહીં સમજવાનું એ છે કે જે ઉપાદાન છે અર્થાત્ જે દ્રવ્ય અથવા ગુણ છે તે સ્વયં જ કાર્યરૂપે પરિણમે છે. અને તે કાર્ય અપેક્ષાએ તે અનિત્ય છે અને ઉપાદાન અપેક્ષાએ નિત્ય છે - આવું સ્વરૂપ છે નિત્ય-અનિત્યનું, અન્યથા નહિ. જો કોઈ આ સ્વરૂપથી વિપરીત ધારણા સહિત પોતાને સમ્યગ્દષ્ટિ માનતા હોય અથવા મનાવતા હોય તો તેઓને નિયમથી ભ્રમમાં જ સમજવા. કારણ કે ભ્રમની પણ શાંતિ અને આનંદ વેદાય છે. તેથી તેવા જીવોને જો અનંત સંસારથી બચવું હોય તો અમારી વિનંતિ છે કે આપ આપની ધારણા સમ્યગ્ કરી લો. અને જે કોઈ સંસારી જીવને એકાંતે અશુદ્ધ માનીને પોતાને સમ્યગ્દર્શન માને અથવા મનાવે-સમજે તો તે પણ ભ્રમમાં છે. તે માન્યતા પણ એકાંત છે, કારણ કે સંસારી જીવ પર્યાયાર્થિક નયથી અશુદ્ધ અવશ્ય છે, પણ તે જ સંસારી જીવ શુદ્ધ-દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ પરમ શુદ્ધ છે - ત્રિકાળ શુદ્ધ છે. આવું છે વસ્તુસ્વરૂપ જિનશાસનનું, જે એકાંત નયોથી પરાભૂત થતું નથી. શુદ્ધ-દ્રવ્યાર્થિક નયથી કોઈ પણ આત્મામાં રાગાદિનું અસ્તિત્વ જ નથી, પરંતુ પર્યાયાર્થિક નયથી અજ્ઞાની આત્મા નિયમથી રાગાદિરૂપ પરિણમે છે; આવું છે જિનશાસનનું અનેકાંત તત્ત્વ. જેને આ અનેકાંતમય સ્વરૂપ યથાર્થરૂપથી સમજમાં આવતું નથી, તેઓએ પોતાને જિનશાસનની બહાર જ સમજવા જોઈએ.

ભાવાર્થ :- ''જે સમયે જ્ઞાન ઘટને છોડીને પટને વિષય કરવા લાગે છે, તે સમયે પર્યાયાર્થિક દૃષ્ટિએ ઘટજ્ઞાનનો વ્યય અને પટજ્ઞાનનો ઉત્પાદ થવાથી જ્ઞાનને અનિત્ય કહેવામાં આવે છે તથા એ જ સમયે પર્યાયાર્થિક નયની ગૌણતા અને દ્રવ્યાયાર્થિક નયની મુખ્યતાએ (સમજવાનું એ છે કે જૈન સિદ્ધાંતની તમામ વાતો મુખ્ય-ગૌણ અપેક્ષાએ જ હોય છે, એકાંતે નહિ. તેથી જેઓ એકાંતના આગ્રહી છે તેઓ ઉપર જણાવ્યા અનુસાર નિયમથી મિથ્યાત્વી છે, અનંત સંસારી છે. તેથી તેવી ધારણા હોય તો મહેરબાની કરીને, પોતા ઉપર દયા આણીને ત્વરાએ પોતાની ધારણા ઠીક કરી લેવી અત્યંત આવશ્યક છે) જોતા ઘટજ્ઞાન અને પટજ્ઞાનરૂપ બંને અવસ્થાઓમાં જ્ઞાનપણું સામાન્ય

હોવાથી (અર્થાત્ તે અવસ્થાઓ જ્ઞાનગુણની જ બનેલ છે. તેથી તે અવસ્થાઓને ગૌણ કરતા જ અર્થાત્ જ્ઞેયાકારોને ગૌણ કરતા જ ત્યાં જ્ઞાનગુણ સાક્ષાત્ હાજર જ છે. તેવી જ રીતે દ્રવ્યમાં પણ અવસ્થાઓને ગૌણ કરતા જ સાક્ષાત્ દ્રવ્ય હાજર જ છે. પૂર્ણ દ્રવ્ય અવસ્થાઓ રૂપે જ વ્યક્ત થાય છે. અને જે સામાન્ય રૂપે દ્રવ્ય છે તેને જ અવ્યક્ત કહેવાય છે. અને તેથી તે વ્યક્ત, અવ્યક્તનું જ બનેલું છે.) જ્ઞાનને ધ્રૌવ્ય અર્થાત્ નિત્ય (આવો છે જૈન સિદ્ધાંતનો ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા) પણ કહેવામાં આવે છે. (આવું છે જૈન સિદ્ધાંતનું ત્રિકાળી ધ્રુવ (ધ્રૌવ્ય)-કૂટસ્થ-અપરિણામી, અન્યથા નહિ). એટલા માટે અપેક્ષાવાદથી જ્ઞાનગુણ કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક સિદ્ધ થાય છે, પણ એકાંતવાદથી નહિ.'' અર્થાત્ જેઓને એકાંતનો જ આગ્રહ છે તેઓએ પોતા ઉપર દયા આણી ત્વરાએ તે એકાંતનો આગ્રહ - પક્ષ છોડી, યથાર્થ ધારણા કરી લેવી અત્યંત આવશ્યક છે. આ જ વાત આગળ વધુ દઢ થાય છે. જેમ કે -

ગાથા ૧૧૭ : અન્વયાર્થ :- ''ગુણો નિત્ય છે તો પણ તે નિશ્ચયથી પોતાના સ્વભાવથી જ પ્રત્યેક સમયે પરિણમન કરતા રહે છે. અને તે પરિણમન પણ એ ગુણોની જ અવસ્થા છે, પણ ગુણોની સત્તાથી તેની સત્તા (સત્) કાંઈ ભિન્ન નથી.''

તેથી એક સત્તાના બે, ત્રણ, ચાર... સત્ માનવાવાળા જો અપેક્ષાએ સમજે તો વાંધો નથી, પરંતુ સત્ અર્થાત્ સત્તા એક દ્રવ્યની વાસ્તવિક (ખરેખર) અભેદ-અખંડ એક જ હોય છે. ભેદ અપેક્ષાએ એક સત્તાના બે, ત્રણ, ચાર... સત્ કહેવાય, પરંતુ તેમ એકાંતે મનાય નહિ.

ભાવાર્થ :- ''ગુણોની પ્રતિસમય થવાવાળી અવસ્થાનું નામ જ પર્યાય છે. પર્યાયોની સત્તા (સત્) કંઈ ગુણોથી ભિન્ન નથી. માટે દ્રવ્યની માફક એ ગુણો પણ ગુણની દષ્ટિએ નિત્ય તથા પોતાની પર્યાયરૂપ અવસ્થાઓથી ઉત્પન્ન તથા નષ્ટ થવાના કારણથી અનિત્ય કહેવામાં આવે છે.....''

તેથી અહીં સમજવાનું એ છે કે જો કોઈ દ્રવ્ય અને પર્યાયના પ્રદેશ ભિન્ન માનતા હોય તો તેના ભાવની અપેક્ષાએ તેવું કહી શકાય. પરંતુ વાસ્તવિક પ્રદેશભેદ નથી. તેથી એવી એકાંત ધારણા જીવને મિથ્યાદષ્ટિ બનાવે છે. તેથી વિધાન કોઈ પણ હોય તો પણ તેની અપેક્ષા સમજીને બોલવું અથવા માનવું, એકાંતે નહિ. અન્યથા આવી વાતો અનેક લોકોના અધઃપતનનું કારણ બને છે. તેથી આવા એકાંત પ્રરૂપણાના આગ્રહી મિથ્યાદષ્ટિઓથી દૂર જ રહેવું આવશ્યક છે. અન્યથા આપ પોતે પણ અનંત સંસારી મિથ્યાદષ્ટિરૂપ અનંત દુઃખોનું ઘર બનશો.

આ કારણે આવા એકાંત આગ્રહી લોકોને અમારી પ્રાર્થના છે કે આપ કોઈ પણ વિધાનને અપેક્ષા સમજ્યા વગર એકાંતે ગ્રહણ કરી, એકાંતનો આગ્રહ ધરી જો જૈનશાસનનું ભલું કરવા ઇચ્છતા હો, તો તે આપની મહાન ભૂલરૂપ જ છે. તે તો જૈનશાસનના અધઃપતનનું જ નિમિત્ત બનશે અને

કેટલાય જીવોના અધઃપતનનું કારણ પણ બનશે. અને તે સર્વના અધઃપતનની જવાબદારી આવા એકાંત પ્રરૂપણા અને એકાંતનો આગ્રહ કરવાવાળાઓની જ છે. તેથી તેઓની દશા વિશે વિચારીને અમોને ખૂબ જ કરૂણા ઊપજે છે. અને તે જ કારણે અમોને અત્ર આટલું અધિક સ્પષ્ટીકરણ કરવાની જરૂર ઊભી થયેલ છે.

ગાથા ૧૧૯ : અન્વયાર્થ :- ''ગુણોને તદવસ્થ (અર્થાત્ અપરિણામી-કૂટસ્થ), તેના અવસ્થાંતરને પર્યાય તથા બંનેના મધ્યવર્તીને (અર્થાત્ તે બંને મળીને) દ્રવ્ય, એ શંકાકારનું કહેવું ઠીક નથી. કારણ કે જેમ સંપૂર્ણ ગુણની અવસ્થાઓ આમ્રેડિત (એકરૂપ) થઈને અર્થાત્ એક આલાપથી પુનઃ પુનઃ પ્રતિપાદિત થઈને (અનુસ્યૂતિથી રચાયેલ પર્યાયોનો પ્રવાહ તે જ દ્રવ્ય) વસ્તુ અર્થાત્ દ્રવ્ય કહેવાય છે. તે જ પ્રમાણે તેની એ અવસ્થાઓથી ભિન્ન (અર્થાત્ પર્યાયોથી ભિન્ન) કોઈ પણ ભિન્ન સત્તાવાળી વસ્તુ (અર્થાત્ દ્રવ્ય = ધ્રૌવ્ય) કહી શકાતી નથી.''

આનો અર્થ સ્પષ્ટ છે કે જે દ્રવ્ય છે તે જ પર્યાયાર્થિક નયની અપેક્ષાએ પર્યાય છે અને જે પર્યાય છે તે જ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ દ્રવ્ય છે. તે બંને ભિન્ન ન હોવા છતાં અપેક્ષાએ (પ્રમાણદષ્ટિએ) તેને કથંચિત્ ભિન્ન કહી શકાય છે અને તેથી જ તેના પ્રદેશો પણ અપેક્ષાએ ભિન્ન કહી શકાય છે, અન્યથા નહિ, સર્વથા નહિ. વાસ્તવમાં તો ત્યાં કોઈ ભેદ જ નથી. ભેદરૂપ વ્યવહાર તો માત્ર સમજાવવા માટે જ છે, નિશ્ચયનયે તો દ્રવ્ય અભેદ જ છે.

ભાવાર્થ :- ''સત્‌ની સંપૂર્ણ અવસ્થાઓ જ ફરી ફરી પ્રતિપાદિત થઈને વસ્તુ કહેવાય છે (અર્થાત્ સંપૂર્ણ પર્યાયોનો સમૂહ જ વસ્તુ છે, દ્રવ્ય છે). પરંતુ વસ્તુ પોતાની અવસ્થાઓથી કાંઈ ભિન્ન નથી. (અત્ર જેઓ વસ્તુમાં અપરિણામી અને પરિણામ એવા વિભાગો માનતા હોય તેઓનું નિરાકરણ કરેલ છે. અર્થાત્ તેવી માન્યતા મિથ્યાત્વના ઘરની છે.) એટલા માટે જેમ ગુણમય દ્રવ્ય હોવાથી દ્રવ્ય અને ગુણોમાં સ્વરૂપભેદ થતો નથી, તે જ પ્રમાણે દ્રવ્યની અવસ્થાઓ જ ગુણની અવસ્થાઓ કહેવાય છે. માટે દ્રવ્ય પણ તેના પર્યાયોથી ભિન્ન નથી (પ્રદેશભેદ નથી). તેથી ગુણને તદવસ્થ (અપરિણામી) તથા અવસ્થાન્તરોને પર્યાય માની એ બંનેના કોઈ મધ્યવર્તીને જુદું દ્રવ્ય માનવું એ ઠીક નથી. એટલા માટે''

ગાથા ૧૨૦ : અન્વયાર્થ :- ''નિયમથી જે ગુણો પરિણમનશીલ હોવાના કારણથી (અત્ર લક્ષમાં લેવું આવશ્યક છે કે ગુણોને નિયમથી પ્રતિસમય પરિણમનશીલ કહ્યા છે. તેમાં કોઈ અપવાદ નથી. અને બીજું, હોવાના કારણે કહ્યું છે અર્થાત્ તે ત્રણે કાળે તે જ રીતે છે) ઉત્પાદવ્યયમય કહેવાય છે, તે જ ગુણો ટંકોત્કીર્ણ ન્યાયથી (અર્થાત્ તે ગુણો અન્ય ગુણરૂપ થતા ન હોવાના કારણે) પોતાના

સ્વરૂપને કદી પણ ઉલ્લંઘન કરતા નથી. તેથી તે નિત્ય કહેવાય છે.'' ટંકોત્કીર્ણનો અર્થ સામાન્ય રૂપથી 'એવો ને એવો જ રહે છે' એમ લીધેલ છે. કોઈ બીજી રીતે અર્થાત્ અપરિણામી વગેરે રૂપે નહિ.

બીજું અત્ર કોઈ એમ સમજે કે આવી તો પુદ્ગલ દ્રવ્યની વ્યવસ્થા ભલે હો પરંતુ જીવદ્રવ્યની વાત તો નિરાળી જ છે, તો તેઓને અમે જણાવીએ છીએ કે માત્ર પુદ્ગલ દ્રવ્ય જ નહિ, પરંતુ છએ દ્રવ્યની દ્રવ્યગુણપર્યાયરૂપ અથવા તો ઉત્પાદવ્યયધ્રૌવ્યરૂપ વસ્તુવ્યવસ્થા તો એક સમાન જ છે. જો જીવદ્રવ્યની કોઈ અન્ય વ્યવસ્થા હોત, તો ભગવાને અને આચાર્ય ભગવંતોએ શાસ્ત્રોમાં જરૂર તેમ જણાવી જ હોત. પણ તેવું ન હોવાથી જ કાંઈ જણાવેલ નથી. તેથી કરીને આવા મિથ્યાત્વરૂપ આગ્રહને છોડી વસ્તુવ્યવસ્થા જેમ છે, તેમ જ માનવી આવશ્યક છે. અન્યથા તે જીવે અનંત સંસારી, અનંત દુઃખી થવાને જ આમંત્રણ આપેલ છે, કે જેના ઉપરના કરુણાભાવથી જ આ લખાઈ રહ્યું છે.

ભાવાર્થ :- ''પરિણમનની અપેક્ષાએ જે ગુણો ઉત્પાદવ્યયયુક્ત કહેવાય છે તે જ ગુણો ગુણત્વસામાન્યની અપેક્ષાએ નિત્ય કહેવાય છે. એ બંને અપેક્ષાઓથી દ્રવ્યથી અભિન્નરૂપ ગુણો પણ ઉત્પાદવ્યય અને ધ્રૌવ્યયુક્ત કહ્યા છે....''

'માટીમાં કોઈ ગુણ નાશ થાય છે અને કોઈ ગુણ ઉત્પન્ન થાય છે' એવી શંકા વ્યક્ત કરતા આચાર્ય ભગવંત આગળની ગાથામાં જણાવે છે કે -

ગાથા ૧૨૩ : અન્વયાર્થ :- ''એ વિષયમાં આ ઉત્તર ઠીક છે કે એ મૃતિકાનું (માટીનું પાકા વાસણરૂપ થવાનું) એમ થતા શું તેનું મૃતિકાપણું (માટીપણું) નાશ થઈ જાય છે ? જો (તેનું મૃતિકાપણું) નષ્ટ નથી થતું તો તે નિત્યરૂપ કેમ ન હોય ?'' અર્થાત્ તે અપેક્ષાએ દ્રવ્ય નિત્ય છે, ધ્રુવ છે, અન્યથા નહિ.

ભાવાર્થ :- ''કાચી માટીને પકાવતા પ્રથમના માટી સંબંધી (બધા) ગુણો નષ્ટ થઈ નવીન પક્વગુણ પેદા થાય છે. આ પ્રમાણે માનવાવાળાને માટે આ ઉત્તર ઠીક છે કે, મૃતિકાની ઘટાદિ અવસ્થા થતા શું તેનું પૃથ્વીપણું-મૃતિકાપણું પણ નષ્ટ થઈ જાય છે ? જો તે મૃતિકાપણું નાશ નથી પામતું, તો તે મૃતિકાપણું શું નિત્ય નથી ?'' અર્થાત્ નિત્ય જ છે. આ અપેક્ષાએ દ્રવ્યને નિત્ય, ધ્રુવ વગેરે કહેવાય છે.

હવે શંકાકાર શંકા કરે છે કે દ્રવ્ય અને પર્યાયને સર્વથા ભિન્ન માનવામાં શો દોષ છે ? ઉત્તર-

ગાથા ૧૪૨ : અન્વયાર્થ :- ''અથવા અનુ શબ્દનો અર્થ છે કે, જે વચમાં કદી પણ સ્ખલિત નહિ થવાવાળા પ્રવાહથી (continuity) (અનુસ્યૂતિથી રચાયેલ પર્યાયોનો પ્રવાહ તે જ દ્રવ્ય) વર્તી

રહ્યા હોય તથા 'અયતિ' એ ક્રિયાપદ ગતિ અર્થવાળી 'અય' ધાતુનું રૂપ છે. માટે અવિચ્છિન્ન પ્રવાહરૂપથી જે ગમન કરી રહ્યું છે તે અન્વર્થની અપેક્ષાએ અન્વય શબ્દનો અર્થ દ્રવ્ય છે.''

ભાવાર્થ :- ''....અર્થાત્ જે નિરંતર પોતાની ઉત્તરોત્તર થવાવાળા પર્યાયોમાં ગમન કરે તે દ્રવ્ય છે (અર્થાત્ દ્રવ્ય પર્યાયોમાં જ છુપાયેલ છે). 'અન્વય' શબ્દ 'અનુ' ઉપસર્ગપૂર્વક ગત્યર્થક 'અય' ધાતુથી બન્યો છે. દ્રવ્યની આ વ્યુત્પત્તિ અન્વય શબ્દમાં સારી રીતે ઘટી શકે છે. જેમ કે 'અનુ' – અવ્યુચ્છિન્ન પ્રવાહરૂપથી જે પોતાના પ્રતિસમય થવાવાળા પર્યાયોમાં બરાબર 'અયતિ' એટલે ગમન કરતો હોય તેને અન્વય કહે છે. તેથી અન્વય અને દ્રવ્ય એ બંને પર્યાયવાચક શબ્દો છે.'' અર્થાત્ પર્યાયોનો જે પ્રવાહરૂપ સમૂહ છે તે જ સત્ છે અને તે જ દ્રવ્ય છે. એટલે જે પર્યાયો છે તેમાં જ દ્રવ્ય છુપાયેલું ગતિ કરે છે અર્થાત્ જે પર્યાય છે તે દ્રવ્યનો જ બનેલ છે. તેથી જ પર્યાયોને વ્યતિરેક = વિશેષ = વ્યક્ત અને દ્રવ્યને અન્વયરૂપ = સામાન્ય = અવ્યક્ત કહેવાય છે.

ગાથા ૧૫૯ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે નિશ્ચયથી ગુણ સ્વયંસિદ્ધ છે તથા પરિણામી પણ છે. તેથી તે નિત્ય અને અનિત્યરૂપ હોવાથી ભલા પ્રકારે ઉત્પાદ, વ્યય અને ધ્રોવ્યાત્મક પણ છે.''

ભાવાર્થ : ''અનાદિ સંતાનરૂપથી જે દ્રવ્યની સાથે અનુગમન કરે છે તે ગુણ છે. અહીં 'અનાદિ' એ વિશેષણથી સ્વયંસિદ્ધ, 'સંતાનરૂપ' એ વિશેષણથી પરિણમનશીલ તથા 'અનુગતાર્થ' એ વિશેષણથી નિરંતર દ્રવ્યની સાથે રહેવાવાળા એવો અર્થ સિદ્ધ થાય છે. સારાંશ એ છે કે, પ્રત્યેક દ્રવ્યના ગુણો સ્વયંસિદ્ધ અને નિરંતર દ્રવ્યની સાથે રહેવાવાળા છે. તેથી તો તેને નિત્ય એટલે ધ્રૌવ્યાત્મક કહેવામાં આવે છે તથા પ્રતિસમય પરિણમનશીલ છે. તેથી તેને અનિત્ય વા ઉત્પાદવ્યયાત્મક પણ કહેવામાં આવે છે. એ પ્રમાણે સંપૂર્ણ ગુણો ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક છે.'' આવી છે જૈનસિદ્ધાંતની વસ્તુવ્યવસ્થા.

ગાથા ૧૭૮ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે, જેમ દ્રવ્ય નિયમથી સ્વતઃસિદ્ધ છે તે જ પ્રમાણે તે પરિણમનશીલ પણ છે. તેથી તે દ્રવ્ય પ્રતિસમય વારંવાર પ્રદીપ (દીપકની) શિખાની માફક પરિણમન કરતું જ રહે છે.''

ભાવાર્થ :- ''અર્થાત્ જેમ દ્રવ્ય સ્વતઃસિદ્ધ હોવાથી નિત્ય–અનાદિ અનંત છે તે જ પ્રમાણે તે પરિણમનશીલ હોવાથી પ્રદીપ(દીપકની)શિખાની માફક પ્રતિસમય સદૃશ પરિણમન પણ કરતું જ રહે છે. તેથી તે અનિત્ય પણ છે. અને તેનું તે પરિણમન પૂર્વ પૂર્વ ભાવના વિનાશપૂર્વક (માટીના પિંડના વિનાશપૂર્વક) તથા ઉત્તર ઉત્તર ભાવના ઉત્પાદથી (માટીના ઘડાના ઉત્પાદથી) થતું રહે છે,

તેથી દ્રવ્ય, કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક કહેવામાં આવે છે. [એક જ વસ્તુના બે સ્વભાવ છે, નહીં કે એક વસ્તુના બે ભાગ - એક નિત્ય અને બીજો અનિત્ય. આવું (ભાગરૂપ) માનવાથી મિથ્યાત્વનો દોષ આવે છે.] જેમ કે જીવ, મનુષ્યથી દેવપર્યાયને પ્રાપ્ત કરતા દ્રવ્યાર્થિક દષ્ટિએ તેના દરેક પર્યાયોમાં જીવત્વ સદશ (સમાન) રહેવા છતાં (અર્થાત્ તે પર્યાયનું સામાન્ય તે જ જીવત્વ અર્થાત્ દ્રવ્ય) પણ પર્યાયાર્થિક દષ્ટિથી દરેક પર્યાયોમાં (તેના એક એક પર્યાયોમાં) તે કથંચિત્ ભિન્નતાને ધારણ કરે છે. એ જ પ્રમાણે પ્રતિસમય થવાવાળા ક્રમમાં પણ દ્રવ્યાર્થિક નયથી સદશતા રહેવા છતાં (અર્થાત્ તે ક્રમરૂપ પર્યાયમાં સામાન્ય ભાવરૂપે દ્રવ્ય હાજર જ છે) પણ પર્યાયાર્થિક નયથી કથંચિત્ વિસદશપણું (અન્યથાપણું) પણ જોવામાં આવે છે (અર્થાત્ તે ક્રમમાં થતા પર્યાયમાં વિશેષ ભાવરૂપે અન્ય-અન્ય ભાવ જોવામાં આવે છે). આ વિષયમાં બીજું દષ્ટાંત ગોરસનું પણ આપવામાં આવે છે. જેમ દૂધ, દહીં, મઠો વગેરે દૂધની અવસ્થાઓમાં દ્રવ્યાર્થિક નયથી ગોરસપણાની સદશતા રહેવા છતાં પર્યાયાર્થિક નયથી દૂધથી દહીં વગેરે અવસ્થાઓમાં કથંચિત્ વિસદશપણું પણ જોવામાં આવે છે. એ પ્રમાણે અનુમાનથી અથવા સ્વાનુભવ પ્રત્યક્ષથી નિત્ય-અનિત્યની પ્રતીતિ થવાથી જો કે ક્રમમાં પણ કથંચિત્ સદશતા અને વિસદશતા બન્ને હોય છે, તેમ છતાં પણ કેવળ તેનો કાળ સૂક્ષ્મ સમયવર્તી હોવાથી તે ક્રમ પ્રતિસમય લક્ષમાં આવતો નથી. તેથી 'તેમાં અન્યથાત્વ (''આ તેવું નથી'') અને તથાત્વ (''આ તેવું જ છે'')ની વિવક્ષા જ કરી શકાતી નથી' એવું નથી.''

જે સમયે જ્ઞાન ઘટાકાર માત્ર છે તે સમયે ઘટને જાણવાની યોગ્યતાથી અને જે સમયે લોકાલોકને જાણે છે તે સમયે તેવી-તેવી યોગ્યતાઓથી જ્ઞાનગુણમાં કાંઈ વધ-ઘટ થતી નથી. માત્ર અગુરુ લઘુ ગુણનું જ તે ફળ સમજવું યોગ્ય છે.

ગાથા ૧૯૩-૧૯૪-૧૯૫ : અન્વયાર્થ :- ''શંકાકારનું કહેવું એમ છે કે, એ પ્રમાણે માનતા પરમાર્થદષ્ટિથી ઘટાકાર અને લોકાકારરૂપ જ્ઞાન એક હોવાથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બની શકશે નહિ અને ન કોઈ કોઈનું ઉપાદાનકારણ તથા ન કોઈ કોઈનું કાર્ય પણ બની શકશે. તથા ગુણ પોતાના અંશોથી (પર્યાયોથી) કમ (ઓછા) થતા દુર્બળ અને ઉત્કર્ષ થતા બળવાન કેમ નહિ થાય ? એ પ્રકારથી આવો પણ ઘણો ભારે અને દુર્જય દોષ આવશે. (ઉત્તર :-) જો એમ કહો તો એમ કહેવું ઠીક નથી. કારણ કે દ્રવ્યને પહેલાં સારી રીતે પરિણમનશીલ નિરૂપણ કર્યું છે (સિદ્ધ કર્યું છે). તેથી તેમાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય એ ત્રણે સારી રીતે ઘટી શકે છે. પરંતુ તેથી ઊલટો સર્વથા નિત્ય વા અનિત્ય અર્થ માનવાથી નહિ ઘટે.''

અર્થાત્ જો વસ્તુના (દ્રવ્યના) બે ભાગ કલ્પવામાં આવે કે જેમાંનો એક ભાગ સર્વથા નિત્ય

માનવામાં આવે અને એક ભાગ સર્વથા અનિત્ય અર્થાત્ નિત્ય અને અનિત્યને વસ્તુના ભાવની જગ્યાએ વિભાગરૂપે અથવા ભાગરૂપે કલ્પવામાં આવે તો તેમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ઘટી શકશે નહીં. અને તેથી તેવી માન્યતા જૈન સિદ્ધાંતથી બાહ્ય છે અને મિથ્યાત્વ છે. એવી ધારણા કોઈની હોય, તો તે ત્વરાએ સુધારી લેવી જોઈએ. અપેક્ષાએ બધું કહેવાય પણ તેમ એકાંતે મનાય નહિ.

ભાવાર્થ :- ''શંકાકારનું કહેવું એમ છે કે, જો અવગાહન ગુણની વિચિત્રતાથી દ્રવ્યમાં કેવળ આકારથી આકારાન્તર જ થયા કરે છે, તો દ્રવ્યની પૂર્વ-ઉત્તર અવસ્થાઓમાં અભેદતા હોવાના કારણથી તેમાં (અત્ર શંકાકાર દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુને એક અભેદરૂપ-અનુસ્યૂતિથી રચિત પ્રવાહરૂપ નથી માનતા) ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય બની શકશે નહિ. તથા કોઈ પણ પ્રકારનો કાર્ય-કારણ ભાવ (અત્ર શંકાકાર કાર્ય-કારણ ભાવને ભેદરૂપ માને છે, ભિન્ન માને છે) જ સિદ્ધ થઈ શકશે નહિ. વળી, જો ગુણાંશના તદવસ્થ રહેવા છતાં પણ અગુરુલઘુ ગુણના નિમિત્તથી તેમાં ભૂત્વા-ભવનરૂપ પરિણમન થતું રહે છે (અત્ર શંકાકાર ધ્રૌવ્યને/ગુણને અપરિણામી માને છે - તેને અગુરુલઘુ ગુણના નિમિત્તથી પર્યાય માને છે અને તેમાંથી પર્યાય નીકળે છે કે જે ધ્રૌવ્યથી/ગુણથી ભિન્ન છે એવું માને છે), તો આ આપત્તિ આવશે કે ગુણ પોતાના અંશોથી કમ (ઓછા) થતા દુર્બળ અને પોતાના અંશોથી વધતા બળવાન શું નહિ થાય ?

તેનું સમાધાન - શંકાકારનું ઉપર પ્રમાણે કહેવું ઠીક નથી. કારણ કે અમે પહેલા જ સ્વતઃસિદ્ધ દ્રવ્યને સારી રીતે પરિણામી સિદ્ધ કર્યું છે. અર્થાત્ દ્રવ્ય સ્વતઃસિદ્ધ હોવાથી કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક દ્રવ્યમાં જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય ઘટી શકે છે. (અર્થાત્ દ્રવ્ય પોતે જ પર્યાયરૂપે પરિણમે છે અને તેથી પર્યાય દ્રવ્યનો જ બનેલ છે અને દ્રવ્ય પર્યાયમાં જ છુપાયેલું છે. અર્થાત્ પર્યાયરૂપ વિશેષ ભાવને ગૌણ કરતા જ સામાન્યરૂપ દ્રવ્ય અનુભવાય છે.) પણ સર્વથા નિત્ય વા અનિત્ય પદાર્થમાં નહિ.

સારાંશ એ છે કે આકારથી આકારાન્તરરૂપ થવાથી ઉત્પાદ, વ્યયની અને વસ્તુતાએ (સામાન્ય ભાવ અપેક્ષાએ) તદવસ્થરૂપ હોવાથી ધ્રૌવ્યાંશની (સામાન્ય ભાવની) સિદ્ધિ થાય છે. તેથી ઉક્ત પ્રકારથી (આવી રીતે) દ્રવ્યને કથંચિત્ નિત્યાનિત્યાત્મક માનવાથી ઉત્પાદાદિત્રયની તથા કાર્ય-કારણ ભાવની સિદ્ધિ નહિ થાય એવી શંકા નિરર્થક છે. અહીં દષ્ટાંત-''

ગાથા ૧૯૬ : અન્વયાર્થ :- ''જેમ સોનાના અસ્તિત્વમાં જ કુંડલાદિક અવસ્થાઓ ઉત્પન્ન થાય છે. તથા તે કુંડલાદિક અવસ્થાઓ થવાથી જ નિયમથી ઉત્પાદાદિક ત્રણે સિદ્ધ થાય છે.'' અર્થાત્ દ્રવ્યને પરિણામી માનવાથી જ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ વ્યવસ્થા શક્ય છે, અન્યથા નહિ. આવી છે જૈન સિદ્ધાંતની વસ્તુવ્યવસ્થા.

ભાવાર્થ :- ''જેમ સુવર્ણના અસ્તિત્વમાં જ તેની કુંડલ-કંકણાદિ અવસ્થાઓ સિદ્ધ થાય છે. કારણ કે તે અવસ્થાઓના હોવાથી જ સુવર્ણમાં ઉત્પાદિક થાય છે, અર્થાત્ સુવર્ણનું સુવર્ણપણું દ્રવ્યદષ્ટિએ તદવસ્થ રહેવા છતાં પણ પર્યાયાર્થિક દષ્ટિએ કુંડલ-કંકણાદિના જ ઉત્પાદાદિક થાય છે. પરંતુ જો વાસ્તવિક વિચાર કરવામાં આવે તો એ કુંડલાદિક અવસ્થાઓમાં માત્ર આકારથી આકારાંતર જ છે પણ અસત્‌ની ઉત્પત્તિ કે સત્‌નો વિનાશ નથી. એટલે શંકાકારનું 'કથંચિત્ નિત્યાનિત્યાત્મક પદાર્થમાં ઉત્પાદાદિક નહિ બને' એ કહેવું યુક્તિસંગત નથી. વળી કાર્ય-કારણભાવ પણ નીચે પ્રમાણે સિદ્ધ થાય છે.''

ગાથા ૧૯૭ : અન્વયાર્થ :- ''એ પ્રક્રિયાથી અર્થાત્ શૈલીથી જ, નિશ્ચયથી કારણ અને કાર્યની સિદ્ધિ પણ સમજી લેવી જોઈએ. કારણ કે એ સત્‌ના જ સત્ અર્થાત્ ધ્રૌવ્ય તથા ઉત્પાદ અને વ્યય એ બંને થાય છે.''

ભાવાર્થ :- ''જેવી રીતે કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક પદાર્થોમાં જ ઉત્પાદાદિક ત્રય થાય છે. પણ સર્વથા નિત્ય કે સર્વથા અનિત્ય પદાર્થોમાં થઈ શકતા નથી -એમ સિદ્ધ કર્યું. તેવી રીતે જ પદાર્થોને નિત્ય-અનિત્યાત્મક માનવાથી જ કાર્ય-કારણભાવ પણ સિદ્ધ થઈ શકે છે. પરંતુ સર્વથા નિત્ય વા અનિત્ય પદાર્થોમાં નહિ. કારણ કે સર્વથા નિત્ય પક્ષમાં પરિણામ વિના કાર્ય-કારણભાવ બની શકતો નથી. તથા સર્વથા અનિત્ય પક્ષમાં પદાર્થો માત્ર ક્ષણવર્તી ઠરવાથી અને તેનો પ્રતિસમય નિરન્વયનાશ માનવાથી 'નિત્ય શક્તિપિંડરૂપ સત્ (દ્રવ્ય) કારણ છે તથા અનિત્ય પરિણામરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તેના કાર્ય છે' એવો કાર્ય-કારણભાવ બની શકતો નથી. તેથી કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક પદાર્થોમાં જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય અને કાર્ય-કારણભાવ સારી રીતે સિદ્ધ થાય છે. કારણ કે નિત્ય-અનિત્યાત્મક પદાર્થોમાં જ સત્‌ના ઉત્પાદાદિક માનવામાં આવ્યા છે, પણ નિરન્વયનાશરૂપ વા કૂટસ્થનિત્યમાં નહિ....''

આ રીતે દ્રવ્ય અને પર્યાય એ વસ્તુના બે ભાવ છે, નહિ કે બે ભાગ. તેથી જ તેને કથંચિત્ નિત્ય-અનિત્ય કહેવાય છે અને 'સર્વથા નિત્ય-અનિત્ય' એવું નથી કહેવાતું કે નથી મનાતું. તેથી જે કોઈ દ્રવ્યને એકાંતે નિત્ય-અપરિણામી અને પર્યાયને એકાંતે અનિત્ય-પરિણામી માનતા હોય તેઓનું અત્ર નિરાકરણ કરેલ છે. અર્થાત્ એવી જેની ધારણા હોય તેઓને પોતાની ધારણા સુધારી લેવા વિનંતિ છે.

ગાથા ૨૦૦ : અન્વયાર્થ :- ''નિશ્ચયથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રણે પર્યાયોમાં થાય છે,

પણ સત્‌ના થતા નથી. પરંતુ જે કારણથી એ ઉત્પાદાદિક પર્યાયો જ દ્રવ્ય છે તેથી દ્રવ્ય એ ઉત્પાદાદિક ત્રયવાળું કહેવામાં આવે છે.''

અત્ર અંશ-અંશીરૂપ ભેદનયની અપેક્ષાએ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રણેયને ભેદરૂપ પર્યાય સિદ્ધ કરેલ છે. કારણ કે અંશ-અંશીરૂપ ભેદ ન કરવામાં આવે તો સત્‌નો નાશ-સત્‌નો ઉત્પાદ અને સત્‌નું જ ધ્રૌવ્ય એવી વિરુદ્ધતા ઉદ્‌ભવે. માટે ભેદનયે કરી સમજાવ્યું છે કે સત્ તો સ્વતઃસિદ્ધ જ હોવા છતાં તે જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ છે. અને તેથી ભેદનયે તે ત્રણે તેની પર્યાય કહેવાય છે.

**પ્રશ્ન** - ઉત્પાદનું સ્વરૂપ અને તે ઉત્પાદ કોનો થાય (કહેવાય) છે ? **ઉત્તર** -

ગાથા ૨૦૧ : અન્વયાર્થ :- ''તદ્‌ભાવ ('આ તે જ છે') અને અતદ્‌ભાવ ('આ તે નથી')ને વિષય કરવાવાળા નયની અપેક્ષાએ (અર્થાત્ દ્રવ્યાર્થિક નય અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ) સત્ સદ્‌ભાવ અને અસદ્‌ભાવથી યુક્ત છે. તેથી એ ઉત્પાદાદિકમાં નવીનરૂપથી પરિણત તે સત્‌ની અવસ્થાનું નામ જ ઉત્પાદ છે.'' તેથી સત્‌નું વર્તમાન = ઉત્પાદ - એમ જાણવું.

અર્થાત્ દ્રવ્યની અવસ્થા બદલાય તેને જ ઉત્પાદ કહ્યો અને પૂર્વ અવસ્થાને વ્યય કહ્યો.

**પ્રશ્ન** - વ્યયનું સ્વરૂપ અને તે કોનો થાય છે ? **ઉત્તર** -

ગાથા ૨૦૨ : અન્વયાર્થ :- ''તથા વ્યય પણ સત્‌નો થતો નથી, પરંતુ એ સત્‌ની અવસ્થાનો નાશ વ્યય કહેવાય છે. તથા પ્રધ્વંસાભાવરૂપ તે વ્યય સત્, પરિણામી હોવાથી સત્‌નો પણ અવશ્ય કહેવામાં આવ્યો છે.''

અર્થાત્ યોગ્ય અપેક્ષાએ કાંઈ પણ કહી શકાય. પરંતુ સમજવાનું એ છે કે ઉપાદાનરૂપ દ્રવ્ય સ્વયં જ કાર્યરૂપે પરિણમે છે અને તેને જ તેનો ઉત્પાદ કહેવાય છે. પૂર્વ સમયવર્તી કાર્યને તેનો વ્યય કહેવાય છે અને તે બન્ને કાર્યરૂપે પરિણમેલ જે ઉપાદાનરૂપ દ્રવ્ય છે તે જ ધ્રૌવ્ય છે.

**પ્રશ્ન** - ધ્રૌવ્યનું સ્વરૂપ અને તે કોનો થાય છે? **ઉત્તર** -

ગાથા ૨૦૩ : અન્વયાર્થ :- ''પર્યાયાર્થિક નયથી (ભેદવિવક્ષાથી) ધ્રૌવ્ય પણ કથંચિત્ સત્‌નો હોય છે, કેવળ સત્‌નો નહિ. એટલા માટે ઉત્પાદ-વ્યયની માફક તે ધ્રૌવ્ય પણ સત્‌નો એક અંશ છે, પણ સર્વદેશ નથી.'' કારણ કે જો તે સત્‌નો (દ્રવ્યનો) માનવામાં આવે તો દ્રવ્ય કૂટસ્થ/અપરિણામી ગણાય કે જે તે નથી.

ગાથા ૨૦૪ : અન્વયાર્થ :- ''અથવા 'તદ્‌ભાવથી નાશ ન થવો' એવું જે ધ્રૌવ્યનું લક્ષણ દર્શાવ્યું છે ત્યાં પણ અર્થાત્ તેનો પણ વાસ્તવિક અર્થ આ છે કે, જે પરિણામ પહેલા હતા તે તે પરિણામ જ પાછળ થતા રહે છે.''

અર્થાત્ જે દ્રવ્યરૂપ ધ્રૌવ્ય છે તે જ દરેક પર્યાયમાં પોતે જ કાર્યરૂપે પરિણમે છે અને તેમાં રહેલ સદૃશતાથી (સામાન્ય અપેક્ષાએ) તેનો તદ્ભાવથી નાશ ન હોવાથી તેને ધ્રૌવ્ય કહે છે. જેમ કે જ્ઞાન આકારાંતરપણું પામવા છતાં પણ જ્ઞાનપણાનો નાશ ન થવાથી તે આકારમાં રહેલ જ્ઞાનને (સામાન્યને) જ ધ્રૌવ્ય કહેવાય છે અર્થાત્ ટંકોત્કીર્ણ કહેવાય છે.

ગાથા ૨૦૫ : અન્વયાર્થ :- ''જેમ પુષ્પનો ગંધ એ પરિણામ છે તથા એ ગંધગુણ પરિણમન કરી રહ્યો છે. તેથી ગંધ (ગુણ) અપરિણામી નથી. તથા નિશ્ચયથી નિર્ગન્ધ અવસ્થાથી પુષ્પ ગંધવાન થયું છે એમ પણ નથી.''

તેથી કહી શકાય કે ધ્રૌવ્યરૂપ દ્રવ્ય/ગુણ પોતે જ પર્યાયરૂપે ઊપજે છે અને ત્યારે જ પૂર્વ પર્યાયનો વ્યય થાય છે. તેથી અભેદનયે દ્રવ્યને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાય છે અને ભેદનયથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ ત્રણે સત્‌ના પર્યાય કહેવાય છે. તે ભેદરૂપ પર્યાય છે. એ જ ભાવ આગળ પણ સમજાવે છે.

ગાથા ૨૦૭ : અન્વયાર્થ :- ''નિશ્ચયથી સર્વથા નિત્ય કોઈ સત્ છે, ગુણ કોઈ છે જ નહિ તથા કેવળ પરિણતિરૂપ (પર્યાયરૂપ) વ્યય તથા ઉત્પાદ એ બન્ને એ સત્‌થી અતિરિક્ત એટલે ભિન્ન છે - એવી આશંકા પણ ન કરવી જોઈએ. કારણ કે'' ભેદનયથી જે ઉપર ભેદરૂપ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને પર્યાય તરીકે સમજાવવાથી કોઈને એવી આશંકા ઊપજે કે શું દ્રવ્ય અને પર્યાય ભિન્ન છે ? તો કહે છે કે એવી આશંકા પણ ન કરવી જોઈએ.

ગાથા ૨૦૮ : અન્વયાર્થ :- ''એમ થતા સત્‌ને ભિન્નતાયુક્ત દેશનો પ્રસંગ આવવાથી સત્ એ ન ગુણ, ન પરિણામ અર્થાત્ ન પર્યાય અને ન દ્રવ્યરૂપ સિદ્ધ થઈ શકશે, પરંતુ સર્વ વિવાદગ્રસ્ત થઈ જશે.''

ભાવાર્થ :- ''ગુણોને ન માનતા દ્રવ્યને સર્વથા નિત્ય તથા ઉત્પાદવ્યયને દ્રવ્યથી ભિન્ન કેવળ પરિણતિરૂપ (પર્યાયરૂપ) માનવાથી દ્રવ્ય તથા પર્યાયોને ભિન્ન ભિન્ન પ્રદેશીપણાનો પ્રસંગ આવશે. તથા સત્, દ્રવ્ય-ગુણ વા પર્યાયોમાંથી કોઈ પણ રૂપે સિદ્ધ થઈ શકશે નહિ. તેથી સત્, દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક ન હોવાથી એ સત્‌નું પણ શું સ્વરૂપ છે ? તે પણ નિશ્ચિત થઈ શકશે નહિ. તેથી દ્રવ્ય-ગુણ-પર્યાય અને સત્ પોતે એ બધાય વિવાદગ્રસ્ત થઈ જશે.'' અહીં કહ્યા પ્રમાણે જો કોઈ દ્રવ્યને અપરિણામી અને પર્યાય તેનાથી ભિન્ન (ભિન્ન પ્રદેશી) પરિણામી એવું માનતું હોય તો અત્ર જણાવેલ પહેલો દોષ આવશે. હવે બીજો દોષ જણાવે છે.

ગાથા ૨૦૯ : અન્વયાર્થ :- ''તથા અહીં બીજો પણ આ દોષ આવશે કે, જે નિત્ય છે તે

નિશ્ચયથી નિત્યરૂપ જ રહેશે તથા જે અનિત્ય છે તે અનિત્ય જ રહેશે. એ પ્રમાણે કોઈ પણ વસ્તુમાં અનેક ધર્મત્વ સિદ્ધ થઈ શકશે નહિ. અર્થાત્ વસ્તુ અનેક ધર્માત્મક સિદ્ધ થશે નહિ.'' હવે ત્રીજો દોષ જણાવે છે.

ગાથા ૨૧૦ : અન્વયાર્થ :- ''તથા 'આ એક દ્રવ્ય છે, આ ગુણ છે અને આ પર્યાય છે' એ પ્રકારનો જે કાલ્પનિક ભેદ થાય છે (અર્થાત્ તે ભેદ વાસ્તવિક નથી), તે પણ નિયમથી ભિન્ન દ્રવ્યની માફક બનશે નહિ.'' અર્થાત્ જે અભેદ વસ્તુમાં સમજાવવા માટે કાલ્પનિક ભેદ પાડ્યા છે અને તેથી જ તેને કથંચિત્ ભિન્ન કહ્યા છે. તેને જો વાસ્તવિક ભેદ સમજવામાં આવે તો દ્રવ્ય અને પર્યાય એ બંને ભિન્નપ્રદેશી, બે દ્રવ્યરૂપ જ બની જતા ભેદરૂપ વ્યવહાર ન રહેતા નિયમથી ભિન્ન દ્રવ્યની માફક ભિન્નપ્રદેશી જ બની જશે. અને તેથી દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ જે કાલ્પનિક ભેદ થાય છે તેવા કાલ્પનિક ભેદ બનશે નહિ.

આગળ શંકાકાર નવી શંકા કરે છે -

ગાથા ૨૧૧ : અન્વયાર્થ :- ''શંકાકારનું કહેવું એમ છે કે, સમુદ્રની માફક વસ્તુને નિત્ય માનવામાં આવે તથા ગુણ પણ નિત્ય માનવામાં આવે અને પર્યાયો કલ્લોલાદિની માફક ઉત્પન્ન વા નાશ થવાવાળી માનવામાં આવે. જો એમ કહો તો -'' અર્થાત્ પદાર્થને સમુદ્ર અને તરંગના ઉદાહરણથી એમ માનવામાં આવે કે, 'દ્રવ્ય = સમુદ્રનું દળ એકાંતે નિત્ય અને પર્યાય = તરંગ એકાંતે અનિત્ય' તો શું હાનિ છે ? તેનું સમાધાન -

ગાથા ૨૧૨ : અન્વયાર્થ :- ''એમ કહેવું એ ઠીક નથી. કારણ કે સમુદ્ર અને લહેરો(મોજા)નું દૃષ્ટાંત શંકાકારના પ્રકૃત - ઉપરોક્ત અર્થનું જ બાધક છે (ખંડન કરે છે) તથા શંકાકાર દ્વારા નહિ કહેલા પ્રકૃત અર્થના વિપક્ષભૂત આ વક્ષ્યમાણ (કથન કરાતા) કથંચિત્ નિત્ય-અનિત્યાત્મક અભેદ અર્થનું સાધક છે.''

અત્ર યાદ રાખવું કે અભેદનું સાધક કહ્યું છે અર્થાત્ દ્રવ્ય અભેદ છે તેમાં ભેદ ઉપજાવીને કહેવાય છે, ભિન્નપ્રદેશરૂપ વાસ્તવિક નહિ. બીજું, પ્રસ્તુત ઉદાહરણથી જ અભેદ દ્રવ્ય સાબિત થાય છે. કારણ કે જે તરંગ = કલ્લોલ છે તે સમુદ્રના જ બનેલા છે. અર્થાત્ તે સમુદ્ર જ તે રૂપે પરિણમેલ છે. અર્થાત્ તે સમુદ્ર જ છે. આવું અભેદ સ્વરૂપ છે દ્રવ્યનું.

ભાવાર્થ :- ''શંકાકારના કથનાનુસાર ગુણોને અને વસ્તુને (દ્રવ્યને) સર્વથા નિત્ય તથા ઉત્પાદ-વ્યયને સર્વથા અનિત્ય માનવા ઠીક નથી. કારણ કે એ સિદ્ધાંતને સિદ્ધ કરવા માટે જે સમુદ્ર

અને કલ્લોલોનું દૃષ્ટાંત આપ્યું તે શંકાકારના ઉપર કહેલા પક્ષનું સાધક ન થતા વિના કહ્યે જ ઉપરોક્ત પક્ષના (શંકાકારના પક્ષના) વિપક્ષનું એટલે - જૈન સિદ્ધાંતાનુસાર માનેલા કથંચિત્ અભેદાત્મક પક્ષનું સાધક છે. આગળ એ જ અર્થનો ખુલાસો કરે છે -''

અથવા કોઈ દ્રવ્યને ઘંટીના જેવું સમજતું હોય, જેમ કે ઘંટીમાં નીચેનો ભાગ સ્થિર અને ઉપરનો ભાગ ફરતો હોય છે, તો દ્રવ્યમાં જૈન સિદ્ધાંતાનુસાર આવી વ્યવસ્થા પણ નથી. એ પણ આ ગાથાથી સિદ્ધ થાય છે.

ગાથા ૨૧૩ : અન્વયાર્થ :- ''તરંગમાળાઓથી વ્યાપ્ત સમુદ્રની માફક નિશ્ચયથી કોઈ પણ ગુણના પરિણામોથી અર્થાત્ પર્યાયોથી સત્‌ની અભિન્નતા હોવાથી તે સત્‌નો પોતાના પરિણામોથી કાંઈ પણ ભેદ નથી.''

તેથી જે પર્યાય છે તે દ્રવ્યનું જ વર્તમાન હોવાથી, દ્રવ્યનું જ બનેલ હોવાથી (તરંગમાં સમુદ્ર જ હોવાથી) વાસ્તવમાં (ખરેખર) કોઈ ભેદ નથી. પણ ભેદનયથી ભેદ કહેવામાં આવે છે. તેથી તેને કથંચિત્ ભેદાભેદ પણ કહેવાય છે.

ભાવાર્થ :- ''કારણ કે જેવી રીતે તરંગોના સમૂહોને છોડતા સમુદ્ર કોઈ ભિન્ન વસ્તુ સિદ્ધ થઈ શકતો નથી, તેવી રીતે પોતાના ત્રિકાલવર્તી પરિણામોને છોડતા ગુણ તથા દ્રવ્ય પણ કોઈ ભિન્ન વસ્તુ સિદ્ધ થઈ શકતા નથી.'' અર્થાત્ પર્યાયમાં જ દ્રવ્ય છુપાયેલ છે. દ્રવ્ય પર્યાયથી વાસ્તવિક ભિન્નપ્રદેશી નથી.

ગાથા ૨૧૪ : અન્વયાર્થ :- ''પરંતુ જે સમુદ્ર છે તે જ તરંગમાળાઓ થાય છે. કારણ કે તે સમુદ્ર પોતે જ તરંગરૂપથી પરિણમન કરે છે.'' અર્થાત્ દ્રવ્ય જ (અવ્યક્ત જ) પર્યાયરૂપે (વ્યક્તરૂપે) વ્યક્ત થાય છે, પરિણમન કરે છે.

ગાથા ૨૧૫ : અન્વયાર્થ :- ''તેથી સત્ એ પોતે જ ઉત્પાદ છે તથા એ સત્ જ ધ્રૌવ્ય છે તથા વ્યય પણ છે. કારણ કે સત્(દ્રવ્ય)થી જુદું કોઈ એ ઉત્પાદ અથવા વ્યય અથવા ધ્રૌવ્ય કોઈ નથી.''

દ્રવ્ય-ગુણ-પર્યાય અને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ વ્યવસ્થા સમજવા માટે આ ગાથાનો મર્મ સમજવો અત્યંત આવશ્યક છે કે, વાસ્તવમાં દ્રવ્ય અભેદ છે. ભેદ માત્ર સમજાવવા માટે જ છે, વ્યવહાર માત્ર જ છે.

ગાથા ૨૧૬ : અન્વયાર્થ :- ''અથવા શુદ્ધતાને વિષય કરવાવાળા નયની અપેક્ષાએ ઉત્પાદ પણ નથી, વ્યય પણ નથી તથા ધ્રૌવ્ય, ગુણ અને પર્યાય એ પણ નથી. પરંતુ કેવળ એક સત્ જ છે.''

અર્થાત્ શુદ્ધનયથી એકમાત્ર પંચમભાવરૂપ = પરમ પારિણામિકભાવરૂપ સત્ જ છે. તે તેવું ને તેવું જ પરિણમે છે, જે આપણે આગળ જોઈશું.

ભાવાર્થ :- ''અથવા શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયની અપેક્ષાએ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય, ગુણ અને પર્યાય વગેરે કાંઈ પણ નથી. કેવળ સર્વના સમુદાયરૂપ એક સત્ જ પદાર્થ છે (આ કથન વાસ્તવિકતારૂપ = અભેદનયનું છે અને તે જ કાર્યકારી છે. માટે ભેદરૂપ વ્યવહારમાં રમવા જેવું નથી. પરંતુ અભેદરૂપ વસ્તુમાં જ ઠરવા જેવું છે, જે આપણે આગળ ઉપર જોઈશું). કારણ કે જેટલી કોઈ ભેદવિવક્ષા છે તે બધી પર્યાયાર્થિક નયની અપેક્ષાથી જ કલ્પિત કરવામાં આવે છે. (અર્થાત્ વાસ્તવિક સ્વરૂપ તો માત્ર અભેદ જ છે. બાકી બધી માત્ર કલ્પના જ છે.) શુદ્ધ દ્રવ્યાયાર્થિક નય, કોઈ પણ પ્રકારના ભેદને વિષય કરતો નથી. તેથી શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી નિરંતર સર્વ અવસ્થાઓમાં સત્ જ પ્રતીતિમાન થાય છે. (અર્થાત્ સર્વ અવસ્થાઓમાં = પર્યાયમાં એકમાત્ર પંચમભાવરૂપ = પરમ પારિણામિકભાવરૂપ સત્ જ પ્રતીતિમાન થાય છે.) પણ ઉત્પાદ-વ્યયાદિક નહિ. તેનું સ્પષ્ટીકરણ -''

ગાથા ૨૧૭ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે જો ભેદ હોય છે અર્થાત્ જે સમયે ભેદ વિવક્ષિત (=અપેક્ષિત) થાય છે તે સમયે નિશ્ચયથી એ ઉત્પાદાદિ ત્રણે પ્રતીત થવા લાગે છે તથા જે સમયે તે ભેદ મૂળથી જ વિવક્ષિત કરવામાં આવતો નથી, તે સમયે એ ત્રણે (ભેદો) પણ પ્રતીત થતા નથી.''

ભાવાર્થ :- ''ઉપરના કથનનો સારાંશ એ છે કે, પદાર્થ સામાન્ય-વિશેષાત્મક છે. અને બંને નય (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) પદાર્થના સામાન્ય, વિશેષ ધર્મોમાંથી પરસ્પર સાપેક્ષ કોઈ એક ધર્મને મુખ્યપણે તથા બીજા ધર્મને ગૌણપણે વિષય કરે છે. (એટલા માટે દ્રવ્યાર્થિક ચક્ષુવાળાને જ્યાં પ્રમાણરૂપ દ્રવ્ય, માત્ર સામાન્યરૂપ જ જણાય છે ત્યાં પર્યાયાર્થિક ચક્ષુવાળાને તે પ્રમાણરૂપ દ્રવ્ય માત્ર પર્યાયરૂપ (=વિશેષરૂપ) જ જણાય છે. અને પ્રમાણચક્ષુથી જોવામાં આવતા તે જ પ્રમાણરૂપ દ્રવ્ય, ઉભયરૂપ અર્થાત્ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ (=સામાન્ય-વિશેષરૂપ) જણાય છે; તેથી સમજવાનું એ છે કે જૈન સિદ્ધાંતમાં બધું જ વિવક્ષાવશ અર્થાત્ અપેક્ષાએ કહેવાય છે, નહિ કે એકાંતે. તેથી જ્યારે એમ પ્રશ્ન થાય કે પર્યાય શેનો બનેલો છે ? ઉત્તર - 'દ્રવ્યનો = ધ્રૌવ્યનો', એમ આપવામાં આવે તો જૈન સિદ્ધાંત નહિ સમજવાવાળાને લાગે છે કે 'પર્યાયમાં વળી દ્રવ્ય ક્યાંથી આવી ગયું ?' અરે ભાઈ ! પર્યાય છે તે દ્રવ્યનું જ વર્તમાન છે અને કોઈ પણ વર્તમાન તે દ્રવ્યનું જ બનેલું હોય ને ! દૃષ્ટાંત : જેમ સમુદ્રના મોજા શેના બનેલા છે ? તો કહેવું પડશે કે પાણીના અર્થાત્ સમુદ્રના. અને માટીનો ઘડો શેનો બનેલો છે ? તો કહેવું પડશે કે માટીનો. તેવી જ રીતે સોનાના કુંડલાદિક આકારો રૂપ પર્યાયો શેના બનેલા છે ? તો

કહેવું પડશે કે સોનાના. હવે પૂછીએ કે જ્ઞાનના જ્ઞેયાકારરૂપ પર્યાયો શેના બનેલા છે ? તો કહેવું પડશે કે જ્ઞાનના. તથા 'તે જ્ઞાન સામાન્ય જ જ્ઞાયક છે'. આવી જ દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુવ્યવસ્થા છે કે જે સમજ્યા વગર મિથ્યાત્વનો દોષ ઊભો જ રહેવાનો છે. તેથી જ આ વસ્તુવ્યવસ્થા સૌપ્રથમ સ્પષ્ટ સમજવી અત્યંત આવશ્યક છે.) એટલા માટે જે વેળા ભેદ વિવક્ષિત થાય છે, તે વેળા અભેદ ગૌણ થઈ જવાથી ઉત્પાદાદિક ત્રણે પ્રતીત થવા લાગે છે. તથા જે વેળા દ્રવ્યાર્થિક નય દ્વારા અભેદતા વિવક્ષિત થાય છે, તે સમયે ભેદ ગૌણ થઈ જવાથી ઉત્પાદાદિક ત્રણેમાંથી કોઈની પ્રતીતિ થતી નથી, પણ માત્ર એક સત્ જ સત્ પ્રતીતિમાન થાય છે.''

જૈન સિદ્ધાંતમાં ત્રિકાળી ધ્રુવ(ધ્રૌવ્ય)રૂપ વસ્તુ અથવા પર્યાયરહિતનું દ્રવ્ય લક્ષમાં લેવાની આવી છે રીત. કારણ કે અભેદ દ્રવ્યમાંથી કાંઈ પણ કાઢવું હોય તો તે માત્ર પ્રજ્ઞાથી = બુદ્ધિથી જ (લક્ષ કરવાથી - મુખ્યગૌણ કરવાથી જ) કાઢી શકાય છે, અન્યથા નહિ, જે આપણે આગળ ઉપર વિચારીશું.

આગળ શંકાકાર નવી શંકા કરે છે -

ગાથા ૨૧૮ : અન્વયાર્થ :- ''શંકાકારનું કહેવું એમ છે કે 'નિશ્ચયથી ઉત્પાદ અને વ્યય એ બન્ને જ અંશસ્વરૂપ ભલે હોય, પરંતુ ત્રિકાલગોચર જે ધ્રૌવ્ય છે તે કેવી રીતે અંશાત્મક થશે ?' જો એમ કહો તો-'' આ શંકાનું સમાધાન :-

ગાથા ૨૧૯ : અન્વયાર્થ :- ''એમ કહેવું એ ઠીક નથી. કારણ કે વાસ્તવમાં એ ત્રણે અંશો સ્વયં સત્ જ છે, પરંતુ સત્ના નથી. કારણ કે અહીં સત્ એ અર્થાન્તરોની માફક એક એક થઈને અનેક છે -એમ નથી.''

ભાવાર્થ :- ''ઉપરની શંકા ઠીક નથી. કારણ કે જૈન સિદ્ધાંતમાં સત્ના ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ અંશ માન્યા નથી, પરંતુ સત્ પોતે જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક માન્યું છે (અર્થાત્ દ્રવ્યને એક, અખંડ, અભેદરૂપ જ માન્યું છે, જે વાસ્તવિકતા છે અને તે પોતે જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ થાય છે). ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય - એ ત્રણે પ્રત્યેક જુદા જુદા પદાર્થોની માફક મળીને અનેક નથી, પરંતુ વિવક્ષાવશ જ (અર્થાત્ ભેદનયે કરી અથવા મુખ્ય-ગૌણ કરી) એ ત્રણે ભિન્ન-ભિન્ન રૂપથી પ્રતીત થાય છે.'' તેનું સ્પષ્ટીકરણ :-

ગાથા ૨૨૦ : અન્વયાર્થ :- ''આ વિષયમાં આ ઉદાહરણ છે કે અહીં જો ઉત્પાદરૂપથી પરિણત સત્ જે સમયે ઉત્પાદ દ્વારા લક્ષ્યમાણ થાય (જણાય) છે તે સમયે વસ્તુને કેવળ ઉત્પાદ માત્ર કહેવામાં આવે છે.

ભાવાર્થ :- ''પદાર્થ અનંત ધર્માત્મક છે, શબ્દ વા નયાત્મક જ્ઞાનના અંશ દ્વારા તેના સંપૂર્ણ ધર્મો વિષયભૂત થઈ શકતા નથી. તેથી એ અનંત ધર્મોમાં જે જ્ઞાનાંશ વા શબ્દ દ્વારા જે કોઈ પણ એક ધર્મ વિષયભૂત થાય છે તે જ્ઞાનાંશ વા શબ્દ દ્વારા (અર્થાત્ પ્રજ્ઞા = બુદ્ધિ દ્વારા) વસ્તુ તે સમયે કેવળ તે જ ધર્મમય જાણવામાં આવે છે વા કહેવામાં આવે છે. (જેમ કે આત્માને જ્ઞાનમાત્ર કહેતા તેનો માત્ર જ્ઞાનગુણ જ લક્ષમાં નથી લેવાનો પણ પૂર્ણ વસ્તુ યાને કે પૂર્ણ આત્મા જ, જ્ઞાનમાત્ર કહેતા ગ્રહણ કરવો.) એ ન્યાયાનુસાર જે સમયે નવીન નવીન રૂપથી પરિણત સત્ ઉત્પાદરૂપે જ્ઞાન તથા શબ્દ દ્વારા વિવક્ષિત થાય છે, તે સમયે તે સત્ કેવળ ઉત્પાદ માત્ર કહેવામાં આવે છે.''

ત્યાં કોઈ એમ કહે કે ધ્રુવ(ધ્રૌવ્ય) તો ઉત્પાદ-વ્યયથી અલગ જ હોવો જોઈએ અથવા રાખવો જ જોઈએ. દ્રવ્યને કેવળ ઉત્પાદ માત્ર કેમ કહો છો ? તો ઉત્તર એ છે કે વસ્તુના (સત્ના) એક અંશને લક્ષમાં લઈને અર્થાત્ મુખ્ય કરીને કથન કરવામાં આવે તો બાકીના તમામ અંશો તેમાં જ અંતરર્ગભિત થઈ જાય છે. અર્થાત્ એકને મુખ્ય કરતા બાકીના બધા આપમેળે જ અત્યંત ગૌણ થઈ જાય છે અને તે મુખ્ય અંશથી જ પૂર્ણ વસ્તુનો વ્યવહાર થાય છે, પ્રતિપાદન થાય છે, પ્રસ્તુતિ થાય છે. ત્યાં પ્રતિપાદન અન્ય અંશોને છોડીને એક અંશનું નથી થતું, પરંતુ એક અંશને મુખ્ય અને અન્યોને ગૌણ કરીને થાય છે. અને આ જ જૈન સિદ્ધાંતની પ્રતિપાદનની શૈલી છે કે જેને સ્યાદ્વાદ કહેવાય છે કે જે જૈન સિદ્ધાંતનો પ્રાણ છે.

ગાથા ૨૨૧ : અન્વયાર્થ :- ''અથવા જે સમયે અહીં વ્યયરૂપથી પરિણત તે સત્ કેવળ વ્યય દ્વારા નિશ્ચયરૂપથી લક્ષ્યમાણ થાય (જણાય) છે, તે સમય તે જ સત્ નિશ્ચયથી કેવળ વ્યય માત્ર શું નહિ થાય ? અવશ્ય થશે''

ગાથા ૨૨૨ : અન્વયાર્થ :- ''અથવા જે સમય ધ્રૌવ્યરૂપથી પરિણત સત્ (કેવળ) ધ્રૌવ્ય દ્વારા લક્ષ્યમાણ થાય છે તે સમયે ઉત્પાદ-વ્યયની માફક તે જ સત્ ધ્રૌવ્ય માત્ર છે -એવું જ પ્રતીત થાય છે.''

તેથી પૂર્વે જણાવ્યા અનુસાર દ્રવ્યાર્થિક ચક્ષુવાળાને જ્યાં પ્રમાણરૂપ દ્રવ્ય, માત્ર સામાન્યરૂપ જ જણાય છે = ધ્રુવ(ધ્રૌવ્ય)રૂપ જ જણાય છે, ત્યાં પર્યાયાર્થિક ચક્ષુવાળાને તે જ પ્રમાણરૂપ દ્રવ્ય માત્ર પર્યાયરૂપ જ જણાય છે = ઉત્પાદ-વ્યયરૂપ જ જણાય છે. અને પ્રમાણચક્ષુથી જોવામાં આવતા તે જ પ્રમાણરૂપ દ્રવ્ય, ઉભયરૂપ અર્થાત્ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ જણાય છે = ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ જણાય છે. તેથી સમજવાનું એ છે કે જૈન સિદ્ધાંતમાં દરેક કથન વિવક્ષાવશ જ અર્થાત્ અપેક્ષાએ જ કહેવાય છે, નહિ કે એકાંતે. તેથી જ્યારે એમ પ્રશ્ન થાય કે પર્યાય શેનો બનેલો છે ? ઉત્તર -

'દ્રવ્યનો = ધ્રૌવ્યનો' -એમ આપવામાં આવે તો જૈન સિદ્ધાંત નહિ સમજવાવાળાને લાગે છે કે 'પર્યાયમાં વળી દ્રવ્ય ક્યાંથી આવી ગયું ?' અરે ભાઈ ! પર્યાય છે તે દ્રવ્યનું જ વર્તમાન છે અને કોઈ પણ વર્તમાન તે દ્રવ્યનું જ બનેલું હોય ને! આવું છે જૈન સિદ્ધાંત અનુસાર ત્રિકાળી ધ્રુવ(ધ્રૌવ્ય) વસ્તુનું સ્વરૂપ, અન્યથા નહિ. અન્યથા લેતા તે જિનમતબાહ્ય છે. દૃષ્ટાંત -

ગાથા ૨૨૩ : અન્વયાર્થ :- ''આ વિષયમાં ઉદાહરણ આ છે કે અહીં માટીરૂપ દ્રવ્ય, સત્સ્વરૂપ ઘટ દ્વારા લક્ષ્યમાણ થતું કેવળ ઘટરૂપ જ કહેવામાં આવે છે તથા ત્યાં જ અસતાત્મક પિંડરૂપ દ્વારા લક્ષ્યમાણ થતું કેવળ પિંડરૂપ જ કહેવામાં આવે છે.'' અને હવે માટીરૂપ (ધ્રુવ-રૂપ) જણાવે છે.

ગાથા ૨૨૪ : અન્વયાર્થ :- ''અથવા તે માટીરૂપ દ્રવ્ય જો અહીં કેવલ મૃતિકાપણાથી લક્ષ્યમાણ થાય છે તો તે માટી જ કહેવામાં આવે છે. એ પ્રમાણે એક સત્‌ના જ ઉત્પાદાદિક ત્રણે એ સત્‌માં અંશ છે.''

આ રીતથી એક અભેદ સત્‌રૂપ વસ્તુને અલગ અલગ વિવક્ષાઓથી જોતા તે પૂર્ણ વસ્તુ જ તે સ્વરૂપે કહેવાય છે. જેમ કે ઘટને માત્ર માટીરૂપ અર્થાત્ ત્રિકાળી ધ્રુવરૂપ જોતા તે પૂર્ણ વસ્તુ (ઘટ) માત્ર માટીરૂપ જ જણાય છે. મતલબ કે તેમાંથી ઘટત્વ અથવા તો પિંડત્વ કાઢી નાખવું નથી પડતું. તે આપોઆપ જ માટીત્વમાં અંતર્ભૂત થઈ જાય છે, અત્યંત ગૌણ થઈ જાય છે. આ જ રીત છે ત્રિકાળી ધ્રુવ દ્રવ્યને દ્રવ્યદૃષ્ટિથી નિહાળવાની. અન્ય રીત નથી. તે જ આગળ જણાવે છે.

ગાથા ૨૨૫ : અન્વયાર્થ :- ''પરંતુ વૃક્ષમાં ફળ, ફૂલ તથા પત્રની માફક કોઈ અંશરૂપ એક ભાગથી સત્‌નો ઉત્પાદ અથવા સંહાર (ઉત્પાદ-વ્યય) તથા ધ્રૌવ્ય નથી.''

તેથી વાસ્તવમાં વસ્તુમાં ધ્રુવ(દ્રવ્ય) અને પર્યાય એવા બે ભાગ નથી અને તેવા ક્ષેત્રભેદ (ભિન્નપ્રદેશ) પણ નથી, પરંતુ એક જ વસ્તુને અપેક્ષાએ - ભેદનયથી તેમ કહેવાય છે.

ભાવાર્થ :- ''પરંતુ જે પ્રમાણે વૃક્ષમાં ફળ, ફૂલ તથા પત્ર વગેરે ભિન્ન ભિન્ન અંશોથી રહે છે અને તે વૃક્ષ પણ તેના સંયોગથી ફળ-ફૂલ-પત્રાદિવાળું કહેવામાં આવે છે, તે પ્રમાણે સત્‌ના કોઈ એક અંશથી જુદા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય નથી તથા ન તો જુદા જુદા અંશાત્મક ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી, દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યવાળું જ કહેવાય છે. તેથી શંકાકારનું, 'ઉત્પાદ-વ્યયને અંશાત્મક માનવા અને ધ્રૌવ્યને અંશાત્મક ન માનવું' એ કથન (શંકા) ઠીક નથી''

હવે શંકાકાર શંકા કરે છે કે ''ઉત્પાદાદિક ત્રણે અંશોના હોય છે કે અંશીના (દ્રવ્યના =સત્‌ના) હોય છે ? તથા એ ત્રણે સતાત્મક અંશ છે કે જુદા અસતાત્મક અંશ છે ? તેનું સમાધાન

આપે છે :-

ગાથા ૨૨૭ : અન્વયાર્થ :- ''એમ કહેવું ઠીક નથી. કારણ કે જૈન સિદ્ધાંતમાં નિશ્ચયથી અનેકાંત જ બળવાન છે પણ સર્વથા એકાંત બળવાન નથી. માટે અનેકાંતપૂર્વક બધાય કથન અવિરુદ્ધ હોય છે તથા અનેકાંત વિના બધાય કથન વિરુદ્ધ થઈ જાય છે.''

તેથી ક્યારેય કોઈએ માત્ર શબ્દોને પકડીને એકાંત અર્થ ન કાઢવો જોઈએ. કારણ કે જૈન સિદ્ધાંતમાં દરેક શબ્દ -દરેક વાક્ય પ્રયોગ કોઈ ને કોઈ અપેક્ષા વગર નથી હોતો. તેથી કરીને તે શબ્દોને અથવા વાક્યોને, તે તે અપેક્ષા પ્રમાણે સમજીને ગ્રહણ કરવા આવશ્યક છે. એકાંતે ગ્રહણ ન કરતા, અનેકાંત સ્વરૂપ જૈન સિદ્ધાંત અનુસાર જ અર્થ સમજવા યોગ્ય છે, અન્યથા એકાંતના દોષથી મિથ્યાત્વનો દોષ જરૂર આવે જ છે કે જે અનંત ભવભ્રમણ વધારવા શક્તિમાન છે. તેથી જ એકાંત ગ્રહણથી અને એકાંતના આગ્રહથી બચીને પ્રસ્તુત કોઈ પણ વિધાનને, અનેકાંત સ્વરૂપ સમજાવ્યા અનુસાર ગ્રહણ કરીને ત્વરાથી સંસારથી મુક્ત થવા યોગ્ય છે. અર્થાત્ ત્વરાએ મોક્ષમાર્ગ પર ચાલવા અનેકાંત જ સહાયભૂત થવા યોગ્ય છે.

ગાથા ૨૨૮ : અન્વયાર્થ :- ''અહીં કેવલ અંશોના ન ઉત્પાદ તથા ન વ્યય તથા ન ધ્રૌવ્ય થાય છે તથા અંશીના પણ એ ઉત્પાદાદિ ત્રણે થતા નથી. પરંતુ નિશ્ચયથી અંશથી યુક્ત અંશીના એ ઉત્પાદાદિક ત્રણે થાય છે.''

તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ દ્રવ્ય કહ્યું છે તે પૂર્ણ અભેદ છે અને તે અભેદરૂપે જ પરિણમે છે અને તે પૂર્ણ દ્રવ્ય જ ઉત્પાદાદિક રૂપ થાય છે; તેમાં કોઈ અંશરૂપ વિભાગો નથી. તે માત્ર અપેક્ષાએ જ કહેવાય છે.

ગાથા ૨૨૯ : ભાવાર્થ :- ''શંકાકારનું કહેવું એમ છે કે શબ્દ વા અર્થદષ્ટિએ ઉત્પાદાદિ એક પદાર્થમાં બની શકે છે તેમ ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય કોઈ એક પદાર્થમાં સિદ્ધ થઈ શકતા નથી. કારણ કે ઉત્પાદ-વ્યય અનિત્યપણાના સાધક છે તથા ધ્રૌવ્ય નિત્યપણાનો સાધક છે. તેથી ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય એ બંને પરસ્પર વિરોધી હોવાથી તેને એક પદાર્થના માનવા એ પ્રત્યક્ષબાધિત છે.'' તેનું સમાધાન -

ગાથા ૨૩૦-૨૩૧ : અન્વયાર્થ :- ''(ધ્રૌવ્ય અને ઉત્પાદ-વ્યય પરસ્પર વિરોધી છે તે વાત) ઠીક છે. પરંતુ જો નિશ્ચયથી એ ત્રણેને ક્ષણભેદ અર્થાત્ ભિન્ન ભિન્ન સમય હોય તો અથવા નિશ્ચયથી સત્ પોતે જ નાશ પામતું હોત (અર્થાત્ સત્ પરિવર્તિત ન થતા નાશ પામતું હોત) તથા સત્ પોતે જ ઉત્પન્ન થતું હોત (અર્થાત્ સત્ પરિવર્તિત ન થતા નાશ થઈ નવું ઉત્પન્ન થતું હોત), તો પરસ્પર

વિરુદ્ધ કથન થાત. પરંતુ એ ઉત્પાદાદિક ત્રણેનો ક્ષણભેદ અથવા સ્વયં સત્‌નું જ નાશ પામવું કે ઉત્પન્ન થવું તે કોઈ પણ ઠેકાણે કોઈ હેતુથી કંઈ પણ, કોઈનું પણ, કોઈ પણ પ્રકારથી થતું નથી. કારણ કે આ ઠેકાણે તેનું દૃષ્ટાંત પણ નહિ મળવાથી, તેના સાધક પ્રમાણનો અભાવ છે.''

ગાથા ૨૩૮ : અન્વયાર્થ :- ''ન્યાયબળથી એ સિદ્ધ થયું કે એ ત્રણે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) એક કાળવર્તી છે, કારણ કે જે વૃક્ષપણું છે તે જ અંકુરરૂપથી ઉત્પન્ન થવાવાળું અને બીજરૂપથી નષ્ટ થવાવાળું છે.''

મતલબ કે પૂર્ણ દ્રવ્ય જ એક પર્યાયથી નષ્ટ થઈ બીજા પર્યાયરૂપે પરિવર્તિત થતું રહે છે. તેથી જ તેને ધ્રુવ કહેવાય છે. જ્યારે પૂર્વ પર્યાયને વ્યયરૂપ અને વર્તમાન પર્યાયને ઉત્પાદરૂપ કહેવાય છે. અર્થાત્ તે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ(ધ્રૌવ્ય)રૂપ કોઈ અલગ અંશ નથી. માત્ર વસ્તુવ્યવસ્થા સમજાવવા માટે ભેદ પાડીને જણાવેલ છે કે, જે કોઈ દ્રવ્ય છે તે દ્રવે છે, અર્થાત્ પરિણમે છે =પરિવર્તિત થતું રહે છે. તે પરિવર્તિત થતા દ્રવ્યને ધ્રુવ(ધ્રૌવ્ય) કહેવાય છે, જ્યારે તેના પરિણામને - અવસ્થાને પર્યાય(ઉત્પાદ-વ્યય)રૂપ કહેવાય છે.

ગાથા ૨૪૩ : અન્વયાર્થ :- ''પ્રકૃત કથનમાં એમ માનવામાં આવ્યું છે કે, સત્‌ને કોઈ અન્ય (પૂર્વ) પર્યાયથી વિનાશ તથા કોઈ અન્ય (વર્તમાન) પર્યાયથી ઉત્પાદ તથા એ બંનેથી ભિન્ન કોઈ સદૃશ પર્યાયથી (દ્રવ્ય સામાન્યરૂપ કે જેના બન્ને પર્યાયો બનેલા છે અને જે સામાન્યરૂપ હોવાથી એવું ને એવું જ ઊપજે છે. તેથી તેને સદૃશ પર્યાયરૂપ = પરમ પારિણામિક ભાવરૂપ કહેવાય છે.) ધ્રૌવ્ય હોય છે.'' હવે આનું જ ઉદાહરણ જણાવે છે :-

ગાથા ૨૪૪ : અન્વયાર્થ :- ''અહીં ઉદાહરણ વૃક્ષની માફક છે કે જેમ તે વૃક્ષ સતાત્મક અંકુરરૂપથી પોતે જ (એટલે વૃક્ષ પોતે જ અર્થાત્ દ્રવ્ય પોતે જ) ઉત્પન્ન છે, બીજરૂપથી નષ્ટ છે. (પૂર્વ પર્યાયથી નષ્ટ કહેવાય છે.) તથા બન્ને અવસ્થાઓમાં વૃક્ષપણાથી ધ્રૌવ્ય (અર્થાત્ સમજવાનું એ છે કે વૃક્ષરૂપ ધ્રૌવ્ય કોઈ પર્યાયથી ભિન્ન અપરિણામી વિભાગ નથી, પરંતુ જે પર્યાય છે તે વિશેષ છે અને તેનું જ સામાન્ય અર્થાત્ તે જેની બનેલી છે તેને જ ધ્રૌવ્ય કહેવાય છે. અર્થાત્ અન્ય કોઈ અપરિણામી ધ્રૌવ્ય જુદું નથી. તે ખાસ સમજવાનું છે કે તે દ્રવ્ય જ છે કે જેની પર્યાય બનેલી છે, તે દ્રવ્યપણાથી ધ્રૌવ્ય) એમ પણ છે અર્થાત્ વૃક્ષમાં (એટલે કે દ્રવ્યમાં) જુદી-જુદી અપેક્ષાએ એ ત્રણે (બીજ, અંકુર અને વૃક્ષપણું અર્થાત્ વ્યય, ઉત્પાદ અને ધ્રૌવ્ય) એક સમયમાં હોય છે.'' આવું છે જૈન સિદ્ધાંત અનુસાર વસ્તુનું સ્વરૂપ કે જે દરેક મોક્ષેચ્છુએ સ્વીકાર કરવું જ પડશે.

ભાવાર્થ :- ''...બીજના અભાવ વા અંકુરના ઉત્પાદરૂપ બન્ને અવસ્થાઓમાં સામાન્યપણે

વૃક્ષત્વ મોજુદ છે....'' એટલે સમજવાનું એ છે કે વિશેષરૂપ અવસ્થાઓ (પર્યાયો=દશાઓ) સામાન્યરૂપ (દ્રવ્ય) ની જ બનેલ છે.

ગાથા ૨૪૬ : અન્વયાર્થ :- ''જે કારણથી ઉત્પાદ અને વ્યય એ બન્નેનો આત્મા સ્વયં સત્, એ જ છે. (અર્થાત્ ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય સત્ રૂપ દ્રવ્યની જ બનેલ છે કે જેને સામાન્યરૂપ ધ્રૌવ્ય પણ કહેવાય છે.) એટલા માટે તે બન્ને તથા વસ્તુ અર્થાત્ ધ્રૌવ્ય એ ત્રણે સત્ જ છે, સત્થી અન્ય નથી. અર્થાત્ ભિન્ન નથી. (ભિન્નપ્રદેશી નથી.)'' વાસ્તવમાં વસ્તુ અભેદ હોવાથી જ આવી વસ્તુવ્યવસ્થા ઘટિત થાય છે. હવે સારાંશ-

ગાથા ૨૪૭ : અન્વયાર્થ :- ''પર્યાયાર્થિકનયની અપેક્ષાએ ઉત્પાદ છે, વ્યય છે તથા ધ્રૌવ્ય છે. પરંતુ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ન ઉત્પાદ છે, ન વ્યય છે તથા ન ધ્રૌવ્ય છે.''

તેથી કરીને અમે જ્યારે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુને એટલે કે પ્રમાણરૂપ દ્રવ્યને માત્ર દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવ કહીએ છીએ ત્યારે કોઈને પ્રશ્ન થશે કે, આમાં પ્રમાણનું દ્રવ્ય કેમ લેવામાં આવે છે ? તો તેનો ઉત્તર એ છે કે, જેવી આપની દૃષ્ટિ હશે, તેવું જ દ્રવ્ય આપને દેખાશે. અર્થાત્ જે વ્યક્તિ દ્રવ્યને પ્રમાણદૃષ્ટિથી જુએ છે તેને તે દ્રવ્ય=વસ્તુ પ્રમાણરૂપ (=દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક) દેખાશે જે વ્યક્તિ પર્યાયદૃષ્ટિથી જુએ તેને તે દ્રવ્ય માત્ર પર્યાયરૂપ જણાશે અને તે જ પ્રમાણના દ્રવ્યને જો દ્રવ્યાર્થિક નયના ચક્ષુથી નિરખવામાં આવે તો તે પૂર્ણ વસ્તુ (પૂર્ણ દ્રવ્ય) માત્ર ત્રિકાળી ધ્રુવરૂપ જ જણાશે કે જે પર્યાયથી નિરપેક્ષરૂપ સામાન્યમાત્ર જ છે; આ જ જૈન સિદ્ધાંતની અદ્ભુતતા છે, કમાલ છે અને આ જ રીત છે પર્યાયરહિત દ્રવ્યને પામવાની.

તેથી કરીને સર્વ જનોને અમારો અનુરોધ છે કે સૌપ્રથમ આપ 'જેમ છે તેમ' વસ્તુવ્યવસ્થા સમજશો એટલે આપના પ્રશ્નનો ઉત્તર, આપને આપોઆપ જ મળી જશે. તેથી કરીને જ આ વાત આટલા વિસ્તારથી સમજાવેલ છે અને તેમાં પુનરાવર્તનનો દોષ સેવીને પણ ફરી-ફરી તે જ વાત સ્પષ્ટ કરેલ છે કે વસ્તુ-વ્યવસ્થા અને સ્યાદ્વાદ શૈલી તટસ્થપણે સમજ્યા વગર શબ્દોના અને વાક્યોના અર્થો સમજવા અત્યંત કઠિન છે. અને અનેકાંત સ્વરૂપ વસ્તુવ્યવસ્થા સમજ્યા બાદ તે સાવ સહેલું છે. આ જ વાત આગળ દૃઢ કરાવે છે.

ગાથા ૨૫૪ : અન્વયાર્થ :- ''(ઉત્પાદ-વ્યય) તથા ધ્રૌવ્ય પણ નિયમથી ઉત્પાદ-વ્યય એ બંને વિના થતું નથી. કારણ કે ત્યાં વિશેષના અભાવમાં સતાત્મક સામાન્યનો પણ અભાવ થાય છે.'' અર્થાત્ ઉત્પાદ-વ્યયરૂપ વિશેષ ધ્રૌવ્યરૂપ સામાન્યનું જ બનેલ છે કે જેથી કરીને એકના

અભાવમાં બીજાનો પણ અભાવ થાય છે.

ભાવાર્થ :- ''વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે. વિશેષનિરપેક્ષ સામાન્ય તથા સામાન્યનિરપેક્ષ વિશેષ એ કોઈ વસ્તુ જ ઠરતી નથી. ધ્રૌવ્ય સામાન્યરૂપ છે અને ઉત્પાદ-વ્યય વિશેષરૂપ છે. તેથી ઉત્પાદ-વ્યય વિના ધ્રૌવ્ય પણ બની શકતું નથી. કારણ ઉત્પાદવ્યયાત્મક વિશેષ વિના ધ્રૌવ્યાત્મક સામાન્યની પણ સિદ્ધિ થઈ શકતી નથી.'' એટલા માટે-

ગાથા ૨૫૫ : અન્વયાર્થ :- ''એ પ્રમાણે અહીં આગળ ઉત્પાદાદિક ત્રણેની વ્યવસ્થા ઘણી સારી છે. પરંતુ એ ઉત્પાદાદિક ત્રણેમાંથી કોઈ એકના નકારને કહેવાવાળો પોતાના પક્ષનો પણ ઘાતક થાય છે. તેથી ઉત્પાદાદિક કેવળ એકની વ્યવસ્થા માનવી ઠીક નથી.''

અત્ર સ્પષ્ટ થાય છે કે અગર કોઈ અભેદ દ્રવ્યમાંથી પર્યાયને કાઢવાનો પ્રયત્ન કરશે અર્થાત્ જેને પર્યાયરહિત દ્રવ્ય ઇષ્ટ હશે તો તેને પૂર્ણ દ્રવ્યનો જ લોપ થઈ જશે. અર્થાત્ તે માત્ર ભ્રમમાં જ રહી જશે. તેથી કરીને પર્યાયરહિત દ્રવ્ય કાઢવાની રીત જે ઉપર જણાવેલ છે તેમ દ્રવ્યાર્થિક નયના ચક્ષુથી અર્થાત્ દ્રવ્યદૃષ્ટિથી છે. માત્ર દ્રવ્યને જ ધ્યાનમાં લેતા તે પૂર્ણ દ્રવ્ય કે જેને આપ પ્રમાણનું દ્રવ્ય પણ કહી શકો છો, તેવું પૂર્ણ દ્રવ્ય જ માત્ર દ્રવ્યરૂપ અર્થાત્ ધ્રુવ(ધ્રૌવ્ય)રૂપ જ જણાશે, તેનું જ લક્ષ થશે. માટે પર્યાયરહિત દ્રવ્ય જોઈએ તો તેની રીત આવી જ છે. અન્ય કોઈ રીતે તો દ્રવ્યનો જ અભાવ થઈ જશે અને તે પોતે પોતાના પક્ષનો જ ઘાતક બની માત્ર ભ્રમમાં જ રાચશે.

બીજું, કોઈ વર્તમાન પર્યાયને દૃષ્ટિના (સમ્યગ્દર્શનના) વિષય માટે બહાર રાખે તો પૂર્ણ દ્રવ્ય જ બહાર થઈ જશે. આવું છે વસ્તુસ્વરૂપ. આવી છે વસ્તુવ્યવસ્થા જૈન સિદ્ધાંતની કે જે અનેકાંતરૂપ છે, એકાંતરૂપ નહિ. આ રીતથી દ્રવ્યને પરિણામી નહીં માનવાવાળાને શું દોષ આવશે ? ઉત્તર -

ગાથા ૨૫૮ : અન્વયાર્થ :- ''તથા નિશ્ચયથી કેવળ એક ધ્રૌવ્યપક્ષને વિશ્વાસ કરવા-માનવાવાળાને પણ દ્રવ્ય પરિણામી બનશે નહિ. તથા તેનું પરિણામીપણું ન હોવાથી તે ધ્રૌવ્ય, ધ્રૌવ્યપણે પણ રહી શકશે નહિ.''

અત્ર સમજવાનું એ છે કે જે કોઈ ધ્રૌવ્યરૂપ દ્રવ્યને અપરિણામી માનતા હોય, તો તે તેવું (અપરિણામી) એકાંતે નથી. કેમ કે જો ધ્રૌવ્ય અપરિણામી હોય તો દ્રવ્યનો જ અભાવ થશે. અને તેથી ધ્રૌવ્યનો પણ અભાવ જ થશે. કારણ કે કોઈ પણ વસ્તુ તેના વર્તમાન વગર ન હોય. અર્થાત્ કોઈ પણ દ્રવ્ય (ધ્રૌવ્ય) તેની અવસ્થા (વર્તમાન = પર્યાય) વગર ન જ હોય. અને જો એવું કલ્પવામાં આવે તો તે દ્રવ્યનો (ધ્રૌવ્યનો) જ અભાવ થઈ જશે. તેથી તે ધ્રૌવ્યને જરૂર પરિણામી માનવું પડશે. અને તે પરિણામને (અર્થાત્ ઉપાદાનરૂપ ધ્રૌવ્યના કાર્યને - તેની અવસ્થાને) જ ઉત્પાદ-વ્યયરૂપ

પર્યાય કહેવાય છે. જ્યારે તેમાં (પર્યાયમાં) રહેલ સામાન્ય ભાવને (અર્થાત્ પર્યાય જેનો બનેલ છે તે ભાવને) ધ્રૌવ્ય કહેવાય. અને તેનું લક્ષણ છે 'આ તેવું જ છે' આ લક્ષણની અપેક્ષાએ તેને અપરિણામી પણ કહેવાય. પરંતુ અન્યથા નહિ. અન્યથા સમજતા તો મિથ્યાત્વનો જ દોષ આવશે.

ઉપસંહાર :-

ગાથા ૨૬૦ : અન્વયાર્થ :- ''ઉપરના દોષોના ભયથી તથા પ્રકૃત આસ્તિકતાને ઇચ્છવાવાળા પુરુષોએ અહીં આગળ ઉત્પાદાદિક ત્રણેનો ઉપર કહેલો અવિનાભાવ જ માનવો જોઈએ.''

અર્થાત્ આ વાત લક્ષમાં લેવા જેવી છે કે જે કોઈ આ રીતથી વસ્તુવ્યવસ્થા ન માનતા હોય તેઓને મિથ્યાત્વી જ સમજવા. અર્થાત્ જે કોઈ આત્માર્થી છે તેઓએ અત્ર જણાવેલ વસ્તુવ્યવસ્થાને જ સમ્યક્ સમજીને અપનાવવી પરમ આવશ્યક છે. અન્યથા મિથ્યાત્વના દોષને કારણે પોતાનો અનંત સંસાર ઊભો જ રહેશે. અર્થાત્ અનંત દુઃખોથી છૂટકારો નહિ જ મળે.

બીજું, **પંચાધ્યાયી** શાસ્ત્રમાં આ સિવાય પણ આ જ વાતોને પુષ્ટ કરવાવાળી અનેક ગાથાઓ છે. પરંતુ વિસ્તારભયના કારણે હવે આપણે અમુક જ મહત્ત્વની ગાથાઓ જોઇશું. તેથી વિસ્તારરુચિવાળાએ આ શાસ્ત્રનો પૂર્ણપણે અભ્યાસ કરવા જેવો છે.

ગાથા ૩૦૩ : અન્વયાર્થ :- ''તેથી જે સત્ (=વસ્તુ) વિધિરૂપ (અર્થાત્ અન્વયરૂપ, ધ્રુવરૂપ, સામાન્યરૂપ, દ્રવ્યરૂપ) અથવા નિષેધરૂપ (અર્થાત્ વ્યતિરેકરૂપ-ઉત્પાદવ્યયરૂપ-વિશેષરૂપ-પર્યાયરૂપ) પણ કહ્યું છે, તે જ સત્ (વસ્તુ = દ્રવ્ય) અહીં પરસ્પરની અપેક્ષાએ કોઈ એકમાં કોઈ બીજો ગર્ભિત થઈ જવાથી કહી શકાય છે. અર્થાત્ પરસ્પર સાપેક્ષ હોવાથી એકબીજામાં ગર્ભિત થઈ જાય છે.''

મતલબ કે નિષેધરૂપ પર્યાય છે, તે વિધિરૂપ ધ્રુવ(ધ્રૌવ્ય)નો જ બનેલ છે. તેથી કરીને તે બન્ને એકબીજામાં ગર્ભિત થઈ જાય છે અને અપેક્ષા અનુસાર કોઈ એક જ (દ્રવ્યાર્થિક નયથી અથવા પર્યાયાર્થિક નયથી) જણાય છે, જ્યારે પ્રમાણચક્ષુથી ઉભય અર્થાત્ બન્ને જણાય છે.

ભાવાર્થ :- ''એ પ્રમાણે વસ્તુ અન્વય-વ્યતિરેકાત્મક સિદ્ધ થવાથી જે સમયે વસ્તુ વિધિરૂપ કહી જાય છે, તે સમયે નિષેધરૂપ વિશેષ ધર્મ ગૌણરૂપે એ વિધિમાં ગર્ભિત થઈ જાય છે (અર્થાત્ ધ્રુવમાં પર્યાય ગર્ભિત થઈ જાય છે) -એમ સમજવું. તથા જે સમયે તે જ વસ્તુ નિષેધરૂપથી વિવક્ષિત થાય છે, તે સમયે વિધિરૂપ સામાન્ય પણ એ જ નિષેધમાં ગૌણરૂપથી ગર્ભિત થઈ જાય છે (અર્થાત્ પર્યાયમાં ધ્રુવ ગર્ભિત થઈ જાય છે. અર્થાત્ પર્યાય ધ્રુવનો જ બનેલ છે.) -એમ સમજવું. કારણ અસ્તિ-નાસ્તિ સર્વથા પૃથક્ નથી પરંતુ પરસ્પર સાપેક્ષ છે. તેથી વિવક્ષિતની મુખ્યતામાં અવિવક્ષિત ગૌણરૂપથી ગર્ભિત રહે છે.''

જૈન સિદ્ધાંતમાં અભાવ કરવાની રીત આવી છે કે જે મુખ્ય-ગૌણરૂપ વ્યવસ્થા છે, અન્યથા નહિ. તેથી જેને અન્ય રીતનો આગ્રહ છે - પક્ષ છે, તેને નિયમથી મિથ્યાત્વી જાણવો.

ગાથા ૩૦૭ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે, વિધિ જ સ્વયં (અર્થાત્ અન્વય જ સ્વયં, ધ્રુવ જ સ્વયં, સામાન્ય જ સ્વયં, દ્રવ્ય જ સ્વયં) યુક્તિવશાત્ (અર્થાત્ પર્યાયાર્થિક નયથી, પર્યાયદષ્ટિથી, ભેદદષ્ટિથી) નિશ્ચયથી (અત્ર યાદ રાખવું નિશ્ચયથી જણાવેલ છે) નિષેધરૂપ (અર્થાત્ વ્યતિરેકરૂપ, ઉત્પાદ-વ્યયરૂપ, વિશેષરૂપ, પર્યાયરૂપ) થઈ જાય છે. તથા એ જ પ્રમાણે નિષેધ પણ (અર્થાત્ વ્યતિરેકરૂપ, ઉત્પાદ-વ્યયરૂપ, વિશેષરૂપ, પર્યાયરૂપ) પોતે જ યુક્તિવશથી (અર્થાત્ દ્રવ્યાર્થિક નયથી, દ્રવ્યદષ્ટિથી, અભેદદષ્ટિથી) વિધિરૂપ (અર્થાત્ અન્વયરૂપ, ધ્રુવરૂપ, સામાન્યરૂપ, દ્રવ્યરૂપ) થઈ જાય છે.''

હવે વસ્તુવ્યવસ્થા સમજવા માટે આ ગાથાથી અધિક પ્રમાણ શું જોઈએ ? અત્ર એ જ જણાવ્યું છે કે દ્રવ્યદષ્ટિ અથવા પર્યાયદષ્ટિ અનુસાર એક જ વસ્તુ ક્રમે દ્રવ્યરૂપ (ધ્રુવરૂપ) અથવા પર્યાયરૂપ (ઉત્પાદરૂપ, વ્યયરૂપ) જણાય છે. ત્યાં કોઈ ક્ષેત્ર અપેક્ષાએ વિભાગ નથી. આ જ રીત છે જૈન સિદ્ધાંતની પર્યાયરહિત દ્રવ્યને જોવાની. તેથી જ આચાર્ય ભગવંતે આગળની ગાથામાં કહ્યું છે કે -

ગાથા ૩૦૮ : અન્વયાર્થ :- ''એ પ્રમાણે અહીં તત્ત્વને જાણવાવાળા કોઈ પણ જૈન તત્ત્વવેદી એવા હોય છે તે સ્યાદ્વાદી કહેવાય છે તથા તેનાથી અન્યથા જાણવાવાળા સિંહમાણવક (બિલ્લીને = બિલાડીને સિંહ માનવાવાળા) કહેવાય છે.''

ભાવાર્થ :- ''એ પ્રમાણે અનેકાંતાત્મક તત્ત્વને વિવક્ષાવશ વિધિ વ નિષેધરૂપ જાણવાવાળો કોઈ જૈન જ સાચો તત્ત્વજ્ઞાની તથા સ્યાદ્વાદી કહેવાય છે. પણ તેથી અન્ય પ્રકારે વસ્તુસ્વરૂપને જાણવાવાળો પુરુષ સાચો તત્ત્વજ્ઞાની વા સ્યાદ્વાદી કહી શકાય નહીં, પરંતુ સિંહમાણવક કહેવાય. અર્થાત્ જેમ બિલાડીને (ઉપચારથી) સિંહ કહેવામાં આવે છે પરંતુ વાસ્તવમાં તે સિંહ નથી પણ બિલાડી જ છે. એ જ પ્રમાણે ઉપરોક્ત રૂપે તત્ત્વને ન જાણતા અન્ય પ્રકારે જાણવાવાળા પુરુષોને પણ ઉપચારથી જ તત્ત્વજ્ઞાની કહી શકાય, પણ વાસ્તવમાં નહિ.''

અર્થાત્ આ વાત લક્ષમાં લેવા જેવી છે કે જે કોઈ અત્ર જણાવેલ રીતથી વસ્તુવ્યવસ્થા ન માનતા હોય તેઓને નિયમથી મિથ્યાત્વી જ સમજવા; આગળ પણ આચાર્ય ભગવંત આ જ વસ્તુવ્યવસ્થા દૃઢ કરાવે છે. જેમ કે :

ગાથા ૩૩૧ : ભાવાર્થ :- ''તદ્ભાવ અને અતદ્ભાવને (પરસ્પર) નિરપેક્ષ માનવાથી

પૂર્વોક્ત કાર્ય-કારણભાવના અભાવનો પ્રસંગ આવે છે. પરંતુ જો બંનેને (પરસ્પર) સાપેક્ષ માનવામાં આવે તો **'तदिदं'** (આ તેવું જ છે) **'तदिदं न'** (આ તેવું નથી) એ આકારવાળા તત્‌ભાવની અને અતત્‌ભાવની પ્રતીતિમાં કાર્ય-કારણ તથા ક્રિયા-કારક એ બધા સિદ્ધ થઈ જાય છે.'' સારાંશ કે -

ગાથા ૩૩૨ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે સત્ તથા અસત્‌ની માફક તત્ તથા અતત્ પણ વિધિ-નિષેધરૂપ હોય છે, પરંતુ નિરપેક્ષપણે નથી. કારણ પરસ્પર સાપેક્ષપણે તત્-અતત્ એ બન્ને પણ તત્ત્વ છે.'' અન્યથા અર્થાત્ 'નિરપેક્ષપણે તે અતત્ત્વ જ છે' -એમ સમજવું આવશ્યક છે.

ગાથા ૩૩૩ : અન્વયાર્થ :- ''પૂર્વોક્ત કથનનો ખુલાસો આ પ્રમાણે છે કે જે સમયે કેવળ તત્‌ની વિધિ મુખ્ય થાય છે, તે સમયે કથંચિત્ અપૃથક (તત્‌માં અંતર્ભૂત) હોવાના કારણથી અતત્ (સ્વયં) ગૌણ થઈ જાય છે. તેથી વસ્તુ સામાન્યરૂપે તન્માત્ર કહેવામાં આવે છે.'' આ જ રીત છે ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની પ્રાપ્તિની.

ગાથા ૩૩૪ : અન્વયાર્થ :- ''તથા જે સમયે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ કેવળ અતત્ એ વિવક્ષા કરવા યોગ્ય વિધિ મુખ્ય થાય છે તે સમયે તત્ એ સ્વયં ગૌણ થવાથી અવિવક્ષિત રહે છે. તેથી વસ્તુને અતન્માત્ર કહેવામાં આવે છે.'' અર્થાત્ પર્યાય સામાન્યની જ બનેલ છે.

આવું છે જૈન સિદ્ધાંત અનુસાર વસ્તુનું સ્વરૂપ. જે સમજ્યા વગર વિકૃત ધારણાઓનો અંત શક્ય જ નથી કે જે મોક્ષમાર્ગના પ્રવેશ અર્થે અત્યંત આવશ્યક છે. અર્થાત્ સમ્યગ્દર્શન માટે વિકૃત ધારણાઓનો અંત અને સમ્યક્ ધારણાનો સ્વીકાર અત્યંત આવશ્યક છે.

ગાથા ૩૩૭ : અન્વયાર્થ :- ''ઠીક છે, પરંતુ નિશ્ચયથી 'સર્વથા' એ પદપૂર્વક સર્વ કથન સ્વપરના ઘાત માટે છે. પરંતુ સ્યાત્‌પદ દ્વારા યુક્ત સર્વ પદો સ્વ-પરના ઉપકાર માટે છે.'' અર્થાત્ સ્યાદ્‌વાદ સિવાય કોઈનોય ઉદ્ધાર નથી. આ વાત સર્વ જૈનોએ તો જરા પણ ભૂલવા જેવી નથી જ.

ગાથા ૩૩૮ : અન્વયાર્થ :- ''હવે તેનો ખુલાસો આ છે કે જેમ સત્ સ્વતઃસિદ્ધ છે (નિત્ય છે), તે જ પ્રમાણે તે પરિણમનશીલ પણ છે (ઉત્પાદ-વ્યયરૂપ = અનિત્ય પણ છે). તેથી એક જ સત્ બે સ્વભાવવાળું હોવાથી (અત્ર બે સ્વભાવવાળું જણાવેલ છે - બે ભાગવાળું ન સમજવું) તે નિત્ય તથા અનિત્યરૂપ છે.'' નહિ કે એક ભાગ અપરિણામી અને બીજો ભાગ પરિણામી. અપેક્ષાએ ધ્રુવ(ધ્રૌવ્ય)ને અપરિણામી કહેવાય પરંતુ તેમ મનાય નહિ.

ગાથા ૩૩૯-૩૪૦ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે જે સમયે અહીં કેવળ વસ્તુ (=ધ્રુવ

=દ્રવ્ય) દૃષ્ટિગત થાય છે, પરિણામ દૃષ્ટિગત થતા નથી, તે સમયે ત્યાં દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ વસ્તુપણાનો નાશ નહિ થવાથી સંપૂર્ણ વસ્તુ (અત્ર ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે સંપૂર્ણ વસ્તુ જણાવેલ છે, તેમાંથી કાંઈ પણ કાઢવામાં આવેલ નથી - સંપૂર્ણ વસ્તુ એટલે પ્રમાણનો વિષય) નિત્ય છે (ધ્રુવ=ધ્રૌવ્ય છે). અથવા જે સમયે અહીં નિશ્ચયથી કેવળ પરિણામ દૃષ્ટિગત થાય છે, વસ્તુ (=ધ્રુવ =દ્રવ્ય) દૃષ્ટિગત થતી નથી, તે સમયે પર્યાયાર્થિક નયની અપેક્ષાએ નવીન પર્યાયની ઉત્પત્તિ તથા પૂર્વ પર્યાયનો અભાવ થવાથી સંપૂર્ણ વસ્તુ જ અનિત્ય છે (અર્થાત્ પર્યાયરૂપ છે).''

તેથી સમજવાનું એ છે કે પર્યાયાર્થિક નયના વિષયરૂપ જે પર્યાય છે, તેમાં જ દ્રવ્ય અંતર્ગત = ગર્ભિત થઈ જવાથી 'તે પર્યાય તે દ્રવ્યનો જ બનેલ છે' તેમ કહી શકાય છે. અને તે જ દ્રવ્ય જો શુદ્ધનયે કરી શુદ્ધ જોવામાં આવે તો તે જ પંચમભાવ અર્થાત્ પરમ પારિણામિક ભાવ છે. આથી કોઈને પ્રશ્ન થાય કે સમયસાર ગાથા ૧૩ માં જણાવેલ છે કે 'નવ પદાર્થમાં (તત્ત્વમાં) છુપાયેલ આત્મજ્યોતિ' તે શું છે? તો તેનો ઉત્તર છે કે તે શુદ્ધનયે કરી પરમ પારિણામિક ભાવ જ છે. આ વાત આગળ આપણે વિસ્તારથી સમજીશું.

ગાથા ૪૧૧ : અન્વયાર્થ :- ''નિશ્ચયથી અભિન્ન પ્રદેશ હોવાથી કથંચિત્ સત્ (=ધ્રુવ =દ્રવ્ય) અને પરિણામમાં અદ્વૈતતા છે. તથા દીપક અને પ્રકાશની માફક સંજ્ઞા-લક્ષણાદિ દ્વારા ભેદ હોવાથી સત્ અને પરિણામમાં દ્વૈત પણ છે.'' અર્થાત્ દ્રવ્ય અને પર્યાય તે બન્ને અભિન્નપ્રદેશી હોવાથી અભેદરૂપ છે અને લક્ષણ દ્વારા ભેદ પાડી શકાતા હોવાથી - ભેદરૂપ વ્યવહાર થતો હોવાથી ભેદરૂપ પણ છે. તેથી કથંચિત્ ભેદ-અભેદરૂપ કહેવાય છે.

ગાથા ૪૧૨ : અન્વયાર્થ :- ''અથવા સત્ અને પરિણામની દ્વૈતતા જળ અને તેના તરંગોની માફક અભિન્ન તથા ભિન્ન પણ છે. કારણ કે જળ તથા કલ્લોલોમાંથી જે સમયે કલ્લોલોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે તે સમયે કલ્લોલો ઉદય થાય છે તથા વિલીન થાય છે. તેથી એ જળથી કથંચિત્ ભિન્ન છે. તથા જે સમયે જળની અપેક્ષાએ વિચાર કરવામાં આવે છે, તે સમયે એ કલ્લોલો ઉદયમાન તથા વિલયમાન જ થતા નથી, પણ કેવળ જળ જ જળ પ્રતીતિમાન થાય છે. તેથી એ જળથી કથંચિત્ અભિન્ન પણ છે. એ પ્રમાણે સત્ (=ધ્રૌવ્ય) અને પરિણામ પણ કથંચિત્ ભિન્ન તથા કથંચિત્ અભિન્ન છે.'' આ જ રીત છે ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માની પ્રાપ્તિની, અન્યથા નહિ. કારણ કે અન્યથા માનતા મિથ્યાત્વનો દોષ આવે છે. હવે આગળ ઘટ અને મૃત્તિકાનું દૃષ્ટાંત જણાવે છે. -

ગાથા ૪૧૩ : અન્વયાર્થ :- ''અથવા ઘટ અને મૃત્તિકાના દ્વૈતના માફક એ સત્ અને પરિણામનું દ્વૈત, દ્વૈત હોવા છતાં પણ અદ્વૈત છે. કારણ કે કેવળ માટીપણાના રૂપથી નિત્ય છે તથા કેવળ ઘટપણાના રૂપથી અનિત્ય છે.''

ગાથા ૪૧૪ : અન્વયાર્થ :- ''સારાંશ એ છે કે સત્ના વિષયમાં પ્રત્યભિજ્ઞાન પ્રમાણ પ્રાપ્ત હોવાથી સત્ નિત્ય છે. જેમ કે 'આ તે જ છે'. તથા નિયમથી (વ્યતિરેક બુદ્ધિથી=ભેદગ્રાહકદષ્ટિથી) 'આ તે નથી' એ પ્રતીતિથી સત્ નિત્ય નથી અર્થાત્ અનિત્ય છે.''

ગાથા ૫૯૧ ભાવાર્થ :- ''નયોની પરસ્પર સાપેક્ષતા તે નયોના અન્યથારૂપથી ન થવાવાળા અવિનાભાવની દ્યોતક (પ્રકાશક) છે. કારણ કે જેના વિના જેની સિદ્ધિ ન થાય, તેને અવિનાભાવ કહે છે. અર્થાત્ સામાન્ય વિના વિશેષની તથા વિશેષ વિના સામાન્યની સિદ્ધિ થઈ શકતી નથી. તેથી સામાન્યને વિષય કરવાવાળો જે દ્રવ્યાર્થિક નય છે તથા વિશેષને વિષય કરવાવાળો જે પર્યાયાર્થિક નય છે, તે બન્નેમાં પરસ્પર સાપેક્ષપણું છે.''

અમે અહીં 'દ્રવ્ય-ગુણ-પર્યાયયુક્ત સત્ સ્વરૂપ વસ્તુ અર્થાત્ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ સતરૂપ દ્રવ્યની વ્યવસ્થા પૂરેપૂરી સમજાવેલ છે' -એમ સમજીને, તે જેના અર્થે સમજાવેલ છે તે સમ્યગ્દર્શનની રીત અને તેના માટે સમ્યગ્દર્શનના વિષય અને આત્માની યોગ્યતા ઉપર થોડો વિચાર કરીશું અને તેનો શાસ્ત્ર આધાર પણ જોઈશું.

# ૯
# સમ્યગ્દર્શનનું સ્વરૂપ

'**સ**મ્યગ્દર્શન' એ મોક્ષમહેલના દરવાજા સમાન છે અને પૂર્ણ ભેદજ્ઞાન સ્વરૂપ સ્વાત્માનુભૂતિરૂપ સમ્યગ્દર્શન થયા વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ શક્ય જ નથી. આવા ભેદજ્ઞાનયુક્ત-સ્વાત્માનુભૂતિયુક્ત સમ્યગ્દર્શનને જ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે. અને તે જ મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવા માટે વાસ્તવિક પરવાનો છે. અને આ પરવાનો મળ્યા બાદ એ જીવ નિયમથી વધુમાં વધુ અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં સિદ્ધ થઈ જ જાય છે. તેથી કરીને આ જીવનમાં સૌપ્રથમ જો કાંઈ કરવા યોગ્ય હોય તો તે છે સમ્યગ્દર્શન.

પ્રથમ આપણે સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીશું. સમ્યગ્દર્શન એટલે દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રનું સ્વરૂપ જેમ છે તેમ સમજવું, અન્યથા નહિ. અને જ્યાં સુધી કોઈ પણ આત્મા પોતાનું યથાર્થ સ્વરૂપ સમજતો નથી અર્થાત્ સ્વની અનુભૂતિ કરતો નથી ત્યાં સુધી દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રનું પણ યથાર્થ સ્વરૂપ જાણતો નથી; પરંતુ તે માત્ર દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રના બાહ્ય સ્વરૂપની જ શ્રદ્ધા કરે છે અને તે તેને જ સમ્યગ્દર્શન સમજે છે. પરંતુ તેવી દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની બાહ્ય સ્વરૂપની જ શ્રદ્ધા એ યથાર્થ શ્રદ્ધા નથી. તેથી તે નિશ્ચય સમ્યગ્દર્શનનું લક્ષણ નથી. કારણ કે જે એકને (આત્માને) જાણે છે તે સર્વને (જીવ-અજીવ વગેરે નવ તત્ત્વાને અને દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રના યથાર્થ સ્વરૂપને) જાણે છે, અન્યથા નહિ. કારણ કે અન્યથા છે તે વ્યવહાર (ઉપચાર) કથન છે. તેથી તે સમ્યગ્દર્શન ભવના અંત માટે કાર્યકારી નથી. અર્થાત્ એક આત્માને જાણતા જ તે જીવ સાચા દેવ તત્ત્વનો અંશે અનુભવ કરે છે. તેથી તે સાચા દેવને અંતરથી ઓળખે છે. તથા સાચા દેવને જાણતા જ અર્થાત્ (સ્વાત્માનુભૂતિ સહિતની) શ્રદ્ધા થતા જ તે જીવ તેવા દેવ બનવાના માર્ગે ચાલતા સાચા ગુરુને પણ અંતરથી ઓળખે છે. સાથે સાથે તે જીવ તેવા દેવ બનવાનો માર્ગ બતાવતા સાચા શાસ્ત્રને પણ ઓળખે છે.

માટે પ્રથમ તો શરીરને આત્મા ન સમજવો અને આત્માને શરીર ન સમજવું. અર્થાત્ શરીરમાં આત્મબુદ્ધિ હોવી તે મિથ્યાત્વ છે. શરીર તે પુદ્‌ગલ (જડ) દ્રવ્યનું બનેલ છે અને આત્મા તે અલગ જ (ચેતન) દ્રવ્ય હોવાથી પુદ્‌ગલને આત્મા સમજવો અથવા આત્માને પુદ્‌ગલ સમજવું તે વિપરીત સમજણ છે. બીજી રીતે પુદ્‌ગલથી ભેદજ્ઞાન અને સ્વના અનુભવરૂપ જ ખરેખરું સમ્યગ્દર્શન હોય છે. અને તે કર્મદષ્ટિથી જોવામાં આવે તો કર્મોની પાંચ/સાત પ્રકૃતિનો ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયને સમ્યગ્દર્શન કહેવાય છે. પરંતુ છદ્મસ્થને કર્મોનું જ્ઞાન તો થતું નથી. માટે આપણે તો પ્રથમ કસોટીથી જ અર્થાત્ પુદ્‌ગલથી ભેદજ્ઞાન અને સ્વાનુભવરૂપ (સ્વાત્માનુભૂતિરૂપ) જ સમ્યગ્દર્શન સમજવું.

તેથી કરીને પ્રશ્ન થાય કે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે શું કરવું જરૂરી છે ?

ઉત્તર :- ભગવાને કહ્યું છે કે સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે. તો આત્માની અન્ય યોગ્યતાઓ સહ એ વાત સમજવી જરૂરી છે. **શ્રી નિયમસાર**માં કહ્યું છે કે :-

ગાથા ૪૭ : અન્વયાર્થ :- ''જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે. જેથી (તે સંસારી જીવો સિદ્ધ આત્માઓની માફક) જન્મ-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે.'' આ વાત શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયની અપેક્ષાએ છે કે જે સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજવા ઉપયોગી છે.

ગાથા ૪૮ : અન્વયાર્થ :- ''જેમ લોકાગ્રે સિદ્ધ ભગવંતો અશરીરી, અવિનાશી, અતીન્દ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવા.''

ગાથા ૧૫ : અન્વયાર્થ :- ''મનુષ્ય, નારક, તિર્યંચ અને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે. કર્મોપાધિરહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે.''

ગાથા ૪૯ : અન્વયાર્થ :- ''આ (પૂર્વોક્ત) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે. શુદ્ધ નયથી સંસારમાં રહેલા સર્વ જીવો સિદ્ધસ્વભાવી છે.''

શ્લોક ૭૩ : શ્લોકાર્થ :- '''શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી' આમ જ ખરેખર તત્ત્વ વિચારતા (પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતા) શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.''

ગાથા ૫૦ : અન્વયાર્થ :- ''પૂર્વોકત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે. તેથી હેય છે. અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય - આત્મા ઉપાદેય છે.''

ગાથા ૧૦૬ : અન્વયાર્થ :- ''આ રીતે જે સદા જીવ અને કર્મના ભેદનો અભ્યાસ કરે છે, તે સંયત નિયમથી પ્રત્યાખ્યાન ધારણ કરવાને શક્તિમાન છે.''

ગાથા ૧૦ : અન્વયાર્થ :- ''જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે - સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન.''

**યોગસાર** દોહા ૨૧ : અન્વયાર્થ :- ''જે જિન છે તે આત્મા છે - એ સિદ્ધાંતનો સાર છે એમ તમે સમજો. એમ સમજીને હે યોગીઓ ! તમે માયાચારને છોડો.''

**યોગસાર** દોહા ૨૨ : અન્વયાર્થ :- ''જે પરમાત્મા છે તે જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે, એમ જાણીને હે યોગી ! અન્ય વિકલ્પ ન કરો.''

ઉપર જણાવેલ ગાથાઓના સંદર્ભમાં વિચારીશું તો લાગશે કે દેખીતી રીતે તો સંસારી જીવો શરીરસ્થ છે અને સિદ્ધના જીવો મુક્ત છે, તો સંસારીને સિદ્ધ જેવા કહ્યા, તે કઈ અપેક્ષાએ ?

ઉત્તર :- તે શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયની અપેક્ષાએ કહ્યા છે. જેમ કે સંસારી જીવો શરીરસ્થ હોવા છતાં, તેમનો આત્મા એક જીવત્વરૂપ પારિણામિક ભાવરૂપ હોય છે. તે જીવત્વરૂપ ભાવ છદ્મસ્થને (અશુદ્ધ દ્રવ્યાયાર્થિક નયે કરી) અશુદ્ધ હોય છે અને તે અશુદ્ધ જીવત્વ ભાવને અર્થાત્ અશુદ્ધરૂપે પરિણમેલ આત્મામાંથી અશુદ્ધિને (વિભાવભાવને) ગૌણ કરતા જ, જે જીવત્વરૂપ ભાવ શેષ રહે છે તે જ 'પરમ પારિણામિક ભાવ', 'શુદ્ધ ભાવ', 'શુદ્ધાત્મા', 'કારણપરમાત્મા', 'કારણશુદ્ધપર્યાય', 'સિદ્ધસદશભાવ', 'સ્વભાવભાવ' વગેરે અનેક નામોથી ઓળખાય છે. તે ભાવની અપેક્ષાએ જ 'સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે' -એમ કહેવાય છે. હવે આપણે તે જ વાત દૃષ્ટાંતથી જોઈશું.

જેમ 'ડહોળા પાણીમાં શુદ્ધ પાણી છુપાયેલ છે' -એવા નિશ્ચયથી જે કોઈ તેમાં ફટકડી (કતકફળ = alum) ફેરવે છે, તો અમુક સમય બાદ તેમાં (પાણીમાં) રહેલ ડહોળરૂપ માટી તળિયે બેસી જવાથી, પૂર્વનું ડહોળું પાણી સ્વચ્છરૂપ જણાય છે. તેવી જ રીતે, જે અશુદ્ધરૂપે (રાગ-દ્વેષરૂપે) પરિણમેલ આત્મા છે, તેમાં વિભાવરૂપ અશુદ્ધ ભાવને પ્રજ્ઞાછીણીથી = બુદ્ધિપૂર્વક ગૌણ કરતાં જ જે શુદ્ધાત્મા ધ્યાનમાં આવે છે અર્થાત્ જ્ઞાનમાં વિકલ્પરૂપે આવે છે, તેને ભાવભાસન કહે છે. અને તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ થતા જ શુદ્ધાત્માની અનુભૂતિ થાય છે, તે જ સમ્યગ્દર્શન

કહેવાય છે. અર્થાત્ તે જીવને શુદ્ધ આત્મરૂપમાં (સ્વભાવમાં = સ્વરૂપમાં) 'હુંપણું' થતા જ, કે જે પહેલા શરીરમાં 'હુંપણું' કરતો હતો, તે જીવને સમ્યગ્દર્શન થાય છે. આ રીત છે સમ્યગ્દર્શનની અર્થાત્ **'જે જીવ રાગ-દ્વેષરૂપ પરિણમેલ હોવા છતાં પણ માત્ર શુદ્ધાત્મામાં જ (દ્રવ્યાત્મામાં જ = સ્વભાવમાં જ) 'હુંપણું' (એકત્વ) કરે છે અને તેનો જ અનુભવ કરે છે, તે જ જીવ સમ્યગ્દષ્ટિ છે. સમ્યગ્દર્શન વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર પ્રાપ્ત થતું નથી.'**

બીજું દૃષ્ટાંત : જેમ દર્પણમાં (અરીસામાં) અલગ અલગ જાતના અનેક પ્રતિબિંબો હોય છે, પરંતુ તે પ્રતિબિંબોને ગૌણ કરતા જ સ્વચ્છ દર્પણ દષ્ટિમાં આવે છે, તેવી જ રીતે આત્મામાં અર્થાત્ જ્ઞાનમાં જે જ્ઞેય(=જ્ઞેયાકાર) હોય છે તે જ્ઞેયોને(=જ્ઞેયાકારોને) ગૌણ કરતા જ (જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) નિર્વિકલ્પરૂપ જ્ઞાનનો અર્થાત્ 'શુદ્ધાત્મા'નો અનુભવ થાય છે. આ જ સમ્યગ્દર્શનની રીત છે. આ જ રીતથી અશુદ્ધ આત્મામાં પણ સિદ્ધ સમાન શુદ્ધાત્માનો નિર્ણય કરવો અને તેમાં જ 'હુંપણું' થતા સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

કોઈ એવું માનતા હોય કે 'દ્રવ્યમાં શુદ્ધ ભાગ અને અશુદ્ધ ભાગ એવા બે ભાગ છે અને જે શુદ્ધ ભાગ છે તે દ્રવ્ય છે અને અશુદ્ધ ભાગ છે તે પર્યાય છે' -તો દ્રવ્યમાં અપેક્ષાએ સમજતા બે ભાગ નહીં પરંતુ બે ભાવ છે કે જે વાત અમે પ્રથમ જ શાસ્ત્રની ગાથાઓથી નિઃસંદેહ સાબિત કરેલ જ છે. તે બે ભાવો એવી રીતે છે કે જે વિશેષ છે, તે પર્યાય કહેવાય છે કે જે વિભાવભાવસહિત હોવાથી અશુદ્ધ કહેવાય છે અને જે તેનો (પર્યાયનો) જ સામાન્ય ભાવ છે કે જે પરમ પારિણામિક ભાવ રૂપ છે, તે દ્રવ્ય છે કે જે ત્રિકાળ શુદ્ધ જ હોય છે. તે અપેક્ષાએ 'દ્રવ્ય શુદ્ધ અને પર્યાય અશુદ્ધ' -એમ કહેવાય, પરંતુ બે ભાગરૂપે નહીં.

જેમ છદ્મસ્થ જીવોને આત્માના દરેક પ્રદેશે અનંત અનંત કાર્મણ વર્ગણાઓ છે અને તે કાર્મણ વર્ગણાઓ આત્માના સર્વ પ્રદેશો સાથે ક્ષીર-નીરવત્ (દૂધમાં પાણીની માફક) સંબંધથી બંધાયેલી હોવાની અપેક્ષાએ આત્માનો કોઈ પણ પ્રદેશ શુદ્ધ નથી. અર્થાત્ જો કોઈ એમ કહે કે 'આત્માના મધ્યના આઠ રુચક પ્રદેશો તો નિરાવરણ જ હોય છે' -તો તેઓને અમે જણાવીએ છીએ કે જો આત્માનો માત્ર એક પણ પ્રદેશ નિરાવરણ હોય, તો તે પ્રદેશમાં એટલી શક્તિ છે કે તે સર્વ લોકાલોક જાણી લે. કારણ કે જો એક પણ પ્રદેશ નિરાવરણ હોય તો તે પ્રદેશે કેવળજ્ઞાન અને કેવળદર્શન માનવાનો પ્રસંગ આવશે. તેથી કરીને તે આત્મા સર્વ લોકાલોક સહજ રીતથી જ જાણતો થઈ જશે. પરંતુ પ્રગટમાં જોતા આપણને જણાય છે કે એવું તો કોઈ જ જીવમાં ઘટતું જણાતું નથી. આથી કરીને

જીવના મધ્યના આઠ રુચક પ્રદેશ નિરાવરણ હોય છે, તે વાતનું નિરાકરણ થાય છે. તે વાત સત્ય નથી; જેનું પ્રમાણ છે ધવલા પુસ્તક ૧૨માં પૃષ્ઠ ક્રમાંક ૩૬૫થી ૩૬૮, તે જિજ્ઞાસુ જીવોને જોઈ લેવા અમારો અનુરોધ છે.

અનેક લોકો નયવિવક્ષા ન સમજવાને કારણે એવી પણ પ્રરૂપણા કરે છે કે આ આઠ નિરાવરણ પ્રદેશોની અપેક્ષાએ ‘સર્વ જીવ સિદ્ધ સમાન છે.’ એવું શાસ્ત્રનું કથન છે. પરંતુ હકીકતમાં ‘સર્વ જીવ સિદ્ધ સમાન છે.’ –આ કથન શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયની અપેક્ષાએ છે. આ વાત નયોની યથાર્થ સમજ નહિ હોવાને કારણે ફેલાઈ છે અને આવા લોકો એ નિરાવરણ પ્રદેશોના (કે જે સંસારી જીવોને હોતા નથી, એના) અનુભવને (કે જે છદ્મસ્થ જીવોને હોતો નથી, એને) જ શુદ્ધાત્માનો અનુભવ માને છે. કેમ કે તેઓને દ્રવ્યની અભેદતાનું અને નયોનું પણ યથાર્થ જ્ઞાન હોતું નથી. આ અત્યંત કરુણાજનક વાત છે. આગળ અમે સમ્યગ્દર્શનની રીત અને તેનો વિષય બતાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૧૦
# સમ્યગ્દર્શનનો વિષય અર્થાત્ દૃષ્ટિનો વિષય

**આ**પણે જોયું કે છદ્મસ્થ આત્માના પ્રત્યેક પ્રદેશે અનંત કર્મવર્ગણાઓ હોવાથી તે અશુદ્ધ આત્મા તરીકે જ પરિણમેલ હોય છે, તો તેમાં આ શુદ્ધાત્મા ક્યાં રહે છે ? તેનો ઉત્તર એમ છે કે, ભેદજ્ઞાનથી (પ્રજ્ઞાછીણીથી) અર્થાત્ જીવ અને પુદ્ગલ વચ્ચેના ભેદજ્ઞાનથી અર્થાત્ જીવના લક્ષણથી જીવને ગ્રહણ કરવો અને પુદ્ગલના લક્ષણથી પુદ્ગલને અને પછી તેમાં પ્રજ્ઞારૂપી છીણીથી (તીવ્ર બુદ્ધિથી) વિભાવથી ભેદજ્ઞાન કરતા શુદ્ધાત્મા પ્રાપ્ત થાય છે.

તે એવી રીતે કે પ્રથમ તો પ્રગટમાં આત્માના લક્ષણથી એટલે જ્ઞાનરૂપ જોવા-જાણવાના લક્ષણથી આત્માને ગ્રહણ કરતા જ પુદ્ગલમાત્ર સાથે ભેદજ્ઞાન થઈ જાય છે. પછી તેનાથી આગળ વધતા જીવના જે ચાર ભાવો છે અર્થાત્ ઉદયભાવ, ઉપશમભાવ, ક્ષયોપશમભાવ અને ક્ષાયિકભાવ – આ ચાર ભાવો કર્મોની અપેક્ષાથી કહ્યા છે અને કર્મો પુદ્ગલરૂપ જ હોય છે. તેથી તે ચાર ભાવોને પણ પુદ્ગલના ખાતામાં નાખી, પ્રજ્ઞારૂપ બુદ્ધિથી અર્થાત્ તે ચાર ભાવોને જીવમાંથી ગૌણ કરતા જ, જે જીવભાવ શેષ રહે છે તે જ પરમ પારિણામિક ભાવ, શુદ્ધાત્મા, કારણશુદ્ધપર્યાય, સ્વભાવભાવ, સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય, શુદ્ધ ચૈતન્યભાવ, સ્વભાવદર્શનોપયોગ, કારણસ્વભાવદર્શનોપયોગ, કારણસ્વભાવજ્ઞાનોપયોગ, કારણસમયસાર, કારણપરમાત્મા, નિત્યશુદ્ધ નિરંજન જ્ઞાનસ્વરૂપ, દર્શનજ્ઞાનચારિત્રરૂપે પરિણમતું એવું ચૈતન્યસામાન્યરૂપ, ચૈતન્ય-અનુવિધાયી પરિણામરૂપ, સહજગુણમણિની ખાણ, સમ્યગ્દર્શનનો વિષય (દૃષ્ટિનો વિષય) વગેરે અનેક નામોથી ઓળખાય છે. તેના અનુભવને જ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે. તે ભાવની અપેક્ષાએ જ 'સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે' -એમ કહેવાય છે. અર્થાત્ તેના અનુભવને જ નિર્વિકલ્પ અનુભૂતિ કહેવાય છે. કારણ કે તે સામાન્યભાવસ્વરૂપ હોવાથી તેમાં કોઈ જ વિકલ્પને સ્થાન જ નથી. તેથી તેની અનુભૂતિ થતા જ અંશે સિદ્ધત્વનો પણ અનુભવ થાય છે.

ભેદજ્ઞાનની (સમ્યગ્દર્શનની) રીત આવી છે કે જેમાં જીવના જે ચાર ભાવોને ગૌણ કર્યા અને જે શુદ્ધ જીવત્વ હાજર થયું તે અપેક્ષાએ તેને કોઈ 'પર્યાયરહિતનું દ્રવ્ય તે દૃષ્ટિનો વિષય છે' એમ પણ કહે છે. અર્થાત્ દ્રવ્યમાંથી કાંઈ જ કાઢવાનું નથી. માત્ર વિભાવભાવોને જ ગૌણ કરવાના છે. અને તે અપેક્ષાએ કોઈ કહે છે કે 'વર્તમાન પર્યાય સિવાયનું આખું દ્રવ્ય તે દૃષ્ટિનો વિષય છે'. અર્થાત્ કથન કોઈ પણ હોય પરંતુ વ્યવસ્થા તો અત્ર જણાવેલ છે તેવી, અર્થાત્ ગૌણ કરવાની અને મુખ્ય કરવાની જ છે, કે જે પૂર્વે આપણે વિસ્તારથી સમજ્યા જ છીએ.

તેવી જ રીતે જો કોઈ કહે કે આત્મા બહારથી અશુદ્ધ અને અંદરથી શુદ્ધ તો તેવું કથન પણ અપેક્ષાએ સમજવું, એકાંતે અર્થાત્ વાસ્તવિક રૂપે નહીં. કારણ કે જેવો આત્મા બહાર છે તેવો જ અંદર છે. અર્થાત્ આત્માના અંદરના અને બહારના પ્રત્યેક પ્રદેશે (ક્ષેત્રે) અનંતાનંત કાર્મણવર્ગણાઓ ક્ષીર-નીરવત્ લાગેલી હોવાથી જેવી અશુદ્ધિ બહારના ક્ષેત્રે છે તેવી જ અશુદ્ધિ અંદરના ક્ષેત્રે પણ છે. પરંતુ અપેક્ષાએ બહાર એટલે વિશેષભાવરૂપ વિભાવભાવ અને અંદર એટલે સામાન્યભાવરૂપ પરમ પારિણામિક ભાવ કે જે ત્રણે કાળે શુદ્ધ જ હોય છે. અને તેથી જ વ્યક્તરૂપ આત્મા અશુદ્ધ અને અવ્યક્તરૂપ આત્મા શુદ્ધ છે. તે અપેક્ષાએ 'અંદરથી શુદ્ધ અને બહારથી અશુદ્ધ' -એમ કહી શકાય, અન્યથા નહિ. કોઈ આત્મામાં અંદર એકાંત શુદ્ધ ધ્રુવભાવ શોધતું હોય, તો તેવો એકાંત શુદ્ધ ધ્રુવભાવ આત્મામાં નથી. અર્થાત્ કોઈ પણ કથન તેની અપેક્ષા સહિત સમજવું અનિવાર્ય છે, નહિ તો એવું માનવાવાળા નિયમથી ભ્રમરૂપે જ પરિણમશે.

તેવી જ રીતે અન્ય કોઈ કહે કે 'આપ તો દૃષ્ટિના (સમ્યગ્દર્શનના) વિષયમાં પ્રમાણનું દ્રવ્ય લો છો તો દોષ આવશે'. તેઓને અમે જણાવીયે છીએ કે પૂર્વે અમે વિસ્તારથી સમજાવ્યા અનુસાર, જેટલા પ્રદેશો (ક્ષેત્ર) પ્રમાણના દ્રવ્યના છે તેટલા જ પ્રદેશો (ક્ષેત્ર) પરમ પારિણામિક ભાવરૂપ દૃષ્ટિના વિષયના છે અર્થાત્ તેટલા જ પ્રદેશો શુદ્ધાત્માના છે. બીજું, તે પ્રમાણના દ્રવ્યને જ અમે શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયના ચક્ષુથી જોઈએ છીએ. તેથી જ અમે તેને જ પરમ પારિણામિક ભાવ કહીએ છીએ કે જેને આપ પ્રમાણચક્ષુથી જોતા, પ્રમાણનો વિષય કહો છો. અને તે પ્રમાણના વિષયમાં આપ શુદ્ધ અને અશુદ્ધ એવા ભાવ નહિ પરંતુ ભાગ માનો છો. તેથી આપની દૃષ્ટિમાં દોષ છે, તો તેમાં અમારો કોઈ દોષ નથી. અમે તો તેને જ અર્થાત્ પ્રમાણના દ્રવ્યને જ શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયે કરી, તેને જ પરમ શુદ્ધ એવા પરમ પારિણામિક ભાવરૂપે અનુભવીએ છીએ અને પરમસુખનો અનુભવ કરીયે છીએ. તો તેથી કરીને આપ પણ દૃષ્ટિ બદલીને તેને જ શુદ્ધ જુઓ અને આપ પણ તેનો અર્થાત્

સત્-ચિત્-આનંદસ્વરૂપનો આનંદ લો -એવો અમારો અનુરોધ છે. આ જ સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે અને (જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) આ જ સમ્યગ્દર્શનની રીત છે. કારણ કે સ્થૂળથી જ સૂક્ષ્મમાં જવાય અર્થાત્ પ્રગટથી જ અપ્રગટમાં જવાય અર્થાત્ વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય એ જ નિયમ છે.

આ કારણથી અમારો આગ્રહ છે કે 'જેમ છે તેમ' વસ્તુવ્યવસ્થા સમજીને પ્રમાણના વિષયનું 'જેમ છે તેમ' જ્ઞાન કરીને પછી તેમાંથી જ શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયનો વિષય ગ્રહણ કરવા યોગ્ય છે. પરંતુ જે અત્ર જણાવેલ યુક્તિ અનુસાર દૃષ્ટિનો વિષય ન માનતા, અન્યથા ગ્રહણ કરે છે તે શુદ્ધ નયાભાસરૂપ એકાંત શુદ્ધાત્માને શોધે છે અને માને છે, તે માત્ર ભ્રમરૂપે જ પરિણમે છે. તેથી તેવો એકાંત શુદ્ધાત્મા કાર્યકારી નથી. કારણ કે તેવો એકાંત શુદ્ધાત્મા પ્રાપ્ત જ થતો નથી. તેથી કરીને તે જીવ ભ્રમમાં જ રહીને અનંત સંસાર વધારીને અનંત દુઃખોને પ્રાપ્ત કરે છે. જૈનશાસનના નયના અજ્ઞાનના કારણે અને સમજ્યા વગર માત્ર શબ્દોને જ ગ્રહણ કરી તેના જ આગ્રહને કારણે આવી દશા થાય છે, જે અત્યંત કરુણાજનક વાત છે.

અત્ર સમજાવેલ શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયનો વિષય છે તે જ ઉપાદેયરૂપ શુદ્ધાત્મા છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી જ અર્થાત્ ભેદજ્ઞાન કરાવવા અને શુદ્ધાત્માના અનુભવનું જ્ઞાન કરાવવા માટે જ નિયમસાર અને સમયસાર જેવા આધ્યાત્મિક શાસ્ત્રોમાં શુદ્ધાત્માનો જ મહિમા ગાયેલ છે અને તેનું જ મહિમામંડન કરેલ છે. તેથી તે શાસ્ત્રોમાં પ્રમાણના વિષયરૂપ આત્મામાંથી જેટલા ભાવો પુદ્ગલ આશ્રિત છે અર્થાત્ જેટલા ભાવો કર્માશ્રિત (કર્મની અપેક્ષા રાખવાવાળા) છે તેવા ભાવોને પરભાવ તરીકે વર્ણવ્યા છે. અર્થાત્ તેઓને સ્વાંગરૂપ ભાવો તરીકે વર્ણવ્યા છે કે જે ભાવો હેય છે. એટલે કે તેમાં 'હુંપણું' કરવા યોગ્ય નથી. કારણ કે તેવા ભાવો સ્વાત્માનુભૂતિમાં હોતા નથી. આ જ અપેક્ષાસહિત હવે આપણે પંચાધ્યાયીની ગાથાઓ જોઈશું.

# ૧૧
# ‘પંચાધ્યાયી પૂર્વાર્ધ’ની દૃષ્ટિનો વિષય દર્શાવતી ગાથાઓ

**ગા**થા ૫૩૨ : અન્વયાર્થ :- ‘‘આ અસદ્‌ભૂત વ્યવહારનયને જાણવાનું ફળ એ છે કે અહીં પરાશ્રિતપણે થવાવાળા ભાવક્રોધાદિ સંપૂર્ણ ઉપાધિમાત્ર છોડી બાકીના તેના (જીવના) શુદ્ધ ગુણો છે એમ માનીને અહીં કોઈ પુરુષ સમ્યગ્દૃષ્ટિ થઈ શકે.’’ આ ગાથામાં સમ્યગ્દર્શનનો વિષય જણાવેલ છે અને તેને (અન્ય યોગ્યતાઓ સહ) ભાવવાથી જીવ સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે તેમ જણાવેલ છે.

ભાવાર્થ :- ‘‘આ અસદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન એ છે કે રાગાદિભાવને જીવના કહ્યા છે તે અસદ્‌ભૂત વ્યવહારનયથી છે, પણ નિશ્ચયથી નહિ. [નિશ્ચયથી જે ભાવ જેના લક્ષે થાય તે ભાવ તેનો સમજવો. તેથી જે દ્રવ્યરાગાદિ પુદ્‌ગલરૂપ છે તે સાક્ષાત્ કર્મના છે અને ભાવરાગાદિ છે તે જીવના હોવા છતાં, તે કર્મના ઉદયને કારણે હોવાથી તેને કર્મના ખાતામાં નાખી, નિશ્ચયથી તેને પરભાવ કહેવાય છે. કારણ કે તે ભાવો સમ્યગ્દર્શન માટે ‘હુંપણું’ (એકત્વ) કરવા યોગ્ય ભાવો નથી.] આથી કોઈ ભવ્યાત્મા ઉપાધિમાત્ર અંશને છોડી (આ ઉપાધિરૂપ અંશ છોડવાની રીત પ્રજ્ઞારૂપ બુદ્ધિથી તેને ગૌણ કરવાની છે, બીજી કોઈ નહિ.) નિશ્ચયતત્ત્વને ગ્રહણ કરવાનો ઇચ્છુક બની (અન્ય યોગ્યતાઓ હોય તો) સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. કારણ કે સર્વ નયોમાં નિશ્ચયનય જ ઉપાદેય છે, બાકીના કોઈ નય નહિ. બાકીના નયો તો માત્ર પરિસ્થિતિવશ પ્રતિપાદ્ય વિષયનું નિરૂપણમાત્ર કરે છે. તેથી એક નિશ્ચયનય જ કલ્યાણકારી છે.....’’

ગાથા ૫૪૫ : અન્વયાર્થ :- ‘‘જ્ઞેય-જ્ઞાયકમાં સંભવ થવાવાળા સંકરદોષના ભ્રમને ક્ષય કરવો અથવા અવિનાભાવથી સામાન્યને સાધ્ય અને વિશેષને સાધક થવું એ જ આ ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનયનું પ્રયોજન છે.’’

અર્થાત્ ‘પરને જાણતા સંકરદોષ થાય છે’ એવા ભ્રમનો નાશ કરવો તે પ્રયોજન છે અને સાથે સાથે તેમ પણ જણાવેલ છે કે પરને જાણવું તે સ્વમાં જવાની સીડી છે. કારણ કે સ્થૂળથી જ સૂક્ષ્મમાં જવાય અર્થાત્ પ્રગટથી જ અપ્રગટમાં જવાય અર્થાત્ વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય એ જ નિયમ

છે. અર્થાત્ પરને જાણવું તે સમ્યગ્દર્શન થવામાં મદદરૂપ થઈ શકે છે, નહિ કે અડચણરૂપ. માટે કોઈએ 'પરને જાણતા આત્મા મિથ્યાદૃષ્ટિ થઈ જશે' એવું માનવાને કોઈ કારણ નથી. કારણ કે તે જ તો જ્ઞાનનો સ્વભાવ છે. જેમ **સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા** ગાથા ૨૪૭માં જણાવેલ છે કે ''જો બધીય વસ્તુ એક જ્ઞાન જ છે અને તે જ નાનારૂપથી સ્થિત છે - રહે છે, તો એમ માનતા જ્ઞેય કાંઈ પણ ન ઠર્યું, અને જ્ઞેય વિના જ્ઞાન જ કેવી રીતે ઠરશે ?'' ભાવાર્થ : ''.......... કારણ કે જ્ઞેયને જાણે તે જ જ્ઞાન કહેવાય છે પણ જ્ઞેય વિના જ્ઞાન નથી.''

ભાવાર્થ :- ''ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાએ અર્થવિકલ્પને ('આ પરજ્ઞેય છે'- એવા વિકલ્પાત્મક જ્ઞાનને) પ્રમાણ (અર્થાત્ સ્વ-પરને જાણવાને પ્રમાણ) કહેવાનું પ્રયોજન આ છે કે એમ કહેવાથી જ્ઞાન અને જ્ઞેયમાં જે સંકરપણાનો ભ્રમ થતો હતો (અર્થાત્ જેઓને લાગે છે કે 'આત્મા પરને જાણે છે' એમ માનતા સમ્યગ્દર્શન નહિ થાય તેવો તેઓને સંકરપણાનો ભ્રમ થાય છે.) તે ભ્રમનું આ નિવારણ થઈ જાય છે. કારણ કે જ્ઞાનને અર્થવિકલ્પાત્મક (પરને જાણવાવાળું) કહેવું એ ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયની અપેક્ષાથી છે. જ્ઞાન, જ્ઞાયક છે તથા સ્વ-પર, જ્ઞેય થાય છે. તેથી જ્ઞાન અને જ્ઞેયમાં વાસ્તવમાં સંકરતા થતી નથી (પૂર્વે જેમ અરીસાનું દૃષ્ટાંત સમજાવ્યું છે તે પ્રમાણે). બીજું પ્રયોજન આ પ્રમાણે છે કે અર્થવિકલ્પાત્મક વિશેષ જ્ઞાન (પરને જાણવું) સાધક (અર્થાત્ સ્વમાં જવાની સીડી) છે તથા સામાન્ય જ્ઞાન સાધ્ય છે (અર્થાત્ પરને જાણવું તે જ્ઞાયકમાં જવાની સીડી છે એટલે કે સમ્યગ્દર્શન કરવા માટેની તે રીત અરીસાના દૃષ્ટાંતની જેમ જ છે). અર્થાત્ સામાન્ય જ્ઞાન, અનુપચરિત સદ્ભૂત વ્યવહારનયનો વિષય સાધ્ય (અર્થાત્ જ્ઞાયક, પરમ પારિણામિક ભાવ, દૃષ્ટિનો વિષય સાધ્ય) છે તથા જ્ઞાનને અર્થવિકલ્પાત્મક (અર્થાત્ જ્ઞાન પરને જાણે છે એમ) કહેવું એ ઉપચરિત સદ્ભૂત વ્યવહારનયનો વિષય સાધક (સીડી) છે.''

અત્ર વિશેષ એ છે કે તેથી જ ભેદજ્ઞાન (સમ્યગ્દર્શન) માટે કહી શકાય કે જેમ કોઈ મહેલના ઝરૂખામાંથી નિહાળતો પુરુષ, પોતે જ જ્ઞેયોને નિહાળે છે, નહિ કે ઝરૂખો; તે જ રીતે આ ઝરૂખારૂપી આંખથી જે જ્ઞેયોને નિહાળે છે, તે જ્ઞાયક પોતે જ, નહિ કે આંખો. અને 'તે જ હું છું' 'સોહં', તે 'જ્ઞાનમાત્ર સ્વરૂપ જ હું છું' અર્થાત્ હું માત્ર જોવા-જાણવાવાળો જ્ઞાયક-જ્ઞાનમાત્ર-શુદ્ધાત્મા છું, આમ લક્ષમાં લેતા જ્ઞાયકરૂપ સામાન્ય જ્ઞાન સાધ્ય થાય છે અને પરને જાણવું તે સાધન(સીડી)રૂપે થાય છે કે જે અર્થવિકલ્પાત્મક જ્ઞાન છે. આ જ (અન્ય યોગ્યતાઓ હોય તો) સમ્યગ્દર્શનની રીત છે. જીવને પરને જાણવાવાળો કહીને તેમાંથી પ્રયોજન સિદ્ધ કર્યા બાદ હવે જીવને ક્રોધાદિવાળો

કહેવાથી શું પ્રયોજન સિદ્ધ થાય છે ? તે જણાવે છે. અર્થાત્ 'રાગ જીવમાં થાય છે' તેનાથી શું પ્રયોજન છે ? –

ગાથા ૫૬૫ : અન્વયાર્થ :- ''(વર્ણાદિભાવો જીવના છે) એ પ્રકારનું કહેવું બરાબર નથી. કારણ કે જેવી રીતે ક્રોધાદિભાવો (રાગાદિભાવો) જીવના સંભવે છે તેવી રીતે પુદ્‌ગલાત્મક શરીરના વર્ણાદિક જીવના સંભવી શક્તા જ નથી.''

આપણે જે સમ્યગ્દર્શન માટે ભેદજ્ઞાનની વિધિ સમજ્યા કે પ્રથમ પુદ્‌ગલથી ભેદજ્ઞાન અને પછીથી જીવના રાગાદિરૂપ ભાવો કે જે કર્મને=પુદ્‌ગલને આશ્રિત છે, તેનાથી ભેદજ્ઞાન અને તે ભેદજ્ઞાન પછી જ શુદ્ધાત્મા પ્રાપ્ત થાય છે. તેથી જ અહીં જણાવ્યું છે કે શરીરના વર્ણાદિભાવો તો આત્માના છે જ નહિ, પણ જે રાગાદિભાવો છે તે (ભાવરાગાદિભાવો) તો જીવમાં જ થાય છે. અર્થાત્ જીવ જ તે રૂપે પરિણમે છે, જીવ કર્મના નિમિત્તે તે રૂપે પરિણમે છે. તેથી જો ભાવરાગાદિ ભાવો જીવના કહીએ તો કહી શકાય. તેનાથી શું પ્રયોજન સિદ્ધ થાય છે ?

ભાવાર્થ :- ''(ક્રોધાદિ ભાવોને જીવના કહેવા તે નયાભાસ જ છે તેવી) ઉપર કહેલી શંકા બરાબર નથી. કારણ કે તે ક્રોધાદિ ભાવ તો જીવમાં થનારા ઔદયિક ભાવરૂપ છે. તેથી તે જીવના તદ્‌ગુણ (જીવનું જ પરિણમન) છે. અને તે જીવનો નૈમિત્તિક ભાવ હોવાથી તેને સર્વથા પુદ્‌ગલનો કહી શકાતો નથી. પણ જીવને વર્ણાદિવાળો કહેવામાં આવે ત્યાં તો વર્ણાદિક સર્વથા પુદ્‌ગલના જ હોવાથી તેને જીવના કઈ રીતે કહી શકાય ?

વળી ક્રોધાદિ ભાવોને જીવના કહેવામાં તો આ પ્રયોજન છે કે પરલક્ષે થનારા ક્રોધાદિ ભાવો ક્ષણિક હોવાથી અને આત્માનો સ્વભાવ નહિ હોવાથી તે ઉપાદેય નથી. માટે તેને ટાળવા જોઈએ. આવું સમ્યગ્જ્ઞાન થાય છે. તેથી (પરંતુ જે લોકો એકાંતે શુદ્ધતાના ભ્રમમાં હોય છે તેઓ ક્રોધાદિ કરવા છતાં, તેને પોતાના નહિ માનીને સ્વચ્છંદી થાય છે, તે સમ્યગ્જ્ઞાન નથી પણ મિથ્યાત્વ છે.) ક્રોધને જીવનો કહેવો તેમાં તો ઉપર્યુક્ત સમ્યક્‌નય લાગુ પડી શકે છે (અર્થાત્ જે તેને એકાંતે પરના માને છે તે મિથ્યાત્વી છે). પરંતુ જીવને વર્ણાદિવાળો કહેવામાં તો કાંઈ પણ પ્રયોજનની સિદ્ધિ થઈ શકતી નથી. માટે જીવને ક્રોધાદિવાળો કહેનારા અસદ્‌ભૂત વ્યવહારનયમાં તો નયાભાસપણાનો દોષ આવતો નથી. પણ જીવને વર્ણાદિવાળો કહેવામાં તો તે દોષ આવે છે. તેથી તે નયાભાસ છે.''

અમે પૂર્વે સમ્યગ્દર્શનની રીત વિશે ચર્ચા કરતી વખતે જે નિર્વિકલ્પ અનુભૂતિરૂપ સમ્યગ્દર્શન જણાવેલ તે જ ભાવ વિશેષ સ્પષ્ટ કરતા આગળ જણાવે છે કે ત્યારે ત્યાં કોઈ પણ નયનું અવલંબન નથી.

ગાથા ૬૪૮ : અન્વયાર્થ :- ''તે સ્વાનુભૂતિનો મહિમા આ પ્રમાણે છે કે વ્યવહારનયમાં (‘જીવના જ્ઞાન-દર્શન’ આમ) ભેદ દર્શાવનારા (ઈતિ-ઈતિસ્વરૂપ) વિકલ્પો ઊઠે છે અને તે નિશ્ચયનય સર્વ પ્રકારના વિકલ્પોને નિષેધ કરવાવાળો હોવાથી (નેતિ-નેતિસ્વરૂપ હોવાથી) એક પ્રકારથી તેમાં નિષેધાત્મક વિકલ્પ થાય છે. તથા વાસ્તવિકપણે જોવામાં આવે તો સ્વસમયસ્થિતિમાં (સ્વાત્માનુભૂતિમાં) ન (વ્યવહારનયનો વિષયભૂત-ઈતિ-ઈતિસ્વરૂપ) વિકલ્પ છે કે ન (નિશ્ચયનયનો વિષયભૂત-નેતિ-નેતિસ્વરૂપ) નિષેધ છે, પરંતુ કેવળ ચેતનાનું સ્વાત્માનુભવન છે.''

અમુક લોકો પ્રશ્ન કરે છે કે નિષેધ વગરનો દૃષ્ટિનો વિષય કઈ રીતે હોય ? તો તેઓને અમે જણાવીએ છીએ કે દૃષ્ટિના વિષયમાં ન (વ્યવહારનયસંમત) ભેદરૂપ વિકલ્પ છે (અર્થાત્ અભેદ દ્રવ્યનું ગ્રહણ છે) અને ન તો (નિશ્ચયનયમાન્ય) નિષેધરૂપ વિકલ્પ છે. અર્થાત્ જેનો (અશુદ્ધ ભાવોનો = વિભાવભાવોનો) નિષેધ કરવાનો હોય છે, તેના ઉપર દૃષ્ટિ જ નથી. તેથી જ તેઓ અત્યંત ગૌણ થઈ જાય છે. અને દૃષ્ટિ, માત્ર દૃષ્ટિના વિષયરૂપ શુદ્ધાત્મા ઉપર જ હોય છે કે જે નિર્વિકલ્પ જ હોય છે અને તે જ (અન્ય યોગ્યતાઓ હોય તો) સમ્યગ્દર્શનની વિધિ છે. તેથી કહી શકાય કે નિષેધ ન કરતા, તેના ઉપરથી દૃષ્ટિ જ હટાવી લેવાની છે. આ છે વિધિ સમ્યગ્દર્શનની. તેથી જેને નિષેધનો આગ્રહ હોય તેઓએ તે છોડી દેવો. કારણ કે નિષેધ એ પણ નિશ્ચયનયનો પક્ષ છે. જ્યારે સમ્યગ્દર્શનનો વિષય પક્ષાતીત છે, નયાતીત છે. તેથી દરેક પ્રકારનો પક્ષ અને આગ્રહ છોડ્યા વગર સમ્યગ્દર્શન થવું જ શક્ય નથી.

બીજું સમજવાનું એ છે કે વસ્તુ જેમ છે તેમ સમજવી પડશે. અર્થાત્ આત્મામાં રાગાદિ થાય છે, તો તે કઈ અપેક્ષાએ ? નિયમસાર અને સમયસાર જેવા આધ્યાત્મિક શાસ્ત્રોમાં જો એમ લખ્યું છે કે તે રાગાદિક જીવના નથી, તો તે પણ કોઈ અપેક્ષાએ જ જણાવેલ છે, એકાંતે નહિ. તે માત્ર સમ્યગ્દર્શનના વિષય ઉપર દૃષ્ટિ કરાવવા અર્થાત્ સમ્યગ્દર્શન કરાવવા જ જણાવેલ છે. કોઈ તેને એકાંતે લઈને સ્વચ્છંદે પરિણમે તો તે તેમની મહાન ભૂલ છે કે જેનું ફળ અનંત સંસાર છે. તે જ વાત આગળ જણાવે છે.

ગાથા ૬૬૩ : અન્વયાર્થ :- ''તથા અહીં કેવળ સામાન્યરૂપ વસ્તુ (પરમ પારિણામિક ભાવ) નિશ્ચયથી નિશ્ચયનયનું કારણ છે. તથા (અન્ય યોગ્યતાઓ હોય તો) કર્મરૂપ કલંકથી રહિત જ્ઞાનસ્વરૂપ આત્માની (પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માની) સિદ્ધિ (=અનુભૂતિ) ફળ છે.''

તેથી સમજવાનું એ છે કે આવા આધ્યાત્મિક શાસ્ત્રોનો આશય કોઈ પણ વસ્તુને એકાંતે

પ્રરૂપવાનો જરા પણ નથી. તેથી તેને એકાંતે તેમ ન લેવું. પરંતુ તેનો આશય માત્ર સમ્યગ્દર્શનનો જે વિષય છે તે અર્થાત્ જે સ્વાત્માનુભૂતિના કાળે અનુભવમાં આવે છે તેનું જ્ઞાન કરાવવાનો જ છે. માત્ર તે જ અપેક્ષાએ આ શાસ્ત્રોમાં 'રાગાદિ વગેરે ભાવો જીવના નથી' એમ જણાવેલ છે. તેને તેમ એકાંતે ન સમજવું, જો કોઈ તેને એકાંતે તેમ સમજે અને પ્રરૂપે, તો તેને જૈન સિદ્ધાંતની બહાર જ સમજવો અર્થાત્ મિથ્યાત્વી જ સમજવો. સમ્યગ્દર્શન પછી સમ્યક્જ્ઞાન કેવું હોય છે ? તે જણાવે છે:-

ગાથા ૬૭૩ : અન્વયાર્થ :- ''એકસાથે સામાન્ય-વિશેષને વિષય કરવાવાળું જ્ઞાન સમ્યક્જ્ઞાન કહેવાય છે. કારણ કે જ્ઞાન આદર્શ (દર્પણ) સમાન છે તથા જ્ઞેય પ્રતિબિંબ સમાન છે.''

ભાવાર્થ :- ''જેમ દર્પણ અને દર્પણમાં રહેલા પ્રતિબિંબનો યુગપત્ પ્રતિભાસ થાય છે. તે જ પ્રમાણે સામાન્ય-વિશેષને યુગપત્ વિષય કરવાવાળું જ્ઞાન, સમ્યક્જ્ઞાન કહેવાય છે, અન્ય નહીં. (અર્થાત્ કોઈ કહે કે 'આત્મા પરને જાણતો નથી' એવી વ્યવસ્થા હોવાથી 'આત્મા પરને જાણે છે' એમ કહેવું મિથ્યાત્વ સમાન છે, તો અત્ર જણાવે છે કે તે તેમ નથી.) કારણ કે જ્ઞાનને દર્પણ સમાન (અર્થાત્ જો કોઈ કહે કે 'જ્ઞાન પરને જાણે છે' એવું ન લેવું તો તેઓને અત્ર જણાવે છે કે જો તેમ લેવામાં આવે, તો જ્ઞાનની જ સિદ્ધિ નહિ થાય) તથા તેમાં રહેલા વિષયને (અર્થાત્ જ્ઞેયને) પ્રતિબિંબ સમાન માનવામાં આવ્યો છે..''

કોઈ એમ કહે કે 'જ્ઞાન પરને જાણતું નથી' તો આવું જ્ઞાન સમ્યક્જ્ઞાન કહેવાતું નથી. તે વાત ક્યારેય ભૂલવા જેવી નથી. અન્યથા આપણે વિભ્રમમાં રહીને આપણું જ પરમ અહિત કરીશું.

# ૧૨

# આત્મજ્ઞાનરૂપ સ્વાત્માનુભૂતિ પરોક્ષ કે પ્રત્યક્ષ ?

**કો**ઈને પ્રશ્ન થાય કે જે સ્વાત્માનુભૂતિનું વર્ણન કરવામાં આવ્યું કે જે નિશ્ચયસમ્યગ્દર્શન છે, તે પ્રત્યક્ષ છે કે પરોક્ષ છે ? અને તે કયા પ્રકારના ક્ષાયોપશમિક જ્ઞાનથી થાય છે ? તેના ઉત્તરરૂપ **પંચાધ્યાયી પૂર્વાર્ધ**ની ગાથા :-

ગાથા ૭૦૬ : અન્વયાર્થ :- ''તથા વિશેષમાં આ છે કે સ્વાત્માનુભૂતિના વખતમાં જેટલા પ્રથમના તે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ બે રહે છે તેટલા, તે બધાય સાક્ષાત્ પ્રત્યક્ષની માફક પ્રત્યક્ષ છે, અન્ય એટલે પરોક્ષ નથી.''

ભાવાર્થ :- ''તથા એ મતિ અને શ્રુતજ્ઞાનોમાં પણ આટલી વિશેષતા છે કે (પહેલા આ બન્ને જ્ઞાનને પરોક્ષ તરીકે પ્રતિપાદિત કરેલ છે. તેથી હવે તેની વિશેષતા જણાવે છે અર્થાત્ અપવાદ જણાવે છે.) જે સમયે તે બન્નેમાંથી કોઈ એક જ્ઞાન દ્વારા સ્વાત્માનુભૂતિ થાય છે તે સમયે એ બન્ને જ્ઞાન પણ અતીન્દ્રિયસ્વાત્માને પ્રત્યક્ષ કરે છે. તેથી તે બન્ને જ્ઞાન પણ સ્વાત્માનુભૂતિના સમયમાં પ્રત્યક્ષરૂપ છે, પણ પરોક્ષ નથી.''

અર્થાત્ સમ્યગ્દર્શન એ અનંતાનુબંધી કષાય ચોકડી અને દર્શનમોહના ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયથી થાય છે. પરંતુ તેની સાથે જ નિયમથી સમ્યક્જ્ઞાનરૂપ શુદ્ધોપયોગ ઉત્પન્ન થતો હોવાથી તે શુદ્ધોપયોગને જ સ્વાત્માનુભૂતિ કહેવાય છે કે જે જ્ઞાનાવરણીયના ક્ષયોપશમરૂપ હોય છે અને તે શુદ્ધોપયોગ અર્થાત્ સ્વાત્માનુભૂતિ તો વિભાવરહિત આત્માની (=શુદ્ધાત્માની) હોવાથી તેને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ કહેવાય છે. અહીં કહેવાનો આશય એ છે કે સ્વાત્માનુભૂતિના કાળે મનોયોગ હોવા છતાં ત્યારે મન પણ અતીન્દ્રિય રૂપે (આત્માનો અનુભવ કરતા, આત્માની સાથે એક થઇને) પરિણમવાથી તેને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ કહેવાય છે.

# ૧૩

# સ્વાત્માનુભૂતિ આત્માના ક્યા પ્રદેશે ?

**કો**ઈને પ્રશ્ન થાય કે સ્વાત્માનુભૂતિરૂપ અનુભવ અર્થાત્ શુદ્ધાત્મામાં 'હુંપણું' - અતીન્દ્રિય જ્ઞાન શરીરમાં ક્યા ભાગમાં થાય છે ? ઉત્તર :- તેના ઉત્તરરૂપે **પંચાધ્યાયી પૂર્વાર્ધ**ની છ ગાથાઓમાં જણાવેલ છે કે હૃદયકમળમાં રહેલા ભાવમનમાં અને દ્રવ્યમનમાં થાય છે.

ગાથા ૭૧૧-૭૧૨ : અન્વયાર્થ :- ''તેનો ખુલાસો આ પ્રમાણે છે કે આ શુદ્ધ સ્વાનુભૂતિના સમયમાં સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર - એ પ્રમાણે પાંચે ઇન્દ્રિયો ઉપયોગી માની નથી. પરંતુ ત્યાં કેવળ મન જ ઉપયોગી માનવામાં આવ્યું છે. તથા અહીં નિશ્ચયથી પોતાના અર્થની અપેક્ષાથી નોઇન્દ્રિય છે બીજું નામ જેનું એવું તે મન, દ્રવ્યમન તથા ભાવમન એ પ્રમાણે બે પ્રકારનું છે.''

ગાથા ૭૧૩ : અન્વયાર્થ :-''હૃદયકમળમાં ઘનાંગુલના અસંખ્યાતમા ભાગમાત્ર છે પ્રમાણ જેનું એવું જે દ્રવ્યમન હોય છે તે અચેતન હોવા છતાં પણ જ્ઞાનના વિષયને ગ્રહણ કરતી વેળા ભાવમનને સહાયતા કરવા સમર્થ થાય છે. અર્થાત્ દ્રવ્યમન, ભાવમનને સહાયતા કરે છે.''

અર્થાત્ કોઈને લાગે કે મને અનુભવ હૃદયના ભાગમાં જ થાય છે પરંતુ એવું એકાન્તે નથી. કારણ કે દ્રવ્યમન હૃદયકમળમાં ભલે હોય પરંતુ ભાવમનરૂપ આત્માનો ક્ષયોપશમ તો આત્માના સર્વ પ્રદેશે હોવાથી અનુભૂતિ સંપૂર્ણ આત્માની હોય છે અને તે આત્માના સર્વ પ્રદેશે હોય છે.

ગાથા ૭૧૪ : અન્વયાર્થ :- ''સ્વઆવરણના ક્રમપૂર્વક ઉદયભાવી ક્ષયથી જ લબ્ધિ અને ઉપયોગસહિત જે કેવળ આત્મઉપયોગરૂપ જ આત્માનો પરિણામ છે તે ભાવમન છે.'' અર્થાત્ ભાવમન આત્માના સર્વ પ્રદેશે છે.

ગાથા ૭૧૫-૭૧૬ : અન્વયાર્થ :- ''સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર - એ પાંચે ઇન્દ્રિયો એક મૂર્તિક પદાર્થોને જાણવાવાળી છે. તથા મન, મૂર્તિક તથા અમૂર્તિક બન્ને પદાર્થોને જાણવાવાળું છે. તેથી અહીં આ કથન નિર્દોષ છે કે સ્વાત્માના ગ્રહણમાં નિશ્ચયથી મન જ ઉપયોગી છે. પરંતુ આટલું વિશેષ છે કે- વિશિષ્ટ દશામાં (અતીન્દ્રિય જ્ઞાનમાં = સ્વાત્માનુભૂતિમાં) તે મન પોતે જ જ્ઞાનરૂપ થઈ જાય છે.''

અત્ર સમજવાનું એ છે કે જે ભાવમન કહ્યું છે તે આત્માના જ્ઞાનનો જ ક્ષયોપશમરૂપ એક ઉપયોગ વિશેષ છે, અન્ય કાંઈ નથી, અજીવ દ્રવ્ય નથી. તે ભાવમન આત્માનો વિશિષ્ટ ક્ષયોપશમ હોવાથી તે આત્માના સર્વ પ્રદેશે હોય છે. પરંતુ દ્રવ્યમન હૃદયકમળમાં હોવાથી તે અપેક્ષાએ 'સ્વાત્માનુભૂતિરૂપ અનુભવ હૃદયકમળમાં થાય છે' -એમ કહેવાય છે.

# ૧૪
# શું ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન નથી ?

**બી**જું ઘણા લોકો એવું માને છે કે ઇન્દ્રિયજ્ઞાન તો જ્ઞાન જ નથી. તો તેમાં સમજવાનું એ છે કે જે દ્રવ્યઇન્દ્રિય અને દ્રવ્યનોઇન્દ્રિયરૂપ મન છે તે પુદ્ગલનું બનેલું હોવાથી, તે અપેક્ષાએ એવું કહી શકાય કે ઇન્દ્રિયજ્ઞાન તો જ્ઞાન જ નથી. અથવા ઇન્દ્રિયજ્ઞાન ખંડ ખંડ જ્ઞાનરૂપ હોવાથી તે અપેક્ષાએ પણ એવું કહી શકાય કે ઇન્દ્રિયજ્ઞાન તો જ્ઞાન (અખંડ જ્ઞાન) જ નથી. ખરેખર જોતા તે પુદ્ગલરૂપ અજીવ ઇન્દ્રિયો જ્ઞાનના નિમિત્ત માત્ર છે. પરંતુ જ્ઞાન તો આત્માનું લક્ષણ હોઈને અન્ય કોઈ પણ દ્રવ્યમાં હોતું જ નથી. તો પછી પ્રશ્ન થશે કે ઇન્દ્રિયજ્ઞાન થાય છે કઈ રીતે ?

તેનો ઉત્તર એવો છે કે ખરેખર જે ભાવઇન્દ્રિય અને ભાવનોઇન્દ્રિયરૂપ આત્માના જ્ઞાનનું (અર્થાત્ આત્માનું) ક્ષયોપશમરૂપ વિશિષ્ટ પરિણમન છે, તે જ જ્ઞાન કરે છે. તે જ્ઞાનને (ઇન્દ્રિયોની અપેક્ષાએ આત્માએ કરેલ જ્ઞાનને) ઇન્દ્રિયજ્ઞાન અને નોઇન્દ્રિયજ્ઞાન એવી સંજ્ઞા મળે છે. ખરેખર જ્ઞાન તો આત્માનું જ લક્ષણ છે. અન્ય કોઈ દ્રવ્ય જ્ઞાન કરતું જ નથી. તેથી સમજવાનું એ છે કે માત્ર તે શરીરસ્થ આત્મા જ જ્ઞાન કરે છે કે જે વાત **પરમાત્મપ્રકાશ** – ત્રિવિધ આત્માધિકાર ગાથા ૪૫માં પણ જણાવેલ છે કે ''જે આત્મારામ શુદ્ધ નિશ્ચયનયથી અતીન્દ્રિય જ્ઞાનમય છે, તો પણ અનાદિ બંધના કારણે વ્યવહારનયથી ઇન્દ્રિયમય શરીરને ગ્રહણ કરીને પોતાની પાંચ ઇન્દ્રિયો દ્વારા રૂપાદિ પાંચેય વિષયોને જાણે છે. અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનરૂપે પરિણમીને ઇન્દ્રિયોથી રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શને જાણે છે...'' અને તેને જ અપેક્ષાએ ઇન્દ્રિયજ્ઞાન કહેવાય છે. તેથી વાસ્તવમાં ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાનની અપેક્ષાએ આત્મા જ છે, અન્ય કોઈ નહિ. તેથી ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ છે. તે જ વાત **પંચાધ્યાયી પૂર્વાર્ધ**ની ગાથાઓમાં આગળ દૃઢ કરે છે.

ગાથા ૭૧૭-૭૧૮ : અન્વયાર્થ :- ''નિશ્ચયથી સૂત્રથી જે મતિજ્ઞાન છે તે ઈન્દ્રિયથી અને મનથી ઉત્પન્ન થાય છે. તથા 'મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાન થાય છે' -એવું જે કહ્યું છે, તે કથન અસિદ્ધ નથી. સારાંશ આ છે કે નિશ્ચયથી ભાવમન, જ્ઞાનવિશિષ્ટ (=આત્મજ્ઞાનમય) થતું એવું પોતે જ

અમૂર્ત છે. તેથી તે ભાવમન દ્વારા થવાવાળું અહીં આત્મદર્શન અતીન્દ્રિયપ્રત્યક્ષ કેમ ન હોય ?''

અત્ર સમજવાનું એ છે કે ઇન્દ્રિયજ્ઞાન હોય કે અતીન્દ્રિયજ્ઞાન, પરંતુ તમામ જ્ઞાન નિયમથી આત્માનું જ હોય છે, અન્ય કોઈ દ્રવ્યનું નહિ. કારણ કે જ્ઞાન તો આત્માનું લક્ષણ છે. તેથી એમ પણ કહી શકાય કે ઇન્દ્રિયજ્ઞાન સ્વમાં જવાની સીડી છે. કારણ કે દ્રવ્યઇન્દ્રિય ભલે પુદ્‌ગલરૂપ અજીવ હોય, પરંતુ તેના નિમિત્તે જે જ્ઞાન થાય છે તે વિશેષ જ્ઞાનને અર્થાત્ તે જ્ઞાનાકારને ગૌણ કરતા જ ત્યાં સામાન્ય જ્ઞાન અર્થાત્ જ્ઞાયક હાજર જ હોય છે કે જે દૃષ્ટિનો વિષય છે કે જેમાં 'હુંપણું' થતા જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. કારણ કે સ્થૂલથી જ સૂક્ષ્મમાં જવાય અર્થાત્ પ્રગટથી જ અપ્રગટમાં જવાય અર્થાત્ વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય એ જ નિયમ છે.

ભાવાર્થ :- ''....... સારાંશ આ છે કે સ્વાત્મરસમાં નિમગ્ન થવાવાળું ભાવમન પોતે જ અમૂર્ત હોઈને સ્વાનુભૂતિના સમયમાં આત્મપ્રત્યક્ષ કરવાવાળું કહેવામાં આવ્યું છે. જેમ શ્રેણી ચઢતા સમયે જ્ઞાનની જે નિર્વિકલ્પ અવસ્થા છે તે નિર્વિકલ્પ અવસ્થામાં ધ્યાનની અવસ્થાસંપન્ન શ્રુતજ્ઞાન વા એ શ્રુતજ્ઞાનની પહેલાનું મતિજ્ઞાન અતીન્દ્રિય પ્રત્યક્ષ હોય છે. તે જ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનથી માંડીને સાતમા ગુણસ્થાનવર્તી છે. તેમનું મતિ-શ્રુતજ્ઞાનાત્મક ભાવમન પણ સ્વાનુભૂતિના સમયમાં વિશેષ દશાસંપન્ન થવાથી શ્રેણીના જેવું તો નથી, પરંતુ તેની ભૂમિકાને યોગ્ય નિર્વિકલ્પ તો થાય છે. તેથી એ મતિ-શ્રુતજ્ઞાનાત્મક ભાવમનને સ્વાનુભૂતિના સમયમાં પ્રત્યક્ષ માનવામાં આવે છે. ત્યાં એ જ કારણ છે કે મતિશ્રુતજ્ઞાન વિના કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ શકતી નથી, પરંતુ અવધિ -મનઃપર્યયજ્ઞાન વિના થઈ શકે છે.''

સ્વાત્મરસમાં નિમગ્ન થવાવાળું ભાવમન અર્થાત્ વિકલ્પયુક્ત આત્મામાંથી (= પર્યાયમાંથી) વિકલ્પને (= વિશેષને) ગૌણ કરતા જ અર્થાત્ વિકલ્પને, નિર્વિકલ્પમાં નિમગ્ન કરતા (= ડુબાડતા) જ સામાન્યરૂપ આત્માની અર્થાત્ પરમ પારિણામિક ભાવની અનુભૂતિ થાય છે કે જેને નિર્વિકલ્પ અનુભૂતિ કહેવાય છે કે જે અતીન્દ્રિય પ્રત્યક્ષ હોય છે કે જે અનુભવની વિધિ છે. તે જ અન્ય યોગ્યતા સહ સમ્યગ્દર્શનની રીત છે.

હવે આપણે **પંચાધ્યાયી ઉત્તરાર્ધ**ની (પં. દેવકીનંદજીકૃત હિંદી ટીકાના આધાર ઉપરથી સરળ ગુજરાતી ટીકા અનુવાદક સોમચંદ અમથાલાલ શાહ - પ્રકાશક ભગવાન શ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા, પુષ્પ ૩૨, આવૃત્તિ ૧) ગાથાઓથી આ જ બધા ભાવો દૃઢ કરીશું :-

ગાથા ૪૬૧-૪૬૨ : અન્વયાર્થ :- ''અથવા ઇન્દ્રિયજન્ય જ્ઞાન, દેશપ્રત્યક્ષ હોય છે. તેથી વાસ્તવમાં તે આસ્તિક્ય, આત્માના સુખાદિકની માફક સ્વસંવેદનપ્રત્યક્ષ કેવી રીતે થઈ શકે છે ? ઠીક

છે. પરંતુ પ્રથમના મતિ અને શ્રુત એ બે જ્ઞાન, પરપદાર્થોને જાણતા (જાણવાના) સમયે પરોક્ષ છે તથા દર્શનમોહનીયનો ઉપશમ, ક્ષય તથા ક્ષયોપશમ થવાના કારણથી સ્વાનુભવકાળમાં પ્રત્યક્ષ છે.''

શંકાકાર શંકા કરે છે કે ઇન્દ્રિયનો અને મનનો નિરોધ અને ત્રસ-સ્થાવર જીવોની રક્ષા શું છે?

ઉત્તર :- ગાથા ૧૧૧૮ : અન્વયાર્થ :- ''શંકાકારનું ઉપરોક્ત કથન ઠીક છે. કારણ કે જે ઇન્દ્રિયોના સંબંધથી પદાર્થનું જ્ઞાન થાય છે તે જ્ઞાન અસંયમજનક થતું નથી. પરન્તુ એ વિષયોમાં જે રાગાદિ બુદ્ધિ ઉત્પન્ન થતી હતી તેને ન થવા દેવી એ જ ઇન્દ્રિયસંયમ છે.''

અર્થાત્ કોઈએ ઇન્દ્રિયજ્ઞાનથી ડરવાની જરૂર નથી. અર્થાત્ ઇન્દ્રિયજ્ઞાનનો નકાર કરવાની જરૂર નથી. કારણ કે તે આત્માનો જ એક ઉપયોગ વિશેષ છે. તેથી જ તે જ્ઞાન અસંયમજનક થતું નથી. પરંતુ તે જ્ઞાનના વિષયોમાં જે રાગાદિ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેને ન થવા દેવી, એ જ સંયમ છે અને એ જ કર્તવ્ય છે.

# ૧૫
# પર્યાય પરમ પારિણામિક ભાવનો જ બનેલ છે

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથાઓ :-**

ગાથા ૬૧ : અન્વયાર્થ :- ''સ્વયં અનાદિસિદ્ધ સત્‌માં (આત્મામાં) પણ પારિણામિક શક્તિથી (પારિણામિક ભાવથી) સ્વાભાવિકી ક્રિયા તથા વૈભાવિકી ક્રિયા થાય છે.''

ભાવાર્થ :- ''આગમમાં જીવના પાંચ ભાવો કહ્યા છે. તેમાં એક પારિણામિક ભાવ છે. તેને પારિણામિક શક્તિ પણ કહેવામાં આવે છે. તેના બે પ્રકારના પર્યાય થાય છે – એક સ્વાભાવિક તથા બીજો વૈભાવિક (અત્ર જે એક દ્રવ્યના બે પર્યાયો કહ્યા છે, તે અપેક્ષાએ બે છે. વાસ્તવમાં બે ન સમજવા. કારણ કે એક સમયે એક દ્રવ્યનો એક જ પર્યાય હોય છે. પરંતુ તેને સામાન્ય અને વિશેષ એવી બે અપેક્ષાએ બે પર્યાય કહ્યા છે. તેમાં સામાન્યને સ્વાભાવિક પર્યાય કહેવાય છે અને વિશેષને વૈભાવિક પર્યાય કહેવાય છે. તે વિશેષ પર્યાય સામાન્યભાવનો જ બનેલ હોવાથી અર્થાત્ તે પરમ પારિણામિક ભાવનો જ બનેલ હોવાથી, વાસ્તવમાં પર્યાય એક જ હોય છે). આ બન્ને જીવની પોતાની અપેક્ષાએ પારિણામિક ભાવ છે. આ નિશ્ચયકથન છે (જુઓ જયધવલા ભાગ-૧, પૃષ્ઠ ૩૧૯ તથા ધવલાટીકા ભાગ-૫, પૃષ્ઠ ૧૯૭-૨૪૨-૨૪૩) અને કર્મના ઉદયની અપેક્ષા બતાવવા માટે જીવના વિકારી ભાવને (અર્થાત્ વિભાવભાવરૂપ વિશેષ ભાવને) ઔદયિક ભાવ કહેવામાં આવે છે. આ વ્યવહારકથન છે.''

અત્ર સમજવાનું એ છે કે નિશ્ચયનયે (અભેદનયે) જીવને એકમાત્ર પારિણામિક ભાવ જ હોય છે. પરંતુ વ્યવહારનયે (ભેદનયે) તે જ ભાવને સામાન્ય અપેક્ષાએ પરમ પારિણામિક ભાવ અને વિશેષ અપેક્ષાએ ઔદયિકાદિ ચાર ભાવરૂપ કહેવાય છે. અર્થાત્ વિશેષરૂપ ઔદયિકાદિ ચાર ભાવરૂપ પર્યાય સામાન્યભાવની જ બનેલી હોય છે. અર્થાત્ તે પરમ પારિણામિક ભાવની જ બનેલ હોય છે. મતલબ કે ઔદયિકાદિ સર્વ વિશેષભાવરૂપે હું = પરમ પારિણામિક ભાવ જ પરિણમું છું. તેથી મારે = પરમ પારિણામિક ભાવે જ મારામાં = પરમ પારિણામિક ભાવમાં જાગૃતિ રાખવાની છે અને પોતે

પોતામાં 'હુંપણું' કરીને પોતાને ક્રોધ, માન, માયા, લોભ, ભય, પરિગ્રહ, વાસના, વગેરેથી બચાવવાનો છે. તેને સંવરભાવ કહેવાય છે કે જેના થકી નિર્જરા થાય છે.

That means, I =(perfect-permanent) pure awareness = પરમ પારિણામિક ભાવ = જ્ઞાયકભાવ am getting manifested as all the feelings like pain, happiness, etc. and as knowledge, memory, etc. = ઔદયિકાદિ સર્વ વિશેષભાવ but I shall be aware of myself and by doing oneness with it (સ્વભાવમાં 'હુંપણું' કરીને) I have to save the self from being getting involved in sins, lust, anger, ego, deceit, cruelty, fear, possessiveness, etc. for saving myself of bondage, unlimited pain and sufferings.

ગાથા ૬૩-૬૪ : અન્વયાર્થ :- ''શંકાકાર કહે છે કે જો અનાદિ સત્‌માં વૈભાવિકી ક્રિયા (અર્થાત્ વિભાવભાવરૂપ ઔદયિકભાવ) પણ પરિણમનશીલતાથી થાય છે (અર્થાત્ તે ભાવ પણ પારિણામિક ભાવ જ હોય છે), તો નિશ્ચયથી તેમાં સ્વાભાવિકી ક્રિયાથી (અર્થાત્ પરમ પારિણામિક ભાવથી) વિશેષતા રાખવાવાળો કયો વિશેષ ભેદ રહેશે ? તથા પદાર્થોને જાણવાવાળું જ્ઞાન આત્માનું સ્વલક્ષણ છે. તેથી તે જ્ઞાનની આ જ્ઞેયના આકારે થવારૂપ ક્રિયા કેવી રીતે વૈભાવિકી ક્રિયા થઈ શકે છે ?''

આ જ વાત સમયસાર ગાથા ૬માં પણ કર્તા કર્મનું અનન્યપણું જણાવીને સમજાવેલ છે. ત્યાં એમ સમજવું કે કર્મ (જ્ઞેયાકાર = ચાર ભાવ = પર્યાય = વિશેષભાવ), કર્તા (=સહજ જ્ઞાન=પરમ પારિણામિક ભાવ=સામાન્ય ભાવ=જ્ઞાયકભાવ)ના જ બનેલ હોવાથી કર્તા અને કર્મનું અનન્યપણું જણાવેલ છે. અને બીજું સમયસાર ગાથા ૬માં દર્શાવેલ છે કે જાણવાવાળો તે હું અર્થાત્ આત્મા જ્યારે પરને જાણે છે ત્યારે તે જે જ્ઞેયાકાર છે તે ખરેખર જ્ઞાનાકાર જ છે. તે જ્ઞાનાકારમાં પણ જ્યારે આકારરૂપ વિકલ્પને ગૌણ કરવામાં આવે, તો તે જ્ઞાયક જ છે. અર્થાત્ તે જ ''પરમ પારિણામિક ભાવ'' છે, ''કારણશુદ્ધપર્યાય'' છે, તે જ વાત અત્ર પણ દૃઢ થાય છે.

તે જ વાત સમયસાર ગાથા ૧૩માં પણ જણાવેલ છે. તેમાં દૃષ્ટિનો વિષય 'નવ તત્ત્વમાં (પર્યાયમાં) છુપાયેલ આત્મજ્યોતિરૂપ કહ્યો છે.' અર્થાત્ અવ્યક્ત વ્યક્તમાં જ છુપાયેલ છે. અર્થાત્ વ્યક્ત અવ્યક્તનું જ બનેલ છે. છતાં કહેવાય એમ જ કે વ્યક્તને અવ્યક્ત સ્પર્શતું જ નથી. આ જ ખૂબી છે જૈનશાસનના નયચક્રની. આ જ અપેક્ષાએ અવ્યક્તના બોલ સમજવા જરૂરી છે, અન્યથા નહિ. અર્થાત્ એકાંતે નહિ. કારણ કે એકાંત તો અનંત પરાવર્તનનું કારણ થવા સક્ષમ છે. તેથી અમે જ્યારે પ્રશ્ન કરીએ કે તે પર્યાય શેનો બનેલો છે ? અને ઉત્તરમાં અમે જણાવીએ છીએ કે ''પરમ પારિણામિક ભાવનો'' અર્થાત્ જે પર્યાય છે તે દ્રવ્યનો જ (અર્થાત્ ધ્રુવનો જ, પરમ પારિણામિક

ભાવનો જ) બનેલ છે કે જેના વિશે અમે પૂર્વે અનેક આધારો સહિત સમજાવેલ જ છે, તે જ વાત અત્ર દૃઢ થાય છે.

આ જ વાત સમયસારની અમૃતચન્દ્રાચાર્ય કૃત ટીકા શ્લોક ૨૭૧માં પણ જણાવેલ છે. શ્લોકાર્થ :- ''જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું તે જ્ઞેયોના જ્ઞાનમાત્ર જ ન જાણવો, (પરંતુ) જ્ઞેયોના આકારે થતા જ્ઞાનના કલ્લોલરૂપે (=આકારરૂપે) પરિણમતો તે જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતામય વસ્તુમાત્ર જાણવો.'' અર્થાત્ જ્ઞેય (જ્ઞેયાકાર) છે તે જ્ઞાનમય છે, જ્ઞાન છે તે જ્ઞાતામય છે અને તે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેયની એકરૂપતાથી સાબિત થાય છે કે પર્યાય (જ્ઞેયાકાર) જ્ઞાતા(પરમ પારિણામિક ભાવ)ની બનેલ છે. એટલે કે ચાર ભાવ (પર્યાય = વિભાવભાવ) તે એક પરમ પારિણામિક ભાવના જ બનેલા છે. એટલે કે ચારેય ભાવોનું (પર્યાયનું) સામાન્ય તે પરમ પારિણામિક ભાવ છે. એટલે કે જેમ (જ્ઞાયમાન) જ્ઞેયમાં જ્ઞાતા હાજર છે તેમ દરેક પર્યાયમાં જ્ઞાતા = પરમ પારિણામિક ભાવ હાજર જ છે. તે પર્યાય તેનો (=જ્ઞાનનો=જ્ઞાન સામાન્યનો=જ્ઞાતાનો) જ બનેલો છે. અર્થાત્ ચાર ભાવો(પર્યાય = વિભાવભાવ)ને ગૌણ કરતા જ્ઞાયક = પરમ પારિણામિક ભાવ પ્રાપ્ત થાય છે કે જે દૃષ્ટિનો વિષય છે. આ રીતે દરેક પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય હાજરાહાજૂર છે જ. માત્ર તેની દૃષ્ટિ કરતા આવડવું જોઈએ. આથી જ દૃષ્ટિ અનુસાર એમ કહી શકાય કે જે દ્રવ્ય છે તે જ પર્યાય છે (તે પર્યાયદૃષ્ટિ) અથવા જે પર્યાય છે તે જ દ્રવ્ય છે (તે દ્રવ્યદૃષ્ટિ).

જ્ઞાન (આત્મા) સામાન્ય-વિશેષાત્મક હોય છે. જ્ઞાનસામાન્યભાવ (પરમ પારિણામિક ભાવ) નિર્વિકલ્પ હોય છે. જ્યારે જ્ઞાનવિશેષભાવ (ચાર ભાવરૂપ) સવિકલ્પ હોય છે. જેથી કરીને જ્ઞાનસામાન્યભાવ (પરમ પારિણામિક ભાવ)માં 'હુંપણું' કરતા જ='જે જાણવાવાળો છે તે જ હું છું' એમ કરતા જ (જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) નિર્વિકલ્પ અનુભૂતિ થતી હોય છે. આ જ સમ્યગ્દર્શનની રીત છે.

ગાથા ૬૬-૬૭ : અન્વયાર્થ :- ''(વૈભાવિકી તથા સ્વાભાવિકી એ બન્ને ક્રિયાઓ = પર્યાયો જ્યારે પારિણામિક જ છે તો તેમાં કાંઈ જ અંતર નથી) એ પ્રમાણે કહેવું ઠીક નથી. કારણ કે બદ્ધ અને અબદ્ધ જ્ઞાનમાં તફાવત છે. તેમાંથી મોહનીય કર્મથી આવરિત જ્ઞાનને (અર્થાત્ ઔદયિકરૂપ વિશેષ ભાવોને) બદ્ધ કહે છે. તથા એ મોહનીય કર્મથી અનાવરિત જ્ઞાનને (અર્થાત્ સામાન્ય જ્ઞાનને, જ્ઞાયકરૂપ જ્ઞાનને, પરમ પારિણામિક ભાવરૂપ જ્ઞાનને તથા કારણશુદ્ધપર્યાયરૂપ જ્ઞાનને) અબદ્ધ કહે છે. જે જ્ઞાન મોહકર્મથી આવરિત એટલે જોડાયેલું (ઢંકાયેલું) છે, તે જેમ ઇષ્ટ અને અનિષ્ટ અર્થના સંયોગથી પોતાની મેળે જ રાગ-દ્વેષમય થાય છે, તેમ જ તે પ્રત્યેક પદાર્થને ક્રમે ક્રમે વિષય કરવાવાળું હોય છે અર્થાત્ તે સર્વ પદાર્થોને એકસાથે વિષય કરવાવાળું હોતું નથી.'' આ જ વિષયને ગાથા

૧૩૦માં વિશેષ સ્પષ્ટ કરેલ છે તેથી હવે તે જોઈશું.

ગાથા ૧૩૦ : અન્વયાર્થ :- ''પરગુણઆકારરૂપ પારિણામિકી ક્રિયા બંધ કહેવાય છે. તથા એ ક્રિયાના થવાથી જ એ બંને જીવ અને કર્મોનું પોતપોતાના ગુણોથી ચ્યુત થવું થાય છે તે અશુદ્ધતા કહેવાય છે.'' અર્થાત્ પારિણામિકી ક્રિયારૂપે એટલે ઔદયિકભાવરૂપે (પર્યાયરૂપે) પરમ પારિણામિક ભાવ (સામાન્ય ભાવ) જ પરિણમે છે.

ભાવાર્થ :- ''દરેક દ્રવ્યમાં પારિણામિક ભાવ હોય છે. જીવ અને પુદ્‌ગલમાં તેની બે પ્રકારની ક્રિયા થાય છે. એક શુદ્ધ તથા બીજી અશુદ્ધ. દરેક દ્રવ્ય તે ક્રિયા પોતે સ્વયં કરતું હોવાથી તે ક્રિયા પારિણામિક ભાવે છે. જેમ જીવમાં ક્રોધ થાય છે તે સ્વઅપેક્ષાએ પારિણામિક ભાવ (ક્રિયા) છે (અર્થાત્ ઔદયિકભાવ ખરેખર તો પરમ પારિણામિક ભાવનો જ બનેલો છે) (જુઓ જયધવલ ભાગ ૧, પૃષ્ઠ ૩૧૯ તથા શ્રી ષટખંડાગમ પુસ્તક ૫, પૃષ્ઠ ૧૯૭-૨૪૨-૨૪૩). વળી વિકારીભાવોમાં કર્મના ઉદયની અપેક્ષા બતાવવી હોય ત્યારે તે પર્યાયને ઔદયિકી પણ કહેવાય છે (આ જ વાત પૂર્વે અમે જણાવેલ કે ઔદયિકભાવરૂપ પર્યાય ખરેખર પારિણામિક ભાવનો જ બનેલ છે કે જે તેનો સામાન્યભાવ કહેવાય છે). પરંતુ તેથી કાંઈ એમ ન સમજવું કે જીવમાં પરનો કોઈ પણ ગુણ આવી જાય છે.

બીજું, જે ભાવ (વિભાવભાવ) જીવમાંથી નીકળી જવા યોગ્ય હોય છે તે પોતાનું સ્વરૂપ નહિ હોવાથી નિશ્ચયનયે તે પોતાના નથી. તેને પરભાવ, પરગુણાકાર વગેરે નામથી ઓળખવામાં આવે છે. આ અપેક્ષાએ જીવના વિકારી ભાવને નિશ્ચયનયથી પુદ્‌ગલપરિણામ કહેવામાં આવે છે. કારણ કે તે જીવનો સ્વભાવ નથી અને પુદ્‌ગલના સંબંધથી થાય છે. તેથી એ વિકારભાવ નિશ્ચયબંધ છે. એ વિકારી પારિણામિકી ક્રિયા થતા જ પોતાના ગુણથી ચ્યુત થવું તે અશુદ્ધતા છે.''

મતલબ એ છે કે જે જીવનો પરમ પારિણામિક ભાવ છે અર્થાત્ જે જીવનું સહજ પરિણમન છે, તે જ પરલક્ષે અશુદ્ધતારૂપે પરિણમીને નિશ્ચયબંધરૂપ થાય છે. તેથી જ તે અશુદ્ધતાને ગૌણ કરતા જ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે હાજર જ હોય છે. તે જ અપેક્ષાએ સમયસાર ગાથા ૧૩માં પણ જણાવ્યું છે કે, 'નવતત્ત્વમાં ઘણા કાળથી છુપાયેલ આત્મજ્યોતિ' અર્થાત્ તે નવતત્ત્વરૂપ જે જીવનું પરિણમન છે (પર્યાય છે), તેમાંથી અશુદ્ધિઓને ગૌણ કરતા જ જે શેષ રહે છે તે જ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા છે. તે જ કારણશુદ્ધપર્યાય છે, તે જ ખરેખર દષ્ટિનો વિષય છે. તે જ સ્વાત્માનુભૂતિનો વિષય છે.

## ૧૬

# સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય

**અ**મે જે પૂર્વે જણાવ્યું કે સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય તેમ બે પર્યાય અપેક્ષાએ કહેવાય છે, અર્થાત્ બંને એક જ પર્યાય (વસ્તુ, દ્રવ્ય)નું અનુક્રમે સામાન્યરૂપ અને વિશેષરૂપ છે. પરંતુ એમ નથી કે સ્વાભાવિક શક્તિ અને વૈભાવિક શક્તિ એક જ કાળમાં એક જ દ્રવ્યમાં પ્રગટપણે હોય છે. કારણ કે તેમ માનતા બન્ને પર્યાય વિશેષરૂપ થઇ જતા, એક દ્રવ્યની એક જ કાળમાં બે પર્યાયનો પ્રસંગ આવશે અને કાર્યકારણભાવના નાશનો પણ પ્રસંગ આવશે કે જેથી બંધ-મોક્ષના અભાવનો પણ પ્રસંગ આવશે. તે જ હવે આગળ જણાવે છે.

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા**

ગાથા ૯૨ : અન્વયાર્થ :- ''એ સ્વાભાવિકી અને વૈભાવિકી શક્તિનો એક કાળમાં સદ્ભાવ માનતા ન્યાયથી પણ ઘણો મોટો દોષ આવશે. કારણ કે યુગપત્ સ્વાભાવિક અને વૈભાવિક ભાવને માનવાથી કાર્ય-કારણભાવનો નાશ તથા બંધ-મોક્ષનો નાશ થવાનો પ્રસંગ આવે છે.''

ભાવાર્થ :- ''વૈભાવિકી શક્તિની (=પર્યાયની) વિભાવ અને સ્વભાવરૂપ બે અવસ્થા માનવાથી બંધ અને મોક્ષની વ્યવસ્થા સિદ્ધ થઈ જાય છે. તથા એ વિભાવ અને સ્વભાવ અવસ્થાઓ ક્રમવર્તી છે. તેથી બંધ અને મોક્ષના કાર્ય-કારણભાવો જુદા જુદા છે -એમ પણ સિદ્ધ થાય છે. પરંતુ બંને શક્તિઓને યુગપત્ માનવાથી ન તો કાર્ય-કારણભાવ બની શકશે તથા ન તો બંધ-મોક્ષની વ્યવસ્થા જ બની શકશે.''

આપણે જે પૂર્વે જોઈ ગયા છીએ, તે જ અત્ર જણાવેલ છે કે જો છદ્મસ્થ જીવમાં પ્રગટપણે સ્વભાવપર્યાય અને વિભાવપર્યાય એવા બે પર્યાય માનવામાં આવે તો જે કાર્ય-કારણરૂપ વ્યવસ્થા છે તે સિદ્ધ જ નહિ થાય. અર્થાત્ જે આત્મામાં પ્રત્યેક પ્રદેશે કર્મો છે અને તેના નિમિત્તે તે અશુદ્ધરૂપે પરિણમે છે તેવો કાર્ય-કારણભાવ અને તે કર્મોનો અભાવ થતા જ તે જીવ શુદ્ધરૂપે પરિણમે છે તેવા બંધ અને મોક્ષ પણ સિદ્ધ નહિ થાય. તેથી છદ્મસ્થ જીવમાં વિશેષરૂપ વિભાવપરિણમન અને સામાન્યરૂપ સ્વભાવપરિણમન જ માનવું યોગ્ય છે કે જે સામાન્યરૂપ સ્વભાવપરિણમનના બળે તે જીવ કર્મોના નિમિત્તે થતા ભાવમાં 'હુંપણા' થી છુટી અર્થાત્ તેમાં 'હુંપણું' નહિ કરતા, માત્ર પરમ પારિણામિક ભાવમાં જ 'હુંપણું' કરે છે અને તે વિભાવરૂપ ભાવોને ક્ષણિક અને હેયરૂપ માની કર્મોના નાશ માટેની શક્તિ મેળવે છે અને આગળ તેવો જ પુરુષાર્થ ફરી ફરી કરીને સર્વ કર્મોનો નાશ કરીને, તેવા ભાવોથી સર્વથા, સર્વ કાળ માટે મુકાય છે, મુક્ત થાય છે. તે જ મોક્ષ છે.

# ૧૭
# નવ તત્ત્વની સાચી શ્રદ્ધાનું સ્વરૂપ

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથાઓ :-**

ગાથા ૧૩૩-૧૩૪-૧૩૫ :- ''વાસ્તવમાં અહીં શુદ્ધ નયની અપેક્ષાએ જીવ શુદ્ધ પણ છે. (અર્થાત્ એકાંતે શુદ્ધ નથી. અથવા તો તેનો **'એક ભાગ શુદ્ધ અને એક અશુદ્ધ'** એવું પણ નથી પરંતુ અપેક્ષાએ જીવ શુદ્ધ પણ છે) તથા કથંચિત્ બદ્ધાબદ્ધનયથી એટલે વ્યવહારનયથી જીવ અશુદ્ધ છે એ પણ અસિદ્ધ નથી. સંપૂર્ણ શુદ્ધનય એક, અભેદ અને નિર્વિકલ્પ છે તથા વ્યવહારનય અનેક, ભેદરૂપ અને સવિકલ્પ છે. એ શુદ્ધનયનો વિષય ચેતનાત્મક શુદ્ધ જીવ વાચ્ય (સાધ્ય) છે અને વ્યવહારનયના વિષયરૂપ તે જીવ આદિ નવ પદાર્થો (સાધન-સીડી) કહેવામાં આવ્યા છે.''

આપણે શરૂઆતમાં જ જે સમજ્યા કે વસ્તુ એક અભેદ છે અને તેને જોવાની દૃષ્ટિ અનુસાર તે જ વસ્તુ શુદ્ધ અથવા અશુદ્ધ, અભેદ અથવા ભેદરૂપ જણાય છે. તે જ વાત અત્ર સિદ્ધ કરેલ છે. હવે સમયસાર ગાથા ૧૩ના જે ભાવ છે કે, 'નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આત્મ(=ચૈતન્ય)જ્યોતિ છે' તે જ ભાવ વ્યક્ત કરે છે.

ગાથા ૧૫૫ : અન્વયાર્થ :- ''અર્થાત્ એક જીવ જ જીવ-અજીવાદિક નવ પદાર્થરૂપ થઈને વિરાજમાન છે અને એ નવ પદાર્થની અવસ્થાઓમાં પણ જો વિશેષ અવસ્થાઓની વિવક્ષા ન કરવામાં આવે તો (અર્થાત્ વિશેષરૂપ વિભાવ ભાવોને જો ગૌણ કરવામાં આવે તો) કેવળ શુદ્ધ જીવ જ છે. (કેવળ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા જ છે. અર્થાત્ તે કેવળ કારણશુદ્ધપર્યાયરૂપ દૃષ્ટિનો વિષય જ છે. તેથી તે વિશેષ અવસ્થાઓ (=પર્યાયો) પરમ પારિણામિક ભાવની જ બનેલ છે -એ જ વાત સિદ્ધ થાય છે.)''

ગાથા ૧૬૦-૧૬૩ : અન્વયાર્થ :- ''સોપરક્તિથી ઉપાધિસહિત સુવર્ણ ત્યાજ્ય નથી. કારણ કે તેનો ત્યાગ કરતા સર્વ શૂન્યતાદિ દોષોનો પ્રસંગ આવે છે. (તે જ રીતે જો અશુદ્ધરૂપ પરિણમેલ જીવનો અર્થાત્ અશુદ્ધ પર્યાયનો જો ત્યાગ કરવામાં આવે તો ત્યાં પૂર્ણ દ્રવ્યનો જ ત્યાગ થઈ જતા,

સર્વશૂન્યતાદિનો દોષ આવશે. અર્થાત્ તે અશુદ્ધ પર્યાયમાં જ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા છુપાયેલ હોવાથી જો તે અશુદ્ધ પર્યાયનો ત્યાગ કરશો, તો પૂર્ણ દ્રવ્યનો જ લોપ થઈ જશે. તેથી તે અશુદ્ધ પર્યાયનો ત્યાગ ન કરતા, માત્ર અશુદ્ધિને જ ગૌણ કરવી અને તેમ કરતા જ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા કે જે દૃષ્ટિનો વિષય છે તે ઉપલબ્ધ થશે.) (બીજું) આવું કથન પણ પરીક્ષા કરવાથી સિદ્ધ નથી થઈ શકતું કે જે સમયે સુવર્ણ, પર્યાયથી શુદ્ધ છે તે સમયે જ તે શુદ્ધ છે (અર્થાત્ જેઓ અશુદ્ધરૂપે પરિણમેલ સંસારી જીવોને એકાંતે અશુદ્ધ જ માને છે અને શુદ્ધોપયોગ માત્ર ૧૩મા ગુણસ્થાનકથી જ માને છે, તઓને શુદ્ધાત્માની પ્રાપ્તિ થવાની જ નથી. અર્થાત્ તેવા જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી જ નથી. બીજું, જેઓ પર્યાયને અશુદ્ધ માનીને પર્યાયને દૃષ્ટિના વિષયમાં સામેલ કરતા નથી અને એકાંતે શુદ્ધધ્રુવ શોધે છે, તેઓને પણ તેની પ્રાપ્તિ થવાની જ નથી. અર્થાત્ તેવા જીવોને પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી જ નથી). કારણ કે (એકાંત) શુદ્ધ દ્રવ્યની પ્રાપ્તિ ન થતા તેની પ્રાપ્તિના હેતુનું પણ અદર્શન સિદ્ધ થાય છે. [અર્થાત્ જો ખાણમાંથી નીકળેલ અશુદ્ધ સુવર્ણનો અસ્વીકાર કરો તો તેમાં છુપાયેલ શુદ્ધ સુવર્ણની પ્રાપ્તિ પણ થઈ શકવાની નથી. તેવી જ રીતે અશુદ્ધ જીવમાં (પર્યાયમાં) જ શુદ્ધાત્મા છુપાયેલ છે -તેમ જાણવું.]

(હવે શુદ્ધાત્માની પ્રાપ્તિની રીત બતાવે છે અર્થાત્ સમ્યગ્દર્શનની રીત બતાવે છે.) જે સમયે તે અશુદ્ધ સુવર્ણના રૂપોમાં કેવળ શુદ્ધ સુવર્ણ દૃષ્ટિ ગોચર કરવામાં આવે છે (અર્થાત્ અશુદ્ધ પર્યાયમાં દ્રવ્યદૃષ્ટિએ કેવળ શુદ્ધાત્મા = પરમ પારિણામિક ભાવ દૃષ્ટિગોચર કરવામાં આવે છે), તે સમયે પરદ્રવ્યની ઉપાધિ દૃષ્ટિગોચર થતી નથી (અર્થાત્ પર્યાયરૂપ પરિણમેલ દ્રવ્યની અશુદ્ધિ ગૌણ થતા જ પૂર્ણ સાક્ષાત્ શુદ્ધાત્મા જ જણાય છે). પરંતુ પ્રત્યક્ષ પ્રમાણથી પોતાનું અભીષ્ટ એ કેવળ શુદ્ધ સુવર્ણ જ દૃષ્ટિગોચર થાય છે. [તેથી જ બીજાને જે દ્રવ્ય પ્રમાણનું ભાસે છે, તે જ દ્રવ્યમાં અમને પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માના દર્શન થાય છે. તેથી કહી શકાય કે તેમાં બીજાનો દોષ માત્ર એ છે કે જ્યારે તેને (દ્રવ્યને) શુદ્ધ દ્રવ્યાર્થિક નયે ગ્રહણ કરવાનું છે ત્યારે પણ તેઓ તેને પ્રમાણદૃષ્ટિથી જ ગ્રહણ કરે છે. કારણ કે તેઓની ધારણામાં દ્રવ્ય બે ભાગવાળું છે કે જેમાંનો એક ભાગ શુદ્ધ અને બીજો અશુદ્ધ છે. બીજાની આવી માન્યતાની ભૂલ હોવાથી, અમે જ્યારે પૂર્ણ દ્રવ્યની વાત કરીયે ત્યારે તેઓને તેમાં પ્રમાણના દ્રવ્યના જ દર્શન થાય છે. અને જ્યારે અમે તે જ પ્રમાણના દ્રવ્યને શુદ્ધ દ્રવ્યાર્થિક નયે ગ્રહણ કરીને તેને શુદ્ધાત્મા = પરમ પારિણામિક ભાવ કહીયે, ત્યારે તેઓ પર્યાયથી ભિન્ન, અપરિણામી = કૂટસ્થ શોધે છે, કે જેનું અસ્તિત્વ જ નથી, જે કદી શુદ્ધ ભાગરૂપ અર્થાત્ એકાંત શુદ્ધરૂપ મળવાનો જ નથી.] એટલા માટે સિદ્ધ થાય છે કે જેમ તે અશુદ્ધ સુવર્ણમાળામાં અન્ય ધાતુઓનો સંયોગ છતાં પણ વાસ્તવમાં પરસંયોગ વિનાનું ભિન્નરૂપથી શુદ્ધ સુવર્ણનું અસ્તિત્વ સિદ્ધ થાય છે, તેવી જ રીતે જીવાદિક નવ પદાર્થોમાં શુદ્ધ જીવનું અસ્તિત્વ સિદ્ધ છે.'' અન્યથા નહિ.

અર્થાત્ તે અશુદ્ધ પર્યાયો સિવાય તે કાળે જીવત્વ અન્ય કાંઈ જ નથી. તે પૂર્ણ જીવ જ તે રૂપે જ પરિણમેલ છે. માટે તેમાં જ શુદ્ધાત્મા છુપાયેલ છે. આ જ ભાવના અનુસંધાનરૂપ દૃષ્ટાંતો હવે પછીની ગાથાઓમાં આપેલ છે. તે ટૂંકમાં જણાવીએ છીએ :-

ગાથા ૧૬૬ :- આમાં કીચડ સહિત જળનું ઉદાહરણ છે. તે કીચડ સહિત જળમાં જ શુદ્ધ જળ છુપાયેલ છે.

ગાથા ૧૬૭ :- આમાં અગ્નિનું દૃષ્ટાંત છે. ઉપચારથી અગ્નિનો આકાર તેના બળતણ અનુસાર થવા છતાં, તે માત્ર અગ્નિ જ છે, અન્ય કાંઈ પણ રૂપ નથી. અર્થાત્ બળતણરૂપ નથી, આ જ વાત સમયસાર ગાથા ૬માં પણ જણાવેલ છે કે જ્ઞાન જ્ઞેયાકારરૂપ પરિણમવા છતાં પણ તે જ્ઞાયક જ છે.

ગાથા ૧૬૮ :- આમાં દર્પણનું દૃષ્ટાંત છે. દર્પણમાં અલગ અલગ પ્રતિબિંબ હોવા છતાં, તેને ગૌણ કરાતા જ માત્ર સ્વચ્છ દર્પણ જ છે, વાસ્તવમાં ત્યાં અન્ય કોઈ નથી.

ગાથા ૧૬૯ :- આમાં સ્ફટિકનું દૃષ્ટાંત છે. તે સ્ફટિકમાં કોઈ પણ ઝાંય પડે, તેથી કરીને તે તેવા રંગનું ભાસવા છતાં, સ્વરૂપથી તે તેવા રંગનું થઈ જતું નથી. સ્વરૂપથી તે સ્વચ્છ જ રહે છે.

ગાથા ૧૭૦ :- આમાં જ્ઞાનનું દ્રષ્ટાંત છે. જ્ઞાન જ્ઞેયને જાણતા જ્ઞેયરૂપ થતું નથી, પણ જેવું તેમાં જ્ઞેયાકારને ગૌણ કરો='જે જાણવાવાળો છે તે જ હું છું' એમ કરતા ત્યાં જ્ઞાયક જ હાજર છે. આ જ રીત છે સમ્યગ્દર્શનની. આ જ વાત સમયસાર શ્લોક ૨૭૧માં પણ જણાવેલ છે.

ગાથા ૧૭૧ :- આમાં સમુદ્રનું દૃષ્ટાંત છે. સમુદ્રની વાયુથી પ્રેરિત લહેરો ઊઠતી હોવા છતાં, તે માત્ર સમુદ્રરૂપ જ રહે છે, વાયુરૂપ થતી નથી; પરંતુ સમુદ્રરૂપ જ રહે છે.

ગાથા ૧૭૨ :- આમાં નમકનું દૃષ્ટાંત છે. નમક રસોઈમાં અન્યરૂપ થઇ જતું નથી, છતાં અજ્ઞાની જીવ તે નમકનો સ્વાદ લઈ શકતો નથી. જ્યારે જ્ઞાની જીવ ભેદજ્ઞાનથી નમકનો સ્વાદ (શુદ્ધાત્માનો સ્વાદ) લઈ લે છે. આ જ વાતને આગળની ગાથાઓમાં દૃઢ કરાવે છે. તે હવે જોઈશું:-

ગાથા ૧૭૮ : અન્વયાર્થ :- ''એ નવ પદાર્થોથી ભિન્ન સર્વથા શુદ્ધ દ્રવ્યની સિદ્ધિ થઈ શકતી નથી (માટે કોઈએ તેવા ભ્રમમાં રહેવાની જરૂર નથી કે પર્યાયથી ભિન્ન સર્વથા શુદ્ધ દ્રવ્ય ઉપલબ્ધ થશે). કારણ કે સાધનનો અભાવ હોવાથી તે શુદ્ધ દ્રવ્યની ઉપલબ્ધિ થઈ શકતી નથી.'' આ જ વાત અમે પૂર્વે જણાવેલ છે કે તે અશુદ્ધ પર્યાયો સિવાય અન્ય કોઈ દ્રવ્ય જ નથી. અત્યારે તો તે પૂર્ણ દ્રવ્ય જ તે પર્યાયરૂપમાં વ્યક્ત થઈ રહેલ છે. તે પર્યાયોથી ભિન્ન કોઈ શુદ્ધ ભાવની સિદ્ધિ થાય કઈ રીતે ? અર્થાત્ જો થાય તો તે માત્ર ભ્રમમાં જ થાય, અન્યથા નહિ. તે જ વાત અત્ર જણાવેલ છે.

ગાથા ૧૮૬ : અન્વયાર્થ :- ''તેથી શુદ્ધ તત્ત્વ (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા) કાંઈ એ નવ તત્ત્વોથી વિલક્ષણ (અર્થાત્ ભિન્ન) અર્થાંતરરૂપ નથી. પરંતુ કેવળ નવ તત્ત્વ

સંબંધી વિકારોને બાદ કરતા (અર્થાત્ ગૌણ કરતા) એ નવ તત્ત્વો જ શુદ્ધ છે.''

મતલબ એ છે કે તે નવ તત્ત્વો જ પરમ પારિણામિક ભાવના બનેલા હોવાથી, અર્થાત્ ધ્રુવરૂપ શુદ્ધાત્મા જ તે નવતત્ત્વરૂપ પરિણમેલ હોવાથી તે (શુદ્ધાત્મા) નવતત્ત્વમાં જ છુપાયેલ છે. તે નવતત્ત્વમાંથી અશુદ્ધિને ગૌણ કરતા જ દૃષ્ટિના વિષયરૂપ શુદ્ધાત્મા હાજર જ છે.

ગાથા ૧૮૯ : અન્વયાર્થ :- ''પુણ્ય અને પાપ સહિત એ સાત તત્ત્વોને જ નવ પદાર્થ કહેવામાં આવ્યા છે તથા ભૂતાર્થનયે આશ્રય કરેલા સમ્યગ્દર્શનના વાસ્તવિક વિષય છે.'' અર્થાત્ દૃષ્ટિના વિષયરૂપ છે. તે જ સ્વાત્માનુભૂતિનો વિષય છે.

ભાવાર્થ :- ''પૂર્વે ગાથા ૧૮૬માં કહ્યું હતું કે, નવ તત્ત્વોથી શુદ્ધાત્મા કોઈ જુદો પદાર્થ નથી પણ તે નવ તત્ત્વો સંબંધી વિકારોને છોડતા (ગૌણ કરતા - બાદ કરતા) એ નવ તત્ત્વ જ શુદ્ધ છે (પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા છે). નવ તત્ત્વો સંબંધી વિકારોને કેવી રીતે છોડાય ? તેનો ઉપાય આ ગાથામાં દર્શાવ્યો છે કે ભૂતાર્થનય વડે તે નવ તત્ત્વોનો આશ્રય કરવો તે સમ્યગ્દર્શનનો વિષય છે (દૃષ્ટિનો વિષય છે). શ્રી સમયસારની ગાથા ૧૧માં પણ કહ્યું છે કે 'વ્યવહારનય અભૂતાર્થ છે તથા શુદ્ધનય ભૂતાર્થ છે - એમ ઋષીશ્વરોએ (ભગવાને) દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે, તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.' ત્યાર પછી એ જ શાસ્ત્રની ગાથા ૧૩માં કહ્યું કે 'ભૂતાર્થનયથી જાણેલ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - એ નવ તત્ત્વો સમ્યક્ત્વ છે.' વળી એ ગાથાની ટીકામાં કહ્યું છે કે આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે, એમ તે એકપણે પ્રકાશતો શુદ્ધનય દ્વારા અનુભવાય છે અને જે આ અનુભૂતિ છે તે આત્મખ્યાતિ જ છે. તથા આત્મખ્યાતિ છે તે જ સમ્યગ્દર્શન છે. આ ગાથામાં 'ભૂતાર્થનયે આશ્રય કરેલા નવ પદાર્થો સમ્યગ્દર્શનના વાસ્તવિક વિષય છે' એમ કહ્યું છે પણ એ માત્ર કથનપદ્ધતિનો ભેદ છે - આશયભેદ નથી. અહીં 'ભૂતાર્થનયે આશ્રય કરેલા નવ પદાર્થો સમ્યગ્દર્શનના વિષય છે.' એમ કહેવાનું કારણ એ છે કે શંકાકારે પ્રથમ ગાથા ૧૪૨થી ૧૪૯માં 'નવ પદાર્થો બની શકતા નથી' એમ કહ્યું હતું અને ત્યાર પછી ગાથા ૧૭૯-૧૮૦માં એ નવ પદાર્થોને આત્માથી સર્વથા ભિન્ન હોવાનું કહ્યું હતું. આ બન્ને કથનો દોષયુક્ત છે -એમ દૃઢ કરવા માટે આવી પદ્ધતિ અહીં ગ્રહણ કરી છે.

આગળ ગાથા ૨૧૮-૨૧૯માં શંકાકાર ફરીથી કહે છે કે જ્યારે નવ તત્ત્વોમાં સમ્યગ્દૃષ્ટિને નિશ્ચયથી માત્ર આત્માની ઉપલબ્ધિ થાય છે અને એ જ શુદ્ધ ઉપલબ્ધિ છે, તો પછી સમ્યગ્દર્શનનો વિષય - નવ પદાર્થ શી રીતે બની શકે ? તેનું સમાધાન ગાથા ૨૨૦થી ૨૨૩માં એમ કર્યું છે કે મિથ્યાદૃષ્ટિ તથા સમ્યગ્દૃષ્ટિ બન્નેને નવ પદાર્થોનો અનુભવ તો છે. **પરંતુ મિથ્યાદૃષ્ટિને તે (અનુભવ) વિશેષરૂપે (અર્થાત્ વિભાવભાવરૂપ પર્યાયરૂપે) તથા સમ્યગ્દૃષ્ટિને તે (અનુભવ)**

**સામાન્યરૂપે (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા રૂપે) થાય છે. તેથી તે બન્નેમાં એ અનુભવના સ્વાદનો તફાવત છે.** એ વાત ગાથા ૨૨૪થી ૨૨૫માં દૃષ્ટાંત આપીને સિદ્ધ કરી છે.

નવ તત્ત્વોમાં સામાન્યપણે આત્માને સમ્યગ્દષ્ટિ કેવો જાણે છે ? તે ગાથા ૧૯૪થી ૧૯૬માં જણાવ્યું છે. અને ત્યાર પછી શુદ્ધનયના વિષયરૂપ આત્માનું સ્વરૂપ શ્રીસમયસારની ગાથા ૧૪ને અનુસરીને ગાથા ૨૩૪થી ૨૩૭માં આપ્યું છે. વળી ગાથા ૪૦૩ તથા **પંચાધ્યાયી પૂર્વાર્ધ** ગાથા ૫૩૨ના ભાવાર્થમાં પણ શુદ્ધનયના આશ્રયથી જ ધર્મ થાય એમ કહ્યું છે (અર્થાત્ સમ્યગ્દર્શન થાય -એમ સમજવું).

એ પ્રમાણે ભૂતાર્થનયના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થઈ શકે છે - એમ આ ગાથામાં જણાવ્યું છે. આ કથન અધ્યાત્મભાષાથી છે. આગમભાષામાં ઉપાદાન તથા નિમિત્ત બન્નેને જણાવવામાં આવે છે. તેથી ત્યાં 'જીવ અને કર્મ' વગેરેની અવસ્થા કેવી હોય ત્યારે સમ્યગ્દર્શન પ્રગટ થાય ? તે જણાવવામાં આવે છે.'' અર્થાત્ દૃષ્ટિના વિષયરૂપ શુદ્ધાત્માની ઉપલબ્ધિ નવ તત્ત્વને જાણતા કેવી રીતે થાય છે ? તે અત્ર દરેકને સ્પષ્ટ સમજાવેલ છે.

ગાથા ૧૯૨ : અન્વયાર્થ :- ''જીવના સ્વરૂપને ચેતના કહે છે. તે ચેતના અહીં સામાન્યરૂપથી એટલે દ્રવ્યદૃષ્ટિએ નિરંતર એક પ્રકારે હોય છે. (તેને જ પરમ પારિણામિક ભાવ, શુદ્ધાત્મા, કારણશુદ્ધપર્યાય વગેરે નામોથી ઓળખાય છે. તે વસ્તુનો સામાન્યભાવ છે. અર્થાત્ વસ્તુને પર્યાયથી જોતા તે પર્યાયનો સામાન્યભાવ છે.) તથા વિશેષરૂપથી એટલે પર્યાયદૃષ્ટિએ તે ચેતના ક્રમપૂર્વક બે પ્રકારની છે. (અર્થાત્ ઔદયિક, ઉપશમ, ક્ષયોપશમ ભાવરૂપ અશુદ્ધ અથવા ક્ષાયિક ભાવરૂપ શુદ્ધ - એમ બે પ્રકારની હોય છે.) પણ તે યુગપત્ એટલે એક સાથે નહિ. (અર્થાત્ જ્યારે ક્ષાયિકભાવ વિશેષભાવરૂપે હોય છે, ત્યારે તે ઔદયિક વગેરેરૂપે નથી હોતો. અર્થાત્ બન્ને સાથે નથી હોતા.)''

તેથી શુદ્ધ તત્ત્વ અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા એ કાંઈ નવ તત્ત્વોથી વિલક્ષણ=ભિન્ન અર્થાંતરરૂપ નથી. પરંતુ કેવળ નવ તત્ત્વ સંબંધી વિકારોને બાદ કરતા જ=ગૌણ કરતા જ એ નવ તત્ત્વ જ શુદ્ધ છે. મતલબ કે તે પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા જ છે. તે જ દૃષ્ટિના વિષયરૂપ છે. તે જ સ્વાત્માનુભૂતિનો વિષય છે. તે અપેક્ષાએ નવ તત્ત્વને જાણતા સમ્યગ્દર્શન થાય -તેમ કહ્યું છે. કારણ કે સ્થૂળથી જ સૂક્ષ્મમાં જવાય, પ્રગટથી જ અપ્રગટમાં જવાય, વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય -એ જ નિયમ છે.

# ૧૮
# સમ્યગ્દર્શનનું લક્ષણ

હવે સમ્યગ્દર્શનનું લક્ષણ જણાવે છે - **પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથાઓ :-**

ગાથા ૨૧૫ : અન્વયાર્થ :- ''તથા કેવળ આત્માની ઉપલબ્ધિ (અર્થાત્ 'હું આત્મા છું' એવી સમજ) પણ સમ્યગ્દર્શનનું લક્ષણ બની શકતી નથી. પરંતુ જો તે ઉપલબ્ધિ 'શુદ્ધ' વિશેષણસહિત હોય, અર્થાત્ શુદ્ધ આત્મોપલબ્ધિ હોય (=માત્ર 'શુદ્ધાત્મા'માં જ 'હુંપણું' હોય), તો જ તે સમ્યગ્દર્શનનું લક્ષણ થઈ શકે છે. જો તે આત્મોપલબ્ધિ અશુદ્ધ હોય તો તે સમ્યગ્દર્શનનું લક્ષણ બની શકતી નથી.''

આપણે જે ભેદજ્ઞાનની વાત પૂર્વે કરેલ તે જ અત્ર જણાવેલ છે. ભેદજ્ઞાનરૂપ સ્વ અને પર બે અપેક્ષાએ હોય છે. એક પરદ્રવ્યરૂપ કર્મો, શરીર, મકાન, દુકાન, પત્ની, પુત્ર વગેરેથી હું ભિન્ન છું - તેવું અન્ય દ્રવ્ય સાથેનું ભેદજ્ઞાનરૂપ સ્વ-પર હોય છે. તે પછીથી જે બીજું સ્વ-પર છે તે જ સમ્યગ્દર્શનનું કારણ અને લક્ષણ છે. તે બીજા ભેદજ્ઞાનરૂપ સ્વ-પરમાં સ્વરૂપ માત્ર શુદ્ધાત્મા તે સ્વ અને પરરૂપ તમામ અશુદ્ધ ભાવો, કે જે કર્મો(પુદ્ગલ)ના નિમિત્તે થાય છે. તે અશુદ્ધ ભાવો થાય છે તો મારામાં જ. મતલબ કે આત્મા જ તે ભાવરૂપે પરિણમે છે. પરંતુ તે ભાવોમાં 'હુંપણું' કરવા જેવું નથી. કારણ કે તે પરના નિમિત્તે થાય છે. અને બીજું તે ક્ષણિક છે. કારણ કે તે સિદ્ધોના આત્મામાં ઉપલબ્ધ નથી. તેથી તે ભાવો ત્રિકાળરૂપ નથી. તેથી માત્ર ત્રિકાળી ધ્રુવરૂપ શુદ્ધાત્મા કે જે ત્રણે કાળે દરેક જીવમાં ઉપલબ્ધ છે અને તે જ અપેક્ષાએ 'સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે' એમ કહેવાય છે. તે ભાવમાં જ અર્થાત્ તે 'શુદ્ધાત્મા'માં જ 'હુંપણું' થતા (જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. તેથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે.

ગાથા ૨૨૧ : અન્વયાર્થ :- ''વસ્તુ (એટલે પૂર્ણ વસ્તુ, તેનો કોઈ એક ભાગ એમ નહીં) સમ્યગ્જ્ઞાનીઓને સામાન્યરૂપથી (પરમ પારિણામિક ભાવરૂપથી, શુદ્ધ દ્રવ્યાયર્થિક નયના વિષયરૂપથી, શુદ્ધાત્મારૂપથી, કારણશુદ્ધપર્યાયરૂપથી) અનુભવમાં આવે છે. તેથી તે વસ્તુ (એટલે પૂર્ણ વસ્તુ) કેવળ સામાન્યરૂપથી શુદ્ધ કહેવાય છે તથા વિશેષ ભેદોની અપેક્ષાએ અશુદ્ધ કહેવાય છે.''

ભાવાર્થ :- ''મિથ્યાદષ્ટિ જીવને રાગ તથા પર સાથે એકત્વબુદ્ધિ રહેવાથી (અજ્ઞાનવશ હોવાથી) પરવસ્તુમાં ઇષ્ટ-અનિષ્ટપણાની કલ્પના રહ્યા કરે છે. તથા તે એવા અજ્ઞાનમય રાગ-દ્વેષના કારણથી વસ્તુના વસ્તુપણાનો પ્રતિભાસ ન કરતા માત્ર ઇષ્ટ-અનિષ્ટપણારૂપથી જ વસ્તુનો અનુભવ કરે છે. (અર્થાત્ માત્ર વિશેષભાવોનો જ અનુભવ કરે છે. કારણ કે તે પર્યાયદષ્ટિ જ હોય છે.) ત્યારે સમ્યગ્દષ્ટિ જીવને અજ્ઞાનમય રાગ-દ્વેષનો અભાવ (અર્થાત્ તેને માત્ર શુદ્ધ દ્રવ્યાયાર્થિક નયની દષ્ટિ હોવાથી, રાગ-દ્વેષ ગૌણ કરી, શુદ્ધનો જ અનુભવ કરે છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવને અજ્ઞાનમય રાગ-દ્વેષનો દષ્ટિમા અભાવ) થયો હોવાથી તે પરવસ્તુમાં ઇષ્ટ-અનિષ્ટ કલ્પનાથી રહિત થઇને વસ્તુપણાનો જ અનુભવ કરે છે (માત્ર શુદ્ધાત્માનો - સામાન્યભાવનો જ અનુભવ કરે છે).''

ગાથા ૨૩૪-૨૩૭ : અન્વયાર્થ :- ''એક જ્ઞાનનું જ પાત્ર હોવાથી તથા બદ્ધ-સ્પૃષ્ટાદિ ભાવોનો અપાત્ર હોવાથી (અર્થાત્ તેમાં 'હુંપણું' નહિ હોવાથી) સમ્યગ્દષ્ટિ પોતાને પ્રત્યક્ષપૂર્વક સ્પષ્ટ પ્રકારથી વિશેષ(વિભાવભાવ)રહિત, અન્યના સંયોગરહિત, ચળાચળતારહિત તથા અન્યપણાથી રહિત (અર્થાત્ ઔદયિક આદિ ભાવોથી રહિત) સ્વાદનો આસ્વાદ કરે છે. તથા બંધરહિત, તથા અસ્પૃષ્ટ, શુદ્ધ, સિદ્ધ સમાન (તેથી જ તેને દેશે સિદ્ધત્વનો અનુભવ થાય છે), શુદ્ધ સ્ફટિક સમાન, સદાય આકાશ સમાન, પરિગ્રહરહિત, ઇન્દ્રિયોથી ઉપેક્ષિત, અનંત જ્ઞાન-દર્શન-વીર્યમય, અતીન્દ્રિય સુખાદિક અનંત સ્વાભાવિક ગુણોથી સહિત પોતાના આત્માનું શ્રદ્ધાન કરવાવાળો હોય છે. જો કે વાસ્તવમાં સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાનમૂર્તિવાળો છે, તો પણ પ્રસંગથી અર્થાત્ પુરુષાર્થની નિર્બળતાથી તેને અન્ય પદાર્થોની પણ ઇચ્છા થઈ જાય છે, તો પણ તેને કૃતાર્થ જેવો પરમ ઉપેક્ષાભાવ વર્તે છે.''

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્થા -આવા સમ્યગ્દર્શનના લક્ષણથી આપણે સારી રીતે પરિચિત છીએ. પરંતુ 'શુદ્ધાત્મોપલબ્ધિ અર્થાત્ શુદ્ધાત્માની અનુભૂતિ સમ્યગ્દર્શનનું લક્ષણ છે' એવું જૈન- સમાજના બહુ ઓછા લોકો જાણે છે અને માને છે. તેટલા માટે જ આ વાત અત્યંત મહત્ત્વની છે. તથા શુદ્ધાત્માની અનુભૂતિ એ લક્ષણ એવું છે કે જેની પોતાને જાણ થાય જ છે. અને જે જીવને ઉપશમ સમ્યગ્દર્શનરૂપ સ્પષ્ટ અનુભૂતિ થાય છે તેણે ન કોઈને પૂછવું પડે છે કે ન કોઈના પ્રમાણપત્રની આવશ્યકતા રહે છે. આવું છે સમ્યગ્દર્શનનું લક્ષણ. આગળ અમે સમ્યગ્દષ્ટિના ભોગની બાબતમાં થોડુંક જણાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૧૮-એ

# શ્વેતાંબર ગ્રંથોમાં સ્વાનુભૂતિ દર્શાવતી ગાથાઓ

**आया (आत्मा) अणुभवसिद्धो (स्वसंवेदनज्ञानानुभूत:) .... जीवो अत्थि अवस्सं पच्चक्खो नाणदिट्ठीणं ।।** *(શ્રી હરિભદ્રસૂરિકૃત સમ્યક્ત્વ સપ્તતિકા - ૬૦ વૃત્તિ);*

**અર્થ –** આત્મા સ્વસંવેદનજ્ઞાનમાં અનુભવાય છે ..... જ્ઞાનદ્રષ્ટિવાળા સાધકોને આત્મા અવશ્ય પ્રત્યક્ષ છે. (સમ્યગ્દ્રષ્ટિને સ્વાત્માનુભૂતિ હોય છે.)

**आत्मा आत्मना आत्मानं सुविशुद्धध्यानसंवलित: पश्यति ।**

*(શ્રી સંઘતિલકાચાર્યકૃત સમ્યક્ત્વ સપ્તતિકા - ૬૦ વૃત્તિ);*

**અર્થ –** સુવિશુદ્ધ ધ્યાનથી યુક્ત એવો આત્મા પોતાના આત્મા વડે નિજ આત્મદ્રવ્યનો સાક્ષાત્કાર કરે છે. (સુવિશુદ્ધ ધ્યાન એટલે જ શુદ્ધાત્માની અનુભૂતિ છે. શુદ્ધાત્માનો સાક્ષાત્કાર છે.)

**देहविवित्तं पेच्छइ अप्पाणं ।** *(ધ્યાન શતક - ૯૨)*

**અર્થ –** કાઉસ્સગ્ગમાં રહેલો સાધક દેહભિન્ન આત્મદ્રવ્યનો અતીન્દ્રિય સાક્ષાત્કાર કરે છે. (તેથી કહી શકાય કે છદ્મસ્થ જીવ પણ સ્વાત્માનુભૂતિ કરી શકે છે.)

**अप्पणा चेव अप्पंमि, सक्खं पिक्खंति अप्पयं ।** *(સિરિસિરિવાલકહા - ૧૧૦૦)*

**અર્થ –** સાધક આત્મા પોતાના આત્મામાં પોતાના આત્મા વડે જ નિજ આત્મદ્રવ્યને સાક્ષાત્ અનુભવે છે. (સમ્યગ્દ્રષ્ટિને સ્વાત્માનુભૂતિ હોય છે.)

**स्वात्मन्येवाभिरतिमुपयन्स्वात्मशीली स्वदर्शी ।** *(હર્ષવર્ધન ઉપાધ્યાયકૃત અધ્યાત્મબિન્દુ - ૧/૨૬),*

**અર્થ –** પોતાના આત્મતત્ત્વમાં જ સન્મુખપણે રહીને આનંદને અનુભવતો સાધક પોતાના આત્મતત્ત્વનું પરિશીલન કરે છે અને નિજઆત્મદ્રવ્યનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. (સમ્યગ્દ્રષ્ટિને સ્વાત્માનુભૂતિ હોય છે.)

**ज्ञानमात्रं स्वरूपं स्वं पश्यन्नात्मरतिर्मुनिः ।** *(હર્ષવર્ધન ઉપાધ્યાયકૃત અધ્યાત્મબિન્દુ - ૩/૩૧),*

**અર્થ –** જ્ઞાનમાત્ર=ચૈતન્યમાત્ર પોતાના સ્વરૂપને સાક્ષાત્ અનુભવતા સાધક મહાત્મા આત્મામાં આનંદને પામે છે.

**यद्रूपं कल्पनाऽतीतं, तत्तु पश्यत्यकल्पकः ।**

*(મહોપાધ્યાય યશોવિજયજીકૃત અધ્યાત્મસાર - ૧૮/૧૨૧),*

**અર્થ –** આત્માનું જે નિરંજન નિરાકાર કલ્પનાતીત ચૈતન્યસ્વરૂપ છે તેને તો કલ્પનાઓથી (=સંકલ્પ-વિકલ્પોથી) મુક્ત (નિર્વિકલ્પ) થયેલો આત્મા જ અતીન્દ્રિય સાક્ષાત્કારરૂપે અનુભવે છે.

**श्रुत्वा मत्वा मुहुः स्मृत्वा साक्षादनुभवन्ति ये । तत्त्वं न बन्धधीस्तेषामात्माऽबन्धः प्रकाशते ।।**

*(મહોપાધ્યાય યશોવિજયજીકૃત અધ્યાત્મસાર - ૧૮/૧૭૭),*

**અર્થ –** જે સાધક આત્માઓ અધ્યાત્મ શાસ્ત્રને વારંવાર સાંભળે છે, તેનું વારંવાર મનન કરે છે, પુનઃ પુનઃ તેનું સ્મરણ કરીને આત્મતત્ત્વનો સાક્ષાત્ (ઇન્દ્રિયની સહાયથી નિરપેક્ષ પણે) અનુભવ કરે છે, તેઓને આ અનુભવજ્ઞાન થઈ જતાં 'આત્મા બંધાય છે' - એવી બુદ્ધિ થતી નથી. એટલું જ નહીં પણ 'આત્મા બંધમુક્ત છે' - એવું અનુભવજ્ઞાન પ્રકાશિત થાય છે.

**अनुभवज्ञानी एव शुद्धात्मस्वरूपं पश्यति ।**

*(જ્ઞાનસારની ઉપાધ્યાય દેવચંદ્રજીકૃત જ્ઞાનમંજરી ટીકા - ૨૬/૬),*

**અર્થ –** અનુભવજ્ઞાની જ શુદ્ધાત્મસ્વરૂપનો અતીન્દ્રિય સાક્ષાત્કાર કરે છે.

**मिथ्यातिमिरध्वंसे जाते सम्यग्दृष्टयः आत्मानम् आत्मनि पश्यन्ति ।**

*(જ્ઞાનસારની ઉપાધ્યાય દેવચંદ્રજીકૃત જ્ઞાનમંજરી વ્યાખ્યા - ૧૪/૮),*

**અર્થ –** મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ થતાં સમ્યગ્દ્રષ્ટિ જીવો પોતાના આત્મામાં નિજ આત્મદ્રવ્યને અતીન્દ્રિય પ્રત્યક્ષપણે અનુભવે છે.

**अविद्यातिमिरध्वंसे, दृशा विद्याञ्जनस्पृशा । पश्यन्ति परमात्मानमात्मन्येव हि योगिनः।।**

*(મહોપાધ્યાય યશોવિજયજીકૃત જ્ઞાનસાર - ૧૪/૮),*

**અર્થ –** મિથ્યાજ્ઞાનરૂપ અંધકારનો નાશ થતાં તત્ત્વબુદ્ધિરૂપ અંજનનો સ્પર્શ કરનારી દ્રષ્ટિ વડે યોગીઓ પોતાના આત્મામાં જ પરમાત્માને=ઉત્કૃષ્ટ જ્ઞાનવંત કેવળ આત્માને જુએ છે, અતીન્દ્રિય પ્રત્યક્ષરૂપે અનુભવે છે. (સમ્યગ્દ્રષ્ટિને સ્વાત્માનુભૂતિ હોય છે.)

**पश्यतु ब्रह्म निर्द्वन्द्वं निर्द्वन्द्वानुभवं विना । कथं लिपिमयी दृष्टिवाङ्मयी वा मनोमयी ।।**
*(મહોપાધ્યાય યશોવિજયજીકૃત જ્ઞાનસાર - ૨૬/૬ અને અધ્યાત્મ ઉપનિષદ્ - ૨/૨૩),*

**અર્થ –** દ્વન્દ્વરહિત અપરોક્ષ સાક્ષાત્કાર વિના કઈ રીતે લિપિમય દ્રષ્ટિ, વાઙ્મય દ્રષ્ટિ કે મનોમય દ્રષ્ટિ સંકલ્પ-વિકલ્પાદિ દ્વન્દ્વરહિત બ્રહ્મનો (શુદ્ધાત્મદ્રવ્યનો) અતીન્દ્રિય અનુભવ કરી શકે? (ન જ કરી શકે. તેથી જ સમજાય છે કે સમ્યગ્દર્શન થતાં જ આત્માનો સાક્ષાત્ નિર્વિકલ્પ અનુભવ હોય છે.)

**यः पश्येन्नित्यमात्मानमनित्यं परसंगमम् । छलं लब्धुं न शक्नोति तस्य मोहमलिम्लुचः ।।**
*(મહોપાધ્યાય યશોવિજયજીકૃત જ્ઞાનસાર - ૧૪/૨),*

**અર્થ –** જે સાધક નિત્ય=સદા અવિચલિત સ્વરૂપવાળા આત્મદ્રવ્યનો અનુભવ કરે છે તથા દેહાદિ પરસંયોગને અનિત્યરૂપે દેખે છે, તેને મોહરૂપી ચોર ઠગી શકતા નથી.

**आत्मनि परमात्मानं पश्यन्ति ज्ञानयोगिनः ।** *(શ્રી બુદ્ધિસાગરસૂરિકૃત કૃષ્ણ ગીતા - ૯૩),*

**અર્થ –** જ્ઞાનયોગીઓ પોતાના આત્મામાં પરમાત્માનો=નિજાત્મદ્રવ્યનો અતીન્દ્રિય સાક્ષાત્કાર કરે છે.

**पौद्गलिकेषु भावेषु, रागद्वेषौ परित्यज्यन् । अन्तरात्मनि यो मग्नः परमात्मानं स पश्यति ।।**
*(શ્રી બુદ્ધિસાગરસૂરિકૃત આત્મદર્શન ગીતા - ૩૧),*

**અર્થ –** પૌદ્ગલિકભાવમાં રાગ-દ્વેષને છોડતો જે સાધક પોતાના અંતરાત્મામાં મગ્ન થાય છે, તે પરમાત્માને=નિજાત્મદ્રવ્યને સાક્ષાત્ જુએ છે.

ઉપરોક્ત પ્રમાણોથી એ સિદ્ધ થાય છે કે સમ્યગ્દ્રષ્ટિ જીવને સ્વાત્માનુભૂતિ હોય છે, શુદ્ધાત્માનો સાક્ષાત્કાર હોય છે. તે જ એ વાતને પ્રમાણિત કરે છે કે શુદ્ધાત્માની અનુભૂતિ જ નિશ્ચય સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

અસ્તુ.

# ૧૯
# સમ્યગ્દષ્ટિને ભોગ બંધનું કારણ નથી

**આ**ગળ ચોથા અને પાંચમા ગુણસ્થાનકયુક્ત જીવ ભોગ ભોગવે છે તો કેમ ભોગવે છે ? અને તેમાં તેમને બંધ નથી –એ કઈ અપેક્ષાએ કહેવાય છે ? તેનું સ્પષ્ટીકરણ કરે છે અને કહે છે કે ઇન્દ્રિયજન્ય સુખ વાસ્તવમાં તો દુઃખ જ છે.

ગાથા ૨૩૯ : અન્વયાર્થ :- ''કારણ કે સુખ જેવા દેખાવાવાળા તે ઇન્દ્રિયજન્ય સુખ દુઃખરૂપ ફળને આપવાવાળા હોવાથી દુઃખરૂપ જ છે. તેથી તે સુખાભાસ ત્યાગવા યોગ્ય છે. તથા સર્વથા અનિષ્ટ એવા દુઃખોના જે કર્મ, હેતુ (નિમિત્ત) છે તે પણ ત્યાગવા યોગ્ય છે (અર્થાત્ દુઃખોના નિમિત્ત જે કર્મ છે તે પણ ત્યાગવા યોગ્ય છે).''

જે જીવો અજ્ઞાની છે, તેને તો ઇન્દ્રિયજન્ય સુખરૂપ સુખાભાસ પ્રિય હોવાથી નિયમથી દુઃખરૂપ જ છે. કારણ કે દુઃખનું જે કારણ છે તેવા કર્મો આવા સુખો પ્રત્યેના આકર્ષણથી અને તેવા સુખોને રાચી-માચીને ભોગવવાથી બંધાય છે કે જે કાળાંતરે દુઃખ આપવાવાળા જ બને છે. જ્યારે આત્મજ્ઞાની તેવા સુખોને ઉપેક્ષાભાવથી –પોતાની નિર્બળતા સમજીને ભોગવે છે. તેથી તેને અલ્પબંધ થાય છે ખરો, પણ તે અલ્પ હોવાની અપેક્ષાએ નહિવત્ અર્થાત્ બંધ થતો નથી –એમ જ કહેવાય છે. કારણ કે તેને તે સુખમાં સુખબુદ્ધિ હોતી નથી. જેમ રોગીને દવા માટેનો આદર રોગ મટે ત્યાં સુધી જ હોય છે. તેમ આત્મજ્ઞાનીને પણ ઇન્દ્રિયજન્ય સુખનું સેવન પોતાના પુરુષાર્થની નિર્બળતા છે ત્યાં સુધી જ હોય છે અને આત્મજ્ઞાની તેવા સુખને સેવતો થકો પણ તેને પોતાના પુરુષાર્થની નિર્બળતા સમજીને મોક્ષ પુરુષાર્થમાં વીર્ય ફોરવવા અંતરથી થનગનતો હોય છે. તેથી જ તે અપેક્ષાએ તેવા સુખ તે ભોગવે છતાં તેને બંધકારક નથી –તેમ કહેવાય છે.

ગાથા ૨૫૬ : અન્વયાર્થ :- ''જેમ જળોને ખરાબ રુધિર ચૂસવાથી તૃષ્ણાના બીજભૂત રતિ જોવામાં આવે છે તે જ પ્રમાણે (અજ્ઞાની) સંસારી જીવોમાં પણ એ વિષયોમાં સુહિતપણું માનવાથી

(સારું માનવાથી, આદર હોવાથી, આકર્ષણ હોવાથી) તૃષ્ણાના બીજભૂત રતિ (આસક્તિ) જોવામાં આવે છે.'' અર્થાત્ વિષયોની આવી આસક્તિ છોડવા જેવી છે. એ વાત અવશ્ય ધ્યાનમાં રાખવા જેવી છે. કારણ કે :-

ગાથા ૨૫૮ : અન્વયાર્થ :- ''સંપૂર્ણ કથનનો સારાંશ આ છે કે અહીં જગત જેને સુખ કહે છે તે સર્વ દુઃખ જ છે. તથા તે દુઃખ આત્માનો ધર્મ નહિ હોવાથી સમ્યગ્દષ્ટિઓને તે દુઃખરૂપ સાંસારિક સુખોની અભિલાષા થતી નથી.'' અર્થાત્ સમ્યગ્દષ્ટિઓને સાંસારિક સુખના આકર્ષણનો અભિપ્રાય હોતો નથી.

ગાથા ૨૭૧થી ૨૭૬ :અન્વયાર્થ :- ''જેમ રોગની પ્રતિક્રિયા કરતો કોઈ રોગી પુરુષ તે રોગઅવસ્થામાં રોગના પદને ઇચ્છતો નથી, અર્થાત્ સરોગ અવસ્થાને ચાહતો નથી. (અર્થાત્ જ્ઞાની પોતે જાણે છે કે આ જે હું રાગ-દ્વેષરૂપે પરિણમું છું તે મારી રોગગ્રસ્ત અવસ્થા છે. કારણ કે તેણે શુદ્ધાત્માનો સ્વાદ અનુભવેલ છે. તો ફરી ફરી તે તેવી રાગગ્રસ્ત = રોગગ્રસ્ત અવસ્થા કેમ ઇચ્છે ? અર્થાત્ નથી ઇચ્છતો.) તો પછી બીજી વખત રોગ ઉત્પન્ન થવાની ઇચ્છાના વિષયમાં (અર્થાત્ નવીન કર્મબંધ થાય તેવા કારણોમાં તો તે પોતાની ઇચ્છાથી પ્રવર્તે જ શું કામ ? અર્થાત્ પુરુષાર્થની નબળાઈ ન હોય તો ન જ પ્રવર્તે) તો કહેવું જ શું ? અર્થાત્ ફરીથી રોગની ઉત્પત્તિ તો તે ઇચ્છવાનો જ નથી. એ જ પ્રમાણે જ્યારે ભાવકર્મો દ્વારા પીડિત થતો કર્મજન્ય ક્રિયાઓને કરવાવાળો જ્ઞાની કોઈ પણ કર્મપદની ઇચ્છા કરતો નથી. તો પછી 'તે ઇન્દ્રિયોના વિષયોનો અભિલાષી છે' એમ ક્યા ન્યાયથી કહી શકાય ? - કર્મમાત્રને નહિ ઇચ્છવાવાળા તે સમ્યગ્દષ્ટિને વેદનાનો પ્રતિકાર પણ અસિદ્ધ નથી. (અર્થાત્ પ્રતિકાર હોય છે.) કારણ કે - કષાયરૂપ રોગસહિત તે સમ્યગ્દષ્ટિને વેદનાનો પ્રતિકાર નવીન રોગાદિને ઉત્પન્ન કરવામાં કારણરૂપ કહી શકાતો નથી (અર્થાત્ તેને તે વેદોદયસ્વરૂપ વેદનાનો પ્રતિકાર અર્થાત્ રોગની દવા તરીકે સેવેલ ભોગ નવીન કર્મોના બંધરૂપ કહી શકાતો નથી). તે સમ્યગ્દષ્ટિ ભોગોનું સેવન કરતો હોવા છતાં પણ વાસ્તવમાં ભોગોનું સેવન કરવાવાળો કહેવાતો નથી. કારણ કે રાગરહિત (અર્થાત્ રાગમાં 'હુંપણું' નથી એવા સમ્યગ્દષ્ટિ) જીવને કર્તાબુદ્ધિ વિના કરેલા કર્મ (=વિષયસેવનાદિ) રાગના કારણ નથી. જો કે કોઈ કોઈ સમ્યગ્દષ્ટિ જીવને અર્થાત્ જઘન્યવર્તી (અર્થાત્ ચોથા ગુણસ્થાનકવાળા) સમ્યગ્દષ્ટિને કર્મચેતના તથા કર્મફળચેતના હોય છે (અર્થાત્ કર્તા-ભોક્તાભાવ જોવા મળે છે). તો પણ વાસ્તવમાં તે જ્ઞાનચેતના જ છે (કારણ કે તે દેખીતા કર્તા-ભોક્તાભાવમાં 'હુંપણું' ન હોવાથી તેને જ્ઞાનચેતના જ છે). કર્મમાં તથા કર્મફળમાં

રહેવાવાળી ચેતનાનું ફળ બંધ થાય છે. પરંતુ તે સમ્યગ્દષ્ટિને અજ્ઞાનમય રાગનો અભાવ હોવાથી (અર્થાત્ રાગમાં 'હુંપણા'નો અભાવ હોવાથી) બંધ થતો નથી. તેથી તે જ્ઞાનચેતના જ છે.''

સમ્યગ્દર્શનની પૂર્વભૂમિકામાં અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કર્યા બાદ દરેક જીવને પ્રથમ ક્ષણથી જ અભિપ્રાયમાં સંસારની વિરક્તિ હોય છે. આવા જીવ પોતાના મોક્ષ પુરુષાર્થની કમજોરીના કારણે ભોગ ભોગવતા દેખાય છે, તો પણ તેમના અભિપ્રાયમાં ભોગ પ્રત્યે કોઈ આસક્તિ ન હોવાથી બંધ નહિવત્ જ થાય છે. આવું છે રહસ્ય સમ્યગ્દષ્ટિને ભોગ - બંધનું કારણ ન હોવાનું. આગળ અમે નિમિત્ત-ઉપાદાન બાબતમાં કંઈક જણાવવાનો પ્રયાસ કરીયે છીએ.

# ૨૦
# નિમિત્ત-ઉપાદાનની સ્પષ્ટતા

**હ**વે આગમભાષાથી સમજાવે છે કે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ક્યારે થાય છે ? **પંચાધ્યાયી ઉત્તરાર્ધ**ની ગાથા :-

ગાથા ૩૭૮ : અન્વયાર્થ :- ''દૈવ(કર્મ)યોગથી, કાળાદિક લબ્ધિઓની પ્રાપ્તિ થતા સંસારસાગર (-નો કિનારો) નિકટ આવતા અથવા ભવ્યભાવનો વિપાક થતા જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.''

અત્ર જ્યારે સમ્યગ્દર્શન થાય ત્યારે યથાર્થ નિમિત્તનું જ્ઞાન કરાવેલ છે. અર્થાત્ કાર્યરૂપે તો ઉપાદાન સ્વયં જ પરિણમે છે. પરંતુ ત્યારે યથાર્થ નિમિત્તની હાજરી અચૂક જ હોય છે. તેથી કહી શકાય કે 'કાર્ય નિમિત્તથી તો થતું જ નથી, પરંતુ નિમિત્ત વગર પણ થતું જ નથી.' તેથી જ જિનાગમમાં જીવને પતનના કારણભૂત નિમિત્તોથી દૂર રહેવાનો ઉપદેશ ઠેર ઠેર આપેલ છે અને તે યોગ્ય જ છે.

સમયસાર ગાથા ૨૭૮-૨૭૯ : ગાથાર્થ- ''જેવી રીતે સ્ફટિક મણિ શુદ્ધ હોવાથી (અર્થાત્ જ્ઞાની જેમાં 'હુંપણું' કરે છે તે શુદ્ધાત્મા સ્વયં શુદ્ધ હોવાથી) રાગાદિરૂપે (રતાશ-આદિરૂપે) પોતાની મેળે પરિણમતો નથી (અર્થાત્ જ્ઞાની સ્વેચ્છાથી રાગાદિરૂપે પરિણમતા નથી અર્થાત્ ઇચ્છાપૂર્વક રાગ નથી કરતા), પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે તે રક્ત (-રાતો) આદિ કરાય છે. તેમ જ્ઞાની (=શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરવાવાળા) આત્મા શુદ્ધ હોવાથી (=શુદ્ધાત્મા સ્વયં શુદ્ધ હોવાથી) રાગાદિરૂપે પોતાની મેળે પરિણમતો નથી, પરંતુ અન્ય રાગાદિ દોષો વડે (તેને યોગ્ય એમના કર્મના ઉદયના નિમિત્તના કારણે) તે રાગી આદિ કરાય છે. (અર્થાત્ તે પોતાની કમજોરીના કારણે રાગી-દ્વેષી થાય છે, રાગ-દ્વેષરૂપે પરિણમે છે.)''

અમૃતચન્દ્રાચાર્ય કૃત સમયસાર ટીકા શ્લોક ૧૭૫ :- ''સૂર્યકાંત મણિ માફક (અર્થાત્ જેવી રીતે સૂર્યકાંત મણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી. તેના અગ્નિરૂપે પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી, તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે. આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.)''

છદ્મસ્થ જીવનો આવો જ સ્વભાવ છે કે ખરાબ નિમિત્તથી તેમનું પતન થઈ શકે છે. આવો છે અનેકાંતવાદ જૈન સિદ્ધાંતનો. અર્થાત્ કોઈ નિમિત્તને એકાંતે અકર્તા માને અને એમ જ પ્રરૂપણા કરે તો તે જિનમત બાહ્ય જ છે. તેવા જીવો પોતાના અને અન્ય અનેકોના પતનનું પણ કારણ બને છે. એ જ વાત આ શ્લોકમાં બતાવી છે કે શુદ્ધાત્મા સ્વયં શુદ્ધ હોવાથી, રાગાદિરૂપે પોતાની મેળે ક્યારેય પરિણમતો નથી. પરંતુ તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે. વસ્તુનો આવો સ્વભાવ પ્રકાશમાન છે. અર્થાત્ સદા વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કર્યો નથી. અર્થાત્ નિમિત્ત સ્વયં ઉપાદાનરૂપે પરિણમતું ન હોવા છતાં તે અમુક સંજોગોમાં ઉપાદાનને અસર કરે છે. તેને જ વસ્તુનો સ્વભાવ કહ્યો છે. એટલે જૈન સિદ્ધાંતને વિવેકથી ગ્રહણ કરાય છે અને અપેક્ષાથી સમજી શકાય છે, નહીં કે એકાંતે કે જે મહા અનર્થનું કારણ છે.

અન્યથા કોઈ એકાંતે એમ માને કે નિમિત્ત તો પરમ અકર્તા જ છે અને સ્વચ્છંદે કરી ગમે તેવા નિમિત્તોનું સેવન કરે, તો તેને નિયમથી મિથ્યાત્વી અને અનંત સંસારી જ સમજવો. કારણ કે તેને નિમિત્તનું યથાર્થ જ્ઞાન જ નથી. તેથી જ કહ્યું કે નિશ્ચયથી કાર્ય નિમિત્તથી તો થતું જ નથી. કારણ કે ઉપાદાન સ્વયં જ કાર્યરૂપે પરિણમે છે, નહિ કે નિમિત્ત. પરંતુ નિમિત્ત વગર પણ કાર્ય થતું નથી જ. કારણ કે જ્યારે કોઈ પણ કાર્ય થાય ત્યારે તેને યોગ્ય નિમિત્તની હાજરી અચૂક જ - અવિનાભાવે જ હોય છે. તેથી જ મુમુક્ષુ જીવ વિવેકે કરી હંમેશાં નબળા નિમિત્તોથી બચવાની જ કોશિશો કરે છે કે જે નિમિત્તો તેના પતનના કારણ બની શકે છે. આ જ નિમિત્ત-ઉપાદાનની યથાર્થ સમજણ છે. નિમિત્ત-ઉપાદાનની વિશેષ છણાવટ આગળ સમયસારના નિમિત્ત-ઉપાદાનના અધિકારમાં પણ કરીશું.

# ૨૧
# ઉપયોગ અને લબ્ધિરૂપ સમ્યગ્દર્શન

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા :-**

ગાથા ૪૦૪ : અન્વયાર્થ :- ''આટલું વિશેષ છે કે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ એ બન્નેમાં વિષમવ્યાપ્તિ છે. કારણ કે 'સમ્યગ્દર્શનની સાથે ઉપયોગરૂપ સ્વાનુભૂતિ હોય જ' આવી સમ વ્યાપ્તિ નથી. (અર્થાત્ સમ્યગ્દર્શનની હાજરી સમયે સ્વાત્માનુભૂતિરૂપ અનુભવ હોય પણ છે અને નથી પણ હોતો. તેથી સમ વ્યાપ્તિ અર્થાત્ અવિનાભાવ ઉપસ્થિતિ નથી હોતી.) પરંતુ લબ્ધિમાં અર્થાત્ લબ્ધિરૂપ (જ્ઞાનની લબ્ધિ અને ઉપયોગ એવી બે અવસ્થાઓ હોય છે. તેમાં લબ્ધિરૂપ) અવસ્થામાં સ્વાનુભૂતિની સાથે સમ્યગ્દર્શનની સમ વ્યાપ્તિ છે (અર્થાત્ સમ્યગ્દર્શનની હાજરીમાં જ્ઞાનમાં લબ્ધિરૂપે સ્વાનુભૂતિની હાજરી અવિનાભાવી અર્થાત્ અચૂક જ હોય છે).''

પૂર્વે પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા ૨૧૫ માં જણાવ્યા અનુસાર આત્માની ઉપલબ્ધિ 'શુદ્ધ' વિશેષણ સહિત હોય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ સ્વાત્માનુભૂતિરૂપ અનુભવ સહિત હોય, તો જ તે સમ્યગ્દર્શનનું લક્ષણ થઈ શકે છે. અને જો તે આત્મોપલબ્ધિ અશુદ્ધ હોય તો તે સમ્યગ્દર્શનનું લક્ષણ બની શકતી નથી. પરંતુ તે શુદ્ધોપયોગરૂપ=સ્વાત્માનુભૂતિરૂપ અનુભવનું સાતત્ય ક્ષણિક જ હોવા છતાં તેનું સાતત્ય લબ્ધિરૂપે (ક્ષયોપશમસ્વરૂપે) તો સમ્યગ્દર્શનની હાજરી સમયે અચૂક જ હોય છે.

પહેલા અમે શુદ્ધાત્માનુભૂતિને સમ્યગ્દર્શનના લક્ષણરૂપે સ્થાપિત કર્યું છે. તે લક્ષણ ઉપયોગ રૂપે બહુ જ ઓછા સમય માટે હોય છે. પરંતુ તે લક્ષણ, જ્યાં સુધી સમ્યગ્દર્શન હોય છે ત્યાં સુધી લબ્ધિરૂપે (ક્ષયોપશમસ્વરૂપે) તેની સાથે અવશ્યમેવ હોય છે. આ વાત જેઓ ચોથા ગુણસ્થાનકે શુદ્ધાત્માનુભૂતિ નથી માનતા તેમણે સમજવી અત્યંત આવશ્યક છે.

# ૨૨
# સ્વાનુભૂતિ વગરની શ્રદ્ધા

**હ**વે સ્વાનુભૂતિ વગરની શ્રદ્ધા વિશે જણાવે છે - **પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા :-**

ગાથા ૪૨૩ : અન્વયાર્થ :- ''સ્વાનુભૂતિ વિનાની શ્રદ્ધા (અર્થાત્ કોઈ એમ માને કે નવ તત્ત્વની શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન. અથવા કોઈ સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન માનતા હોય તો તેવી સ્વાનુભૂતિ વિનાની શ્રદ્ધા) સમીચીન (સાચી - કાર્યકારી) શ્રદ્ધા હોતી નથી. તેથી જે સમ્યગ્દર્શનના લક્ષણભૂત શ્રદ્ધા યોગિકરૂઢિ-નિરુક્તિથી (અર્થાત્ સ્વાનુભૂતિરૂપ યોગસહિતની) સિદ્ધ અર્થવાળી છે (અર્થાત્ સાચી છે - કાર્યકારી છે), તે પણ વાસ્તવમાં સ્વાનુભૂતિની માફક અવિરુદ્ધ કથન છે. (તેવું શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન તે સ્વાનુભૂતિરૂપ સમ્યગ્દર્શન જ છે.)''

એટલે કે સ્વાનુભૂતિ વગરની શ્રદ્ધા કાર્યકારી નથી. અર્થાત્ પૂર્વે જણાવ્યા અનુસાર માત્ર વ્યવહારનયને જ માન્ય કરનારા મોટા ભાગના જૈનો એવું માને છે કે સમ્યગ્દર્શન એટલે સાત/નવ તત્ત્વોની (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા અથવા સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા. સમ્યગ્દર્શનની આ વ્યાખ્યા વ્યવહારનયના પક્ષની છે. તેવી સ્વાનુભૂતિ વિનાની શ્રદ્ધા સમીચીન (સાચી - કાર્યકારી) શ્રદ્ધા હોતી નથી. તેથી જે સમ્યગ્દર્શનના લક્ષણભૂત શ્રદ્ધા યોગિકરૂઢિ-નિરુક્તિથી અર્થાત્ સ્વાત્માનુભૂતિરૂપ યોગસહિતની સિદ્ધ અર્થવાળી છે અર્થાત્ સાચી છે =કાર્યકારી છે, તે સમીચીન (સાચી - કાર્યકારી) શ્રદ્ધા પણ વાસ્તવમાં સ્વાનુભૂતિની માફક અવિરુદ્ધ કથન છે. અર્થાત્ તેવું શ્રદ્ધારૂપ સમ્યગ્દર્શન તે સ્વાનુભૂતિરૂપ સમ્યગ્દર્શન જ છે. અર્થાત્ જે એકને=આત્માને અનુભૂતિના સ્તરે જાણે છે તે જ સર્વને અર્થાત્ સાત/નવ તત્ત્વોને અને સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રને યથાર્થ રીતે જાણે છે. કારણ કે એક આત્માને અનુભૂતિના સ્તરે જાણતા જ તે જીવ સાચા દેવ તત્ત્વનો અંશે અનુભવ કરે છે. તેથી જ તે સાચા દેવને અંતરથી ઓળખે છે. તેમ સાચા દેવને જાણતા જ અર્થાત્ (સ્વાત્માનુભૂતિ સહિતની) શ્રદ્ધા થતા જ તે જીવ તેવા દેવ બનવાના માર્ગે

ચાલતા સાચા ગુરુને પણ અંતરથી ઓળખે છે અને સાથે સાથે તે જીવ તેવા દેવ બનવાનો માર્ગ (=ધર્મ) બતાવતા સાચા શાસ્ત્રને પણ ઓળખે છે.

નિશ્ચય સમ્યગ્દર્શનની સાચી વ્યાખ્યા આવી હોવા છતાં વ્યવહારનયના પક્ષવાળાને સમ્યગ્દર્શનની આવી સાચી વ્યાખ્યા માન્ય હોતી નથી અથવા તેઓ આવી વ્યાખ્યાનો જ વિરોધ કરે છે. તેથી કરીને તેઓ સમ્યગ્દર્શન એટલે સાત/નવ તત્ત્વોની કહેવાતી (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા અથવા સાચા દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની કહેવાતી (સ્વાત્માનુભૂતિ વગરની) શ્રદ્ધા એટલું જ માનતા હોઈને તેઓને સ્વાત્માનુભૂતિ વગરની શ્રદ્ધા અને સ્વાત્માનુભૂતિ સહિતની શ્રદ્ધા વચ્ચેનો ફરક ખબર હોતો નથી અથવા ખબર કરવા માગતા નથી. તેથી કરી તેઓ સમ્યગ્દર્શન કે જે તાત્ત્વિક ધર્મનો પાયો છે તેના વિશે જ અજાણ રહીને આખી જિંદગી ક્રિયા-ધર્મ ઉત્તમ રીતે કરવા છતાં પણ સંસારના અંત માટેનો યથાર્થ ધર્મ પામતા નથી કે જે અત્યંત કરુણા ઉપજાવતી વાત છે.

# ૨૩
# સમ્યગ્દષ્ટિ જીવનો નિર્વિચિકિત્સાગુણ

**સ**મ્યગ્દષ્ટિ જીવ, માત્ર શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરતો હોવા છતાં પોતાને બીજા સંસારી જીવો જેવો જ અર્થાત્ કર્મોથી મલિન પણ અનુભવ કરતો હોય છે. તેથી કરીને તે પોતાને અન્ય સંસારી જીવોથી ઊંચો માનીને તેમના પ્રત્યે ઘૃણા વગેરેના ભાવો કરતો નથી. તે જ તેનો નિર્વિચિકિત્સાગુણ છે તેમ જણાવે છે. તે અન્ય સર્વ સંસારી જીવોને પણ પોતાના જેવા જ અર્થાત્ સ્વરૂપથી સિદ્ધ સમાન જ સમજે (જાણે) છે.

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા :-**

ગાથા ૫૮૪ : અન્વયાર્થ :- ''જેમ જળમાં કાંઈ (ગદલીમલિનતા) રહે છે, ઠીક એ જ પ્રમાણે જ્યાં સુધી જીવમાં અશુચિરૂપ એવા કર્મો છે ત્યાં સુધી હું (અર્થાત્ સમ્યગ્દષ્ટિ = જ્ઞાની) અને તે સર્વ સંસારી જીવો સામાન્ય રૂપથી (અર્થાત્ સમાન રીતથી) નિશ્ચયપૂર્વક કર્મોથી મલિન છે (એવો સમ્યગ્દષ્ટિનો નિર્વિચિકિત્સાગુણ હોય છે).'' અર્થાત્ સમ્યગ્દષ્ટિ = જ્ઞાની જીવને કોઈ પણ જીવ પ્રત્યે તુચ્છ ભાવ હોતો નથી. પરંતુ સર્વ જીવો પ્રત્યે તેમને સમભાવ = સામ્યભાવ હોય છે. તે જ સમ્યગ્દષ્ટિ જીવનો નિર્વિચિકિત્સાગુણ કહેવાય છે.

તેથી પોતાને ધર્મી કહેવડાવવાવાળા કોઈ પણ જીવે પોતાને અન્ય જીવોથી ઉચ્ચા માનીને અન્ય જીવો સાથે તુચ્છતાપૂર્ણ (નાનાપણાનો) વ્યવહાર કરવો યોગ્ય નથી. તેવી માન્યતા પણ યોગ્ય નથી.

# ૨૪
# સમ્યગ્દર્શન માટેની યોગ્યતા

**સ**મ્યગ્દર્શન માટેની જીવની યોગ્યતા વિશે જણાવે છે, **પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથાઓઃ-**

ગાથા ૭૨૪ : અન્વયાર્થ :- ''એ આઠે મૂળ ગુણો સ્વભાવથી અથવા કુળપરંપરાથી પણ આવે છે અર્થાત્ ગૃહસ્થોને પ્રાપ્ત થાય છે. તથા આ સ્પષ્ટ છે કે એ મૂળ ગુણો વિના જીવોને સર્વ પ્રકારના વ્રત તથા સમ્યક્ત્વ હોઈ શકતા નથી.'' અર્થાત્ મૂળ ગુણોને જીવની સમ્યગ્દર્શન માટેની યોગ્યતારૂપ કહ્યા.

**'રત્નકરંડક શ્રાવકાચાર'** શ્લોક ૬૬ અનુસાર - ''મુનિઓમાં ઉત્તમ ગણધરાદિક દેવ મદ્યત્યાગ, માંસત્યાગ અને મધુત્યાગ સાથે પાંચ અણુવ્રતોને ગૃહસ્થોના આઠ મૂળ ગુણ કહે છે.''

ગાથા ૭૪૦ : અન્વયાર્થ :- ''ગૃહસ્થોએ પોતાની શક્તિ અનુસાર પ્રતિમારૂપથી વ્રત અથવા વિના પ્રતિમારૂપથી વ્રત - એ પ્રમાણે બન્ને પ્રકારના સંયમનું પણ પાલન કરવું જોઈએ.'' અર્થાત્ સર્વ જનોએ એક માત્ર આત્મલક્ષે અર્થાત્ આત્મપ્રાપ્તિ અર્થે સંયમનું પણ પાલન કરવું જોઈએ.

આ જ વાત **પરમાત્મપ્રકાશ** મોક્ષાધિકાર ગાથા ૬૪માં આ રીતે જણાવેલ છે કે ''પંચ પરમેષ્ઠીને વંદન, પોતાના અશુભ કર્મોની નિંદા અને અપરાધોની પ્રાયશ્ચિત્તાદિ (પ્રતિક્રમણ) વિધિથી નિવૃત્તિ - આ બધું પુણ્યનું કારણ છે, મોક્ષનું કારણ નથી. એટલા માટે પહેલી અવસ્થામાં પાપને દૂર કરવા માટે જ્ઞાની પુરુષ આ બધું કરે છે, કરાવે છે અને કરવાવાળાને સારું જાણે છે. તો પણ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામાં જ્ઞાની જીવ આ ત્રણેમાંથી એક પણ ન કરે, ન કરાવે અને કરવાવાળાને સારું ન જાણે (કારણ કે નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામાં જ્ઞાની જીવને કોઈ જ વિકલ્પ હોતા નથી).'' અર્થાત્ ભૂમિકા અનુસાર ઉપદેશ હોય છે, અન્યથા નહિ, એકાંતે નહિ.

તેથી પ્રથમ અવસ્થામાં અર્થાત્ સમ્યકત્વ સન્મુખ મિથ્યાદૃષ્ટિ જીવોએ પાપથી મુક્ત થવાનો અને સમત્વભાવ પ્રાપ્ત કરવાનો નીચે જણાવ્યા અનુસાર પ્રયોગાત્મક અભ્યાસ કરવો જોઈએ. કારણ

કે માત્ર વાચા જ્ઞાનથી પોતાનું કલ્યાણ થવું અત્યંત કઠિન છે. આ કારણે અમે આગળ પ્રયોગાત્મક સાધના બતાવીએ છીએ, જે સર્વ જીવોને યોગ્યતા કેળવવા માટે અને યોગ્યતા ટકાવી રાખવા માટે કાર્યકારી છે. તદુપરાંત નીચે જણાવેલ પ્રયોગાત્મક સાધનાઓ સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી પણ પોતાની ભૂમિકા અનુસાર સ્વયમેવ હોય છે.

સૌપ્રથમ વિશ્વના સર્વ જીવો પ્રત્યે આપણે નીચે કહ્યા પ્રમાણે ચાર જ ભાવ કરવાના છે. અર્થાત્ તેઓને આ ચાર ભાવોમાં જ વર્ગીકૃત કરવાના છે. અન્યથા કરેલા ભાવ આપણા માટે બંધનરૂપ બની શકે છે.

પહેલો, **મૈત્રીભાવ :-** નિઃસ્વાર્થ પરમ કલ્યાણમય મૈત્રી. લોકના સર્વ જીવો પ્રત્યે પરમ કલ્યાણમય મૈત્રીનો ભાવ ભાવવાનો છે. અર્થાત્ સર્વ જીવોનું પરમ કલ્યાણ ઇચ્છવાનું છે. તેનાથી આપણા મનમાં કોઈ પણ જીવ પ્રત્યે દુશ્મની નહીં રહે અને કોઈ પણ જીવ પ્રત્યે ગુસ્સો કે ઈર્ષ્યા નહીં રહે. જ્યારે આપણા દિલમાં કોઈના પણ પ્રત્યે ઈર્ષ્યા કે દુશ્મની હોય છે, ત્યારે જેના પ્રત્યે એવો ભાવ કર્યો હોય છે તેમને તે ભાવથી ફાયદો કે નુકસાન થતું નથી. પરંતુ આપણું બહુ જ મોટું નુકસાન થાય છે. એક તો આપણા દિલમાં તેમને યાદ કરવાથી ડંખ લાગે છે. બીજું, આપણા શરીર ઉપર તેની ખરાબ અસર થાય છે. ત્રીજું, આપણી પ્રસન્નતાનો ભંગ થાય છે. ચોથું અનંત કર્મોનો બંધ થાય છે. તેનાથી ઉલટું, જ્યારે આપણે બધા જ જીવો પ્રત્યે પરમ મૈત્રીનો ભાવ ભાવીયે છીએ, ત્યારે આપણું મન પ્રસન્ન રહે છે અને દુશ્મની કે ઈર્ષ્યા ન હોવાના કારણે પાપબંધનથી પણ બચી જઈયે છીએ. પરંતુ જે જીવને મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ હોય, તે જીવને માટે સર્વ જીવો સાથે મૈત્રી કરવી અસંભવ જ હોય છે. કારણ કે તે જીવને પોતાનું-પારકું (મારું-પરાયું) અને પસંદગી-નાપસંદગીના તીવ્ર ભાવ હોવાથી તે જીવ સર્વ જીવોને પોતાના મિત્ર માની નહીં શકે. તે જીવ પોતાના સંપ્રદાયવાળાઓથી તો બહુ જ પ્રેમ કરશે, પરંતુ અન્યો ઉપર તો એટલી જ ઘૃણા કે તિરસ્કારનો ભાવ કરશે. આવા ભાવો અધ્યાત્મના ઘાતક હોવાથી જ જ્ઞાનીઓએ મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહનું સેવન કરવાની મનાઈ ફરમાવેલ છે. છતાં પણ જો કોઈ જીવ એક સંપ્રદાય વિશેષનો આગ્રહ રાખીને, 'તે જ સંપ્રદાય વિશેષમાં સમ્યગ્દર્શન છે' તેમ માનીને; અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા ઇચ્છતો હોય, તો તે તેવા જીવની બહુ મોટી ભૂલ હશે અને તેને અધ્યાત્મ માર્ગ તો દૂર રહો, સંસારમાં પણ શાંતિ અને પ્રસન્નતા મળવી-ટકવી મુશ્કેલ થઈ જશે.

બીજો, **પ્રમોદભાવ :-** ગુણ/ગુણી પ્રત્યે અહોભાવ. પંચપરમેષ્ઠી પ્રત્યે, તમામ ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણો પ્રત્યે પ્રમોદભાવ ભાવવાનો છે. ગુણો પ્રત્યે અને ગુણી પ્રત્યે પ્રમોદભાવ

ભાવવાથી આપણામાં એ ગુણોનું ખીલવું આસાન થઈ જાય છે. વ્યવસ્થા એવી છે કે આપણને જે ગુણો પ્રત્યે આદરભાવ હોય તે ગુણો આપણામાં પ્રગટે/ખીલે છે અને આપણને ગુણી જીવો પ્રત્યે ક્યારેય ઈર્ષ્યાનો ભાવ આવતો નથી. સર્વ જીવોમાં કોઈ ને કોઈ ગુણ તો અવશ્ય હોય જ છે. આપણી દૃષ્ટિને આપણે તેમના ગુણો ઉપર રાખવાની છે, નહીં કે તેમના દુર્ગુણો ઉપર. જ્યારે પણ આપણે કોઈને યાદ કરીયે, ત્યારે આપણને તેમના ગુણો યાદ આવવા જોઈએ, નહીં કે દુર્ગુણો. તેનાથી આપણને કોઈ પણ જીવ પ્રત્યે તુચ્છપણાનો (હીનપણાનો) ભાવ નહીં થાય અને આપણે પાપબંધથી પણ બચી જઈશું, આપણું મન પણ પ્રસન્ન રહેશે. પરંતુ જે જીવને મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ હોય, તે જીવને સર્વ જીવોના ગુણો પ્રત્યે પ્રમોદ કરવો અસંભવ જ હોય છે. કારણ કે તે જીવને પોતાનું-પારકું (મારું-પરાયું) અને પસંદગી-નાપસંદગીના તીવ્ર ભાવ હોવાથી તે જીવ સર્વ જીવોના ગુણોનો પ્રમોદ નહીં કરી શકે. તેવા જીવો પોતાના સંપ્રદાયવાળાઓના ગુણોનો પ્રમોદ કદાચ કરી પણ લેશે, પરંતુ અન્યોના તો અવગુણ જ જોતા રહેશે અને તેમના અવગુણોને ચઢાવીને-વધારીને પ્રકાશિત કરતા રહેશે. આવા ભાવો અધ્યાત્મના ઘાતક હોવાથી જ જ્ઞાનીઓએ મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહનું સેવન કરવાની મનાઈ ફરમાવેલ છે. છતાં પણ જો કોઈ જીવ એક સંપ્રદાય વિશેષનો આગ્રહ રાખીને, 'તે જ સંપ્રદાય વિશેષમાં સમ્યગ્દર્શન છે' તેમ માનીને; અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા ઇચ્છતો હોય, તો તે તેવા જીવની બહુ મોટી ભૂલ હશે અને તેને અધ્યાત્મ માર્ગ તો દૂર રહો, સંસારમાં પણ શાંતિ અને પ્રસન્નતા મળવી-ટકવી મુશ્કેલ થઈ જશે.

ત્રીજો, **કરુણાભાવ :-** આધ્યાત્મિક દયા. અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે, દીન-દુઃખી જીવો પ્રત્યે કરુણાભાવ ભાવવો. આ હુંડાઅવસર્પિણી પંચમકાળમાં જૈનસમાજમાં ઘણી વિકૃતિઓ પેસી ગયેલ છે, તો અન્ય ધર્મની તો વાત જ શું ? તેવી વિકૃતિઓ ફેલાવનાર પ્રત્યે અને તેમના અનુયાયીઓ પ્રત્યે આપણે ગુસ્સો કે દ્વેષ કરવા યોગ્ય નથી, પરંતુ કરુણાભાવ રાખવો જ યોગ્ય છે. તેનાથી આપણી પ્રસન્નતા અખંડિત રહેશે અને આપણે પાપબંધથી બચી જઈશું. પરંતુ જે જીવને મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ હોય, તે જીવને સર્વ જીવો પ્રત્યે કરુણા રાખવી અસંભવ જ હોય છે. કારણ કે તે જીવને પોતાનું-પારકું (મારું-પરાયું) અને પસંદગી-નાપસંદગીના તીવ્ર ભાવ હોવાથી તે જીવ સર્વ જીવો પ્રત્યે કરુણા નહીં કરી શકે. તેવા જીવો પોતાના સંપ્રદાયવાળાઓ પ્રત્યે કદાચ કરુણા કરી પણ લેશે. પરંતુ અન્યો પ્રત્યે તો તેવા જીવો તિરસ્કાર, ગુસ્સો અને તુચ્છપણાનો જ ભાવ કરતા રહેશે. આવા ભાવો અધ્યાત્મના ઘાતક હોવાથી

જ જ્ઞાનીઓએ મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહનું સેવન કરવાની મનાઈ ફરમાવેલ છે. છતાં પણ જો કોઈ જીવ એક સંપ્રદાય વિશેષનો આગ્રહ રાખીને, 'તે જ સંપ્રદાય વિશેષમાં સમ્યગ્દર્શન છે' તેમ માનીને; અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા ઇચ્છતો હોય, તો તે તેવા જીવની બહુ મોટી ભૂલ હશે અને તેને અધ્યાત્મ માર્ગ તો દૂર રહો, સંસારમાં પણ શાંતિ અને પ્રસન્નતા મળવી - ટકવી મુશ્કેલ થઈ જશે.

ચોથો **મધ્યસ્થભાવ :-** આધ્યાત્મિક અભિપ્રાયપૂર્વકની ઉદાસીનતા. આપણે સર્વ જીવો પ્રત્યે પરમ કલ્યાણમય મૈત્રીનો ભાવ ભાવ્યો છે. પરંતુ જેઓ આપણને પોતાના દુશ્મન માને છે, તેવા લોકો આપણી સાથે કાંઈ પણ ખરાબ વ્યવહાર કરી શકે છે. ત્યારે આપણે તેમના પ્રત્યે ગુસ્સો કે દ્વેષ ન કરતા, આપણે તેમના પ્રત્યે ઉપેક્ષાભાવ એટલે કે મધ્યસ્થભાવ ભાવવાનો છે. તેની સાથે અમે જે આગળ બતાવવાના છીએ તે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !' (Thank you ! Welcome !)નો ભાવ પણ ભાવવાનો છે. જેથી આપણે તે અપમાન આદિનો આપણા ફાયદામાં ઉપયોગ કરી શકીયે અને આપણે કર્મોના દુષ્ચક્રથી પણ બચી શકીયે. પરંતુ જે જીવને મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ હોય, તે જીવને મધ્યસ્થભાવ રાખવો અસંભવ જ થશે. કારણ કે તે જીવને પોતાનું-પારકું (મારું-પરાયું) અને પસંદગી-નાપસંદગીનો તીવ્ર ભાવ હોવાથી તે જીવ દુશ્મન જીવો પ્રત્યે મધ્યસ્થપણાનો ભાવ નહીં રાખી શકે. તેવા જીવો પોતાના સંપ્રદાયવાળાઓ પ્રત્યે કદાચ મધ્યસ્થભાવ કરી પણ લેશે. પરંતુ અન્યો પ્રત્યે તો તેવા જીવો તિરસ્કાર, ગુસ્સો અને તુચ્છપણાનો જ ભાવ કરતા રહેશે. આવા ભાવો અધ્યાત્મના ઘાતક હોવાથી જ જ્ઞાનીઓએ મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહનું સેવન કરવાની મનાઈ ફરમાવેલ છે. છતાં પણ જો કોઈ જીવ એક સંપ્રદાય વિશેષનો આગ્રહ રાખીને, 'તે જ સંપ્રદાય વિશેષમાં સમ્યગ્દર્શન છે' તેમ માનીને; અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા ઇચ્છતો હોય, તો તે તેવા જીવની બહુ મોટી ભૂલ હશે અને તેને અધ્યાત્મ માર્ગ તો દૂર રહો, સંસારમાં પણ શાંતિ અને પ્રસન્નતા મળવી - ટકવી મુશ્કેલ થઈ જશે.

અનાદિથી આપણે દુઃખોનો પ્રતિકાર કરવાનું જ શીખ્યા છીએ, તેનો સ્વીકાર કરવાનું ક્યારેય શીખ્યા નથી. ત્યારે તે દુઃખોનું સ્વાગત કરવું તો બહુ દૂરની વાત છે. પરંતુ અત્ર જણાવેલ સ્વાગત કરવાની યુક્તિથી આપણે તે દુઃખોનો સર્વોત્કૃષ્ટ સકારાત્મક ઢંગથી (Extra ordinary excellent positive thinking) સામનો કરીને તેવા દુઃખોના દુષ્ચક્રથી મુક્તિ પામી શકીયે છીએ. આ યુક્તિને હસ્તગત/અભ્યસ્ત કરવા માટે અત્ર જણાવેલ ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !) એક દિવસમાં ઓછામાં ઓછું દસ વાર વાંચીને, મનમાં દૃઢતાથી બેસાડવું આવશ્યક છે. કારણ કે

જીવોની પ્રતિક્રિયા તાત્કાલિક હોય છે, પ્રતિક્રિયા માટે વિચારવાનો વધુ સમય હોતો નથી. આત્મામાં રહેલા પૂર્વનિર્ધારિત સંસ્કાર અનુસાર જ તાત્કાલિક પ્રતિક્રિયા થાય છે. તેને બદલવા માટે અત્ર જણાવેલ ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !) એક દિવસમાં ઓછામાં ઓછું દસ વાર વાંચીને, મનમાં જડબેસલાક બેસાડવું આવશ્યક છે. ત્યાર પછી જે રોષ/ગુસ્સો/આવેશ પહેલા વર્ષો/મહિનાઓ સુધી રહેતો હતો, તે દિવસોમાં જ ગાયબ થઈ જશે. ધીરે ધીરે ધન્યવાદ! સુસ્વાગતમ્! (Thank you ! Welcome !)નો અભ્યાસ જેટલો જેટલો ગાઢ થતો જશે તેમ તેમ મનનો રોષ/ગુસ્સો/આવેશયુક્ત રહેવાનો સમય ઘટતો જશે અને એક દિવસ એવો પણ આવશે કે મનમાં રોષ/ગુસ્સો/આવેશનો જન્મ જ નહીં થાય. તે જ આપણું લક્ષ્ય હોવું જોઈએ. આવી રીતે આપણે દુ:ખના દુષ્ચક્રથી બચી શકીયે છીએ અને આપણી પ્રસન્નતા પણ અખંડિત રાખી શકીયે છીએ. પરંતુ જે જીવને મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહ હોય, તે જીવને માટે ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome!)નો ભાવ રાખવો અસંભવ જ હોય છે. કારણ કે તે જીવને પોતાનું-પારકું (મારું-પરાયું) અને પસંદગી-નાપસંદગીનો તીવ્ર ભાવ હોવાથી, પોતાના મત-પંથ-સંપ્રદાયનો ઘમંડ હોવાથી અને પોતાને અન્ય જીવોથી ઊંચા માનતા હોવાથી અન્યોને માટે તેઓ તિરસ્કાર, ગુસ્સો અને તુચ્છપણાનો જ ભાવ કરતા રહેશે. આવા ભાવો અધ્યાત્મના ઘાતક હોવાથી જ જ્ઞાનીઓએ મત-પંથ-સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, હઠાગ્રહ કે દુરાગ્રહનું સેવન કરવાની મનાઈ ફરમાવેલ છે. છતાં પણ જો કોઈ જીવ એક સંપ્રદાય વિશેષનો આગ્રહ રાખીને, 'તે જ સંપ્રદાય વિશેષમાં સમ્યગ્દર્શન છે' તેમ માનીને; અધ્યાત્મ માર્ગમાં આગળ વધવા ઇચ્છતો હોય, તો તે તેવા જીવની બહુ મોટી ભૂલ હશે અને તેને અધ્યાત્મ માર્ગ તો દૂર રહો, સંસારમાં પણ શાંતિ અને પ્રસન્નતા મળવી - ટકવી મુશ્કેલ થઈ જશે. **ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !)**

એક વાત તો નિશ્ચિત જ છે કે આપણને જે કાંઇ પણ દુ:ખ આવે છે, તેમાં વાંક તો આપણા પૂર્વ પાપોનો જ હોય છે, અન્ય કોઈનોય નહીં. જે અન્યો કોઈ દુ:ખ આપતા જણાય છે, તે તો માત્ર નિમિત્તરૂપ જ છે. તેમાં તેમનો કોઈ જ દોષ નથી. તેઓ તો આપણને આપણા પાપથી છોડાવવાવાળા જ છે. છતાં પણ આવી સમજણ ન હોવાથી, આપણને નિમિત્ત પ્રત્યે જરા પણ રોષ/ગુસ્સો/ક્રોધ આવે, તો તે રોષ/ગુસ્સો/ક્રોધ આપણને ફરીથી પાપનું બંધન કરાવે છે કે જે ભવિષ્યના દુ:ખોનું જનક (કારણ) બને છે. આ જ રીતે અનાદિથી આપણે દુ:ખો ભોગવતા ભોગવતા, નવા દુ:ખોનું સર્જન કરતા રહ્યા છીએ અને અત્યારે પણ કરી રહ્યા છીએ. આવા અનંત દુ:ખોથી છૂટવાનો માત્ર એક જ માર્ગ છે કે દુ:ખના નિમિત્તને હું ઉપકારી માનું, કારણ કે તે મને પાપથી છોડાવવામાં નિમિત્ત થયેલ છે. તે

નિમિત્તનો જરા પણ વાંક-ગુનો ન ચિંતવું. પરંતુ મારા પોતાના પૂર્વના પાપો જ, અર્થાત્ મારા પોતાના પૂર્વના દુષ્કૃત્યો જ વર્તમાન દુઃખનું કારણ બનેલ છે. તેથી દુઃખ વખતે એમ ચિંતવવું કે - (૧) અહો ! મેં આવું દુષ્કૃત્ય કરેલું ! ધિક્કાર છે મને ! ધિક્કાર છે મને ! એ દુષ્કૃત્ય માટે મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) અને (૨) હવે હું નિર્ણય કરું છે કે આવા દુઃખદાયી કોઈ જ દુષ્કૃત્યોનું આચરણ હવે પછી કદી નહીં કરું ! નહીં જ કરું! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) મારા દુઃખના કારણ તરીકે અન્યોને દોષિત જોવાનું છોડીને, મારા જ પૂર્વકૃત દુષ્કૃત્યનો -મારા જ પૂર્વના પાપકર્મોનો દોષ નિહાળી; અન્યોને તે પાપોથી છોડાવવાળા સમજીને, ઉપકારી માનીને મનમાં ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !) કહીયે અને નવા પાપોથી બચીયે.

આવી જ રીતે ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !)નો ઉપયોગ દરેક વિપરીત સંયોગકાળે કરવો જોઈએ. કારણ કે આત્મપ્રાપ્તિ માટે મન શાંત અને પ્રસન્ન હોવું અતિ આવશ્યક છે. બીજું, જેને આપણે આપણું નુકસાન સમજીયે છીએ તે વાસ્તવમાં પોતાને (આત્માને) માટે લાભદાયક છે. આમ સમજતા જ ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !)નો ભાવ આપણા મનમાં સ્થાયી રૂપ લઈ લેશે અર્થાત્ સર્વદા ઉપસ્થિત રહેશે, જેનાથી આપણે નવા કર્મોથી બચી જઈશું અને જૂના કર્મોની સમતાપૂર્વક નિર્જરા થઈ જશે. 'ધન્યવાદ ! સુસ્વાગતમ્!' (Thank you ! Welcome !)નો ભાવ દરેક વિપરીત સંયોગકાળે ઉપયોગી હોવાના બીજા થોડાક દૃષ્ટાંતો અમે અત્ર પ્રસ્તુત કરી રહ્યા છીએ.

જ્યારે કોઈ આલોચક તમારી આલોચના કરી રહ્યો છે ત્યારે એમ વિચારવું કે : (૧) અહો! મેં આવું દુષ્કૃત્ય કર્યું હતું ! ધિક્કાર છે મને ! ધિક્કાર છે મને ! તે દુષ્કૃત્યનું મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી આવા કોઈ જ દુષ્કૃત્યોનું આચરણ હવે કદી નહીં કરું ! નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આલોચકને પોતાના પાપકર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ અથવા દ્વેષનો જન્મ જ નહીં થાય, એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુઃખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે કોઈ આલોચક બીજા કોઈની આલોચના કરી રહ્યો છે ત્યારે તેને અરિસો સમજીને એમ વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવા (આલોચનાનું અને જેની આલોચના થઈ રહી છે એવા) દુષ્કૃત્યો અનેક વાર કર્યા છે. ધિક્કાર છે મને ! ધિક્કાર છે મને ! આવા દુષ્કૃત્યો કરવા બદલ મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી આવા કોઈ જ દુષ્કૃત્યોનું આચરણ હું કદી નહીં કરું ! નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આલોચકને અને જેની આલોચના થઈ રહી છે તે બન્નેને પોતાના પાપકર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય. એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જુના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુઃખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !' (Thank you ! Welcome!) નો પ્રભાવ.

જ્યારે આપણે કોઈને ખોટું/ખરાબ કામ કરતા જોઈએ, કોઈને ખોટું/ખરાબ કામ કરતા વૃત્તપત્ર (Newspaper) અથવા અન્ય સમાચાર માધ્યમો દ્વારા જાણીયે અથવા અન્યો દ્વારા સાંભળીએ ત્યારે એમ વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવા ખોટા/ખરાબ કામો અનેક વાર કર્યા હશે. ધિક્કાર છે મને ! ધિક્કાર છે ! આવા દુષ્કૃત્યો કરવા બદલ મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી આવા ખોટા/ખરાબ કામ કદી નહીં કરું ! નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) ખોટા/ખરાબ કાર્ય કરવાવાળાઓને આપણા પાપકર્મોને યાદ કરાવવાવાળા અને એવા જ સત્તામાં રહેલા કર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય. એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે, તેનું સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુઃખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે આપણે કોઈને ધર્મની નિંદા કરતા સાંભળીયે, સાધુની નિંદા કરતા સાંભળીયે,

શ્રાવકની નિંદા કરતા સાંભળીયે, વિકૃત ધર્મનો પ્રચાર-પ્રસાર કરતા જાણીયે, એકાંત ધર્મનો પ્રચાર-પ્રસાર કરતા જાણીયે અથવા માત્ર વ્યવહારક્રિયામાં જ ધર્મ માનતા અને પ્રચાર કરતા જાણીયે ત્યારે એમ વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવું અનેક વાર કર્યું હશે, એટલે જ હું અત્યાર સુધી સંસારમાં છું. ધિક્કાર છે મને! ધિક્કાર છે ! આવા કર્મો અને માન્યતાઓને માટે મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી આવા ખરાબ કામો કે માન્યતાઓ કદી નહીં કરું ! નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આવા ખરાબ કાર્યો કરવાવાળાઓને અને આવી ખોટી માન્યતાવાળાઓને પોતાના પાપકર્મોને યાદ કરાવવાવાળા સમજીને અને એવા જ સત્તામાં રહેલા કર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય, એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુ:ખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે આપણે કોઈ મનુષ્યને અથવા કોઈ પંખી કે પ્રાણીને હિંસા કરતા જોઈયે અથવા સાંભળીયે, ત્યારે એમ વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવું અનેક વાર કર્યું હશે, અને જો હું આ ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને ત્વરાએ મુક્ત નથી થતો તો આવું અનેક વાર કરી શકું છું. ધિક્કાર છે મને ! ધિક્કાર છે ! આવી હિંસા માટે મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી હું આવી હિંસા ક્યારેય નહીં કરું ! નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આવી હિંસા કરવાવાળાઓને પોતાના પાપકર્મોને યાદ કરાવવાવાળા સમજીને અને એવા જ સત્તામાં રહેલા કર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય. એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે, તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુ:ખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે આપણે કોઈ પાપીને જોઈએ, ત્યારે એમ વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવા પાપ અનેક વાર કર્યા હશે અને જો હું આ ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને મુક્ત નથી થતો તો આવું પાપ અનેક વખત કરી શકું છું. (આ છે સ્વદયા) ધિક્કાર છે મને ! ધિક્કાર છે મને ! આવા પાપો માટે મિચ્છામિ દુક્કડં! મિચ્છામિ દુક્કડં! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી આવા પાપો કદી નહીં કરું ! નહીં જ કરું! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આવા પાપીને પોતાના પાપકર્મોને યાદ કરાવવાવાળા સમજીને અને એવા જ સત્તામાં રહેલા કર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય. એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપ કર્મોથી અને દુ:ખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્!' (Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે આપણે કોઈ ગંદકી કે ગંદાને જોઈએ, ત્યારે એમ વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવી ગંદકીમાં અનેક વાર જન્મ ધારણ કર્યા હશે અને જો હું આ ભવમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને મુક્ત નહીં થાઉ, તો આવી ગંદકીમાં મારે અનેક વાર જન્મ લેવા પડી શકે છે. ધિક્કાર છે મને ! ધિક્કાર છે ! આવા પાપોનું મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી આવા પાપો કદી નહીં કરું કે જેથી મારે ગંદકીમાં જન્મ લેવો પડે. નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આવી ગંદકી કે ગંદાને પોતાના પાપકર્મોને યાદ કરાવવાવાળા સમજીને અને એવા જ સત્તામાં રહેલા કર્મોની સફાઈમાં મદદ કરનાર ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય. એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવાલાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુ:ખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે આપણને બીજાના કારણે આર્થિક અથવા અન્ય કોઈ પણ નુકસાન થાય, ત્યારે એમ

વિચારવું કે : (૧) અહો ! મેં પણ આવું કોઈનું નુકસાન કરાવ્યું હશે. ધિક્કાર છે મને ! ધિક્કાર છે ! આવા કાર્ય માટે મિચ્છામિ દુક્કડં ! મિચ્છામિ દુક્કડં ! ઉત્તમ ક્ષમા ! (આ છે પ્રતિક્રમણ) (૨) હવે પછી એવું કાર્ય કદી નહીં કરું કે જેથી બીજાનું નુકસાન થાય. એવું નહીં જ કરું ! (આ છે પ્રત્યાખ્યાન) અને (૩) આવું નુકસાન કરાવવાવાળાને પોતાના પાપકર્મોની સફાઈમાં મદદ કરાવવાવાળા ઉપકારી માનીને તેમના માટે મનમાં ધન્યવાદની ભાવના ચિંતવવી. તેથી તેમના પ્રત્યે રોષ, દ્વેષ, તુચ્છપણું, નિંદાનો ભાવ, ઘૃણા વગેરેનો જન્મ જ નહીં થાય. એકમાત્ર કરુણાભાવ થશે. જેથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુઃખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

જ્યારે આપણું આર્થિક અથવા અન્ય કોઈ પણ નુકસાન પોતાથી જ થાય, ત્યારે એમ વિચારવું કે : (૧) મારું આ જન્મમાં કમાયેલ ધન કે અન્ય વસ્તુ મારા પાછળના જન્મોનો હિસાબ ચૂકવવાના કામમાં આવ્યું. જેવી રીતે આપણે કોઈની પાસેથી ઋણ (loan) લઈયે અને આપણે જ્યારે તે પાછું ચુકવી દઈયે ત્યારે આપણને આનંદ થાય છે, સંતોષ થાય છે કે આપણે ઋણમુક્ત થઈ ગયા. તેવી જ રીતે આ આર્થિક અથવા અન્ય કોઈ પણ નુકસાન આપણે આગળના અનેક ભવોમાં લીધેલું ઋણ જ છે. પરંતુ તે વાત આપણે ભૂલી ગયા હોવાથી આપણને દુઃખ થાય છે. (૨) ભગવાનની આપણને સૌને ખાતરી (assurance) છે કે આપણને ક્યારેય બીજાના કર્મોની સજા મળવાની જ નથી. એટલે એક વાત તો નક્કી જ છે કે તે મારું જ લીધેલું ઋણ હતું કે જે મેં નુકસાનના રૂપે ભરપાઈ કર્યું છે. (૩) આ કારણથી એમ વિચારવું કે 'હું ઋણમુક્ત થયો' તેનો આનંદ અને સંતોષ લેવો. જેનાથી આપણે નવા કર્મબંધથી બચી જઈશું, જૂના કર્મોનો સમતાપૂર્વક ભોગવટો થઈ જશે અને આપણી પ્રસન્નતા અખંડ રહેશે. તેથી આવો ભાવ સદૈવ સ્વાગત કરવા લાયક છે. તેવા ભાવોનું સુસ્વાગતમ્ ! સુસ્વાગતમ્ ! જેથી આપણે નવા પાપકર્મોથી અને દુઃખી થવાથી બચી જઈશું, જે આપણે અનાદિથી કરતા આવ્યા છીએ અને કર્મોના દુષ્ચક્રમાં ફસાયેલા છીએ. આવો છે 'ધન્યવાદ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો પ્રભાવ.

આવી જ રીતે 'ધન્યવાદ ! સુસ્વાગતમ્ !'(Thank you ! Welcome !)નો ઉપયોગ આપણે આપણને લગતી અનેક વિપરીત પરિસ્થિતિઓમાં કરીને આપણો ફાયદો લઈ શકીયે છીએ અને

આપણને કર્મોના દુષ્ચક્રથી મુક્ત કરાવી શકીયે છીએ.

કર્મજન્ય સંયોગોમાં તન્મયતા અને સત્યતાની ભ્રાંતિ એટલે જ કર્મોનું દુષ્ચક્ર. તેનાથી કર્મોના ઉદયમાં પણ કર્મબંધ ચાલુ જ રહે છે. આમ કર્મોના દુષ્ચક્રથી ફસાયેલા રહીને, આપણે અનાદિથી આપણું અંધકારમય-દુઃખમય ભવિષ્ય નક્કી કરતા આવ્યા છીએ અને વર્તમાનમાં પણ કરી રહ્યા છીએ. અનાદિથી આપણે આપણું ભવિષ્ય બે રીતે નક્કી કરતા આવ્યા છીએ. એક, વર્તમાનમાં આપણને આપણા જ કર્મોદયથી મળેલા સંયોગમાં રતિ-અરતિ (પસંદગી-નાપસંદગી) કરીને અર્થાત્ વર્તમાન પરિસ્થિતિની સામે પ્રતિક્રિયાના રૂપમાં. બીજું, નવી ક્રિયાના રૂપે અર્થાત્ નિદાન અને પુણ્ય-પાપ કરીને. તેથી જ જીવ જ્યાં સુધી સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી કરતો, ત્યાં સુધી તેના કર્મોનું દુષ્ચક્ર સમાપ્ત થવાનું નથી. આગળ અમે નિદાન વિશે થોડુંક સમજાવવાનો પ્રયત્ન કરીયે છીએ.

આપણે જાણતા-અજાણતા નિત્ય - હંમેશા અનેક રીતે નિદાન કરતા હોઈયે છીએ. તેને અંગ્રજીમાં Law of attraction (આકર્ષણનો નિયમ) અથવા Secret (ગુપ્ત/રહસ્યમય)ના નામે અનેક લોકો અનુસરે છે અને જાણતા-અજાણતામાં તેઓ નિદાન શલ્ય બાંધે છે. જેમ કે આપણે ટી.વી., સિનેમા, નાટક, વગેરે જોતી વખતે અમુક વાતો નક્કી કરી લઈયે છીએ. ઉદાહરણ :- આપણને ટી.વી., સિનેમા, નાટક વગેરેનું કોઈ પાત્ર પસંદ આવી ગયું, કોઈ બંગલો કે ફ્લેટ કે ફર્નિચર પસંદ આવી ગયું, કોઈ પ્રસંગ પસંદ આવી ગયો, કોઈ વક્તા કે વક્તવ્ય પસંદ આવી ગયું, કોઈ ઝવેરાત કે કપડા પસંદ આવી ગયા અથવા બીજું કાંઈ પણ પસંદ આવી ગયું અને આપણે વિચારી લીધું કે 'આવું મને પણ મળે કે આવું મારે પણ હોય'. આને નિદાન કહેવાય છે. તેમાં જેનું પુણ્ય હોય તેને તેવો બંગલો વગેરે મળે છે અને જો પુણ્ય ઓછું હોય તો તે બંગલા વગેરેને નોકર બનીને પામે છે. જો એટલું પણ પુણ્ય ન હોય તો તે પાળેલા પ્રાણી તરીકે અથવા વાંદો-કીડી વગેરે બનીને પણ તેને અવશ્ય પામે છે. આવો પ્રભાવ છે નિદાનનો. તેથી તેને નિદાન શલ્ય પણ કહેવાય છે. કારણ કે તે નિદાનના કારણે આપણને જે આપણા કર્મો અનુસાર મળવાનું જ છે, તેનાથી ઓછું મળે છે અને તે ભોગવતા પાપ બંધ વિશેષ થાય છે. કારણ કે આપણે તેને માંગીને લીધેલ હોવાથી તેમાં આસક્તિ અધિક જ હોય છે. આવું હોવાથી આપણે માગવાની આવશ્યકતા જ નથી. આપણને આપણા કર્મો અનુસાર તેનાથી પણ સારું મળવાનું જ છે.

જેમ કે આપણે ક્યાંય ફરવા ગયા હોઈયે કે કોઈ પ્રાકૃતિક જગ્યા પર ગયા હોઈયે અને આપણને તે જગ્યા અથવા પ્રાકૃતિક દશ્ય ગમી ગયું, ત્યારે આપણું ત્યાં જ જન્મ લેવાનું નક્કી થઈ જાય છે. કારણ કે જે આપણને ગમે છે, ઘણું કરીને ત્યાં જ આપણો જન્મ થાય છે. તે પ્રાકૃતિક જગ્યા

પર આપણે વનસ્પતિ-પાણી-પૃથ્વી આદિમાં અસંખ્યાત કાળ સુધીનું આરક્ષણ (booking) કરાવી લઈયે છીએ, ત્યાં જ એકેન્દ્રિય રૂપે જન્મ-મરણ કરતા રહી શકીયે છીએ.

જેમ કે આપણને વિજાતીય વ્યક્તિનું કોઈ અંગ પસંદ આવી ગયું, તો આપણે તે અંગમાં જન્મવાનું આરક્ષણ (booking) કરાવી લીધું. તે અંગમાં આપણે સૂક્ષ્મ જીવાણું બનીને લાંબા કાળ સુધી ત્યાં જ જન્મ-મરણ કરતા રહી શકીયે છીએ.

જેમ કોઈ ધર્મી જીવને મહાવિદેહ ક્ષેત્રમાં, ભગવાન ત્યાં હંમેશાં વિહરમાન હોવાને કારણે, જન્મ લેવાનો ભાવ થયો. તે જીવ એવું વિચારે છે કે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને હું ધર્મ પ્રાપ્ત કરીશ, તો તે પણ એક પ્રકારનું નિદાન જ છે. પરંતુ જેણે ધર્મ કરવો હોય તેણે આજે જ અને અહીંયા જ કરવો જોઈએ. કારણ કે માગણી હોય ત્યાં પ્રાયઃ પુરુષાર્થનો અભિપ્રાય ઓછો હોય છે. ધ્યેયની સમજણ અને ધ્યેયની પ્રાપ્તિનો પુરુષાર્થ હોય ત્યાં માગણી કેમ સંભવે ? ન જ સંભવે. કારણ કે અહીંયા પણ અત્યારે ભગવાન મહાવીર સ્વામીનું શાસન પ્રવર્તમાન છે અને અહીંયા પણ આપણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને એકાવતારી બની શકીયે છીએ. જેણે ધર્મને આવતી કાલ પર છોડયો તેની કાલ ક્યારેય આવતી નથી. તેથી આ અમૂલ્ય જન્મને છોડીને આગલા ભવની રાહ જોવી એ કેવી સમજદારી છે ? તે ખરેખર સમજદારીનો જ અભાવ છે.

એવી જ રીતે અનેક લોકો ધર્મ કરીને દેવોના દિવ્ય સુખોની કામના કરે છે અને તેવા ઉદ્દેશ્યની પ્રાપ્તિ અર્થે જ ધર્મ કરે છે. આવા લોકો સમ્યગ્દર્શનના અભાવના કારણે પ્રાયઃ દેવગતિ પ્રાપ્ત કરીને પણ એકેન્દ્રિયમાં જતા રહે છે, જેમાં તેમનો અનંત કાળ વીતી શકે છે. અને ભગવાને એકેન્દ્રિયમાંથી બહાર નીકળવાને ચિંતામણિ રત્નની પ્રાપ્તિથી પણ અધિક દુર્લભ બતાવ્યું છે, તે ભૂલવા જેવું નથી.

ભગવાને ફરમાવ્યું છે કે દરેક પ્રકારનો સંયોગ દરેકને પોત-પોતાના કર્મો અનુસાર જ મળે છે. તો પછી માંગીને અર્થાત્ નિદાન કરીને પોતાનું નુકસાન કેમ ઊભું કરવું ? આ વાત મુમુક્ષુએ વિચારવી અને સમજવી અતિ આવશ્યક છે, કે જેનાથી તેઓ નિદાન શલ્યથી બચી શકે છે.

આ પ્રકારે આપણે અનાદિથી કોઈ ને કોઈ પ્રકારના નિદાન કરીને પોતાને જ ઠગતા આવ્યા છીએ અને હવે ક્યાં સુધી આવું કરતા રહેવું છે ? આ નક્કી કરીને ત્વરાએ ઉપર પ્રમાણેની રીતથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની યોગ્યતા બનાવવી જોઈએ. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સત્ય ધર્મ મળવો અતિ આવશ્યક છે. હવે આગળ અમે સત્ય ધર્મનું સ્વરૂપ સમજાવીયે છીએ.

જીવ વિચારે છે કે કયા સંપ્રદાયમાં જોડાવાથી મને સમ્યગ્દર્શન મળી શકે છે ? અથવા કયો

સંપ્રદાય સાચો છે ? આવા અનેક પ્રશ્નોનો જવાબ તે શોધતો રહે છે. પરંતુ જ્યારે તેને બધા જ સંપ્રદાયવાળા કહે છે કે એકમાત્ર અમારો સંપ્રદાય જ સાચો છે અને એકમાત્ર અમારા સંપ્રદાયમાં જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે છે. બીજા તમામ પાખંડ છે અર્થાત્ બીજા તમામ સંપ્રદાય જૂઠા છે. ત્યારે તે જીવ અસમંજસમાં પડી જાય છે અને વિચારે છે કે 'આમાંથી કોણ સાચું બોલે છે ?' પ્રાયઃ તમામ સંપ્રદાયોમાં પોતપોતાની રૂઢિ અનુસાર ધર્મક્રિયાઓ અને પોતપોતાના નિત્યક્રમો ચાલતા હોય છે; જેમાં બદલાવની કે કાંઈક નવું કરવાની સંભાવના બહુ જ ઓછી હોય છે. લોકો પ્રાયઃ પોતાના પૈતૃક સંપ્રદાયને જ સાચો અને સારો માને છે, એનું જ અનુસરણ કરે છે. અથવા પોતાની આજુબાજુમાં કે સગાસંબંધીઓમાં આર્થિક રૂપથી સંપન્ન દેખાતા લોકોના પ્રભુત્વમાં આવીને તેમના કહેલા મત-પંથ-સંપ્રદાય કે વ્યક્તિ આધારિત પંથ (Personality cult)ને જ માન્ય કરીને, તેનું આંધળું અનુકરણ કરતા રહે છે; તેનો જ કટ્ટરતાથી પ્રચાર-પ્રસાર કરતા રહે છે. આવું કરીને, તેવા જીવો પોતાના માટે અનંત કાળના અંધકારમય ભવિષ્યનું જ નિર્માણ કરે છે.

**તેથી ધર્મ હંમેશા પરીક્ષા કરીને જ અંગીકાર કરવો જોઈએ.** જેમ કોઈ રોગી ઘણા સમયથી દવા ખાઈને પણ જો સાજો થતો નથી, ત્યારે તે ચોક્કસ વિચારે છે કે કાં તો દવા બદલવી પડશે અથવા તો ડોક્ટર બદલવા પડશે. પરંતુ આપણે જ્યારે કોઈ સંપ્રદાયમાં અનેક વર્ષોથી ધર્મક્રિયાઓ, પ્રવચન, વ્યાખ્યાન, સ્વાધ્યાય, નિત્યક્રમ વગેરે કરવા છતાં આપણા પરિણામો સુધરતા નથી અથવા આપણો ભાવ, ધર્મને અનુકૂળ થતો નથી તો પણ કાંઈ વિચારતો નથી. પરંતુ તેનાથી ઊલટું, આપણે તે જ બધું યંત્રવત્ કર્યા જ કરીયે છીએ અને આપણને ફાયદો (લાભ) થયો હોય કે નહીં, તો પણ આપણે તેનો જ પ્રચાર-પ્રસાર કરતા રહીયે છીએ. પરંતુ પોતાના ભાવને કે પરિણામને નજરઅંદાજ જ કરીયે છીએ, તેથી સત્ય/શુદ્ધ ધર્મના વિશે જાણવું આવશ્યક છે.

સત્ય/શુદ્ધ ધર્મ કોઈ સંપ્રદાય અથવા વ્યક્તિ આધારિત પંથની (personality cult) સાથે બંધાયેલો નથી અને તે કોઈ સંપ્રદાય અથવા વ્યક્તિ આધારિત પંથની (personality cult) જાગીર પણ નથી. પરંતુ સત્ય/શુદ્ધ ધર્મ જ્ઞાની પાસે અવશ્ય છે. કારણ કે તે આત્મા આશ્રિત છે, અર્થાત્ સત્ય/શુદ્ધ ધર્મ શુદ્ધાત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શનથી જોડાયેલો છે, નહીં કે કોઈ સંપ્રદાય કે વ્યક્તિ આધારિત પંથની (personality cult) સાથે. પરમ સત્ તત્ત્વ જ સત્ય/શુદ્ધ ધર્મ છે. અર્થાત્ વસ્તુનો સ્વભાવ જ ધર્મ છે. અર્થાત્ ધર્મ કોઈ ક્રિયા-કાંડ, જપ-તપ, પૂજા પદ્ધતિ અથવા કોઈ મંદિર, ગિરજાઘર કે ધર્મસ્થાનના આધારે નથી. છતાં પણ અનેક સાંપ્રદાયિક લોકો પુષ્કળ ધન ખર્ચીને ધાર્મિક ઉત્સવો ઉજવે છે અને તેને ધર્મની પ્રભાવના ગણાવે છે, પરંતુ વાસ્તવમાં તે તો ફક્ત

સંપ્રદાયનો જ પ્રચાર-પ્રસાર હોય છે. તેનાથી ઊલટું તેઓ આવું ધનનું લાપરવાહ પ્રદર્શન કરીને ધર્મના અનેક ટીકાકારને જન્મ આપે છે, કે જેનાથી અનેક ભોળા જીવો ધર્મથી દૂર થઈ જાય છે; અને અન્ય સંપ્રદાયના લોકો પણ ધનનું આવું લાપરવાહ પ્રદર્શન જોઈને વિરોધી બને છે. આવું અઢળક ધન ખર્ચવાવાળા પોતાને મહાન (great) માનવા લાગે છે અને મંદિર, સ્થાનક કે ધર્મસ્થાનમાં પોતાની મનમાની ચલાવવા લાગે છે. આવી રીતે તેઓ પોતાના અહમ્‌ને જ પાળી-પોષીને મોટો કરતા રહે છે, કે જે એમના માટે સમાજમાં અપકીર્તિકર બને છે અને અધ્યાત્મમાં પણ પરમ ઘાતક બને છે.

બીજું, મત-પંથ-સંપ્રદાય-વ્યક્તિવિશેષનો આગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહ, પૂર્વગ્રહ, દુરાગ્રહ અથવા પક્ષ આત્મપ્રાપ્તિ માટે સૌથી બળવાન અંતરાય/વિઘ્ન છે. વાસ્તવમાં કરુણા એ છે કે પ્રત્યેક સંપ્રદાય કેવળ પોતાને જ સંપૂર્ણ અને પરમ સત્ય માને છે, અને અન્યોને જૂઠા અને અધૂરા માને છે. આવી ભાવનાથી કે કથનથી દ્વેષનો જન્મ થતો હોવાથી, આવી ભાવનાથી કે કથનથી સત્ય ધર્મનો જ પરાજય થાય છે કે જે અપેક્ષિત જ નથી. અર્થાત્ સત્ય ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ જ્ઞાની પાસેથી જ સંભવ છે. સત્ય ધર્મને પ્રાપ્ત જ્ઞાનીને કોઈ સંપ્રદાયનો આગ્રહ હોતા નથી, પરંતુ પરમ સત્યનો જ આગ્રહ હોય છે. તેથી જ્ઞાની પાસેથી કેવળ સત્ય ધર્મની પ્રાપ્તિની જ કામના કરવી પરમ ઉપાદેય-શ્રેષ્ઠ છે, નહીં કે સંપ્રદાયની. કારણ કે જ્ઞાનીની અશાતના(અવમાનના)નું ફળ અનંત સંસાર છે. અર્થાત્ જ્ઞાનીને કોઈ પણ સાંપ્રદાયિક દષ્ટિકોણથી ન જોવા અને સાંપ્રદાયિક દષ્ટિકોણથી મૂલ્યાંકન પણ ન કરવું. કારણ કે જ્ઞાની સામેવાળી વ્યક્તિની યોગ્યતાને અનુરૂપ જ ધર્મપ્રાપ્તિ માટે ઉપદેશ આપે છે. જેમ કે કોઈ પણ વૈદ્ય કે ડૉક્ટર દર્દને અનુરૂપ જ દવા આપે છે. તમામ દર્દીને એક જ દવા આપવામાં આવતી નથી. અર્થાત્ તમામ માટે એક જ સરખી ધર્મક્રિયાઓ, પ્રવચન, વ્યાખ્યાન, સ્વાધ્યાય, નિત્યક્રમ વગેરે કાર્યકારી હોતા નથી. પરંતુ તેમની યોગ્યતા અને સ્તર (ભૂમિકા) અનુસાર જે ઉચિત હોય તે જ માર્ગ જ્ઞાની દ્વારા જણાવવામાં આવે છે.

**પ્રશ્ન :-** કોઈ એવું પૂછે કે 'સત્ય ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ જ્ઞાની પાસેથી જ સંભવ છે' એવું કેમ કહો છો ? શું ભગવાનની પરંપરાથી પ્રાપ્ત આગમો અને શાસ્ત્રોથી સત્ય ધર્મનો નિર્ણય થઈ ન શકે ?

**ઉત્તર :-** ભગવાનની પરંપરાથી પ્રાપ્ત આગમો અને શાસ્ત્રોથી પણ સત્ય ધર્મનો નિર્ણય થઈ શકે છે. પરંતુ આ કાળમાં મુખ્યત્વે ત્રણ સમસ્યાઓ જ્વલંત છે : એક, લોકો આગમોનું અને શાસ્ત્રોનું યથાર્થ અર્થઘટન કરી શકતા નથી. અર્થાત્ જે પણ અર્થઘટન કર્યું છે તે ઘણું કરીને (પ્રાયઃ) એકાંતરૂપ જ કર્યું છે. એટલે કે ઘણું કરીને (પ્રાયઃ) એકાંતરૂપ ધર્મનું જ પ્રવર્તન ચાલે છે. બીજું, અમુક લોકો

અનેક આગમોને અને શાસ્ત્રોને પ્રમાણ જ માનતા નથી અને જેને પણ માને છે તેને પણ સમગ્રતાથી માનતા નથી. તેઓ તે આગમો અને શાસ્ત્રોમાંથી પણ તે જ વાતો માને છે અને પ્રચાર કરે છે કે જે વાતો તેમના પોતાના મતને અનુરૂપ હોય, બીજી વાતોને ગૌણ કરી દે છે અથવા અર્થ બદલાવી દે છે. ત્રીજું, લોકો પ્રાયઃ સાંપ્રદાયિક ક્રિયાઓને જ ધર્મ માની લે છે. જ્યારે આવી ક્રિયાઓ ગણવેશ (Uniform) માત્ર જ છે. વિદ્યાર્થી જેમ સ્કૂલમાં ગણવેશ પહેરીને જવાથી જ પાસ થઈ જતા નથી. તેમણે ગણવેશ પહેરવા ઉપરાંત અભ્યાસ પણ કરવો પડે છે ત્યારે તેઓ પાસ થાય છે. તેવી જ રીતે મુમુક્ષુએ સાંપ્રદાયિક ક્રિયાઓની સાથે પોતાના ભાવને પણ સુધારવા પડે છે. અર્થાત્ ભાવશુદ્ધિ પણ આવશ્યક છે. ત્યારે જ તેમને મોક્ષમાર્ગની પ્રાપ્તિ શક્ય થઈ શકે છે. તે સમજવું આવશ્યક છે. મતલબ કે ધર્મ આંતરિક પ્રક્રિયા વધુ છે. તેથી જ અનંત કાળથી અનેક લોકોને બહારની ક્રિયાઓ શુદ્ધ કરવા છતાં પણ સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ શકી નથી. અત્ર તેનું જ વિશેષ સ્પષ્ટીકરણ પણ આપીયે છીએ.

લોકો આગમો અને શાસ્ત્રોનું યથાર્થ અર્થઘટન કરી શકતા નથી. અર્થાત્ જે પણ અર્થઘટન કર્યું છે તે પ્રાયઃ એકાંતરૂપ જ કર્યું છે. એટલે કે પ્રાયઃ એકાંતરૂપ ધર્મનું જ પ્રવર્તન ચાલી રહ્યું છે. તેના થોડા જ્વલંત ઉદાહરણો પ્રસ્તુત કરીયે છીએ.

ઉદાહરણ પહેલું : અમુક લોકો એમ કહે છે કે 'દૃષ્ટિનો (સમ્યગ્દર્શનનો) વિષય એટલે પર્યાયરહિત દ્રવ્ય' અને તેનું અક્ષરશઃ(=માત્ર શબ્દાનુસારી) અર્થઘટન કરીને પર્યાયને દ્રવ્યથી જુદો કરવાનો પણ પ્રયાસ કરે છે. 'એક વખત દ્રવ્યને કાતરથી કાપવું જ પડશે અને પછી તેને જોડી દઈશું' એવી વાત કપડા સીવવાના ઉદાહરણ દ્વારા પણ કરતા રહે છે. દ્રવ્યનો અને પર્યાયનો ધ્રુવ પણ અલગ અલગ માને છે. અર્થાત્ બે સ્વતંત્ર ધ્રુવ માને છે. પરંતુ દ્રવ્ય અભેદ હોવાના કારણે તેમાંથી કાંઈ કાઢી શકતા નથી અથવા કાપી પણ શકતા નથી. તે જ કારણે આવા લોકો પ્રાયઃ ભ્રમમાં જ રહે છે. આવા લોકો પ્રાયઃ એકાંતવાદી હોય છે અને પોતાના ધર્મ-કર્તવ્યને અને યોગ્યતાપ્રાપ્તિને પણ ક્રમબદ્ધ પર્યાયના નામે નિયતિ પર છોડીને પોતાનો પૂર્ણ પુરુષાર્થ માત્ર અર્થ અને કામની પાછળ જ લગાવે છે. તેમને ખબર નથી કે ક્રમબદ્ધ પર્યાયમાં પાંચેય સમવાય સામેલ હોય છે, કેવળ નિયતિને ક્રમબદ્ધ પર્યાય માનવું ભૂલભરેલું છે. આ અર્થઘટન પણ એકાંતવાદનો જ નમૂનો છે. એવા લોકો અર્થને(=ધનને) અને પ્રલોભનોને જ પોતાના શસ્ત્રો બનાવીને, પોતાના માનેલા ધર્મની પ્રભાવના કરવા ઇચ્છે છે. પરંતુ એવા લોકોને એ પણ ખબર હોતી નથી કે ધર્મની પ્રભાવના કરવા માટે પ્રથમ પોતે ધર્મની પ્રાપ્તિ કરવી અત્યંત આવશ્યક છે, અન્યથા ધર્મની પ્રભાવના સંભવ જ નથી. અર્થથી(=ધનથી) અથવા અન્ય પ્રલોભનોથી આપણે જેની પ્રભાવના કરીયે છીએ, તે માત્ર અર્થની જ પ્રભાવના થાય

છે. તેનાથી અર્થના કામી લોકો, અર્થ કે પ્રલોભનો માટે આપના સંપ્રદાયમાં સામેલ અવશ્ય થઈ જાય છે. પરંતુ એવા સંપ્રદાયમાં પ્રાણ હોતા નથી, માત્ર સંખ્યા જ હોય છે. જેનાથી કોઈનું પણ કલ્યાણ થવું સંભવ નથી.

ઉપરોક્ત દૃષ્ટિનો (સમ્યગ્દર્શનનો) વિષય એટલે પર્યાયરહિત દ્રવ્ય તે વાત સાચી છે. પરંતુ તેમાં અપેક્ષા સમજવી આવશ્યક છે. પર્યાયરહિત દ્રવ્ય અર્થાત્ પર્યાયને ગૌણ કરીને=વિભાવને ગૌણ કરીને જે શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે, તે દૃષ્ટિનો (સમ્યગ્દર્શનનો) વિષય છે. આ વાત નહીં સમજવાના કારણે, માત્ર શબ્દાર્થ પકડીને તેવી પ્રરૂપણા કરવામાં આવે છે, કે જે અનેક જીવો માટે ઘાતક છે. અર્થાત્ તેવી એકાંત પ્રરૂપણા અનેક જીવોને અનંત કાળ સુધી સંસારમાં રખડાવવા માટે સક્ષમ છે.

ઉદાહરણ બીજું : અમુક લોકો એવું પણ કહે છે કે 'આત્મામાં રાગ છે જ નહીં,' આવું સમયસાર વગેરે શાસ્ત્રોમાં અનેક વાર જણાવ્યું છે અને તેનું અક્ષરશઃ અર્થઘટન કરતા તેવા લોકો આત્મા રાગ કરે છે તે વાતને જ માનતા નથી અને સ્વચ્છંદ રૂપે પરિણમે છે. તે જ કારણે આવા લોકો પ્રાયઃ ભ્રમમાં જ રહે છે. આવા લોકો પ્રાયઃ એકાંતવાદી હોય છે અને પોતાના ધર્મ-કર્તવ્યને અને યોગ્યતાપ્રાપ્તિને પણ ક્રમબદ્ધ પર્યાયના નામે નિયતિ પર છોડીને પોતાનો પૂર્ણ પુરુષાર્થ માત્ર અર્થ અને કામની પાછળ જ લગાવે છે.

'આત્મામાં રાગ છે જ નહીં' આવું કથન સમયસાર વગેરે શાસ્ત્રોમાં અનેક વાર આવ્યું છે. આ કથન સાચું હોવા છતાં અપેક્ષા ન સમજવાના કારણે તેનું અક્ષરશઃ(=માત્ર શબ્દાનુસારી) અર્થઘટન કરતા હોવાથી, આવા લોકો એકાંતવાદના શિકાર થઈ જાય છે. સમયસાર જેવા શાસ્ત્રોમાં શુદ્ધાત્માની જ વાત કરી છે કે જે દૃષ્ટિનો (સમ્યગ્દર્શનનો) વિષય છે. અર્થાત્ સમયસાર જેવા શાસ્ત્રોમાં આત્મામાંથી વિભાવને ગૌણ કર્યા પછી જે પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા શેષ રહે છે; તેની જ વાત સાપેક્ષભાવે કરી હોવાથી, 'આત્મામાં રાગ છે જ નહીં' એમ જણાવ્યું છે. અર્થાત્ આત્મા પોતે જ રાગરૂપે પરિણમતો હોવા છતાં દૃષ્ટિના (સમ્યગ્દર્શનના) વિષયમાં રાગ ગૌણ હોવાના કારણે સમયસાર જેવા ગ્રંથોમાં, સમ્યગ્દર્શન (આત્મજ્ઞાન) સમજાવવા અર્થે જ શુદ્ધાત્માની વાત કહેવામાં આવી છે કે જે દૃષ્ટિનો (સમ્યગ્દર્શનનો) વિષય છે. આ સમજવું અતિ આવશ્યક છે.

તેથી સમયસાર શ્લોક ૬૯માં કહ્યું છે કે જેઓ નય પક્ષપાતને છોડી (અર્થાત્ અમે અનેક વાર આગળ જણાવ્યા અનુસાર જેને કોઈ પણ એક નયનો આગ્રહ હોય અથવા તો કોઈ મત-પંથ-

વ્યક્તિનો આગ્રહ હોય અને જેઓ આવા પૂર્વગ્રહ-હઠાગ્રહ છોડી શકે છે તેઓ તેને છોડી) પોતાના સ્વરૂપમાં ગુપ્ત થઈને (અર્થાત્ શુદ્ધાત્મામાં ''હુંપણું' કરીને સમ્યગ્દર્શન રૂપે પરિણમીને) સદા રહે છે તેઓ જ, (અર્થાત્ નય અને પક્ષને છોડે છે તેવા જ મુમુક્ષુઓ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે. તેઓ જ કે) જેમનું ચિત્ત વિકલ્પજાળથી રહિત - શાંત થયું છે એવા થયા થકા (અર્થાત્ નિર્વિકલ્પ 'શુદ્ધાત્મા'નો અનુભવ કરતા હોવાથી) સાક્ષાત્ અમૃતને (અનુભૂતિરૂપ અતીન્દ્રિય આનંદને) પીવે છે. (અર્થાત્ અનુભવ કરે છે.) અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે સર્વ જનોએ નય અને પક્ષનો આગ્રહ છોડવા યોગ્ય છે.

આવી વર્તમાન કાલીન સમસ્યાઓની વચ્ચે જો કોઈ મુમુક્ષુ જીવ આવા ખોટા અર્થઘટન કરવાવાળામાં ફસાઈ ગયો તો તેનું સંપૂર્ણ જીવન નષ્ટ થઈ જાય છે અને તેનો અનંત કાળ અંધકારમય થઈ શકે છે. આવી વિટંબણા છે આ હુંડાઅવસર્પિણી પંચમ કાળની. એટલે જ અમે કહ્યું છે કે 'સત્ય ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ જ્ઞાનીની પાસેથી જ સંભવ છે'. કારણ કે જ્ઞાનીને મત, પંથ, સંપ્રદાયનો પક્ષ, આગ્રહ, કદાગ્રહ, હઠાગ્રહ, દૂરાગ્રહ નથી હોતો અને આ જ કારણે જ્ઞાની આગમોનું અને શાસ્ત્રોનું યથાર્થ અર્થઘટન કરી શકે છે. જ્ઞાની જ સત્ય ધર્મના વૈદ્ય અથવા ડૉક્ટર છે કે જેઓ આપના આધ્યાત્મિક સ્તર પ્રમાણે આપના માટે ઉપયુક્ત સાધના બતાવી શકે છે. અન્યથા પોતે પોતાની રીતે કરેલી સાધના સ્વચ્છંદ કહેવાય છે. તેથી પણ એમ કહ્યું છે કે સત્ય ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ જ્ઞાની પાસેથી જ સંભવ છે.

સત્ય ધર્મની પ્રાપ્તિ માટે સત્ય ધર્મપ્રાપ્તિના લક્ષની સાથે વૈરાગ્ય પણ આવશ્યક છે. હવે આગળ અમે વૈરાગ્યનું સ્વરૂપ સમવીયે છીએ.

પ્રશ્ન : વૈરાગ્ય એટલે શું ?

ઉત્તર : વૈરાગ્ય એટલે સંસારથી દૃષ્ટિ હટી જવી, સંસાર અસાર લાગવો. વૈરાગ્ય બે પ્રકારનો હોય છે - એક દુઃખગર્ભિત અને બીજો જ્ઞાનગર્ભિત. અન્ય મોહગર્ભિતાદિ વૈરાગ્ય અત્ર પ્રસ્તુત નથી.

દુઃખગર્ભિત વૈરાગ્ય સાંસારિક દુઃખોથી ત્રાસી જઈને, બીમારીને કારણે, કોઈ આધિ-વ્યાધિ કે ઉપાધિને કારણે, કોઈની સાથે મોહભંગ કે પ્રેમભંગના કારણે અથવા સ્વજનના મરણ પ્રસંગે આવે. આ વૈરાગ્ય નકારાત્મક હોય છે. તેની પાછળ સંસારમાંથી માનેલું સુખ ન મળવું એ કારણ હોય છે. આવા દુઃખગર્ભિત વૈરાગ્યથી પ્રેરિત થઈને જે ધર્મ કરે છે, તેઓને ઘણું કરીને સાંસારિક સુખની પ્રાપ્તિનો જ આશય હોય છે. તેથી તેઓ ધર્મના ઉત્તમ ફળસ્વરૂપ સમ્યગ્દર્શનથી અને મોક્ષથી વંચિત

જ રહીને એકેન્દ્રિયમાં ચાલ્યા જાય છે, જેમાં તેઓ અનંત કાળ સુધી રહી શકે છે. અને ભગવાને એકેન્દ્રિયમાંથી નીકળવું એ ચિંતામણિરત્નની પ્રાપ્તિથી પણ અધિક દુર્લભ કહ્યું છે. પરંતુ જો આ દુ:ખગર્ભિત વૈરાગ્ય કાળાંતરમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં ફેરવાઈ જાય તો તેવા દુ:ખગર્ભિત વૈરાગ્યને પણ સારો કહી શકાય છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય સંસારના અને સાંસારિક સુખોના સત્ય સ્વરૂપને સમજવાના કારણે આવે છે. તેને નિર્વેદ પણ કહેવાય છે. જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં એકમાત્ર લક્ષ્ય આત્મપ્રાપ્તિનું જ હોય છે. તેને સંવેગ પણ કહેવાય છે. તેથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ મોક્ષમાર્ગ માટે કાર્યકારી છે, ઉચિત છે, સરાહનીય છે. તાત્પર્ય એ છે કે તમામ મુમુક્ષુ જીવોએ આ જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ અર્થે જ પુરુષાર્થ કરવો યોગ્ય છે.

રાગના પણ બે પ્રકાર છે – એક અપ્રશસ્ત રાગ અને બીજો પ્રશસ્ત રાગ. પરંતુ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા જીવના અભિપ્રાયમાં પ્રાયઃ બન્નેનો અભાવ હોય છે. કારણ કે તેમનું લક્ષ્ય એક માત્ર આત્મપ્રાપ્તિનું જ હોય છે. પરંતુ વ્યવહારમાં તેઓ પ્રાયઃ ધર્મક્રિયાઓ કરતા હોય છે. કારણ કે તેઓ નથી ઇચ્છતા કે તેમને જોઈને બીજા બાળજીવો ધર્મક્રિયાથી રહિત થઇ જાય.

અપ્રશસ્ત રાગ એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે આકર્ષણ. જેમ કે મનપસંદ સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર ઇન્દ્રિયોના વિષયોમાં જ મન લાગેલું રહેવું અને તેમાંથી જે પણ વિષય પ્રાપ્ત થાય તેમાં ડૂબેલા રહેવું, આ જ અભિપ્રાય રહે છે. આપણે સંસારમાં અનેક જીવોને વિજાતીયની (સ્પર્શની) પાછળ બરબાદ થતા જોઈ શકીયે છીએ. અનેક જીવોને ખાવાની (રસની) પાછળ બરબાદ થતા જોઈ શકીયે છીએ. જેમ કે અભક્ષ્ય ખાઈને મરતા અથવા બીમાર થતા જોઈ શકીયે છીએ. અનેક જીવોને જે વસ્તુ ખાવાપીવાની મનાઈ હોય છે, તેઓ તે જ વસ્તુ લોલુપતાથી ખાઈ-પીને બીમાર પડતા અથવા ક્યારેક મરણને પ્રાપ્ત થતા પણ દેખાય છે. અનેક જીવો સુગંધની પાછળ પોતાનું પૂર્ણ જીવન વીતાવતા જણાય છે. અનેક જીવો રૂપની પાછળ, પ્રકાશની પાછળ પોતાનું પૂર્ણ જીવન વીતાવતા જણાય છે. દીવાથી આકર્ષિત થઈને પતંગીયા વગેરે એમાં જ પોતાને સમર્પિત કરતા જણાય છે, તેમાં જ મરતા જણાય છે. અનેક જીવો ગીત-સંગીત પાછળ પોતાનું પૂર્ણ જીવન વેડફતા દેખાય છે, આવા જીવો ધર્મના નામે પણ પોતાની ઇન્દ્રિયોના વિષયો પ્રત્યેનું આકર્ષણ; ભાવના અને ભક્તિના નામે ગીત-સંગીતમાં ડૂબેલા રહીને પોષે છે અને આવી રીતે પોતાનું જીવન વેડફતા જણાય છે. અનાદિથી જીવ મુખ્યત્વે વિજાતીયના આકર્ષણમાં અને વિષય-કષાયોમાં ફસાવવાના કારણે જ સંસારમાં રખડે છે.

પ્રશસ્ત રાગ દેવ-ગુરુ-શાસ્ત્ર-ધર્મ પ્રત્યે હોય છે. પરંતુ તેને પ્રશસ્ત ત્યારે જ કહેવાય જ્યારે તે માત્ર આત્મપ્રાપ્તિના લક્ષ્યમાં પરિવર્તિત થાય, અન્યથા તે પણ ભવિષ્યમાં અપ્રશસ્ત રૂપે જ પરિવર્તન પામે છે.

અપ્રશસ્ત અને પ્રશસ્ત - આ બન્ને પ્રકારના રાગ પ્રત્યે ઉદાસીનતાને વૈરાગ્ય કહેવાય છે. તેમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ સમ્યગ્દર્શન અને મોક્ષ માટે ઉત્તમ અને કાર્યકારી છે. અર્થાત્ જ્યાં સુધી બાહ્ય ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે રાગ છે, ત્યાં સુધી તે જીવ બહિરાત્મા છે. ત્યાં સુધી તે જીવની દષ્ટિ અંતરમાં આત્મપ્રાપ્તિ માટે પ્રયાસરત જ નહીં થાય. તેથી જ્ઞાનગર્ભિત વૈરાગ્યને આત્મજ્ઞાનનો જનક કહેલ છે.

વૈરાગ્યને માપવાનો માપદંડ (થર્મોમીટર) છે આ પ્રશ્ન : મને શું ગમે છે ? ઉત્તર : જ્યાં સુધી સાંસારિક વસ્તુ કે સંબંધ કે ઇચ્છા કે આકાંક્ષા છે, ત્યાં સુધી પોતાની ગતિ સંસાર તરફની સમજવી. અને તેની નિવૃત્તિ અર્થે આ ઇચ્છા વગેરેના કારણના મૂળ સુધી જઈને, ઇચ્છાઓનું નીચે મુજબની બાર ભાવના-અનુપ્રેક્ષાના ચિંતનથી શમન કરવું આવશ્યક છે. અર્થાત્ તે સાંસારિક વસ્તુ કે સંબંધ કે ઇચ્છા કે આકાંક્ષા કે અપેક્ષાની પાછળનું કારણ શોધીને તે કારણના મૂળ સુધી જવું આવશ્યક છે. પછી તે કારણ અને તેના મૂળનું વિશ્લેષણ નિમ્ન બાર ભાવના/અનુપ્રેક્ષા અનુસાર કરીને તે કારણનો અને મૂળનો નાશ કરવો આવશ્યક છે. તેનાથી આ સાંસારિક વસ્તુ કે સંબંધ કે ઇચ્છા કે આકાંક્ષા કે અપેક્ષાને નષ્ટ કરવી શક્ય બને છે. કારણ કે તેને દબાવવાની નથી પરંતુ મૂળમાંથી નષ્ટ કરવાની છે. આ પ્રમાણે પ્રત્યેક સાંસારિક વસ્તુ કે સંબંધ કે ઇચ્છા કે આકાંક્ષા કે અપેક્ષાને માટે કરવું આવશ્યક છે. તેને જ ખરા અર્થમાં સાધના કહેવાય છે, નહીં કે સાંપ્રદાયિક ક્રિયાઓને. તે જ સાધનાથી જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ સંભવ થઇ શકે છે કે જેનાથી સમ્યગ્દર્શન યોગ્ય ભૂમિકા પ્રાપ્ત થાય છે, આધ્યાત્મિક યોગ્યતા પ્રાપ્ત થાય છે.

**મોક્ષપાહુડ**માં પણ કહ્યું છે કે, ગાથા ૬૬ : અન્વયાર્થ :- ''જ્યાં સુધી મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોમાં મન જોડી રાખે છે (અર્થાત્ મનમાં ઇન્દ્રિયોના વિષયોમાં આદરભાવ વર્તે છે), ત્યાં સુધી આત્માને નથી જાણતો. (કારણ કે તેનું લક્ષ્ય વિષય છે, આત્મા નહીં. તેથી જ અમે ઉપર કહ્યું છે કે 'મને શું ગમે છે?' તે મુમુક્ષુ જીવે જોતા રહેવું જોઈએ અને તેનાથી પોતાની યોગ્યતા ચકાસતા રહેવી જોઈએ. જો યોગ્યતા ન હોય તો તેનો પુરુષાર્થ કરવો આવશ્યક છે.) તેથી વિષયોથી વિરક્ત યોગી-ધ્યાની-મુનિ જ આત્માને જાણે છે.'' આ ગાથામાં આત્મપ્રાપ્તિ માટેની યોગ્યતા જણાવેલ છે.

જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ માટે આ જગતની વ્યવસ્થાને યથાતથ્ય (જેમ છે તેમ)

સમજીને સંસારમાં સર્વ જીવોને પૂર્વમાં કહ્યું તેમ મૈત્રી આદિ ચાર ભાવોમાં જ વર્ગીકૃત કરવા, બીજી રીતે નહીં. સંસારના દરેક પ્રસંગમાં બાર ભાવનાઓનું યથાયોગ્ય ચિંતન કરવું જોઈએ. અને સંસારના દરેક પ્રસંગનું તે જ પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ કરવું આવશ્યક છે. હવે આગળ અમે બાર ભાવનાઓનું સ્વરૂપ સંક્ષિપ્તમાં સમજાવીયે છીએ.

**અનિત્ય ભાવના-** સર્વ સંયોગો અનિત્ય છે. ગમતા અથવા અણગમતા એવા તે કોઈ પણ સંયોગો મારી સાથે નિત્ય રહેવાવાળા નથી. તેથી તેના મોહનો અથવા દુઃખનો ત્યાગ કરવો - તેમાં 'હુંપણું' અને મારાપણું ત્યાગવું. આવું આપણે વાંચ્યું-સાંભળ્યું હોવા છતાં આ વાતનો વિશ્વાસ ન હોવાથી આપણે સૌ અનાદિથી તે અનિત્યો પાછળ ભાગી રહ્યા છીએ. તે જ કારણે આપણે સહુ અનાદિથી આજ સુધી સંસારમાં રખડી રહ્યા છીએ. જેમ કે ધન, સંપત્તિ, પત્ની, પુત્ર, પરિવાર વગેરે માટે આપણે, આપણા અનંત જીવનો પૂર્ણરૂપથી ન્યોછાવર કરી દીધેલ છે. હવે આ જીવનમાં મારે આ સર્વનો મોહ જ્ઞાનગર્ભિત વૈરાગ્યની પ્રાપ્તિ કરીને છોડવો છે, અને માત્ર મારા કર્તવ્યનું યંત્રવત્ નિર્વહન કરીને બાકીના સર્વ સંસાધન (સમય, ધન-સંપત્તિ, બુદ્ધિમત્તા, ચાતુર્ય વગેરે) એકમાત્ર આત્મપ્રાપ્તિમાં જ લગાવવા યોગ્ય છે. કારણ કે એક માત્ર આત્મા જ નિત્ય છે અને અનંત અવ્યાબાધ સુખની ખાણ છે. આ ભાવને જીવનમાં દરેક સમયે જીવંત રાખવાનો છે. ચિંતન કરવાનું છે. તેનાથી આપણા સંસારનો અંત થઈ શકે છે, અન્યથા નહીં.

આપણે આપણા જીવનકાળમાં કેટલાય જીવોને મૃત્યુથી નાશ પામતા જોઈયે છીએ, કેટલાય શરીરોને રોગગ્રસ્ત થતા જોઈયે છીએ, કેટલાય પરિવારોને વિખેરાતા જોઈયે છીએ, કેટલાય ધનવાનોને રંક થતા પણ જોઈયે છીએ. છતાં આપણે એવી રીતે જીવીયે છીએ કે જાણે આપણે મરવાના જ નથી અને આપણે પોતાને રૂપથી, ધન-વૈભવથી, પડિતાઈથી, પુણ્યોદયથી, પરિવારથી મોટા માનીને માનકષાય પોષતા રહીયે છીએ. આપણને ખબર નથી કે 'આપણું આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે ?' આપણને ખબર નથી કે 'આપણને બીમારી ક્યારે આવી જશે ?' આપણને ખબર નથી કે 'આપણું રૂપ ક્યારે સમાપ્ત થઇ જશે ?' એ પણ ખબર નથી કે 'ક્યારે કોઈ આપણું હાડકું તૂટી જશે ?' એ પણ ખબર નથી કે 'આપણો ક્યારે અકસ્માત થઈ જશે ?' એ પણ ખબર નથી કે 'આપણા પરિવારનો પ્રેમ ક્યારે દુશ્મનાવટમાં ફેરવાઈ જશે?' એ પણ ખબર નથી કે 'ક્યારે ખુશી દુઃખમાં પલટાઈ જશે ?' છતાં પણ આ બધી વસ્તુઓ ઉપર અહંકાર-ગુમાન કરીને આપણે આપણું પરમ અહિત કરીયે છીએ.

અધિકતમ જીવો યૌવન અવસ્થાને વિષય અને કષાયોની પાછળ બરબાદ કરતા જણાય છે,

પ્રૌઢાવસ્થા સાંસારિક કાર્યોમાં પોતાની કુશળતા પ્રમાણિત (સાબિત) કરવામાં ખર્ચતા જણાય છે. અનેક લોકો પોતાની પ્રૌઢાવસ્થા સમાજમાં નામ કરવા પાછળ ગુમાવતા જણાય છે. આ રીતે અનેક જીવો અનંત કાળ પછી મળેલો ધર્મ પ્રાપ્ત કરવાનો અવસર ગુમાવતા જણાય છે. 'આ બધા પાછળ ભાગતા ભાગતા બુઢાપો ક્યારે તેમના બારણે ટકોરા દેતો આવી જશે ?' તે પણ તેઓને ખબર નહીં પડે. બુઢાપામાં પણ આવા જીવો આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરતા જણાય છે. કારણ કે બુઢાપામાં પણ માત્ર શરીર જ વૃદ્ધ થયું છે; મન તો સદા જવાન જ રહે છે. અર્થાત્ મન બુઢાપામાં પણ વિષય-કષાયો પાછળ જ ભાગતું રહે છે. બુઢાપામાં પણ તમામ ઇચ્છાઓ જીવિત રહે છે - જેમની તેમ જ રહે છે, મનમાંથી કામભાવ હટતો નથી. આવી રીતે જીવો અનાદિથી આ સંસારમાં રખડે છે. હવે ક્યાં સુધી રખડવું છે ? સંસારમાં ક્યાંય પણ શાશ્વત સુખ નથી. આપણે અનંતી વાર દેવલોકના સુખો ભોગવીને આવ્યા છીએ. પરંતુ તે પણ એક દિવસ પૂરા થઇ જાય છે. અને કેટલાય જીવો એ સુખોમાંથી, અનંતી વાર સીધા એકેન્દ્રિયમાં પણ જતા રહે છે; જ્યાં દુઃખ જ દુઃખ છે. અનેક વાર રાજા પણ બીજી જ ક્ષણે એકેન્દ્રિયમાં પણ ચાલ્યા જાય છે અને આમ પણ દરેક સાંસારિક સુખોનો અંત નિશ્ચિત જ છે. તો પછી એવા સુખ પાછળ પાગલ બનવું -મમત્વ કરવું એ ક્યાંની સમજદારી છે ? આ બધું ભાવભાસન ન હોવાના કારણે જ અનાદિથી એવા જીવો આ દુઃખ-દર્દ-દુર્ગતિમય સંસારમાં રખડે છે.

તેથી એ નક્કી થાય છે કે આ પૂર્ણ જીવન એકમાત્ર આત્મપ્રાપ્તિની પાછળ જ ખર્ચ કરવા યોગ્ય છે. ત્વરાએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને થોડા સમયમાં જ અમર બની જવું જોઈએ, સિદ્ધત્વ પામવું જોઈએ. એમ પણ ઉપર કહેલા સુખો (સુખાભાસ) પણ પુણ્યથી જ પ્રાપ્ત થાય છે, માત્ર પુરુષાર્થથી નહીં. તેથી જો આપના પુણ્ય પ્રચુર હશે તો અલ્પ પુરુષાર્થથી પણ તે આપોઆપ જ પ્રાપ્ત થવાના છે. તો પછી તેની પાછળ ભાગવાની શું જરૂર છે ? તદ્દ્ન જરૂર નથી. અર્થાત્ આત્મપ્રાપ્તિ અર્થે કરેલા પુરુષાર્થથી, ન માગવા છતાં પણ જ્યાં સુધી મોક્ષ નથી મળતો ત્યાં સુધી સાંસારિક સુખો મફતમાં મળતા રહે છે. તેથી વધુમાં વધુ સમય આત્મકલ્યાણ માટે જ લગાવવો યોગ્ય છે અને ઓછામાં ઓછો સમય અર્થોપાર્જન આદિમાં લગાવવો યોગ્ય છે. આ રીતે દરેક સંસારી જીવે અનિત્યને છોડીને નિત્ય એવા શુદ્ધાત્માને અને પરંપરાએ મોક્ષને પામવાનો છે. તે જ આ ભાવનાનું ફળ છે.

**અશરણ ભાવના** - મારા પાપોના ઉદય વેળાએ મને માતા-પિતા, પત્ની-પુત્ર, પૈસો વગેરે કોઈ જ શરણરૂપ થઈ શકે તેમ નથી. તેઓ મારું દુઃખ લઈ શકે તેમ નથી. તેથી તેઓનો મોહ

ત્યાગવો, તેઓમાં મારાપણું ત્યાગવું. પરંતુ ફરજ પૂરેપૂરી બજાવવી. જ્યારે કોઈ પણ જીવનો મરણનો સમય હોય છે અર્થાત્ તેનું આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે તે જીવને ઇન્દ્ર, નરેન્દ્ર, સુરેન્દ્ર વગેરે કોઈ પણ બચાવવા સમર્થ હોતા નથી. ત્યારે તે જીવને માટે, મૃત્યુથી બચવા જગતમાં કોઈ શરણ રહેતું નથી. મતલબ કે આ જગતમાં મૃત્યુ સન્મુખ જીવ અશરણ છે, નિકાચિત કર્મ સન્મુખ જીવ પણ અશરણ છે. પોતાને પરાક્રમી, શક્તિવાન, ધનવાન, ઐશ્વર્યવાન, ગુણવાન વગેરે સમજવાવાળાને/ માનવાવાળાને પણ અહેસાસ થઈ જાય છે કે 'મરણ સમયે આમાંથી કાંઈ જ શરણરૂપ થતું નથી.' ડૉક્ટર, વૈદ્ય, વિદ્યા, મંત્ર, દવા વગેરે પણ મૃત્યુ સન્મુખ જીવને અશરણ જ છે. કોઈ સાધના કરીને, લૌકિક સિદ્ધિ પામીને ભલે એમ સમજે કે 'અમે તો લાંબું આયુષ્ય પણ પ્રાપ્ત કરી લીધું છે.' પરંતુ પોતાના આયુષ્યની સમાપ્તિ થવા પર, એક દિવસ તેમને પણ મરવાનું જ છે. અર્થાત્ મરણ સમયે લૌકિક સિદ્ધિ પણ શરણભૂત નથી બની શકતી. જ્યારે સિંહ હરણનો શિકાર કરે છે ત્યારે તેની સાથે બીજા અનેક હરણો હોવા છતાં, તેને કોઈ બચાવી શકતું નથી. મતલબ કે ત્યારે તેને કોઈ શરણરૂપ હોતું નથી. તેવી જ રીતે સંસારમાં જ્યારે કોઈ જીવ મૃત્યુને પ્રાપ્ત કરે છે, ત્યારે તેને કોઈ શરણરૂપ હોતું નથી. સ્વયં ઇન્દ્ર, નરેન્દ્ર પણ મરણની સન્મુખ હોય ત્યારે તેમને પણ કોઈ શરણરૂપ થતું નથી. મરણ સમયે તેઓ પણ અશરણ જ છે.

આ જગતમાં ચાર શરણ ઉત્કૃષ્ટ છે :- (૧) અરિહંત ભગવાન (૨) સિદ્ધ ભગવાન (૩) સાધુ ભગવંત અને (૪) સત્ય ધર્મ. આ ચારેય શરણો સર્વને, પોતાના શુદ્ધાત્માનું જ શરણું લેવાની પ્રેરણા આપે છે. પંચ પરમેષ્ઠી ભગવંત, તેમણે આપેલો ધર્મ અને શુદ્ધાત્મા જ સર્વ જીવોને શરણરૂપ છે. અર્થાત્ મૃત્યુને સુધારી શકે છે અને અજન્મા પણ બનાવી શકે છે, બીજું કોઈ પણ શરણ નથી. અર્થાત્ આપણને વૃદ્ધાવસ્થામાં કોણ શરણરૂપ થશે ? તેની પણ ચિંતા કરવાની આવશ્યકતા નથી. કારણ કે ત્યારે આપણા પાપ અને પુણ્ય (કર્મ) અનુસાર આપોઆપ વ્યવસ્થા થઈ જશે. આ જ આ ભાવનાનું ફળ છે.

વ્યવહારથી ઉપરોક્ત ચાર શરણભૂત છે અને નિશ્ચયથી એકમાત્ર શુદ્ધાત્મા જ શરણભૂત છે. વ્યવહારથી જ્ઞાની ઉપરોક્ત ચાર શરણનો આદર કરે છે અને તેમને નમસ્કાર પણ કરે છે, જેનાથી તેઓ એકમાત્ર પ્રેરણા એ જ લે છે કે 'મને મારો આત્મા જ શરણરૂપ છે. અર્થાત્ મારે તેમાં જ સ્થિર થવાનું છે અને સંસારથી મુક્તિ પામવાની છે.' પરંતુ અજ્ઞાનીને આત્માનુભૂતિ ન હોવાથી તેને સમ્યક્ નિશ્ચય હોતો નથી. તેથી તેને વ્યવહારથી ઉપરોક્ત ચાર જ શરણભૂત છે. માટે જ્યાં સુધી આત્મપ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષ્યથી ઉપરોક્ત ચાર શરણ ગ્રહણ

કરવાના છે અને અન્ય યોગ્યતાઓ કરીને એકમાત્ર શુદ્ધાત્મામાં જ સ્થિર થવાનો પુરુષાર્થ કરવાનો છે. આ જ આ ભાવનાનું ફળ છે.

**સંસાર ભાવના** - સંસાર એટલે સંસરણ-રખડપટ્ટી. અને તેમાં એક સમયના સુખની સામે અનંત કાળનું દુ:ખ મળે છે. તેવો સંસાર કોને ગમે ? કોઈનેય ન જ ગમે. તે માટે એકમાત્ર લક્ષ સંસારથી છૂટવાનું જ રહેવું જોઈએ. સંસાર વધવાના અનેક કારણો છે. તેમાં એકમાત્ર મોટું કારણ મિથ્યાત્વ છે કે જેની હાજરીને કારણે સંસારનો ક્યારેય અંત થઈ શકતો નથી. આ મિથ્યાત્વને ટકવામાં મદદ કરવાવાળા અનેક કારણો છે. જેમ કે ક્રોધ, માન, માયા, લોભ, પાંચ ઇન્દ્રિયોના વિષયો વગેરે. જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી જીવનો મહત્તમ સમય નિગોદમાં જ વીતે છે. કારણ કે નિગોદથી નીકળીને જીવ ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) ૨૦૦૦ સાગરોપમ માટે જ બહાર (ત્રસપર્યાયમાં) રહે છે. પછી આપોઆપ (automatically - by default) નિગોદમાં પાછો ચાલ્યો જાય છે કે જ્યાં તે અનાદિ કાળથી રહેતો હતો અને ભવિષ્યમાં પણ અનંત કાળ ત્યાં રહી શકે છે કે જ્યાં (નિગોદમાં) દુ:ખ સિવાય કાંઈ હોતું નથી. તે જીવ અસંખ્યાત પુદ્ગલ પરાવર્તન કાળ સુધી એકેન્દ્રિયમાં રહી શકે છે કે જ્યાં દુ:ખ સિવાય કાંઈ હોતું નથી.

સંસારમાં લોભથી તૃષ્ણાજન્ય દુ:ખ જન્મે છે અને લાભથી તે તૃષ્ણાજન્ય દુ:ખ અને લોભ વધતા જાય છે. તે લાભ માટે અનુકૂળ જીવો પ્રત્યે રાગ થાય છે અને પ્રતિકૂળ જીવો પ્રત્યે દ્વેષ થાય છે, સાથે જ લાભ વધારવા માટે માયાનો પણ સહારો લે છે. અધિક લાભ મળતા માન પેદા થાય છે. આવી રીતે જીવ અનંતાનુબંધી કષાયોથી બચી શકતો નથી કે જેનાથી સંસારનું ચાલક બળ (driving force) એવો મોહ વધુ પ્રગાઢ બને છે અર્થાત્ મિથ્યાત્વ વધુ પ્રગાઢ બને છે. આ રીતથી પૂર્વના કર્મોના ફળસ્વરૂપ સંયોગોમાં જીવ રતિ-અરતિ કરતો રહે છે. અર્થાત્ જીવો ઉદયભાવનો પ્રતિકાર કરીને અથવા તે ભાવમાં રાચી-માચીને નવા કર્મો બાંધે છે. આ સંસારની વિચિત્રતા એવી છે કે જીવને જેનું મોઢું જોવું પણ પસંદ નથી, તે જ જીવ અન્ય ભવોમાં તે જીવને પત્ની, પુત્ર, પરિવાર વગેરે રૂપથી પ્રાપ્ત થાય છે કે જેમને તેણે આખી જિંદગી નિભાવવા પડે છે અને આ રીતે તેની જિંદગી નરક જેવી બની જાય છે. તેથી આપણે વર્તમાન ભવમાં જ સર્વ જીવો સાથે મૈત્રીભાવ કરી લેવો આવશ્યક છે. આવી જ રીતે જીવ ઇન્દ્રિયોના સુખ પાછળ પાગલ બનીને અનંત દુ:ખ સહન કરતો આવ્યો છે. કારણ કે ઇન્દ્રિય સુખ, ક્યારેય પૂરી ન થાય તેવી ઇન્દ્રિયોની તૃષ્ણાને જન્મ આપે છે અને તે ઇન્દ્રિયોના વિષયોની તૃષ્ણારૂપ પીડા જીવને ક્યારેય સમાપ્ત ન થનાર તૃષ્ણારૂપ પીડા અને શારીરિક દુ:ખ આપે છે. અનાદિથી આવા વિષચક્રમાં ફસાયેલા જીવો સંસારમાં રખડે છે. આ વિષચક્રથી બચવું

મુશ્કેલ જરૂર છે, પરંતુ અસંભવ નથી. દરેક જીવે પોતાના પરિવારના દરેક સદસ્ય સાથે અનાદિથી તમામ પ્રકારના સંબંધો અનેક વખત કર્યા છે. કેવો વિચિત્ર અને વિકૃત છે આ સંસાર.

સંસારનો જન્મ વિકલ્પરૂપે પહેલા મનમાં થાય છે અને પછી તેને મૂર્તરૂપ પ્રાપ્ત થાય છે. તેથી સંસારનો અંત ઇચ્છતા જીવે સૌપ્રથમ મનમાંથી વિકલ્પરૂપ સંસારનો નાશ કરવો જોઈએ. તે માટે પૂર્વે જણાવ્યા અનુસાર પોતે પોતાને પ્રશ્ન કરવો જોઈએ કે 'મને શું ગમે છે ?' અને ઉત્તરમાં જો સાંસારિક ઇચ્છા કે આકાંક્ષા હોય, તો તેનું બાર ભાવનાઓથી શમન કરવું જોઈએ. આ જ રીત છે સંસારના નાશની.

એવા સંસારમાં રહેવું કોને પસંદ પડે કે જ્યાં એક સમયના સુખની (સુખાભાસની) સામે અનંત કાળ નિગોદનું દુઃખ સહન કરવું પડે ? કોઈનેય આ વાત ન ગમે. પરંતુ આ વાતનું યથાર્થ ભાવભાસન ન હોવાથી જ જીવ અનાદિથી આ જ રીતે અનંતાનંત દુઃખો સહન કરતો આવ્યો છે. અને જો હજુ પણ સમજમાં નહીં આવે તો આ જ રીતે અનંતાનંત કાળ સુધી અનંતાનંત દુઃખો સહન કરતા રહેવું પડશે. આ વિચારીને પોતા ઉપર અને સર્વ જીવો પ્રતિ અનંતાનંત કરુણા આવવી જોઈએ. આ રીતે પોતાના ઉપર કરુણા કરીને અર્થાત્ સ્વદયા કરીને ત્વરાએ પોતાનું આત્મકલ્યાણ કરી લેવું જોઈએ. તે જ આ ભાવનાનું ફળ છે.

**એકત્વ ભાવના** - અનાદિથી હું એકલો જ રખડું છું, એકલો જ દુઃખ ભોગવું છું. મરણ સમયે મારી સાથે કોઈ જ આવવાનું નથી. મારું કહેવાતું એવું શરીર પણ નહિ. તેથી દરેકે શક્ય હોય તેટલું પોતામાં જ (આત્મામાં જ) રહેવાનો પ્રયત્ન કરવો.

આપણે એક માત્ર શુદ્ધાત્મામાં જ એકત્વ કરવાનું છે. તે જ વાત સમયસારમાં કહી છે. સમયસાર ગાથા ૩ : અન્વયાર્થ :- ''એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે (અર્થાત્ જેણે શુદ્ધાત્મામાં 'હુંપણું' કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે તેવો આત્મા) તે આ લોકમાં સુંદર છે (અર્થાત્ તેવો જીવ ભલે સ્વર્ગમાં હોય કે નરકમાં હોય, અર્થાત્ દુઃખમાં હોય કે સુખમાં હોય, પરંતુ તે સુંદર અર્થાત્ સ્વમાં સ્થિત છે). તેથી એકત્વમાં બીજાની સાથે બંધની કથા (અર્થાત્ બંધરૂપ વિભાવોમાં 'હુંપણું' કરતા જે મિથ્યાત્વનો ઉદય થાય છે. તેથી) વિસંવાદ - વિરોધ કરનારી (અર્થાત્ સંસારમાં અનંત દુઃખરૂપ ફળને આપવાવાળી) છે.'' અને બીજું, જો આત્મદ્રવ્ય અન્ય કર્મ-નોકર્મરૂપ પુદ્ગલ દ્રવ્યની સાથે બંધાઈને રહે છે, તો તેમાં વિસંવાદ છે અર્થાત્ દુઃખ છે. જ્યારે તે જ આત્મદ્રવ્ય તે પુદ્ગલદ્રવ્યની સાથેના સંબંધથી મુક્ત થાય છે, ત્યારે તે સુંદર છે અર્થાત્ અવ્યાબાધ સુખી છે.

આગળ સમયસાર ગાથા ૭ માં કહ્યું છે કે (અન્વયાર્થ) :-''જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન - એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે (=જ્ઞાનીને એકમાત્ર અભેદભાવરૂપ 'શુદ્ધાત્મામાં'જ 'હુંપણું' હોવાથી જે પણ વિશેષ ભાવ છે અને જે પણ ભેદરૂપ ભાવ છે, તે વ્યવહાર કહેવાય છે). નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી. (અર્થાત્ નિશ્ચયથી કોઈ ભેદ શુદ્ધાત્મામાં નથી. તે એક અભેદ સામાન્ય ભાવરૂપ હોવાથી તેમાં ભેદરૂપ ભાવ અને વિશેષ ભાવ - આ બંને ભાવો નથી). જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.'' એટલે કે શુદ્ધ નિશ્ચય નયનો વિષય માત્ર અભેદ એવો શુદ્ધાત્મા જ છે. જ્ઞાનીને તેમાં જ 'હું'પણું=એકત્વ હોય છે, તે જ એકત્વ ભાવના છે.

સમયસાર ગાથા ૭ : ટીકા :- ''...કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં (અર્થાત્ ભેદથી સમજીને અભેદરૂપ અનુભૂતિમાં) જે નિષ્ણાત નથી તેવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે (અર્થાત્ ભેદો દ્વારા), ઉપદેશ કરતા આચાર્ય - જો કે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે તો પણ નામથી ભેદ ઉપજાવીને (અભેદ વસ્તુમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદ ઉત્પન્ન કરીને) વ્યવહારમાત્રથી જ એવો ઉપદેશ છે કે જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે. પરંતુ પરમાર્થથી (અર્થાત્ હકીકતમાં) જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે...(અર્થાત્ જે દ્રવ્ય ત્રણે કાળે તે તે પર્યાયરૂપે પરિણમતું હોવા છતાં પોતાનું દ્રવ્યપણું નથી છોડ્યું. જેમ કે માટી પિંડ-ઘડારૂપે પરિણમવા છતાં માટીપણું નથી છોડતી અને પ્રત્યેક પર્યાયમાં તે માટીપણું વ્યાપ્ય-વ્યાપક સંબંધથી છે. તેથી પર્યાયો અનંત હોવા છતાં પણ દ્રવ્ય તો એક જ છે.) એક શુદ્ધ જ્ઞાયક જ છે.'' આવી એકત્વ ભાવના હોવા છતાં અનેક લોકો દ્રવ્ય-પર્યાયને ભિન્ન કરવાના ચક્કરમાં ફસાઈને અનંત કાળ માટે સંસારમાં રખડવાનો માર્ગ જ પ્રશસ્ત (પસંદ) કરે છે. આ વાત તેઓને સમજમાં આવતી નથી. તે જ અમારા માટે સૌથી મોટો કરુણાનો વિષય છે.

જ્યારે જીવ આ સંસારમાં પરિવાર, સંપ્રદાય કે સમાજવિશેષનો પક્ષ લઈને કાંઈક ખોટું કરે છે, ત્યારે તેનું ફળ તેણે એકલાએ જ ભોગવવું પડે છે. વસ્તુનો ધર્મ એક જ હોય છે, તે બદલાતો નથી. અર્થાત્ આત્માના કલ્યાણનો એક જ માર્ગ છે. બીજું, આ જગતમાં સર્વ જીવો માટે નિયમ એકસરખા જ હોય છે. અલગ અલગ સંપ્રદાય આપણે બનાવ્યા છે. તે સમાજવ્યવસ્થા માટે તો ઠીક છે, પરંતુ તે મત-પંથ-સંપ્રદાયનો આગ્રહ આપણા આત્માના કલ્યાણમાં બાધક ન જ બનવો જોઈએ.

આવી છે એકત્વ ભાવના, જેનો વિષય એકમાત્ર શુદ્ધાત્મા જ છે. પરંતુ સંસારી જીવોએ અનાદિથી શરીરાદિક પરભાવમાં જ એકત્વ કર્યું છે અને દુ:ખોને આમંત્રણ આપ્યું છે. જ્યારે જીવ આ

ભાવનાનો મર્મ સમજીને અન્ય યોગ્યતા સહ એકમાત્ર શુદ્ધાત્મામાં જ અર્થાત્ સ્વભાવમાં જ એકત્વ કરે છે, ત્યારે તે જીવનો સંસાર સીમિત થઈ જાય છે. અર્થાત્ તે જીવનો મોક્ષ નજીકમાં જ હોય છે.

**અન્યત્વ ભાવના** - હું કોણ છું ? તે ચિંતવવું. પૂર્વે જણાવ્યા અનુસાર અન્ય યોગ્યતા સહ પુદ્ગલ અને પુદ્ગલ (કર્મ) આશ્રિત ભાવોથી પોતાને જુદો ભાવવો અને તેમાં જ 'હુંપણું' કરવું, તેનો જ અનુભવ કરવો. તેને જ સમ્યગ્દર્શન કહેવાય છે. તે જ આ જીવનનું એકમાત્ર લક્ષ અને કર્તવ્ય હોવું જોઈએ.

અનાદિથી કર્મના સંયોગવશ પરમાં જ 'હુંપણું' અને 'મારાપણું' માનીને જીવ દુ:ખ ભોગવતો આવ્યો છે. જેમ કે અનાદિથી આપણે શરીર, ધન, પત્ની, પુત્ર, પરિવાર વગેરેમાં 'હુંપણું' અને 'મારાપણું' માનીને દુ:ખો ભોગવતા આવ્યા છીએ. હવે ક્યાં સુધી આવા દુ:ખો ભોગવતા રહેવું છે? ક્યાં સુધી પરમાં જ 'હુંપણું' અને 'મારાપણું' માનવાનું ચાલુ રાખીને દુ:ખી થવું છે ? પત્ની, પુત્ર, પરિવાર વગેરે મારા માટે અન્ય છે. સર્વ જીવ સ્વતંત્ર છે. તેથી તેમની સ્વતંત્રતાનો આદર કરીને મારે, મારો કોઈ પણ નિર્ણય, આગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ, કદાગ્રહ વગેરે બીજા પર ઠોકી બેસાડવાનો પ્રયાસ ન કરવો જોઈએ. આપણે બીજાને પ્રેમથી સમજાવી શકીયે, પ્રેરણા આપી શકીયે, પરંતુ આદેશ કરી શકતા નથી. અર્થાત્ વ્યવહારિક કાર્ય માટે આપણી જે ફરજ હોય, તેને નિભાવવા માટે પણ કોઈ કઠોર નિર્ણય અથવા આદેશ આવશ્યક હોય ત્યારે પણ કોઈને અન્યાય ન થાય તેનો ખ્યાલ રાખીને જ આપણી ફરજ નિભાવવી જોઈએ. તમામ જીવોની સ્વતંત્રતાના આદર સહિત સમાજ, દેશ કે ધર્મના માટે જે પણ નિયમ આવશ્યક હોય તે બનાવી શકાય છે. પરંતુ બીજાઓ પર પોતાનો કોઈ પણ નિર્ણય, આગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહ, દુરાગ્રહ વગેરે ઠોકી બેસાડવું ન જોઈએ, નહીં તો આપણને પણ તેવું અનેક વાર ભોગવવું પડી શકે છે. આ જ કર્મનો પણ સિદ્ધાંત છે.

એવા મોહકર્મો, કે જે આત્માને પોતાના સ્વરૂપ-આસ્વાદન કરવાના ભાવને પણ જન્મ લેવા નથી દેતા, તેને દૂર કરવાનો એકમાત્ર માર્ગ આ ભાવનાને દઢ કરવાથી મળે છે. આ ભાવનાથી સર્વ સંયોગી ભાવોને તપાસવા અને નક્કી કરવું કે હું કોણ છું ? અને મારું શું છે ?

શરીરને છોડીને બીજી સર્વ વસ્તુ પ્રગટમાં પણ આપણાથી જુદી દેખાય છે. પરંતુ અનાદિથી શરીરમાં જ 'હુંપણું' માનીને રાખ્યું છે. આ જ સૌથી મોટી ભૂલ છે કે જેના કારણે જીવ અનાદિથી આ સંસારમાં રખડતો રહ્યો છે અને અનંત દુ:ખો ભોગવી રહ્યો છે. જો આ ચક્કરથી છૂટકારો પામવો હોય તો આ ભાવના સિવાય બીજો કોઈ ઉપાય નથી. એ વિચારવું જોઈએ કે જ્યારે આત્મા આ શરીરને છોડીને જાય છે, ત્યારે શરીર અહીંયા જ રહી જાય છે કે જેને બાળી નાખવામાં આવે છે. જો

શરીર જ 'હું' હોત તો તે પણ આત્મા સાથે જવું જોઈતું હતું. તેથી એ નક્કી થાય છે કે શરીર 'હું' નથી. તેનાથી આગળ, જ્યારે આપણે વિચારીયે છીએ ત્યારે જે સારા-ખરાબ ભાવો થાય છે, તેમાં 'હુંપણું' થાય છે, શું તે સાચું છે ?

તે સારા-ખરાબ ભાવ થાય છે તો મારામાં જ, પરંતુ મારું અસ્તિત્વ માત્ર એટલું જ નથી. જો મારું અસ્તિત્વ એટલું જ માનવામાં આવે તો તેના નાશની સાથે મારો પણ નાશ માનવાનો પ્રસંગ ઊભો થઈ જશે. પરંતુ 'હું' અનાદિ-અનંત છું, અજર-અમર છું. તે વાતનો નિશ્ચય હોવાથી એમ નક્કી થાય છે કે સારા-ખરાબ ભાવ થાય છે તો મારામાં જ, પરંતુ તે મારું સ્વરૂપ નથી. તે સારા-ખરાબ ભાવરૂપે હું જ પરિણમું છું, પરંતુ તે પરિણામ થોડાક સમય માટે જ ટકે છે. તે ત્રિકાળ આત્મામાં નથી ટકતા. હકીકતમાં મારો તે સારા-ખરાબ ભાવ સાથે દર્પણ અને તેમાં ઝળકવાવાળા પ્રતિબિંબ જેવો સંબંધ છે. તેમાં તે ઝળકવાવાળા પ્રતિબિંબના નાશથી અરીસાનો નાશ થતો નથી. એટલે કે અન્ય યોગ્યતા સહ પોતાને સર્વ ભાવરહિત તે અરીસાની જેમ સ્વચ્છ/શુદ્ધ અનુભવવાનો છે. તે જ છે આ ભાવનાનું ફળ છે. કે જેનાથી આપણે પોતાને દુ:ખોથી મુક્ત કરાવી શકીયે છીએ.

**અશુચિ ભાવના** - 'મને, મારા શરીરને સુંદર બતાવવાના - શણગારવાના જે ભાવ છે અને વિજાતીયના શરીરનું આકર્ષણ છે. પંરતુ તે શરીરની ચામડીને હટાવતા જ માત્ર માંસ, લોહી, પરુ, મળ, મૂત્ર વગેરે જ જણાય છે કે જે અશુચિરૂપ જ છે' એવું ચિંતવી પોતાના શરીરનો અને વિજાતીયના શરીરનો મોહ ત્યજવો. તેમાં મૂંઝાવું (મોહિત થવું) નહિ.

જીવને અનાદિથી પોતાના અને વિજાતીયના શરીરનું આકર્ષણ છે અને તે જ કારણે જીવને અનાદિથી ચાર સંજ્ઞા પણ છે - આહાર, મૈથુન, પરિગ્રહ અને ભય. જીવ આ ચાર સંજ્ઞાની પાછળ ભાગીને જ અનંતાનંત વાર બર્બાદ થયો છે, અનંતાનંત દુ:ખો ભોગવ્યા છે. અત્યારે પણ એ ચાર સંજ્ઞાની પાછળ ભાગવાના કારણે જ દુ:ખી થઈ રહ્યો છે. જીવને શરીરના આકર્ષણથી મુક્ત કરાવવા અર્થે આ અશુચિ ભાવનાનું ચિંતન આવશ્યક છે.

આત્મા માટે સર્વ પદાર્થ અશુચિ જ છે. કારણ કે અનાદિથી પરમાં જ 'હુંપણું' અને 'મારાપણું' માનીને જીવ દુ:ખો ભોગવતો આવ્યો છે. અર્થાત્ આત્માને માટે શુદ્ધાત્મા છોડીને સર્વ સંયોગી ભાવ અશુચિ જ છે. કારણ કે તે સર્વ ભાવ આત્માની મુક્તિ માટે બાધાકારક છે. તેથી અન્ય યોગ્યતા સહ એકમાત્ર શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરવા જેવું છે. આ જ શૌચ ધર્મ છે. આ જ પરમ ધર્મ છે. આ જ સિદ્ધપદ પ્રાપ્તિનો ઉપાય છે અને આ જ અનંત દુ:ખોથી છૂટકારો મેળવવાનો ઉપાય છે. આ જ અશુચિ ભાવનાનું ફળ છે.

**આસ્રવ ભાવના -** પુણ્ય અને પાપ, એ બન્ને મારા (આત્મા) માટે આસ્રવ છે. તેથી વિવેકે કરી પ્રથમ પાપોનો ત્યાગ કરવો અને એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે શુભ ભાવમાં રહેવું એ આપણું કર્તવ્ય છે.

જીવ અનાદિથી મિથ્યાત્વયુક્ત રાગ-દ્વેષ કરીને કર્મોનો આસ્રવ કરતો આવ્યો છે. તેથી તે અનંત કાળ સુધી તે કર્મોના ચક્કરમાં ૮૪ લાખ યોનિઓમાં ભટકતો રહે છે અને અનંતાનંત દુઃખો ભોગવે છે. સૌથી મોટો આસ્રવ મિથ્યાત્વ જ છે. તેથી ત્વરાએ તેને દૂર કરવાનો ઉપાય કરવો જોઈએ. કારણ કે એક વાર મિથ્યાત્વ જાય તો જ આત્માનો અનુભવ થાય છે અને પછી તે અતીન્દ્રિય સુખનો ફરી ફરી અનુભવ કરવાની લગની આપમેળે જ લાગી જાય છે. કે જે અંતે આત્માની આસ્રવમુક્તિનું કારણ બને છે, તે જ આ આસ્રવ ભાવનાનું ફળ છે.

વિષય અને કષાય પણ આસ્રવના કારણો છે અને મિથ્યાત્વ કે જે આસ્રવોનું સૌથી મોટું કારણ છે તેને તે વિષય અને કષાય, પુષ્ટ જ કરે છે. તેથી મુમુક્ષુ જીવે સદૈવ વિષય અને કષાયને મંદ કરવાનો અને સમ્યગ્દર્શન માટે જણાવેલ અન્ય યોગ્યતાઓ કેળવવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. જીવે અનાદિથી એક એક ઇન્દ્રિયના વિષયોની પાછળ ભાગીને પણ અનંતી વાર પોતાના પ્રાણ ગુમાવ્યા છે, તો પછી આ મનુષ્યભવમાં જો તે પાંચેય ઇન્દ્રિયોના વિષયોની પાછળ ભાગતો રહેશે તો તેના શું હાલ થશે ? તે પોતાના માટે અનંત દુઃખોને આમંત્રણ દેવાનું જ કામ કરી રહ્યો છે. કારણ કે એક એક કષાય પણ જીવને અનંત દુઃખો દેવા સક્ષમ છે.

જીવને માટે પુણ્ય પણ આસ્રવ છે. પરંતુ જ્યારે કોઈ જીવ એકમાત્ર આત્મપ્રાપ્તિ અને આત્મસ્થિરતાના લક્ષે શુભ ભાવમાં રહે છે, ત્યારે તેને પુણ્યાનુબંધી પુણ્ય અને સાતિશય પુણ્યનો આસ્રવ/બંધ થાય છે. તેવા પુણ્ય મોક્ષમાર્ગમાં બાધારૂપ થતા નથી. ઊલટા સહાયક જ થાય છે. આશય એ છે કે જ્યાં સુધી તે જીવનો મોક્ષ થતો નથી, ત્યાં સુધી આવા પુણ્યથી તે જીવને સાચા દેવ-ગુરુ-ધર્મ અને શાતારૂપ/અનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય છે. સંસારી જીવોનો વિચાર કરતા આપણને જણાય છે કે તેઓ કેવી રીતે આસ્રવથી બંધાઈ રહ્યા છે. તેઓને જોઈને મારે એ વિચારવું જોઈએ કે 'મેં પણ અનંતી વાર આવી રીતના આસ્રવોથી બંધ કર્યો છે' અને તેની પશ્ચાત્તાપપૂર્વક ક્ષમાપના કરવી જોઈએ. 'હવે પછી આવા આસ્રવોનું સેવન ક્યારેય નહીં કરું' એવું નક્કી કરવું જોઈએ. આ રીતે દરેક જાણકારીનો ઉપયોગ મારે મારા (આત્માના) ફાયદા માટે જ કરવાનો છે. આવી રીતે આસ્રવ ભાવનાનો ઉપયોગ કરીને આપણે મુક્ત થવાનું છે. તે જ આ ભાવનાનું ફળ છે.

**સંવર ભાવના** - સાચા (કાર્યકારી) સંવરની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. તેથી તેના લક્ષે પાપોનો ત્યાગ કરી, એકમાત્ર સાચા સંવરના લક્ષે દ્રવ્યસંવર પાળવો જોઈએ.

ઉપર કહ્યા મુજબ જીવ અનાદિથી મિથ્યાત્વયુક્ત રાગ-દ્વેષ કરીને કર્મોનો આસ્રવ કરતો આવ્યો છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા પછી જેમ જેમ આત્માનુભૂતિનો કાળ અને તેની આવૃત્તિ (recurrence) વધતા જાય છે, તેમ તેમ આસ્રવોનો અધિકાધિક નિરોધ થઈને અધિકાધિક સંવર થતો રહે છે. તેથી સંવરને માટે સૌપ્રથમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું આવશ્યક છે. અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે પૂર્વે કહ્યા અનુસાર યોગ્યતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો અતિ આવશ્યક છે.

યોગ્યતાની સાથે અભ્યાસરૂપથી અને પાપથી બચવા માટે એકમાત્ર આત્મપ્રાપ્તિ અને આત્મરમણતાના લક્ષ્યથી દસ પ્રકારના ક્ષમાદિ ધર્મ, પોતાની શક્તિ અનુસાર કરવા જોઈએ. તેનાથી પાપાસ્રવ ઓછો થશે અને સંવરનો અભ્યાસ થશે. જેમ કે ઉત્તમ ક્ષમાથી ક્રોધકષાયનો સંવર થશે, ઉત્તમ માર્દવથી માનકષાયનો સંવર થશે, ઉત્તમ આર્જવથી માયાકષાયનો સંવર થશે, ઉત્તમ અકિંચન/સંતોષથી લોભકષાયનો સંવર થશે, ઉત્તમ શૌચ-સત્ય-સંયમ-તપ-ત્યાગ-બ્રહ્મચર્યથી હિંસા, જૂઠ, અવિરતિ, વિષયો વગેરેનો સંવર થશે. દરેક આસ્રવ માટે પોતે ભાવના ભાવવાની છે કે 'હવે મને આ આસ્રવ ક્યારેય ન હો અર્થાત્ તેનો ઉપભોગ (સેવન) કરવાનો ભાવ ક્યારેય ન હો.' આ સંસ્કાર દઢ કરવાથી મારી સંવર ભાવના સાર્થક થાય છે. સંવર જ સત્ય ધર્મનું ફળ છે, જેનાથી જીવ કર્મના બંધનો નિરોધ કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે. આ જ સંવર ભાવનાનું ફળ છે.

**નિર્જરા ભાવના**- સાચી (કાર્યકારી) નિર્જરાની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. તેથી તેના લક્ષે પાપોનો ત્યાગ કરી, એકમાત્ર સાચી નિર્જરાના લક્ષે યથાશક્તિ તપ આચરવું.

નિર્જરા બે પ્રકારની હોય છે : (૧) અકામ નિર્જરા અને (૨) સકામ નિર્જરા. અકામ નિર્જરા દરેક જીવને અનાદિથી આપોઆપ થતી રહેતી હોય છે. સકામ નિર્જરા સમ્યગ્દર્શન સહિત જીવને ગુણશ્રેણી રૂપે હોય છે. અન્યોને ઘણો પુરુષાર્થ કરવા છતાં પણ નિર્જરા ઓછી હોય છે. તેથી સર્વ ધર્મી જીવોએ સૌપ્રથમ એકમાત્ર આત્મપ્રાપ્તિનું જ લક્ષ્ય રાખવું જોઈએ. અને તેના માટે ઉપર કહ્યા અનુસાર યોગ્યતા પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ કરવો અત્યંત આવશ્યક છે.

યોગ્યતા કેળવવા આત્મલક્ષ્યપૂર્વક શાસ્ત્રને દર્પણ સમજીને સ્વાધ્યાય કરવો જોઈએ, જેથી પોતાનામાં શાસ્ત્ર અનુસાર જે પણ ખામી હોય તેને દૂર કરી શકાય. તેનાથી આપણો અભિપ્રાય પણ સમ્યક્ થઈ શકે છે, કે જેના વગર આત્મજ્ઞાન સંભવ જ થતું નથી. તેથી સર્વ પુરુષાર્થ માત્ર એક

આત્મપ્રાપ્તિના હેતુથી તપ, વ્રત, બાર ભાવના, ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !)નો ભાવ વગેરેથી સ્વાધ્યાયરત રહેવા માટે જ કરવાનો છે. જેથી ત્વરાએ આપ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને સકામ (સાચી) નિર્જરા કરી શકો, કે જે આ ભાવનાનું ફળ છે.

**લોકસ્વરૂપ ભાવના-** પ્રથમ લોકનું સ્વરૂપ જાણવું. પછી ચિંતવવું કે હું અનાદિથી આ લોકમાં સર્વ પ્રદેશે અનંતી વાર જન્મ્યો અને મરણ પામ્યો; અનંતા દુ:ખો ભોગવ્યા. હવે ક્યાં સુધી આ ચાલુ રાખવું છે ? તેના અંત માટે સમ્યગ્દર્શન આવશ્યક છે. તો તેની પ્રાપ્તિનો ઉપાય કરવો. બીજું, લોકમાં રહેલ અનંતા સિદ્ધ ભગવંતો અને સંખ્યાત અરિહંત ભગવંતો અને સાધુ ભગવંતોને વંદના કરવી. તથા અસંખ્યાત શ્રાવક-શ્રાવિકાજીઓ અને સમ્યગ્દષ્ટિ જીવોની અનુમોદના કરવી, પ્રમોદ કરવો.

અનાદિથી હું આ લોકમાં જન્મ-મરણ, નરક, તિર્યંચ અને નિગોદના દુ:ખો સહન કરતો આવ્યો છું. દેવ અને મનુષ્યભવમાં પણ મેં અનાદિથી અનેક દુ:ખો ભોગવ્યા છે. જ્યાં સુધી મિથ્યાત્વ હયાત છે, ત્યાં સુધી તે જીવને ભવભ્રમણ કરવા જ પડશે અને દુ:ખો ભોગવવા જ પડશે. આ રીતે લોકસ્વરૂપ ભાવનાનો વિચાર કરીને દરેક જીવે પોતાનો પૂર્ણ પુરુષાર્થ આત્મપ્રાપ્તિ માટે જ લગાવવો તે જ આ ભાવનાનો ઉદ્દેશ્ય છે.

લોકના સ્વરૂપનું ચિંતન કરવું અને એમાં સ્થિત અનંતાનંત જીવોના ભાવોનું, સિદ્ધોનું, અરિહંતોનું, મુનિ ભગવંતોનું, શ્રાવક-શ્રાવિકાઓનું, સમ્યગ્દષ્ટિઓનું, જીવોના પ્રકારોનું, જીવોના દુ:ખોનું, દુ:ખોથી મુક્તિ પ્રાપ્ત કરવાના માર્ગનું, નરક-નિગોદના સ્વરૂપનું, છ દ્રવ્યનું, દ્રવ્ય-ગુણ-પર્યાયનું, પુદ્ગલરૂપી શરીર વગેરેનું ચિંતન કરવું તે પણ લોકસ્વરૂપ ભાવનાનો ઉદ્દેશ્ય છે, કે જેનાથી જીવને મુક્તિનો માર્ગ આસાનીથી મળી શકે અને તે કર્મોથી મુક્ત થઈને સાદિ-અનંત કાળ સુધી અનંતાનંત સુખનો ઉપભોગ કરી શકે. તે જ આ ભાવનાનું ફળ છે.

**પ્રશ્ન** : લોક, કાળગણતરી વગેરેની જાણકારી લેવી કેમ આવશ્યક છે ?

**ઉત્તર** : તેની જાણકારીથી ખબર પડે છે કે લોક કેટલો મોટો છે ? અને આપણે અનાદિથી આ લોકના દરેક પ્રદેશ પર અનંતી વાર કેવા કેવા જન્મ-મરણ કરી ચૂક્યા છીએ ? કેવા કેવા દુ:ખો સહન કર્યા છે ? અને ભવિષ્યમાં ક્યાં સુધી આવા જન્મ-મરણ કરવા છે ? દુ:ખો સહન કરવા છે ? વગેરે. તેથી સમજાય છે કે એક આત્મજ્ઞાન નહીં હોવાથી જીવ કેટલો દુ:ખી થાય છે ? અને આગળ કેટલો દુ:ખી થઈ શકે છે ? આનાથી જીવ જાગૃત થઈ શકે છે અને પ્રમાદથી બચીને પોતાનું આત્મકલ્યાણ કરી શકે છે. આ

ફળ છે લોકસ્વરૂપ ભાવનાનું. પરંતુ કોઈ પણ સાધનને આપણે સાધ્ય બનાવી લઈએ ત્યારે આપણી પ્રગતિ અટકી જાય છે, તે એક મોટું ભયસ્થાન છે. તેથી કોઈ પણ સાધનનો ઉચિત (યોગ્ય) ઉપયોગ કરીને આગળ વધવાનું હોય છે, નહીં કે તેમાં જ રોકાઈ જવું. તે સાધનને સાધ્ય નથી બનાવવાનું. પરંતુ આપણું સાધ્ય એવા મોક્ષને માટે તે સાધનનો (કરણાનુયોગનો) ઉપયોગ કરીને આગળ વધવાનું છે. આ પ્રકારે લોકભાવનાની સહાયથી આપણે પોતાની સંસારથી મુક્તિ પાક્કી કરવાની છે. તે જ આ ભાવનાનું ફળ છે.

**બોધિ દુર્લભ ભાવના** - બોધિ એટલે સમ્યગ્દર્શન. અનાદિથી આપણી રખડપટ્ટીનું જો કોઈ કારણ હોય તો તે છે સમ્યગ્દર્શનનો અભાવ. તેથી સમજાય છે કે સમ્યગ્દર્શન કેટલું દુર્લભ છે ? કોઈક આચાર્ય ભગવંતે તો કહ્યું છે કે વર્તમાન કાળમાં સમ્યગ્દષ્ટિ, આંગળીના વેઢે ગણી શકાય એટલા જ હોય છે.

બોધિ એટલે સમ્યગ્દર્શન. તે કેવી રીતે પામવું ? અર્થાત્ ક્યા વિષયના ચિંતનથી અને અનુભવથી સમ્યગ્દર્શન પામી શકાય છે ? અને તેના માટે કઈ યોગ્યતા હોવી આવશ્યક છે ? વગેરે માટે જ આ પુસ્તક લખવામાં આવી રહ્યું છે. અર્થાત્ 'આ ભાવનાનું મહત્ત્વ અપૂર્વ છે' એવું સમજીને ત્વરાએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીએ તે જ આ ભાવનાનું ફળ છે.

આપણે અનંતી વાર વ્રત-તપ-નિયમ-યમ-પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યા એમ ભગવાને કહેલ છે. છતાં પણ અત્યાર સુધી આપણે સંસારથી મુક્તિ નથી પામી શક્યા. તો પ્રશ્ન થાય કે 'એવું કેમ થયું ?' તેનો ઉત્તર એક જ છે કે આપણે જે પણ વ્રત-તપ-નિયમ-યમ-પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યા તે સંસારથી મુક્તિ પામવા માટે ન કર્યા. અથવા તો કહેવા માટે તો સંસારથી મુક્તિ માટે જ વ્રત-તપ-નિયમ-યમ-પ્રત્યાખ્યાન ગ્રહણ કર્યા. પરંતુ અંતરમાં સંસારની રુચિ સમાપ્ત ન થઈ. એટલે ભવ રોગરૂપ ન લાગ્યો કે જેથી સાચો વૈરાગ્ય પણ ન થયો અને સમ્યગ્દર્શન પણ ન થયું. તેથી બોધિ એટલે સમ્યગ્દર્શન કે જેને માટે સાચો વૈરાગ્ય, કષાયોની મંદતા અને ઇચ્છાઓનો નાશ આવશ્યક છે કે જેનાથી મનમાં વસેલો સંસાર બળી જાય. ત્યારે જ આપણી બહિર્મુખતા સમાપ્ત થઈને અંતર્મુખતા પ્રગટ થાય છે કે જેનાથી આપણી સમ્યગ્દર્શન માટેની યોગ્યતા પ્રગટે છે. આવી યોગ્યતા પ્રગટ કરી આપણે ત્વરાએ મોક્ષની પ્રાપ્તિ કરીયે. તે જ આ ભાવનાનું ફળ છે.

**ધર્મસ્વરૂપ ભાવના** - વર્તમાન કાળમાં ધર્મસ્વરૂપમાં અનેક વિકૃતિઓ પ્રવેશી ચૂકેલ હોવાથી, સત્ય ધર્મની શોધ અને તેનું જ ચિંતન કરવું. સર્વ પુરુષાર્થ તેને પામવામાં જ લગાવવો.

વર્તમાન કાળમાં જિનશાસનમાં અનેક સંપ્રદાયો થઈ ગયા છે અને તે દરેકમાં પણ ભાગલા પડતા પડતા બીજા નવા મત-પંથ-સંપ્રદાય પણ બની રહ્યા છે. પ્રાયઃ દરેક સંપ્રદાય પોતાને સાચા/સારા/સર્વોત્કૃષ્ટ માને છે અને અન્ય સંપ્રદાયોની ભૂલો/ત્રુટિઓ જુએ છે અથવા તો અન્યોને કપોળકલ્પિત જ જણાવે છે. આવી રીતે અન્યોથી જાણે-અજાણ્યે દ્વેષ પણ કરાવે છે કે જેનાથી આપણો સંસાર વધી શકે છે, દુઃખ વધી શકે છે. તેથી પ્રશ્ન થાય કે આવા પંચમ કાળમાં એક મુમુક્ષુ જીવે ધર્મપ્રાપ્તિ માટે શું કરવું જોઈએ? ઉત્તર :- સૌપ્રથમ એ મુમુક્ષુ જીવે ભગવાનની વાત પર વિશ્વાસ કરીને પોતાના કારોબારમાંથી (વ્યવસાયમાંથી) સમય કાઢવો જોઈએ. કારણ કે ધન પુણ્યથી આવે છે, નહીં કે કારોબારમાં વધુ સમય આપવાથી. આવી રીતે તેણે સમય કાઢીને પોતાના સંપ્રદાયના શાસ્ત્રો નિષ્પક્ષ દષ્ટિથી અવલોકવા જોઈએ. પછી તેણે અન્ય સંપ્રદાયના શાસ્ત્રો પણ નિષ્પક્ષ દષ્ટિથી અવલોકવા જોઈએ. તે અવલોકનમાં એક જ દષ્ટિ રાખવી જોઈએ કે 'જે સાચું હોય તે મારું છે'. તે શાસ્ત્રોમાંથી પોતાના આત્માનો નિર્ણય અને અનુભવ કરવા માટે કાર્યકારી (આવશ્યક) વાતો ગ્રહણ કરવાની અને વિવાદિત વાતો પર વધુ લક્ષ્ય ન આપવું. શાસ્ત્રોને દર્પણરૂપથી વાંચવા અર્થાત્ શાસ્ત્રોની સારી વાતો જો પોતામાં ન હોય તો ત્વરાએ ગ્રહણ કરવી અને જો આપણી કોઈ ખરાબ વાત લક્ષ્યમાં આવે તો ત્વરાએ કાઢવાની કોશિશ કરવી. અને જો ન નીકળી શકે તો મનમાંથી (અભિપ્રાયમાંથી) તે ખરાબ વાતને અવશ્ય કાઢી નાખવી, જેથી ભવિષ્યમાં તે આપોઆપ નીકળી જશે. આ જ છે શાસ્ત્રોનો અભ્યાસ કરવાની રીત.

આવી રીતે શાસ્ત્રોની વાતોને પોતાના જીવનમાં પ્રયોગમાં લાવવી અને આગળ વધતા જવું. ત્યારે તેને પોતાના અંતરમાંથી જ સત્ય/અસત્યનો અને યોગ્ય/અયોગ્યનો ભાસ કાળક્રમે થતો રહેશે અને તે ખુલ્લા મનથી આગળ વધતો રહેશે. મુમુક્ષુ માટે કોઈ પણ શાસ્ત્ર અછૂત ન હોવા જોઈએ. અર્થાત્ કોઈ પણ શાસ્ત્રનો પૂર્વગ્રહ, આગ્રહ, હઠાગ્રહ, દુરાગ્રહ ન હોવો જોઈએ પરંતુ સત્યની જ ખોજ અને આગ્રહ હોવો જોઈએ. કારણ કે કોઈ પણ શાસ્ત્રનો કે સંપ્રદાયનો પૂર્વગ્રહ કે આગ્રહ હોવાથી આપોઆપ જ અન્યો પ્રત્યે દ્વેષ ઉદ્ભવવો સ્વાભાવિક જ હોય છે. અને તે દ્વેષ તે મુમુક્ષુને અનંત કાળ સુધી સંસારમાં રખડાવવા સક્ષમ છે. કારણ કે તે શ્રૃંખલારૂપ (શ્રેણીરૂપ) હોય છે. તેથી આગળ આવવાવાળા અનેક ભવો સુધી તે મુમુક્ષુને દુઃખી કરવા સક્ષમ હોય છે. આવી રીતે તે મુમુક્ષુ પરીક્ષા કરીને આગળ વધી શકે છે. જેમ કે કોઈ પણ શાસ્ત્ર કે સંપ્રદાય કે ગુરુ, બીજાઓ પ્રત્યે રોષ રાખતા હોય અથવા દ્વેષ કરતા હોય કે કરાવતા હોય, ત્યારે એમ વિચારવું કે 'આ વાત નિશ્ચિત છે કે સત્ય ધર્મમાં દ્વેષ માટે કોઈ સ્થાન હોતું નથી. ત્યાં માત્ર કરુણા જ હોય છે.' તેથી જ્યાં દ્વેષ હોય ત્યાં સત્ય

ધર્મ ન હોઈ શકે -એ નિર્ણય થાય છે. તેથી તે ધર્મમાં અવશ્ય કાંઈક ખામી/ત્રુટિ છે. આ પ્રકારે મુમુક્ષુને એકમાત્ર નિજ કલ્યાણનું જ લક્ષ્ય હોવું જોઈએ, નહીં કે કોઈ મત, પંથ, સંપ્રદાય કે વ્યક્તિવિશેષની પાલખી ઉપાડવાનું કે તેનો પ્રચાર-પ્રસાર-વિસ્તાર કરવાનું કે જેનાથી પોતાના સંસારનો અંત થઈ નહીં શકે. મુમુક્ષુએ ઉપર જણાવેલ માર્ગ પર પ્રયોગાત્મક રીતે અને ખુલ્લા મનથી આગળ વધતા રહેવું જોઈએ અને પોતાના વિચાર-વાણી-વર્તનનું ઝીણવટથી અવલોકન કરતા રહેવું જોઈએ. તેમાં શું બદલાવ આવી રહ્યો છે ? તે પણ નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષ્યે બાર ભાવના, ચાર ભાવના, ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !)નો ભાવ વગેરેથી મનમાંથી સંસારને બાળી નાખવાનો છે અને એ અવલોકન કરતા રહેવાનું છે કે 'શું પોતાની ઇચ્છાઓ ઓછી થઈ ? શું પોતાના રાગ-દ્વેષ ઓછા થયા ?' આ જ ધર્મસ્વરૂપ ભાવનાનું ફળ છે. અમે આ જ પ્રકારે સત્યની પ્રાપ્તિ અને અનુભૂતિ પામ્યા છીએ. તેથી જ અમે ઇચ્છીએ છીએ કે આપ પણ આ જ રીતે સત્યની પ્રાપ્તિ અને અનુભૂતિ કરીને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરો.

સત્ય ધર્મનું સ્વરૂપ શું છે ? અર્થાત્ સત્ય ધર્મ કોને કહે છે ? તે (સમ્યગ્દર્શન ) કેવી રીતે પ્રાપ્ત કરી શકાય ? અને તેના માટે શું યોગ્યતા હોવી જોઈએ ? વગેરે માટે જ આ પુસ્તક લખાઈ રહ્યું છે. અર્થાત્ આ ભાવનાનું મહત્ત્વ અપૂર્વ છે એમ સમજીને ત્વરાએ સત્ય ધર્મનું (સમ્યગ્દર્શનનું) સ્વરૂપ સમજીને અને તેનો અનુભવ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરો, તે જ આ ભાવનાનું ફળ છે.

ઉપરોક્ત યોગ્યતાના વિષયમાં અમુક સર્વાધિક મહત્ત્વપૂર્ણ વિચાર-બિંદુઓ સંક્ષેપરૂપમાં મનન કરવા માટે અત્ર પ્રસ્તુત કરીયે છીએ.

❒ હું અહીંયા માત્ર આપવા માટે જ આવ્યો છું, કોઈ પણ શરત અને કોઈ પણ અપેક્ષા વગર.

❒ મારી સાથે જે પણ થાય છે તે સારા માટે જ થાય છે એમ વિચારવું કે જેથી આર્તધ્યાનથી બચાય છે.

❒ મારે મારી ફરજ પૂર્ણ રૂપથી અદા કરવાની છે, પરંતુ બીજાઓથી એવી અપેક્ષા નથી રાખવાની.

❒ દરેકે પોતે, પોતાને બદલવાના છે. આ જ એકમાત્ર ધર્મની યોગ્યતા પામવાનો પુરુષાર્થ છે. બીજાઓને બદલવાનો પ્રયત્ન વ્યર્થ છે. બીજાઓને તેમના સારા માટે પ્રેરણા આપી શકાય છે, પરંતુ આગ્રહ કે દબાણ ક્યારેય ન કરાય.

❒ વર્તમાન ઉદયને અર્થાત્ સંયોગને બદલવાનો પ્રયાસ ન કરતા, તેનો સ્વીકાર કરવામાં જ સમજદારી છે, શાંતિ છે.

- ❒ વર્તમાનનો સ્વીકાર કરીને, પોતાનો પુરુષાર્થ એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં લગાવવો. કારણ કે વર્તમાન ઉદય અર્થાત્ સંયોગ આપણા હાથની વાત નથી. પરંતુ ભવિષ્ય આપણા હાથમાં છે. અર્થાત્ આપણે આપણા ભવિષ્યને બનાવી શકીયે છીએ. તેથી આપણે આપણો પૂર્ણ પુરુષાર્થ પ્રતિક્રિયામાં (Reactionમાં) લગાવવાને બદલે પોતાનું ભવિષ્ય સુધારવાની પ્રક્રિયામાં (Actionમાં) જ લગાવવો જોઈએ.
- ❒ દરેકને તમામ સંયોગો કર્મ (પુણ્ય/પાપ) અનુસાર જ મળવાના છે અને કર્મ (પુણ્ય/પાપ) અનુસાર જ ટકવાના છે, તો હરખ કે શોક શા માટે ?
- ❒ કોઈ પણ આપણને દુઃખ દે છે, તેના માટે દોષ આપણા પૂર્વ પાપકર્મોનો છે અર્થાત્ આપણા પૂર્વના દુષ્કૃત્યોનો જ દોષ છે. તે દુષ્કૃત્યો માટે મનમાં માફી માગવી.
- ❒ બીજાને દોષિત ન જોવા, તે માત્ર નિમિત્તરૂપ જ છે.
- ❒ બીજાઓને આપણા પૂર્વ પાપકર્મોથી છોડાવવાવાળા સમજીને ઉપકારી માનવા અને મનમાં તેમને ધન્યવાદ આપવો, જેનાથી તેમના પર ગુસ્સો નહીં આવે (થાય).
- ❒ જો કોઈ આપણા ઘરનો કચરો સાફ કરી આપે, તો આપણે તેને જરૂર ઉપકારી માનીયે છીએ. એવી જ રીતે જ્યારે કોઈ આપણા આત્માનો કચરો (કર્મ) સાફ કરી આપે છે, ત્યારે તેને પણ ઉપકારી માનવો આવશ્યક છે.
- ❒ આવી રીતે ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !) કરીને આત્માનો ફાયદો કરતા રહેવાનો છે. તેથી પોતે જ્યાં પણ હશે ત્યાં તેને કોઈ માટે ફરિયાદ નહીં રહે. (No Complain Zone)
- ❒ No Complain Zone એટલે મારે કોઈ ફરિયાદ નથી કરવાની. કારણ કે વર્તમાનમાં મારી સાથે જે પણ થઈ રહ્યું છે તે મારા જ ભૂતકાળના કર્મોનું ફળ છે. તેથી જો મારે કોઈની પણ સામે ફરિયાદ કરવી હોય તો તે હું પોતે જ છું, બીજું કોઈ નહીં. તો હું કોને અને કેમ ફરિયાદ કરું ?
- ❒ લોકમાં સર્વ જીવ વિશેના પોતાના ભાવો મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ - આ ચાર પ્રકારમાં જ વર્ગીકૃત થવા જોઈએ; અન્યથા તે પોતાને જ બંધનનું કારણ બનશે.
- ❒ આપણી સૌથી મોટી ભૂલ એ છે કે આપણે હંમેશા બીજાને જ બદલીને પોતાને અનુકૂળ બનાવવામાં લાગેલા રહીયે છીએ, જેમાં સફળતા મળવી અત્યંત કઠિન (મુશ્કેલ) છે.

- પોતાને બદલવાનું સૌથી સરળ હોવા છતાં, તેને માટે આપણે ક્યારેય પ્રયાસ પણ કરતા નથી. પોતાને ધર્મને અનુકૂળ બદલવા એ સમ્યગ્દર્શનની યોગ્યતા (પાત્રતા) પ્રાપ્ત કરવા માટે અનિવાર્ય છે.
- અનાદિથી આપણે જગત ઉપર આપણો હુકમ ચલાવવા જ ઇચ્છ્યું છે, જગતને પોતાને અનુકૂળ પરિવર્તિત કરવા જ ઇચ્છ્યું છે. સર્વજનો મારા અભિપ્રાય પ્રમાણે ચાલે અને હું કહું એમ બદલાય-આ જ ઇચ્છ્યું છે. પરંતુ આપણે ક્યારેય પોતાને ભગવાનના કહ્યા (આજ્ઞા) અનુસાર પરિણમાવવા નથી વિચાર્યું. પરંતુ આપણે અનાદિથી આપણી મતિ અનુસાર જ પરિણમ્યા છીએ. આ જ સ્વચ્છંદતા છે.
- અનાદિથી આપણે પ્રશંસાપ્રિય છીએ. જો કોઈ આપણી નિંદા કરે તો આપણને તકલીફ થાય છે. પરંતુ આપણે એ સમજવાનું છે કે નિંદા-પ્રશંસા, સુખ-દુઃખ, રતિ-અરતિ, અમીરી-ગરીબી વગેરે બધા જ સંયોગો કર્મોને આધીન હોય છે. આપણી ઇચ્છાથી કે અનિચ્છાથી તેમાં કોઈ ફરક પડવાનો નથી, પરંતુ આપણે તેનાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના શિકાર અવશ્ય બનીશું.
- અનાદિથી આપણને સત્ય ધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ બની રહેલ છે. જ્યારે પણ આપણને સત્ય ધર્મની પ્રાપ્તિ થઈ છે ત્યારે પણ આપણે તેને ઓળખી શક્યા નથી. અને જો ઓળખ્યો પણ હોય તો આપણે તેના પર શ્રદ્ધા કરી શક્યા નથી.
- અનાદિથી આપણે સત્ય ધર્મના નામે કોઈ ને કોઈ સંપ્રદાય, પક્ષ, આગ્રહ કે કોઈ વ્યક્તિ પ્રત્યેના રાગમાં જ ફસાઈને રહ્યા છીએ. તેને જ સત્ય ધર્મ માનીને પોતાનો અનંત કાળ ગુમાવ્યો છે અને અનંત દુઃખો સહન કર્યા છે.
- સત્ય ધર્મ પામવા માટે 'સાચું એ જ મારું' અને 'સારું એ જ મારું' આ ભાવ ભાવવો આવશ્યક છે.
- સત્ય ધર્મ પામવા માટે જીવ સત્યનો સ્વીકાર કરવા તત્પર હોવો જોઈએ (Ready to Accept) અને તેના અનુસારે જીવ પોતાને બદલવા માટે પણ તત્પર હોવો જોઈએ (Ready to Change), નહીં તો તે સત્ય ધર્મ પામી શકતો નથી.
- સત્ય ધર્મ જ્ઞાનીના અંતરમાં વસે છે. તેને બહાર શોધવાથી મળવાનો નથી. સત્ય ધર્મ પ્રાયઃ જ્ઞાનીના સાંનિધ્યમાં જ મળશે. કારણ કે જ્ઞાની જ જીવને આત્માની ઓળખ સરળતાથી કરાવી

શકે છે. તેથી સત્ય ધર્મને બહારના કોઈ ક્રિયાકાંડ અથવા વ્રત વગેરેમાં ન માનીને, તેને પૂર્વે કહ્યા અનુસાર પોતાના જ અંતરમાં ખોજવાનો છે. અર્થાત્ પોતાના જ અંતરમાં પ્રગટ કરવાનો છે.

- જે મોક્ષમાર્ગ જાણે છે, તે જ તેને બતાવી શકે છે. કારણ કે મોક્ષમાર્ગ સંસારમાં ડૂબેલા જીવોને માટે અતિ ગહન અને અગમ્ય છે, પરંતુ સત્પુરુષના (જ્ઞાનીના) માધ્યમથી સુલભ છે.
- સત્ય ધર્મની યોગ્યતા પ્રાપ્ત કરવા માટે :નીતિ-ન્યાયપૂર્વક અર્થોપાર્જન, પ્રાપ્તમાં સંતોષ, ઓછામાં ઓછો સમય અર્થોપાર્જનમાં આપવો, વધુમાં વધુ સમય સ્વાધ્યાય-મનન-ચિંતન વગેરેમાં લગાવવો, સાત્ત્વિક ભોજન, કંદમૂળ-અનંતકાયનો ત્યાગ, જીવદયાનું પાલન, રાત્રિભોજનનો ત્યાગ, અભક્ષ્યનો ત્યાગ, શરીરની ઓછામાં ઓછી સજાવટ, સાદું જીવન, સુખશીલતાનો ત્યાગ, વધુ પડતા ક્રોધ-માન-માયા-લોભનો ત્યાગ, જૂના પાપોનું પ્રાયશ્ચિત્ત, બાર ભાવનાનું ચિંતન, તમામ જીવો પ્રત્યે ચાર ભાવના, પંચ પરમેષ્ઠી ભગવંતોના ગુણોનો અહોભાવ, સર્વ જીવો પ્રત્યે ગુણદૃષ્ટિ વગેરે આવશ્યક છે.
- સત્ય ધર્મ એટલો સામર્થ્યવાળો છે કે તેની સાચી શ્રદ્ધા થવા માત્રથી જ, તે જીવમાં આપોઆપ સત્ય ધર્મને અનુકૂળ બદલાવ આવવા લાગે છે.
- પોતાને સત્ય ધર્મ અનુકૂળ બદલવાથી, પોતાના સત્તામાં રહેલા કર્મો ઉપર અનેક પ્રક્રિયાઓ થવાની શરૂઆત થઈ જાય છે. જેમ કે પાપપ્રકૃતિનું પુણ્યપ્રકૃતિમાં સંક્રમણ, પુણ્યનું ઉદ્વર્તન, પાપનું અપવર્તન વગેરે. તેથી ઘણી વાતોમાં શૂળીનો ઘા (ફાંસીની સજા) સોયથી સરી જાય છે.
- આવી રીતે ફાંસીની સજા સોયમાં બદલાઈ જતી હોવા છતાં આપણને તેનું જ્ઞાન ન હોવાથી, લોકો ક્યારેક એવું પણ વિચારે છે કે ‘જુઓ, આ ધર્મી જીવ હોવા છતાં કેટલો દુઃખી છે ?’ પરંતુ તેઓને ખબર નથી કે સાચો ધર્મી જીવ હવે હલકી ગતિઓમાં જવાનો જ ન હોવાથી, તે ગતિને લાયક પાપકર્મોનું સંક્રમણ થઈને અત્યારે ઉદયમાં આવ્યા છે. તે કારણે લોકોને ક્યારેક લાગે છે કે ‘આ ધર્મી જીવ હોવા છતાં કેટલો દુઃખી છે !’
- આવા દુઃખના સંયોગોમાં જીવ જો ઉપર કહ્યા પ્રમાણે ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you! Welcome !)નો ભાવ લાવવાનો પુરુષાર્થ કરે છે, તો તે જીવ દુઃખમાં પણ સુખી રહી શકે છે. લોકોને લાગશે કે આ જીવ ઘણો દુઃખી છે. પરંતુ હકીકતમાં તે જીવ ‘ધન્યવાદ ! સુસ્વાગતમ્!’ (Thank you! Welcome !)નો ભાવ અને ‘મારી સાથે જે પણ થાય છે તે સારા માટે જ થાય

છે' આ સમીકરણના માધ્યમથી સમાધાની અને સમભાવી બનીને શાંત અને પ્રસન્ન રહેતો હશે.

❐ આપણે અનાદિથી આજ સુધી અનંતી વાર દીક્ષા ગ્રહણ કરી, અનંતી વાર વ્રત-તપ વગેરે કર્યા, અનંતી વાર ધ્યાન વગેરે કર્યા, અનંતી વાર 'હું આત્મા છું અથવા હું શુદ્ધાત્મા છું અથવા અહમ્ બ્રહ્માસ્મિ અથવા તત્ત્વમસિ અથવા સોહમ્' વગેરે જાપ કર્યા કે ગોખ્યું. પરંતુ સત્યની પ્રાપ્તિ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ. કારણ કે જ્યાં સુધી આત્મા યોગ્યતાની પ્રાપ્તિ કરતો નથી ત્યાં સુધી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અતિદુર્લભ છે. અર્થાત્ પહેલા આપણે પોતાના આત્માને મોહના તાવથી બચાવવાનો છે. તેથી જ ભગવાને કહ્યું છે કે ઘણી વાર અનેક જીવો નવ પૂર્વના પાઠી (અભ્યાસુ) થયા છતાં સમ્યગ્દર્શન પામી શક્યા નથી. તે મોહના તાવને માપવા માટે એક માપદંડ છે આ પ્રશ્ન : 'આપણને શું ગમે છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં જ્યાં સુધી સાંસારિક વસ્તુ કે સંબંધ કે ઇચ્છા કે આકાંક્ષા છે ત્યાં સુધી આપણે સમજવાનું છે કે આપણને મોહનો તાવ બહુ તેજ છે અને તે તાવનો ઉપર કહ્યા મુજબ ઇલાજ કરવો અતિ આવશ્યક છે.

❐ આપણે અનાદિથી આજ સુધી અનંતી વાર દીક્ષા ગ્રહણ કરી, અનંતી વાર વ્રત-તપ વગેરે કર્યા, અનંતી વાર ધ્યાન વગેરે કર્યા, અનંતી વાર 'હું આત્મા છું અથવા હું શુદ્ધાત્મા છું અથવા અહમ્ બ્રહ્માસ્મિ અથવા સોહમ્ અથવા તત્ત્વમસિ' વગેરે જાપ કર્યા કે ગોખ્યું. પરંતુ સત્યની પ્રાપ્તિ અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ. કારણ કે આ તમામ હઠયોગ કહેવાય છે અને સત્ય ધર્મ ઉપર કહ્યા મુજબના ઉપચારથી (રાજયોગથી-સહજયોગથી), સહજ જ પ્રાપ્ત થાય છે, નહીં કે હઠયોગથી.

❐ આપણે અનાદિથી ધર્મને બહાર જ શોધ્યો છે. પરંતુ આત્માનો ધર્મ, આત્માથી બહાર કેવી રીતે હોઈ શકે ? બહારથી આપણને એકમાત્ર દિશાનિર્દેશ જ મળી શકે છે. પરંતુ તે સમ્યક્ દિશાનિર્દેશ પ્રાપ્ત કરવા માટે આપણી પાસે ખુલ્લું દિમાગ, શાસ્ત્રોનો ગહન/ઊંડો અભ્યાસ, શાસ્ત્રોથી માત્ર પોતાના આત્મકલ્યાણ માટેની કાર્યકારી વાતો (મને મારા આત્માના નિર્ણય અને આત્માની અનુભૂતિ માટે આવશ્યક છે, તે વાતો) જ ગ્રહણ કરવાનો ભાવ રાખવો જોઈએ. પરંતુ વિવાદાસ્પદ વાતો ગ્રહણ ન કરવી જોઈએ. અર્થાત્ જેનો ઉત્તર માત્ર કેવળી ભગવાન જ આપી શકતા હોય તેવી વિવાદાસ્પદ વાતો ગ્રહણ ન કરીને, તેવી વાતો માટે મધ્યસ્થભાવ ભાવવો અને 'કેવળી ભગવાને જેવું જોયું હશે તેવું મને માન્ય છે' એવો ભાવ રાખવો. 'સાચું તે જ મારું અને સારું તે જ મારું' એવો ભાવ, સત્યને સ્વીકારવાની તત્પરતા (Ready to Accept), તેના અનુસાર જીવની પોતાને બદલવાની તત્પરતા (Ready to Change) વગેરે

હોવું પરમ આવશ્યક છે.

❒ જેમણે આત્માનો અનુભવ કર્યો છે એવા સત્પુરુષનો યોગ અને તેમના પ્રત્યે આપણો સર્વભાવે સમર્પણભાવ આવશ્યક છે. કારણ કે તેમના પ્રત્યે આપણા સર્વભાવે સમર્પણભાવથી, તેમનો આપેલો ઉપદેશ આપણા જીવનમાં ત્વરાથી પરિણમે છે, અર્થાત્ આપણા જીવનમાં ધર્મને અનુકૂળ બદલાવ ત્વરાથી આવે છે.

❒ મારી સાથે ક્યારેય અન્યાય થતો જ નથી. મારી સાથે જે પણ બને છે તે, નિશ્ચયથી મારા કર્મનું જ ફળ છે. તો પછી અન્યાયની વાત જ રહેતી નથી. ઊલટાનું મારી સાથે જે પણ થાય છે, તે જ મારા માટે ન્યાયસંગત છે. પરંતુ આ તર્કથી મને બીજાની સાથે અન્યાય કરવાનો પરવાનો મળતો નથી. આ સમજવું અત્યંત આવશ્યક છે.

❒ આત્મપ્રાપ્તિના લક્ષ્ય સાથે ઉપર કહ્યા પ્રમાણે વૈરાગ્ય અને ઉપશમ કરવો અત્યંત આવશ્યક છે.

❒ સત્પુરુષ, સત્સંગ અને સત્શાસ્ત્રનું અધ્યયન વગેરે સત્ય ધર્મ પામવા માટે માર્ગદર્શકનું કામ કરે છે.

❒ સર્વ સંયોગ અનિત્ય છે. કોઈ પણ સંયોગ આપણી સાથે નિત્ય (=કાયમ) રહેવાવાળો નથી. તેથી સંયોગોમાં 'હુંપણું' અને 'મારાપણું' ત્યાગવું અત્યંત આવશ્યક છે.

❒ વૈરાગ્ય એટલે આપણા મનમાં વસેલા સંસારનો નાશ કરવો. બહારનો સંસાર આપણને એટલો નડતરરૂપ નથી થતો જેટલો નડતરરૂપ આપણને આપણા મનનો સંસાર થાય છે. તેથી સૌથી પહેલા આપણે આપણા મનમાં રહેલા સંસારનો નાશ બાર અને ચાર ભાવનાથી (અનુપ્રેક્ષાથી) કરવાનો છે. પછી બહારના સંસારનો નાશ ક્રમશઃ અવશ્ય થશે.

❒ મનમાં વસેલા સંસારનું કારણ દર્શનમોહનીય કર્મ છે અને બહારના સંસારનું કારણ ચારિત્રમોહનીય કર્મ છે. પહેલાં દર્શનમોહનીય કર્મ જાય છે, ત્યારે સમ્યગ્દર્શન (ચોથું ગુણસ્થાનક) પ્રાપ્ત થાય છે. પછી ચારિત્રમોહનીય કર્મ ક્રમશઃ જાય છે, ત્યારે પંચમાદિ ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે. અર્થાત્ બહારના સંસારનો નાશ ક્રમશઃ થાય છે.

❒ સંસારના સર્વ સંબંધો સ્વાર્થ આધારિત હોવાથી અને તે ક્ષણિક પણ હોવાથી, તેમાં આસક્તિ કરવા જેવી નથી. પરંતુ આપણું જે પણ કર્તવ્ય હોય તે પૂરી નિષ્ઠાથી નિભાવવું. તેમાં કાંઈ પણ

કચાશ રાખવાની નથી.

- ❒ શરીર અશુચિઓથી ભરેલું છે. તેને કેટલી પણ વાર સ્નાન કરાવવા છતાં ત્વરાથી અશુદ્ધ થાય છે. અને શરીરમાં કરોડો રોગો ભરેલા છે. તે ક્યારે ઉદયમાં આવી જશે ? તે પણ ખબર નથી. ધોયેલા કપડાને એક વાર પણ શરીર પર ધારણ કરતા જ, તે કપડા અશુદ્ધિયુક્ત થઈ જાય છે. આવા શરીરનો મોહ કરવા જેવો નથી. પરંતુ ઉપયોગ કરવા જેવો છે.
- ❒ સંસાર આધિ-વ્યાધિ-ઉપાધિથી ભરેલો છે. સંસારમાં ક્યાંય પણ સુખ ન હોવા છતાં સુખ ભાસે છે. તે સુખાભાસ માત્ર છે અને તે ક્ષણિક પણ છે. પરંતુ તે સાચું સુખ નથી. જ્યાં સુધી મોહ મંદ થતો નથી ત્યાં સુધી આ વાત સમજમાં આવતી નથી. તેથી જેને સંસારમાં સુખ ભાસે છે તેમણે ઉપર કહ્યા મુજબના ઉપાયોથી મોહ મંદ કરવો અતિ આવશ્યક છે.
- ❒ મનુષ્યભવ અતિ દુર્લભ છે. તેમાં પણ પૂર્ણ ઇન્દ્રિયો, લાંબું આયુષ્ય, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, સત્ય ધર્મ, શ્રદ્ધા વગેરે એક એકથી અતિ દુર્લભ છે. તેને પામ્યા પછી પણ જો તેનો આપણે ઉચિત ઉપયોગ કરી ન શકીયે, તો આપણને અંતતોગત્વા (=પરંપરાએ) એકેન્દ્રિયમાં જવાથી કોઈ બચાવી નહીં શકે. પછી એકેન્દ્રિયમાંથી નીકળવું ચિંતામણિરત્નની પ્રાપ્તિથી પણ અધિક દુર્લભ બતાવવામાં આવ્યું છે.
- ❒ Daily Progress એટલે કે દૈનિક પ્રગતિ : જો આપણે દરરોજ આંતરિક-આધ્યાત્મિક પ્રગતિ કરી ન શકીયે તો આપણું આધ્યાત્મિક પતન નિશ્ચિત જ છે. કારણ કે આપણા ભાવ સ્થિર રહેતા નથી. જો તે વૃદ્ધિગત (ચડતા) ન થાય તો અવશ્ય ઊતરતા (પડતા) થશે.
- ❒ અનંત સંસારમાં જીવના ડૂબવાના પ્રાયઃ નિમ્ન સ્થાનો છે : વિષય-કષાય, આરંભ-સમારંભ, અહમ્-મમ (હું-મારું), કર્તૃત્વપણું, નિમિત્તાધીનતા, ઈર્ષ્યા-નિંદા-દંભ વગેરે, શરીર-ધન-કામભોગ વગેરે, આર્તધ્યાન-રૌદ્રધ્યાન, પ્રાપ્તમાં આસક્તિ-અપ્રાપ્તની ઝંખના, તત્ત્વનો વિપરીત નિર્ણય વગેરે. તેથી આ તમામથી બચવાનો પુરુષાર્થ કરવો આવશ્યક છે.
- ❒ જીવની પાસે અનંત કાળ રહેવાના માત્ર બે જ સ્થાનો છે - એક, નિગોદ અને બીજું, નિર્વાણ. અર્થાત્ દરેક જીવ પાસે બે જ વિકલ્પ છે. જો તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને સિદ્ધત્વનું આરક્ષણ (booking) નથી કરાવી લેતો તો નિયમથી તે બીજા વિકલ્પરૂપે કાળક્રમે નિગોદ પ્રાપ્ત કરે છે. નિગોદ By Default =વગર કોઈ પ્રયત્ને આપોઆપ જ મળે છે. પરંતુ સિદ્ધત્વની પ્રાપ્તિ માટે પૂર્વે જણાવેલ પ્રયત્નો =આત્માનો પુરુષાર્થ કરવો આવશ્યક છે. હવે નક્કી આપે કરવાનું છે કે

આપને શું જોઈએ છે ?

- ❒ આ મનુષ્યભવની દરેક પળ (સમય) અત્યંત અમૂલ્ય (અતિ કિંમતી) છે. કારણ કે એક સમય વીતી ગયા પછી ફરીથી, ગમે તેટલી કિંમત ચૂકવવા છતાં તે પ્રાપ્ત થતો નથી. અર્થાત્ આપણે દરેક સમયનો ઉપયોગ વિવેકપૂર્ણ રીતે કરવાનો છે અને એક પણ સમય વ્યર્થ (નકામો) ગુમાવવાનો નથી.
- ❒ હું દેહરૂપ નથી પરંતુ દેહદેવળમાં બિરાજમાન એવો ભગવાન આત્મા છું. હું જ પાંચેય ઇન્દ્રિયોના માધ્યમથી જાણવા-જોવાવાળો એકમાત્ર જ્ઞાયક છું. તેથી જ્યાં સુધી હું હાજર છું ત્યાં સુધી જ આ ઇન્દ્રિયો જાણે-દેખે છે. જેવો હું આ શરીરમાંથી નીકળી ગયો (અર્થાત્ મૃત્યુ પામ્યો) પછી આ ઇન્દ્રિયો નકામી થઈ જાય છે. આત્મા વગર ઇન્દ્રિયો કાંઈ પણ જાણી-દેખી શકતી નથી. વસ્તુતઃ આત્મા જ જાણે-દેખે છે, નહીં કે ઇન્દ્રિયો. એટલે જ આત્માને જ્ઞાયક સંજ્ઞા પ્રાપ્ત થઇ છે. અર્થાત્ આત્માનું જ્ઞાયક એવું નામ પડ્યું છે.
- ❒ હું (આત્મા) સત્-ચિત્-આનંદસ્વરૂપ છું. સત્ એટલે અસ્તિત્વ, અર્થાત્ મારું અસ્તિત્વ ત્રિકાળ છે. ચિત્ એટલે જાણવું-જોવું, અર્થાત્ મારું કાર્ય ત્રિકાળ જાણવા જોવાનું છે. આનંદ અર્થાત્ અનંત અવ્યાબાધ અતીન્દ્રિય સુખ. અર્થાત્ મારો સ્વભાવ ત્રિકાળ આનંદમય છે. આવા વૈભવવાન હોવા છતાં અનેક જીવો સુખાભાસની પાછળ પાગલ થયેલા જણાય છે, સુખાભાસની ભીખ માગતા પણ જણાય છે. આ જ અત્યંત કરુણાજનક કથા છે.
- ❒ સાચું સુખ તેને કહેવાય કે જે સ્વાધીન હોય, શાશ્વત હોય, ક્યારેય તેનાથી ઊબગી ન જવાય, જે દુઃખમિશ્રિત ન હોય, જે દુઃખપૂર્વક ન હોય અને દુઃખજનક પણ ન હોય. આત્મા આવો સુખમય છે. બીજા જે પણ સુખ લાગે છે કે દેખાય છે તે બધા સુખાભાસ માત્ર છે. કારણ કે તે ક્ષણિક છે, પરાધીન છે, દુઃખપૂર્વક (=દુઃખજન્ય) છે અને દુઃખજનક પણ છે.
- ❒ ધર્મ ૨૪ X ૭ નો હોય. અર્થાત્ ચોવીસ કલાક અને અઠવાડિયાના સાતેય દિવસ ચાલે તેવો ધર્મ હોય. ચાર ભાવના, બાર ભાવના, બીજા યોગ્યતાના બોલ અને ધન્યવાદ ! સુસ્વાગતમ્! (Thank you ! Welcome !)નો ભાવ વગેરે ૨૪ x ૭ સાચવી રાખવાના/ભાવવાના છે. કારણ કે આપણો કર્મબંધ ૨૪ x ૭ થતો જ રહે છે. તેથી એનાથી બચવા માટેનો ધર્મ પણ ૨૪ x ૭ થાય તેવો હોવો જોઈએ; નહીં કે એક વાર પ્રક્ષાલ, પૂજા, પ્રવચન, સામાયિક, નિત્યક્રમ, સ્વાધ્યાય, ધ્યાન કે પ્રતિક્રમણ વગેરે કરી લેવાથી આપણું કામ પતી જાય છે.

- ❐ દર કલાકે કે બે કલાકે પોતાના મનના પરિણામ ચકાસતા રહેવાના છે. પરિણામને ઉન્નત કરતા રહેવા અને લાગેલા પાપોનું પ્રાયશ્ચિત્ત, નિંદા, ગર્હા વગેરે કરતા રહેવું. ફરીથી એવા પરિણામ ન થાય તેનો ખ્યાલ રાખવો, તેની ચીવટ રાખવી.
- ❐ જ્યારે પણ સમય મળે ત્યારે નમસ્કાર મંત્રનું (સૂત્રનું) સ્મરણ કરતા રહેવું. અને 'આપણે પણ ભગવાન બનવાનું છે' તે વાતનું સ્મરણ રાખવું/કરવું.
- ❐ નિરંતર સત્સંગ ઇચ્છવો, અંતર્મુખી રહેવું અને પોતાના દોષો જોતા રહેવા અને તે દોષોને કાઢી નાખવાનો (Delete કરવાનો) પુરુષાર્થ કરતા રહેવું વગેરે એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષ્યપૂર્વક કરવું આવશ્યક છે. વિદ્વત્જનોને પણ મોહનો પરાભવ કરવો મહાદુષ્કર હોય છે. કારણ કે કોરી (યોગ્યતા વગરની) વિદ્વત્તા મોહને પરાભૂત કરવા માટે કાર્યકારી (સક્ષમ) નથી હોતી.
- ❐ મોહને પરાભૂત કરવા માટે જેટલો વૈરાગ્ય અને ઉપર કહ્યા પ્રમાણેની અન્ય યોગ્યતાઓ આવશ્યક છે તેટલી વિદ્વત્તાની આવશ્યકતા (જરૂરિયાત) નથી. ઊલટું ક્યારેક વિદ્વત્તા કષાયને (ક્રોધ-માન-માયા-લોભને) જન્મ આપવાવાળી અથવા તેને વધારવાવાળી બની જાય છે. તેથી સાધકે સદૈવ સાવધાન રહેવું આવશ્યક છે.

# ૨૫
# શુભોપયોગ નિર્જરાનું કારણ નથી

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા :-**

ગાથા ૭૬૨ : અન્વયાર્થ :- ''બુદ્ધિની મંદતાથી આવી પણ આશંકા ન કરવી કે શુભોપયોગ, એક દેશથી પણ નિર્જરાનું કારણ થાય છે. કારણ કે શુભ ઉપયોગ, અશુભને લાવનાર હોવાથી (અર્થાત્ જેઓ શુભ ઉપયોગમાં ધર્મ સમજે છે અને શુભ ઉપયોગથી પણ નિર્જરા માને છે તેવા જીવોનો એક વર્ગ જૈનસમાજમાં છે. તેઓને અત્ર સમજાવેલ છે કે સ્વાત્માનુભૂતિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન વિનાનો શુભ ઉપયોગ નિયમથી આત્મામાં અલ્પ શુભની સાથે સાથે મોહનીયાદિ ઘાતી કર્મોનો આસ્રવ પણ કરાવે છે અને તે મોહનીયાદિ ઘાતી કર્મો નિયમથી જીવને દુઃખના કરનારા છે, અર્થાત્ અશુભને લાવનારા છે. અર્થાત્ શુભ ઉપયોગ જીવને સંસારથી મુક્ત કરાવતો નથી - એમ સમજાવવું છે. પરંતુ અત્ર શુભ ઉપયોગનો નિષેધ ન સમજવો. નહિ તો લોકો સ્વચ્છંદે અશુભ જ આચરશે. અત્ર ઉદ્દેશ શુભ છોડાવી, અશુભમાં લઈ જવાનો નથી; પરંતુ 'નિર્જરા માત્ર શુદ્ધ ઉપયોગથી જ થાય છે' તેમ જણાવવું છે. સ્વાત્માનુભૂતિ પ્રાપ્ત કરવા જણાવેલ છે. તેથી જણાવેલ છે કે શુભ ઉપયોગ) તે નિર્જરાનો હેતુ થઈ શકતો નથી. તથા ન તો (આત્મપ્રાપ્તિના લક્ષ રહિત) તે શુભ પણ કહી શકાય છે.''

એટલા માટે શુભ ઉપયોગથી નિર્જરા ન સમજવી અને આ ગાથાથી શુભનો નિષેધ પણ ન સમજવો. અર્થાત્ શુભ ઉપયોગ તે શુદ્ધ ઉપયોગનું (નિર્જરાનું) કારણ નથી, પરંતુ તે શુભ ઉપયોગ શુભ ભાવોનું (અર્થાત્ વીતરાગ દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રના સંયોગનું) કારણ અવશ્ય છે. તેથી એકમાત્ર આત્માના લક્ષે અર્થાત્ આત્માની પ્રાપ્તિ અર્થે (સમ્યગ્દર્શન માટે) જે યોગ્યતારૂપ શુભ ઉપયોગ છે તે અપેક્ષાએ આચરવા યોગ્ય છે. કારણ કે જીવને અશુભ ઉપયોગમાં રહેવાનો ઉપદેશ તો કોઈ જ શાસ્ત્ર આપતા નથી. તેથી કરીને પુણ્ય(શુભ)ને હેય સમજીને સ્વચ્છંદે કોઈ અશુભ ઉપયોગ રૂપે પરિણમતો હોય, તો તે પોતાના અનંત સંસારને વધારવાનો જ ઉપાય આચરી રહેલ છે, એમ સમજવું.

અત્ર શુભ ઉપયોગને નિર્જરાનું કારણ માનેલ નથી. કારણ કે ગુણશ્રેણી નિર્જરાનું એકમાત્ર કારણ શુદ્ધોપયોગ જ છે. તે અપેક્ષાએ શુભ ઉપયોગ (પુણ્ય) હેય છે. પરંતુ કોઈ સ્વચ્છંદે અન્યથા

સમજીને જો પુણ્યને હેય કહી પાપરૂપે પરિણમે, તો એવો તો કોઈ પણ આચાર્ય ભગવંતોનો ઉપદેશ જ નથી અને એવી અપેક્ષા પણ નથી. **રત્નકરંડક શ્રાવકાચાર** શ્લોક ૧૪૮માં પણ જણાવેલ છે કે ''પાપ જીવનો શત્રુ છે અને ધર્મ જીવનો મિત્ર છે -એમ નિશ્ચય કરતો થકો શ્રાવક જો શાસ્ત્રને જાણે છે, તો તે નિશ્ચયથી શ્રેષ્ઠ જ્ઞાતા અથવા કલ્યાણનો જ્ઞાતા થાય છે.'' અને **આત્માનુશાસન** ગાથા ૮ માં પણ જણાવેલ છે કે ''પાપથી દુઃખ અને ધર્મથી સુખ -એ વાત લૌકિકમાં પણ જગત્ પ્રસિદ્ધ છે અને સર્વ સમજુ મનુષ્યો પણ એમ જ માને છે. તો જેઓ સુખના અર્થી હોય તેમણે પાપ છોડી નિરંતર ધર્મ અંગીકાર કરવો.''

તેથી નિયમથી એકમાત્ર આત્મલક્ષે શુભમાં જ રહેવું યોગ્ય છે એવો અમારો અભિપ્રાય છે. જેમ કે **ઇષ્ટોપદેશ** ગાથા ૩માં કહ્યું છે કે :- ''વ્રતો દ્વારા દેવપદ પ્રાપ્ત કરવું સારું છે, પણ અરે ! અવ્રતો દ્વારા નરક-પદ પ્રાપ્ત કરવું સારું નથી. જેમ છાયા અને તાપમાં બેસી રાહ જોનારા બંને(પુરુષો)માં મોટો તફાવત છે, તેમ વ્રત અને અવ્રતનું આચરણ કરનાર બંને પુરુષોમાં મોટો તફાવત છે.''

આગળ **આત્માનુશાસન** ગાથા ૨૩૯ની ટીકામાં પણ પંડિત શ્રી ટોડરમલજીએ જણાવેલ છે કે ''નિશ્ચયદષ્ટિએ જોતા એક શુદ્ધોપયોગ જ ઉપાદેય છે. શુભાશુભ સર્વ વિકલ્પો ત્યાજ્ય છે. તથાપિ તેવી તથારૂપ દશાસંપન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જ દશાની (શુદ્ધોપયોગરૂપ દશાની) પ્રાપ્તિના લક્ષપૂર્વક પ્રશસ્ત યોગ (શુભ ઉપયોગ રૂપ) પ્રવૃત્તિ ઉપાદેય (=પ્રયોજનભૂત) છે. અર્થાત્ શુભ વચન, શુભ અંતઃકરણ અને શુભ કાયા-પરિસ્થિતિ આદરણીય છે - પ્રશંસનીય છે. પરંતુ મોક્ષમાર્ગનું સાક્ષાત્ કારણ નથી. તો પણ શુદ્ધોપયોગ પ્રત્યે વૃત્તિનો પ્રવાહ કોઈ અંશે લક્ષિત થયો છે, તેવા લક્ષવાન જીવને પરંપરાએ કારણરૂપ (=પ્રયોજનભૂત) થાય છે.'' અને **આત્માનુશાસન** ગાથા ૨૪૦માં પણ જણાવેલ છે કે ''પ્રથમ અશુભોપયોગ છૂટે તો તેના અભાવથી પાપ અને તજ્જનિત પ્રતિકૂળ વ્યાકુળતારૂપ દુઃખ સ્વયં દૂર થાય. અને અનુક્રમે શુભના પણ છૂટવાથી પુણ્ય, તથા તજ્જનિત અનુકૂળ વ્યાકુળતા - જેને સંસારપરિણામી જીવો સુખ કહે છે, તેનો પણ અભાવ થાય......'' કોઈ ગલગલિયા કરે તેવી અનુકૂળ વ્યાકુળતા એટલે પુણ્યોદયમાં આત્માની અસ્વસ્થતા જાણવી તથા કોઈ ચીટીયો ભરે તેવી પ્રતિકૂળ વ્યાકુળતા એટલે પાપોદયમાં આત્માની અસ્વસ્થતા જાણવી. માટે કોઈ સ્વચ્છંદે અશુભ ઉપયોગરૂપે ન પરિણમે એવો અમારો અનુરોધ છે. કારણ કે તેમ કરતા તો આપના ભાવના કે ભવના પણ ઠેકાણા નહીં રહે, જે વાત અત્યંત કરુણા ઉપજાવે તેવી છે.

## ૨૬
# સમ્યગ્દર્શન વિના દ્રવ્યચારિત્ર

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથા :-**

ગાથા ૭૬૯ : અન્વયાર્થઃ- ''તથા જે સમ્યગ્દર્શન વિના દ્રવ્યચારિત્ર તથા શ્રુતજ્ઞાન હોય છે, તે ન તો સમ્યક જ્ઞાન છે તથા ન સમ્યક્ ચારિત્ર છે. અગર છે તો તે જ્ઞાન તથા ચારિત્ર, માત્ર કર્મબંધને જ કરવાવાળા છે.''

અર્થાત્ અત્ર પ્રથમ જણાવ્યા અનુસાર કોઈ પોતાને દ્રવ્યચારિત્રથી જ અથવા ક્ષયોપશમ જ્ઞાનથી જ, 'અમે મોક્ષમાર્ગમાં જ છીએ' એમ સમજતા હોય અને એમ સમજાવતા હોય, તો તેઓને માટે આ ગાથા લાલ બત્તી સમાન છે. અર્થાત્ કોઈને પણ અભ્યાસરૂપ દ્રવ્યચારિત્ર લેવાનો કોઈ જ બાધ નથી, પરંતુ તેનાથી જો કોઈ પોતાને કૃતકૃત્ય સમજતા હોય અથવા સમજાવતા હોય અને પોતાને છઠ્ઠું અથવા સાતમું ગુણસ્થાનક માનતા હોય અથવા મનાવતા હોય અને શ્રાવક પોતાને પાંચમા ગુણસ્થાનકમાં સ્થિત સમજતા હોય અથવા સમજાવતા હોય તો તેઓને માટે આ ગાથા લાલ બત્તી સમાન છે. અર્થાત્ સાવધાન કરવા માટે છે. એટલે જો કોઈ આવું ન સમજતા, પોતાને માત્ર આત્મલક્ષે અર્થાત્ આત્મપ્રાપ્તિ અર્થે અભ્યાસરૂપ ચારિત્ર માનતા, સમજતા હોય અને તેના અર્થે જ શ્રુતજ્ઞાન આરાધતા હોય તો તેઓ કર્મબંધના કારણથી અંશે બચી શકે છે અને પૂર્વે જણાવ્યા અનુસાર પોતાનું કલ્યાણ પણ કરી શકે છે.

## ૨૭

# સ્વ-પર વિષયનો ઉપયોગ કરવાવાળો પણ આત્મજ્ઞાની હોય

**પંચાધ્યાયી ઉત્તરાર્ધની ગાથાઓ :-**

ગાથા ૮૪૫ : અન્વયાર્થઃ- ''તે ક્ષાયોપશમિક જ્ઞાનનું વિકલ્પપણું (અર્થાત્ પરપદાર્થને જાણવાપણું=ઉપયોગ) જ્ઞાનચેતનાનું બાધક કારણ થઈ શકતું નથી. (અર્થાત્ જો કોઈ એમ માનતા હોય કે 'જીવ પરને જાણે છે' એમ માનતા મિથ્યાત્વી થઈ જવાય છે. અથવા 'જીવ પરને જાણે છે' એમ માનતા સમ્યગ્દર્શનને બાધ થાય છે અર્થાત્ સમ્યગ્દર્શન થતું નથી, તો અત્ર સમજાવે છે કે જ્ઞાનનું પરને જાણવું તે સમ્યગ્દર્શન માટે બાધક કારણ નથી.) કારણ કે જે ગુણનો જે પર્યાય થાય છે તે કથંચિત્ તદ્રૂપ (તે ગુણરૂપ) જ થાય છે તેથી ક્ષાયોપશમિક જ્ઞાનનો વિકલ્પ જ્ઞાનચેતનારૂપ શુદ્ધ જ્ઞાનનો વેરી નથી.''

અર્થાત્ જ્યારે જ્ઞાન પરને જાણે છે ત્યારે તે જ્ઞાનગુણ પોતે જ તે આકારે થતો હોવા છતાં, તે પોતાનું સ્વતઃસિદ્ધ ધ્રુવરૂપ અર્થાત્ જ્ઞાનપણું છોડતો નથી. તેથી જ 'તે પરને જાણવારૂપ જ્ઞાનગુણનું પરિણમન જ્ઞાનસામાન્યરૂપ જ્ઞાનચેતનાનું (શુદ્ધ જ્ઞાનનું) વેરી નથી, બાધક નથી' -એમ સમજીને આવો ડર હોય તો જરૂર કાઢી નાંખવો આવશ્યક છે. આ જ વાત આગળ દૃઢ કરાવે છે.

ગાથા ૮૫૮ : અન્વયાર્થ :- ''જ્ઞાનોપયોગના સ્વભાવનો મહિમા જ કોઈ એવો છે કે તે (જ્ઞાનોપયોગ) પ્રદીપની માફક સ્વ તથા પર બન્નેના આકારનો એકસાથે પ્રકાશક છે.'' આ ગાથામાં જ્ઞાનનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ દર્શાવેલ છે અને તેને જ જ્ઞાનનો મહિમા પણ જણાવેલ છે.

ગાથા ૮૬૦ : અન્વયાર્થ :- ''જે સ્વાત્મોપયોગી જ છે તે જ નિશ્ચયથી ઉપયુક્ત છે - એવું નથી. (અર્થાત્ જે માત્ર સ્વઉપયોગી છે તે જ સમ્યગ્દષ્ટિ છે - એવું નથી.) તથા 'જે પરપદાર્થોપયોગી છે તે જ નિશ્ચયથી ઉપયુક્ત છે' એવું નથી. (અર્થાત્ જે માત્ર પરને જાણે છે તે જ સમ્યગ્દષ્ટિ છે - એવું પણ નથી.) પરંતુ ઉભય (બન્ને) વિષયને વિષય કરવાવાળો જ (જાણવાવાળો જ) ઉપયુક્ત

અર્થાત્ ઉપયોગ કરવાવાળો (સમ્યગ્દષ્ટિ) હોય છે - એવો નિયમ છે. એ પ્રમાણે ક્રિયાનો અધ્યાહાર કરવો જોઈએ.'' અર્થાત્ સમ્યક્જ્ઞાન સ્વ-પરના જ્ઞાન અને વિવેકસહિત જ હોય છે, અન્યથા નહિ.

ભાવાર્થ :- ''માત્ર સ્વ વિષયનો વા માત્ર પર વિષયનો જ ઉપયોગ કરવાવાળો કોઈ ઉપયોગવાળો હોય છે - એવું નથી. પરંતુ સ્વ-પર વિષયનો ઉપયોગ કરવાવાળો પણ આત્મજ્ઞાની હોય છે.''

તેથી 'જીવ પરને જાણે છે એમ માનતા મિથ્યાત્વી થઈ જવાય છે અથવા જીવ પરને જાણે છે એમ માનતા સમ્યગ્દર્શનને બાધ થાય છે અર્થાત્ સમ્યગ્દર્શન થતું નથી' આવો કોઈ ડર હોય તો છોડી દેવો. ઊલટું 'જ્ઞાન (આત્મા) પરને જાણે છે' એવું કહેવામાં/માનવામાં કોઈ જ બાધ નથી. કારણ કે તે જ જ્ઞાનની ઓળખાણ છે, અન્યથા તો તે જ્ઞાન જ નથી.

ગાથા ૮૭૭ : અન્વયાર્થ :- ''રાગાદિક ભાવોની સાથે બંધની વ્યાપ્તિ છે, પણ જ્ઞાનના વિકલ્પોની સાથે બંધની વ્યાપ્તિ નથી. (અર્થાત્ આત્મા પરને જાણે તો તેનાથી કોઈ જ બંધ નથી. માત્ર તે =આત્મા તેમાં રાગ-દ્વેષ કરે તેનાથી જ બંધ થાય છે. તેથી માત્ર પરનું જાણવું અથવા જણાવું તેમાં તેને કર્મબંધની વ્યાપ્તિ નથી. અર્થાત્ તેનાથી કોઈ જ બંધ નથી.) અર્થાત્ જ્ઞાનવિકલ્પોની સાથે આ બંધની અવ્યાપ્તિ જ છે. પરંતુ રાગાદિકોની સાથે જેવી બંધની વ્યાપ્તિ છે, તેવી જ્ઞાનવિકલ્પોની સાથે વ્યાપ્તિ નથી.''

આત્મા ખરેખર પોતાના જ્ઞાનમાં રચાતા આકારોને જ જાણે છે, પરને જાણતો નથી (આંખની કીકીની જેમ) - એવી જ્ઞાનની વ્યવસ્થા હોવા છતાં, અર્થાત્ આત્મા પર-સંબંધીના પોતાના જ્ઞેયાકારોને જ જાણે છે. અને તેવું પરનું જાણવું કોઈ જ રીતે સમ્યગ્દર્શનમાં બાધક નથી તથા તેવું પરનું જાણવું કોઈ જ રીતે બંધનું કારણ પણ નથી. ઊલટું, તે અપેક્ષાએ સ્વમાં જવાની સીડી જરૂર છે કે જે વાત પૂર્વે અમે વિસ્તારથી સમજાવેલ જ છે. કારણ કે સ્થૂળથી જ સૂક્ષ્મમાં જવાય અર્થાત્ પ્રગટથી જ અપ્રગટમાં જવાય અર્થાત્ વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય - એ જ નિયમ છે.

# ૨૮
# પ્રવચનસાર અનુસાર સમ્યગ્દર્શનનો વિષય

**ગા**થા ૩૩ : અમૃતચન્દ્રાચાર્ય કૃત ટીકા :- ''જેમ ભગવાન, યુગપદ્ પરિણમતા સમસ્ત ચૈતન્યવિશેષોવાળા કેવળજ્ઞાન વડે, અનાદિનિધન-નિષ્કારણ-અસાધારણ-સ્વસંવેદ્યમાન-ચૈતન્યસામાન્ય જેનો મહિમા છે તથા ચેતકસ્વભાવ વડે એકપણું હોવાથી જે કેવળ (-એકલો, નિર્ભેળ, શુદ્ધ, અખંડ) છે...''

આવો છે સમ્યગ્દર્શનનો વિષય અને તે ચૈતન્યસામાન્ય હોવાથી અર્થાત્ તેમાં સર્વ વિશેષભાવોનો અભાવ હોવાથી જ શુદ્ધાત્માને = દૃષ્ટિના વિષયને અલિંગગ્રાહ્ય કહ્યો છે. અર્થાત્ આ જ અપેક્ષાએ અલિંગગ્રહણના બોલ સમજવા જરૂરી છે, અન્યથા નહિ. અર્થાત્ એકાંતે નહિ. કારણ કે એકાંત તો અનંત પરાવર્તનનું કારણ થવા સક્ષમ છે.

ગાથા ૮૦ : ભાવાર્થ :- ''અર્હંત ભગવાન અને પોતાનો આત્મા નિશ્ચયથી સમાન છે. વળી, અર્હંત ભગવાન મોહ-રાગ-દ્વેષરહિત હોવાને લીધે તેમનું સ્વરૂપ અત્યંત સ્પષ્ટ છે. તેથી જો જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેમના (અર્હંત ભગવાનના) સ્વરૂપને મન વડે પ્રથમ સમજી લે, તો 'આ જે 'આત્મા' 'આત્મા' એવો એકરૂપ (કથંચિત્ સદૃશ) ત્રિકાળિક પ્રવાહ તે દ્રવ્ય છે, તેનું જે એકરૂપ રહેતું ચૈતન્યરૂપ વિશેષણ તે ગુણ છે અને તે પ્રવાહમાં જે ક્ષણવર્તી વ્યતિરેકો તે પર્યાય છે' એમ પોતાનો આત્મા પણ દ્રવ્ય-ગુણ-પર્યાયપણે તેને મન વડે ખ્યાલમાં આવે છે. એ રીતે ત્રિકાળિક નિજ આત્માને મન વડે ખ્યાલમાં લઈને, પછી - જેમ મોતીઓને અને ધોળાશને હારમાં જ અંતર્ગત કરીને કેવળ હારને જાણવામાં આવે છે તેમ - આત્મપર્યાયોને અને ચૈતન્યગુણને આત્મામાં જ અંતર્ગર્ભિત કરીને (સમ્યગ્દર્શનનો વિષય) કેવળ આત્માને જાણતા પરિણામી-પરિણામ-પરિણતિના ભેદનો વિકલ્પ નાશ પામતો જતો હોવાથી જીવ નિષ્ક્રિય ચિન્માત્ર ભાવને (શુદ્ધોપયોગને) પામે છે. તેથી મોહ (-દર્શનમોહ) નિરાશ્રય થયો થકો વિનાશ પામે છે.

જો આમ છે, તો મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે'' - એમ કહ્યું. અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું.

શ્લોક ૭ :- ''જેણે અન્ય દ્રવ્યથી ભિન્નતા (પ્રથમ ભેદજ્ઞાન) દ્વારા આત્માને એક બાજુ ખસેડયો છે (અર્થાત્ પરદ્રવ્યોથી અલગ દર્શાવ્યો છે) તથા જેણે સમસ્ત વિશેષોના સમૂહને સામાન્યની અંદર મગ્ન કર્યો છે (દ્વિતીય ભેદજ્ઞાન) (અર્થાત્ સમસ્ત પર્યાયોને દ્રવ્યની અંદર ડૂબી ગયેલા દર્શાવ્યા છે) એવો જે આ, ઉદ્ધત મોહની લક્ષ્મીને (-ઋદ્ધિને, શોભાને) લૂંટી લેનારો શુદ્ધનય (અર્થાત્ શુદ્ધોપયોગ અર્થાત્ સમ્યગ્દર્શન = સ્વાત્માનુભૂતિ), તેણે ઉત્કટ વિવેક વડે તત્ત્વને (આત્મસ્વરૂપને) વિવક્ત (પ્રગટ) કર્યું છે.'' અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે.

ગાથા ૨૪૦ : ટીકા :- ''જે પુરુષ અનેકાંતકેતન (-અનેકાંતયુક્ત) આગમજ્ઞાનના બળથી, સકળ પદાર્થોના જ્ઞેયાકારો સાથે મિલિત થતું વિશદ એક જ્ઞાન (જ્ઞેયાકારો અર્થાત્ જ્ઞાનાકારો કે જે જ્ઞાનના જ બનેલ હોવાથી તે આકારોને ગૌણ કરતા જ જ્ઞાનસામાન્યમાત્ર 'શુદ્ધાત્મા' કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તે જ પ્રાપ્ત થાય છે) જેનો આકાર છે એવા આત્માને ('શુદ્ધાત્મા'ને) શ્રદ્ધતો અને અનુભવતો થકો (અર્થાત્ શ્રદ્ધાનો અને અનુભવનો વિષય એક જ છે), આત્મામાં જ નિત્યનિશ્ચળ વૃત્તિને ઇચ્છતો થકો,...,'' જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો અત્ર સમ્યગ્દર્શન પ્રાપ્તિની વિધિ જણાવેલ છે.

# ૨૯
# નિયમસાર અનુસાર સમ્યગ્દર્શનનો વિષય

**હ**વે આપણે **શ્રી નિયમસાર શાસ્ત્ર** પદ્મપ્રભમલધારિદેવ કૃત ટીકાથી જાણીશું કે સમ્યગ્દર્શનનો વિષય શું છે ? અને સમ્યગ્દષ્ટિ શેનું વેદન કરે છે ? તે કયા ભાવોમાં રક્ત(=મગ્ન) હોય છે ? વગેરે.

શ્લોક ૨૨ :- ''સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવા શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને જાણીને (અર્થાત્ શુદ્ધ દ્રવ્યાર્થિક નયે કરી પોતાને શુદ્ધાત્મા તરીકે જાણીને), હું આ નિર્વિકલ્પ થાઉ.'' અર્થાત્ શુદ્ધ ચૈતન્યમય આત્મા તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. કારણ કે તેને ભાવતા જ જીવ (જો આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) નિર્વિકલ્પ થાય છે.

શ્લોક ૨૩ :- ''દૃશિ-જ્ઞપ્તિ-વૃત્તિસ્વરૂપ (દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપે પરિણમતું) એવું જે એક જ ચેતનસામાન્યરૂપ (અર્થાત્ શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયરૂપ માત્ર સામાન્યજીવ-શુદ્ધાત્મા-પરમ પારિણામિક ભાવ) નિજ આત્મતત્ત્વ, તે મોક્ષેચ્છુઓને (મોક્ષનો) પ્રસિદ્ધ માર્ગ છે. આ માર્ગ વિના મોક્ષ નથી.''

અર્થાત્ આ સામાન્ય જીવમાત્ર કે જેને સહજપરિણામી અથવા તો પરમ પારિણામિક ભાવરૂપ પણ કહેવાય છે તે જ દૃષ્ટિનો વિષય છે. અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે અને તેનાથી જ (જો આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) સમ્યગ્દર્શન થતા, તેને જ પ્રસિદ્ધ મોક્ષનો માર્ગ કહ્યો. કારણ કે સમ્યગ્દર્શનથી જ તે માર્ગમાં પ્રવેશ છે.

શ્લોક ૨૪ :- ''પરભાવ હોવા છતાં (અર્થાત્ વિભાવરૂપ ઔદયિક ભાવ હોવા છતાં, તે ઔદયિક ભાવને શુદ્ધ દ્રવ્યાર્થિક નયે કરી પરભાવ જણાવેલ છે. કારણ કે તે કર્મોની અર્થાત્ પરની અપેક્ષાએ = નિમિત્તે હોય છે), સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણ જ્ઞાનવાળા શુદ્ધાત્માને (પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માને) એકને જે (ભેદજ્ઞાને કરી) તીક્ષ્ણ બુદ્ધિવાળો શુદ્ધ દૃષ્ટિ (અર્થાત્ શુદ્ધ દ્રવ્યાર્થિક ચક્ષુથી સમ્યગ્દૃષ્ટિ) પુરુષ ભજે છે (અર્થાત્ તે શુદ્ધ ભાવમાં 'હુંપણું' કરે છે), તે પુરુષ પરમ શ્રીરૂપી કામિનીનો (મુક્તિસુંદરીનો) વલ્લભ બને છે.'' અર્થાત્ જીવ શુદ્ધાત્મામાં એકત્વ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતા મોક્ષમાર્ગમાં પ્રવેશ પામીને અવશ્ય મુક્તિને પામે છે.

શ્લોક ૨૫ :- ''એ રીતે પર ગુણપર્યાયો હોવા છતાં (અર્થાત્ આત્મા ઔદયિક ભાવરૂપે પરિણમતો હોવા છતાં અર્થાત્ આત્મા અશુદ્ધરૂપે પરિણમેલ હોવા છતાં), ઉત્તમ પુરુષોના હૃદયકમળમાં

(અર્થાત્ મનમાં) કારણઆત્મા વિરાજે છે (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ કારણપરમાત્મા બિરાજે છે - લબ્ધિરૂપે હોય છે). પોતાથી ઉત્પન્ન એવા તે પરબ્રહ્મરૂપ સમયસારને કે જેને તું ભજી રહ્યો છે (અર્થાત્ જેમાં તું 'હુંપણું' કરી રહ્યો છે) તેને, હે ભવ્યસાર્દૂલ (ભવ્યોત્તમ), તું શીઘ્ર ભજ (માત્ર તેમાં જ ઉપયોગ રાખ), તું તે છે.'' આચાર્ય ભગવંત કહે છે કે, 'તું તે છે' અર્થાત્ તું માત્ર તેમાં જ 'હુંપણું' (એકત્વ) કર, કે જે સમ્યગ્દર્શનનો વિષય છે અને જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો તેનો જ અનુભવ થતા સમ્યગ્દર્શન પ્રગટ થઈ જાય છે. તેથી કહે છે 'તું તે છે'. આ જ સમ્યગ્દર્શનની રીત છે.

શ્લોક ૨૬ :- ''જીવત્વ ક્વચિત્ સદ્ગુણો સહિત વિલસે છે - દેખાય છે, ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે (અર્થાત્ કોઈ જીવ પ્રગટ ગુણો સહિત જણાય છે અને કોઈના ગુણો અશુદ્ધરૂપે પરિણમેલ હોવાથી અશુદ્ધ ભાસે છે), ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે (અર્થાત્ કોઈ કાર્યસમયસારરૂપ પરિણમેલ હોય છે) અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે (અર્થાત્ કોઈ જીવો સંસારમાં અશુદ્ધ પર્યાયો સહિત પરિણમેલા જણાય છે). આ બધાથી સહિત હોવા છતાં પણ (અર્થાત્ કોઈ પ્રગટભાવ શુદ્ધરૂપે છે અથવા કોઈ પ્રગટભાવ અશુદ્ધરૂપ હોવા છતાં) જે આ બધાથી રહિત છે (અર્થાત્ જે શુદ્ધ, અશુદ્ધ ભાવોરૂપ જણાવેલ તમામ વિશેષભાવોથી રહિત છે અર્થાત્ ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવોથી રહિત છે) એવા આ જીવત્વને (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપે પરિણમતા શુદ્ધાત્મારૂપ કારણસમયસારને - કારણશુદ્ધ પર્યાયને) હું સકળ અર્થની સિદ્ધિ માટે સદા નમું છું, ભાવું છું.'' કારણ કે તે સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી તે ભાવમાં જ 'હુંપણું' કરતાં જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો સમ્યગ્દર્શન પ્રગટે છે કે જેથી મોક્ષયાત્રાનો પ્રારંભ થાય છે અને કાળે કરી મોક્ષ થતા જ સકળ અર્થની સિદ્ધિ થાય છે. આવો ભાવ આ ગાથામાં વ્યક્ત કરેલ છે.

શ્લોક ૩૦ :- ''સકળ મોહ-રાગ-દ્વેષવાળો જે કોઈ પુરુષ પરમગુરુના ચરણકમળયુગલની સેવાના પ્રસાદથી (અર્થાત્ પરમગુરુ પાસેથી તત્ત્વ સમજીને) નિર્વિકલ્પ સહજ સમયસારને (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ કારણસમયસારને) જાણે છે, તે પુરુષ પરમશ્રીરૂપી સુંદરીનો પ્રિયકાંત થાય છે.'' અર્થાત્ આ કાળે આ નિર્વિકલ્પ સહજ સમયસારને જાણવાવાળાને પરમગુરુ કહ્યા છે. કારણ કે આ કાળે સમ્યગ્દર્શનયુક્ત જીવો બહુ જ જૂજ હોય છે અને તેવા પરમગુરુના કહ્યા અનુસાર નિર્વિકલ્પ સહજ સમયસારને જે જાણે છે અર્થાત્ અનુભવે છે, તે સમ્યગ્દર્શનયુક્ત થઈને નિયમથી મુક્ત થાય છે.

શ્લોક ૩૪ :- ''(અમારા આત્મસ્વભાવમાં) વિભાવ અસત્ હોવાથી (અર્થાત્ અત્યારે ભલે

અમારા આત્મામાં ઔદયિકભાવરૂપ વિભાવ હોય પરંતુ તે ક્ષણિક છે. તે ત્રણે કાળે રહેવાવાળો નથી. તેથી અસત્ છે.) તેની અમને ચિંતા નથી. અમે તો હૃદયકમળમાં સ્થિત (અર્થાત્ મનમાં જે શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયરૂપ સહજ સમયસારરૂપ મારું સ્વરૂપ છે, જે લબ્ધિરૂપે છે તેમાં સ્થિત), સર્વ કર્મથી વિમુક્ત, શુદ્ધ આત્માને એકને સતત અનુભવીએ છીએ. કારણ કે અન્ય કોઈ પ્રકારે મુક્તિ નથી, નથી, નથી જ.'' અર્થાત્ અન્ય કોઈ ભાવ ઉપાદેય નથી. અન્ય કોઈ ભાવ ભજવા જેવો નથી. એકમાત્ર શુદ્ધાત્માને ભજતા જ, અનુભવતા જ અને તેમાં જ સ્થિરતા કરતા જ મુક્તિ સહજ જ છે, અન્ય કોઈ રીતે નથી, નથી, નથી જ (ભાર આપવા ત્રણ વખત 'નથી' કહ્યું છે).

ગાથા ૧૯ : અન્વયાર્થ :- ''દ્રવ્યાર્થિક નયે જીવો પૂર્વકથિત પર્યાયોથી વ્યતિરિક્ત (રહિત) છે; પર્યાયનયે જીવો તે પર્યાયથી સંયુક્ત છે. આ રીતે જીવો બંને નયોથી સંયુક્ત છે.''

અર્થાત્ એક જ સંસારી જીવને જોવાની = અનુભવવાની દૃષ્ટિભેદે ભેદ છે, તે જીવમાં કોઈ ભાગ શુદ્ધ અથવા કોઈ ભાગ અશુદ્ધ એવું નથી. પરંતુ અપેક્ષાએ અર્થાત્ દ્રવ્યદૃષ્ટિએ અથવા પર્યાયદૃષ્ટિએ તે જ જીવ અનુક્રમે શુદ્ધ અથવા અશુદ્ધ ભાસે છે. આથી જો કાંઈ કરવાનું હોય, તો તે માત્ર દૃષ્ટિ બદલવાની છે, અન્ય કાંઈ નહિ.

શ્લોક ૩૬ :- ''જેઓ બે નયોના સંબંધને નહિ ઉલ્લંઘતા થકા (અર્થાત્ કોઈ પણ વાત અપેક્ષાએ સમજવાવાળા અર્થાત્ એકાંતે શુદ્ધ અથવા એકાંતે અશુદ્ધ કહેવાવાળા-માનવાવાળા એ બન્ને મિથ્યાત્વી, જ્યારે અપેક્ષાએ શુદ્ધ અને અપેક્ષાએ અશુદ્ધ માનવાવાળા-કહેવાવાળા નયોના સંબંધને નહિ ઉલ્લંધતા જીવો સમકિતી સમજવા) પરમજિનના પાદપંકજયુગલમાં મત્ત થયેલા ભ્રમર સમાન છે (અર્થાત્ એવા જીવો પરમજિનરૂપ એવા પોતાના શુદ્ધાત્મામાં -પરમ પારિણામિક ભાવમાં - કારણસમયસારમાં -કારણશુદ્ધપર્યાયમાં મત્ત છે, મગ્ન છે.) એવા જે સત્પુરુષો છે તેઓ શીઘ્ર સમયસારને (કાર્યસમયસારને) અવશ્ય પામે છે. પૃથ્વી ઉપર મતના કથનથી સજ્જનોને શું ફળ છે? (અર્થાત્ જગતના જૈનેતર દર્શનોના મિથ્યા કથનોથી સજ્જનોને શો લાભ છે ?)''અર્થાત્ જે કોઈ દર્શન આ શુદ્ધાત્મારૂપ કારણસમયસારને અન્ય કોઈ રીતે અર્થાત્ એકાંતે શુદ્ધ સમજે છે અથવા એકાંતે અશુદ્ધ સમજે છે તે પણ જૈનેતર દર્શન જ છે અર્થાત્ મિથ્યાદર્શન જ છે.

હવે આગળ અમે ધ્યાનના વિષયને સંક્ષેપમાં જણાવીએ છીએ.

# ૩૦
# ધ્યાન વિશે

**હ**વે આપણે થોડુંક ધ્યાન વિશે સમજીને પછી આગળ વધીએ. કોઈ પણ વસ્તુ-વ્યક્તિ-પરિસ્થિતિ આદિ ઉપર મનનું એકાગ્રતાપૂર્વકનું ચિંતન ધ્યાન કહેવાય છે. આપણે અત્યાર સુધી જોયું L$d __yk çeÁv$ ®d p,Mþ S>d I Ch R> S> L$**સમાધિતંત્ર** ગાથા ૩૫માં જણાવેલ છે કે ''જેનું મનરૂપી જલ રાગ-દ્વેષાદિ તરંગોથી ચંચલ થતું નથી, તે આત્માના યથાર્થ સ્વરૂપને દેખે છે - અનુભવે છે, તે આત્મતત્ત્વને બીજો રાગ-દ્વેષાદિથી આકુલિત ચિત્તવાળો (મનવાળો) માણસ દેખી શકતો નથી.'' અર્થાત્ સમ્યગ્દર્શનના વિષયનું પણ મન થકી જ ચિંતન થાય છે અને અતીન્દ્રિય સ્વાનુભૂતિ કાળે પણ તે ભાવમન જ અતીન્દ્રિય જ્ઞાનરૂપે પરિણમે છે.

તેથી કરીને મન કયા વિષય ઉપર ચિંતન કરે છે અથવા મન કયા વિષયોમાં એકાગ્રતા કરે છે તેના ઉપર જ બંધ અને મોક્ષનો આધાર છે. જેમ કે **પરમાત્મપ્રકાશ-મોક્ષાધિકાર** ગાથા ૧૪૦માં જણાવેલ છે કે ''પાંચ ઇન્દ્રિયોના સ્વામી એવા મનને તમે વશમાં કરો. તે મન વશ થવાથી તે પાંચ ઇન્દ્રિયો વશમાં થઈ જાય છે. જેમ કે વૃક્ષના મૂળનો નાશ થતા પાંદડા નિશ્ચયથી સુકાઈ જાય છે.'' અર્થાત્ મન જ બંધનું કારણ છે અને મન જ મુક્તિનું કારણ છે.

આ વાત કોઈએ એકાંતે ન સમજવી. આ વાત અપેક્ષાએ કહેવામાં આવી છે. કારણ કે જે મન છે તે જ સમ્યગ્દર્શનનું નિમિત્ત કારણ છે અને બંધનું પણ નિમિત્ત કારણ છે. એ અપેક્ષાએ વિવેકપૂર્વક આ વાત કહેવામાં આવી છે. જેમ કે **પરમાત્મપ્રકાશ-મોક્ષાધિકાર** ગાથા ૧૫૭માં જણાવેલ છે કે ''જેઓએ મનને શીઘ્ર જ વશમાં કરીને પોતાના આત્માને પરમાત્મામાં ન મેળવ્યો (અર્થાત્ સ્વાત્માનુભૂતિ ન કરી), હે શિષ્ય ! જેઓની આવી શક્તિ નથી, તે યોગથી શું કરી શકે? (અર્થાત્ તેવા જીવો અધ્યાત્મયોગથી સ્વાત્માનુભૂતિરૂપ ફાયદો લઈ શકતા નથી.)'' આ રીતે મોક્ષમાર્ગમાં મનનું ખૂબ જ મહત્ત્વ હોવાથી ઘણા ગ્રંથોમાં ધ્યાન વિશે ઘણું બધું જણાવવામાં આવ્યું છે. પરંતુ અત્ર તેનો માત્ર થોડોક ઉલ્લેખ કરીને આપણે આગળ વધીશું.

ધ્યાન શુભ, અશુભ અને શુદ્ધરૂપ ત્રણ પ્રકારે હોય છે. તેના ચાર પ્રકાર છે : આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. આ ચાર પ્રકારના પણ પેટા પ્રકારો છે. મિથ્યાત્વી જીવોને આર્તધ્યાન અને રૌદ્રધ્યાન નામના બે અશુભ ધ્યાન સહજ જ હોય છે. કારણ કે તેવા જ ધ્યાનના, તેઓને અનાદિના સંસ્કાર છે. છતાં તેઓ પ્રયત્નપૂર્વક મનને અશુભમાં જતું અટકાવી શકે છે. તે મનને અશુભમાં જતું અટકાવવાની આવી રીતો છે. જેમ કે આત્મલક્ષે શાસ્ત્રોનો અભ્યાસ, આત્મસ્વરૂપનું ચિંતન, છ દ્રવ્યોરૂપ લોકનું ચિંતન, નવ તત્ત્વોનું ચિંતન, ભગવાનની આજ્ઞાનું ચિંતન, કર્મવિપાકનું ચિંતન, કર્મની વિચિત્રતાનું ચિંતન, લોકના સ્વરૂપનું ચિંતન વગેરે તે કરી શકે છે. આવું પણ મિથ્યાત્વી જીવોનું ધ્યાન શુભરૂપ ધર્મધ્યાન કહેવાય છે, નહિ કે શુદ્ધરૂપ ધર્મધ્યાન. તેથી તેને અપૂર્વ નિર્જરાનું કારણ માન્યું નથી. કારણ કે અપૂર્વ નિર્જરા માટે તે ધ્યાન સમ્યગ્દર્શન સહિત હોવું આવશ્યક છે અર્થાત્ શુદ્ધરૂપ ધર્મધ્યાન હોવું આવશ્યક છે. સમ્યગ્દષ્ટિને આ ઉપરાંત શુદ્ધાત્માનું ધ્યાન મુખ્ય હોય છે કે જેથી કરી તે ગુણશ્રેણી નિર્જરા દ્વારા ગુણસ્થાનક આરોહણ કરતા કરતા આગળ શુક્લધ્યાનરૂપ અગ્નિથી સર્વ ઘાતી કર્મોનો નાશ કરી, કેવળજ્ઞાન - કેવળદર્શન પ્રાપ્ત કરે છે અને કાળે કરી સિદ્ધત્વને પામે છે.

ધર્મધ્યાનના પેટાપ્રકારોરૂપ તમામ ધ્યાનના પ્રકારોમાં આત્મા જ કેન્દ્રમાં હોય છે. તેથી કોઈ પણ ધ્યાનને સમ્યક્ધ્યાન તો જ કહી શકાય કે જો તેમાં આત્મા જ કેન્દ્રમાં હોય અને આત્મપ્રાપ્તિ જ તેનું લક્ષ હોય. ઘણા એવું માને છે કે આત્મજ્ઞાન અર્થાત્ સમ્યગ્દર્શન ધ્યાન વગર થતું જ નથી. તો તેઓને અમે કહીએ છીએ કે ખરેખર સમ્યગ્દર્શન ભેદજ્ઞાન વગર થતું જ નથી, ધ્યાન વગર તો થાય છે. તેથી સમ્યગ્દર્શન માટેની આવશ્યકતા તે ધ્યાન નથી. પરંતુ શાસ્ત્રોથી સારી રીતે નિર્ણય કરેલ તત્ત્વનું જ્ઞાન અને સમ્યગ્દર્શનના વિષયનું જ્ઞાન અને તે જ્ઞાન થયા બાદ (જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) યથાર્થ ભેદજ્ઞાન થતા જ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મામાં 'હુંપણું' થતા ('સોહં' થતા) જ સ્વાત્માનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટે છે. તેથી આગ્રહ ધ્યાનનો નહિ પરંતુ યથાર્થ તત્ત્વનિર્ણયનો અને યોગ્યતાનો રાખવો આવશ્યક છે અને તે જ કરવા યોગ્ય છે.

મોક્ષપાહુડમાં પણ ધ્યાન વિશે જણાવ્યું છે કે :-

ગાથા ૨૦ : અર્થ :- ''યોગી-ધ્યાની-મુનિ છે, તે જિનવર ભગવાનના મત મુજબ શુદ્ધાત્માના ધ્યાનમાં લાગે છે. (અર્થાત્ એકમાત્ર શુદ્ધાત્માનું જ ધ્યાન કરવા યોગ્ય છે, તે જ ઉત્તમ

છે અને તેના ધ્યાનના કારણે જ યોગી કહેવાય છે.) તેથી નિર્વાણને પ્રાપ્ત કરે છે. તો તે શું સ્વર્ગલોકને પ્રાપ્ત ન કરી શકે ? અવશ્ય પ્રાપ્ત કરી શકે.''

અર્થાત્ અનેક લોકો સ્વર્ગની પ્રાપ્તિ માટે નાના (અનેક) પ્રકારના અનેક ઉપાયો કરતા જોવામાં આવે છે, તો એ ઉપાયોથી કદાચિત્ ક્ષણિક સ્વર્ગ પ્રાપ્ત થાય અથવા ન પણ થાય. પરંતુ પરંપરાએ તો તેને અનંત સંસાર જ મળે છે. જ્યારે શુદ્ધાત્માના અનુભવથી અને ધ્યાનથી મુક્તિ મળે છે. તથા મુક્તિ ન મળે ત્યાં સુધી સ્વર્ગ અને સ્વર્ગ જેવું જ સુખ હોય છે. તેથી સર્વ જનોએ સમ્યગ્દર્શન મેળવીને શુદ્ધાત્માનું જ ધ્યાન કરવા યોગ્ય છે (શુદ્ધાત્માનું ધ્યાન અજ્ઞાનીને હોતું નથી) કે જે મુક્તિનો માર્ગ છે અને તે માર્ગમાં સ્વર્ગ તો સહજ જ મળે છે, તેની માગણી નથી હોતી - એમ જણાવ્યું છે.

અન્યમતિના ધ્યાન, જેવા કે કોઈ એક બિંદુ ઉપર એકાગ્રતા કરાવે, તો કોઈ શ્વાસોશ્વાસ ઉપર એકાગ્રતા કરાવે અથવા તો અન્ય કોઈ રીતે, પણ જેનાથી દેહાધ્યાસ જ દૃઢ થતો હોય તેવા કોઈ પણ ધ્યાન ખરેખર તો આર્તધ્યાનરૂપ જ છે. આવા ધ્યાનથી મનને થોડીક શાંતિ મળતી હોવાથી લોકો છેતરાઈ જાય છે અને તેને જ સાચું ધ્યાન માનવા લાગે છે. બીજું, શ્વાસોશ્વાસ જોવાથી અને તેનો સારો અભ્યાસ હોય, તેને કષાયનો ઉદ્ભવ થાય તેની જાણ થવા છતાં, 'પોતે કોણ છે ?' તેનું સ્વાત્માનુભૂતિ પૂર્વકનું જ્ઞાન નહિ હોવાથી, આવા બધા જ ધ્યાનો આર્તધ્યાનરૂપ જ પરિણમે છે. તે આર્તધ્યાનનું ફળ છે તિર્યંચગતિ. જ્યારે ક્રોધ, માન, માયા-કપટરૂપ ધ્યાન તે રૌદ્રધ્યાન છે. તેનું ફળ છે નરકગતિ. ધર્મધ્યાનના પેટા પ્રકારોમાં પણ આત્મા જ કેન્દ્રમાં હોવાથી જ તેને સમ્યક્ધ્યાન કહેવાય છે.

મનને ચકાસવા માટે પોતાને શું ગમે છે ? તે ચકાસવું, આ છે આત્મપ્રાપ્તિનું બેરોમીટર - થરમોમીટર. આ પ્રશ્નનો ઉત્તર ચિંતવવો. જ્યાં સુધી ઉત્તરમાં કોઈ પણ સાંસારિક ઇચ્છા/આકાંક્ષા હોય ત્યાં સુધી પોતાની ગતિ સંસાર તરફની સમજવી અને જ્યારે ઉત્તર -'એકમાત્ર આત્મપ્રાપ્તિ' એવો હોય, તો સમજવું કે આપના સંસારનો કિનારો બહુ નજીક આવી ગયેલ છે. તેથી તે માટેનો પુરુષાર્થ વધારવો.

આગળ અમે સાધકને મોક્ષમાર્ગની સાધના માટે આવશ્યક વાતો જણાવીએ છીએ.

# ૩૧
# સાધકને સલાહ

**સા**ધક આત્માએ સૌપ્રથમ તો પોતાનું લક્ષ દુનિયા ઉપરથી હટાવીને 'હું અને કર્મો' એટલું જરૂર સમજી લેવા જેવું છે. કારણ કે અનાદિથી જે આપણી રખડપટ્ટી ચાલે છે તે આપણા કર્મોને કારણે જ છે. તે કર્મો કાંઈ માત્ર પુદ્‌ગલરૂપ નથી. તે કર્મો એટલે આપણા જ પૂર્વે કરેલા ભાવોનું પ્રતિબિંબ જ છે. તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલો આપણા જ ભાવોના નિમિત્તે કર્મરૂપે પરિણમેલ છે. તેથી સમજવાનું એ છે કે આપણને જો કોઈએ સૌથી વધારે દુ:ખી કર્યા હોય તો તે માત્ર ને માત્ર 'આપણે પોતે' જ છીએ. અર્થાત્ તે માત્ર આપણા જ પૂર્વે કરેલા ભાવો છે કે જેના નિમિત્તે, પુદ્‌ગલ કર્મરૂપ થયા હતા. અને તે કાર્મણ વર્ગણાના પુદ્‌ગલરૂપ કર્મોનો ઉદય થતા જ આપણે તેના નિમિત્તે રોગી-શોકી વગેરે સ્વરૂપે પરિણમીને દુ:ખી થયા.

જો વ્યવસ્થા આવી જ હોય તો હું એમ કેમ વિચારી શકું કે 'કોઈ અન્ય વ્યક્તિએ મને દુ:ખી કર્યો અથવા મારું અહિત કર્યું' ? ન જ વિચારી શકાય કારણ કે આવું વિચારતા જ તે વ્યક્તિ સાથેના સાંકળરૂપ સંબંધમાં એક નવી કડી ઉમેરાય છે અને આપણા નવા કર્મો બંધાય છે કે જેના ઉદય વખતે ફરીથી આવી જ રીતે નવા કર્મો બંધાવાની સંભાવના ઊભી જ રહેશે. આવા અનુબંધને જ અનંતાનુબંધી કષાય કહેવાય છે.

બીજાના દોષ જોવાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થાય છે. તે ન થાય તેના માટે સાધક જીવે દુ:ખના કાળે પૂર્વે જણાવેલ ધન્યવાદ ! સુસ્વાગતમ્ ! (Thank you ! Welcome !)ની અંતર્ગત એવું વિચારવું કે 'અહો ! મેં આવું દુષ્કૃત્ય પૂર્વે કર્યું હતું ! તો તે માટે મારા મિચ્છામિ દુક્કડમ્ ! (આ છે પ્રતિક્રમણ) તે માટે હું પસ્તાવાપૂર્વક મારી નિંદા કરું છું અને હવે પછીથી હું આવા ભાવ ક્યારેય નહિ કરું - એવી પ્રતિજ્ઞા કરું છું (આ છે પ્રત્યાખ્યાન) અને જે વ્યક્તિ મને મારા આવા ભાવોથી (કર્મોથી) છોડાવવામાં નિમિત્ત થયેલ છે, તે મારા પરમ ઉપકારી છે. તેથી તેઓ ધન્યવાદને પાત્ર છે.' આવું વિચારતા તે વ્યક્તિ પ્રત્યે નહિ રોષ આવે કે નહિ અભાવ આવે. આવશે તો માત્ર કૃતજ્ઞતા

આવશે. અને હું આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચીને શુભભાવરૂપ ધર્મધ્યાનમાં સ્થિત રહી શકીશ. તેથી તે વ્યક્તિ સાથેની વેરની સાંકળ તૂટી જશે (વેર છૂટી જશે) અને નવા દુઃખદાયક કર્મોનો બંધ પણ અટકી જશે. જેથી કરીને મુમુક્ષુ જીવે આવું જ વિચારવું અને પોતાને તથા સર્વને (બુદ્ધિપૂર્વક) માત્ર શુદ્ધાત્મા જોવારૂપ (જેવો પૂર્વે અપેક્ષાએ સમજાવ્યો છે તેવો, એકાંત નહિ) ભાવમાં રહીને તત્ત્વનો નિર્ણય અને સમ્યગ્દર્શન માટે જ પ્રયત્નો કરવા યોગ્ય છે.

અત્ર કોઈ કહે કે 'આપ તો શુભની વાત કરી રહ્યા છો ?' તેઓને અમે કહીએ છીએ કે કોઈ પણ જીવ નિરંતર કોઈ ને કોઈ (શુભ અથવા અશુભ) ધ્યાન/ભાવ કરીને અનંતાનંત કર્મોથી બંધાઈ જ રહ્યો છે જો તે પ્રયત્નપૂર્વક આત્મલક્ષે શુભમાં નહીં રહે, તો નિયમથી અશુભમાં જ રહેશે કે જેનું ફળ નરકગતિ તથા અનંત કાળની તિર્યંચગતિ છે. જ્યારે એકમાત્ર આત્મલક્ષે જે જીવ શુભમાં પ્રયત્નપૂર્વક રહે છે, તેને મનુષ્યગતિ, દેવ, શાસ્ત્ર, ગુરુ તથા કેવળી પ્રરૂપિત જિનધર્મ વગેરે મળવાની સંભાવનાઓ ઊભી રહે છે અને તેના કલ્યાણના દરવાજા ખુલ્લા રહે છે. તેથી જ અર્થાત્ તે જ અપેક્ષાએ અમે આત્મલક્ષે શુભમાં રહેવા કહીયે છીએ. પરંતુ તેમાં એકમાત્ર લક્ષ આત્મપ્રાપ્તિ જ હોવું જોઈએ, અન્યથા શુભભાવ પણ અશુભભાવની જેમ જ જીવને બાંધે છે અને અનંત સંસારમાં રખડાવે છે, અનંત દુઃખોનું કારણ બને છે.

કોઈ એમ માને કે મુમુક્ષુને (પોતાની) યોગ્યતા તેના કાળે આપોઆપ થઈ જશે. તેના માટે પ્રયત્નની જરૂર નથી. તો તેઓને અમે પ્રશ્ન કરીયે છીએ કે આપ જીવનમાં પૈસો, પ્રતિષ્ઠા, પરિવાર વગેરે માટે પ્રયત્ન કરો છો ? કે પછી આપ કહો છો કે તે એના કાળે આવી જશે. બોલો આવી જશે ? તો ઉત્તર અપેક્ષિત જ મળે છે કે અમો તેના માટે પ્રયત્ન કરીયે છીએ. તો અમે પ્રશ્ન કરીએ છીએ કે જે વસ્તુ અથવા સંયોગો કર્મો અનુસાર આપમેળે આવીને મળવાના છે તેના માટે આપ ખૂબ જ પ્રયત્ન કરો છો. પરંતુ જે આત્માના ઘરનો છે એવો પુરુષાર્થ અર્થાત્ પ્રયત્નપૂર્વક આત્માના ઉદ્ધાર માટે ઉપર જણાવેલ તથા અન્ય આચરણો જીવનમાં કરવામાં ઉપેક્ષા સેવો છો, તો આપ જૈન સિદ્ધાંતની અપેક્ષા ન સમજતા તેને અન્યથા જ સમજ્યા છો – એવું જ કહેવું પડશે. કારણ કે જૈન સિદ્ધાંત અનુસાર કોઈ પણ કાર્ય થવા માટે પાંચ સમવાયોનું હોવું આવશ્યક છે અને તેમાં આત્મસ્વભાવમાં પુરુષાર્થ એ ઉપાદાન કારણ હોઈને જો આપ તેની અવગણના કરી માત્ર નિમિત્તની રાહ જોતા બેસી રહેશો અથવા નિયતિ સામે જોઈ બેસી રહેશો તો આત્મપ્રાપ્તિ થવી અત્યંત કઠિન છે. તેથી કરીને મુમુક્ષુ જીવે પોતાનો પુરુષાર્થ અધિકમાં અધિક આત્મધર્મ ક્ષેત્રે પ્રવર્તાવવો આવશ્યક છે અને થોડોક (અલ્પ) જ કાળ જીવનની જરૂરિયાતોને અર્જીત કરવામાં નાખવો તે પ્રથમ આવશ્યકતા છે.

જેમ **આત્માનુશાસન** ગાથા ૭૮માં જણાવેલ છે કે ''હે જીવ ! આત્મકલ્યાણને અર્થે કંઈક યત્ન કર ! કર ! કેમ શઠ થઈ પ્રમાદી બની રહે છે ? જ્યારે એ કાળ (=મરણકાળ) પોતાની તીવ્ર ગતિથી આવી પહોંચશે, ત્યારે યત્ન કરવા છતાં પણ તે રોકાશે નહીં - એમ તું નિશ્ચય સમજ. ક્યારે, ક્યાંથી અને કેવી રીતે એ કાળ અચાનક આવી ચડશે ? તેની પણ કોઈને ખબર નથી. એ દુષ્ટ યમરાજ જીવને કાંઈ પણ સૂચના પહોંચાડ્યા સિવાય એકાએક હુમલો કરે છે તેનો કંઈક તો ખ્યાલ કર. કાળની અતિપ્રહત અરોક ગતિ આગળ મંત્ર-તંત્ર અને ઔષધાદિ સર્વ સાધન વ્યર્થ છે.'' અર્થાત્ આત્મકલ્યાણને અર્થે જ સર્વ પુરુષાર્થ આદરવો.

આગળ **આત્માનુશાસન** ગાથા ૧૯૬માં પણ જણાવેલ છે કે, ''અહો ! જગતમાં મૂર્ખ જીવોને શું મુશ્કેલ છે ? તેઓ જે અનર્થ કરે તેનું આશ્ચર્ય નથી, પણ ન કરે તે જ ખરેખર આશ્ચર્ય છે. શરીરને પ્રતિદિન પોષે છે, સાથે સાથે વિષયોને પણ તેઓ સેવે છે. તે મૂર્ખ જીવોને કાંઈ પણ વિવેક નથી કે વિષપાન કરી અમરત્વ ઇચ્છે છે ! સુખ વાંછે છે ! અવિવેકી જીવોને કાંઈ પણ વિવેક કે પાપનો ભય નથી, તેમ વિચાર પણ નથી........''

અમે જ્યારે પાપત્યાગ વિશે જણાવીએ છીએ, ત્યારે કોઈ એમ પૂછે છે કે 'રાત્રિભોજન ત્યાગ વગેરે વ્રતો અથવા પ્રતિમાઓ તો સમ્યગ્દર્શન બાદ જ હોય છે, તો અમોને તે રાત્રિભોજનનો શો દોષ લાગે ?' તો તેઓને અમારો ઉત્તર હોય છે કે રાત્રિભોજનનો દોષ સમ્યગ્દષ્ટિ કરતા મિથ્યાદષ્ટિને અધિક જ લાગે છે. કારણ કે મિથ્યાદષ્ટિ તેને રાચી-માચીને સેવતો (કરતો) હોય છે. જ્યારે સમ્યગ્દષ્ટિ તો આવશ્યક ન હોય, અનિવાર્યતા ન હોય, તો આવા દોષોનું સેવન જ નથી કરતો અને જો કોઈ કાળે આવા દોષોનું સેવન કરે છે તો પણ ભીરુ ભાવે અને રોગના ઔષધ તરીકે કરે છે, નહિ કે આનંદથી અથવા સ્વચ્છંદે. કારણ કે સમ્યગ્દષ્ટિ જીવને તો ભોજન કરવું પડે છે તે પણ મજબૂરીરૂપ લાગે છે, રોગરૂપ લાગે છે અને તેનાથી ત્વરાએ છૂટકારો જ ઇચ્છે છે.

આથી કોઈ પણ પ્રકારનો છળ (ખોટો અર્થ) કોઈએ ધર્મશાસ્ત્રોમાંથી ગ્રહણ ન કરવો. કારણ કે ધર્મશાસ્ત્રોમાં દરેક વાતો અપેક્ષાએ હોય છે. તેથી કરીને 'વ્રતો અને પ્રતિમાઓ પાંચમા ગુણસ્થાનકે કહી છે' -તેનો અર્થ એવો ન કાઢવો કે અન્ય કોઈ નિમ્ન ભૂમિકાવાળાઓ તેને અભ્યાસ અર્થે અથવા તો પાપથી બચવા ગ્રહણ ન કરી શકે. બલ્કે સૌએ અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય જ છે. કારણ કે જેને દુ:ખ પ્રિય નથી એવા જીવો દુ:ખના કારણરૂપ પાપો કેવી રીતે આચરી શકે ? અર્થાત્ ન જ આચરી શકે.

માત્ર સમજવાની વાત એટલી જ છે કે સમ્યગ્દર્શન પહેલાના અણુવ્રતીએ અથવા તો

મહાવ્રતીએ પોતાને અનુક્રમે પાંચમા અથવા છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે ન સમજતા (માનતા) માત્ર આત્માર્થે (અર્થાત્ આત્માની પ્રાપ્તિ અર્થે) અભ્યાસરૂપ ગ્રહણ કરેલ અણુવ્રતી અથવા મહાવ્રતી સમજવા (માનવા) અને લોકોને પણ તેમ જ જણાવવું કે જેથી લોકોને છેતરવાનો દોષ પણ નહિ લાગે.

તેથી શાસ્ત્રમાંથી કોઈ પણ પ્રકારનું છળ અથવા વિપરીત અર્થાત્ છેતરામણી રીતે વાત ગ્રહણ ન કરવી, પરંતુ તેને યથાર્થ અપેક્ષાએ સમજવું દરેક મુમુક્ષુ માટે અત્યંત આવશ્યક છે. કારણ કે દરેક શાસ્ત્રમાં સ્પષ્ટ કહેવામાં આવેલ છે કે પડવાનો અર્થાત્ નીચલા દરજ્જે જવાનો તો કોઈ ઉપદેશ આપે જ નહીં ને ? ઉપદેશ તો માત્ર ઉપર ચઢવા માટે જ હોય છે. અર્થાત્ કોઈ પહેલા ગુણસ્થાનકવાળો વ્રતી હોય તો તેને વ્રત છોડવા નથી જણાવ્યું. પરંતુ તેને અનુકૂળ ગુણસ્થાનક પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરેલ છે. તેને અન્યથા ગ્રહણ કરી વ્રત-પચ્ચકખાણ છોડી દેવા નહિ. તે તો મહા અનર્થનું કારણ છે. એવો તો કોઈ આચાર્ય ભગવંત ઉપદેશ આપે જ નહિ ને ? અર્થાત્ કોઈ જ ન આપે. પરંતુ આ તો માત્ર આજના કાળના માનવીની વક્રતા જ છે કે તે તેને વિપરીત રૂપે ગ્રહણ કરે છે. આ જ રીતે અનાદિથી આપણે ધર્મને વિપરીત રૂપે ગ્રહણ કરતા આવ્યા છીએ અને માટે જ અનાદિથી રખડીયે છીએ.

હવે તો બસ થાઓ ! બસ થાઓ ! આવી વિપરીત પ્રરૂપણા. જેમ કે **પુરુષાર્થસિદ્ધિ-ઉપાય** ગાથા ૫૦માં પણ કહ્યું છે કે ''જે જીવ યથાર્થ નિશ્ચય સ્વરૂપને જાણ્યા વિના (અર્થાત્ સમ્યગ્દર્શનને પામ્યા વિના) તેને જ (અર્થાત્ તેને જ માત્ર શબ્દરૂપે ગ્રહણ કરીને) નિશ્ચય શ્રદ્ધાથી અંગીકાર કરે છે. તે મૂર્ખ બાહ્ય ક્રિયામાં આળસુ છે અને બાહ્યક્રિયારૂપ આચરણનો નાશ કરે છે.'' જેમ કે કોઈ અજ્ઞાની પોતાને એકાંતે શુદ્ધાત્મા માનતો હોય.

અનેક સાધકોને પ્રશ્ન થાય છે કે 'અમને તત્ત્વનો અભ્યાસ કરવા છતાં આત્માનો અનુભવ કેમ થતો નથી ? અર્થાત્ સમ્યગ્દર્શન કેમ થતું નથી ?' તેઓને અમારો ઉત્તર છે કે જેમ યોગ્ય કારણ આપ્યા વગર કોઈ પણ કાર્ય થતું નથી, તેમ વૈરાગ્ય આવ્યા વગર અર્થાત્ ભવરોગથી ત્રાસ લાગ્યા વગર, સુખની આકાંક્ષા છોડ્યા વગર, કોઈ પણ નયનો પક્ષ અથવા સાંપ્રદાયિક માન્યતાનો આગ્રહ છોડ્યા વગર અને તત્ત્વને વિપરીત રૂપે ગ્રહણ કરીને સ્વાત્માનુભૂતિ અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું અતિ વિકટ છે. તેથી સર્વ સાધકોને અમારી વિનંતિ છે કે આપ યોગ્ય કારણ આપો. વૈરાગ્યરૂપ યોગ્યતા કેળવો અને પક્ષ-આગ્રહ છોડીને તત્ત્વનો યથાર્થ નિર્ણય કરશો, તો સમ્યગ્દર્શનરૂપ કાર્ય અવશ્ય થશે જ - એવો અમારો અભિપ્રાય છે.

બીજું, અનેક સાધકોનો પ્રશ્ન હોય છે કે 'તમને આત્માનો અનુભવ થયો ત્યારે શું થયેલ? અર્થાત્ આત્માના અનુભવ કાળે શું થાય છે ?' તેઓને અમારો ઉત્તર છે કે સ્વાત્માનુભૂતિ કાળે શરીરથી ભિન્ન એવો સિદ્ધસદશ આત્માનો અનુભવ થાય છે, જેમાં શરીરનો કોઈ પણ જાતનો અનુભવ ન હોય. જેમ કે ઘણા સાધકો અમને પ્રશ્ન કરતા હોય છે કે અમને પ્રકાશમય આત્માનો અનુભવ થયો. અથવા કોઈ કહે છે કે અમે એકદમ હળવાફૂલ જેવા થઈ ગયા હોઈએ તેવો અનુભવ થયો. અથવા કોઈ કહે છે કે અમે રોમાંચિત થઈ ગયા વગેરે. તો આવા સાધકોને અમે જણાવીએ છીએ કે આવા ભ્રમોથી છેતરાવા જેવું નથી. કારણ કે સ્વાત્માનુભૂતિ કાળે શરીરનો કોઈ પણ જાતનો અનુભવ હોતો જ નથી. માત્ર સિદ્ધસદશ આત્માનો જ અનુભવ હોય છે. અર્થાત્ અંશે સિદ્ધસદશ આનંદનો અનુભવ હોય છે. અર્થાત્ અંશે સિદ્ધત્વનો જ અનુભવ હોય છે અને જે જીવને ઉપશમ સમ્યગ્દર્શનરૂપ સ્પષ્ટ અનુભૂતિ થાય છે તેને કોઈ પણ પ્રશ્ન ન રહે એટલો સ્પષ્ટ અનુભવ હોય છે. અર્થાત્ સ્વાત્માનુભૂતિ બાદ શરીરથી ભેદજ્ઞાન વર્તતું જ હોય છે, દા.ત. સ્વાત્માનુભૂતિ બાદ આપ દર્પણની સામે જ્યારે પણ જાઓ છો ત્યારે આપ કોઈ ત્રાહિત વ્યક્તિને નિહાળતા હોય - એવો ભાવ આવે છે.

કોઈને એમ પણ પ્રશ્ન થાય છે કે 'આપના ગુરુ કોણ છે ?' ઉત્તર : અમારા ગુરુ ભગવાન મહાવીરસ્વામી છે, જેમની દિવ્યધ્વનિ અમને શાસ્ત્રરૂપે પ્રાપ્ત થઈ છે. તેનાથી અમને સત્યની પ્રાપ્તિ થઈ અર્થાત સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. તે સિવાય અમે બીજા અનેક લોકો પાસેથી થોડી થોડી સાચી-સારી વાતો અવશ્ય શીખ્યા છીએ. તેમના પણ અમે આભારી છીએ.

સમ્યગ્દર્શનને પામ્યા બાદ, **પ્રવચનસાર** ગાથા ૨૦૨ અનુસાર, સમ્યગ્દષ્ટિ જીવનો વિકાસક્રમ આવો હોય છે - ''સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણે છે -અનુભવે છે, અન્ય સમસ્ત વ્યવહારભાવોથી પોતાને ભિન્ન જાણે છે. જ્યારથી તેને સ્વ-પરના વિવેકરૂપ ભેદવિજ્ઞાન પ્રગટ થયું હતું ત્યારથી જ તે (અભિપ્રાયમાં) સકલ વિભાવભાવોનો ત્યાગ કરી ચૂક્યો છે અને ત્યારથી જ તેણે ટંકોત્કીર્ણ નિજભાવ અંગીકાર કર્યો છે. તેથી તેને નથી કાંઈ ત્યાગવાનું રહ્યું કે નથી કાંઈ ગ્રહવાનું-અંગીકાર કરવાનું રહ્યું. સ્વભાવદષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં, પર્યાયમાં તે પૂર્વબદ્ધ કર્મોના ઉદયના નિમિત્તે અનેક પ્રકારના વિભાવભાવો રૂપે પરિણમે છે. એ વિભાવપરિણતિ નહિ છૂટતી દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી તેમ જ સમસ્ત વિભાવપરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી. સકલ વિભાવપરિણતિરહિત સ્વભાવદષ્ટિના જોરરૂપ પુરુષાર્થથી ગુણસ્થાનોની પરિપાટીના સામાન્ય ક્રમ અનુસાર તેને પહેલા અશુભ પરિણતિની (અને પ્રવૃત્તિની) હાનિ થાય છે

અને પછી ધીમે ધીમે શુભ પરિણતિ પણ છૂટતી જાય છે. આમ હોવાથી તે શુભ રાગના ઉદયની ભૂમિકામાં ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી થઈ વ્યવહારરત્નત્રયરૂપ પંચાચારોને અંગીકાર કરે છે. જો કે જ્ઞાનભાવથી (અભિપ્રાયમાં) તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે, તો પણ પર્યાયમાં શુભ રાગ નહિ છૂટતો હોવાથી તે પૂર્વોક્ત રીતે પંચાચારને ગ્રહણ કરે છે.''

જે ધર્મમાં (અર્થાત્ જૈન સિદ્ધાંતમાં) 'સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે' એમ કહ્યું હોય ત્યારે સર્વ જીવોને પોતાના સમાન જ જોતા, ક્યાંય વેરવિરોધને અવકાશ જ ક્યાંથી હોય? અર્થાત્ વિશ્વમૈત્રીની જ ભાવના હોય. અને તેવા ધર્મમાં ધર્મના જ નામે વેરવિરોધ અને ઝઘડા થાય, તો તેમાં સમજવું કે અવશ્ય આપણે ધર્મનું હાર્દ સમજ્યા જ નથી. માટે ક્યાંય ધર્મ અર્થે વેરવિરોધ કે ઝઘડા ન હોય. કારણ કે ધર્મ તો દરેકની સમજણ અને યોગ્યતા અનુસાર જ દરેકને પરિણમવાનો. તેથી તેમાં મતભેદ અવશ્ય રહેવાના જ. પરંતુ તે મતભેદને મત-ભેદથી અધિક, કોઈ રાગ-દ્વેષના કારણરૂપ વેર-વિરોધ અને ઝઘડાનું રૂપ આપવું તે, તે જ ધર્મ માટે મૃત્યુઘંટ સમાન છે.

તેથી અમો તો સર્વને એક જ વાત જણાવીએ છીએ કે ધર્મને નામે આવા વેરવિરોધ અને ઝઘડાઓ હોય, તો તેને ખતમ કરી દેવા અને સર્વ જનોએ પોતાના મનમાંથી પણ કાઢી નાંખવા. અન્યથા તે વેરવિરોધ અને ઝઘડાઓ આપને મોક્ષ તો દૂર રહો, પરંતુ વર્તમાન જીવનમાં પણ શાંતિ-સમાધિને આવવા-ટકવા નહીં દે, બીજાઓને પણ જૈનધર્મથી વિમુખ કરશે તથા તમારા પણ અનંત સંસારનું કારણ બનશે. તેથી જેને જેની સાથે જે વેરવિરોધ હોય તેણે તેને ક્ષમાવી દેવો જ હિતાવહ છે અને ભૂલી જવો જ હિતાવહ છે અને તેમાં જ જિનધર્મનું હિત સમાયેલું છે. કારણ કે આવા વેરવિરોધ અને ઝઘડા પણ ધર્મને વિપરીત રૂપે ગ્રહણ કરેલ છે તેનું જ ફળ છે. અન્યથા જેણે ધર્મને સમ્યક્રૂપે ગ્રહણ કરેલ હોય તેના મનમાં વેરવિરોધ કેમ ઊઠે ? માત્ર કરુણા જ જન્મે, નહિ કે વેરવિરોધ અથવા ઝઘડા. આ જ સમજવાની વાત છે અને તેથી સર્વ જનોએ ધર્મ નિમિત્તના વેરવિરોધ અથવા ઝઘડા ભૂલીને સત્ય ધર્મનો ફેલાવો કરવા જેવો છે - એમ અમારું માનવું છે.

હવે અમે નિયમસાર અનુસાર સમ્યગ્દર્શનનો અને સમ્યગ્ધ્યાનનો વિષય જણાવીએ છીએ.

# ૩૨

# નિયમસાર અનુસાર ધ્યાન અને સમ્યગ્દર્શનનો વિષય

**આ**ગળ આપણે **શ્રી નિયમસાર શાસ્ત્ર** પદ્મપ્રભમલધારિદેવ કૃત ટીકાની ગાથાઓ તથા શ્લોકો જોઈશું કે જેમાં સમ્યગ્દર્શનનો વિષય અને સમ્યગ્દષ્ટિના ધ્યાનનો વિષય, ઠરવાનો વિષય જણાવેલ છે.

ગાથા ૩૮ : અન્વયાર્થ :- ''જીવાદિ બાહ્ય તત્ત્વ હેય(=ત્યાજ્ય) છે. કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય(=આદરણીય) છે.'' અત્ર જે જીવાદિ વિશેષરૂપ (અર્થાત્ પર્યાયરૂપ) તત્ત્વો હેય કહ્યા છે અર્થાત્ કર્મોના નિમિત્તે થયેલ જીવના વિશેષભાવો(અર્થાત્ વિભાવપર્યાયો)ને હેયરૂપ જણાવેલ છે, તેનો અર્થ એવો છે કે તે ભાવોમાં સમ્યગ્દષ્ટિ જીવને અનુભવકાળે 'હુંપણું' નથી હોતું. તે અપેક્ષાએ તે હેયરૂપ છે. જ્યારે તે પર્યાયો (અર્થાત્ પૂર્ણ દ્રવ્ય)માં છુપાયેલ સામાન્યભાવ અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા સમ્યગ્દર્શનનો વિષય હોવાથી આત્માને ઉપાદેય છે. તેમાં જ 'હુંપણું' કરવા યોગ્ય છે. કારણ કે તે ત્રિકાળી શુદ્ધભાવ છે અને શુદ્ધ દ્રવ્યાર્થિક નયના ચક્ષુથી આત્મા માત્ર તેટલો જ છે અને તેવો જ (શુદ્ધ જ) છે. તેથી આ શુદ્ધાત્મા સિવાયના તમામ ભાવો જીવમાં જ થતા હોવા છતાં, તે અન્યના લક્ષે થતા વિશેષ ભાવ હોવાથી, તેમાં સમ્યગ્દષ્ટિ જીવને અનુભવકાળે 'હુંપણું' (એકત્વ) નથી હોતું. તે અપેક્ષાએ તેઓ જીવના ભાવ જ નથી - તેમ પૂર્વે જણાવેલ છે. તે જ ભાવ આગળ ગાથામાં દર્શાવ્યો છે.

શ્લોક ૬૦ :- ''સતતપણે અખંડ જ્ઞાનની (અર્થાત્ જે જ્ઞાન વિકલ્પવાળું છે તે ખંડ ખંડ છે. તેથી તે જ્ઞાનાકારોને ગૌણ કરતા જ અખંડ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તે જ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા કહેવાય છે.) સદ્ભાવનાવાળો આત્મા (અર્થાત્ ''હું અખંડ જ્ઞાન છું'' એવું જ્ઞાનમાં લબ્ધિરૂપે જેને નિરંતર વર્તે છે તે આત્મા) સંસારના ઘોર વિકલ્પને પામતો નથી, પરંતુ નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરતો થકો પરપરિણતિથી દૂર, અનુપમ, અનઘ (દોષરહિત, નિષ્પાપ, મળરહિત) ચિન્માત્રને (ચૈતન્યમાત્ર આત્માને) પામે છે.'' અર્થાત્ તે જીવ અન્ય યોગ્યતા સહ સમ્યગ્દર્શન-આત્મજ્ઞાન પામે છે. તે જીવ કેવલજ્ઞાન પામે છે.

ગાથા ૪૩ : અન્વયાર્થ :- ''આત્મા (પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા) નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે.''

શ્લોક ૬૪ :- ''જે આત્મા ભવ્યતા વડે પ્રેરિત હોય, તે આત્મા ભવથી વિમુક્ત થવા (અર્થાત્ સમ્યગ્દષ્ટિ થવા અને મોક્ષમાર્ગમાં આગળ વધવા) અર્થે નિરંતર આ આત્માને (અર્થાત્ ઉપર જણાવેલ શુદ્ધાત્માને) ભજો કે જે (આત્મા) અનુપમ જ્ઞાનને આધીન છે, જે સહજ ગુણમણિની ખાણ છે, જે (સર્વ) તત્ત્વોમાં સાર છે અને જે નિજ પરિણતિના સુખસાગરમાં મગ્ન થાય છે.''

શ્લોક ૬૬ :- ''જે અનાકુળ છે, અચ્યુત છે, જન્મ-મૃત્યુ-રોગાદિરહિત છે, સહજ નિર્મળ સુખામૃતમય છે, તે સમયસારને (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા કે જેને કારણસમયસાર અથવા કારણશુદ્ધ પર્યાય પણ કહેવાય છે તેને) હું સમરસ વડે (અર્થાત્ તેમાં જ એકરસ થઈને, તેમાં જ એકત્વ કરીને) સદા પૂજું છું.'' અર્થાત્ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને સદા સમયસારરૂપ-પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માની જ ભાવના ભાવવી જોઈએ, અનુભૂતિ કરવી જોઈએ.

ગાથા ૪૪ : અન્વયાર્થ :- ''આત્મા (શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો વિષય એવો શુદ્ધાત્મા) નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, સર્વદોષવિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ, નિર્માન અને નિર્મદ છે.'' આગળ આચાર્ય ભગવંત કહે છે કે સ્ત્રી-પુરુષ આદિક પર્યાયો, રસ-ગંધ-વર્ણ-સ્પર્શ અને સંસ્થાન તેમ જ સંહનન વગેરે રૂપ પુદ્ગલના પર્યાયો તો આત્માના નથી જ; પરંતુ તેવા જે ભાવ આત્મામાં થાય છે તેમાં પણ મારું 'હુંપણું' નથી. તેનાથી વ્યતિરિક્ત જે પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા છે, તેમાં જ માત્ર મારું 'હુંપણું' છે. તેથી કરીને તેવો જીવ કોઈ પણ લિંગથી (અર્થાત્ વિશેષરૂપ પરિણમનથી - પર્યાયથી) ગ્રહણ થાય તેવો નથી. તેવો જીવ માત્ર અવ્યક્તરૂપ છે અને તે પૂર્વે જણાવ્યા અનુસાર ભાવમનનો વિષય થાય છે અને તે જ શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયરૂપ શુદ્ધાત્માની અપેક્ષાએ 'સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે' એમ કહેવાય છે. અને તેવો શુદ્ધાત્મા જ ઉપાદેય છે અર્થાત્ એકત્વ કરવા યોગ્ય છે.

શ્લોક ૭૩ :- '''શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતા શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે.''

શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી જીવ ત્રણે કાળ સંપૂર્ણ શુદ્ધ જ છે, નહિ કે જીવનો કોઈ ભાગ શુદ્ધ અને બીજો ભાગ અશુદ્ધ. નયપદ્ધતિમાં પૂર્ણ દ્રવ્ય (પ્રમાણનું જ દ્રવ્ય) મલિન પર્યાયરૂપ અથવા પૂર્ણ શુદ્ધરૂપ વગેરે અપેક્ષાએ કહેવાય છે અને તેમ જ સમજાય છે, અન્યથા (એકાંતે) નહિ. જો કોઈ તેને એકાંતે

મલિન અથવા શુદ્ધરૂપ માનવામા આવે તો તેને જૈનદર્શનથી બાહ્ય જ સમજવા. આગળ આચાર્ય ભગવંત સ્વાત્માનુભૂતિ કાળે શેનાથી ભેદજ્ઞાન હોય છે ? તે જણાવે છે. જેમ કે નારકાદિ પર્યાયો, માર્ગણા સ્થાનો, ગુણસ્થાનો, જીવસ્થાનો, બાળ-વૃદ્ધ વગેરે શરીરની અવસ્થાઓ, રાગદ્વેષરૂપ કષાયો હું નથી. હું તેનો કર્તા, કારયિતા નથી અથવા અનુમોદક પણ નથી. અર્થાત્ તેમાં મારો કોઈ કર્તાભાવ નથી અને તે તેને સારા માનતો પણ નથી. આ કથન શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી છે, એકાંતે નહિ. આવા ભાવ સ્વાત્માનુભૂતિ કાળે હોય છે. પરંતુ તેવા ભાવ કરવાથી યોગ્યતા વગર પણ સમ્યગ્દર્શન થશે તેમ ન સમજવું.

ગાથા ૮૨ : અન્વયાર્થઃ- ''આવો ભેદ-અભ્યાસ થતા જીવ મધ્યસ્થ થાય છે. (અર્થાત્ જ્ઞાનીને લબ્ધમાં શુદ્ધાત્મા અને ઉપયોગમાં વર્તમાન દશા હોવાથી, જ્ઞાની તે વર્તમાન અશુદ્ધ દશામાંથી મુક્ત થવાના ઉપાય તરીકે ચારિત્ર ગ્રહણ વગેરે કરે છે કે જેનાથી તે સાક્ષાત્ શુદ્ધાત્મારૂપ મુક્તિ મેળવી શકે, નહિ કે પુણ્યના લક્ષથી ચારિત્ર. અર્થાત્ આ પુરુષાર્થ શુદ્ધાત્માના આશ્રયે, કર્મોથી મુક્તિ મેળવવા માટે જ હોય છે, અન્યથા નહિ.) તેથી ચારિત્ર થાય છે. તેને (ચારિત્રને) દઢ કરવા નિમિત્તે હું પ્રતિક્રમણાદિ કહીશ.''

ગાથા ૮૩ : અન્વયાર્થ :- ''વચનરચનાને છોડીને (અર્થાત્ જે પ્રતિક્રમણ સૂત્ર રૂપ વચનરચના છે તે વિકલ્પરૂપ હોવાથી તેને છોડીને નિર્વિકલ્પ શુદ્ધાત્માને ભાવવો, અનુભવવો અને તેમાં જ સ્થિર થવું તે જ પ્રતિક્રમણાદિનું લક્ષ છે. અને જો તે લક્ષ જ સિદ્ધ થઈ જતું હોય, તો તે વચનરચનારૂપ પ્રતિક્રમણની આવશ્યકતા પૂરી થઈ જાય છે), રાગાદિ ભાવોનું નિવારણ કરીને (અર્થાત્ જીવના રાગાદિ જે ભાવો છે તેને ધ્યાનમાં ન લેતા અર્થાત્ તેને ગૌણ કરીને અર્થાત્ તે રાગાદિ ભાવોમાં 'હુંપણું' નહિ કરીને), જે આત્માને (પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માને) ધ્યાવે છે, તેને (પરમાર્થ) પ્રતિક્રમણ હોય છે.''

ગાથા ૯૨ : અન્વયાર્થ :- ''ઉત્તમાર્થ (ઉત્તમ પદાર્થ) આત્મા છે. (તે શુદ્ધાત્મામાં) તેમાં સ્થિત મુનિવરો કર્મને હણે છે. તેથી ધ્યાન જ (શુદ્ધાત્માનું ધ્યાન જ) ખરેખર ઉત્તમાર્થનું પ્રતિકમણ છે.''

શ્લોક ૧૨૨ :- ''સમસ્ત વિભાવને તથા વ્યવહારમાર્ગના રત્નત્રયને છોડીને (અર્થાત્ સમસ્ત વિભાવને ગૌણ કરી અને વ્યવહાર રત્નત્રયના સર્વ વિકલ્પો શાંત કરીને) નિજ તત્ત્વવેદી (નિજ આત્મતત્ત્વને જાણનાર - અનુભવનાર) મતિમાન પુરુષ શુદ્ધ આત્મતત્ત્વમાં નિયત (જોડાયેલું) એવું

જે એક નિજ જ્ઞાન, બીજું શ્રદ્ધાન અને વળી ત્રીજું ચારિત્ર, તેનો આશ્રય કરે છે.''

શ્લોક ૧૨૩ :- ''આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. (અર્થાત્ ધ્યાન માત્ર શુદ્ધાત્માનું જ શ્રેષ્ઠ છે.) અને ધ્યાન-ધ્યેયાદિક સુતપ (અર્થાત્ ધ્યાન, ધ્યેય વગેરેના વિકલ્પવાળું શુભ તપ પણ) કલ્પનામાત્ર રમ્ય છે (અર્થાત્ ખરેખર સારું નથી, કલ્પનામાત્ર સારું છે) - એવું જાણીને ધીમાન (બુદ્ધિમાન પુરુષ) સહજ પરમાનંદરૂપી પીયૂષના પૂરમાં ડૂબતા (લીન થતા) એવા સહજ પરમાત્માનો (પરમ પારિણામિક ભાવરૂપ કારણ પરમાત્માનો) એકનો આશ્રય કરે છે.''

ગાથા ૯૩ : અન્વયાર્થ :- ''(શુદ્ધ આત્માના) ધ્યાનમાં લીન સાધુ સર્વ દોષોનો પરિત્યાગ કરે છે. તેથી ધ્યાન જ (અર્થાત્ તે શુદ્ધાત્માનું ધ્યાન જ) ખરેખર સર્વ અતિચારનું પ્રતિક્રમણ છે.''

ગાથા ૯૫ : અન્વયાર્થ :- ''સમસ્ત જલ્પને (વચનવિસ્તારને અર્થાત્ વિકલ્પોને) છોડીને (અર્થાત્ ગૌણ કરીને) અને અનાગત શુભ-અશુભનું નિવારણ કરીને (અર્થાત્ શુભાશુભ ભાવોને ગૌણ કરીને=શુભ-અશુભ ભાવોના વિકલ્પોને છોડીને=સર્વ વિભાવભાવોને ગૌણ કરીને=સમયસાર ગાથા ૬ અનુસારનો ભાવ કે જે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી એવો એક જ્ઞાયકભાવરૂપ) જે આત્માને (=શુદ્ધ દ્રવ્યાર્થિક નયના વિષયરૂપ શુદ્ધાત્માને) ધ્યાવે છે, તેને (નિશ્ચય) પ્રત્યાખ્યાન છે.'' અર્થાત્ સર્વ પુરુષાર્થ માત્ર આત્મસ્થિરતારૂપ ચારિત્ર માટે જ છે કે જે સાક્ષાત્ કેવળજ્ઞાનનું કારણ છે. તે સમ્યગ્દર્શન પ્રાપ્તિ બાદ જ હોય છે.

ગાથા ૯૬ : અન્વયાર્થ :- ''કેવળ જ્ઞાન સ્વભાવી, કેવળ દર્શન સ્વભાવી, સુખમય અને કેવળ શક્તિ સ્વભાવી તે હું છું -એમ જ્ઞાની ચિંતવે છે.'' અર્થાત્ જ્ઞાની પોતાને કારણ સમયસારરૂપ શુદ્ધાત્મા જ અનુભવે છે. જો અજ્ઞાની આવું ચિંતવે તો તે અવશ્ય ભમરૂપે જ પરિણમશે.

શ્લોક ૧૨૮ :- ''સમસ્ત મુનિજનોના હૃદયકમળનો (મનનો) હંસ એવો જે આ શાશ્વત (ત્રિકાળી શુદ્ધ) કેવળ જ્ઞાનની મૂર્તિરૂપ (જ્ઞાનમાત્ર), સકળ વિમળ દષ્ટિમય (શુદ્ધ દ્રવ્યાર્થિક નયનો વિષય - શુદ્ધ દ્રવ્યદષ્ટિનો વિષય એવો શુદ્ધાત્મા), શાશ્વત આનંદરૂપ, સહજ પરમ ચૈતન્ય શક્તિમય (પરમ પારિણામિક જ્ઞાનમય) પરમાત્મા જયવંત છે.'' અર્થાત્ તેને જ ભાવવા જેવો છે, તેમાં જ 'હુંપણું' કરવા યોગ્ય છે. આત્માની અન્ય યોગ્યતાઓ સહ સમ્યગ્દર્શન પ્રાપ્તિ હોય છે.

ગાથા ૯૭ : અન્વયાર્થ :- ''જે નિજ ભાવને છોડતો નથી (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ સહજ પરિણમન, ત્રણે કાળે એવું ને એવું જ થવાથી અર્થાત્ ઊપજવાથી અને તે જ તેનો નિજ ભાવ હોવાથી, જણાવેલ છે કે તે નિજ ભાવને છોડતો નથી અને બીજું જ્ઞાનીને લબ્ધરૂપે તે

જ ભાવ રહેતો હોવાની અપેક્ષાએ પણ કહ્યું છે કે નિજ ભાવને છોડતો નથી), કાંઈ પણ પરભાવને ગ્રહતો નથી (અર્થાત્ કોઈ પણ પરભાવમાં 'હુંપણું' ન કરતો હોવાથી તેને ગ્રહતો નથી એમ કહ્યું છે), સર્વને જાણે-દેખે છે (અર્થાત્ તેને જ્ઞાનમાત્ર ભાવમાં જ 'હુંપણું' હોવાથી સર્વને જાણે-જોએ છે, પરંતુ પરમાં 'હુંપણું' કરતો નથી), તે 'હું છું' (અર્થાત્ શુદ્ધાત્મા તે 'હું છું.') એમ જ્ઞાની ચિંતવે છે.'' અર્થાત્ અનુભવે છે અને ધ્યાવે છે એટલે કે તે જ ધ્યાનનો અને સમ્યગ્દર્શનનો વિષય છે.

શ્લોક ૧૨૯ :- ''આત્મા આત્મામાં નિજ આત્મિક ગુણોથી સમૃદ્ધ આત્માને (અર્થાત્ શુદ્ધાત્માને) - એક પંચમભાવને (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ આત્માને) જાણે છે અને દેખે છે (અનુભવે છે); તે સહજ એક પંચમભાવને (અર્થાત્ આત્માના સહજ પરિણમનરૂપ પંચમભાવ - પરમ પારિણામિક ભાવને) એણે છોડ્યો નથી જ અને અન્ય એવા પરમભાવને (અર્થાત્ ઔદયિક, ઉપશમ અને ક્ષયોપશમ ભાવને) કે જે ખરેખર પૌદ્‌ગલિક વિકાર છે તેને - એ ગ્રહતો નથી ('હુંપણું' કરતો નથી) જ.''

શ્લોક ૧૩૩ :- ''જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે (અર્થાત્ સમ્યગ્દર્શનનો વિષય છે. કારણ કે સમ્યગ્દર્શન એ મુક્તિસામ્રાજ્યનું મૂળ છે) એવા આ નિરુપમ, સહજ પરમાનંદવાળા ચિદ્રૂપને (ચૈતન્યના સ્વરૂપને = સામાન્ય જ્ઞાનમાત્રને) એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે. (અર્થાત્ એક સામાન્ય જ્ઞાનમાત્ર ભાવ કે જે સહજ પરિણમનયુક્ત પરમ પારિણામિક ભાવ છે, તેમાં જ ડાહ્યા પુરુષોએ 'હુંપણું' કરવા યોગ્ય છે.) તેથી હે મિત્ર ! તું પણ મારા ઉપદેશના સારને (અર્થાત્ આ જ સર્વ જિનાગમોનો સાર છે, સમયનો સાર છે. આ સમયસારને) સાંભળીને, તુરંત જ ઉગ્રપણે આ ચૈતન્ય ચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર.''

એટલે કે તું પણ તેને જ લક્ષમાં લે અને તેમાં જ 'હુંપણું' કર કે જેથી તું પણ (જો આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) આત્મજ્ઞાની તરીકે પરિણમી જઈશ અર્થાત્ તને પણ સમ્યગ્દર્શન પ્રગટ થશે. અર્થાત્ અત્ર સમ્યગ્દર્શનની રીત જણાવેલ છે.

શ્લોક ૧૩૫ :- ''મારા સહજ સમ્યગ્દર્શનમાં, શુદ્ધ જ્ઞાનમાં, ચારિત્રમાં, સુકૃત અને દુષ્કૃતરૂપી કર્મદ્વંદ્વના સંન્યાસકાળમાં (અર્થાત્ સમયસાર ગાથા ૬ અનુસારનો ભાવ=જે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી એવા એક જ્ઞાયકભાવરૂપ) સંવરમાં અને શુદ્ધ યોગમાં (શુદ્ધોપયોગમાં) તે પરમાત્મા જ છે. (સમ્યગ્દર્શનાદિ બધાયનો આશ્રય - અવલંબન શુદ્ધાત્મા જ છે કે જે સિદ્ધસમ જ ભાવ છે.) મુક્તિની પ્રાપ્તિ માટે જગતમાં બીજો કોઈ પણ પદાર્થ નથી, નથી.'' અત્ર દૃષ્ટિના વિષયની જ દૃઢતા કરાવેલ છે.

શ્લોક ૧૩૬ :- ''જે ક્યારેક નિર્મળ દેખાય છે, ક્યારેક નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે, વળી ક્યારેક અનિર્મળ દેખાય છે અર્થાત્ શુદ્ધ નય(દ્રવ્યદૃષ્ટિ)થી નિર્મળ જણાય છે, પ્રમાણદૃષ્ટિથી નિર્મળ તેમ જ અનિર્મળ દેખાય છે અને અશુદ્ધ નય(પર્યાયદૃષ્ટિ)થી અનિર્મળ દેખાય છે. તેથી અજ્ઞાનીને માટે જે ગહન છે. (એટલે જ ઘણા લોકો આત્માને એકાંતે શુદ્ધ અથવા અશુદ્ધ ધારી લે છે અને બીજા લોકો આત્માનો એક ભાગ શુદ્ધ અને એક ભાગ અશુદ્ધ એવી ધારણા કરી લે છે.) તે જ કે જેણે નિજ જ્ઞાનરૂપી દીપક વડે પાપતિમિરને નષ્ટ કર્યું છે તે જ (અર્થાત્ જેણે પ્રજ્ઞાછીણી=તીવ્ર બુદ્ધિ વડે સર્વ વિભાવભાવને ગૌણ કરીને જે પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા ગ્રહણ કર્યો છે=તેમાં જ 'હુંપણું' કર્યું છે અને તેમ કરતા જ સમ્યગ્દર્શનરૂપ દીપ પ્રગટાવીને પાપતિમિરને નષ્ટ કર્યું છે, તે જ શુદ્ધાત્મા) સત્પુરુષોના (જ્ઞાનીના) હૃદયકમળરૂપી ઘરમાં (મનમાં) નિશ્ચયપણે સંસ્થિત છે (સારી રીતે સ્થિરતા પામેલું છે).''

ગાથા ૧૦૨ : અન્વયાર્થ :- ''જ્ઞાનદર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે. બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે.''

આ ભેદજ્ઞાનની ગાથા છે. તેમાં સમ્યગ્દર્શન માટેનું ભેદજ્ઞાન કઈ થાય છે ? તે જણાવેલ છે કે જે 'જોવા-જાણવાવાળો આત્મા છે તે હું' અને અન્ય સર્વ ભાવો (જ્ઞેયો) તેમાં ગૌણ થતા હોવાથી જ તે ભાવો બાહ્ય કહ્યા, કારણ કે તેનાથી જ ભેદજ્ઞાન કરવાનું છે, થાય છે.

શ્લોક ૧૪૮ :- ''તત્ત્વમાં નિષ્ણાત બુદ્ધિવાળા જીવના હૃદયકમળરૂપ અભ્યંતરમાં (ભાવમનમાં) જે સુસ્થિત (સારી રીતે સ્થિરતા પામેલું) છે, તે સહજ તત્ત્વ (પરમ પારિણામિક ભાવરૂપ સહજ પરિણામી શુદ્ધાત્મા) જયવંત છે (તે જ સર્વસ્વ છે). તે સહજ તેજે મોહાંધકારનો નાશ કર્યો છે (અર્થાત્ દર્શનમોહનો ઉપશમ, ક્ષયોપશમ અથવા તો ક્ષય કરેલ છે) અને તે (સહજ તેજ) (સમ્યગ્દર્શનનો વિષય) નિજ રસના ફેલાવથી પ્રકાશતા જ્ઞાનના પ્રકાશમાત્ર છે.''

શ્લોક ૧૪૯ :- ''વળી, જે (સહજ તત્ત્વ = શુદ્ધાત્મા) અખંડિત છે (અર્થાત્ આત્મામાં કોઈ ભાગ શુદ્ધ અને કોઈ ભાગ અશુદ્ધ એમ નથી. પૂર્ણ આત્મા - અખંડ આત્મા જ દ્રવ્યદૃષ્ટિએ શુદ્ધાત્મારૂપ જણાય છે), શાશ્વત છે (અર્થાત્ ત્રણે કાળ એવો ને એવો ઊપજે છે = પરિણમે છે), સકળ દોષોથી દૂર છે (=સકળ દોષોથી ભેદજ્ઞાન કરેલ હોવાથી, તે સામાન્યભાવ હોવાથી સકળ દોષોથી દૂર છે), ઉત્કૃષ્ટ છે (=સિદ્ધસદશભાવ છે), ભવસાગરમાં ડૂબેલા જીવસમૂહને (=સર્વ સંસારી જીવોને) નૌકા સમાન છે (=મુક્તિનું કારણ છે = સમ્યગ્દર્શનનો વિષય છે) અને પ્રબળ સંકટોના

સમૂહરૂપી દાવાનળને (=કોઈ પણ પ્રકારના ઉપસર્ગરૂપ સંકટોમાં કષાયના ઉકળાટને ઠારવા) માટે જળ સમાન છે (=શુદ્ધાત્માનું અવલંબન લેતા જ સંકટો ગૌણ થઈ જાય છે, પર થઈ જાય છે), તે સહજ તત્ત્વને હું પ્રમોદથી સતત નમું છું.'' અર્થાત્ પ્રમોદથી સતત ભાવું છું, તેનું જ ધ્યાન કરું છું. કે જે સમ્યગ્દર્શન પ્રાપ્તિ બાદ જ હોય છે.

ગાથા ૧૦૭ : અન્વયાર્થ :- ''નોકર્મ અને કર્મથી રહિત (અર્થાત્ પ્રથમ, પુદ્‍ગલથી ભેદજ્ઞાન કર્યું કે જે આત્માથી પ્રગટ ભિન્ન છે) તથા વિભાવગુણપર્યાયોથી વ્યતિરિક્ત (અર્થાત્ બીજું, આત્મા જે કર્મોના નિમિત્તે વિભાવભાવરૂપે અર્થાત્ ઔદયિક ભાવરૂપે પરિણમે છે તેનાથી ભેદજ્ઞાન કર્યું. અર્થાત્ તે ભાવો થાય છે તો આત્મામાં જ - મારામાં જ, પરંતુ તે ભાવ મારું ત્રિકાળી સ્વરૂપ ન હોવાથી તેમાં 'હુંપણું' નહિ કરતા અર્થાત્ તેને ગૌણ કરતા જ તેનાથી રહિત શુદ્ધાત્મા પ્રાપ્ત થાય છે, તેવા) આત્માને (અર્થાત્ શુદ્ધ આત્માને) જે ધ્યાવે છે, તે શ્રમણને (પરમ) આલોચના છે.''

શ્લોક ૧૫૨ :- ''ઘોર સંસારના મૂળ એવા સુકૃત અને દુષ્કૃતને સદા આલોચી આલોચીને (એટલે કે સમયસાર ગાથા ૬ અનુસારનો ભાવ=જે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી એવો એક જ્ઞાયકભાવરૂપ ભાવ. બીજું અત્ર પુણ્ય અને પાપ, એ બંનેને ઘોર સંસારના મૂળ કહ્યા છે. તેના વિશે અમે પૂર્વે જણાવ્યા અનુસાર સમજવું. અર્થાત્ બન્ને આત્માને બંધનરૂપ હોઈને સંસારથી મુક્તિ માટે ઇચ્છનીય નથી. છતાં કોઈએ એવું ન સમજવું કે 'પાપ અને પુણ્ય –એ બંને હેય હોવાથી આપણને પાપ કરવાનો પરવાનો મળેલ છે.' તેવું સમજશે તે નિયમથી અનંત સંસારી જ છે. પરંતુ પાપનો વિચાર પણ નહિ કરતા, માત્ર આત્મલક્ષે સુકૃત કરવા જેવું છે. અને તે શુભ ભાવ પણ શુદ્ધ ભાવથી વિરુદ્ધભાવ હોવાથી, શુદ્ધ ભાવમાં 'હુંપણું' કરતા અથવા માત્ર શુદ્ધ ભાવના લક્ષે ભલે આપ નિયમથી શુભમાં જ રહો પણ તેના ઉપર આદરભાવે નહિ. આદરભાવ માત્ર શુદ્ધ ભાવ ઉપર જ અને રહેવું પણ છે શુદ્ધ ભાવમાં જ. પરંતુ જ્યારે આપ શુદ્ધ ભાવથી સ્ખલિત થાવ અથવા શુદ્ધ ભાવની પ્રાપ્તિ ન થઈ હોય તો શુદ્ધ ભાવના લક્ષે રહેવું તો નિયમથી શુભમાં જ. અશુભ ભાવનો તો પડછાયો પણ લેવા યોગ્ય નથી. તેથી અત્ર કોઈએ છળ ગ્રહણ કરી શુભ ભાવ છોડીને અશુભનું આચરણ ન કરવું. ત્રીજું, અત્ર દષ્ટિના વિષયરૂપ શુદ્ધાત્મા ઈષ્ટ છે, સામાન્યભાવ ઈષ્ટ છે કે જેમાં સુકૃત અને દુષ્કૃતરૂપ વિભાવભાવને સદા આલોચી આલોચીને અર્થાત્ અત્યંત ગૌણ કરીને) હું નિરુપાધિક (સ્વાભાવિક) ગુણવાળા શુદ્ધાત્માને આત્માથી જ અવલંબું છું. (અર્થાત્ શુદ્ધાત્મામાં જ રહેવાનો પ્રયત્ન કરું છું.) પછી (=તેનાથી જ) દ્રવ્યકર્મસ્વરૂપ સમસ્ત પ્રકૃતિને અત્યંત નાશ પમાડીને

(=ઘાતીકર્મનો નાશ કરી કેવળજ્ઞાન-કેવળદર્શનરૂપ) સહજ વિલસતી જ્ઞાનલક્ષ્મીને હું પામીશ.'' અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવને પણ ધ્યાનના વિષયરૂપ શુદ્ધાત્મા (સામાન્યભાવ) જ છે.

શ્લોક ૧૫૫ :- ''જેણે જ્ઞાનજ્યોતિ વડે (=જ્ઞાનમાત્રભાવના અવલંબને) પાપતિમિરના પુંજનો નાશ કર્યો છે (=તેનું 'હું પણું' જ્ઞાનમાત્રભાવમાં=પરમ પારિણામિક ભાવમાં જ હોવાથી સર્વ પાપોના ઉદયરૂપ ઔદયિક ભાવને અત્યંત ગૌણ કર્યા છે) અને જે પુરાણ (=સનાતન=ત્રિકાળી શુદ્ધ) છે એવો આત્મા પરમ સંયમીઓના ચિત્તકમળમાં (=ભાવમનમાં) સ્પષ્ટ છે. તે આત્મા (=શુદ્ધાત્મા-સામાન્યભાવ) સંસારી જીવોના વચન-મનોમાર્ગથી અતિક્રાંત છે (=વચન અને મનથી સ્પષ્ટ કરી શકવા અથવા વ્યક્ત કરી શકવા યોગ્ય નથી). આ નિકટ પરમપુરુષમાં (=આ નિકટમાં જ મોક્ષ પામવા યોગ્ય પુરુષમાં) વિધિ શો અને નિષેધ શો ?''

એટલે કે આવા શુદ્ધાત્મામાં મગ્ન રહેવાવાળા પરમ પુરુષ, કોઈ વિધિને અનુસરે અથવા સંયોગ-શક્તિ-ઔચિત્યાદિને કારણે ન અનુસરે તો તેમને તેમાં કોઈ જ દોષ નથી. તેમને શુદ્ધાત્મામાં મગ્ન રહેવા સિવાય કોઈ વિધિ નથી. આ આશયથી તેમના માટે કોઈ વિધિ-નિષેધ નથી -એમ અહીં જણાવેલ છે.

શ્લોક ૧૫૬ :- ''જે સકળ ઇન્દ્રિયોના સમૂહથી ઉત્પન્ન થતા કોલાહલથી વિમુક્ત છે (=જે જ્ઞાન સકળ ઇન્દ્રિયોથી થાય છે તેવા જ્ઞાનાકારરૂપ વિશેષ, જેમાં ગૌણ છે તેવું સામાન્ય જ્ઞાન છે), જે નય અને અનયના સમૂહથી દૂર (=નયાતીત છે. કારણ કે નયો વિકલ્પાત્મક હોય છે અને સમ્યગ્દર્શનનું વિષયરૂપ સ્વરૂપ, સર્વે વિકલ્પોથી રહિત છે=તે નયાતીત) હોવા છતાં યોગીઓને (=આત્મજ્ઞાનીઓને) ગોચર છે (=નિત્ય લબ્ધરૂપ અને ક્યારેક ઉપયોગરૂપ છે), જે સદા શિવમય છે (=સિદ્ધસદશભાવ છે), ઉત્કૃષ્ટ છે અને જે અજ્ઞાનીઓને પરમ દૂર છે. (કારણ કે તેઓ શુદ્ધાત્માને એકાંતે ગ્રહણ કરવાનો પ્રયાસ કરે છે કે જેવો તે છે નહીં, તેવી તેની કલ્પના કરી ગ્રહણ કરવાનો પ્રયાસ કરે છે. તેથી તેઓ માત્ર ભ્રમમાં જ રહે છે અને સત્યસ્વરૂપથી જોજનો દૂર રહે છે.) એવું આ અનઘ (શુદ્ધ) ચૈતન્યમય સહજતત્ત્વ અત્યંત જયવંત (ફરી ફરી અવલંબન કરવા યોગ્ય) છે.''

શ્લોક ૧૫૭ :- ''નિજ સુખરૂપી સુધાના સાગરમાં (અત્ર એક ખુલાસો જરૂરી છે કે કોઈ વર્ગ એવું માને છે કે યોગપદ્ધતિએ સુધારસનું પાન કરવાથી આત્માનો અનુભવ થાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન થાય છે. તેઓએ એક વાત અત્ર સમજવા જેવી છે કે જે અતીન્દ્રિય આનંદ છે કે જે સ્વાત્માનુભૂતિથી આવે છે તેને જ શાસ્ત્રોમાં સુધાનો સાગર અર્થાત્ સુધારસ કહ્યો છે. પરંતુ કોઈ

શારીરિક ક્રિયા અથવા તો પુદ્ગલરૂપી રસ વિશેની અહીં વાત નથી. કારણ કે અનુભવકાળે કોઈ દેહભાવ જ હોતો નથી. પોતે માત્ર શુદ્ધાત્મારૂપ જ હોય છે, તો પુદ્ગલરૂપી રસની વાત જ ક્યાંથી હોય ? અર્થાત્ ન જ હોય) ડૂબતા (લીન થતા) આ શુદ્ધાત્માને જાણીને ભવ્ય જીવ પરમગુરુ દ્વારા (આ જ્ઞાનનો પ્રાયઃ અભાવ હોવાથી તેની દુર્લભતા બતાવવા પરમગુરુ શબ્દ વાપર્યો છે) શાશ્વત સુખને પામે છે. તેથી ભેદના અભાવની દૃષ્ટિએ (અર્થાત્ સ્વાનુભૂતિમાં કોઈ જ ભેદ નથી. અર્થાત્ ત્યાં દ્રવ્યપર્યાયરૂપી ભેદ અથવા તો પર્યાયના નિષેધરૂપ વગેરે કોઈ જ ભેદ નથી. તેમાં તો માત્ર દ્રવ્યદૃષ્ટિ જ મહત્ત્વની છે કે જેમાં પર્યાય જણાતો જ નથી અર્થાત્ પૂર્ણ દ્રવ્ય માત્ર શુદ્ધાત્મારૂપ જ જણાય છે; એવી દૃષ્ટિએ) જે સિદ્ધિથી ઉત્પન્ન થતા સૌખ્ય (=અતીન્દ્રિય આનંદ, નહિ કે પુદ્ગલરૂપી સુધારસ) વડે શુદ્ધ છે એવા કોઈ (અદ્ભુત) સહજતત્ત્વને (=પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માને) હું પણ સદા અતિ અપૂર્વ રીતે અત્યંત ભાવું છું.''

શ્લોક ૧૫૮ :- ''સર્વ સંગથી નિર્મુક્ત, નિર્મોહરૂપ, અનઘ અને પરભાવથી મુક્ત એવા આ પરમાત્મતત્ત્વને (આવી રીતે ભેદજ્ઞાનપૂર્વક ગ્રહણ કરેલ શુદ્ધાત્માને) હું નિર્વાણરૂપી સ્ત્રીથી ઉત્પન્ન થતા અનંગ સુખને (અતીન્દ્રિય સુખને) માટે નિત્ય સંભાવું છું (સમ્યક્પણે ભાવું છું - અનુભવું છું) અને પ્રણમું છું.''

શ્લોક ૧૫૯ :- ''નિજ ભાવથી ભિન્ન એવા સકળ વિભાવને છોડીને (=અત્ર ભેદજ્ઞાનની રીત બતાવેલ છે.) એક નિર્મળ ચિન્માત્રને (=જ્ઞાનસામાન્યરૂપ પરમ પારિણામિક ભાવને) હું ભાવું છું. સંસારસાગરને તરી જવા માટે, અભેદ કહેલા (ઉપર જે રીતે અભેદ સમજાવ્યું છે, તે રીતે અભેદ કહેલા) મુક્તિના માર્ગને પણ હું નિત્ય નમું છું.''

શ્લોક ૧૬૦ :- ''જે કર્મના દૂરપણાને લીધે (=કર્મો અને તેના નિમિત્તે થવાવાળા ભાવોથી ભેદજ્ઞાન કરવાથી તે ગૌણ થઈ ગયેલ છે અને પોતાને શુદ્ધાત્મા પ્રાપ્ત થયેલ છે. તેને લીધે) પ્રગટ સહજાવસ્થાપૂર્વક (=સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવ કે જે પંચમભાવ પણ કહેવાય છે, તેમાં જ 'હુંપણું' કરી) રહેલો છે, જે આત્મનિષ્ઠાપરાયણ (=આત્મસ્થિત) સમસ્ત મુનિઓને મુક્તિનું મૂળ છે. (અર્થાત્ આવા શુદ્ધાત્મામાં જ ''હુંપણું'' કરવા જેવું છે અને તેનું જ ધ્યાન કરવા જેવું છે. અર્થાત્ તેને જ સેવવાથી મુક્તિ મળે છે. શ્રેણી મંડાય છે અને કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રાપ્ત કરે છે અને આયુ ક્ષયે મોક્ષ પામે છે. તેથી શુદ્ધાત્માને મુક્તિનું મૂળ કહ્યું છે.) જે એકાકાર છે. (અર્થાત્ સદા એવો ને એવો જ ઊપજતો હોવાથી ત્રિકાળી શુદ્ધ=ત્રણે કાળ એક જેવો જ છે. તેથી તેને

ત્રિકાળી ધ્રુવ પણ કહેવાય છે.) જે નિજ રસના ફેલાવાથી ભરપૂર હોવાને લીધે (અત્ર નિજ રસ કહ્યો કે જે આત્માનો અરૂપી અતીન્દ્રિય આનંદ છે, નહિ કે કોઈ રૂપી પુદ્ગલ દ્રવ્યરૂપ સુધારસ) પવિત્ર છે અને જે પુરાણ છે. (=સનાતન છે - ત્રણે કાળે એવો ને એવો જ ઊપજતો થકો તે સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવ કહેવાય છે.) તે શુદ્ધ-શુદ્ધ (=જે અનાદિ-અનંત શુદ્ધ) એક પંચમ ભાવ સદા જયવંત (=જ્ઞાનીને તે વારંવાર આલંબન કરવા યોગ્ય) છે.''

શ્લોક ૧૬૧ :- ''અનાદિ સંસારથી સમસ્ત જનતાને (-જનસમૂહને) તીવ્ર મોહના ઉદયને લીધે જ્ઞાનજ્યોતિ સદા મત્ત છે, કામને વશ છે (અત્ર આચાર્ય ભગવંતે જનતાની સ્થિતિનું બયાન કરેલ છે કે આપ સૌ વિષયકષાયમાં રત છો અને ઉપદેશ પણ આપેલ છે કે આપ તે વિષયકષાયમાં રતપણું-વશપણું છેદીને-છોડીને જ્ઞાનજ્યોતિનો અનુભવ કરો) અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે. (=સંસારની તમામ હોશિયારી હોવા છતાં પોતાના આત્માની પ્રાપ્તિ માટે યોગ્ય કાળની રાહ જોતો નિયતિવાદી બનીને બેસી રહે છે અને પોતાનો પૂર્ણ પુરુષાર્થ સંસાર માટે વાપરે છે અને નિજ આત્મકાર્યમાં મૂઢ છે. પુરુષાર્થહીન છે.) મોહના અભાવથી આ જ્ઞાનજ્યોતિ શુદ્ધ ભાવને પામે છે (=પરમ પારિણામિક ભાવના અનુભવનથી અને સેવનથી શ્રેણી માંડીને મોહનો અભાવ કરી જ્ઞાનજ્યોતિ અર્થાત્ સમ્યગ્દષ્ટિ આત્મા, કેવળજ્ઞાન - કેવળદર્શનરૂપ શુદ્ધ ભાવને પ્રાપ્ત કરે છે) કે જે શુદ્ધભાવે દિશામંડળને ધવલિત (=ઉજ્જ્વળ) કર્યું છે. (=તેથી ત્રણ કાળ - ત્રણ લોક સહજ જણાય છે) અને સહજ અવસ્થાને પ્રગટ કરી છે (=સર્વ ગુણોની સાક્ષાત્ શુદ્ધ દશા પ્રગટ કરેલ છે).'' આ જ રીત છે સિદ્ધત્વની પ્રાપ્તિની.

શ્લોક ૧૬૭ :- ''શુભ અને અશુભથી રહિત શુદ્ધ ચૈતન્યની ભાવના (=વિભાવભાવરહિત શુદ્ધાત્મા =પરમ પારિણામિક ભાવની જ ભાવના કે જે ભાવ શ્રી સમયસાર ગાથા ૬માં કહ્યા અનુસાર પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. માત્ર એક જ્ઞાયકભાવ છે.) મારા અનાદિ સંસારરોગનું ઉત્તમ ઔષધ છે.'' અર્થાત્ જે નિર્વિકલ્પ આત્માસ્વરૂપ છે, શુદ્ધાત્મા છે. તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને સમ્યગ્દષ્ટિને આગળની સાધનામાં તે જ ધ્યાનનો પણ વિષય છે.

શ્લોક ૧૭૦ :- ''જેણે સહજ તેજથી (=સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માને ભાવવાથી) રાગરૂપી અંધકારનો નાશ કર્યો છે (=રાગરૂપી વિભાવભાવનો જેના ભાવવાથી નાશ થયેલ છે. તેના કારણે વીતરાગતા આવી છે), જે મુનિવરોના મનમાં વસે છે (=મુનિવરો તેનું જ ધ્યાન કરે છે અને તેને જ સેવે છે, તેમાં જ વધારે ને વધારે સ્થિરતા કરવાનો પુરુષાર્થ કરે છે),

જે શુદ્ધ શુદ્ધ (=જે અનાદિ-અનંત શુદ્ધ) છે, જે વિષયસુખમાં રત જીવોને સર્વદા દુર્લભ છે. (=મુમુક્ષુ જીવે તમામ વિષય-કષાય પ્રત્યેનો આદર છોડી દેવો જરૂરી છે. અત્યંત આવશ્યકતા સિવાય તેનું જરા પણ સેવન ન કરવાથી તેના પ્રત્યેનો આદર નીકળી જાય છે. તેની પરીક્ષા અર્થે 'મને શું ગમે છે ?' એવો પ્રશ્ન પોતાને પૂછીને તેનો ઉત્તર તપાસવો અને જો ઉત્તરમાં સંસાર અથવા સંસારના સુખો પ્રત્યેનો આકર્ષણ/આદરભાવ હોય તો સમજવું કે મને હજુ વિષય-કષાયનો આદર છે, સંસારનો આદર છે કે જે છોડવા જેવો છે. કારણ કે તે અનંત પરાવર્તન કરાવવા સક્ષમ છે), (શુદ્ધાત્મા) જે પરમ સુખનો સમુદ્ર છે, જે શુદ્ધ જ્ઞાન છે. (=તે જ્ઞાનસામાન્ય માત્ર છે.) અને જેણે નિદ્રાનો નાશ કર્યો છે. (=આ શુદ્ધાત્માને ભાવતા જેઓએ કેવળજ્ઞાન - કેવળદર્શન પ્રાપ્ત કર્યું છે, તેઓને આ ભાવનાના બળે જ નિદ્રાનો નાશ થયો છે.) તે આ (શુદ્ધાત્મા) જયવંત છે (અર્થાત્ તે શુદ્ધાત્મા જ સર્વસ્વ છે).''

શ્લોક ૧૯૦ :- ''જેણે નિત્ય જ્યોતિ (=અનાદિ-અનંત શુદ્ધ ભાવરૂપ પરમ પારિણામિક ભાવ) વડે તિમિરપુંજનો નાશ કર્યો છે, જે આદિ-અંતરહિત છે (=ત્રણે કાળે શુદ્ધ જ છે), જે પરમ કળા સહિત છે અને જે આનંદમૂર્તિ છે એવા એક શુદ્ધાત્માને જે જીવ શુદ્ધાત્મામાં અવિચળ મનવાળો થઈને નિરંતર ધ્યાવે છે (=તેનું જ ધ્યાન કરે છે), તે આ આચારરાશિ (=ચારિત્રવાન) જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે.''

શ્લોક ૧૯૩ :- ''આ ધ્યાન છે, આ ધ્યેય છે, આ ધ્યાતા છે, અને પેલું ફળ છે - આવી વિકલ્પજાળોથી જે મુક્ત છે (=જે નિર્વિકલ્પ શુદ્ધાત્મા છે) તેને હું નમું છું (=સ્તવું છું, સમ્યક્ પ્રકારે ભાવું છું).''

તેથી તેનું જ હું ધ્યાન ધરું છું અને તેમાં જ 'હુંપણું' કરું છું કે જેથી હું નિર્વિકલ્પ થાઉં છું=અનુભવું છું. સમજવાનું એ છે કે કોઈ પણ વિકલ્પરૂપ ધ્યાન કરતા આ શુદ્ધાત્માનું નિર્વિકલ્પ ધ્યાન ઉત્તમ છે, આચરણીય છે કે **જે સમ્યગ્દર્શન પ્રાપ્તિ પછી જ હોય છે, શક્ય બને છે.**

ગાથા ૧૨૩ : અન્વયાર્થ :- ''સંયમ, નિયમ ને તપથી તથા ધર્મધ્યાન ને શુક્લધ્યાનથી જે આત્માને ધ્યાવે છે તેને પરમ સમાધિ છે.'' અર્થાત્ સમ્યગ્દષ્ટિની આગળની ભૂમિકામાં જે કરવા યોગ્ય છે અર્થાત્ જે સહજ થાય છે તેનું વર્ણન કરેલ છે.

શ્લોક ૨૦૨ :- ''ખરેખર સમતારહિત (=સમ્યગ્દર્શનરહિત, કારણ કે સમ્યગ્દષ્ટિને જ સાચી સમતા જણાવેલ છે) યતિને અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી. (=મુક્તિરૂપ ફળ નથી પરંતુ

સંસારરૂપ ફળ છે કે જે હેય છે. તેથી કહ્યું કે ફળ નથી.) માટે હે મુનિ ! સમતાનું કુલમંદિર એવું જે અનાકુળ નિજ તત્ત્વ (=શુદ્ધાત્મા) તેને ભજ.'' સમ્યગ્દર્શન પ્રગટ કર.

અર્થાત્ સર્વપ્રથમ શુદ્ધાત્માનું જ ચિંતન, નિર્ણય, લક્ષ અને આત્માની અન્ય યોગ્યતાઓ પ્રાપ્ત કરી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા યોગ્ય છે. કારણ કે તે પછીથી જ સર્વ તપશ્ચરણનું અપૂર્વ ફળ અર્થાત્ મુક્તિરૂપ ફળ મળે છે, અન્યથા નહિ. તેથી જેમણે પણ સમ્યગ્દર્શન પ્રાપ્તિ વગર અભ્યાસરૂપથી મુનિપણું લેવું હોય, તેમણે પણ એકમાત્ર આત્મપ્રાપ્તિનું જ લક્ષ રાખવું જોઈએ અને આત્મપ્રાપ્તિ માટે જ પૂર્ણ પુરુષાર્થ કરવો જોઈએ.

શ્લોક ૨૦૭ :- ''હું - સુખને ઇચ્છનારો આત્મા - અજન્મ અને અવિનાશી એવા નિજ આત્માને આત્મા વડે જ આત્મામાં સ્થિત રહીને વારંવાર ભાવું છું.'' જે કોઈ પરમ સુખના ઇચ્છુક છે તેમણે એક માત્ર શુદ્ધાત્માનું જ લક્ષ અને યોગ્યતા પ્રાપ્ત કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું અને ત્યાર બાદ શુદ્ધાત્માનું જ ધ્યાન કરવું શ્રેષ્ઠ છે. કારણ કે તેનાથી જ મુક્તિ મળશે.

શ્લોક ૨૧૧ :- ''આ અનઘ (=નિર્દોષ = શુદ્ધ) આત્મતત્ત્વ જયવંત છે કે જેણે સંસારને અસ્ત કર્યો છે (=સંસારના અસ્ત માટે=મુક્તિ માટે આ શુદ્ધાત્મા જ શરણભૂત - સેવવા યોગ્ય છે), જે મહામુનિગણના અધિનાથના (=ગણધરોના) હૃદયારવિંદમાં (=મનમાં) સ્થિત છે, જેણે ભવનું કારણ તજી દીધું છે (=જે આ ભાવમાં સ્થિર થઈ જાય તેને હવે પછી કોઈ ભવ રહે જ નહીં. કારણ કે તે મુક્ત જ થઈ જાય), જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે. (જે સર્વથા શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે. જે ત્રણે કાળે શુદ્ધ જ હોય છે. પરંતુ સમ્યગ્દર્શન થવાથી, તે એકાંતે શુદ્ધ અર્થાત્ ત્રણે કાળે શુદ્ધ જ છે, તે પ્રગટ થયો, અનુભવમાં આવ્યો. માટે પ્રથમથી તે શુદ્ધ જ હોવા છતાં તેનો અનુભવ ન હોવાથી, અનુભૂતિની અપેક્ષાએ તે પ્રગટ થયું કહેવાય) અને જે સદા (=ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ=જ્ઞેયોને ગૌણ કરતા જ જે જાણવા-જોવાવાળો શેષ રહે છે, તે ત્રણે કાળ તેવો ને તેવો જ જ્ઞાનસામાન્યરૂપ હોવાથી ટંકોત્કીર્ણ કહેવાય છે. બીજી રીતે જ્ઞેય(=જ્ઞેયાકાર) વિશેષ છે અને તે જેનું(જ્ઞાનનું) બનેલ છે, તેને સામાન્ય જ્ઞાન=ચૈતન્ય સામાન્ય કહેવાય છે) નિજ મહિમામાં લીન હોવા છતાં સમ્યગ્દષ્ટિઓને ગોચર (=અનુભૂતિમાં આવે) છે.''

શ્લોક ૨૧૬ :- ''આ સ્વતઃસિદ્ધ જ્ઞાન (=ઉપર જણાવ્યા અનુસારનું પરમ પારિણામિક ભાવરૂપ સામાન્ય જ્ઞાન) પાપ-પુણ્યરૂપી વનને બાળનારો અગ્નિ છે (=અપૂર્વ નિર્જરાનું કારણ છે), મહા મોહાંધકારનાશક (=મોહનો નાશ કરીને અરિહંત-સિદ્ધ પદ અપાવનાર છે) અતિપ્રબળ

તેજમય છે, વિમુક્તિનું મૂળ છે અને નિરુપાધિ મહાઆનંદસુખનું (=અતીન્દ્રિય શાશ્વત સુખનું) દાયક છે. ભવભયનો ધ્વંસ કરવામાં નિપુણ (=મુક્તિ અપાવનાર) એવા આ જ્ઞાનને હું નિત્ય પૂજું છું.'' અર્થાત્ તેને નિત્ય ભાવું છું અને તેમાં જ સ્થિરતાનો પુરુષાર્થ કરું છું કે જે સમ્યગ્દર્શન પ્રાપ્તિ પછી જ શક્ય છે.

શ્લોક ૨૨૦ :- ''જે ભવભયના હરનારા આ સમ્યક્ત્વની, શુદ્ધ જ્ઞાનની અને ચારિત્રની ભવછેદક (=આ સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન=સમ્યક્જ્ઞાન અને તેમાં જ સ્થિરતા કરવારૂપ ચારિત્રને ભવભયના હરનારા કહ્યા છે અર્થાત્ મુક્તિદાતા કહ્યા છે) અતુલ ભક્તિ નિરંતર કરે છે, તે કામ-ક્રોધાદિ સમસ્ત દુષ્ટ પાપસમૂહથી મુક્ત ચિત્તવાળો જીવ - શ્રાવક હો કે સંયમી હો - નિરંતર ભક્ત છે, ભક્ત છે.'' અર્થાત્ જૈન સિદ્ધાંત અનુસાર આવી અભેદ ભક્તિ જ કાર્યકારી છે. તેથી તેવી જ ભક્તિ ઇચ્છવી.

શ્લોક ૨૨૭ :- ''આ અવિચલિત - મહાશુદ્ધ - રત્નત્રયવાળા, મુક્તિના હેતુભૂત નિરુપમ -સહજ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ (=જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરે અનંત ગુણોના સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા), નિત્ય આત્મામાં (=શુદ્ધાત્મા કે જે નિત્ય શુદ્ધરૂપ એવો ને એવો જ ઊપજે છે-પરિણમે છે, તેવા નિત્ય આત્મામાં) આત્માને ખરેખર સમ્યક્ પ્રકારે સ્થાપીને (=તેનો જ અનુભવ કરીને અને તેનું જ ધ્યાન ધરીને) આ આત્મા ચૈતન્ય ચમત્કારની (=સામાન્ય ચેતનારૂપ પરમ પારિણામિક ભાવની) ભક્તિ વડે નિરતિશય (=અજોડ) ઘરને કે જેમાંથી વિપદાઓ દૂર થઈ છે અને જે આનંદથી ભવ્ય છે તેને - અત્યંત પ્રાપ્ત કરે છે અર્થાત્ સિદ્ધિરૂપી સ્ત્રીનો સ્વામી થાય છે.'' અર્થાત્ શુદ્ધાત્માના ધ્યાનથી જ અરિહંત થાય છે અને પછી સિદ્ધ થઈ મુક્ત થાય છે.

ગાથા ૧૩૭ : ટીકાનો શ્લોક :- ''આત્મપ્રયત્નસાપેક્ષ વિશિષ્ટ જે મનોગતિ (અર્થાત્ નોઇન્દ્રિયરૂપ મન દ્વારા જે, આત્માને સ્વાનુભવ થાય છે તે), તેનો બ્રહ્મમાં સંયોગ થવો (=સ્વાત્માનુભૂતિ થાય છે અર્થાત્ શુદ્ધાત્મામાં = બ્રહ્મમાં 'હુંપણું' = સોહં કરતા જ જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે) તેને યોગ કહેવામાં આવે છે.''

જૈન સિદ્ધાંત અનુસાર યોગની આવી વ્યાખ્યા છે અને આ જ યોગ આત્મા માટે હિતકર છે. જ્યારે અન્ય યોગો માત્ર વિકલ્પરૂપ આર્તધ્યાનના કારણો હોવાથી સેવવા જેવા નથી. તેથી જ આગળ યોગ ભક્તિવાળા જીવની વ્યાખ્યા કરે છે, તે જ ભક્તિનું પણ સ્વરૂપ છે.

શ્લોક ૨૨૮ :- ''જે આ આત્મા આત્માને આત્મા સાથે નિરંતર જોડે છે (=એકમાત્ર શુદ્ધાત્માનું જ ધ્યાન કરે છે, અનુભવન કરે છે), તે મુનીશ્વર નિશ્ચયથી યોગભક્તિવાળો છે.''

ગાથા ૧૩૮ : અન્વયાર્થ :- ''જે સાધુ સર્વ વિકલ્પોના અભાવમાં (=નિર્વિકલ્પસ્વરૂપ પરમ પારિણામિક ભાવમાં) આત્માને જોડે છે (=તેમાં જ 'હુંપણું' કરે છે), તે યોગભક્તિવાળો છે. બીજાને યોગ કઈ રીતે હોય ?'' અર્થાત્ આવા સ્વાત્માનુભૂતિરૂપ યોગ સિવાયના બીજાને યોગ માન્યો જ નથી. કારણ કે બીજા કોઈ યોગ કાર્યકારી નથી.

શ્લોક ૨૨૯ :- ''ભેદનો અભાવ હોતા (=અભેદભાવે શુદ્ધાત્માને ભાવતા=અનુભવતા) અનુત્તમ (=શ્રેષ્ઠ) યોગભક્તિ હોય છે. તેના વડે યોગીઓને આત્મલબ્ધિરૂપ એવી તે (પ્રસિદ્ધ) મુક્તિ થાય છે.'' આવો યોગ જ મુક્તિનું કારણ છે. તેથી અભેદભાવે જ શુદ્ધાત્મા ભાવવા યોગ્ય છે, ભેદભાવે (૪૭ શક્તિ વગેરે રૂપે) નહિ.

ગાથા ૧૩૯ : અન્વયાર્થ :- ''વિપરીત અભિનિવેશનો પરિત્યાગ (=મતાગ્રહ, હઠાગ્રહ, વગેરેનો ત્યાગ) કરીને જે જૈનકથિત તત્ત્વોમાં (વિપરીત અભિનિવેશરૂપ તત્ત્વોમાં નહિ) આત્માને જોડે છે, તેનો નિજ ભાવ (=શુદ્ધાત્માનુભૂતિ) તે યોગ છે.''

ગાથા ૧૪૦ : અન્વયાર્થ :- ''વૃષભાદિ જિનવરેન્દ્રો એ રીતે યોગની ઉત્તમ ભક્તિ કરીને નિર્વૃતિ સુખને પામ્યા. તેથી યોગની (આવી) ઉત્તમ ભક્તિને તું ધારણ કર (નહિ કે વેવલાંવેડારૂપ ભક્તિ અથવા વ્યક્તિરાગરૂપ ભક્તિ).''

શ્લોક ૨૩૩ :- ''અપુનર્ભવસુખની (=મુક્તિસુખની) સિદ્ધિ અર્થે હું શુદ્ધ યોગની (=શુદ્ધાત્મામાં 'હુંપણું' કરવાવાળા યોગની) ઉત્તમ ભક્તિ કરું છું. (=તેને જ ફરી ફરી ભાવું છું.) સંસારની ઘોર ભીતિથી સર્વ જીવો નિત્ય તે ઉત્તમ ભક્તિ કરો.'' સર્વજનોને તે જ શુદ્ધ યોગની ભક્તિની જ પ્રેરણા આપી છે, નહિ કે વેવલાંવેડારૂપ ભક્તિની અથવા વ્યક્તિરાગરૂપ ભક્તિની.

ગાથા ૧૪૧ : અન્વયાર્થ :- ''જે અન્યવશ નથી (=જે પૂર્ણ ભેદજ્ઞાન કરીને માત્ર શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરે છે અને તેથી જે કોઈ કર્મોનો ઉદય હોય છે અર્થાત્ ઉદય આવે છે, તેને સમતાભાવે ભોગવે છે, તેમાં સારું-ખરાબ અર્થાત્ ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ કરતો નથી. તેથી તે અન્યવશ નથી) તેને (નિશ્ચય-પરમ) આવશ્યક કર્મ કહે છે. (=તે જીવને આવશ્યક કર્મ છે - એમ પરમ યોગીશ્વરો કહે છે) (આવો) કર્મનો વિનાશ કરનારો યોગ (=એવું જે આ આવશ્યક કાર્ય) તે નિર્વાણનો માર્ગ છે - એમ કહ્યું છે.''

શ્લોક ૨૩૮ :- ''સ્વવશતાથી ઉત્પન્ન આવશ્યક કર્મસ્વરૂપ આ સાક્ષાત્ ધર્મ નિયમથી

(=ચોક્કસ) સચ્ચિદાનંદ મૂર્તિ આત્મામાં (=સત્-ચિત્-આનંદસ્વરૂપ આત્મામાં=પરમ પારિણામિક ભાવરૂપ આત્મામાં) અતિશયપણે હોય છે. તે આ (આત્મસ્થિત-ધર્મ), કર્મક્ષય કરવામાં કુશળ એવો નિર્વાણનો એક માર્ગ છે. તેનાથી જ હું (=તેમાં જ 'હુંપણું' કરીને હું) શીઘ્ર કોઈ (અદ્ભુત) નિર્વિકલ્પ સુખને પ્રાપ્ત કરું છું.'' અર્થાત્ સ્વાત્માનુભૂતિમાં અદ્ભુત-અતીન્દ્રિય નિર્વિકલ્પ આનંદ જ હોય છે. તેને હું પ્રાપ્ત કરું છું.

શ્લોક ૨૩૯ :- ''કોઈ યોગી સ્વહિતમાં લીન રહેતો થકો શુદ્ધ જીવાસ્તિકાય (=પૂર્ણ જીવ કે જે પ્રમાણનો વિષય છે તેમાંથી વિભાવભાવને=પરલક્ષે/કર્મના લક્ષે થવાવાળા ભાવોને ગૌણ કરતા જ=તે જીવને દ્રવ્યદષ્ટિથી નિહાળતા જ તે પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધ જીવાસ્તિકાય પ્રાપ્ત થાય છે તે, પોતાના) સિવાયના અન્ય પદાર્થને વશ થતો નથી. આમ જે સુસ્થિત રહેવું એ નિરુક્તિ (=અવશપણાનો વ્યુત્પત્તિ અર્થ) છે. એમ કરવાથી (=પોતામાં લીન રહી પરને વશ નહિ થવાથી) દુરિતરૂપી (=દુષ્કર્મરૂપી) તિમિરપુંજનો જેણે નાશ કર્યો છે (=તે કોઈ પણ પ્રકારના પાપો આચરતા નથી એવા ભાવમુનિ) એવા તે યોગીને સદા પ્રકાશમાન જ્યોતિ વડે (=પરમ પારિણામિક ભાવરૂપ કારણ સમયસારરૂપ સદા પ્રકાશમાન જ્યોતિ વડે) સહજ અવસ્થા (=કાર્યસમયસારરૂપી મુક્તિ) પ્રગટવાથી અમૂર્તપણું (=સિદ્ધત્વની પ્રાપ્તિ) થાય છે.''

શ્લોક ૨૪૧ :- ''કળિકાળમાં (=વર્તમાન હુંડાઅવસર્પિણી પંચમ આરામાં) પણ ક્યાંક કોઈક ભાગ્યશાળી જીવ મિથ્યાત્વાદિરૂપ મળકાદવથી રહિત (=સમ્યગ્દર્શન સહિત) અને સદ્ધર્મરક્ષામણિ એવો સમર્થ મુનિ થાય છે. જેણે અનેક પરિગ્રહોના વિસ્તારને છોડ્યો છે અને જે પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ છે તે આ મુનિ આ કાળે ભૂતળમાં (=પૃથ્વી ઉપર) તેમ જ દેવલોકમાં દેવોથી પણ સારી રીતે પૂજાય છે.'' અર્થાત્ આવા સમર્થ મુનિ કોઈક વિરલા જ હોય છે કે જે અત્યંત આદરને પાત્ર છે.

શ્લોક ૨૪૨ :- ''આ લોકમાં તપશ્ચર્યા સમસ્ત સુબુદ્ધિઓને પ્રાણપ્યારી છે; તે યોગ્ય તપશ્ચર્યા (=માત્ર આત્મલક્ષે અને મુક્તિના લક્ષે) સો ઇન્દ્રોને પણ સતત વંદનીય છે. તેને પામીને જે કોઈ જીવ કામાન્ધકારયુક્ત સંસારથી જનિત સુખમાં રમે છે, તે જડમતિ અરેરે ! કળિથી હણાયેલો છે.'' અર્થાત્ ચારિત્ર અથવા તપશ્ચર્યા અંગીકાર કર્યા બાદ પણ જો કોઈ જીવને કામ-ભોગ પ્રત્યે આદર જીવંત રહે છે તો તેવા જીવને જડમતિ કહેલ છે. કારણ કે તેવો જીવ પોતાનો અનંત સંસાર જીવંત રાખવાવાળો છે.

શ્લોક ૨૪૩ :- ''જે જીવ અન્યવશ (=સમ્યગ્દર્શન રહિત) છે તે ભલે મુનિવેશધારી હોય તો

પણ સંસારી છે, નિત્ય દુઃખનો ભોગવનાર છે. જે જીવ સ્વવશ (=સમ્યગ્દર્શન સહિત) છે, તે જીવનમુકત છે, જિનેશ્વરથી કિંચિત્ ન્યૂન છે.''

અર્થાત્ સમ્યગ્દર્શન સહિત મુનિમાં જિનેશ્વરદેવ કરતા જરાક જ ઊણપ છે અર્થાત્ તેવા મુનિ શીઘ્ર જ જિનેશ્વરપણું પામવા યોગ્ય છે અને સમ્યગ્દર્શનથી રહિત મુનિવેશધારીઓને પણ સૌપ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન પામવા જેવું છે. કારણ કે તેના વગર મોક્ષમાર્ગ જ શરૂ થતો નથી - એવો ઉપદેશ પણ છે.

શ્લોક ૨૪૪ :- ''આમ હોવાથી જ જિનનાથના માર્ગને વિશે મુનિવર્ગમાં સ્વવશ મુનિ (=સમ્યગ્દર્શન સહિત સમતાધારી મુનિ) સદા શોભે છે; અને અન્યવશ મુનિ નોકરના સમૂહોમાં રાજવલ્લભ નોકર સમાન શોભે છે.''

અર્થાત્ સર્વ સંસારીજનરૂપ નોકરોમાં તે રાજવલ્લભ અર્થાત્ ઊંચી પદવીવાળા નોકરની જેમ શોભે છે, તેનાથી વધારે નહિ. અર્થાત્ તેવા મુનિ પણ ઊંચી પદવીવાળા સંસારી જ છે - એમ જણાવીને સમ્યગ્દર્શનનો જ મહિમા સમજાવેલ છે કે જે એકમાત્ર સર્વ જીવોને કર્તવ્ય છે.

શ્લોક ૨૪૫ :- ''મુનિવર દેવલોકાદિના ક્લેશ પ્રત્યે રતિ તજો અને નિર્વાણના કારણનું કારણ (=નિર્વાણના કારણરૂપ નિશ્ચયચારિત્રનું કારણ એવા સમ્યગ્દર્શનના વિષય) એવા સહજ પરમાત્માને ભજો. (જે સમ્યગ્દર્શનનો વિષય છે તેવો પરમ પારિણામિક ભાવ કે જે આત્માનું સહજ પરિણમન છે. તેથી જ તેને સહજ પરમાત્મારૂપ પણ કહેવાય છે કે જેમાં 'હુંપણું' થતા સમ્યગ્દર્શન પ્રગટે છે કે જે નિશ્ચય ચારિત્રનું કારણ છે. તેથી આ સમ્યગ્દર્શનના વિષયને નિર્વાણના કારણનું કારણ કહેવાય છે.) કે જે સહજ પરમાત્મા પરમાનંદમય છે, સર્વથા (=ત્રણે કાળે) નિર્મળ જ્ઞાનનું રહેઠાણ છે, નિરાવરણસ્વરૂપ છે અને નય-અનયના સમૂહથી (સુનયો તથા કુનયોના સમૂહથી=વિકલ્પમાત્રથી) દૂર (=નિર્વિકલ્પ) છે.''

ગાથા ૧૪૫ : અન્વયાર્થ :- ''જે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (=તેમના વિકલ્પોમાં) મન જોડે છે, તે પણ અન્યવશ છે. મોહાન્ધકાર રહિત શ્રમણો આમ કહે છે.''

ઉપર જણાવ્યા અનુસાર જે નિર્વિકલ્પ શુદ્ધાત્મા છે તેમાં જ ઉપયોગ લગાવવા જેવો છે, અન્યથા નહિ. આ અપેક્ષાએ ભેદરૂપ વ્યવહાર હેય છે. તેનો ઉપયોગ વસ્તુનું સ્વરૂપ સમજાવવા માત્ર જ છે. જેમ કે દ્રવ્ય-ગુણ-પર્યાય અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને અનંત ગુણો વગેરે. પરંતુ તે સર્વ ભેદો વિકલ્પરૂપ હોવાથી અને વસ્તુનું સ્વરૂપ અભેદ હોવાથી, ભેદરૂપ વ્યવહારથી વસ્તુ જેમ છે તેમ સમજીને ભેદમાં ન રહેતા, અભેદમાં જ રમવા જેવું છે.

અત્ર કોઈને વિકલ્પ થાય કે દૃષ્ટિનો વિષય તો પર્યાયથી રહિત દ્રવ્ય છે ને ?

**ઉત્તર** :- આવો વિકલ્પ કરવાથી ત્યાં દ્વૈતનો જન્મ થાય છે. એક અભેદ દ્રવ્યમાં દ્રવ્ય અને પર્યાયરૂપ દ્વૈતનો જન્મ થવાથી, અભેદનો અનુભવ થતો નથી. અર્થાત્ દૃષ્ટિનો વિષય અભેદ, શુદ્ધ દ્રવ્યાર્થિક નયે કરી 'શુદ્ધાત્મા' છે. શુદ્ધ દ્રવ્યાર્થિક નયમાં પર્યાય અત્યંત ગૌણ થઈ જવાથી જણાતી જ નથી અથવા તેનો વિકલ્પ પણ આવતો નથી. તેથી અભેદરૂપ શુદ્ધાત્માનો અનુભવ થઈ જાય છે કે જેમાં વિભાવ પર્યાય અત્યંત ગૌણ છે. આ જ રીત છે નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની. તેમાં દ્રવ્યને પર્યાયરહિત પ્રાપ્ત કરવાનો અથવા કોઈ પણ વિભાવભાવના નિષેધનો વિકલ્પ ન કરતા, માત્ર દૃષ્ટિના વિષયરૂપ 'શુદ્ધાત્મા'ને જ શુદ્ધ દ્રવ્યાર્થિક નયે કરી ગ્રહણ કરતા, અન્ય સર્વ આપમેળે જ અત્યંત ગૌણ થઈ જાય છે. શુદ્ધાત્મામાં નિમગ્ન થઈ જાય છે.

પરંતુ જેઓ આમ ન કરતા નિષેધનો જ આગ્રહ રાખે છે, તેઓ માત્ર નિષેધરૂપ વિકલ્પમાં જ રહે છે અને નિર્વિકલ્પ સ્વરૂપનો અનુભવ કરી શકતા નથી. પરંતુ તેઓ માત્ર ભ્રમમાં જ રહે છે અને પોતાને સમ્યગ્દૃષ્ટિ સમજીને અનંત પરાવર્તનને આમંત્રણ આપે છે, જે અત્યંત કરુણા ઉપજાવતી વાત છે

શ્લોક ૨૪૬ :- ''જેમ ઇન્ધનયુક્ત અગ્નિ વૃદ્ધિ પામે છે (અર્થાત્ જ્યાં સુધી ઇન્ધન છે ત્યાં સુધી અગ્નિની વૃદ્ધિ થાય છે), તેમ જ્યાં સુધી જીવોને ચિંતા (=વિકલ્પો) છે ત્યાં સુધી સંસાર છે.'' અર્થાત્ નિર્વિકલ્પ સ્વરૂપ 'શુદ્ધાત્મા' જ ઉપાદેય છે.

ગાથા ૧૪૬ : અન્વયાર્થ :- ''જે પરભાવને પરિત્યાગીને (=તેને દૃષ્ટિમાં અત્યંત ગૌણ કરીને) નિર્મળ સ્વભાવવાળા આત્માને ધ્યાવે છે, તે ખરેખર આત્મવશ છે (=સ્વવશ છે) અને તેને (નિશ્ચય-પરમ) આવશ્યક કર્મ (જિનો) કહે છે.'' અર્થાત્ આત્મધ્યાન એ પરમ આવશ્યક છે કે જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ જ હોય છે.

શ્લોક ૨૪૯ :- ''નિર્વાણનું કારણ એવો જે જિનેન્દ્રનો માર્ગ (છે) તેને આ રીતે જાણીને (અર્થાત્ જિનેન્દ્રકથિત નિર્વાણનો માર્ગ અત્ર સમજાવ્યા અનુસાર જ છે, અન્યથા નહિ. તેથી તેને આ રીતે જાણીને) જે નિર્વાણસંપદાને પામે છે, તેને હું ફરી ફરીને વંદુ છું.''

શ્લોક ૨૫૨ :- ''જેણે નિજ રસના વિસ્તારરૂપી પૂર વડે પાપને સર્વ તરફથી ધોઈ નાંખ્યા છે (અર્થાત્ શુદ્ધાત્મામાં પાપરૂપ સર્વ વિભાવભાવ અત્યંત ગૌણ હોવાથી=જણાતા જ ન હોવાથી અને તેમાં 'હુંપણું' પણ ન હોવાથી આમ કહ્યું છે), જે સહજ સમતારસથી પૂર્ણ ભરેલો હોવાથી પવિત્ર છે (=શુદ્ધાત્મા સર્વગુણોના સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવરૂપ સહજ સમતારસથી પૂર્ણ હોય છે), જે પુરાણ (=શુદ્ધાત્મા સનાતન=ત્રિકાળશુદ્ધ) છે, જે સ્વવશ મનમાં સદા સુસ્થિત છે

(=સમ્યગ્દર્શન યુક્તને તે ભાવ સદા લબ્ધરૂપે હોય છે) અને જે શુદ્ધ સિદ્ધ છે. (=શુદ્ધાત્મા, સિદ્ધ ભગવાન સમાન શુદ્ધ છે અને તે જ અપેક્ષાએ 'સર્વ જીવો સ્વભાવથી સિદ્ધ સમાન જ છે' - એમ કહેવાય છે.) એવો સહજ તેજરાશિમાં મગ્ન જીવ (=સ્વાત્માનુભૂતિથી યુક્ત જીવ) જયવંત છે.''

ગાથા ૧૪૭ : અન્વયાર્થ :- ''જો તું (નિશ્ચય પરમ) આવશ્યકને ઇચ્છે છે, તો તું આત્મસ્વભાવોમાં (=શુદ્ધાત્મામાં) સ્થિરભાવ કરે છે. તેનાથી જીવને સામાયિક ગુણ સંપૂર્ણ થાય છે.'' અર્થાત્ જે જીવ શુદ્ધાત્મામાં જ સ્થિરભાવ કરે છે, તેને જ કાર્યકારી = સાચી સામાયિક કહેલ છે અને તેને જ અપૂર્વ નિર્જરા થાય છે કે જે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ જ હોય છે.

શ્લોક ૨૫૬ :- ''આત્માને અવશ્ય માત્ર સહજ-પરમ-આવશ્યકને એકને જ કે જે અઘસમૂહનું (=દોષસમૂહનું) નાશક છે અને મુક્તિનું મૂળ (કારણ) છે તેને જ અતિશયપણે કરવું (અર્થાત્ સહજ-પરમ-આવશ્યક એ કોઈ શારીરિક અથવા શાબ્દિક ક્રિયા ન હોવાથી, માત્ર મનની જ ક્રિયા છે. તે અતીન્દ્રિય ધ્યાનરૂપ હોવાથી અતિશયપણે કરવા કહ્યું છે). (એમ કરવાથી) સદા નિજ રસના ફેલાવથી પૂર્ણ ભરેલો હોવાને લીધે (=શુદ્ધાત્મામાં માત્ર નિજ ગુણોનું સહજ પરિણમન જ ગ્રહણ થાય છે કે જે પૂર્ણ હોવાને લીધે) પવિત્ર ને પુરાણ (સનાતન-ત્રિકાળ) એવો તે આત્મા વાણીથી દૂર (=વચન અગોચર) એવા કોઈ સહજ શાશ્વત સુખને (=સિદ્ધોના સુખને) પામે છે.''

શ્લોક ૨૫૭ :- ''સ્વવશ મુનીંદ્રને (=સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રયુક્ત મુનીંદ્રને) ઉત્તમ સ્વાત્મચિંતન (=નિજાત્માનુભવન) હોય છે. અને આ (નિજાત્માનુભવનરૂપ) આવશ્યક કર્મ (તેને) મુક્તિસૌખ્યનું (=સિદ્ધત્વનું) કારણ થાય છે.''

ગાથા ૧૫૧ : અન્વયાર્થ :- ''જે ધર્મધ્યાનમાં ને શુક્લધ્યાનમાં પરિણત છે તે પણ અંતરાત્મા છે. ધ્યાનવિહીન (=આ બંને ધ્યાનવિહીન) શ્રમણ બહિરાત્મા છે - એમ જાણ.''

ગાથા ૧૫૪ : અન્વયાર્થ :- ''જો કરી શકાય તો અહો ! ધ્યાનમય (=સ્વાત્માનુભૂતિરૂપ શુદ્ધાત્માના ધ્યાનમય) પ્રતિક્રમણાદિ કર. જો તું શક્તિવિહીન હોય (=જો તને સમ્યગ્દર્શન થયું ન હોય અને તેથી કરીને શુદ્ધાત્માનુભૂતિરૂપ ધ્યાન કરવા શક્તિવિહીન હોય) તો ત્યાં સુધી (=જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી) શ્રદ્ધાન જ (=અત્ર જણાવેલ તત્ત્વની તે જ રીતથી શ્રદ્ધા) કર્તવ્ય (=કરવા જેવી) છે.''

શ્લોક ૨૬૪ :- ''અસાર સંસારમાં, પાપથી ભરપૂર કળિકાળનો વિલાસ હોતા, આ નિર્દોષ જિનનાથના માર્ગને વિશે મુક્તિ નથી. માટે આ કાળમાં અધ્યાત્મધ્યાન કેમ હોઈ શકે ? તેથી નિર્મળ બુદ્ધિવાળાઓ ભવભયનો નાશ કરનારી આ (ઉપર જણાવ્યા અનુસારની) નિજાત્મ શ્રદ્ધાને અંગીકૃત

કરે છે.'' અર્થાત્ આ કાળમાં સમ્યગ્દર્શન અત્યંત દુર્લભ હોવાથી પોતાના આત્માની અત્ર જણાવ્યા અનુસાર શ્રદ્ધા પરમ કર્તવ્ય છે. તે જ કાર્યકારી = સાચી ભક્તિ છે. આ પંચમકાળમાં સત્યનો = ધર્મનો મહદ્ અંશે લોપ થઈ જવાથી ધર્મમાં અનેક પ્રકારની વિકૃતિઓ ઘુસી ગઈ છે. તેથી સત્ય સમજવા માટે પણ સાધકની બુદ્ધિ નિર્મળ હોવી આવશ્યક છે. અન્યથા તે પ્રાયઃ એકાંતમાર્ગમાં જ શ્રદ્ધા કરી બેસશે. તેનાથી મુક્તિને બદલે અનંત સંસાર મળશે. આ વાત જણાવેલ છે.

ગાથા ૧૫૬ : અન્વયાર્થ :- ''નાના પ્રકારના (=અલગ અલગ અનેક પ્રકારના) જીવો છે, નાના (=વિવિધ) પ્રકારનું કર્મ છે, નાના (=અનેક) પ્રકારની લબ્ધિ છે, તેથી સ્વસમયો (=સ્વધર્મીઓ) અને પરસમયો (=પરધર્મીઓ) સાથે વચનવિવાદ વર્જવાયોગ્ય છે.''

અર્થાત્ તત્ત્વ માટે કોઈ જ વાદવિવાદ, વેરવિરોધ, ઝઘડા ક્યારેય કરવા જેવા નથી. કારણ કે તેનાથી તત્ત્વનો જ પરાજય થાય છે, અર્થાત્ ધર્મ જ લજવાય છે. અને બંને પક્ષોને કોઈ જ ધર્મપ્રાપ્તિ થતી નથી. તેથી તેવા વાદવિવાદ, વેરવિરોધ, ઝઘડા ત્યજવા જ યોગ્ય છે.

શ્લોક ૨૭૧ :- ''હેયરૂપ એવો જે કનક અને કામિની સંબંધી મોહ, તેને છોડીને (અર્થાત્ મુમુક્ષુ જીવે આત્મપ્રાપ્તિ અર્થે આ મોહ છોડવા જેવો છે), હે ચિત્ત ! (=હે ચેતન !) નિર્મળ સુખને અર્થે (=અતીન્દ્રિય સુખને અર્થે) પરમગુરુ દ્વારા ધર્મને પ્રાપ્ત કરીને તું અવ્યગ્રરૂપ (=શાંતસ્વરૂપી) પરમાત્મામાં (=નિર્વિકલ્પ પરમ પારિણામિક ભાવરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મામાં) - કે જે (પરમાત્મા - શુદ્ધાત્મા) નિત્ય આનંદવાળો છે, નિરુપમ ગુણોથી અલંકૃત છે અને દિવ્ય જ્ઞાનવાળો (=શુદ્ધ સામાન્ય જ્ઞાનવાળો શુદ્ધાત્મા) છે, તેમાં શીઘ્ર પ્રવેશ કર.'' અર્થાત્ સર્વ મુમુક્ષુ જીવોને કાયા, કનક અને કામિની સંબંધી મોહ છોડીને, આત્માની અન્ય યોગ્યતાઓ સહિત શુદ્ધાત્મામાં જ શીઘ્ર 'હુંપણું' કરી તેની જ અનુભૂતિમાં એકરૂપ થઈ જવાની પ્રેરણા કરેલ છે. અર્થાત્ સર્વ મુમુક્ષુ જીવોને તે જ કર્તવ્ય છે.

ગાથા ૧૫૯ : ટીકાનો શ્લોક :- ''વસ્તુનો યથાર્થ નિર્ણય તે સમ્યગ્જ્ઞાન છે. તે સમ્યગ્જ્ઞાન, દીવાની માફક સ્વના અને (પર) પદાર્થોના નિર્ણયાત્મક છે. (અર્થાત્ આ સમ્યગ્જ્ઞાન એ જ વિવેકયુક્ત જ્ઞાન છે કે જે શુદ્ધાત્મામાં 'હુંપણું' કરતું હોવા છતાં, આત્માને વર્તમાન રાગ-દ્વેષરૂપ અશુદ્ધિથી મુક્ત કરાવવા માટે, વિવેકયુક્ત માર્ગ અંગીકાર કરાવે છે.) તથા પ્રમિતિથી (=જ્ઞપ્તિથી=જ્ઞાનથી) કથંચિત્ ભિન્ન (અર્થાત્ જે જાણવું થાય છે તે વિશેષ અર્થાત્ જ્ઞાનાકાર છે કે જે જ્ઞાનનું જ બનેલ હોવા છતાં તે જ્ઞાનાકારને દષ્ટિનો વિષય પ્રાપ્ત કરવા ગૌણ કરવાના હોવાથી અને તે જ્ઞાનાકાર અને જ્ઞાન કથંચિત્ અભેદ હોવાથી=એકાંતે ભેદ નહિ હોવાથી તેને કથંચિત્ ભિન્ન કહ્યા) છે.''

ગાથા ૧૬૪ : અન્વયાર્થ :- ''વ્યવહારનયથી જ્ઞાન પરપ્રકાશક છે. તેથી દર્શન પરપ્રકાશક છે.

વ્યવહારનયથી આત્મા પરપ્રકાશક છે. તેથી દર્શન પરપ્રકાશક છે.''

અર્થાત્ જે જ્ઞાન છે અથવા દર્શન છે, તે જ આત્મા છે. અને પરપ્રકાશનમાં (અર્થાત્ જ્ઞેયાકારરૂપ જ્ઞાનના પરિણમનમાં) સામાન્ય જ્ઞાન અને જ્ઞેયાકાર અર્થાત્ જ્ઞાનાકાર એવા ભેદ હોવાથી, સ્વથી કથંચિત્ ભિન્ન કહેવાય છે. અર્થાત્ સ્વ, અભેદ અને નિર્વિકલ્પ સ્વરૂપ છે. જ્યારે પરપ્રકાશનમાં જ્ઞેયાકારરૂપ જે જ્ઞાનનું પરિણમન થાય છે તે વિકલ્પરૂપ છે. તેથી તે ભેદરૂપ હોવાથી તેને વ્યવહારરૂપ કહ્યું છે. કારણ કે 'ભેદ તે વ્યવહાર અને અભેદ તે નિશ્ચય' આવી જ જિનાગમની રીત છે. બીજું, જો કોઈ દર્શનને માત્ર સ્વપ્રકાશક માનતું હોય તો તે વાતનું પણ ખંડન કર્યું છે.

ગાથા ૧૭૦ : અન્વયાર્થ :- ''જ્ઞાન જીવનું સ્વરૂપ છે. તેથી આત્મા આત્માને જાણે છે. જો જ્ઞાન આત્માને ન જાણે તો આત્માથી વ્યતિરિક્ત (જુદું) ઠરે !'' આ ગાથામાં પણ જો કોઈ જ્ઞાનને માત્ર પરપ્રકાશક માનતું હોય તો તે વાતનું ખંડન કર્યું છે.

ગાથા ૧૭૧ : ગાથા અને અન્વયાર્થ :- ''રે ! (એટલા માટે જ) જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે. તે કારણે નિજ પરપ્રકાશક જ્ઞાન તેમ જ દષ્ટિ(=દર્શન) છે. આત્માને જ્ઞાન જાણ, અને જ્ઞાન આત્મા છે -એમ જાણ. આમાં સંદેહ નથી. તેથી જ્ઞાન તેમ જ દર્શન સ્વપરપ્રકાશક છે.''

અર્થાત્ જ્યાં પણ જ્ઞાનથી કથન થયું હોય ત્યાં પૂર્ણ આત્મા જ સમજવો અને તે ઉપરાંત કોઈક શાસ્ત્રોમાં 'જ્ઞાનને સાકાર ઉપયોગવાળું હોવાના કારણે પરને જાણવાવાળું કહ્યું છે અને દર્શનને નિરાકાર ઉપયોગવાળું હોવાના કારણે સ્વને જાણવાવાળું કહ્યું છે' - તે વાતનો ઉપરોક્ત ગાથાઓથી નિષેધ કરેલ છે.

ગાથા ૧૭૨ : અન્વયાર્થ :- ''જાણતા અને દેખતા હોવા છતાં (=કેવળી ભગવંત સ્વપરને જાણે દેખે તો પણ) કેવળીને ઇચ્છાપૂર્વક (વર્તન) હોતું નથી. તેથી તેમને 'કેવળજ્ઞાની' કહ્યા છે. વળી, તેથી અબંધક કહ્યા છે.'' કારણ તેમને પરમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ નથી. અર્થાત્ પરનું જાણવું જીવને દોષકારક નથી. પરંતુ પરમાં થતી ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ જ નિયમથી દોષકારક=બંધનું કારણ છે, જે વાત અમે પૂર્વે પણ જણાવેલ છે.

શ્લોક ૨૮૭ :- ''આત્માને જ્ઞાન-દર્શનરૂપ જાણ અને જ્ઞાન-દર્શનને આત્મા જાણ. સ્વ અને પર એવા તત્ત્વને (=સમસ્ત પદાર્થોને) આત્મા સ્પષ્ટપણે પ્રકાશે છે.'' અર્થાત્ જ્યાં પણ જ્ઞાનથી અથવા દર્શનથી કથન થયું હોય ત્યાં તેને અપેક્ષાએ પૂર્ણ આત્મા જ સમજવો અને તેમને નિયમથી સ્વ-પર પ્રકાશક સમજવા.

શ્લોક ૨૯૭ :- ''ભાવો પાંચ છે, જેમાં આ પરમ પંચમભાવ (=પરમ પારિણામિક ભાવ)

નિરંતર સ્થાયી છે. (=ત્રણે કાળે એવો ને એવો જ સહજ પરિણમનરૂપ શુદ્ધ ભાવે ઊપજે છે તે અપેક્ષાએ સ્થાયી કહ્યો છે.) સંસારના નાશનું તે કારણ છે અને સમ્યગ્દષ્ટિઓને ગોચર (=અનુભવમાં આવે) છે. બુદ્ધિમાન પુરુષ સમસ્ત રાગ-દ્વેષના સમૂહને છોડીને (=દ્રવ્યદૃષ્ટિએ કરી સમસ્ત વિભાવભાવને અત્યંત ગૌણ કરીને) તેમ જ તે પરમ પંચમભાવને જાણીને (=શુદ્ધાત્માની અનુભૂતિ કરીને) એકલો (અર્થાત્ શુદ્ધાત્માની અનુભૂતિ પછીની સાધના અભ્યંતર હોવાથી એકલો કહ્યો છે અથવા આ કાળમાં સમ્યગ્દર્શનની દુર્લભતા દર્શાવવા એકલો કહ્યો છે), કળિયુગમાં પાપવનમાં અગ્નિરૂપ મુનિવર તરીકે શોભે છે.'' અર્થાત્ જે બુદ્ધિમાન પુરુષ પરમ પારિણામિક ભાવનો ઉગ્રપણે આશ્રય કરે છે, તે જ પુરુષ પાપવનને બાળવામાં અગ્નિ સમાન મુનિવર છે. અહીંયા પરમ પંચમભાવને નિરંતર સ્થાયી કહેલ છે. આ અપેક્ષાએ તેને અપરિણામી કહી શકાય, પરંતુ તેને એકાંતે અપરિણામી ન માનવો. એમ માનવાથી અનર્થ થઈ જશે અને આપણું સંસાર પરિભ્રમણ વધી જશે.

શ્લોક ૨૯૯ :- ''આત્માની આરાધનારહિત જીવને સાપરાધ (અપરાધી) ગણવામાં આવ્યો છે. (તેથી) હું આનંદમંદિર આત્માને (=શુદ્ધાત્માને) નિત્ય નમું છું.'' આત્માના લક્ષ સિવાયની સર્વ સાધના-આરાધના અપરાધયુક્ત કહી. કારણ કે તેનું ફળ અનંત સંસાર જ છે.

આ રીતે **નિયમસાર**શાસ્ત્રમાં નિયમથી કારણ સમયસારરૂપ નિજ શુદ્ધાત્મા કે જે પરમ પારિણામિક ભાવરૂપ અર્થાત્ સહજ પરિણમનરૂપ છે તેને જ જાણવાનું, તેમાં જ 'હુંપણું' કરવાનું, તેને જ ભજવાનું અને તેમાં જ સ્થિરતા કરવાનું કહ્યું છે. આ જ મોક્ષમાર્ગનો નિશ્ચિત નિયમ અર્થાત્ ક્રમ છે. તેથી તેને નિશ્ચિત નિયમનો સાર અર્થાત્ નિયમસાર કહ્યો છે.

# ૩૩
# પંચાસ્તિકાય સંગ્રહની ગાથાઓ

**હ**વે આપણે શ્રી **પંચાસ્તિકાય સંગ્રહ** શાસ્ત્રની થોડીક ગાથાઓ જોઈશું :-

ગાથા ૧૬૫ : અન્વયાર્થ :- ''શુદ્ધ સંપ્રયોગથી (=શુદ્ધરૂપ પરિણમેલ કાર્યપરમાત્મા પ્રત્યે ભક્તિભાવથી) દુઃખમોક્ષ થાય છે -એમ જો અજ્ઞાનને લીધે જ્ઞાની (=સમ્યગ્દર્શનરહિત ક્ષયોપશમ જ્ઞાની) માને, તો તે પરસમયરત જીવ છે. 'અર્હંતાદિ પ્રત્યે ભક્તિ-અનુરાગવાળી મંદશુદ્ધિથી ક્રમે મોક્ષ થાય છે' એવું જો અજ્ઞાનને લીધે (=શુદ્ધાત્મસંવેદનના અભાવને લીધે) જ્ઞાનીને (=ક્ષયોપશમ જ્ઞાનીને) પણ મંદ પુરુષાર્થવાળું વલણ વર્તે, તો ત્યાં સુધી તે પણ સૂક્ષ્મ (દૃષ્ટિએ) પરસમયમાં રત છે.'' એટલે કે શુભભાવરૂપ જિનભક્તિથી મુક્તિ મળે છે -એવું જે માને તે મિથ્યાત્વી છે.

ગાથા ૧૬૬ : અન્વયાર્થ :- ''અર્હંત, સિદ્ધ, ચૈત્ય (અર્હંતાદિની પ્રતિમા), પ્રવચન (શાસ્ત્ર), મુનિગણ અને જ્ઞાન પ્રત્યે ભક્તિસંપન્ન જીવ ઘણુ પુણ્ય બાંધે છે, પરંતુ તે ખરેખર કર્મનો ક્ષય કરતો નથી.''

અર્થાત્ મોક્ષમાર્ગ માત્ર સ્વાત્માનુભૂતિરૂપ સમ્યગ્દર્શન સિવાય મળતો જ નથી. તે જ દૃઢ કરાવવું છે. માટે સર્વજનોએ સમ્યગ્દર્શન અર્થે જ સર્વ પ્રયત્નો કરવા. તે જ વાત હવે આગળ પણ જણાવે છે.

ગાથા ૧૬૯ : અન્વયાર્થ :- ''માટે મોક્ષાર્થી જીવ (=મુમુક્ષુ) નિઃસંગ (=પોતાને શુદ્ધાત્મરૂપે અનુભવીને, -કારણ કે તે ભાવ ત્રિકાળ નિઃસંગ છે) અને નિર્મમ (=સર્વ પ્રત્યે મમતા ત્યજીને અર્થાત્ સર્વ સંયોગભાવમાં આદર છોડીને નિર્મમ) થઈને સિદ્ધોની (અભેદ) ભક્તિ (=શુદ્ધ આત્મદ્રવ્યમાં સ્થિરતારૂપ પારમાર્થિક સિદ્ધભક્તિ) કરે છે. તેથી તે નિર્વાણને પામે (=મુક્ત થાય) છે.'' અમે પૂર્વે જણાવ્યા અનુસાર શુદ્ધાત્માની અભેદ ભક્તિ જ મોક્ષમાર્ગમાં કાર્યકારી છે, નહિ કે વેવલાંવેડારૂપ ભક્તિ અથવા વ્યક્તિરાગરૂપ ભક્તિ.

ગાથા ૧૭૨ : અન્વયાર્થ :- ''તેથી મોક્ષાભિલાષી જીવ (મુમુક્ષુ) સર્વત્ર કિંચિત્ પણ રાગ ન કરો. એમ કરવાથી (=રાગ ન કરવાથી) તે ભવ્ય જીવ વીતરાગ થઈ ભવસાગરને તરે છે.'' અર્થાત્ મોક્ષાભિલાષી જીવે મત, પંથ, સંપ્રદાય, વ્યક્તિવિશેષ વગેરે ઉપર ક્યાંય રાગ કરવા જેવો નથી.

# ૩૪
# અષ્ટપાહુડની ગાથાઓ

**હ**વે આપણે **અષ્ટપાહુડ** શાસ્ત્રની થોડીક ગાથાઓ જોઈશું :-

'દર્શન પાહુડ' ગાથા ૮ : અર્થ :- ''જે પુરુષો દર્શનમાં ભ્રષ્ટ છે (=મિથ્યાત્વી છે) તથા જ્ઞાન-ચારિત્રમાં પણ ભ્રષ્ટ છે, તે પુરુષો ભ્રષ્ટમાં પણ વિશેષ (અતિ) ભ્રષ્ટ છે. કોઈ તો દર્શન સહિત છે પરંતુ જ્ઞાન-ચારિત્ર તેમને હોતા નથી, તથા કોઈ અંતરંગ દર્શનથી ભ્રષ્ટ છે, તો પણ (વ્યવહારથી) જ્ઞાન-ચારિત્રનું સારી રીતે પાલન કરે છે. (અત્ર જ્ઞાન એટલે જિનાગમનું ક્ષયોપશમ જ્ઞાન સમજવું.) અને જે દર્શન-જ્ઞાન-ચારિત્ર આ ત્રણેથી ભ્રષ્ટ છે તેઓ તો અત્યંત ભ્રષ્ટ છે. તેઓ પોતે તો ભ્રષ્ટ છે, પરંતુ બાકીના અર્થાત્ પોતાના સિવાય અન્ય જનોને પણ ભ્રષ્ટ કરે છે.''

આ ગાથાથી સ્પષ્ટ થાય છે કે જિનસિદ્ધાંતને વિશે અનેકાંત પ્રવર્તે છે. અર્થાત્ જિનસિદ્ધાંતમાં દરેક કથન અપેક્ષાએ જ હોય છે. તેથી કરી કોઈ સ્વચ્છંદે એમ કહે કે સમ્યગ્દર્શન સિવાય અભ્યાસાર્થે અને પાપથી બચવા પણ અહિંસાદિ વ્રત-તપ ન હોય, તેઓને અત્ર ભ્રષ્ટથી પણ અતિ ભ્રષ્ટ કહ્યા અને અન્યોને પણ તેઓ ભ્રષ્ટરૂપે પ્રવર્તાવવાવાળા કહ્યા છે.

અર્થાત્ આ કાળે સમ્યગ્દર્શન અતિ દુર્લભ હોવાને કારણે, જો કોઈ મિથ્યાત્વી જીવ (=દર્શનવિહીન જીવ અથવા દર્શનભ્રષ્ટ જીવ) જ્ઞાન અથવા ચારિત્રની આરાધના કરે છે તો તેમાં કાંઈ જ ખોટું નથી. માત્ર તે જ્ઞાન અને ચારિત્ર તેને મુક્તિ અપાવવા શક્તિમાન નહિ હોવાથી અને ગુણસ્થાનક અનુસાર ન હોવાથી, તે તેને માત્ર અભ્યાસરૂપ અને શુભ ભાવરૂપ જ છે. પરંતુ તેની કોઈ મનાઈ નથી. ઊલટું તેને માટે અત્ર પ્રોત્સાહન આપેલ છે. જેથી સર્વજનોએ જિનસિદ્ધાંત સર્વ અપેક્ષાએ સમજવો અત્યંત આવશ્યક છે, નહિ કે એકાંતે. કારણ કે એકાંત અનેકોના પરમ અહિતનું કારણ થવા સક્ષમ છે.

'ભાવ પાહુડ' ગાથા ૮૬ : અર્થ :- ''અથવા જે પુરુષ આત્માને ઈષ્ટ કરતો નથી (=જેનું લક્ષ આત્મપ્રાપ્તિ નથી), તેનું સ્વરૂપ જાણતો નથી (=આત્મસ્વરૂપ વસ્તુવ્યવસ્થાનું સત્ય જ્ઞાન નથી), અંગીકાર કરતો નથી (=આત્માને અનુભવતો ન હોવાને કારણે મિથ્યાત્વી છે) અને સર્વ પ્રકારના સમસ્ત પુણ્ય કરે છે, તો પણ સિદ્ધિ (=મોક્ષ) પામતો નથી. પરંતુ તે પુરુષ સંસારમાં જ ભ્રમણ કરે છે.''

એટલે કે જેનું લક્ષ આત્મપ્રાપ્તિ નથી તેવો જીવ સર્વ પ્રકારના સમસ્ત પુણ્ય કરે છે તો પણ સિદ્ધિ (મોક્ષ) પામતો નથી, પરંતુ તે પુરુષ સંસારમાં જ ભ્રમણ કરે છે. માટે સર્વ મોક્ષેચ્છુઓએ પૂર્વે આપણે જોયું તેમ એકમાત્ર આત્માના લક્ષે જ શુભમાં રહેવું અને અશુભનો ત્યાગ કરવો - એવો છે વિવેક. અર્થાત્ પાપનો તો ત્યાગ જ અને એકમાત્ર આત્મપ્રાપ્તિને લક્ષે જે ભાવ હોય તે નિયમથી શુભ જ હોય, આવી છે સહજ વ્યવસ્થા. પરંતુ જે કોઈ આનાથી વિપરીત ગ્રહણ કરે, તો તેના તો હવે પછીના ભવોના પણ ઠેકાણા નહિ રહે અને જિનધર્મ વગેરેરૂપ ઉત્તમ સંયોગો પણ પ્રાપ્ત થવા દુર્લભ થઈ પડશે. તેથી શાસ્ત્રમાંથી છળ ગ્રહણ ન કરવું, અન્યથા અનંત સંસારભ્રમણ જ મળશે કે જે અનંત દુઃખોનું કારણ છે.

'મોક્ષપાહુડ' : ગાથા ૯ : અર્થ :- ''મિથ્યાદૃષ્ટિ પુરુષ પોતાના દેહ સમાન બીજાના દેહને જોઈને, એ દેહ અચેતન છે તો પણ, મિથ્યાભાવથી આત્મભાવ દ્વારા ઘણો પ્રયત્ન કરીને, તેને પરનો આત્મા જ માને છે, અર્થાત્ સમજે છે.''

મિથ્યાત્વી જીવ આ જ રીતે દેહભાવ પુષ્ટ કરે છે. જો તે સાક્ષાત્ સમોસરણમાં પણ જાય, તો ભગવાનના દેહને જ આત્મા માનીને અથવા જો તે મંદિરમાં જાય, તો ભગવાનની મૂર્તિરૂપ દેહને જ આત્મા માને છે અને પૂજે છે અને તેમ કરીને તે પોતાનો દેહાધ્યાસ જ પાકો કરે છે અર્થાત્ દેહાધ્યાસ જ દૃઢ કરે છે.

ગાથા ૧૮ : અર્થ :- ''સંસારના દુઃખ આપવાવાળા જ્ઞાનાવરણાદિક દુષ્ટ આઠ કર્મોથી રહિત છે (એટલે કે જે સમ્યગ્દર્શનના વિષયરૂપ શુદ્ધાત્મા છે તેમાં દ્રવ્યદૃષ્ટિએ કરી સર્વ વિભાવભાવ અસ્ત થયો છે અર્થાત્ અત્યંત ગૌણ થઈ ગયો છે. તેથી તેને દુષ્ટ આઠ કર્મોથી રહિત કહ્યો છે), જેને કોઈની ઉપમા આપી શકાય નહિ એવો અનુપમ છે, જેનું જ્ઞાન એ જ શરીર છે (અર્થાત્ જે સામાન્ય જ્ઞાનમાત્ર ભાવ છે તે જ, પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા છે તે જ), જેનો નાશ નથી એવો અવિનાશી - નિત્ય છે અને શુદ્ધ અર્થાત્ વિકારરહિત છે, તે કેવળ જ્ઞાનમયી આત્મા (અર્થાત્ સર્વ ગુણોના સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવ કે જેને શુદ્ધાત્મા પણ કહેવાય છે, તેના સર્વ ગુણો શુદ્ધ જ પરિણમે છે. તે અપેક્ષાએ કેવળ જ્ઞાનમયી કહ્યો છે. બીજું, ઉપર જણાવ્યા અનુસાર જેનું જ્ઞાન એ જ શરીર છે અર્થાત્ તે જ્ઞાનમાત્ર ભાવ હોવાથી તેને કેવળ જ્ઞાનમયી કહ્યો છે) જિન ભગવાન સર્વજ્ઞે કહ્યો છે, તે જ સ્વદ્રવ્ય [અર્થાત્ તે જ મારું સ્વ છે અને તેમાં જ મારે 'હુંપણું (એકત્વ)' કરવા જેવું છે. તે અપેક્ષાએ તેને સ્વદ્રવ્ય કહ્યો] છે.'' આ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા જ ઉપાદેય છે. અન્ય યોગ્યતા સહ તેમાં જ 'હુંપણું' થતાં સ્વાત્માનુભૂતિરૂપ સમ્યગ્દર્શન પ્રગટે છે તેમ આ ગાથામાં જણાવેલ છે.

બીજું, અનેક લોકો અહીંયા જણાવેલ સ્વભાવનું લક્ષણ જેવા કે જ્ઞાનાવરણાદિક આઠ કર્મોથી રહિત અથવા કેવળ જ્ઞાનમયીને શબ્દશઃ પકડીને અને નયોથી અપરિચિત હોવાને કારણે અથવા તો નયોના પક્ષવાળા હોવાના કારણે આ વાતને સમજી શકતા નથી.

ગાથા ૨૦ : અર્થ :- ''યોગી-ધ્યાની-મુનિ છે તે જિનવર ભગવાનના મતથી શુદ્ધાત્માને ધ્યાનમાં ધ્યાવે છે. (અર્થાત્ એકમાત્ર શુદ્ધાત્માનું જ ધ્યાન કરવા જેવું છે, તે જ ઉત્તમ છે ને તેના ધ્યાનથી જ યોગી કહેવાય છે.) તેથી નિર્વાણને પ્રાપ્ત કરે છે, તો તેનાથી શું સ્વર્ગલોક પ્રાપ્ત ન થઈ શકે ? અવશ્ય જ પ્રાપ્ત થઈ શકે છે.''

અર્થાત્ અનેક લોકો સ્વર્ગની પ્રાપ્તિને અર્થે નાના પ્રકારના - અનેક ઉપાયો કરતા જોવા મળે છે. તો તે ઉપાયોથી તો કદાચ ક્ષણિક સ્વર્ગ પ્રાપ્ત થાય પણ અથવા ન પણ થાય, પરંતુ પરંપરામાં તો તેને અનંત સંસાર જ મળે છે. જ્યારે શુદ્ધાત્માનું અનુભવન અને ધ્યાનથી મુક્તિ મળે છે અને મુક્તિ ન મળે ત્યાં સુધી સ્વર્ગ અને સ્વર્ગ જેવું જ સુખ હોય છે. તેથી સર્વજનોએ તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે કે જે મુક્તિનો માર્ગ છે અને તે માર્ગમાં સ્વર્ગ તો સહજ જ હોય છે. તેની માગણી નથી હોતી - એમ જણાવેલ છે.

ગાથા ૬૬ : અન્વયાર્થ :- ''જ્યાં સુધી મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોમાં પોતાના મનને જોડેલું રાખે છે (અર્થાત્ મનમાં ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે આદરભાવ વર્તે છે), ત્યાં સુધી આત્માને જાણતો નથી. (કારણ કે તેનું લક્ષ વિષયો છે, આત્મા નહિ. તેથી કરીને જ પૂર્વે અમે કહ્યું હતું કે 'મને શું ગમે છે ?' એ મુમુક્ષુ જીવે જોતા રહેવું અને તેનાથી પોતાની યોગ્યતાની તપાસ કરતા રહેવી અને જો યોગ્યતા ન હોય તો તેનો પુરુષાર્થ કરવો આવશ્યક છે.) તેથી વિષયોથી વિરક્ત ચિત્તવાળા યોગી-ધ્યાની-મુનિ જ આત્માને જાણે છે.'' આ ગાથામાં આત્મપ્રાપ્તિ માટેની યોગ્યતા જણાવેલ છે.

'શીલ પાહુડ' : ગાથા ૪ : અર્થ :- ''જ્યાં સુધી આ જીવ વિષયબળ અર્થાત્ વિષયોને વશ રહે છે ત્યાં સુધી જ્ઞાનને જાણતો નથી અને જ્ઞાનને જાણ્યા વિના કેવળ વિષયોથી વિરક્ત થવા માત્રથી જ પહેલા બાંધેલા કર્મોનો નાશ થતો નથી.''

અહીં આશય એ છે કે વિષયવિરક્તિ એ કોઈ ધ્યેય નથી પરંતુ સમ્યગ્દર્શન કે જે ધ્યેય છે તેના માટેની આવશ્યક યોગ્યતા છે. અને તે પણ એકમાત્ર આત્માલક્ષે જ હોવી જોઈએ કે જેથી તેનાથી આગળ આત્મજ્ઞાન થતા જ, અપૂર્વ નિર્જરા જણાવેલ છે. પરંતુ આત્મજ્ઞાનના લક્ષ વગરની માત્ર વિષયવિરક્તિ કર્મ ખપાવવામાં કાર્યકારી નથી - એમ જણાવેલ છે, અર્થાત્ મુમુક્ષુ જીવોએ એકમાત્ર આત્મલક્ષે વિષયવિરકિત કરવી અત્યંત આવશ્યક છે.

# ૩૫
# સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ

**અ**હીં સુધી જે ભાવો આપણે દઢ કર્યા તે એ છે કે સમ્યગ્દર્શન અને પછીથી મોક્ષમાર્ગ અને મુક્તિ માટે દરેકે લક્ષમાં લેવા જેવી કોઈ વસ્તુ હોય, તો તે છે સમ્યગ્દર્શનનો વિષય કે જે પરમ પારિણામિક ભાવરૂપ=આત્માના સહજ પરિણમનરૂપ શુદ્ધાત્મા છે કે જે મુક્તિનું કારણ હોઈને, કારણ સમયસાર અથવા કારણશુદ્ધ પર્યાય તરીકે પણ જણાવેલ છે. તેના ઘણા નામો પ્રયોજવામાં આવે છે. પરંતુ તેમાંથી શબ્દો નહિ પકડતા, એકમાત્ર શુદ્ધાત્મારૂપ ભાવ જેમ કહ્યો છે તેમ લક્ષમાં લેવો આવશ્યક છે. કારણ કે તેના વગર મોક્ષમાર્ગમાં પ્રવેશ જ નથી. આ કારણે ભેદજ્ઞાન કરાવવા, આધ્યાત્મિક શાસ્ત્રો તેને 'સ્વતત્ત્વ' કે 'સ્વભાવ'રૂપ આત્મા માને છે અને બાકીના જે આત્માના તમામ ભાવો છે તેનો આત્મામાં 'નકાર' કરે છે. તેને જ 'નેતિ નેતિ' રૂપે પણ કહેવાય છે. અર્થાત્ નિશ્ચયનયરૂપ નકાર પણ કહેવાય છે. જેથી કરીને સમયસાર અથવા નિયમસાર જેવા આધ્યાત્મિક શાસ્ત્રોનો પ્રાણ –હાર્દ માત્ર આ શુદ્ધાત્મા જ છે. કારણ કે તે શાસ્ત્રો ભેદજ્ઞાનના શાસ્ત્રો છે કે જેથી કરી મુમુક્ષુ જીવો અન્ય યોગ્યતા સહ પોતાના વિભાવભાવથી ભેદજ્ઞાન કરી, 'શુદ્ધાત્મા'નો અનુભવ કરે અને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી મોક્ષમાર્ગમાં આગળ વધી પરંપરાએ મુક્ત થાય. એ જ આ શાસ્ત્રનો એકમાત્ર ઉદ્દેશ છે. તેથી આ શાસ્ત્રોને આ ઉદ્દેશથી અર્થાત્ આ અપેક્ષાએ સમજવા અત્યંત આવશ્યક છે, નહિ કે એકાંતે. પ્રાયઃ મોટો વર્ગ આ ઉદ્દેશ્યને સમજી નહીં શકવાથી આવા ઉત્તમ શાસ્ત્રોથી દૂર જ રહે છે અને બીજો વર્ગ આને એકાંતરૂપથી ગ્રહણ કરીને સ્વચ્છંદ રૂપે પરિણમે છે. પરંતુ આવા શાસ્ત્રોને સમ્યક્‌રૂપથી સમજીને પ્રરૂપણા કરવાવાળા તો બહુ જ જૂજ (ઓછા) લોકો છે. જીવને વૈરાગ્યાદિ યોગ્યતાઓ વગર આવા શાસ્ત્રો શસ્ત્રરૂપે પણ પરિણમી શકે છે.

જેમ કે આવા શાસ્ત્રો વાંચીને અમુક લોકો એમ કહેવા લાગે કે 'મારામાં તો રાગ છે જ નહીં. હું રાગ કરતો જ નથી' વગેરે. અને તેઓ તે શાસ્ત્રોના ઉદ્દેશરૂપ ભેદજ્ઞાન ન કરતા, તે શાસ્ત્રોનો જ

આધાર લઈને સ્વચ્છંદે રાગ-દ્વેષરૂપે જ પરિણમે છે અને તે પણ જરાય અફસોસ વગર. આનાથી મોટી કરુણતા શું હોય ? અર્થાત્ આનાથી મોટું પતન શું હોય ? અર્થાત્ આ મહાપતન જ છે. કારણ કે જે શાસ્ત્રો ભેદજ્ઞાન કરીને મુક્ત થવા માટેના છે, પરંતુ અમુક લોકો તે શાસ્ત્રોનો હાર્દ સમજ્યા વગર તેને એકાંતે શબ્દશઃ સમજીને-પકડીને સ્વચ્છંદે પરિણમી, પોતાના અનંત સંસારનું કારણ બનાવે છે. અને તેઓ માને છે કે અમે બધું જ સમજી ગયા, અમે અન્યો કરતા ઊંચા/મોટા છીએ. કારણ કે અન્યોને તો આ વાતની ખબર જ નથી કે 'આત્મા રાગ કરતો જ નથી. આત્મામાં રાગ છે જ નહીં' વગેરે. આ છે સ્વચ્છંદે હાર્દ સમજ્યા વગર શબ્દોને પકડીને એકાંતરૂપ પરિણમન કે જે સમયસાર અથવા નિયમસાર જેવા શાસ્ત્રનું પ્રયોજન જ નથી. ઊલટો રાગ તો આત્મામાં જવાની સીડી છે. કારણ કે જે રાગ છે તે આત્માનો વિશેષભાવ છે કે જેને ગૌણ કરતા જ શુદ્ધાત્મા જણાય છે. અર્થાત્ સર્વ વિશેષભાવો સાધનરૂપ છે અને તેને ગૌણ કરતા જ તે જેના બનેલા છે તે પરમ પારિણામિક ભાવ સાધ્યરૂપે પકડાય છે. આ જ રીત છે સમ્યગ્દર્શનની. કારણ કે સ્થૂળથી જ સૂક્ષ્મમાં જવાય અર્થાત્ પ્રગટથી જ અપ્રગટમાં જવાય અર્થાત્ વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય - એ જ નિયમ છે. આધ્યાત્મિક શાસ્ત્રો ભેદજ્ઞાન કરાવવા માટે વિભાવભાવને જીવના નથી એમ કહે છે. કારણ કે તેમાં સમ્યગ્દષ્ટિને 'હુંપણું' હોતુ નથી. અર્થાત્ સમ્યગ્દર્શન માટે આત્માની અન્ય યોગ્યતાઓ સહ માત્ર 'શુદ્ધાત્મા'માં જ 'હુંપણું' કરવાનું હોઈને આ શાસ્ત્રોમાં જીવના અન્ય ભાવોને પુદ્ગલ ભાવો અર્થાત્ પરભાવો કહ્યા છે, નહિ કે સ્વચ્છંદે પરિણમવા માટે.

'આત્મામાં રાગ થતો જ નથી' એવો આવા શાસ્ત્રોનો અભિપ્રાય જ નથી. પરંતુ તે રાગરૂપ વિભાવભાવથી ભેદજ્ઞાન કરાવવા માટે તેને પુદ્ગલનો જણાવે છે. જૈન સિદ્ધાંતનો વિવેક તો એ છે કે 'હુંપણું' માત્ર શુદ્ધાત્મામાં કરાવાનું અને જ્ઞાન પ્રમાણનું અર્થાત્ અશુદ્ધરૂપે પરિણમેલ પૂર્ણ આત્માનું કરાવાનું. તેવો વિવેક કરી, તે મુમુક્ષુ તેવા રાગરૂપ ઉદયભાવથી હંમેશ માટે મુક્ત થવાનો પ્રયત્ન (પુરુષાર્થ) આદરે છે, નહિ કે 'તે મારા નથી, હું કરતો નથી' વગેરે કહીને તેને પોષવાનો સ્વચ્છંદ આચરે છે. આવી છે વિપરીત સમજની કરુણા.

આવા વિપરીતભાવ જ્ઞાની અથવા મુમુક્ષુ જીવને એક સમય પણ સહન કરવા જેવા લાગતા નથી. આ કારણે તેમને આવા જીવો પર કરુણા આવે છે. તે સ્વછંદ ભાવ તો આત્માને (અર્થાત્ મને) બંધનરૂપ છે, દુઃખરૂપ છે. તેથી આવા ભાવનું પોષણ તો કોઈ (જ્ઞાની અથવા મુમુક્ષુ કોઈ) પણ કરતા નથી. એટલે જે સ્વચ્છંદે આવા ભાવોનું પોષણ કરે છે, તે પોતાનું પરમ અહિત જ કરી રહ્યા છે અને તેઓ શાસ્ત્રોનો મર્મ જ સમજ્યા નથી, આવું અત્યંત અફસોસસહ - કરુણાસહ કહેવું આવશ્યક જ છે.

અમે આ પુસ્તકમાં અહીં સુધી જે શુદ્ધાત્માનું વર્ણન કર્યું છે તે જ ભાવ અમે વારંવાર અનુભવીએ છીએ અને તેને જ શબ્દોમાં વર્ણન કરવાનો અમે પ્રયત્ન કરેલ છે, કે જે પૂર્ણરૂપથી શક્ય નથી જ. કારણ કે તે અનુભવને શબ્દોમાં ભગવાન પણ કહી શકતા નથી. તેથી કરીને અમે આપને અનુરોધ કરીએ છીએ કે આપ અહીં સુધી કરેલ સ્પષ્ટતાથી અને આગળ સમયસારના આધારે અમે જે વિશેષ સ્પષ્ટતા કરવાના છીએ, તે બંનેનો મર્મ સમજીને આપ પણ આત્માની અન્ય યોગ્યતાઓ કરીને 'સ્વતત્ત્વ'નો અનુભવ કરો અને પરમસુખ-શાંતિ-પરમાનંદરૂપ મુક્તિ પામો. બસ એ જ એકમાત્ર ઉદ્દેશથી આ સર્વ લખેલ છે.

## ૩૬

# સમયસાર અનુસાર સમ્યગ્દર્શનનો વિષય

**શ્રી સમયસાર** અમૃતચન્દ્રાચાર્ય કૃત ટીકા પૂર્વરંગ : ગાથા ૨ : ગાથાર્થ :- ''હે ભવ્ય ! જે જીવ દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થઈ રહ્યો છે તેને નિશ્ચયથી સ્વસમય જાણ (અર્થાત્ જે દર્શન-જ્ઞાન-ચારિત્ર અને અનંતા ગુણોના સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવમાં જ 'હુંપણું' સ્થાપીને તેમાં જ સ્થિત થયેલ છે તેને સ્વસમય અર્થાત્ સમ્યગ્દષ્ટિ જાણ); અને જે જીવ પુદ્ગલ કર્મોના પ્રદેશોમાં સ્થિત થયેલ છે તેને પરસમય (અર્થાત્ જે વિભાવભાવ સહિતના જીવમાં 'હુંપણું' કરે છે તેને મિથ્યાત્વી જીવ) જાણ.''

અત્ર સમ્યગદર્શનનો વિષય જણાવ્યો છે. એમાં સમજવાનું એ છે કે અરીસાના દૃષ્ટાંતથી જેમ અરીસાના સ્વચ્છત્વરૂપ પરિણમનમાં જે 'હુંપણું' કરે છે તે સ્વસમય અર્થાત્ પ્રતિબિંબોને ગૌણ કરીને માત્ર અરીસાને જાણવો. જેમ કે આત્માના સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવમાં=જ્ઞાનસામાન્ય ભાવમાં = નિષ્ક્રિય ભાવમાં પ્રતિબિંબ રૂપે બાકીના ચાર ભાવો રહેલ છે. તો તે ચાર ભાવોને ગૌણ કરીને માત્ર સ્વચ્છત્વરૂપ પરમ પારિણામિક ભાવમાં = 'સ્વસમય'માં જ 'હુંપણું' કરવું. આમ કઈ રીતે કરી શકાય છે ? તો તેની રીત રૂપે આચાર્ય ભગવંતે ગાથા ૧૧માં જણાવ્યું છે કે કતકફળરૂપ બુદ્ધિથી આમ થઈ શકે છે. અને ગાથા ૨૯૪માં પ્રજ્ઞાછીણી વડે આ જ પ્રક્રિયા કરવાનું જણાવેલ છે. અત્ર સમજવાનું એ છે કે પર્યાયરહિતનું દ્રવ્ય એટલે કે આત્માના ચાર ભાવોથી રહિત કરીને =ગૌણ કરીને પંચમભાવરૂપ દ્રવ્યની પ્રાપ્તિ કે જે કતકફળરૂપ બુદ્ધિથી અથવા પ્રજ્ઞારૂપી છીણીથી જ થઈ શકે તેમ છે, અન્યથા નહીં. આચાર્ય ભગવંતે કોઈ ભૌતિક છીણીથી કે કપડાંનું ઉદાહરણ દઈને કાતરથી જીવમાં ભેદજ્ઞાન કરવાનું નથી કહ્યું. કારણ કે જીવ એક અભેદ-અખંડ-જ્ઞાનઘનરૂપ દ્રવ્ય છે. તેથી તે પર્યાયરહિતનું દ્રવ્ય પ્રાપ્ત કરવા માટે પ્રજ્ઞાછીણીરૂપ બુદ્ધિથી ચાર ભાવને ગૌણ કરી શેષ રહેલ એકમાત્ર ભાવ કે જે પરમ પારિણામિક ભાવરૂપ છે કે જે સદા એવો ને એવો જ ઊપજે છે, તેમાં 'હુંપણું' કરવાનું કહ્યું છે. તેને જ 'સ્વસમય' કહ્યો છે કે જેમાં 'હુંપણું'

કરવાથી જ (જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો) સમ્યગ્દર્શન પ્રગટે છે. અને સાથે જ સમ્યક્જ્ઞાન રૂપથી એ જ 'સ્વસમય'નો અનુભવ થાય છે, જેને આચાર્ય ભગવંતોએ આત્માની અનુભૂતિ જણાવી છે.

ગાથા ૨ : ટીકા :- આચાર્ય ભગવંત ટીકામાં જણાવે છે કે ''....આ જીવ પદાર્થ કેવો છે ? સદાય પરિણામ સ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી (પરમ પારિણામિક ભાવરૂપ હોવાથી) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ (અર્થાત્ અનુભૂતિ અભેદ દ્રવ્યની જ હોય છે. અનુભૂતિ રૂપ ભગવાન આત્મા=જીવરાજા દ્રવ્યપર્યાયની એકતારૂપ હોય છે. કારણ કે પર્યાય ન હોય તો તે દ્રવ્ય જ ન હોય એટલે કે ભૌતિક છીણીથી પર્યાયને ન કાઢતા, પ્રજ્ઞાછીણીથી પરભાવરૂપ ચાર ભાવોને કાઢીને એટલે કે ગૌણ કરીને જે પરમ પારિણામિક ભાવરૂપ=સહજ ભવનરૂપ આત્મા શેષ રહે, તેમાં 'હુંપણું' કરતા જ અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો અનુભૂતિ પ્રગટે છે. તે અનુભૂતિ) જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે...

વળી કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી (એટલે કે સ્વ-પર પ્રકાશકપણું સ્વાભાવિક છે. તેમાં પણ જો પરને કાઢી નાંખશો તો સ્વ જ નહીં રહે. કારણ કે જ્યાં પરનું પ્રકાશન થાય છે તે સ્વ તો જ્ઞાન જ છે =આત્મા જ છે. ત્યાં પણ પરનું પ્રકાશન ગૌણ કરવાનું છે, નિષેધ નહીં. પર પ્રકાશન ગૌણ કરતા જ જ્ઞાન=આત્મભાવ=જ્ઞાયકભાવ પ્રાપ્ત થાય છે.) જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે. (અર્થાત્ જે સમસ્ત રૂપને પ્રકાશે છે કે જેને ગૌણ કરતા જ જે ભાવ=જ્ઞાન શેષ રહે છે, તે જ જ્ઞાનરૂપ એકપણું પ્રાપ્ત કર્યું છે. એટલે કે જ્ઞાનઘનપણું પ્રાપ્ત કર્યું છે.) આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. (અત્ર સમજવાનું એ છે કે કોઈ પણ એકાંત માન્યતા જિનમત બાહ્ય છે અને એવું જે કથન છે કે અંતે તો અનેકાંત પણ સમ્યક્ એકાંત પામવા માટે જ છે -તેનો હાર્દ એવો જ છે કે જે પાંચ ભાવરૂપ જીવનું વર્ણન છે કે જે અનેકાંતરૂપ છે તે પરમ પારિણામિક ભાવરૂપ સમ્યક્ એકાંત પામવા માટે છે. નહિ કે 'આત્મા ખરેખર પરને જાણતો જ નથી' અથવા 'કોઈ પણ અપેક્ષાએ આત્મામાં રાગ-દ્વેષ છે જ નહીં' વગેરે પ્રરૂપણાઓરૂપ એકાંત પામવા માટે કે જે જિનમત બાહ્ય જ ગણાય છે)...

જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી, સર્વ પરદ્રવ્યોથી છૂટી દર્શન-જ્ઞાનસ્વભાવમાં (અત્ર સર્વ

ગુણ સમજવા) નિયત વૃત્તિરૂપ (પર્યાયરૂપ=પરમ પારિણામિક ભાવરૂપ=કારણશુદ્ધપર્યાયરૂપ) આત્મતત્ત્વ સાથે એકત્વગતપણે વર્તે છે (માત્ર તેમાં જ 'હુંપણું' કરે છે) ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં (અત્ર સર્વ ગુણ સમજવા) સ્થિત હોવાથી યુગપત્ સ્વને એકત્વપૂર્વક જાણતો તથા સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો (અર્થાત્ માત્ર સહજ આત્મપરિણતિરૂપ =પરમ પારિણામિક ભાવરૂપ =કારણશુદ્ધપર્યાયરૂપ આત્મામાં જ 'હુંપણું' કરતો) એવો તે 'સ્વસમય' (સમ્યગ્દષ્ટિ છે) એમ પ્રતીત કરવામાં આવે છે,... મોહ તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી, દર્શન-જ્ઞાનસ્વભાવમાં નિયત વૃત્તિરૂપ આત્મતત્ત્વથી (=દષ્ટિના વિષયથી =કારણશુદ્ધપર્યાયથી =પરમ પારિણામિક ભાવથી) છૂટી પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહ-રાગ-દ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે (એકપણું માનીને) (પાંચ ભાવરૂપ જીવમાં 'હુંપણું' કરીને) વર્તે છે, ત્યારે.... તે 'પરસમય' છે (એટલે કે મિથ્યાત્વી જ છે.)''

ગાથા ૩ : ગાથાર્થ :- ''એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે (અર્થાત્ જેણે માત્ર શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, તેવો આત્મા) તે લોકમાં બધેય સુંદર છે. (અર્થાત્ તેવો જીવ ભલે નરકમાં હોય કે સ્વર્ગમાં હોય અર્થાત્ દુઃખમાં હોય કે સુખમાં હોય, પરંતુ તે સુંદર અર્થાત્ સ્વમાં સ્થિત છે.) તેથી એકત્વમાં બીજાની સાથે બંધની કથા (અર્થાત્ બંધરૂપ વિભાવભાવોમાં 'હુંપણું' કરતા જ મિથ્યાત્વનો ઉદય થવાથી) વિસંવાદ-વિરોધ કરનારી (અર્થાત્ સંસારમા અનંત દુઃખરૂપ ફળ દેવાવાળી) છે.'' અને બીજું, જે આત્મદ્રવ્ય અન્ય કર્મ-નોકર્મરૂપ પુદ્ગલ દ્રવ્યની સાથે બંધાઈને રહેલ છે તેમાં વિસંવાદ છે. અર્થાત્ દુઃખ છે. જ્યારે તે જ આત્મદ્રવ્ય તે પુદ્ગલ દ્રવ્યની સાથેના બંધનથી મુક્ત થાય છે ત્યારે તે સુંદર છે. અર્થાત્ અવ્યાબાધ સુખી છે.

ગાથા ૪ : ગાથાર્થ :- ''સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે (અર્થાત્ સંસારીજન તેમાં તો ખૂબ જ હોશિયાર હોય જ છે), પરિચયમાં આવી ગઈ છે અને અનુભવમાં પણ આવી ગઈ છે. (અર્થાત્ બીજાને તેમ કરતા જોયા છે અને પોતે પણ તે રૂપે પરિણમી અનુભવ કરેલ છે.) તેથી સુલભ છે. (અર્થાત્ જીવ તેને બરોબર સમજે છે ને તેને જ એકમાત્ર જીવનના લક્ષરૂપ માનીને, તેની પાછળ જ દોડે છે.) પણ ભિન્ન આત્માનું (અર્થાત્ ભેદજ્ઞાને કરી પ્રાપ્ત 'શુદ્ધાત્મા'નું) એકપણું હોવું કદી સાંભળ્યું નથી (અર્થાત્ તેમાં જ 'હુંપણું' = એકત્વ કરવા યોગ્ય છે તેવું કદી સાંભળ્યું જ નથી), પરિચયમાં આવ્યું નથી (અર્થાત્ વાતમાં અથવા વાંચવામાં અથવા ઉપદેશમાં આવ્યું નથી), અને અનુભવમાં આવ્યું નથી. (તેને અનુભવ્યું પણ નથી. અર્થાત્ સ્વાત્માનુભૂતિ પણ નથી.) તેથી એક તે સુલભ નથી.''

પાંચ ઇન્દ્રિયોના જે વિષયો છે તેમાંથી શબ્દ અને રૂપને કામ કહેવાય છે. તથા ગંધ, રસ અને સ્પર્શને ભોગ કહેવાય છે. પાંચે મળીને કામ-ભોગ કહેવાય છે કે જેમાં મોટા ભાગના લોકોને રસ હોવાથી (કે જેમાં રસ રાખવા જેવો નથી) તેની કથા સુલભ છે. પરંતુ આ કાળે શુદ્ધાત્માની વાત અતિ દુર્લભ છે કે જે અમે અત્ર (સમયસારમાં) જણાવવાના છીએ, એવો ભાવ છે આચાર્ય ભગવંતનો આ ગાથામાં. વર્તમાનમાં પ્રાયઃ આ શાસ્ત્રમાંથી લોકોએ એકાંત જ લીધું છે – એવું જણાય છે. આચાર્ય ભગવાને તેથી જ તમામને ચેતવણી આપી છે કે અમે અહીંયા જે વાતને, જે કારણે, જે પ્રયોજનથી પ્રસ્તુત કરીયે છીએ; તે વાતને, તેવા જ અર્થમાં, તે જ પરિપ્રેક્ષ્યમાં અને તે જ પ્રયોજનથી ગ્રહણ કરજો. નહીં તો આ શાસ્ત્ર આપના માટે અનંત સંસારનું કારણ પણ બની શકે છે, શસ્ત્ર બની શકે છે.

ગાથા ૫ : ગાથાર્થ :- ''તે એકત્વવિભક્ત (અર્થાત્ અભેદરૂપ અને ભેદરૂપ) આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું (અર્થાત્ જણાવું છું), જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો છળ (અર્થાત્ ઊલટું-વિપરીત-નુકસાનકારક) ગ્રહણ ન કરવું.'' અર્થાત્ આ શાસ્ત્રથી સ્વચ્છંદ ગ્રહણ કરીને તમે છેતરાઈ જાઓ તેવું ન કરતા. કારણ કે તે સ્વચ્છંદ અનંત સંસારનું કારણ છે. એમ આચાર્ય ભગવંતે આ ગાથામાં જણાવેલ છે. વર્તમાનમાં પ્રાયઃ આ શાસ્ત્રમાંથી લોકોએ એકાંત જ લીધું છે – એવું જણાય છે, આચાર્ય ભગવાને તેથી જ તમામને ચેતવણી આપી છે કે અમે અહીંયા જે વાતને, જે કારણે પ્રસ્તુત કરીએ છીએ; તે વાતને, તેવા જ અર્થમાં અને તે જ પરિપ્રેક્ષ્યમાં ગ્રહણ કરજો. નહીં તો આ શાસ્ત્ર આપના માટે અનંત સંસારનું કારણ પણ બની શકે છે.

ગાથા ૬ : ગાથાર્થ :- ''જે જ્ઞાયક ભાવ છે (અર્થાત્ જે જ્ઞાનસામાન્યરૂપ, સહજ પરિણમનરૂપ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા છે), તે અપ્રમત્ત પણ નથી અને પ્રમત્ત પણ નથી. (અર્થાત્ તેમાં સર્વ વિશેષ ભાવોનો અભાવ છે. કારણ કે તે સામાન્ય જ્ઞાનમાત્ર ભાવ અર્થાત્, ગુણોના સહજ પરિણમનરૂપ સામાન્ય ભાવ જ છે કે જેમાં વિશેષનો અભાવ જ હોય છે.) એ રીતે તેને શુદ્ધ કહે છે. (અર્થાત્ વર્તમાનમાં શુદ્ધ ન હોવા છતાં તેનો જે સામાન્ય ભાવ છે તે ત્રિકાળ શુદ્ધ હોવાના કારણે તેને શુદ્ધ કહેવામાં આવે છે.) વળી, જે જ્ઞાયકપણે જણાયો (અર્થાત્ જે જાણવાવાળો છે) તે તો તે જ છે, (અર્થાત્ જે જાણવાની ક્રિયા છે તેમાંથી પ્રતિબિંબરૂપ જ્ઞેયને અર્થાત્ જ્ઞાનાકારને ગૌણ કરતા જ જ્ઞાયક અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્મા જણાય છે, અનુભવમાં આવે છે. આ જ આત્માની અન્ય યોગ્યતાઓ સહ સમ્યગ્દર્શનની રીત છે. અર્થાત્ જે જાણવાવાળો છે તે જ જ્ઞાયક છે.)

બીજો કોઈ નથી.''

અર્થાત્ જ્ઞાયક બીજો અને જાણવાની ક્રિયા બીજી એવું નથી. અર્થાત્ જ્ઞાયક જ જાણવારૂપે પરિણમેલ છે. તેથી જ જાણનક્રિયામાંથી જ્ઞાનાકારરૂપ પ્રતિબિંબ ગૌણ કરતા જ, જ્ઞાયક હાજરાહજુર જ છે. અર્થાત્ આત્મામાંથી અપ્રમત્ત અને પ્રમત્ત એ બંને વિશેષભાવોને ગૌણ કરતા જ જ્ઞાયકભાવ પ્રાપ્ત થાય છે. પૂર્વે અમે એ વાત સિદ્ધ કરેલ જ છે કે પર્યાય જ્ઞાયકભાવનો જ બનેલ છે. એટલે તેમાંથી વિશેષભાવને ગૌણ કરતા જ જ્ઞાયક અર્થાત્ સામાન્ય ભાવ પ્રગટ થાય છે, પ્રાપ્ત થાય છે. આત્માની અન્ય યોગ્યતાઓ સહ આ જ રીત છે સમ્યગ્દર્શનની.

આત્મા જે ચાર ભાવરૂપે પરિણમે છે તે વિશેષભાવ છે. અર્થાત્ ઉદય, ક્ષાયોપશમિક, ઉપશમ અને ક્ષાયિક - આ ચાર ભાવરૂપે આત્મા પરિણમે છે, તે ચાર ભાવ વિશેષભાવ છે. અને તેઓ જે ભાવના બનેલા છે, તેને પરમ પારિણામિક ભાવ અથવા સ્વભાવ અથવા આત્માનું સહજ પરિણમન કહેવાય છે. તે ભાવમાં 'હુંપણું' કરવાથી અને તેનો અનુભવ કરવાથી જ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

ગાથા ૬ : ટીકા :- ''જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (અર્થાત્ કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી) અનાદિ સત્તારૂપ છે, કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે, નિત્ય ઉદ્યોતરૂપ હોવાથી (અર્થાત્ સહજ આત્મ પરિણમનરૂપ =પરમ પારિણામિક ભાવરૂપ =કારણશુદ્ધપર્યાયરૂપ હોવાથી) ક્ષણિક નથી અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે (અર્થાત્ પરમ પારિણામિક ભાવ છે), તે સંસારની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી (અપેક્ષાથી) ક્ષીર-નીરની જેમ કર્મપુદ્ગલો સાથે એકરૂપ હોવા છતાં (એટલે કે પરમ પારિણામિક ભાવરૂપ જીવના સહજ પરિણમનમાં જ બાકીના ચાર ભાવ થાય છે કે જે અમે પૂર્વે જણાવેલ જ છે અને સમયસાર ગાથા ૧૬૪-૧૬૫માં પણ જણાવેલ જ છે કે 'સંજ્ઞ આસ્રવો કે જે જીવમાં જ થાય છે, તેઓ જીવના જ અનન્ય પરિણામ છે'=જીવ જ તે રૂપે પરિણમેલ છે. અર્થાત્ જીવમાં એક શુદ્ધ ભાગ અને બીજો અશુદ્ધ ભાગ-એમ નહીં સમજતા, સમજવાનું એમ છે કે જીવ ઉદય-ક્ષયોપશમ ભાવરૂપે પરિણમેલ છે. અર્થાત્ જીવમાં છૂપાયેલ સ્વચ્છત્વરૂપ જે જીવનું પરિણમન છે કે જે પરમ પારિણામિક ભાવ કહેવાય છે તે ભાવ જ અન્ય ચાર ભાવનો સામાન્ય ભાવ છે. તેથી જીવમાં અન્ય ચાર ભાવોને ગૌણ કરીને પરમ પારિણામિક ભાવમાં 'હુંપણું' કરતા જ એક જ્ઞાયકભાવ અનુભવાય છે. આત્માની અન્ય યોગ્યતાઓ સહ આ જ અનુભવની વિધિ છે. જેમ કે, રાગ-દ્વેષરૂપ પરિણમેલ જીવ રાગી દ્વેષી જણાતો હોવા છતાં-વર્તમાનમાં તે રૂપ હોવા છતાં, તે રાગ-દ્વેષને ગૌણ કરતા જ પરમ પારિણામિક ભાવ

જણાય છે. તે તેનો 'સ્વ'ભાવ છે કે જેમાં 'હુંપણું' થતા જ તે જીવ 'સ્વસમય'=સમ્યગ્દર્શની થાય છે.), દ્રવ્યના સ્વભાવની અપેક્ષા (ઉપર જણાવેલ દ્રવ્યનો 'સ્વ'ભાવ=પરમ પારિણામિક ભાવ=કારણશુદ્ધપર્યાય)થી જોવામાં આવે તો દુરંત કષાયચક્રના ઉદયની (અર્થાત્ કષાયના સમૂહના અપાર ઉદયોની) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. (અર્થાત્ દ્રવ્યનો સ્વભાવ તે પરમ પારિણામિક ભાવરૂપ છે કે જે પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. તે માત્ર એક જ્ઞાયકભાવરૂપ છે.) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી; તે જ સમસ્ત અન્ય દ્રવ્યોના ભાવોથી (=જીવના ચાર ભાવો કે જેમાં અન્ય દ્રવ્યનું નૈમિત્તિકપણું છે) તેનાથી ભિન્નપણે (અર્થાત્ જીવના ચાર ભાવોને ગૌણ કરતા પંચમભાવરૂપે =પરમ પારિણામિક ભાવરૂપે) ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે. (અત્ર એ સમજવું જરૂરી છે કે રાગ કોઈ પણ અપેક્ષાએ જીવમાં નથી, વગેરેરૂપ એકાંત પ્રરૂપણા જિનમત બાહ્ય છે. તેથી તેવી પ્રરૂપણા કરવાવાળા અને તેમાં અટવાયેલ ભોળા જીવો=તેમ માનવાવાળા ભોળા જીવો ભ્રમમાં રહીને અતિ ઉત્તમ એવો માનવજન્મ અને વીતરાગ ધર્મ એળે ગુમાવે છે અને વીતરાગી બનવાનો એક અમૂલ્ય અવસર ગુમાવે છે.)

વળી, દાહ્યના (=બળવાયોગ્ય પદાર્થના) આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે. (અર્થાત્ જ્ઞાનને જ્ઞેયાકારે પરિણમવાથી સ્વ-પરને જાણવાવાળું કહેવાય છે.) તો પણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી, તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ' (જ્ઞાનાકાર) ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે. (અર્થાત્ જ્ઞાનનું સ્વ-પરને જાણવું પ્રસિદ્ધ છે.) તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. (કારણ કે તે જ્ઞેયને જ્ઞેયરૂપે=તદ્રૂપે પરિણમીને જાણતું નથી. જ્ઞાનને જ્ઞેય સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી. તેને પોતાના આકાર=જ્ઞાનાકાર સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ છે કે જેનાથી અશુદ્ધતા તેનામાં પ્રવેશ પામતી નથી.) કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં (એટલે કે સ્વ-પરને જાણવાના કાળે) જે જ્ઞાયકપણે (જાણવાવાળા તરીકે) જે જણાયો તે સ્વરૂપ-પ્રકાશનની (સ્વરૂપ જાણવાની=એટલે કે તે જ્ઞેયને જ્ઞાનાકાર તરીકે જોતા અને તેને જ જ્ઞાનરૂપે જોતા=જ્ઞેયોને ગૌણ કરતા જ આત્માની અન્ય યોગ્યતાઓ સહ પરમ પારિણામિક ભાવ અનુભવાય છે. અરીસાના ઉદાહરણ પ્રમાણે પ્રતિબિંબને ગૌણ કરતા જ અરીસાનું સ્વચ્છત્વ જણાય છે, તેવી) અવસ્થામાં પણ, દીવાની જેમ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી (એટલે કે જે સ્વચ્છત્વરૂપ પરિણમન=પરમ પારિણામિકરૂપ=જ્ઞાનસામાન્ય =નિષ્ક્રિય ભાવ છે કે જે સ્વ-પરને જાણવાવાળા વિશેષભાવનો જ સામાન્ય ભાવ છે. માટે જો પરને જાણવાનો નિષેધ કરવામાં આવે તો તે સ્વચ્છત્વના=ભગવાન આત્માના નિષેધરૂપે પરિણમશે. તે સમજ્યા વગર નિષેધ કરવાવાળા

ભ્રમને=ભ્રમિત દશાને પામશે અને આ અમૂલ્ય મનુષ્યજન્મ અને વીતરાગનું શાસન મળ્યું તે વ્યર્થ ગુમાવશે. જે જાણવાવાળો છે તે) જ્ઞાયક જ છે. પોતે જાણનારો=જ્ઞાયક માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ... [અત્ર સ્વ-પરનું જાણવું એ ભગવાન આત્મામાં જવાની સીડીરૂપે દર્શાવેલ છે. કારણ કે સ્થૂલથી જ સૂક્ષ્મમાં જવાય, પ્રગટથી જ અપ્રગટમાં જવાય,વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય એ જ નિયમ છે. કારણ કે જ્ઞાયક જ પોતે જાણનારો છે. જાણવું અને જ્ઞાયક વચ્ચે અનન્યપણું બતાવીને જાણવું (પ્રતિબિંબ) ગૌણ કરતા જ જાણનારો જણાય છે. માટે સ્વ-પરનું જાણવું એ ભગવાન આત્મામાં જવાની સીડીરૂપ છે.]''

ભાવાર્થમાં પંડિત જયચંદજી જણાવે છે કે ''....'જ્ઞાયક' એવું નામ પણ તેને (અર્થાત્ શુદ્ધાત્માને=દૃષ્ટિના વિષયને=પરમ પારિણામિક ભાવરૂપ આત્માને) જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે. કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. તો પણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી. કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં પ્રતિભાસિત થયું તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતા (જ્ઞેયને ગૌણ કરતા ત્યાં) જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી' એવો પોતાને પોતાનો અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે. [અત્ર સમજવાનું એ છે કે 'આત્મા ખરેખર પરને જાણતો નથી' એવી વાતો કરીને આત્મામાં જવાનો રસ્તો (સીડી) બંધ કરીને શું મળશે ? માત્ર ભ્રમ જ મળશે. કારણ પરને જાણવાનો નિષેધ કરતા જાણનારનો જ નિષેધ થાય છે.] આવો એક જ્ઞાયકપણામાત્ર (જાણવાવાળો) પોતે શુદ્ધ છે-આ શુદ્ધનયનો વિષય છે. (અત્ર સમજવાનું એ છે કે પ્રથમ જે 'દૃષ્ટિના વિષય' વિશે જણાવ્યું તેમ પર્યાયથી રહિત દ્રવ્ય એટલે કે પ્રતિબિંબથી રહિત એટલે કે પ્રતિબિંબને ગૌણ કરતા જ ત્યાં જાણનાર રૂપે જ્ઞાયક જ હાજર છે, તે જ દૃષ્ટિનો વિષય છે. તે જ પરમ પારિણામિક ભાવ છે. તે જ કારણશુદ્ધપર્યાય છે. તે જ કારણશુદ્ધપરમાત્મા છે. તે જ સમયસારરૂપ જીવરાજા છે. એટલે અહીંયા કોઈ જ ભૌતિક છીણીની જરૂર નથી. કારણ કે આત્મા અભેદ-અખંડ છે. તેમાંથી કાંઈ જ નીકળે તેમ નથી. અને જો કાઢવાની કોશિશ થશે તો આત્મા પોતે જ નીકળી જશે અર્થાત્ આત્માનો જ લોપ થશે. અને કાઢનાર પોતે આકાશના ફૂલની માફક ભ્રમમાં જ રાચશે. તેથી અહીંયા પ્રજ્ઞારૂપી છીણીનો ઉપયોગ કરીને=કતકફળરૂપ બુદ્ધિપૂર્વક તે પ્રતિબિંબરૂપ અર્થાત્ ઉદય-ક્ષયોપશમરૂપ ભાવોને ગૌણ કરતા જ ત્યાં સાક્ષાત્ શુદ્ધાત્મારૂપ પરમ પારિણામિક ભાવ હાજર જ છે. આત્માની અન્ય યોગ્યતાઓ સહ આ જ સમ્યગ્દર્શનની વિધિ છે, કે જે આચાર્ય ભગવંતે અને પંડિતજીએ ગાથા ૬માં જણાવેલ

છે.)''

પંડિતજી આગળ જણાવે છે કે ''....અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન સ્યાદ્વાદરૂપ છે. તેથી અશુદ્ધ નયને સર્વથા અસત્યાર્થ ન માનવો. (અત્ર સમજવાનું એ છે કે પૂર્વે જણાવ્યા અનુસાર ગાથા : ૧૬૪-૧૬૫માં ભાવાસ્રવોને જીવથી અનન્ય કહ્યા છે. અને તેથી કરીને 'જીવમાં કોઈ પણ અપેક્ષાએ રાગ થતો નથી' જેવી પ્રરૂપણાઓ જિનમત બાહ્ય છે.) કારણ કે સ્યાદ્વાદ પ્રમાણે શુદ્ધતા અને અશુદ્ધતા - બંને વસ્તુના ધર્મ છે અને જે વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે. (અર્થાત્ તે વસ્તુ જ છે = આત્મા જ છે.) (અત્ર સમજવાનું એ છે કે ગાથા : ૧૬૪-૧૬૫માં જણાવ્યા અનુસાર રાગ-દ્વેષરૂપ પરિણામ થાય તો આત્મામાં જ છે - આત્મા જ એ રૂપે પરિણમે છે, અને એ પરિણમનની હાજરીમાં પણ રાગ-દ્વેષને ગૌણ કરતા જ તેમાં છૂપાયેલ પરમ પારિણામિક ભાવરૂપ = સમયસારરૂપ = કારણશુદ્ધપર્યાયરૂપ આત્મા હાજર જ છે.) અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે... અશુદ્ધ નયને અસત્યાર્થ કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી. (એટલે કે જેમ છે તેમ સમજવું. તે છે, પણ તેને ગૌણ કરતા જ જ્ઞાયક હાજર જ છે, અન્યથા) એમ સર્વથા એકાંત સમજવાથી મિથ્યાત્વ છે. (અત્ર પંડિતજીએ એકાંત પ્રરૂપણા કરતા લોકોને સાવધાન કર્યા છે.) માટે સ્યાદ્વાદનું શરણ લઈ શુદ્ધ નયનું આલંબન કરવું (અર્થાત્ જીવને પાંચ ભાવરૂપ જાણી ચાર ભાવ ગૌણ કરતા જ સમ્યક્ એકાંતરૂપ શુદ્ધ નિશ્ચયનયનો વિષય એવો શુદ્ધાત્મા=પરમ પારિણામિક ભાવ પ્રગટ થાય છે કે જેનું આલંબન કરવું) જોઈએ.....''

ગાથા ૭ : ગાથાર્થ :- ''જ્ઞાનીને ચારિત્ર, દર્શન, જ્ઞાન-એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે. (અર્થાત્ જ્ઞાનીને એકમાત્ર અભેદભાવરૂપ 'શુદ્ધાત્મા'માં જ 'હુંપણું' હોવાથી, જે પણ વિશેષ ભાવો છે અને જે પણ ભેદરૂપ ભાવો છે તે વ્યવહાર કહેવાય છે.) નિશ્ચયથી જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી, દર્શન પણ નથી. (અર્થાત્ નિશ્ચયથી કોઈ ભેદ શુદ્ધાત્મામાં નથી. તે એક અભેદ સામાન્યભાવરૂપ હોવાથી તેમાં ભેદરૂપ ભાવો અને વિશેષ ભાવો એ બંને ભાવો નથી.) જ્ઞાની તો એક શુદ્ધ જ્ઞાયક જ છે.'' અર્થાત્ શુદ્ધ નિશ્ચયનયનો વિષય માત્ર અભેદ એવો શુદ્ધાત્મા જ છે. તેથી જ્યારે લોકો અમને પૂછે છે કે તમે કારણશુદ્ધપર્યાયને અભેદ કેવી રીતે લીધો છે ? અર્થાત જે પરમ પારિણામિક ભાવ છે, તેને જ કારણ શુદ્ધ પર્યાય કેમ કહ્યો છે ? બીજું, એમ પણ પૂછે છે કે, તમે સમ્યગ્દર્શનના વિષયમાં પ્રમાણનું દ્રવ્ય કેમ લીધું છે ? અને પર્યાયનો નિષેધ કેમ નથી કર્યો ? ત્યારે અમે તેમને આ ઉત્તર આપીયે છીએ :- નિશ્ચયથી આત્મા અભેદ-એક છે. તેમાં જે પણ ભેદ કર્યા છે તે માત્ર સમજાવવાના ઉદ્દેશ્યથી જ કર્યા છે. તે વાસ્તવિક નથી. તેથી જ્ઞાનીને અનુભવના કાળે કોઈ

જ ભેદ નથી. આ કારણે જ અભેદ એવા એક આત્માના જ અલગ અલગ નામો હોવાથી પરમ પારિણામિક ભાવને જ કારણશુદ્ધપર્યાય કે કારણશુદ્ધપરમાત્મા કહ્યો છે. બીજું, નિશ્ચયથી આત્મા એક-અભેદ હોવાથી તેમાં જે પણ ભેદ કરવામાં આવે છે, તે માત્ર સમજાવવા માટે જ કરવામાં આવે છે; નહીં કે વાસ્તવિક. એટલે જેને પણ એવા પ્રશ્નો થાય છે કે સમ્યગ્દર્શનના વિષયમાં પ્રમાણનું દ્રવ્ય કેમ લીધું છે ? અથવા સમ્યગ્દર્શનના વિષયમાં પર્યાયનો નિષેધ કેમ નથી કર્યો ? અથવા જે લોકો દ્રવ્યના ધ્રુવને અને પર્યાયના ધ્રુવને અલગ માને છે વગેરે. તેઓએ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનને તપાસવાની આવશ્યકતા છે અને દ્રવ્યની અભેદતા સમજવી અત્યંત આવશ્યક છે. કેમ કે તે બંને વ્યવસ્થા સમજ્યા પછી આ પ્રશ્નો નહીં રહે. નહીં તો આપ મિથ્યારૂપ ભ્રમમાં (કલ્પનાઓમાં) જ રહેશો. આ વાત આ ગાથામાં સમજાવી છે. નિષેધ નિશ્ચય નયનો પક્ષ છે અને અનુભવ પક્ષાતીત હોય છે. તેથી કોઈ પણ નયના પક્ષવાળાને અનુભવ થતો નથી. પરંતુ તેઓ એકાંતરૂપે પરિણમે છે.

ગાથા ૭ : ટીકા :- ''..... કારણ કે અનંત ધર્મોવાળા એક ધર્મીમાં (અર્થાત્ ભેદથી સમજીને અભેદરૂપ અનુભૂતિમાં) જે નિષ્ણાત નથી એવા નિકટવર્તી શિષ્યજનને, ધર્મીને ઓળખાવનારા કેટલાક ધર્મો વડે (=ભેદો વડે), ઉપદેશ કરતા આચાર્યોનો-જો કે ધર્મ અને ધર્મીનો સ્વભાવથી અભેદ છે, તો પણ નામથી ભેદ ઉપજાવી (=અભેદ દ્રવ્યમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એમ ભેદ ઉપજાવી) વ્યવહારમાત્રથી જ-એવો ઉપદેશ છે કે 'જ્ઞાનીને દર્શન છે, જ્ઞાન છે, ચારિત્ર છે.' પરંતુ પરમાર્થથી (=વાસ્તવમાં) જોવામાં આવે તો અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું હોવાથી જે એક છે... (અર્થાત્ જે દ્રવ્ય ત્રણે કાળે તે તે પર્યાયરૂપે પરિણમતું હોવા છતાં પોતાનું દ્રવ્યપણું છોડ્યું નથી. જેમ કે માટી કાળક્રમે ઘટ, પિંડરૂપે પરિણમવા છતાં માટીપણું છોડતી નથી અને દરેક પર્યાયમાં તે માટીપણું વ્યાપ્ય-વ્યાપક સંબંધથી છે. માટે પર્યાય અનંત હોવા છતાં તે દ્રવ્ય તો એક જ છે.)... એક શુદ્ધ જ્ઞાયક જ છે.''

ગાથા ૮ : ગાથાર્થ :- ''જેમ અનાર્ય (મ્લેચ્છ) જનને અનાર્ય ભાષા વિના કાંઈ પણ વસ્તુનું સ્વરૂપ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી. તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ કરવા કોઈ સમર્થ નથી. (=મિથ્યાત્વીને ભેદરૂપ વ્યવહારભાષા વગર વસ્તુનું સ્વરૂપ સમજાવવા કોઈ સમર્થ નથી. તેથી અભેદ તત્ત્વમાં અલગ અલગ પ્રકારે ભેદરૂપ વ્યવહાર કરવામાં આવે છે. જેમ કે દ્રવ્ય-ગુણ-પર્યાય, જ્ઞાન-દર્શન-ચારિત્ર, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, ૪૭ શક્તિ વગેરે. તે માત્ર સમજાવવા માટે છે; નહીં કે અનુભવવા. કારણ કે અનુભવ તો યથાર્થ એવા અભેદ આત્માનો જ હોય છે=થાય છે. અર્થાત્ પારમાર્થિક આત્મામાં કોઈ જ ભેદ ન સમજવા. જ્યાં સુધી ભેદમાં હશો ત્યાં સુધી અભેદનો અનુભવ

નહીં જ થાય. કારણ કે આત્મામાં ભેદ તો વ્યવહારરૂપ-ઉપચારમાત્ર અજ્ઞાનીને સ્વરૂપ ગ્રહણ કરાવવા પાડેલ છે, ખરેખર છે નહીં.)''

ગાથા ૧૧ : ગાથાર્થ :- ''વ્યવહારનય અભૂતાર્થ છે. (અર્થાત્ ઉપર જણાવ્યા અનુસાર ભેદરૂપ વ્યવહાર અભૂતાર્થ છે. કારણ કે જે ભેદમાં જ રમે છે તે ક્યારેય સમ્યગ્દર્શનના વિષયરૂપ અભેદ દ્રવ્યનો અનુભવ કરી જ શકતો નથી. બીજું, નિશ્ચયથી દ્રવ્ય અભેદ હોવાથી જે ભેદ ઉપજાવીને કહેવામાં આવે છે, તેવા વ્યવહારરૂપ-ઉપચારરૂપ ભેદો આદરણીય નથી. અર્થાત્ 'હુંપણું' કરવા યોગ્ય નથી. તેથી ભેદરૂપ વ્યવહાર અભૂતાર્થ છે) અને શુદ્ધનય ભૂતાર્થ છે (અર્થાત્ શુદ્ધનયનો વિષય અભેદરૂપ 'શુદ્ધાત્મા' છે કે જે સમ્યગ્દર્શનનો વિષય હોવાથી આદરણીય છે -ભૂતાર્થ છે એટલે કે તેમાં 'હુંપણું' કરવા યોગ્ય છે.) એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે. જે જીવ ભૂતાર્થનો (=શુદ્ધાત્માનો) આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે.'' અર્થાત્ કોઈ પણ જીવ અભેદરૂપ શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરીને અને તેનું જ અનુભવન કરીને સમ્યગ્દષ્ટિ થઈ શકે છે, અન્યથા નહિ. અમે જેમ ઉપર સમજાવ્યું છે તેમ લોકોએ વ્યવહારથી દ્રવ્યના એટલા બધા ભેદ કર્યા કે તેમને લાગવા લાગ્યું કે 'દ્રવ્ય અને પર્યાય ભિન્નપ્રદેશી છે. દ્રવ્ય અપરિણામી (કૂટસ્થ નિત્ય) અને પર્યાય પરિણામી છે. પરમ પારિણામિક ભાવ અને કારણશુદ્ધપર્યાય અલગ અલગ છે. જીવને ચોથા ગુણસ્થાનકે શુદ્ધાત્માનો અનુભવ થતો નથી' વગેરે. આ બધી જ ભ્રાંતિઓ કાઢવા માટે અભેદ એવો શુદ્ધ નય સમ્યક્રૂપથી સમજવાની આવશ્યકતા છે. કારણ કે તે જ ભૂતાર્થ છે. તેથી જ્યારે અભેદ એવો શુદ્ધનય સમ્યક્રૂપથી સમજાય ત્યારે જ આવા મિથ્યા આગ્રહ કે ભ્રમ દૂર થશે, અન્યથા નહીં. આ જ વાત આ ગાથાથી સમજવાની છે.

ગાથા ૧૧ : ટીકા :- ''વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી (ભેદરૂપ વ્યવહાર કે જે માત્ર આત્માના સ્વરૂપનું ગ્રહણ કરાવવા હસ્તાવલંબનરૂપ જાણીને પ્રરૂપ્યો છે તે) અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે. (એટલે કે જેવો અભેદ આત્મા છે તેવો તેનાથી અર્થાત્ ભેદરૂપ વ્યવહારથી વર્ણવાતો નથી).... આ વાત દૃષ્ટાંતથી બતાવીએ છીએ :- (દૃષ્ટાંતમાં વ્યવહારનય જીવને આગમોમાં વર્ણવ્યા અનુસાર પાંચ ભાવ સહિત બતાવે છે તેમાંથી ઉપાદેય એવો જીવ કે જે ચાર ભાવોને ગૌણ કરતા જ પંચમભાવરૂપ=પરમ પારિણામિક ભાવરૂપ =દૃષ્ટિના વિષયરૂપ પ્રગટ થાય છે કે જે 'સમયસાર' જેવા આધ્યાત્મિક શાસ્ત્રનો પ્રાણ છે તેને તે ગ્રહણ કરાવે છે.) જેમ પ્રબળ કાદવના મળવાથી (પ્રબળ ઉદય-ક્ષયોપશમ ભાવ સહિત) જેનો સહજ એક નિર્મળ ભાવ (પરમ પારિણામિક ભાવ) તિરોભૂત (આચ્છાદિત) થઈ ગયો છે એવા જળનો અનુભવ કરાવનાર (અજ્ઞાની) પુરુષો-જળ અને કાદવનો વિવેક નહીં કરનાર ઘણા તો, તેને (જળને =જીવને) મલિન જ અનુભવે છે (ઉદય

ક્ષયોપશમરૂપ જ અનુભવે છે). પણ કેટલાક (જ્ઞાની) પોતાના હાથથી નાખેલા કતકફળ (=નિર્મળી ઔષધિ કે બુદ્ધિરૂપી-પ્રજ્ઞાછીણી)ના પડવા માત્રથી ઊપજેલા જળ-કાદવના વિવેકપણાથી (એટલે કાદવ જળમાં હોવા છતાં જળને સ્વચ્છ અનુભવી શકનાર=આત્મા વર્તમાનમાં ઉદય, ક્ષયોપશમ રૂપે પરિણમેલ હોવા છતાં તેમાં છુપાયેલ એટલે કે ઉદય અને ક્ષયોપશમ ભાવને ગૌણ કરતા જ જે ભાવ પ્રગટ થાય છે તેને=ઉદય અને ક્ષયોપશમ ભાવ જેનો બનેલ છે તેને=એક સહજ આત્મપરિણમનરૂપને=પરમ પારિણામિક ભાવરૂપ આત્માને), પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક નિર્મળ ભાવપણાને (પરમ પારિણામિક ભાવને) લીધે, તેને (જળને=આત્માને) નિર્મળ જ અનુભવે છે, એવી રીતે પ્રબળ કર્મના મળવાથી જેનો સહજ એક જ્ઞાયકભાવ (પરમ પારિણામિક ભાવ) તિરોભૂત થઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનાર પુરુષો (અજ્ઞાનીઓ)-આત્મા અને કર્મનો વિવેક નહિ કરનારા, વ્યવહારથી વિમોહિત હૃદયવાળાઓ તો, તેને (આત્માને) જેમાં ભાવોનું વિશ્વરૂપપણું (અનેકરૂપપણું) પ્રગટ છે એવો અનુભવે છે. પણ ભૂતાર્થદર્શીઓ (શુદ્ધનયને દેખનારાઓ=જ્ઞાનીઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય (=કતકફળ કે પ્રજ્ઞાછીણી) અનુસાર બોધ થવા માત્રથી ઊપજેલા આત્મા-કર્મના વિવેકપણાથી (ભેદજ્ઞાનથી), પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને (પરમ પારિણામિક ભાવને) લીધે તેને જેમાં એક જ્ઞાયકભાવ (=પરમ પારિણામિક ભાવ) પ્રકાશમાન છે એવો અનુભવે છે....''

ભાવાર્થમાં પંડિતજીએ સમજાવેલું છે કે જીવને 'જેમ છે તેમ' સર્વનયથી નિર્ણય કરી સમ્યક્ એકાંતરૂપ શુદ્ધ માનવો, નહીં કે એકાંતે અપરિણામી એવો શુદ્ધ માનવો. તેથી તો મિથ્યાદર્શનનો જ પ્રસંગ આવે છે. કારણ કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે. પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. જેમ કે મલિન પર્યાયને ગૌણ કરતા જ શુદ્ધ ભાવરૂપ પરમ પારિણામિક ભાવ હાજર જ છે, નહીં કે પર્યાયને ભૌતિક રીતે અલગ કરીને. કારણ કે અભેદ દ્રવ્યમાં ભૌતિક રીતે પર્યાયને અલગ કરવાની વ્યવસ્થા જ નથી. તેથી વિભાવભાવને ગૌણ કરતા જ પર્યાયરહિત દ્રવ્યનું=પરમ પારિણામિક ભાવરૂપ એક અભેદ-અખંડ આત્માનું ગ્રહણ થાય છે. આ જ આત્માની અન્ય યોગ્યતાઓ સહ સમ્યગ્દર્શનની વિધિ છે.

ગાથા ૧૨ : ગાથાર્થ :- ''પરમભાવના (શુદ્ધાત્માના) દેખનારાઓને (અનુભવનારાઓને) તો શુદ્ધનો (શુદ્ધ આત્માનો) ઉપદેશ કરનાર શુદ્ધનય જાણવા યોગ્ય છે. (અર્થાત્ શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધાત્માનો જ આશ્રય કરવા યોગ્ય છે. કારણ કે તેના આશ્રયથી જ શ્રેણી માંડીને તે સમ્યગ્દષ્ટિ

જીવ ઘાતી કર્મોનો નાશ કરે છે અને કેવળી થાય છે.) વળી, જે જીવો અપરમભાવે સ્થિત છે (=મિથ્યાત્વી છે) તેઓ વ્યવહાર દ્વારા (અર્થાત્ ભેદરૂપ વ્યવહાર દ્વારા વસ્તુસ્વરૂપ સમજાવી તત્ત્વોનો નિર્ણય કરાવવા માટે) ઉપદેશ કરવા યોગ્ય છે.''

ભાવાર્થમાં પંડિત જયચંદજી જણાવે છે કે ''જે કોઈ જીવ કે જે અપરમભાવે સ્થિત છે (અજ્ઞાની છે) તે (ભેદરૂપ અને વ્યવહાર ધર્મરૂપ બંને) વ્યવહાર છોડે અને તેને સાક્ષાત્ શુદ્ધોપયોગની પ્રાપ્તિ તો થઈ નથી. (અર્થાત્ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયેલ નથી.) તેથી ઊલટો અશુભ ઉપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપે (સ્વચ્છંદે) પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરાએ નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે છે.''

અત્ર સમજવાનું એ છે કે આત્મા અજ્ઞાન અવસ્થામાં ૨૪ કલાક કર્મનો બંધ કરે જ છે. જેથી કરીને કરુણાવંત આચાર્ય ભગવંતોએ જણાવેલ છે કે જ્યાં સુધી તત્ત્વનો નિર્ણય અને અનુભવ ન થાય ત્યાં સુધી તેના જ લક્ષે (શુદ્ધના જ એકમાત્ર લક્ષે) નિયમથી શુભમાં જ રહેવા જેવું છે, નહીં કે અશુભમાં. કારણ કે અશુભથી તો દેવ-શાસ્ત્ર-ગુરુ રૂપ સંયોગ મળવા પણ કઠિન થઈ જાય એમ છે. આ વાતમાં જેનો વિરોધ હોય તેઓ અમને માફ કરે. કારણ કે આ વાત અમે કોઈ પણ પક્ષરહિત-નિષ્પક્ષભાવે જણાવેલ છે કે જે સર્વ આચાર્ય ભગવંતોએ પણ જણાવેલ છે. અને જ્યાં જ્યાં (જે પણ ગાથાઓમાં) આ વાતોનો સર્વથા નિષેધ કરવાનું જણાવેલ છે તે એકમાત્ર શુદ્ધ ભાવનો લક્ષ કરાવવા જણાવેલ છે; નહીં કે અશુભ ભાવમાં રમવા માટે. અને મુનિરાજને છઠ્ઠા ગુણસ્થાનકે આ વાતનો નિષેધ સાતમા ગુણસ્થાનરૂપ અભેદ આત્માનુભૂતિમાં સ્થિર થઈ આગળ વધીને કેવળજ્ઞાન અને મોક્ષ મેળવવા જણાવેલ છે, નહીં કે છઠ્ઠા ગુણસ્થાનકે સહજ હોતા શુભનો નિષેધ કરીને નીચે પાડવા - અર્થાત્ અવિરત અથવા અજ્ઞાની થવા.

આથી સર્વ મુમુક્ષુ જનોને આ વાત યથાર્થ - 'જેમ છે તેમ' સમજવી અત્યંત આવશ્યક છે. અર્થાત્ સમજવાનું એ છે કે અહોભાવ (ઉપાદેયતા) માત્ર શુદ્ધતાનો જ હોવો જોઈએ, શુભનો નહીં જ. પણ જ્યાં સુધી શુદ્ધરૂપે નથી પરિણમતો ત્યાં સુધી રહેવાનું તો નિયમથી શુભમાં જ.

શ્લોક ૪ :- ''નિશ્ચય અને વ્યવહાર - એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે. એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પદથી ચિન્હિત જે જિન ભગવાનનું વચન (વાણી) તેમાં જે પુરુષો રમે છે (=બન્ને નયનો પક્ષ છોડીને મધ્યસ્થ રહે છે), તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરંત દેખે જ છે. (કોણ દેખે છે ? તો કહે છે કે 'સ્યાત્' વચનોમાં રમતો પુરુષ, નહીં કે એકાંતનો આગ્રહી

પુરુષ. અર્થાત્ સમ્યગ્દર્શન કે જે સમ્યક્ એકાંતરૂપ હોવા છતાં આગ્રહ તો એકાંતનો ન જ હોય, પ્રરૂપણા એકાંતની ન જ હોય. પ્રરૂપણા તો જેમ છે તેમ સ્યાત્ વચનો રૂપે જ હોય.) કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા ? નવીન ઉત્પન્ન થયો નથી, પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો છે (અર્થાત્ પહેલા જે અજ્ઞાનીને ઉદય-ક્ષયોપશમ રૂપે અનુભવાતો હતો તે જ હવે જ્ઞાનીને ઉદય-ક્ષયોપશમભાવો ગૌણ થઈ જતા કે કરતા જ સમયસારરૂપ=પરમ પારિણામિક ભાવરૂપ=પરમજ્યોતિરૂપ પ્રગટ થાય છે=જણાય છે=અનુભવાય છે=વ્યક્તિરૂપ થાય છે). વળી કેવો છે ? સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી, નિર્બાધ છે (અર્થાત્ જેઓ સમ્યગ્દર્શન માટે સર્વથા એકાંતનયની પ્રરૂપણામાં રાચે છે તેઓને શુદ્ધાત્મા કદી જ પ્રાપ્ત થાય તેવો નથી – એમ જ અત્ર જણાવેલ છે.).''

ઘણા સંપ્રદાયોમાં એવી માન્યતા છે કે શુદ્ધોપયોગ સાતમા અથવા તેરમા ગુણસ્થાનકમાં જ હોય છે, ચોથા ગુણસ્થાનકમાં નથી થતો. આવું માનીને તેઓ પોતાના જ સમ્યગ્દર્શનનો માર્ગ બંધ કરે છે. તેમના માટે ઉપર જણાવ્યું છે કે અધિકતર લોકો કીચડવાળા પાણીને મલિન જ અનુભવે છે. કારણ કે તેમને જિનશાસનના નયોની લક્ષ્મીની સમજ નહીં હોવાથી અથવા કોઈ નયનો આગ્રહ/ પક્ષ હોવાથી આમ થાય છે. શુદ્ધનયાભાસી લોકો સિવાય સર્વ જનોને આ વાત વિદિત છે કે 'અજ્ઞાની જીવ અત્યારે અશુદ્ધરૂપે પરિણમે છે.' છતાં પણ ભગવાને તે જ જીવમાં દ્રવ્યદૃષ્ટિથી અર્થાત્ શુદ્ધ-દ્રવ્યાર્થિક નયથી શુદ્ધાત્મા જોવાનું અને અનુભવવાનું કહ્યું છે અને તેને જ આત્માની અન્ય યોગ્યતાઓ સહ સમ્યગ્દર્શનની રીત કહી છે. તેથી ચોથા ગુણસ્થાનકે પણ શુદ્ધોપયોગ હોય છે – તે માનવું આવશ્યક છે, અન્યથા તે જિનમતબાહ્ય જ કહેવાશે. કારણ કે જો એવું હોત તો કુંદકુંદાચાર્ય જેવા આચાર્ય ભગવંત ફરી ફરી શુદ્ધાત્માનો અનુભવ કરીને જ્ઞાની થવાનું ન કહેત. આ વાત અમે પણ અમારા અનુભવના આધારે કહી રહ્યા છીએ.

શ્લોક ૫ :- ગાથા ૧૧ અને ૧૨ને જ દૃઢ કરાવે છે કે જે ભેદરૂપ વ્યવહારનય છે તે અજ્ઞાનીને માત્ર સમજાવવા માટે છે. પરંતુ તેમ ભેદરૂપ આત્મા છે નહીં. માટે આશ્રય તો અભેદરૂપ આત્માનો=શુદ્ધાત્માનો કે જેમાં પરદ્રવ્યોથી થતા ભાવોને ગૌણ કરેલ છે, તેનો જ કરવાનો છે. તે આત્મા જ ઉપાદેય છે. અર્થાત્ દ્રવ્ય-પર્યાયરૂપ ભેદ અથવા પર્યાયના નિષેધરૂપ ભેદનો જેઓ આશ્રય કરે છે તેઓને અભેદ આત્માનો અણસાર પણ આવતો નથી. કારણ કે તેઓ ભેદમાં જ રમે છે. તેઓ વિકલ્પમાં જ રમે છે અને ભેદનો જ આદર કરે છે. તેથી તેઓને નિષેધ વિનાનો દૃષ્ટિનો વિષય જ માન્ય હોતો નથી. આવી છે કરુણાજનક પરિસ્થિતિ.

શ્લોક ૬ :- અત્ર આચાર્ય ભગવંત જણાવે છે કે જે નવ તત્ત્વની પરિપાટી છે તેને છોડીને (અર્થાત્ ગૌણ કરીને) જોતા - તે ભાવને અનુભવતા જ આત્મા પ્રાપ્ત થાય છે.

શ્લોક ૭માં આચાર્ય ભગવંત ગાથા ૧૩નો જ ભાવ વ્યક્ત કરે છે કે નવ તત્ત્વમાં વ્યાપ્ત એવી આત્મજ્યોતિ (=પરમ પારિણામિક ભાવ) નવ તત્ત્વોને ગૌણ કરતા જ એક અખંડ આત્મજ્યોતિ (=પરમ પારિણામિક ભાવ) પ્રાપ્ત થાય છે.

ગાથા ૧૩ : ગાથાર્થ :- ''ભૂતાર્થ નયથી જાણેલ (=અભેદ એવા શુદ્ધ નયથી જાણેલ) જીવ, અજીવ વળી પુણ્ય, પાપ તથા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ - એ નવ તત્ત્વ સમ્યક્ત્વ છે.''

એટલે કે અભેદ એવા શુદ્ધ નયથી જે એમ જાણે છે કે આ સર્વ નવ તત્ત્વરૂપે પરિણમેલ જીવ વિશેષ અપેક્ષાએ નવ તત્ત્વરૂપ ભાસે છે, પણ અભેદ શુદ્ધ નય દ્વારા આ નવ તત્ત્વ જેના બનેલા છે તે તો એકમાત્ર સામાન્યભાવરૂપ અર્થાત્ અભેદ શુદ્ધ જીવત્વભાવરૂપ 'શુદ્ધાત્મા' જ છે. અને તેવી રીતે જે નવ તત્ત્વને જાણે છે તેને જ સમ્યગ્દર્શન છે અર્થાત્ તે જ સમ્યક્ત્વ છે. આ ગાથા 'સમયસાર'ના સારરૂપે છે. સર્વ અધિકારોનો ઉલ્લેખ આ ગાથામાં કરી સર્વ અધિકારોના સારરૂપે સમ્યગ્દર્શનરૂપ આત્માનું સ્વરૂપ સમજાવેલ છે.

ગાથા ૧૩ : ટીકા :- ''આ જીવાદિ નવ તત્ત્વો ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે. (ભૂતાર્થનયથી એટલે કે અભેદનયથી=આ જીવાદિ નવ તત્ત્વોરૂપે આત્મા જ પરિણમે છે. તેથી તે નવ તત્ત્વોને ગૌણ કરતા જ શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે=સમ્યગ્દર્શન થાય છે). કારણ કે તીર્થની (વ્યવહારધર્મની) પ્રવૃત્તિ અર્થે અભૂતાર્થ (વ્યવહાર) નયથી (આ નવ તત્ત્વો) કહેવામાં આવે છે (એટલે કે જે જીવ અપરમભાવે સ્થિત છે - અજ્ઞાની છે, તેને મ્લેચ્છની ભાષામાં એટલે કે આગમની ભાષામાં જીવને ઉદય-ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક-પારિણામિક એવા પાંચ ભાવરૂપે પ્રરૂપવામાં આવે છે) એવા આ નવ તત્ત્વો - જેમના લક્ષણ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે - તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનયથી એકપણું પ્રાપ્ત કરી (=તે સર્વ તત્ત્વો રૂપે જે આત્મા પરિણમેલ છે તે બાહ્ય નિમિત્તના ભાવ કે અભાવથી પરિણમેલ છે. તે નવ તત્ત્વોરૂપે પરિણમેલ એવા આત્મામાં વિશેષ ભાવોને ગૌણ કરતા જ, એક અભેદ એવો સહજ પરિણમનરૂપ આત્મા કે જે પરમ પારિણામિક ભાવરૂપ છે=સમયસારરૂપ છે તે પ્રાપ્ત થાય છે. તેને પ્રાપ્ત કરતા જ), શુદ્ધનયપણે સ્થપાયેલા આત્માની અનુભૂતિ, કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે-તેની પ્રાપ્તિ હોય છે (અર્થાત્ સમ્યગ્દર્શનરૂપ-સમયસારરૂપ આત્માની પ્રાપ્તિ હોય છે). ત્યાં, વિકારી

થવા યોગ્ય (આત્મા) અને વિકાર કરનાર (કર્મો)-એ બંને પુણ્ય છે..., કારણ કે એકને જ (આત્માને) પોતાની મેળે (સ્વભાવથી) પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષની ઉપપત્તિ (સિદ્ધિ-તે ભાવરૂપ આત્માનું પરિણમવું) બનતી નથી. તે બંને જીવ (ભાવકર્મ) અને અજીવ (દ્રવ્યકર્મ) છે (=તે બબ્બેમાં એક જીવ છે ને બીજું અજીવ છે).

બાહ્ય (સ્થૂલ) દૃષ્ટિથી જોઈએ તો જીવ-પુદ્‌ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને એકપણે અનુભવ કરતા આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે. (એટલે કે આગમમાં નિરૂપિત પાંચ ભાવોથી યુક્ત જીવમાં આ નવ તત્ત્વો ભૂતાર્થ છે, સત્યાર્થ છે.) અને એક જીવદ્રવ્યના સ્વભાવ('સ્વ'નો ભાવ = 'સ્વ'નું સહજ પરિણમનરૂપ ભાવ = પરમ પારિણામિક ભાવ = કારણશુદ્ધપર્યાય = કારણશુદ્ધ પરમાત્મારૂપ ભાવ)ની સમીપ જઈને અનુભવ કરતા તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. ('સમયસાર' જેવા અધ્યાત્મ ગ્રંથમાં નિરૂપિત શુદ્ધાત્મારૂપ જીવમાં તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.) (જીવના ત્રિકાળી એકાકાર સ્વરૂપમાં તેઓ નથી.) તેથી આ નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે...'' આ જ ગાથાના ભાવ શ્લોક ૮માં વિશેષરૂપે સમજાવેલ છે.

શ્લોક ૮ :- ''આ રીતે નવ તત્ત્વોમાં ઘણા કાળથી છુપાયેલી આ આત્મજ્યોતિને (અર્થાત્ આત્માના ઉદય-ક્ષયોપશમરૂપ જે ભાવો છે તે સર્વ જીવોને અનાદિના હોય છે અને જે જીવ અજ્ઞાની છે તે, તે જ ભાવોમાં રમે છે. છતાં પણ દરેક જીવમાં અનાદિથી પરમ પારિણામિક ભાવરૂપ છુપાયેલી આત્મજ્યોતિ મૌજૂદ જ હોય છે, હાજર જ હોય છે. માત્ર ઉદય-ક્ષયોપશમરૂપ ભાવોને ગૌણ કરીને તેનું લક્ષ કરતા જ તે પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે નવ તત્ત્વને ગૌણ કરતા જ, જે સામાન્ય જીવત્વભાવ શેષ રહે છે તે ત્રણે કાળે શુદ્ધ હોવાથી કહ્યું છે કે નવ તત્ત્વમાં ઘણા કાળથી છુપાયેલી આત્મજ્યોતિને), જેમ વર્ણોના સમૂહમાં છુપાયેલા એકાકાર સુવર્ણને બહાર કાઢે તેમ (અર્થાત્ અશુદ્ધાત્મામાંથી અશુદ્ધિને ગૌણ કરતા જ, તેમાં છુપાયેલ એકાકાર =અભેદ શુદ્ધાત્મા સાક્ષાત્ થાય છે તેમ), શુદ્ધ નયથી (અર્થાત્ ઉપર કહ્યા પ્રમાણે અશુદ્ધ ભાવોને ગૌણ કરતા જ) બહાર કાઢી પ્રગટ કરવામાં આવી છે. માટે હવે હે ભવ્ય જીવો ! હંમેશાં આને અન્ય દ્રવ્યોથી (અર્થાત્ પુદ્‌ગલરૂપ કર્મ-નોકર્મથી) તથા તેમનાથી થતા નૈમિત્તિક ભાવોથી (અર્થાત્ ઔદયિક ભાવોથી) ભિન્ન (અર્થાત્ અમે પૂર્વે જે બે પ્રકારે ભેદજ્ઞાન કરવાનું જણાવ્યું છે તેમ); એકરૂપ દેખો. આ (જ્યોતિ = પરમ પારિણામિક ભાવ), પદે પદે અર્થાત્ પર્યાયે પર્યાયે એકરૂપ ચિત્ચમત્કારમાત્ર ઉદ્યોતમાન છે (અર્થાત્ દરેક પર્યાયમાં પૂર્ણ જીવ વ્યક્ત થતો જ હોવાથી અર્થાત્ પર્યાયમાં પૂર્ણ દ્રવ્ય હોવાથી જ આમ જણાવેલ છે. એટલે કે પર્યાય જ વર્તમાન જીવદ્રવ્ય છે, એમ જે અમે પૂર્વે જણાવેલ છે તે જ સમજ અત્ર દઢ થાય છે.).''

અત્ર એ સમજવું જરૂરી છે કે આગમ અને અધ્યાત્મમાં જરાય વિરોધ નથી. કારણ કે આગમથી જીવનું સ્વરૂપ 'જેમ છે તેમ' સમજીને અર્થાત્ જીવને સર્વ નયથી જાણીને અધ્યાત્મરૂપ શુદ્ધ નય વડે ગ્રહણ કરતા જ જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો સમ્યગ્દર્શનરૂપ આત્મજ્યોતિ પ્રગટ થાય છે, પ્રાપ્ત થાય છે. અર્થાત્ પર્યાયમાં વિશેષભાવને ગૌણ કરતા જ એકરૂપ-અભેદરૂપ ચિત્ચમત્કારમાત્ર જ્યોતિ અર્થાત્ સામાન્ય ભાવરૂપ પરમ પારિણામિક ભાવ હાજર જ છે કે જે સમ્યગ્દર્શનનો વિષય છે અને તેમાં જ 'હુંપણું' કરતા સ્વાત્માનુભૂતિ પ્રગટ થઈ શકે છે. આત્માની અન્ય યોગ્યતાઓ સહ આ જ સમ્યગ્દર્શનની રીત છે.

શ્લોક ૯ :- ''આચાર્ય શુદ્ધ નયનો અનુભવ કરી કહે છે કે આ સર્વ ભેદોને ગૌણ કરનાર જે શુદ્ધ નય (એટલે કે જીવમાં ભેદરૂપ-દ્રવ્ય-ગુણ-પર્યાય-ઉત્પાદ-વ્યય-ધ્રુવ અથવા ઉદય-ઉપશમ-ક્ષયોપશમરૂપ ભાવોને ગૌણ કરીને પરમ પારિણામિક ભાવરૂપ, સમયસારરૂપ શુદ્ધ નય)નો વિષયભૂત ચૈતન્ય-ચમત્કારમાત્ર (જ્ઞાનમાત્ર = પરમ પારિણામિક ભાવમાત્ર) તેજઃપુંજ આત્મા, તેનો અનુભવ થતા નયોની લક્ષ્મી ઉદય પામતી નથી, (અર્થાત્ સર્વ નયો વિકલ્પરૂપ જ છે. જ્યારે પરમ પારિણામિક ભાવ સર્વ વિશેષભાવરહિત હોવાથી અર્થાત્ તેમાં કોઈ જ વિકલ્પ ન હોવાથી તેમાં નયો-નિક્ષેપો-સ્વ-પરરૂપ ભાવો નથી. ત્યાં માત્ર એક અભેદભાવમાં જ 'હુંપણું' છે. તેથી) પ્રમાણ અસ્તને પ્રાપ્ત થાય છે, અને નિક્ષેપોનો સમૂહ ક્યાં જતો રહે છે ? તે અમે જાણતા નથી. આથી અધિક શું કહીએ ? દ્વૈત જ પ્રતિભાસિત થતું નથી. (સ્વાત્માનુભૂતિના કાળમાં માત્ર 'હું'નો જ આનંદ-વેદન હોય છે ત્યાં સ્વ-પરરૂપ કોઈ દ્વૈત હોતું જ નથી.)''

શ્લોક ૧૦ :- ''શુદ્ધ નય આત્માના સ્વભાવને પ્રગટ કરતો ('સ્વ'ના ભવનરૂપ = સ્વનું સહજ પરિણમનરૂપ = પરમ પારિણામિક ભાવરૂપ પ્રગટ કરતો) ઉદયરૂપ થાય છે. તે આત્મસ્વભાવને કેવો પ્રગટ કરે છે ? (એટલે કે તે પ્રગટ કરેલો આત્મસ્વભાવ કેવો છે ?) પરદ્રવ્ય, પરદ્રવ્યના ભાવો તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિભાવો એવા પરભાવોથી ભિન્ન કરે છે. (અર્થાત્ પરદ્રવ્ય તો પ્રગટપણે ભિન્ન છે. તેથી તેની સાથે તેના લક્ષણથી ભેદજ્ઞાન કરે છે. અને પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના જે વિભાવો છે તે જીવરૂપ છે. તેથી તે વિભાવોને ગૌણ કરે છે અને વિભાવોમાં છુપાયેલી આત્મજ્યોતિને મુખ્ય કરે છે.) વળી તે આત્મસ્વભાવ સમસ્તપણે પૂર્ણ છે - સમસ્ત લોકાલોકને જાણનાર છે - એમ પ્રગટ કરે છે (અત્ર સમજવાનું એ છે કે પરમ પારિણામિક ભાવરૂપ આત્માનું એટલે કે જ્ઞાનનું લક્ષણ - જ્ઞાનનો સ્વભાવ પ્રતિબિંબરૂપે પરને ઝળકાવવાનો છે. તે પ્રતિબિંબને ગૌણ કરતા જ ત્યાં અરીસાની જેમ સ્વચ્છત્વરૂપ પરિણમન હાજર જ છે. અને જ્ઞાનનો

સ્વભાવ લોકાલોકને ઝળકાવવાનો છે. તેથી કરીને જ તે ‘જ્ઞાન’ નામ પામે છે, અન્યથા નહિ. તે જ્ઞેયાકારરૂપ ઝલકનને ગૌણ કરતા જ ત્યાં જ્ઞાનમાત્રરૂપ =પરમ પારિણામિક ભાવરૂપ =જ્ઞાયક હાજર જ છે. તેથી કરી ‘આત્મા ખરેખર પરને જાણતો જ નથી’ એવી પ્રરૂપણા કરીને આત્માના લક્ષણનો અભાવ કરવાથી આત્માનો જ અભાવ થાય છે.). વળી, તે આત્મસ્વભાવને આદિ-અંતથી રહિત પ્રગટ કરે છે (પરમ પારિણામિક ભાવ તે આત્માનો અનાદિ અનંત ‘સ્વ’ ભવનરૂપ ‘સ્વ’ભાવ છે અને તે ત્રિકાળ શુદ્ધ હોવાથી તેને આદિ-અંતથી રહિત કહ્યો છે). વળી, તે આત્મસ્વભાવને એક - સર્વ ભેદભાવોથી રહિત એકાકાર - પ્રગટ કરે છે. (સર્વ પ્રકારના ભેદરૂપ ભાવો; જેવા કે દ્રવ્ય-ગુણ-પર્યાય, જ્ઞાન-દર્શન-ચારિત્ર, નિષેધરૂપ સ્વ-પરરૂપ ભાવોથી રહિત પ્રગટ કરે છે.) અને જેમાં સમસ્ત સંકલ્પ-વિકલ્પના સમૂહો વિલય થઈ ગયા છે એવો પ્રગટ કરે છે. (અર્થાત્ ઉદય, ક્ષયોપશમ ભાવોને ગૌણ કરતા જ પરમ પારિણામિક ભાવરૂપ આત્મામાં કોઈ જ સંકલ્પ-વિકલ્પ, નય-પ્રમાણ-નિક્ષેપો વગેરે રહેતાં જ નથી - એવો આત્મા પ્રગટ કરે છે.) આવો શુદ્ધ નય પ્રકાશરૂપ થાય છે.’’

ગાથા ૧૪ : ગાથાર્થ :- ‘‘જે નય આત્માને (૧) બંધરહિત ને (૨) પરના સ્પર્શરહિત, (૩) અન્યપણારહિત, (૪) ચળાચળતારહિત, (૫) વિશેષરહિત (=વિશેષને ગૌણ કરતા જ જે એક સામાન્ય ભાવરૂપ =પરમ પારિણામિક ભાવરૂપ જીવ છે તે, અન્યના લક્ષે થવાવાળા સર્વ ભાવો કે જે વિશેષ છે, તેનાથી રહિત જ હોય છે), અન્યના સંયોગરહિત એવા (ઉપરોક્ત) પાંચ ભાવરૂપ દેખે છે તેને, હે શિષ્ય! તું શુદ્ધ નય જાણ.’’ જેમ અમે પૂર્વે સમજાવ્યું તેમ સર્વ પરદ્રવ્યથી તથા પરદ્રવ્યના લક્ષથી થવાવાળા આત્માના ભાવોથી (તેને ગૌણ કરીને) ભેદજ્ઞાન કરવાથી શુદ્ધ નયરૂપ અર્થાત્ અભેદ એવો પંચમભાવરૂપ સમ્યગ્દર્શનનો વિષય પ્રાપ્ત થાય છે.

ગાથા ૧૪ : ટીકા :- ‘‘નિશ્ચયથી અબદ્ધ-અસ્પૃષ્ટ (આત્માના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એવા ચાર ભાવોથી અબદ્ધ-અસ્પૃષ્ટ), અનન્ય (છતાં આત્માના પરિણમન =પર્યાયથી અનન્ય પરમ પારિણામિક ભાવરૂપ=કારણશુદ્ધપર્યાયરૂપ), નિયત (નિયમથી એકસમાન સહજ પરિણમનરૂપ), અવિશેષ (જેમાં વિશેષરૂપ ચારેય ભાવોનો અભાવ છે એવો, સામાન્ય પરિણમનરૂપ-સહજ પરિણમનરૂપ) અને અસંયુક્ત (કે જે ઉપર કહ્યા તેવા ચાર ભાવોથી સંયુક્ત નથી - તે ચાર ભાવોને ગૌણ કરતા જ શુદ્ધ નયનો આત્મા પ્રાપ્ત થાય છે) એવા આત્માની જે અનુભૂતિ તે શુદ્ધ નય છે. એ અનુભૂતિ આત્મા જ છે, એ રીતે આત્મા એક જ પ્રકાશમાન છે...’’

શ્લોક ૧૧ :- ‘‘જગતના પ્રાણીઓ એ સમ્યક્ સ્વભાવનો અનુભવ કરો કે જ્યાં આ બદ્ધસ્પૃષ્ટ આદિ ભાવો (ઉપર કહ્યા તે ચાર ભાવો) સ્પષ્ટપણે તે સ્વભાવ ઉપર તરે છે (એટલે કે

તે ભાવો થાય છે તો આત્માના પરિણામમાં જ અર્થાત્ આત્મામાં જ), તો પણ (તેઓ પરમ પારિણામિક ભાવમાં) પ્રતિષ્ઠા પામતા નથી. કારણ કે દ્રવ્યસ્વભાવ (દ્રવ્યરૂપ આત્માના 'સ્વ'નું ભવનરૂપ 'સ્વ'ભાવ) તો નિત્ય છે (એટલે કે એવો ને એવો જ થાય છે), એકરૂપ છે (અનન્યરૂપ છે, અભેદ છે ત્યાં કોઈ ભેદ નથી). અને આ ભાવો (એટલે કે અન્ય ચાર ભાવો) અનિત્ય છે, અનેકરૂપ છે, પર્યાયો (ચાર ભાવરૂપ પર્યાયો-વિભાવભાવ) દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે. (તે ચાર ભાવ પરમ પારિણામિક ભાવરૂપ દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ પામતા જ નથી. કારણ કે પરમ પારિણામિક ભાવરૂપ દ્રવ્યસ્વભાવ સામાન્ય ભાવરૂપ છે. તેથી તેમાં વિશેષભાવનો તો અભાવ જ હોય છે અર્થાત્ વિશેષભાવો દ્રવ્યસ્વભાવમાં પ્રવેશ કરતા નથી, ઉપર જ રહે છે.) આ શુદ્ધ સ્વભાવ ('સ્વ'ના ભવનરૂપ = પરમ પારિણામિક ભાવ) સર્વ અવસ્થાઓમાં પ્રકાશમાન છે. (આત્મામાં ત્રણે કાળ છે. એટલે જ ત્રિકાળી શુદ્ધ ભાવ કહેવાય છે.) એવા શુદ્ધ સ્વભાવનો, મોહરહિત થઈને જગત અનુભવ કરો. કારણ કે મોહકર્મના ઉદયથી ઉત્પન્ન મિથ્યાત્વરૂપ અજ્ઞાન જ્યાં સુધી રહે છે ત્યાં સુધી એ અનુભવ યથાર્થ થતો નથી.''

શ્લોક ૧૨ :- ''જો કોઈ સુબુદ્ધિ (એટલે કે જેને તત્ત્વોનો નિર્ણય થયો છે તેવો કે જે સમ્યગ્દર્શન પામવાની પૂર્વના પર્યાયોમાં સ્થિત છે તેવો) ભૂત, વર્તમાન અને ભાવિ એવા ત્રણે કાળના (કર્મોના) બંધને પોતાના આત્માથી તત્કાળ - શીઘ્ર ભિન્ન કરીને (અર્થાત્ કર્મોરૂપી પુદ્ગલોને પોતાથી ભિન્ન જાણી - જડ જાણી પોતાને ચેતનરૂપ અનુભવીને) તથા તે કર્મના ઉદયના નિમિત્તથી થયેલ મિથ્યાત્વ(અજ્ઞાન)ને પોતાના બળથી (પુરુષાર્થથી) રોકીને અથવા નાશ કરીને (ઉપર શ્લોક ૧૧માં જણાવ્યા પ્રમાણે ચાર ભાવોને ગૌણ કરીને, પોતાને પરમ પારિણામિક ભાવરૂપે અનુભવતા જ મિથ્યાત્વ ઉપશમ, ક્ષયોપશમ અથવા ક્ષયને પામે છે અર્થાત્ પોતાને ત્રિકાળી શુદ્ધ ભાવરૂપે=પરમ પારિણામિક ભાવરૂપે જાણવા/અનુભવવારૂપ પુરુષાર્થ કરે અર્થાત્) અંતરંગમાં અભ્યાસ કરે-દેખે, તો આ આત્મા પોતાના અનુભવથી જ જણાવા યોગ્ય જેનો પ્રગટ મહિમા છે એવો વ્યક્ત (અનુભવગોચર), ધ્રુવ (નિશ્ચલ), શાશ્વત, નિત્ય કર્મકલંક કર્દમથી રહિત (=પરમ પારિણામિક ભાવરૂપ) એવો પોતે સ્તુતિ કરવા યોગ્ય દેવ વિરાજમાન છે.''

શ્લોક ૧૩ :- ''એ રીતે 'જે પૂર્વકથિત શુદ્ધ નયસ્વરૂપ આત્માની અનુભૂતિ છે (અર્થાત્ શુદ્ધાત્માની અનુભૂતિ છે), તે જ ખરેખર જ્ઞાનની અનુભૂતિ છે' (અર્થાત્ જે આત્માની અનુભૂતિ છે તે જ જ્ઞાનની અનુભૂતિ છે. તે બંનેમાં કોઈ જ ભેદ નથી) એમ જાણીને તથા આત્મામાં, આત્માને નિશ્ચળ સ્થાપીને (=તે શુદ્ધાત્માનું નિશ્ચળ-એકાગ્રપણે ધ્યાન કરીને) 'સદા સર્વ તરફ એક જ્ઞાનઘન

આત્મા છે' એમ દેખવું.'' અર્થાત્ જે શુદ્ધાત્મા છે તેને જ્ઞાન અપેક્ષાએ જ્ઞાનઘન, જ્ઞાનમાત્ર, જ્ઞાનસામાન્ય, વગેરે અનેક નામોથી ઓળખાય છે, અત્ર વિશેષ એટલું જ કે જે ગુણથી શુદ્ધાત્માને જોવામાં આવે તે ગુણમય જ પૂર્ણપણે શુદ્ધાત્મા જણાય છે એટલે કે શુદ્ધાત્મામાં કોઈ ભેદ-પ્રભેદ જ નથી.

ગાથા ૧૫ : ગાથાર્થ :- ''જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ (અર્થાત્ કોઈ પણ જાતના બંધ વગરનો શુદ્ધ અને જેમાં સર્વ વિભાવભાવ અત્યંત ગૌણ થઈ ગયેલ હોવાથી, વિભાવભાવથી નહિ સ્પર્શાયેલો એવો કે જેને સમ્યક્ એકાંતરૂપ પણ કહેવાય છે તેવો), અનન્ય (તે પોતે નિરંતર પોતાના રૂપમાં જ પરિણમતો હોવાથી અન્યરૂપ નહિ થતો અર્થાત્ તેના સર્વ ગુણોના સહજ પરિણમનયુક્ત પરમ પારિણામિક ભાવરૂપ), અવિશેષ (અર્થાત્ સર્વ વિશેષ જેમાં ગૌણ થઈ ગયા હોવાથી, માત્ર સામાન્યરૂપ અર્થાત્ જે ઔદયિકાદિ ચાર ભાવો છે તે વિશેષ છે. પરંતુ આ પરમ પારિણામિક ભાવરૂપ પંચમભાવ સામાન્યભાવરૂપ હોવાથી વિશેષરહિત હોય છે. જેમ આપણે પૂર્વે જોયું તેમ, તે વિશેષભાવો સામાન્યના જ બનેલા હોય છે. અર્થાત્ જીવ એક પારિણામિક ભાવરૂપ જ હોય છે, પરંતુ તેમાં કર્મના ઉદય નિમિત્તે જે ભાવો થાય છે, તે અપેક્ષાએ તે પારિણામિક ભાવ જ ઔદયિક વગેરે નામ પામે છે અને તે ઔદયિકાદિ ભાવોનો સામાન્યભાવમાં અર્થાત્ પરમ પારિણામિક ભાવમાં અભાવ હોવાથી તેને અવિશેષ) દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે (=જેણે એક આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું) કે જે જિનશાસન, બાહ્ય-દ્રવ્યશ્રુત તેમ જ અભ્યંતર-જ્ઞાનરૂપ ભાવશ્રુતવાળું છે.''

ગાથા ૧૭-૧૮ : ગાથાર્થ :- ''જેમ કોઈ ધનનો અર્થી પુરુષ (તેમ કોઈ આત્માનો અર્થી પુરુષ) રાજાને જાણીને શ્રદ્ધા કરે છે (અર્થાત્ જીવરાજારૂપ શુદ્ધાત્માને જાણીને શ્રદ્ધા કરે છે), ત્યાર બાદ તેનું પ્રયત્નપૂર્વક અનુચરણ કરે છે. (અર્થાત્ આત્માની અન્ય યોગ્યતાઓ કેળવી તે શુદ્ધાત્માનો પ્રયત્નપૂર્વક અનુભવ કરવાનો પુરુષાર્થ કરે છે.) અર્થાત્ સુંદર રીતે સેવા કરે છે. (અર્થાત્ તેનું જ વારંવાર મનન-ચિંતન-ધ્યાન-અનુભવન કરે છે.) એવી જ રીતે મોક્ષની ઇચ્છાવાળાએ જીવરૂપી રાજાને જાણવો. પછી એ રીતે જ તેનું શ્રદ્ધાન કરવું અને ત્યાર બાદ તેનું અનુચરણ કરવું અર્થાત્ અનુભવ વડે તન્મય થઈ જવું.''

ગાથા ૩૫ : ગાથાર્થ :- ''જેમ લોકમાં કોઈ પુરુષ પરવસ્તુને 'આ પરવસ્તુ છે' એમ જાણે ત્યારે એવું જાણીને પરવસ્તુને ત્યાગે છે, તેવી રીતે જ્ઞાની સર્વ પરદ્રવ્યોના ભાવોને, 'આ પરભાવ છે' તેમ જાણીને તેમને છોડે છે.''

અર્થાત્ પૂર્વે જોયું તેમ પરના લક્ષે થતા પોતાના ભાવમાં જ્ઞાનીને 'હુંપણું' ન હોવાથી તેને છોડે

છે એમ કહેવાય છે. અર્થાત્ તે પરલક્ષે થતા ભાવને જ્ઞાની પોતાની નબળાઈ સમજે છે અને કોઈ પણ જીવ પોતાની નબળાઈને પોષવા ઇચ્છે નહિ જ, તેમ જ્ઞાની પણ પરલક્ષે થતા તે ભાવોને બિલકુલ ઇચ્છતો નથી અને તેથી જ તેનાથી છૂટવાના પ્રયત્નો આદરે છે. અર્થાત્ શક્તિ અનુસાર ચારિત્ર ગ્રહણ કરે છે. આવું છે જૈન સિદ્ધાંતનું અનેકાંતમય જ્ઞાન.

ગાથા ૩૬ : ગાથાર્થ :- ''એમ જાણે કે 'મોહ સાથે મારો કાંઈ પણ સંબંધ નથી. એક ઉપયોગ છે તે જ હું છું' (અર્થાત્ સમ્યગ્દર્શનના વિષયમાં મોહરૂપ વિભાવભાવ નહિ હોવાથી, જ્યારે જ્ઞાની શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરે છે ત્યારે તે માત્ર તેટલો જ છે. તેને કોઈ વિભાવભાવ સાથે કોઈ સંબંધ નથી. તેને એકમાત્ર સામાન્ય ઉપયોગરૂપ જ્ઞાયકભાવમાં જ 'હુંપણું' હોવાથી, તેનો ત્યારે મોહ સાથે કોઈ સંબંધ નથી. એક શુદ્ધાત્મા છે તે જ હું છું) - એવું જે જાણવું તેને સિદ્ધાંતના અથવા સ્વપરના સ્વરૂપના જાણનારા મોહથી નિર્મમત્વ કહે છે.'' જ્ઞાનીને મોહમાં 'હુંપણું' અને 'મારાપણું' નથી. તેથી જ્ઞાનીને નિર્મમત્વ છે.

ગાથા ૩૮ : ગાથાર્થ :- ''દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો આત્મા (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપે સહજ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમન કરતો ભાવ કે જે શુદ્ધાત્મા છે, તેમાં જ 'હુંપણું' કરતો એવો સમ્યગ્દષ્ટિ જીવ) એમ જાણે છે કે 'નિશ્ચયથી હું એક છું' (અર્થાત્ તે અભેદનો જ અનુભવ કરે છે), શુદ્ધ છું (અર્થાત્ એકમાત્ર શુદ્ધાત્મામાં જ 'હુંપણું' હોવાથી 'હું શુદ્ધ છું' -એમ અનુભવે છે), દર્શનજ્ઞાનમય છું (અર્થાત્ માત્ર જાણવા-જોવાવાળો જ છું), સદા અરૂપી છું. (અર્થાત્ કોઈ પણ રૂપી દ્રવ્યમાં અને તેના થકી થતા ભાવોમાં 'હુંપણું' નહિ હોવાથી પોતાને માત્ર અરૂપી જ અનુભવે છે.) 'કાંઈ પણ અન્ય પરદ્રવ્ય પરમાણુ માત્ર પણ મારું નથી' -એ નિશ્ચય છે.''

શ્લોક ૩૨ :- ''આ જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા (અર્થાત્ જ્ઞાનમાત્ર શુદ્ધાત્મા) વિભ્રમરૂપ આડી ચાદરને સમૂળગી ડુબાડી દઈને (=શુદ્ધ નયે કરી, સર્વ વિભાવભાવને અત્યંત ગૌણ કરી, પર્યાયને દ્રવ્યમાં અંતર્ગત કરી લે છે અર્થાત્ શુદ્ધ દ્રવ્યાર્થિક નયે કરી શુદ્ધાત્મામાં જ દૃષ્ટિ કરીને) પોતે સર્વાંગ પ્રગટ થયો છે (અર્થાત્ એવો શુદ્ધાત્માનો અનુભવ થયો છે). તેથી હવે આ સમસ્ત લોક (=સમસ્ત વિકલ્પરૂપ લોક - વિભાવરૂપ લોક) તેના શાંત રસમાં (=અતીંદ્રિય આનંદરૂપ અનુભૂતિમાં) એકીસાથે જ અત્યંત મગ્ન થાઓ (=પોતાને નિર્વિકલ્પ અનુભવે છે તે) કેવો છે શાંત રસ ! (=કેવો છે અતીંદ્રિય આનંદ!) સમસ્ત લોક પર્યંત ઊછળી રહ્યો (અર્થાત્ અમાપ, અનહદ, ઉત્કૃષ્ટ) છે.'' આવી છે આત્માની અનુભૂતિ કે જે અમે અનેક વેળા અનુભવીએ છીએ અને તે સર્વ મુમુક્ષુ જનોને પ્રાપ્ત થાય એમ ઇચ્છીએ છીએ.

આ રીતે સમ્યગ્દર્શનની સિદ્ધિ થતા, અહીં જ **સમયસાર** પૂરું થઈ જાય છે. હવે પછીનો જે વિસ્તાર છે તે તો માત્ર વિસ્તારરુચિ જીવોને, વિસ્તારથી આ જ 'શુદ્ધાત્મા'માં 'હુંપણું' કરાવીને, (આત્માની અન્ય યોગ્યતાઓ સહ) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે, વિસ્તારથી ભેદજ્ઞાન સમજાવેલ છે. આ જીવ અનાદિથી જે નવ તત્ત્વોરૂપ અલગ અલગ વેશે પરિણમીને અને પરમાં કર્તાભાવને પોષીને છેતરાય છે. તે છેતરામણને છતી કરીને, તે છેતરામણ દૂર કરાવવા માટે ઘણા વિસ્તારથી, સર્વ ભાવો સાથે ભેદજ્ઞાન કરાવેલ છે. કોઈએ એમ ન સમજવું કે નવ તત્ત્વોરૂપ ભાવો એકાંતે જીવના નથી. હકીકતમાં આ નવ તત્ત્વોરૂપ ભાવો છે તો જીવના જ, પરંતુ તે વિશેષભાવો હોવાથી તેમાં 'હુંપણું' કરવા લાયક ભાવો નથી. તે અપેક્ષાએ તેને જીવના નથી – એમ કહ્યું છે. અને તેને તે રીતે જ સમજવું અતિ આવશ્યક છે. જો કોઈ એકાંતે એમ કહે કે 'આ નવ તત્ત્વોરૂપ ભાવો મારા ભાવો જ નથી' – તો તે ભ્રમરૂપ પરિણમીને અનંત સંસાર વધારનાર બનશે. તેથી કરી જે અપેક્ષાએ જ્યાં જે કહ્યું હોય તે જ અપેક્ષાથી ત્યાં તે સમજવું અને તેમ જ આચરવું અત્યંત આવશ્યક છે. અન્યથા તો સ્વચ્છંદે ભ્રમરૂપ પરિણમીને પોતાને જ્ઞાની માનતો તે જીવ પોતાનું અને અન્ય અનેકનું અહિત કરતો, પોતે તો ભ્રષ્ટ છે જ અને અન્ય અનેકોને પણ ભ્રષ્ટ કરશે.

# ૩૭
# સમયસારના અધિકારોનું વિહંગાવલોકન

હવે અમે વિસ્તારરુચિ જીવો માટે **સમયસાર**શાસ્ત્રની અમૃતચન્દ્રાચાર્ય કૃત ટીકાના સર્વ અધિકારોનું વિહંગાવલોકન કરીશું; જેમાં માત્ર તેનો સાર જ જણાવીશું. માટે વિસ્તારરુચિ જીવોએ ઉપરોક્ત પૂર્વરંગમાં વિસ્તારથી જણાવેલ ભાવ અનુસાર અને સર્વ અધિકારોના અત્ર જણાવેલ સાર અનુસાર તે સર્વ અધિકારોનો અભ્યાસ કરવો, અન્યથા નહિ અર્થાત્ સ્વચ્છંદે નહિ. કારણ કે સ્વચ્છંદ જ આપણા અત્યાર સુધીના અનંત સંસારનું કારણ છે કે જેને હવે પછી ક્યારેય પોષવો નહિ એવી અમારી સર્વ જનોને નમ્ર વિનંતિ છે.

**૧. જીવ-અજીવ અધિકાર** :- આ અધિકાર જીવને, અજીવરૂપ કર્મ-નોકર્મ અને તેના લક્ષે થતા પોતાના વિભાવભાવોથી ભેદજ્ઞાન કરાવવા અર્થે છે. અર્થાત્ તે સર્વ ભાવો જેવા કે - રસ, ગંધ, સ્પર્શ, શરીર, સંસ્થાન, સંહનન, રાગ, દ્વેષ, મોહ, મિથ્યાત્વ, કર્મ, પર્યાપ્તિ, વર્ગ, વર્ગણા, સ્પર્ધકો, અધ્યાત્મસ્થાન, અનુભાગસ્થાન, મન-વચન કાયાના યોગો, બંધસ્થાનો, ઉદયસ્થાનો, માર્ગણા, સ્થિતિબંધ સ્થાન, સંકલેશ સ્થાનો, વિશુદ્ધિ સ્થાનો, જીવસ્થાનો વગેરે જીવને નથી, એમ કહ્યું છે.

અત્ર પ્રશ્ન થાય કે તે ભાવો જીવને કેમ નથી ?

**ઉત્તર**- તે ભાવો બે પ્રકારના છે. એક તો પુદ્ગલરૂપ છે અને બીજા જીવના વિશેષભાવરૂપ છે. તેમાં જે પુદ્ગલરૂપ છે તે તો જીવથી પ્રગટ પણે ભિન્ન જ છે અને જે જીવના વિશેષભાવરૂપ છે તે ભાવોમાં 'હુંપણું' કરવા જેવું ન હોવાથી અર્થાત્ તે સર્વ ભાવોથી ભિન્ન એવો 'શુદ્ધાત્મા' એ સમ્યગ્દર્શનનો વિષય હોવાની અપેક્ષાએ, 'શુદ્ધાત્મારૂપ જીવરાજામાં આ ભાવો નથી' -તેમ કહ્યું છે. આવું કહ્યું છે તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા અર્થે કહ્યું છે, અન્યથા નહિ, એકાંતે નહિ. તેથી જેમ છે તેમ સમજીને માત્ર શુદ્ધાત્મા કે જે આ સર્વ ભાવોથી ભિન્ન છે, તેમાં જ 'હુંપણું' કરતા, જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો સ્વાત્માનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ થઈ શકે છે.

અને ત્યાર પછી જ જ્ઞાન મધ્યસ્થ થતા અર્થાત્ પ્રમાણરૂપ થતા જ જીવને જેમ છે તેમ જાણે છે. અને વિવેકે કરી આત્મસ્થિરતારૂપ પુરુષાર્થપૂર્વક સર્વ કર્મનો ક્ષય કરવા પ્રત્યે કાર્યરત થાય છે. અર્થાત્ સર્વ કર્મનો ક્ષય કરવા વ્રત-તપ-ધ્યાનરૂપ પુરુષાર્થ આદરે છે. આ જ મોક્ષમાર્ગ છે અર્થાત્ આ જ વિધિ છે મોક્ષપ્રાપ્તિની.

શ્લોક ૪૩ :- ''આમ પૂર્વોક્ત જુદા લક્ષણને લીધે જીવથી અજીવ ભિન્ન છે. તેને (અજીવને) તેની મેળે જ વિલસતું-પરિણમતું જ્ઞાની પુરુષ અનુભવે છે. તો પણ અજ્ઞાનીને અમર્યાદપણે ફેલાયેલો મોહ (અનંતાનુબંધી ચતુષ્ટયરૂપ) કેમ નાચે છે - એ અમને મહા આશ્ચર્ય અને ખેદ છે !'' અર્થાત્ આચાર્ય ભગવંતને અજ્ઞાની ઉપર પરમ કરુણાભાવ વર્તે છે, ઊપજે છે.

શ્લોક ૪૪ :- ''આ અનાદિ કાળના મોટા અવિવેકના નાટકમાં અથવા નાચમાં વર્ણાદિમાન પુદ્ગલ જ નાચે છે (પરિણમે છે), અન્ય કોઈ નહિ (શુદ્ધાત્મા નહિ), અને આ જીવ તો (અર્થાત્ શુદ્ધાત્મા) રાગાદિક પુદ્ગલવિકારોથી વિલક્ષણ (ભિન્ન), શુદ્ધ ચૈતન્યધાતુમય મૂર્તિ (અર્થાત્ જ્ઞાનઘન) છે.'' એટલે કે આવો જીવ જ અનુભવવાનો છે. આવો જીવ જ સમ્યગ્દર્શનનો વિષય છે.

શ્લોક ૪૫ :- ''આ પ્રમાણે જ્ઞાનરૂપી કરવતનો (અર્થાત્ તીવ્ર બુદ્ધિથી ભેદજ્ઞાન કરવાનો) જે વારંવાર અભ્યાસ (અર્થાત્ વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કરવા જેવો છે) તેને નચાવીને (અર્થાત્ તેનાથી ભેદજ્ઞાન કરીને) જ્યાં જીવ અને અજીવ બંને પ્રગટપણે જુદા ન થયા (અર્થાત્ તે ભેદજ્ઞાનરૂપી કરવતથી અર્થાત્ પ્રજ્ઞાછીણીથી જેવો અજીવરૂપ કર્મ-નોકર્મ અને તેના લક્ષે થયેલ સર્વ ભાવોથી ભિન્ન પોતે અર્થાત્ 'શુદ્ધાત્મા' પ્રગટ ભિન્ન છે એવો અનુભવ થવાથી અર્થાત્ પોતાની આ અજીવરૂપ કર્મ-નોકર્મ અને તેના લક્ષે થયેલ સર્વ ભાવોથી પ્રગટ ભિન્ન અનુભૂતિ થતા જ) ત્યાં તો જ્ઞાતાદ્રવ્ય (=જાણવાવાળો શુદ્ધાત્મા), અત્યંત વિકાસરૂપ થતી પોતાની પ્રગટ (=પ્રગટ અનુભૂતિસ્વરૂપ) ચિન્માત્રશક્તિ વડે વિશ્વને વ્યાપીને (અર્થાત્ કૃતકૃત્ય થઈને અતીંદ્રિય આનંદરૂપે પરિણમીને અને સ્વવિશ્વને વ્યાપીને), પોતાની મેળે જ (=સહજ) અતિ વેગથી ઉગ્રપણે=અત્યંતપણે પ્રકાશી નીકળ્યું (અર્થાત્ એવું સહજ સમ્યગ્દર્શન પ્રગટ થઈ ગયું કે જે સ્વાત્માનુભૂતિરૂપ સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે).''

**૨. કર્તા-કર્મ અધિકાર :-** જીવનો બીજો વેશ કર્તા-કર્મરૂપ છે. જીવ અન્યનો કર્તા થાય છે કે જેને તે ઉપાદાન રૂપે પરિણમાવવાને શક્તિમાન જ નથી. સર્વ દ્રવ્યો પોતાના ઉપાદાનથી જ પોતાની પરિણતિ કરે છે અર્થાત્ પોતાનું કાર્ય કરે છે - પરિણમે છે. તેમાં અન્ય દ્રવ્ય નિમિત્ત માત્ર જ હોય છે.

બીજું, સમ્યગ્દર્શન માટે જે માત્ર પોતાના ભાવ હોય તેમાં જ અર્થાત્ 'સ્વ'ભાવ હોય તેમાં જ 'હુંપણું' કરવાનું હોવાથી અને તે સમ્યગ્દર્શનના વિષયરૂપ 'સ્વ'ભાવ, માત્ર સામાન્ય ભાવરૂપ જ હોવાથી તે નિષ્ક્રિય ભાવ જ હોય છે. એટલે કે સમ્યગ્દર્શનના વિષયરૂપ 'સ્વ'ભાવમાં ઉદય-ક્ષયોપશમરૂપ કર્તા-કર્મભાવ કે જે વિશેષભાવ છે તે ન હોવાથી, નિમિત્ત તથા તેના લક્ષે થયેલ વિશેષભાવોનો તેમાં નકાર જ હોય છે. અર્થાત્ નિમિત્ત-નૈમિત્તિકનો નકાર જ હોય છે. તે કારણથી અને તે અપેક્ષાથી પણ નિમિત્તને પરમ અકર્તા કહેવાય છે.

પરંતુ જો નિમિત્તને કોઈ એકાંતે અકર્તા માને અને સ્વચ્છંદે નબળા નિમિત્તોનું જ સેવન કરે તો તે જીવ અનંત સંસારી થઈ, અનંત દુ:ખને પ્રાપ્ત થાય છે. અહીં વિવેક એવો છે કે જીવ સર્વ ખરાબ નિમિત્તોથી બચીને, શાસ્ત્ર-સ્વાધ્યાય વગેરે સારા નિમિત્તોનું સેવન કરીને, ત્વરાએ મોક્ષમાર્ગમાં આગળ વધે છે; નહિ કે એકાંતે નિમિત્તને અકર્તા માનીને. સ્વચ્છંદી જીવ સર્વ નબળા નિમિત્તોને સેવતો, અનંત સંસારી અર્થાત્ અનંત કાળ સુધી દુ:ખી થાય છે.

વિવેકીજન જાણે છે કે 'માત્ર નિમિત્તથી કાંઈ જ થતું નથી અને નિમિત્ત વગર પણ કાંઈ જ થતું નથી.' અર્થાત્ સ્વનું સમ્યગ્દર્શનરૂપ જે પરિણમન છે તે માત્ર નિમિત્ત મળવાથી થશે, એમ નહિ પરંતુ તેના અર્થે પોતે પોતાનો - ઉપાદાનરૂપ પુરુષાર્થ આદરે તો જ થશે. તેથી સર્વ જનોએ સમ્યગ્દર્શન અર્થે નિયતિ વગેરે કારણો સામે ન જોતા, પોતાનો પુરુષાર્થ તે દિશામાં ફોરવવો અતિ આવશ્યક છે.

બીજું, વિવેકી જીવ સમજે છે કે જે પોતાના ભાવો બગડે છે તે, તેવા નિમિત્તો મળતા બગડે છે. એમ જાણી, ખરાબ નિમિત્તોથી તે નિરંતર દૂર જ રહેવાનો પ્રયત્ન કરે છે. જેમ કે બ્રહ્મચર્ય અને આત્મધ્યાન માટે ભગવાને એકાંતવાસનું સેવન કરવા જણાવેલ છે. આવો છે વિવેક નિમિત્ત-ઉપાદાનરૂપ સંબંધનો. તેથી તેને તે પરિપ્રેક્ષ્યમાં જ સમજવો, અન્યથા નહિ. અત્ર સમ્યગ્દર્શન કરાવવા માટે, પર ઉપરથી દૃષ્ટિ હટાવવાને માટે નિમિત્તને પરમ અકર્તા કહ્યું છે, અન્યથા નહિ.

શ્લોક ૬૯ :- ''જેઓ નયપક્ષપાતને છોડી (અર્થાત્ અમે પૂર્વે અનેક વાર જણાવ્યા અનુસાર જેને કોઈ પણ એક નયનો આગ્રહ હોય અથવા તો કોઈ મત-પંથ-વ્યક્તિવિશેષરૂપ પક્ષનો આગ્રહ હોય અને જેઓ તેવા પૂર્વાગ્રહ-હઠાગ્રહ છોડી શકે છે તેઓ) સ્વરૂપમાં ગુપ્ત થઈને (અર્થાત્ સ્વમાં=શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરીને સમ્યગ્દર્શનરૂપે પરિણમીને) સદા રહે છે, તેઓ જ (અર્થાત્ નય

અને પક્ષને છોડે છે તેવા મુમુક્ષુ જીવો જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે અને તેઓ જ), જેમનું ચિત્ત વિકલ્પમળોથી રહિત શાંત થયું છે એવા થયા થકા (અર્થાત્ નિર્વિકલ્પ 'શુદ્ધાત્મા'નો અનુભવ કરતા થકા), સાક્ષાત્ અમૃતને (અર્થાત્ અનુભૂતિરૂપ અતીન્દ્રિય આનંદને) પીએ છે (અર્થાત્ અનુભવે છે).'' અર્થાત્ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે સર્વ જનોએ નય અને પક્ષનો આગ્રહ છોડવા જેવો છે.

શ્લોક ૯૦ :- ''એ પ્રમાણે જેમાં બહુ વિકલ્પોનું જાળું આપોઆપ ઊઠે છે એવી મોટી નયપક્ષકક્ષાને (નયના આગ્રહને - પક્ષને) ઓળંગી જઈને (તત્ત્વવેદી = સમ્યગ્દષ્ટિ થઈને) અંદર અને બહાર (અર્થાત્ પૂર્ણ આત્મામાં) સમતા-રસરૂપી એક રસ જ જેનો સ્વભાવ છે એવા અનુભૂતિમાત્ર એક પોતાના ભાવને (પરમ પારિણામિક ભાવરૂપ શુદ્ધાત્માને) પામે છે.''

શ્લોક ૯૯ :- ''અચળ (અર્થાત્ ત્રણે કાળે એવું ને એવું જ પરિણમતું), વ્યક્ત (અનુભવપ્રત્યક્ષ) અને ચિત્‌શક્તિઓના સમૂહના ભારથી અત્યંત ગંભીર (અર્થાત્ માત્ર જ્ઞાનઘનરૂપ) આ જ્ઞાનજ્યોતિ (અર્થાત્ જ્ઞાનસામાન્યભાવરૂપ જ્ઞાયક = શુદ્ધાત્મા) અંતરંગમાં ઉગ્રપણે એવી રીતે જાજ્વલ્યમાન થઈ કે, આત્મા અજ્ઞાનમાં (પરનો) કર્તા થતો હતો તે હવે કર્તા થતો નથી. (અર્થાત્ પરનું કર્તાપણું ધારણ કરતા ભાવમાં એકત્વ કરતો નથી.) અને અજ્ઞાનના નિમિત્તે પુદ્‌ગલ કર્મરૂપ થતું હતું તે કર્મરૂપ થતું નથી. (અર્થાત્ અજ્ઞાન નિમિત્તે જે બંધ થતો હતો તે, અજ્ઞાન જતા જ, તેના નિમિત્તે થતો બંધ પણ હવે થતો નથી.) વળી જ્ઞાન જ્ઞાનરૂપ જ રહે છે. (અર્થાત્ જ્ઞાની પોતાને સામાન્યજ્ઞાનરૂપ શુદ્ધાત્મા જ અનુભવે છે કે જે ત્રિકાળ જ્ઞાનરૂપ જ રહે છે.) અને પુદ્‌ગલ પુદ્‌ગલરૂપ જ રહે છે. (અર્થાત્ જ્ઞાની પુદ્‌ગલને પુદ્‌ગલરૂપ અને તેનાથી થતા ભાવોને પણ તે રૂપ જ જાણી, તેમાં 'હુંપણું' કરતો નથી. આવી રીતે જ્ઞાની ભેદજ્ઞાન કરે છે).'' આ રીતે સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

**(૩) પુણ્ય-પાપ અધિકાર :-** આ અધિકારમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા માટે, જે સમ્યગ્દર્શનનો વિષય છે અર્થાત્ જે શુદ્ધાત્મા છે તેમાં, બંધરૂપ કોઈ જ ભાવો ન હોવાથી તેમાં સર્વ વિભાવભાવનો અભાવ હોવાથી, બંધ માત્ર ભાવ અર્થાત્ શુભ ભાવ અને અશુભ ભાવ, તે બંને (સમ્યગદર્શનના વિષયમાં) નથી -એમ જણાવવા બંનેને એક સમાન કહ્યા છે. એટલે કે પુણ્ય અને પાપ=શુભ ભાવ અને અશુભ ભાવ સમ્યગ્દર્શનના વિષયરૂપ પરમ પારિણામિક ભાવરૂપ-સહજ પરિણમનરૂપ શુદ્ધાત્મામાં ન હોવાથી, બંને સમાન અપેક્ષાએ હેય(=ત્યાજ્ય) છે. બંને વિભાવભાવ હોવાથી, વિશેષભાવ હોવાથી, બંધરૂપ હોવાથી એક સમાન હેય છે. 'હુંપણું' કરવા યોગ્ય નથી.

અહીં કોઈએ એકાંતે એમ ન સમજવું. કારણ કે અશુભ ભાવે પરિણમવાનો કદી કોઈ ઉપદેશ હોય જ નહિ. પરંતુ અત્ર જણાવ્યા અનુસાર સમ્યગ્દર્શન કરાવવા, બંને ભાવોથી ભેદજ્ઞાન કરાવ્યું છે. અને ભેદજ્ઞાનની અપેક્ષાએ બંને સમાન જ છે, નહિ કે અન્યથા.

જો કોઈ અન્યથા પુણ્યને હેય સમજીને અથવા તો પુણ્ય-પાપને સમાનરૂપે હેય સમજીને, સ્વચ્છંદે પાપરૂપે અર્થાત્ અશુભ ભાવે પરિણમતા હોય, તેમાં જ રાચતા હોય તો તે, તેઓને મહા અનર્થનું કારણ છે. જો કોઈ આવી રીતે એકાંતે સમજીને, આવી જ રીતે એકાંતે પ્રતિપાદન કરતું હોય તો, તે પોતે તો ભ્રષ્ટ છે જ અને અન્ય અનેકોને પણ ભ્રષ્ટ કરી રહ્યા છે. જૈન સિદ્ધાંતમાં વિવેકની જ બોલબાલા છે. અર્થાત્ સર્વ કથન જે અપેક્ષાએ કહ્યું હોય તે જ અપેક્ષાથી ગ્રહણ કરવું જોઈએ, તે જ વિવેક છે. માટે સર્વ મોક્ષાર્થીઓએ પૂર્વે જણાવ્યા અનુસાર એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે નિયમથી શુભમાં જ રહેવા યોગ્ય છે. આ જ જિનસિદ્ધાંતનો સાર છે, જે અમે પૂર્વે પણ ફરી ફરી જણાવેલ છે. તેથી કરી અત્ર જણાવ્યા અનુસાર વિવેકપૂર્વક જ સર્વજન સમ્યગ્દર્શનને પામે છે અને વિવેકપૂર્વક જ નિર્વાણને પામે છે.

ગાથા ૧૫૧ : ગાથાર્થ :- ''નિશ્ચયથી જે પરમાર્થ છે (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ-સહજ પરિણમનરૂપ શુદ્ધાત્મા છે), સમય છે, શુદ્ધ છે, કેવળી છે, મુનિ છે, જ્ઞાની છે, તે સ્વભાવમાં (શુદ્ધાત્મામાં) સ્થિત મુનિઓ નિર્વાણને પામે છે.''

ગાથા ૧૫૨ : ગાથાર્થ :- ''પરમાર્થમાં અસ્થિત (અર્થાત્ મિથ્યાદષ્ટિ) એવો જે જીવ તપ કરે છે તથા વ્રત ધારણ કરે છે, તેના તે સર્વ તપ અને વ્રતને સર્વજ્ઞો બાળતપ અને બાળવ્રત કહે છે.'' અર્થાત્ આ બાળતપ અને બાળવ્રત છોડવાનું નથી કહેતા. પરંતુ તેનાથી પણ પરમ ઉત્કૃષ્ટ એવું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. અને જે પરમાર્થમાં સ્થિત છે તેને તો નિયમથી આગળ વ્રત-તપ વગેરે આવે જ છે. આવો છે જિનસિદ્ધાંતનો વિવેક કે જે આત્માને ઉપર ચડવા જ કહે છે, નહિ કે અન્યથા. અર્થાત્ વ્રત-તપ છોડી નીચે પડવા ક્યારેય જણાવતો નથી.

શ્લોક ૧૧૧ :- ''કર્મનયના આલંબનમાં તત્પર (અર્થાત્ કર્મનયના પક્ષપાતી=કર્મને જ સર્વસ્વ માનનારા) પુરુષો ડૂબેલા છે. કારણ કે તેઓ જ્ઞાનને જાણતા નથી (તેઓને જ્ઞાનરૂપ આત્માની=પોતાની શક્તિમાં વિશ્વાસ નથી. પરંતુ કર્મની અર્થાત્ પરની શક્તિમાં વિશ્વાસ છે). જ્ઞાનનયના ઇચ્છુક પુરુષો પણ ડૂબેલા છે. (કારણ કે તેઓને એકાંતે જ્ઞાનનો જ પક્ષ હોવાથી તેઓ કર્મને કાંઈ વસ્તુ જ માનતા નથી અને એકાંતે નિશ્ચયાભાસી રૂપે પરિણમે છે.) કારણ કે તેઓ

સ્વચ્છંદથી અતિ મંદ ઉદ્યમી છે. (કારણ કે તેઓ નિશ્ચયાભાસી હોવાથી, પુણ્ય અને પાપને સમાનરૂપે હેય=સર્વ અપેક્ષાએ હેય=એકાંતે હેય માનતા હોવાથી, કોઈ જ પુરુષાર્થ ન કરતા, એકાંતે સમજે છે અને તેમ જ બોલે છે કે 'હું તો જ્ઞાનમાત્ર જ છું' અને રાચે છે સંસારમાં. અર્થાત્ આત્મજ્ઞાન માટે યોગ્યતા વગેરેરૂપ અભ્યાસ પણ નિયતિવાદીઓની જેમ કરતા નથી. કારણ કે તેઓ માને છે કે આત્મજ્ઞાન માટેની યોગ્યતા તો તેના કાળે આવી જ જશે. આ રીતે પોતાને જ્ઞાનમાત્ર માનતા અને તેવા જ ભ્રમમાં રહેતા હોવાથી, ધર્મમાં યોગ્યતા કરવા માટે મંદ ઉદ્યમી છે. તેથી તેઓ વિષયકષાયમાં વિના સંકોચે વર્તતા હોય છે.) (હવે યથાર્થ સમજણયુક્ત જીવની વાત છે કે જે સમ્યગ્દષ્ટિ છે) તે જીવો વિશ્વના ઉપર તરે છે (અર્થાત્ વિશ્વની અન્ય કોઈ વસ્તુમાં જેમનું 'હુંપણું' અને 'મારાપણું' નથી. તેથી તેમાં તેઓને કોઈ જ લગાવ નથી. તેથી તે જીવો વિશ્વના ઉપર તરે છે) કે જેઓ પોતે નિરંતર જ્ઞાનરૂપ થતા-પરિણમતા થકા (=પોતાને પરમ પારિણામિક ભાવરૂપ=સહજ પરિણમનરૂપ=સામાન્ય જ્ઞાનરૂપ અનુભવતા થકા) કર્મ કરતા નથી. (અર્થાત્ કોઈ પણ કર્મમાં અથવા તેના નિમિત્તે થતા ભાવમાં 'હુંપણું' અને 'મારાપણું' કરતા નથી, કર્તાબુદ્ધિ પોષતા નથી.) અને ક્યારેય પ્રમાદને વશ પણ થતા નથી (અર્થાત્ બુદ્ધિપૂર્વક સ્વમાં રહેવાનો સતત પુરુષાર્થ કરે છે).''

**(૪) આસ્રવ અધિકાર :–** આ અધિકારમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા માટે અર્થાત્ ભેદજ્ઞાન કરાવવા માટે, જે સમ્યગ્દર્શનનો વિષય છે અર્થાત્ જે શુદ્ધાત્મા છે તેમાં આસ્રવરૂપ ભાવ ન હોવાથી=તેમાં સર્વ વિભાવભાવનો અભાવ હોવાથી કહ્યું છે કે 'જ્ઞાનીને આસ્રવ નથી.' એટલે કે જ્ઞાનીને આસ્રવભાવરૂપ જે પોતાનું પરિણમન છે તેમાં 'હુંપણું' હોતું નથી અને તેમાં કર્તાપણું પણ નથી. કારણ કે જ્ઞાની તે ભાવરૂપે સ્વેચ્છાએ પરિણમતો નથી. પરંતુ કર્મ વગેરેની બળજબરીપૂર્વક=પોતાની નબળાઈને કારણે, રોગના ઈલાજરૂપે પરિણમતો હોવાથી કર્તાપણું નથી.

જ્ઞાનીને અલ્પ આસ્રવ થાય છે ખરો. પરંતુ જ્ઞાનીને અનંતાનુબંધી કષાયો અને મિથ્યાત્વનો મોટો આસ્રવ ન હોવાથી 'જ્ઞાનીને આસ્રવ નથી' એમ કહ્યું છે. પરંતુ જો કોઈ આ વાત એકાંતે ગ્રહણ કરી સ્વચ્છંદે આસ્રવભાવોનું સેવન કરે અથવા કોઈ પોતાને જ્ઞાની સમજીને, સ્વચ્છંદે આસ્રવભાવોનું સેવન કરે તો, તે તેને મહા અનર્થનું કારણ છે. અર્થાત્ જો કોઈ આવી રીતથી એકાંતે સમજીને, આવી જ રીતે એકાંતે પ્રતિપાદન કરતું હોય તો, તે પોતે તો ભ્રષ્ટ છે જ અને અન્ય અનેકોને પણ ભ્રષ્ટ કરી રહ્યો છે. જૈન સિદ્ધાંતમાં વિવેકની જ પ્રધાનતા છે. સર્વ કથન જે અપેક્ષાએ કહ્યું હોય તે જ અપેક્ષાથી ગ્રહણ કરવું જોઈએ. તે જ વિવેક છે. માટે સર્વ મોક્ષાર્થીઓએ પૂર્વે જણાવ્યા અનુસાર એકમાત્ર

આત્મપ્રાપ્તિના લક્ષે નિયમથી આસ્રવના કારણોથી દૂર જ રહેવા યોગ્ય છે. આ જ જિનસિદ્ધાંતનો સાર છે.

શ્લોક ૧૧૬ :- ''આત્મા જ્યારે જ્ઞાની થાય ત્યારે, પોતે પોતાના સમસ્ત બુદ્ધિપૂર્વકના રાગને નિરંતર છોડતો થકો=નહિ કરતો થકો (અર્થાત્ જ્ઞાનીને અભિપ્રાયમાં માત્ર મુક્તિ હોઈને કોઈ પણ રાગરૂપે પરિણમવાની અંશમાત્ર પણ ઇચ્છા હોતી નથી.) વળી, જે અબુદ્ધિપૂર્વક રાગ છે તેને પણ જીતવાને વારંવાર (જ્ઞાનાનુભવનરૂપ) સ્વશક્તિને સ્પર્શતો થકો અને (એ રીતે) સમસ્ત પરવૃત્તિને – પરપરિણતિને ઉખેડતો (અર્થાત્ અપૂર્વ નિર્જરા કરતો) જ્ઞાનના પૂર્ણભાવરૂપ થતો થકો, ખરેખર સદા નિરાસ્રવ છે.''

આવી છે જ્ઞાનીની સાધના :- પોતે માત્ર શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરતો અને તેની જ અનુભૂતિ કરતો, બુદ્ધિપૂર્વક=પ્રયત્નપૂર્વક=પૂર્ણ જાગૃતિપૂર્વક, જે પણ ઉદય આવે છે તેની સામે લડે છે. અર્થાત્ ઉદયથી પરાસ્ત થયા વગર, ઉદયમાં ભળ્યા વગર, પોતે શુદ્ધાત્મામાં જ વારંવાર સ્થિરતાનો પ્રયત્ન કરે છે. જો તેવી સ્થિરતા અંતર્મુહૂર્તથી અધિક થઈ જાય, તો જ્ઞાની સર્વ ઘાતીકર્મોનો નાશ કરી કેવળી થઈ જાય છે અને પછી કાળે કરી મુક્ત થઈ જાય છે. આવો છે મોક્ષમાર્ગ.

શ્લોક ૧૨૦ :- ''ઉદ્ધત જ્ઞાન (=જ્ઞાનમાત્ર) જેનું લક્ષણ છે એવા શુદ્ધ નયમાં રહીને, શુદ્ધ નયનો આશ્રય કરીને જેઓ સદાય એકાગ્રપણાનો જ અભ્યાસ કરે છે (અર્થાત્ શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરી, તેનો જ અનુભવ કરી, તેમાં જ સ્થિરતાનો અભ્યાસ કરે છે), તેઓ નિરંતર રાગાદિથી રહિત ચિત્તવાળા વર્તતા થકા (અર્થાત્ શુદ્ધાત્મામાં રાગાદિનો કણિયો પણ નથી અને તેમાં જ 'હુંપણું' કરતા થકા), બંધરહિત એવા સમયસારને (=પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને) દેખે છે – અનુભવે છે.''

શ્લોક ૧૨૨ :- ''અહીં આ જ તાત્પર્ય છે કે (=આ અધિકારનો આ જ ઉદ્દેશ છે કે) શુદ્ધ નય ત્યાગવા યોગ્ય નથી. (માત્ર શુદ્ધ નયમાં જ રહેવા જેવું છે. કારણ કે તેમાં આસ્રવ થતો નથી.) કારણ કે તેના અત્યાગથી (કર્મનો) બંધ થતો નથી અને તેના ત્યાગથી બંધ જ થાય છે.''

શ્લોક ૧૨૩ :- ''ધીર (ચળાચળતારહિત) અને ઉદાર (સર્વથા પરદ્રવ્યનો જેમાં ત્યાગ છે એવો શુદ્ધાત્મા પરમ ઉદાર છે. તેથી) ) જેનો મહિમા છે એવા અનાદિનિધન જ્ઞાનમાં (અર્થાત્ ત્રિકાળી શુદ્ધ જ્ઞાન કે જે પરમ પારિણામિક ભાવરૂપ જ્ઞાન સામાન્ય માત્ર છે તેમાં) સ્થિરતા બાંધતો (=તેમાં જ 'હુંપણું' કરતો અને તેનું જ અનુભવન કરતો) શુદ્ધનય – કે જે કર્મોનો મૂળથી નાશ કરનારો છે તે – પવિત્રધર્મી (સમ્યગ્દષ્ટિ) પુરુષોએ કદી પણ છોડવા યોગ્ય નથી (નિરંતર ગ્રહવા

યોગ્ય છે. તેમાં જ સ્થિરતા કરવા જેવી છે, તેનું જ ધ્યાન કરવા યોગ્ય છે). શુદ્ધ નયમાં સ્થિત તે પુરુષોએ (=સ્વાત્માનુભૂતિમાં સ્થિત પુરુષોએ), બહાર નીકળતા એવા પોતાના જ્ઞાનકિરણોના સમૂહને (અર્થાત્ કર્મના નિમિત્તે પરમાં જતી જ્ઞાનની વિશેષ વ્યક્તિઓને) અલ્પ કાળમાં સમેટીને, પૂર્ણ, જ્ઞાનઘનના પુંજરૂપ (માત્ર જ્ઞાનઘનરૂપ), એક, અચળ, શાંત તેજને - તેજઃપુંજને દેખે છે, અનુભવે છે.''

**(૫) સંવર અધિકાર :–** આ અધિકારમાં આચાર્ય ભગવંત જણાવે છે કે જે સમ્યગ્દર્શન છે અર્થાત્ જે શુદ્ધાત્માની અનુભૂતિ છે અને તેમાં જ સ્થિરતા છે, તે જ સાક્ષાત્ સંવર છે. તે કારણે આ અધિકારમાં પણ આચાર્ય ભગવંત આત્માના ઔદયિક ભાવોથી ભેદજ્ઞાન કરાવી જીવોને પરમ પારિણામિક ભાવરૂપ આત્માના સહજ પરિણમનરૂપ શુદ્ધાત્મામાં જ સ્થાપે છે અને કહે છે કે તે શુદ્ધાત્માનું વેદન, અનુભવન અને સ્થિરતા જ નિશ્ચયથી સંવરનું કારણ છે. તેથી અજ્ઞાનીને કાર્યકારી સંવર નથી. જ્યારે જ્ઞાનીને તે સહજ જ હોય છે. જેમ કે -

શ્લોક ૧૨૯ :- ''આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર ખરેખર શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી (=સમ્યગ્દર્શનથી) થાય છે. અને તે શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે. માટે તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવા યોગ્ય છે.'' અર્થાત્ એકમાત્ર ભેદવિજ્ઞાનનો જ પુરુષાર્થ કાર્યકારી છે.

શ્લોક ૧૩૦ :- ''આ ભેદવિજ્ઞાન અવિચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ-વિક્ષેપ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે) ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પરભાવોથી છૂટી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય.'' અર્થાત્ કેવળી બનતા સુધી આ જ ભેદજ્ઞાનનો અભ્યાસ નિરંતર કરવા યોગ્ય છે.

શ્લોક ૧૩૧ :- ''જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે તે તેના (ભેદવિજ્ઞાનના) જ અભાવથી બંધાયા છે.''

અર્થાત્ ભેદવિજ્ઞાન જૈન સિદ્ધાંતનો સાર છે. અને તેને માટે જ આ **'સમયસાર'**નામનું પૂર્ણ શાસ્ત્ર રચાયું છે. તેથી **'સમયસાર'**માં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા આત્માને સમ્યગ્દર્શનના વિષયરૂપ શુદ્ધાત્મા રૂપે જ ગ્રહણ કરેલ છે અને અન્ય ભાવોથી ભેદજ્ઞાન કરાવેલ છે.

**(૬) નિર્જરા અધિકાર :–** આ અધિકારમાં આચાર્ય ભગવંત જણાવે છે કે જે સમ્યગ્દર્શન છે અર્થાત્ જે શુદ્ધાત્માની અનુભૂતિ અને તેમાં સ્થિરતા છે તે જ સાક્ષાત્ નિર્જરા છે, અન્યથા નહિ. તે કારણે આ અધિકારમાં સાક્ષાત્ નિર્જરા અર્થે પણ બીજા સર્વ ભાવોથી ભેદજ્ઞાન જ કરાવેલ છે. કારણ કે એકમાત્ર શુદ્ધાત્માનું શરણ લેતા જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને તે સમ્યગ્દષ્ટિને જ સાક્ષાત્ નિર્જરા હોય છે, અન્યથા નહિ. જેમ કે -

ગાથા ૧૯૫ :- ''જેમ વૈદ્યપુરુષ વિષને ભોગવતો=ખાતો છતાં મરણ પામતો નથી (કારણ કે તેને તેની માત્રા, પથ્ય-અપથ્ય વગેરેનું જ્ઞાન હોવાથી મરણ પામતો નથી), તેમ જ્ઞાની પુદ્‌ગલકર્મના ઉદયને ભોગવે છે તો પણ બંધાતો નથી.'' કારણ કે જ્ઞાની વિવેકી હોવાથી તે કર્મોના ઉદયને ભોગવતો છતો તે રૂપ થતો નથી. અર્થાત્ પોતાને તે રૂપ માનતો નથી. પરંતુ પોતાનું 'હુંપણું' એકમાત્ર શુદ્ધ ભાવમાં હોવાથી અને તે ઉદયને ચારિત્રની નબળાઈના કારણે ભોગવતો હોવાથી, તેને બંધ નથી. તેના અભિપ્રાયમાં ભોગ પ્રત્યે જરા પણ આદરભાવ નથી જ. કારણ કે તેનો પૂર્ણ આદરભાવ એકમાત્ર સ્વતત્ત્વરૂપ 'શુદ્ધાત્મા'માં જ હોય છે તે અપેક્ષાએ તેને બંધ નથી, પરંતુ ભોગમાં પણ અર્થાત્ ભોગ ભોગવતા પણ નિર્જરા છે -એમ કહેવાય છે.

ગાથા ૨૦૫ : ગાથાર્થ :- ''જ્ઞાનગુણથી રહિત (=વિવેકરૂપ જ્ઞાનથી રહિત) ઘણાય લોકો (ઘણા પ્રકારના કર્મ કરવા છતાં) આ જ્ઞાનસ્વરૂપ પદને પામતા નથી. (અર્થાત્ સમ્યગ્દર્શન પામતા નથી.) માટે હે ભવ્ય ! જો તું કર્મથી સર્વથા મુક્ત થવા ઇચ્છતો હો (=અપૂર્વ નિર્જરા કરવા ઇચ્છતો હો) તો નિયત એવા આને (જ્ઞાનને) (અર્થાત્ પરમ પારિણામિક ભાવરૂપ આત્માના સહજ પરિણમનને કે જે સામાન્ય જ્ઞાનરૂપ છે કે જેને જ્ઞાયક અથવા શુદ્ધાત્મા પણ કહેવાય છે, તેને) ગ્રહણ કર (અર્થાત્ તેમાં જ 'હુંપણું' કરી, તેનો જ અનુભવ કરી, સમ્યગ્દર્શન પ્રગટ કર).''

ગાથા ૨૦૬ : ગાથાર્થ :- ''(હે ભવ્ય પ્રાણી !) તું આમાં નિત્ય રત અર્થાત્ પ્રીતિવાળો થા. આમાં નિત્ય સંતુષ્ટ થા. અને આનાથી તૃપ્ત થા. (આમ કરવાથી) તને ઉત્તમ (ઉત્કૃષ્ટ) સુખ થશે.'' અર્થાત્ 'શુદ્ધાત્મા'ના આશ્રયે જ મોક્ષમાર્ગ અને મોક્ષ મળશે કે જે અવ્યાબાધ સુખરૂપ છે.

શ્લોક ૧૬૨ :- ''એ પ્રમાણે નવીન બંધને રોકતો અને (પોતે) પોતાના આઠ અંગો સહિત હોવાના કારણે (અર્થાત્ સમ્યગ્દષ્ટિ પોતે સમ્યગ્દર્શનના આઠ અંગો સહિત હોય છે તે કારણે) નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોનો નાશ કરી નાખતો સમ્યગ્દષ્ટિ જીવ પોતે અતિ રસથી (અર્થાત્ નિજ રસમાં મસ્ત થયો થકો) આદિ-મધ્ય-અંતરહિત જ્ઞાનરૂપ થઈને (અર્થાત્ અનુભૂતિમાં માત્ર જ્ઞાનસામાન્ય જ છે. તેમાં અન્ય કાંઈ નહિ હોવાથી કહ્યું કે આદિ-મધ્ય-અંતરહિત જ્ઞાનરૂપ થઈને) આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (સમ્યગ્દષ્ટિ જીવને માટે તે જ્ઞાનરૂપ લોક જ તેનો સર્વ લોક હોવાથી, તે જ રંગભૂમિમાં રહીને અર્થાત્ ચિદાકાશમાં અવગાહન કરીને) નૃત્ય કરે છે. (=અતીંદ્રિય આનંદનો આસ્વાદ માણે છે, અપૂર્વ આનંદને ભોગવે છે).''

**(૭) બંધ અધિકાર :–** જ્ઞાનીને એકમાત્ર સહજ પરિણમનરૂપ શુદ્ધાત્મામાં જ 'હુંપણું' હોતા અને તેનો જ અનુભવ કરતા હોવાથી અને તે ભાવમાં બંધનો સદંતર અભાવ હોવાથી, જ્ઞાનીને બંધ નથી – એમ કહેવાય છે.

બીજું, જ્ઞાનીને વિવેક જાગ્રત થયો હોવાથી, વૈદ્ય જેમ ઝેર ખાવા છતાં મરતો નથી, તેમ જ્ઞાની પણ વિવેકપૂર્વક પોતાના બળની ખામીને લીધે (પોતાની નબળાઈને લીધે) ભોગ ભોગવતો હોવા છતાં પણ, તેને ઘણો જ અલ્પ બંધ હોવાથી, તેને બંધ નથી – એમ કહેવાય છે અર્થાત્ જ્ઞાનીને રાગમાં અને બંધના અન્ય કારણોમાં 'હુંપણું' નથી હોતું અને પોતે બંધરૂપે પણ સ્વેચ્છાએ પરિણમતો નથી. તેથી તે બંને અપેક્ષાએ, તેને બંધ નથી – એમ કહેવાય છે.

ત્રીજું, ભેદજ્ઞાન કરાવવા અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા એકમાત્ર શુદ્ધાત્માનું જ શરણ લેવાનું હોવાથી કે જે સમ્યગ્દર્શનના વિષયરૂપ શુદ્ધાત્મામાં બંધનો સદંતર અભાવ જ છે, તે જ આ અધિકારનો સાર છે.

ગાથા ૨૭૮–૨૭૯ : ગાથાર્થ :- ''જેમ સ્ફટિક મણિ શુદ્ધ હોવાથી (અર્થાત્ જ્ઞાની જેમાં 'હુંપણું' કરે છે તે શુદ્ધાત્મા પોતે શુદ્ધ હોવાથી) રાગાદિરૂપે (રતાશ આદિરૂપે) પોતાની મેળે પરિણમતો નથી. (અર્થાત્ જ્ઞાની સ્વેચ્છાએ રાગરૂપે પરિણમતો નથી અર્થાત્ ઇચ્છાપૂર્વક રાગ કરતો નથી.) પરંતુ અન્ય રક્ત આદિ દ્રવ્યો વડે તે રક્ત (–રાતો) આદિ કરાય છે, તેમ જ્ઞાની અર્થાત્ (શુદ્ધાત્મામાં જ 'હુંપણું' કરતો) આત્મા શુદ્ધ હોવાથી (અર્થાત્ શુદ્ધાત્મા પોતે શુદ્ધ હોવાથી) રાગાદિરૂપે પોતાની મેળે પરિણમતો નથી, પરંતુ અન્ય રાગાદિ દોષો વડે (અર્થાત્ તેને યોગ્ય એવા કર્મના ઉદયના નિમિત્ત કારણે) તે રાગી આદિ કરાય છે (એટલે કે તે પોતાની નબળાઈને કારણે રાગી–દ્વેષી થાય છે અર્થાત્ રાગદ્વેષરૂપે પરિણમે છે).''

શ્લોક ૧૭૫ :- ''સૂર્યકાંત મણિની માફક (અર્થાત્ સૂર્યકાંત મણિ જેમ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ) આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી (અર્થાત્ શુદ્ધાત્મા પોતે શુદ્ધ હોવાથી, રાગાદિરૂપે પોતાની મેળે કદી પરિણમતો નથી), તેમાં નિમિત્ત પરસંગ જ (પરદ્રવ્યનો સંગ જ) છે –આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી).''

આપણે પૂર્વે જે ''નિમિત્ત–ઉપાદાન''ની ચર્ચામાં જોયું કે વિવેકી મુમુક્ષુ નબળા નિમિત્તોને તજે છે. તેનાથી દૂર જ રહે છે. કારણ કે તે જાણે છે કે વસ્તુનો આવો જ સ્વભાવ છે કે ખરાબ

નિમિત્તથી તેનું પતન થઈ શકે છે. આવો છે અનેકાંતવાદ જૈન સિદ્ધાંતનો. અર્થાત્ કોઈ નિમિત્તને એકાંતે અકર્તા માને અને તેમ જ પ્રરૂપણા કરે તો તે જિનમત બાહ્ય જ છે. તે એકાંતવાદી પોતાના અને અન્ય અનેકોના પતનનું કારણ છે. તે જ વાત આ શ્લોકમાં પણ જણાવેલ છે કે શુદ્ધાત્મા પોતે શુદ્ધ હોવાથી, રાગાદિરૂપે પોતાની મેળે કદી પરિણમતો નથી. પરંતુ તેમાં નિમિત્ત પરસંગ જ છે. આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. અર્થાત્ સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી. નિમિત્ત પોતે ઉપાદાન રૂપે પરિણમતું ન હોવા છતાં પણ તે અમુક સંજોગોમાં ઉપાદાનને અસરકર્તા છે અને તેને જ વસ્તુસ્વભાવ કહ્યો છે. તેથી જ જૈન સિદ્ધાંતને વિવેકે કરી ગ્રહણ કરાય છે અને અપેક્ષાએ સમજાય છે, નહિ કે એકાંતે કે જે મહા અનર્થનું કારણ છે.

**(૮) મોક્ષ અધિકાર :–** જ્ઞાનગર્ભિત વૈરાગ્ય, અન્તર્મુખતા, એક માત્ર સત્ય પ્રાપ્તિની જ ઇચ્છા વગેરે સ્વરૂપ યોગ્યતા બળવાન બને ત્યારે પરમ પારિણામિક ભાવરૂપ=સહજ પરિણમનયુક્ત શુદ્ધાત્મામાં 'હુંપણું' થતા જ સ્વાત્માનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને પછી તેમાં જ નિરંતર સ્થિરતા કરતા, આત્મા ક્ષપકશ્રેણી માંડીને સર્વ ઘાતીકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન - કેવળદર્શન પ્રાપ્ત કરે છે અને પછી આયુક્ષયે મોક્ષ પામે છે. તે જ મોક્ષનો માર્ગ છે. તેથી મુમુક્ષુ જીવોને શુદ્ધાત્મા જ સેવવા યોગ્ય છે. આ જ મોક્ષ અધિકારનો સાર છે.

ગાથા ૨૯૪ : ગાથાર્થ :- ''જીવ તથા બંધ નિયત સ્વલક્ષણોથી (પોતપોતાના નિશ્ચિત લક્ષણોથી) છેદાય છે. (અર્થાત્ જીવનું લક્ષણ જ્ઞાન છે અને બંધનું લક્ષણ પુદ્ગલરૂપ કર્મ-નોકર્મ અને તેના નિમિત્તે થતાં જીવના ભાવોરૂપ છે.) પ્રજ્ઞારૂપી છીણી વડે (અર્થાત્ તીવ્ર બુદ્ધિ અથવા ભગવતી પ્રજ્ઞા વડે, તે બંને વચ્ચે ભેદજ્ઞાને કરી) છેદવામાં આવતા (ભેદજ્ઞાન કરતા) તેઓ નાનાપણાને પામે છે અર્થાત્ જુદા પડી જાય છે (અર્થાત્ જુદા અનુભવાય છે).'' એટલે કે દ્રવ્યદષ્ટિમાં માત્ર 'શુદ્ધાત્મા'રૂપ જીવ જ ગ્રહણ થાય છે અને તેમાં જ 'હુંપણું' થતા સ્વાત્માનુભૂતિ સહિત સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. અર્થાત્ બંને ભાવોમાં પ્રગટ ભેદજ્ઞાન થઈ જાય છે.

ગાથા ૨૯૪ : ટીકા :- ''.... આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે. કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું (પરિણમતું થકું) જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે (એટલે કે જે જે પર્યાયરૂપે પરિણમે છે) અને નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે તે તે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું.... (અત્ર સમજવું કે આત્મદ્રવ્ય અભેદ જ છે અને તે અભેદરૂપે જ પરિણમે છે. એટલે જ કહ્યું

છે કે સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે. જે સર્વ પ્રથમ દ્રવ્ય-ગુણ-પર્યાયની સમજણમાં જણાવેલ તે જ ભાવ અત્ર પણ દૃઢ જ થાય છે).''

ગાથા ૨૯૭ : ગાથાર્થ :- ''પ્રજ્ઞા વડે (અર્થાત્ જ્ઞાન વડે આત્માને) એમ ગ્રહણ કરવો કે જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું (અર્થાત્ જે જાણવા-જોવાવાળો છે, તે જ નિશ્ચયથી હું છું. કારણ કે જ્ઞાન તે આત્માનું લક્ષણ હોઈને આત્મા માત્ર જ્ઞાનથી જ ગ્રાહ્ય છે. પરંતુ જે સામાન્ય જ્ઞાન છે, તે કેવળીની જેમ છદ્મસ્થના જ્ઞાનનો વિષય થતું નથી. તે માત્ર અનુભૂતિનો વિષય છે. તેથી તે અનુભવમાં આવે છે. પરંતુ કેવળી જેમ જાણે છે તેમ છદ્મસ્થને જાણવામાં આવતું ન હોવાથી, સામાન્ય જ્ઞાનને તેના લક્ષણથી અર્થાત્ પદાર્થના જ્ઞાનથી=પરના જ્ઞાનથી ગ્રહણ કરી શકાય છે. તેથી અપેક્ષાએ કહેવાય કે 'પરનું જાણવું તે જ્ઞાયકમાં જવાની સીડી છે' અર્થાત્ જે તળ ઉપર પરપદાર્થ જણાય છે તે તળ જ સામાન્યજ્ઞાન છે. કારણ કે જે જ્ઞેયાકાર છે તે જ્ઞાનનો બનેલ હોવાથી ખરેખર તે જ્ઞાનાકાર જ છે અને તેમાં આકારને ગૌણ કરતા જ, ત્યાં જ્ઞાનમાત્ર અર્થાત્ સામાન્ય જ્ઞાનરૂપ જ્ઞાયક જ છે કે જે પરમ પારિણામિક ભાવરૂપ અર્થાત્ આત્માના જ્ઞાનગુણના સહજ પરિણમનરૂપ છે અને તેને જ શુદ્ધાત્મા અર્થાત્ જ્ઞાયક કહેવાય છે, તે પ્રાપ્ત થાય છે. અને તેમાં જ 'હુંપણું' કરતાં, જો તે જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો સ્વાત્માનુભૂતિપૂર્વક સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. આ જ રીત છે સમ્યગ્દર્શનની) બાકીના જે ભાવો છે (=જે જ્ઞેયાકારો છે=જે રાગ-દ્વેષ વગેરે વિભાવભાવો છે) તે મારાથી પર છે (અર્થાત્ તેનાથી ભેદજ્ઞાન કરવું. ભેદજ્ઞાન કઈ રીતે કરવું ? ઉત્તર :- તે રાગ-દ્વેષ વગેરે વિભાવભાવોને અત્યંત ગૌણ કરવાથી તે દૃષ્ટિમાં જ આવતા નથી. આ જ ભેદજ્ઞાનની રીત છે) એમ જાણવું.'' આ જ ભાવ આગળ દૃઢ કરે છે -

ગાથા ૨૯૮-૨૯૯ : ગાથાર્થ :- ''પ્રજ્ઞા વડે એમ ગ્રહણ કરવો કે જે દેખનારો (જોવાવાળો) છે તે નિશ્ચયથી હું છું. બાકીના જે ભાવો છે તે મારાથી પર છે -એમ જાણવું. અને પ્રજ્ઞા વડે એમ ગ્રહણ કરવો કે જે જાણનારો છે તે નિશ્ચયથી હું છું. બાકીના જે ભાવો છે તે મારાથી પર છે -એમ જાણવું.'' પૂર્વે જે સમજાવ્યું છે, તેનું જ અત્ર - આ ગાથાઓમાં પ્રતિપાદન કરેલ છે.

ગાથા ૩૦૬-૩૦૭ : ગાથાર્થ :- ''પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ - એ આઠ પ્રકારનો વિષકુંભ છે. (અર્થાત્ જે પૂર્વે જણાવ્યું તેમ ૧.સમયસારશાસ્ત્ર ભેદજ્ઞાન કરાવવા માટેનું હોવાથી, ૨.આ શાસ્ત્રમાં એકમાત્ર શુદ્ધાત્માનું જ લક્ષ કરાવવાનો ઉદ્દેશ હોવાથી અને ૩.તેમાં જ 'હુંપણું' કરાવી સ્વાત્માનુભૂતિપૂર્વક સમ્યગ્દષ્ટિ બનાવવાનો ઉદ્દેશ હોવાથી

અને તે સમ્યગ્દર્શનનો વિષય તથા સમ્યગ્દર્શન થયા બાદ ધ્યાનનો વિષય પણ શુદ્ધાત્મા જ છે કે જેનું સ્વરૂપ સર્વ વિકલ્પરહિત એવું નિર્વિકલ્પ છે. તેથી અત્ર જણાવેલ સર્વ વિકલ્પયુક્ત ભાવોને વિકલ્પની અપેક્ષાએ વિષકુંભ કહ્યા છે. કારણ કે જો જીવ અત્ર જણાવેલ સર્વ વિકલ્પયુક્ત ભાવોમાં જ રહે અને ધર્મ થયો માને તો, તે તેના માટે વિષકુંભ સમાન છે. કારણ કે તે પોતાને આ બધા કાર્યો કરીને કૃતકૃત્ય માને છે. શુદ્ધાત્માનું લક્ષ પણ ન કરે, તો આ તમામ ભાવો તેને વિષકુંભ સમાન છે. અર્થાત્ અત્ર જણાવેલ સર્વ અપેક્ષાએ અને નિર્વિકલ્પ આત્મસ્વરૂપમાં જ સ્થિરતા કરાવવા અર્થે અને તેને જ પરમધર્મ સ્થાપિત કરવા અર્થે આ સર્વ ભાવોને વિષકુંભ કહ્યા છે. કોઈએ તેને અન્યથા અર્થાત્ એકાંતે ગ્રહણ ન કરવું.) અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ એ અમૃતકુંભ છે (અર્થાત્ ઉપરના સર્વ ભાવોની આગળ અત્ર 'અ' લગાડીને સર્વ વિકલ્પાત્મક ભાવોનો નિષેધ કરેલ છે. નિશ્ચયનય નિષેધરૂપ હોવાથી અને શુદ્ધાત્મા વિકલ્પરહિત અર્થાત્ નિર્વિકલ્પ ભાવરૂપ હોવાથી કે જે સમ્યગ્દર્શનનો વિષય છે અને પછીથી ધ્યાનનો પણ વિષય છે અર્થાત્ સ્થિરતા કરવાનો વિષય છે. તેમાં જ રહેવું, તે અમૃતકુંભ સમાન છે અર્થાત્ મુક્તિનું કારણ છે. માટે તે અમૃતકુંભ છે - તેમ જણાવેલ છે).''

અત્ર કોઈએ છળ ગ્રહણ ન કરવો અર્થાત્ વિપરીત સમજણ ગ્રહણ ન કરવી. જે અપેક્ષાએ ઉપર્યુક્ત ભાવોને વિષકુંભ કહ્યા છે તે સમજ્યા વગર એકાંતે તેને વિષરૂપ સમજીને તેને છોડી ન દેવા અને સ્વચ્છંદે રાગ-દ્વેષરૂપે ન પરિણમવું. કારણ કે એ તો અભવ્ય પણાની અથવા દૂરભવ્યપણાની જ નિશાની છે. તેવા આત્માને અનંત સંસારી સમજવો.

જેમ કે, **સમાધિતંત્ર** ગાથા ૮૬માં જણાવેલ છે કે, ''હિંસાદિક પાંચ અવ્રતોમાં અનુરક્ત માણસે અહિંસાદિક વ્રતોનું ગ્રહણ કરીને અવ્રતાવસ્થામાં થતા વિકલ્પોનો નાશ કરવો. તથા અહિંસાદિક વ્રતોના ધારકે જ્ઞાનસ્વભાવમાં લીન થઈ વ્રતાવસ્થામાં થતા વિકલ્પોનો નાશ કરવો. અને પછી અર્હંત અવસ્થામાં કેવળજ્ઞાનથી યુક્ત થઈ સ્વયં જ પરમાત્મા થવું - સિદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવું.'' અર્થાત્ અશુભ ભાવ તો નહિ જ અને શુદ્ધ ભાવના ભોગે શુભ ભાવ પણ નહિ જ. જિન સિદ્ધાંતનું દરેક કથન સાપેક્ષ જ હોય છે. જો તેને કોઈ નિરપેક્ષ સમજે-માને-ગ્રહણ કરે, તો તે તેના અનંત સંસારનું કારણ થાય છે. તેથી તેવું કરવા યોગ્ય નથી, નથી, નથી જ.

**(૯) સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર :-** આ અધિકાર **'સમયસાર'**શાસ્ત્રનું હાર્દ છે. અર્થાત્ આ શાસ્ત્રનો ઉદ્દેશ છે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવું અને પછી સિદ્ધત્વ અપાવવું. સમ્યગ્દર્શન પ્રાપ્ત

કરાવવા માટે ભેદજ્ઞાન કરાવવા, સમ્યગ્દર્શનનો વિષય જે શુદ્ધાત્મા છે તેમાં કોઈ વિભાવભાવ ન હોવાથી=તેમાં સર્વ વિભાવભાવનો અભાવ હોવાથી, તે સર્વવિશુદ્ધ છે. તે અનાદિઅનંત વિશુદ્ધ ભાવ છે કે જે પરમ પારિણામિક ભાવરૂપ, આત્માના સહજ પરિણમનરૂપ, ગુણોના સહજ પરિણમનરૂપ, જ્ઞાનમાત્ર, સામાન્ય જ્ઞાનરૂપ, સામાન્ય ચેતનારૂપ, સહજ ચેતનારૂપ, કારણશુદ્ધપર્યાયરૂપ, કારણસમયસારરૂપ, ચૈતન્યઅનુવિધાયી પરિણામરૂપ, કારણપરમાત્મારૂપ વગેરે અનેક નામોથી ઓળખાય છે - એમ આ અધિકારમાં જણાવેલ છે.

તેવા સર્વ વિશુદ્ધ (અર્થાત્ ત્રિકાળ વિશુદ્ધ) ભાવમાં જીવને 'હુંપણું'='સ્વપણું' કરાવી, સ્વાત્માનુભૂતિ કરાવી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવું અને તે જ ભાવમાં વારંવાર સ્થિરતા કરતા તે જીવ ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન - કેવળદર્શન પ્રાપ્ત કરે અને પછી આયુક્ષયે મોક્ષ પામે અર્થાત્ સિદ્ધ થાય અર્થાત્ સર્વ-અર્થ-સિદ્ધ કરે એવું સિદ્ધત્વ અપાવવું તે જ આ શાસ્ત્રનો ઉદ્દેશ છે. તેથી તે એકમાત્ર શુદ્ધાત્માને જ આ શાસ્ત્રમાં આત્મા કહ્યો છે અને તે જ ભાવનું પ્રતિપાદન પૂર્ણ શાસ્ત્રમાં કરેલ છે. તે ભાવ એટલે જ સર્વ વિશુદ્ધ જ્ઞાન અર્થાત્ સમયસારનો સાર.

શ્લોક ૧૯૩ :- ''સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને (અર્થાત્ શુદ્ધ દ્રવ્યાર્થિક નયે કરી ગૌણ કરીને અર્થાત્ આત્માને દ્રવ્યદષ્ટિથી ગ્રહણ કરીને) પદે પદે (અર્થાત્ જીવના દરેક પર્યાયમાં, કારણ કે જે દ્રવ્ય છે તેનો વર્તમાન ભાવ=અવસ્થા જ પર્યાય કહેવાય છે અને તે પર્યાયને દ્રવ્યદષ્ટિથી જોતા - ગ્રહણ કરતા જ તેમાં રહેલ વિભાવભાવરૂપ અશુદ્ધિ દષ્ટિમાં આવતી જ ન હોવાથી સમ્યક્ પ્રકારે નાશ પામે છે, અર્થાત્ અત્યંત ગૌણ થઈ જાય છે. અને તેમાં છુપાયેલ આત્મજ્યોતિ=શુદ્ધાત્મા અનુભવમાં આવે છે. તેવો ભાવ) બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો (અર્થાત્ ત્રિકાળ શુદ્ધરૂપ ભાવ-સામાન્ય ભાવ) શુદ્ધ શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ - બંનેથી રહિત છે એવો), જેનું પવિત્ર અચળ તેજ નિજ રસના (જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો અને જેનો મહિમા (=પ્રભાવ) ટંકોત્કીર્ણ (અર્થાત્ એવો ને એવો જ ઊપજતો હોવાથી) પ્રગટ છે એવો આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે (અર્થાત્ અનુભવમાં આવે છે).''

ગાથા ૩૦૮ : ગાથાર્થ :- ''જે દ્રવ્ય જે ગુણોથી ઊપજે છે તે ગુણોથી તેને અનન્ય જાણ; જેમ જગતમાં કડાં આદિ પર્યાયોથી સુવર્ણ અનન્ય છે તેમ.''

અર્થાત્ જે પર્યાય છે તે દ્રવ્યનો જ બનેલ છે અર્થાત્ પર્યાયરૂપ વિશેષ ભાવને ગૌણ કરતા

જ સાક્ષાત્ દ્રવ્ય હાજર જ છે. તેથી જ પર્યાયદષ્ટિમાં જે પર્યાય છે તે જ દ્રવ્યદષ્ટિએ માત્ર દ્રવ્ય જ છે. ત્યાં પર્યાય અત્યંત ગૌણરૂપે હોવાથી જણાતો જ નથી. આ જ રીત છે શુદ્ધ દ્રવ્યની પ્રાપ્તિની.

ગાથા ૩૦૯ : ગાથાર્થ :- ''જીવ અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવ્યા છે, તે પરિણામોથી તે જીવ અથવા અજીવને અનન્ય જાણ.'' આ જ કારણ છે કે દષ્ટિનો (સમ્યગ્દર્શનનો) વિષય કે જે પર્યાયથી રહિત દ્રવ્ય કહેવાય છે તેને પ્રાપ્ત કરવાની વિધિ ગાથા ૨૯૪માં પ્રજ્ઞારૂપ છીણી = ભગવતી પ્રજ્ઞા = જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ = તત્ત્વના નિર્ણય સહિતની બુદ્ધિ કહી. તેથી કરીને વિભાવરૂપ ભાવને ગૌણ કરતા જ શુદ્ધ નયરૂપ = સમયસારરૂપ આત્મા પ્રાપ્ત થાય છે.

ગાથા ૩૧૮ : ગાથાર્થ :- ''નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલા) જ્ઞાની મીઠા-કડવા (સુખ-દુઃખરૂપ) બહુવિધ કર્મફળને જાણે છે. તેથી તે અવેદક છે.'' તેને કર્મ-નોકર્મ અને તેના આશ્રયથી થવાવાળા ભાવોમાં 'હુંપણું' નહિ હોવાથી અર્થાત્ તે ભાવોથી પોતાને ભિન્ન અનુભવતો હોવાથી તે વિશેષ ભાવોને=સુખ-દુઃખને જાણે છે છતાં અવેદક છે.

શ્લોક ૨૦૫ :- ''આ અર્હંત મતના અનુયાયીઓ અર્થાત્ જૈનો પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ, (સર્વથા) અકર્તા ન માનો. ભેદજ્ઞાન થયા પહેલાં તેને (અર્થાત્ મિથ્યાદષ્ટિને) નિરન્તર કર્તા માનો, અને ભેદજ્ઞાન થયા પછી (અર્થાત્ સમ્યગ્દષ્ટિને) ઉદ્ધત જ્ઞાનધામમાં નિશ્ચિત એવા (અર્થાત્ માત્ર સામાન્ય જ્ઞાનમાં સ્થિત એવા) આ સ્વયં પ્રત્યક્ષ આત્માને કર્તાપણા વિનાનો, અચળ, એક પરમ જ્ઞાતા જ દેખો.'' અર્થાત્ જ્ઞાનસામાન્યરૂપ શુદ્ધાત્મા માત્ર જ્ઞાતા જ છે, તે સામાન્ય ભાવ પરમ અકર્તા છે. પરંતુ જેને તે ભાવનો અનુભવ નથી એવો અજ્ઞાની જો પોતાને અકર્તા માને તો તે એકાંત પાખંડમતરૂપ સાંખ્યમતી જેવો થાય છે કે જે તેને અનંત સંસારનું કારણ થાય છે.

ગાથા ૩૫૬ : ગાથાર્થ :- ''જેમ ખડી (ચુનો, ચોક વગેરે) પરની નથી, ખડી તે તો ખડી જ છે, તેમ જ્ઞાયક (જાણનારો, આત્મા) પરનો નથી (જ્ઞાયક એટલે જાણનાર હોવા છતાં, સ્વ-પરને જાણવાનો સ્વભાવ હોવા છતાં તે પરરૂપે પરિણમીને જાણતો નહિ હોવાથી તે પરનો નથી. પરંતુ સ્વ-પરને જાણવું તે તો 'સ્વ'નું જ પરિણમન છે), જ્ઞાયક (સ્વ-પરને જાણનાર) તે તો જ્ઞાયક જ છે. (પ્રતિબિંબને ગૌણ કરતા માત્ર પરમ પારિણામિક ભાવરૂપ જ્ઞાયક જ છે.)''

શ્લોક ૨૧૫ :- ''જેણે શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં બુદ્ધિને સ્થાપી - લગાડી છે અને જે તત્ત્વને અનુભવે છે (અર્થાત્ જે સમ્યગ્દષ્ટિ છે), તે પુરુષને એક દ્રવ્યની અંદર કોઈ પણ અન્ય દ્રવ્ય રહેલું

બિલકુલ (કદાપિ) ભાસતું નથી. (જેમ અરીસામાં પ્રતિબિંબ હોવા છતાં જ્ઞાની અરીસામાં કોઈ અન્ય પદાર્થ કે જે પ્રતિબિંબરૂપ છે તે તેમાં ઘૂસી ગયેલ જાણતો નથી. જ્ઞાની તેને અરીસાનું જ પરિણમન જાણે છે. અર્થાત્ ત્યાં પ્રતિબિંબને ગૌણ કરીને અરીસાને અરીસારૂપે જ અનુભવે છે, તેમ) જ્ઞાન જ્ઞેયને જાણે છે (અર્થાત્ જ્ઞાનનું સ્વ-પર પ્રકાશકપણું છે. 'આત્મા ખરેખર પરને જાણતો નથી' - એવું સ્વરૂપ નથી), તે તો આ જ્ઞાનના શુદ્ધ સ્વભાવનો ઉદય છે આમ છે. (અર્થાત્ જ્ઞાન સ્વભાવથી જ સ્વ-પરને જાણે છે - એવું જ છે.) તો પછી લોકો (અજ્ઞાની = મિથ્યાત્વી લોકો) જ્ઞાનને અન્ય દ્રવ્ય સાથે સ્પર્શ હોવાની માન્યતાથી આકુળબુદ્ધિવાળા થયા થકા (અર્થાત્ અજ્ઞાની = મિથ્યાત્વી જ્ઞાન પરને જાણે તો જ્ઞાનને પર સાથે સ્પર્શ થઈ ગયેલ માનીને આકુળબુદ્ધિવાળા થયા થકા) તત્ત્વથી (શુદ્ધ સ્વરૂપથી) (અર્થાત્ સમ્યગ્દર્શનથી) શા માટે ચ્યુત થાય છે ?'' અર્થાત્ આવું સમ્યક્ સ્વરૂપ છે સ્વ-પર પ્રકાશકનું, જેને અન્યથા સમજતા/માનતા મિથ્યાત્વનો જ દોષ આવે છે કે જે તેને અનંત સંસારનું કારણ થાય છે.

શ્લોક ૨૨૨ :- ''પૂર્ણ (અર્થાત્ એક ભાગ શુદ્ધ અને બીજો ભાગ અશુદ્ધ - એમ નહિ, પરંતુ જે પ્રમાણના વિષયરૂપ પૂર્ણ આત્મા છે તે જ પૂર્ણ આત્મા દ્રવ્યદૃષ્ટિએ પૂર્ણ શુદ્ધરૂપ પ્રાપ્ત થાય છે), એક (અર્થાત્ તેમાં કોઈ ભાગ નથી અથવા ભેદ નથી એવો), અચ્યુત અને શુદ્ધ (અર્થાત્ દરેક સમયે એવો ને એવો શુદ્ધ ભાવે પરિણમતો, પ્રગટ થતો અર્થાત્ વિકાર રહિત) એવું જ્ઞાન જેનો મહિમા છે (અર્થાત્ જ્ઞાન તે આત્માનું લક્ષણ હોઈને, આત્મા માત્ર જ્ઞાનથી જ ગ્રાહ્ય છે અને તે જ તેનો મહિમા છે) એવો આ જ્ઞાયક આત્મા (અર્થાત્ જ્ઞાન સામાન્યરૂપ પરમ પારિણામિક ભાવ કે જે સર્વ ગુણોના અર્થાત્ દ્રવ્યના સહજ પરિણમનરૂપ શુદ્ધાત્મા છે તે - જાણવાવાળો છે) તે (અસમીપવર્તી) કે આ (સમીપવર્તી) જ્ઞેય પદાર્થોથી (અર્થાત્ પર પદાર્થને જાણતા) જરા પણ વિક્રિયા પામતો નથી. જેમ દીવો પ્રકાશ્ય પદાર્થોથી વિક્રિયા પામતો નથી તેમ (અર્થાત્ પરને જાણતા આત્માનું જરા પણ અનર્થ થતું નથી. અને બીજું, જ્ઞાન સામાન્ય ભાવ પરને જાણવારૂપ ક્ષયોપશમભાવે પરિણમે છે. છતાં તે પોતાનું જ્ઞાનસામાન્યપણું અર્થાત્ પરમ પારિણામિક ભાવપણું છોડતો નથી. અર્થાત્ તે કોઈ વિક્રિયા પામતો નથી. તે પરમ અકર્તા જ રહે છે. દર્પણના દૃષ્ટાંતની જેમ પ્રકાશ્ય પદાર્થોથી વિક્રિયા પામતો નથી), તો પછી એવી વસ્તુસ્થિતિના જ્ઞાનથી રહિત જેમની બુદ્ધિ છે એવા અજ્ઞાની જીવો (અર્થાત્ જેને આ વાત નથી બેસતી કે 'જે ભાવવિશેષમાં પરને જાણે છે તે જ ભાવ સામાન્યરૂપે પરમ પારિણામિક ભાવરૂપ-સહજ પરિણમનરૂપ-શુદ્ધાત્મારૂપ-પરમ અકર્તાભાવ છે અને તે પરને જાણતા, જરા પણ વિક્રિયા પામતો નથી' એવા જીવોને અજ્ઞાની જીવો માનવા. એવા અજ્ઞાની જીવો)

પોતાની સહજ ઉદાસીનતાને કેમ છોડે છે ? (અર્થાત્ તે અજ્ઞાની જીવો પોતાના પરમ પારિણામિક ભાવરૂપ-સહજ પરિણમનરૂપ-જ્ઞાનસામાન્યભાવનો અનુભવ કેમ કરતા નથી ?) અને રાગ-દ્વેષમય કેમ થાય છે ? (એમ આચાર્યદેવે શોચ કર્યો છે અર્થાત્ કરુણા કરી છે).''

વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજીને સર્વ જનો સમ્યગ્દર્શન પામે એવો જ આચાર્યદેવનો ઉદ્દેશ છે. અર્થાત્ જે કોઈ અત્ર જણાવેલ વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતા પોષતા હોય અથવા પ્રરૂપણા કરતા હોય તો, તેઓએ ત્વરાએ પોતાની માન્યતા યથાર્થ કરી લેવી અત્યંત આવશ્યક છે કે જેથી તેઓ ભ્રમમાંથી બહાર નીકળી શકે અને પોતાના તથા અન્ય અનેકોના અહિતનું કારણ બનતા બચી શકે અને વર્તમાન માનવભવ સાર્થક કરી શકે.

શ્લોક ૨૩૨ :- ''પૂર્વે અજ્ઞાનભાવથી કરેલા જે કર્મ તે કર્મરૂપી વિષવૃક્ષોનાં ફળને જે પુરુષ (તેનો સ્વામી થઈને) ભોગવતો નથી અને ખરેખર પોતાથી જ (આત્મસ્વરૂપથી જ - તેના અનુભવથી જ) તૃપ્ત છે, તે પુરુષ, જે વર્તમાન કાળે રમણીય છે (=અતીન્દ્રિય આનંદયુક્ત છે) અને ભવિષ્યમાં પણ જેનું ફળ રમણીય છે એવી નિષ્કર્મ-સુખમય (સિદ્ધદશારૂપ) દશાંતરને પામે છે.''

આ અધિકારનો મર્મ એ છે કે જે શુદ્ધાત્મામાં સ્થિત છે એવો સમ્યગ્દૃષ્ટિ જીવ, માત્ર જાણપણામાં જ રહેતો હોવાથી અત્યારે પણ અતીન્દ્રિય આનંદમાં છે અને તેનું ભવિષ્ય પણ તે જ છે. અર્થાત્ ભવિષ્યમાં સિદ્ધના અનંત સુખો તેને આવકારવા ઊભા જ છે. તેથી તે જ સર્વને કર્તવ્ય છે. નિશ્ચયથી અન્ય યોગ્યતાઓ સહ શુદ્ધાત્મા જ સર્વ જનોને શરણભૂત છે.

# ૩૮
# સમયસારના પરિશિષ્ટમાંથી અનેકાંતનું સ્વરૂપ

**વ**સ્તુનું સ્વરૂપ અનેકાંતમય છે અને 'તે જેમ છે તેમ જ' સમજવું અત્યંત આવશ્યક છે, અન્યથા મિથ્યાત્વનો નાશ શક્ય જ નથી. અનેકાંતનું સ્વરૂપ **સમયસાર**શાસ્ત્રની અમૃતચન્દ્રાચાર્ય કૃત ટીકાના પરિશિષ્ટમાં જણાવેલ છે તેના ઉપર થોડોક પ્રકાશ પાડીશું.

શ્લોક ૨૪૭ (પછીની ટીકા) :- ''..... વળી, જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ પરમ પારિણામિક ભાવની અનુભૂતિ માટે=સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે 'જીવ ખરેખર પરને જાણતો નથી' એમ પ્રરૂપણા કરીને જ્ઞાનમાં જે અનેક જ્ઞેયોના આકાર થાય છે તેમનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે. કારણ કે જ્ઞેયો(જ્ઞેયાકાર)ના ત્યાગમાં જ્ઞાન સામાન્ય અર્થાત્ પરમ પારિણામિક ભાવ નષ્ટ થાય છે. અર્થાત્ 'આત્મા ખરેખર પરને જાણતો નથી' એમ કહેતા જ્ઞાનના નાશનો પ્રસંગ આવે છે. આ જ વાત અપેક્ષાથી કહેવામાં આવે તો કહી શકાય. પણ આ વાત એકાંતે સત્ય નથી.) ત્યારે પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી (અર્થાત્ અનેકાંત જ બળવાન છે કે જેના કારણે આત્માને સ્વ-પર પ્રકાશકપણું સ્વાભાવિક છે). ૪......જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ જાણવામાં આવતા એવા પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને - અંગીકાર કરીને નાશ પામે છે (અર્થાત્ આત્મા ખરેખર પરને જાણે છે પરંતુ પરને જાણવારૂપે તે જ્યારે સ્વયં પરિણમે છે ત્યારે તેને પરદ્રવ્યરૂપ માનીને - તેને પરદ્રવ્યરૂપે અંગીકાર કરીને, પોતે નાશ પામે છે અર્થાત્ મિથ્યાત્વ પુષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્રભાવનું અર્થાત્ જ્ઞેયોને) સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે - નાશ પામવા દેતો નથી. ૫.... જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે (અર્થાત્ પરને જાણવારૂપે પરિણમીને) પોતાનું નિત્ય જ્ઞાન સામાન્ય ખંડિત થયું માનીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાન સામાન્ય રૂપથી નિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે - નાશ પામવા દેતો નથી. (અર્થાત્ જેઓ એવું

માને છે કે 'આત્મા ખરેખર પરને જાણતો નથી -એમ માનતા જ સમ્યગ્દર્શન થાય છે' તે ભૂલભરેલું છે. કારણ કે પરનું જાણવું અથવા જણાવું ક્યારેય સમ્યગ્દર્શન માટે બાધાકારક થતું નથી. કારણ કે તે પરના જાણવાના પરિણમનરૂપ પોતાના વિશેષ આકારોને ગૌણ કરતા જ સમયસારરૂપ=પરમ પારિણામિક ભાવની પ્રાપ્તિ થાય છે, જો જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે. ખરેખર તો 'પરનું જાણવું તે સ્વમાં જવાની સીડીરૂપ છે'. કારણ કે સ્થૂળથી જ સૂક્ષ્મમાં જવાય, પ્રગટથી જ અપ્રગટમાં જવાય, વ્યક્તથી જ અવ્યક્તમાં જવાય એ જ નિયમ છે.). ૧૩..... (આ જ ભાવ શ્લોક ૧૪૩માં પણ દર્શાવેલ છે કે સહજ જ્ઞાનના પરિણમન વડે - પરમ પારિણામિક ભાવ વડે આ જ્ઞાન માત્ર પદ = સમયસારરૂપ આત્મા કર્મથી ખરેખર વ્યાપ્ત નથી જ, કર્મથી જીતી શકાય તેવો નથી જ. માટે નિજ જ્ઞાનની કળાના બળથી-મતિજ્ઞાનાદિરૂપ-જ્ઞેયાકારરૂપ પરિણમનથી આ પદને = સમયસારરૂપ પદને = પરમ પારિણામિક ભાવરૂપ પદને અભ્યાસવાને જગત સતત પ્રયાસ કરો. અત્ર આત્માનું પરનું જાણવું જે છે તેને સીડી તરીકે = આલંબન તરીકે વાપરીને સમયસારરૂપ ભગવાન આત્માની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવાનું = અભ્યાસવાનું કહ્યું છે.)

વળી, જ્યારે તે જ્ઞાન માત્ર ભાવ નિત્ય જ્ઞાન સામાન્યનું ગ્રહણ કરવા માટે (=સમયસારરૂપ પરમ પારિણામિક ભાવના ગ્રહણ માટે=સમ્યગ્દર્શન માટે) અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે (અર્થાત્ જ્ઞાનના વિશેષોનો ત્યાગ કરતા જ પોતે પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાન માત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી. (અર્થાત્ એમ માનતા કે 'આત્મા ખરેખર પરને જાણતો જ નથી', તો જ્ઞેયોના=જ્ઞેયાકારોના=અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો જ નાશ થાય છે. અર્થાત્ પોતે ભ્રમરૂપે પરિણમે છે, પોતે મિથ્યાત્વરૂપે પરિણમે છે. બીજું, જ્ઞાનવિશેષરૂપ પર્યાયોનો અર્થાત્ વિભાવ પર્યાયનો ત્યાગ કરતા પણ જ્ઞાનનો = પોતાનો નાશ થાય છે અને પોતે ભ્રમમાં જ રહે છે. માટે જિનાગમમાં 'પર્યાયરહિત દ્રવ્ય' માટે જ્ઞાનવિશેષોનો ત્યાગ નહીં અર્થાત્ વિભાવ પર્યાયનો ત્યાગ નહીં પરંતુ તેને ગૌણ કરવાનું જ વિધાન છે કે જે અનેકાંત સ્વરૂપ આત્માનો નાશ થવા દેતો નથી, મિથ્યાત્વ રૂપે પરિણમાવતો નથી). ૧૪.......''

શ્લોક ૨૫૦ :- ''પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે (અત્રે જણાવ્યું છે કે આત્મા પરને જાણે છે તે તેના સ્વભાવની અતિશયતા છે), ચારે તરફ (સર્વત્ર) પ્રગટ થતા અનેક પ્રકારના જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે એવો થઈને સમસ્તપણે તૂટી જતો થકો (અર્થાત્ ખંડખંડરૂપ અનેકરૂપ થઈ જતો

થકો. અર્થાત્ અજ્ઞાનીને ખંડખંડરૂપ વિશેષ ભાવોમાં રહેલ જ્ઞાન સામાન્ય ભાવ જણાતો નથી = અખંડ ભાવ જણાતો નથી. માટે ખંડખંડરૂપ વિશેષ ભાવોનો નિષેધ કરે છે. કારણ કે તે તેનાથી અખંડ જ્ઞાનનો = સામાન્ય જ્ઞાનનો નાશ માને છે. એમ માનતા પોતે) નાશ પામે છે. (અર્થાત્ અજ્ઞાન પામે છે. અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતા જ્ઞાનની શક્તિને છિન્ન-ભિન્ન ખંડ-ખંડરૂપ થઈ જતી માનીને અર્થાત્ અજ્ઞાની એમ કહે છે કે 'જ્યાં સુધી આત્મા પરને જાણે છે એમ માનવામાં આવે ત્યાં સુધી સમ્યગ્દર્શન થશે નહિ = સમયસારરૂપ આત્મા પ્રાપ્ત થશે નહિ'. તેથી જ એકાંતે એવી પ્રરૂપણા કરે છે કે 'આત્મા ખરેખર પરને જાણતો જ નથી' તેવા લોકોને અત્ર પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની કહ્યા છે.) અને અનેકાંતનો જાણનાર તો (જ્ઞાની = સમ્યગ્દૃષ્ટિ), સદાય ઉદિત (પ્રકાશમાન = જ્ઞાન સામાન્ય ભાવ = પરમ પારિણામિક ભાવ = સમયસારરૂપ ભાવ) એકદ્રવ્યપણાને લીધે (ખંડખંડરૂપ ભાસતા જ્ઞાનમાં છુપાયેલ અખંડ જ્ઞાનપણાની અનુભૂતિને લીધે) ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો (અર્થાત્ 'જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે' એવા ભ્રમને નાશ કરતો થકો - એટલે કે 'જો જ્ઞાનને પરનું જાણપણું માનીએ તો સમ્યગ્દર્શન ન થાય' તેવા ભ્રમનો નાશ કરતો થકો) જે એક છે અને જેનું અનુભવન (સમયસારરૂપ = પરમ પારિણામિક ભાવરૂપ = જ્ઞાન સામાન્ય રૂપ એક અભેદ આત્મા) નિર્બાધ છે એવા જ્ઞાનને દેખે છે - અનુભવે છે.'' આવું છે જૈનશાસનનું અનેકાંતમય જ્ઞાન. આવો છે જૈનશાસનનો અનેકાંતવાદ.

શ્લોક ૨૬૧ : ભાવાર્થ :- ''એકાંતવાદી જ્ઞાનને સર્વથા એકાકાર-નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી ઉપજતી-વિણસતી ચૈતન્યપરિણતિથી જુદું કાંઈક જ્ઞાન ઇચ્છે છે (જેમ કે પરને જણાવાનો નિષેધ કરીને અથવા તો પર્યાયનો દૃષ્ટિના વિષયમાં નિષેધ કરીને); પરંતુ પરિણામ (પર્યાય=જ્ઞેયાકાર) સિવાય જુદો કોઈ પરિણામી હોતો નથી. (તેથી જ્ઞેયાકારને અથવા પર્યાયને કાઢતા પૂર્ણ દ્રવ્યનો જ લોપ થાય છે કે જેથી પરિણામી હાથ આવતો નથી=સમ્યગ્દર્શન પ્રગટ થતું નથી. પરંતુ માત્ર ભ્રમનું જ સામ્રાજ્ય ફેલાય છે.) સ્યાદ્વાદી તો એમ માને છે કે જો કે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે તો પણ ક્રમશઃ ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે. (અર્થાત્ જ્ઞાન સામાન્ય નિત્ય છે કે જેનું જ્ઞાનવિશેષ બનેલું છે કે જે અનિત્ય છે.) એવો જ વસ્તુસ્વભાવ છે.'' આ વાત સર્વ જનોએ, સમ્યગ્દર્શન અર્થે સ્વીકારવી અત્યંત આવશ્યક છે.

શ્લોક ૨૬૨ :- ''આ રીતે અનેકાંત=સ્યાદ્વાદ અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.''

શ્લોક ૨૬૫ : ભાવાર્થ :- ''જે સત્પુરુષો અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વડે અનેકાંતમય

વસ્તુસ્થિતિને દેખે છે, તેઓ એ રીતે સ્યાદ્વાદની શુદ્ધિને પામીને - જાણીને, જિનદેવના માર્ગને-સ્યાદ્વાદન્યાયને-નહિ ઉલ્લંઘતા થકા, જ્ઞાનસ્વરૂપ થાય છે.'' અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ થાય છે.

શ્લોક ૨૭૦ :- ''અનેક પ્રકારની નિજ શક્તિઓના સમુદાયમય આ આત્મા નયોની દૃષ્ટિથી ખંડખંડરૂપ કરવામાં આવતા તત્કાળ નાશ પામે છે. (જો કોઈ પણ નયને એકાંતે ગ્રહણ કરવામાં આવે અથવા કોઈ પણ નયની એકાંત પ્રરૂપણા કરવામાં આવે અથવા કોઈ પણ નયનો એકાંત પક્ષ કરવામાં આવે, તો આત્મા ખંડ-ખંડરૂપ થતા તત્કાળ નાશ પામે છે અર્થાત્ મિથ્યાત્વી થાય છે અને અનંત સંસાર વધારે છે.) માટે હું એમ અનુભવું છું કે જેમાંથી ખંડોને નિરાકૃત (બહિષ્કૃત) કરવામાં આવ્યા નથી. (એટલે કે તે ખંડ-ખંડરૂપ જ્ઞેયાકાર હો કે વિભાવ પર્યાય હો તેને આત્મામાંથી દૂર ન કરવા.) છતાં જે અખંડ છે, એક છે, એકાંત શાંત છે. (એટલે કે ખંડ-ખંડરૂપ વિશેષ ભાવમાં અખંડ સામાન્ય ભાવ રહેલ છે - છુપાયેલ છે. તેથી ખંડ-ખંડ ભાવનો નિષેધ નથી તેને ગૌણ કરતા જ અખંડ ભાવ પ્રાપ્ત થાય છે.) અને અચળ છે (=કર્મના ઉદયથી ચળાવ્યું ચળતું નથી) - એવું ચૈતન્યમાત્ર, તે જ 'હું છું'.'' આવી છે સમ્યગ્દર્શનના વિષયને પ્રાપ્ત કરવાની રીત. જો જીવને આત્માની અન્ય યોગ્યતાઓ વિદ્યમાન હોય તો આવી છે સમ્યગ્દર્શનની રીત.

શ્લોક ૨૭૧ : ભાવાર્થ :- ''જ્ઞાનમાત્ર ભાવ (પરમ પારિણામિક ભાવ) જાણનક્રિયારૂપ હોવાથી જ્ઞાનસ્વરૂપ છે (અત્ર સમજવું એમ કે જેઓ અજ્ઞાની છે અને જેઓને આત્મપ્રાપ્તિની તલપ પણ છે તેઓએ જ્ઞાન કે જે આત્માનું લક્ષણ છે કે જે સ્વ-પરને જાણે છે તેનો સીડી તરીકે ઉપયોગ કરીને આત્માના જ્ઞાનમાત્ર સ્વરૂપની પ્રાપ્તિ કરવી. અર્થાત્ 'જે જ્ઞેયને જાણે છે તે જાણનારો તે જ હું છું' એમ ચિંતવવું અને તે જાણનક્રિયા વખતે જ જ્ઞેયને ગૌણ કરતા જ, નિષેધ કરતા નહીં -તે યાદ રાખવું, સામાન્ય જ્ઞાનરૂપ-જ્ઞાનમાત્ર ભાવની પ્રાપ્તિ થાય છે.) વળી, તે પોતે જ નીચે પ્રમાણે જ્ઞેયરૂપ છે (જ્ઞેયાકાર છે તે જ્ઞાન જ છે અને જ્ઞાન છે તે જ્ઞાયક જ છે, તો પરને જાણવાનો = જ્ઞેયને જાણવાનો નિષેધ કરતા જ્ઞાનનો નિષેધ થાય છે = જ્ઞાન માત્ર ભાવના અભાવનો પ્રસંગ આવે છે). બાહ્ય જ્ઞેયો જ્ઞાનથી જુદા છે, જ્ઞાનમાં પેસતા નથી; જ્ઞેયોના આકારની ઝલક જ્ઞાનમાં આવતા જ્ઞાન જ્ઞેયાકારરૂપ દેખાય છે, પરંતુ એ જ્ઞાનના જ કલ્લોલો (તરંગો) છે. (જ્યારે જ્ઞેયને જાણવાનો નિષેધ કરતા જ્ઞાનકલ્લોલોનો જ નિષેધ થાય છે કે જે સ્વયં જ્ઞાનમાત્ર પોતે જ છે. માટે જ્ઞેયને જાણવાનો નિષેધ કરતા જ જ્ઞાનમાત્ર ભાવના અભાવનો પ્રસંગ આવે છે, જેનું પરિણામ એકમાત્ર ભ્રમરૂપ પરિણમન જ છે.) તે જ્ઞાનકલ્લોલો જ જ્ઞાન વડે જણાય છે. (અત્ર એ સમજવું જરૂરી છે કે ગાથા ૬ની ટીકામાં જણાવ્યા અનુસાર જ્ઞાનકલ્લોલો = જ્ઞેયાકાર અને જ્ઞાનમાત્ર એ બંને અભિન્ન જ છે, અનન્ય જ છે

અને તેનું અર્થાત્ કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ તે જ્ઞાયક છે.)

આ રીતે પોતે જ પોતાથી જાણવા યોગ્ય હોવાથી (એટલે કે જ્ઞાનકલ્લોલો અને જ્ઞાન અનન્ય રૂપે જ છે. અને જો તેમાં કલ્લોલોનો નિષેધ કરવામાં આવે તો=પર જ્ઞેયને જાણવાનો નિષેધ કરવામાં આવે તો તે નિષેધ જ્ઞાયકનો જ સમજવો. કારણ કે કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞેયાકાર જ્ઞાયક જ છે.) જ્ઞાનમાત્ર ભાવ (પરમ પારિણામિક ભાવ) જ જ્ઞેયરૂપ છે [અત્ર જો જ્ઞેયોને જાણવાનો નિષેધ કરવામાં આવે તો જ્ઞાન માત્ર ભાવનો (સમયસારરૂપ ભાવનો) જ નિષેધ થતા તેઓને આત્માની પ્રાપ્તિ થતી નથી]. વળી, પોતે જ (જ્ઞાનમાત્ર ભાવ) પોતાનો (જ્ઞેયરૂપ ભાવનો = જ્ઞાનકલ્લોલોનો) જાણનાર હોવાથી જ્ઞાનમાત્ર ભાવ જ જ્ઞાતા છે = જ્ઞાયક છે (અર્થાત્ જે જ્ઞેયને જાણે છે તે જ હું છું = ત્યાં જ્ઞેયોને ગૌણ કરતા જ હું પ્રગટ થાય છે, નહીં કે જ્ઞેયોને જાણવાનો નિષેધ કરતા). આ પ્રમાણે જ્ઞાનમાત્ર ભાવ જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતા - એ ત્રણે ભાવોથી યુક્ત સામાન્ય-વિશેષસ્વરૂપ વસ્તુ છે. (સામાન્ય-વિશેષમાં નિયમ એવો છે કે વિશેષને કાઢતા સામાન્ય જ નીકળી જાય છે. કારણ કે તે વિશેષ સામાન્યનું જ બનેલ હોય છે તથા વિશેષને ગૌણ કરતાં જ સામાન્ય હાજર થાય છે -એમ સમજવું. માટે જ્ઞાન, જ્ઞેય, જ્ઞાતામાંથી કોઈ પણ એકનો નિષેધ તે ત્રણેનો એટલે કે જ્ઞાયકનો જ નિષેધ છે -એમ સમજવું.) 'આવો જ્ઞાનમાત્ર ભાવ હું છું' એમ અનુભવ કરનાર પુરુષ અનુભવે છે. (અર્થાત્ આ જે જાણે છે તે હું છું પછી તે જાણવું સ્વનું હોય કે પરનું હોય. પરંતુ અત્ર એ સમજવું મહત્ત્વનું છે કે કોઈ પણ રીતે એટલે કે સ્વનું અથવા પરનું, કોઈ પણ જાણપણું નકારતા જ આત્માનો - જ્ઞાયકનો નકાર હોવાથી તે જિનમત બાહ્ય જ છે કે જે સમયસાર ગાથા ૨ની ટીકામાં પણ સ્પષ્ટ જણાવેલ જ છે.)''

આ જ વાત શ્લોક ૧૪૦માં પણ જણાવેલ છે કે, ''એક જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો, (એ રીતે જ્ઞાનમાં એકાગ્ર થતા બીજો સ્વાદ આવતો નથી. માટે) દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ (ત્યાં સ્વ-પર નથી. માત્ર હું છું) (અર્થાત્ વર્ણાદિક, રાગાદિક તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોને સ્વાદ લેવાને અસમર્થ =માટે એમ કહી શકાય કે અનુભૂતિના કાળે આત્મા પરને જાણતો નથી.) આત્માના અનુભવના સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધ પરિણતિને=પરમ પારિણામિક ભાવને = સમયસારરૂપ ભાવને = કારણશુદ્ધપર્યાયને) જાણતો-આસ્વાદતો (અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી બહાર નહીં આવતો, કારણ કે ત્યાં કોઈ જ સ્વ-પર નથી, ત્યાં દ્રવ્યપર્યાય એવો કોઈ જ ભેદ નથી. કારણ કે વર્તમાન પર્યાયમાં જ પૂર્ણ દ્રવ્ય અંતર્ગત છે =સમાયેલ છે.) આ આત્મા જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો (અત્ર સમજવાનું

એ છે કે વિશેષોનો નિષેધ નથી તેને માત્ર ગૌણ કર્યા છે. આ જ રીત છે અનુભવની, અર્થાત્ સમ્યગ્દર્શનની.) સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો, સકળ જ્ઞાનને એકપણામાં લાવે છે - એકરૂપે પ્રાપ્ત કરે છે.''

શ્લોક ૨૭૫ :- ''સહજ (પોતાના 'સ્વ'ભાવરૂપ) ('સ્વ'ના સહજ ભવનરૂપ = 'સ્વ'નું સહજ પરિણમન = પરમ પારિણામિક ભાવ = કારણશુદ્ધપર્યાયરૂપ) તેજઃપુંજમાં (જ્ઞાનમાત્રમાં) ત્રણ લોકના પદાર્થો મગ્ન થતા હોવાથી (જ્ઞાનમાત્ર એવા આત્માનો સ્વભાવ જ સ્વ-પરને જાણવાનો છે. તેથી કરીને સર્વ જ્ઞેયો જણાય છે = જાણે છે) જેમાં અનેક ભેદો થતા દેખાય છે, (અર્થાત્ જ્ઞાનમાત્ર ભાવનું જ્ઞેયરૂપે પરિણમન દેખાય છે = થાય છે. છતાં તેનાથી ડરીને કાંઈ જે જ્ઞાનમાત્ર ભાવનો સ્વભાવ છે, જ્ઞેયને જાણવાનો, તેનો નિષેધ કોઈ કાળે થઈ શકે તેમ નથી.) તો પણ જેનું એક જ સ્વરૂપ છે (સામાન્ય ભાવ ખંડ-ખંડ થતો નથી. તે અભેદ જ રહે છે. માટે પરને જાણવામાં ડરવાની કોઈ જ વાત નથી.)....''

સર્વ જનો આ સમયસારરૂપ શુદ્ધાત્મામાં સ્થિત થાઓ અને અક્ષય સુખની પ્રાપ્તિ કરો એ જ ભાવનાસહ અમે આટલું વિસ્તારથી લખેલ છે. છતાં મારી છદ્મસ્થ દશાને કારણે, આ પુસ્તકમાં કાંઈ પણ ભૂલચૂક થઈ હોય તો આપ સુધારીને વાંચશો અને મારાથી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મારા ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં !

- આત્માર્થીને કોઈ પણ મત-પંથ-સંપ્રદાય-વ્યક્તિવિશેષનો આગ્રહ, હઠાગ્રહ, કદાગ્રહ, પૂર્વગ્રહ અથવા પક્ષ ન જ હોવો જોઈએ. કારણ કે તે આત્માને માટે અનંત કાળની બેડી સમાન છે. તે આત્માને અનંત કાળ રખડાવનાર છે. આત્માર્થીને માટે 'સારું તે જ મારું અને સાચું તે જ મારું' હોવું અતિ આવશ્યક છે કે જેથી કરીને તે આત્માર્થી પોતાની ખોટી માન્યતાઓને છોડીને સત્યને સરળતાથી ગ્રહણ કરી શકે અને તે જ તેની યોગ્યતા કહેવાય છે.

# ૩૯
# બાર ભાવના

**અનિત્ય ભાવના –** સર્વ સંયોગો અનિત્ય છે. ગમતા અથવા અણગમતા એવા તે કોઈ જ સંયોગ મારી સાથે નિત્ય રહેવાવાળા નથી. તેથી તેનો મોહ અથવા દુઃખનો ત્યાગ કરવો – તેમાં 'હુંપણું' અને 'મારાપણું' ત્યાગવું.

**અશરણ ભાવના –** મારા પાપોના ઉદય વેળા મને માતા-પિતા, પત્ની-પુત્ર, પૈસો વગેરે કોઈ જ શરણરૂપ થઈ શકે તેમ નથી. તેઓ મારું દુઃખ લઈ શકે તેમ નથી. તેથી તેઓનો મોહ ત્યાગવો – તેઓમાં મારાપણું ત્યાગવું પરંતુ ફરજ પૂરેપૂરી બજાવવી.

**સંસાર ભાવના –** સંસાર એટલે સંસરણ-રખડપટ્ટી અને તેમાં એક સમયના સુખની સામે અનંત કાળનું દુઃખ મળે છે; તો એવો સંસાર કોને ગમે ? અર્થાત્ ન જ ગમે. તે માટે એકમાત્ર લક્ષ સંસારથી છૂટવાનું જ રહેવું જોઈએ.

**એકત્વ ભાવના –** અનાદિથી હું એકલો જ રખડું છું, એકલો જ દુઃખ ભોગવું છું. મરણ સમયે મારી સાથે કોઈ જ આવવાનું નથી. મારું કહેવાતું એવું શરીર પણ નહિ. તેથી મારે શક્ય હોય તેટલું પોતામાં જ (આત્મામાં જ) રહેવાનો પ્રયત્ન કરવો.

**અન્યત્વ ભાવના –** હું કોણ છું ? તે ચિંતવવું. અર્થાત્ પૂર્વે જણાવ્યા અનુસાર પુદ્ગલ અને પુદ્ગલ (કર્મ) આશ્રિત ભાવોથી પોતાને જુદો ભાવવો. પરદ્રવ્ય-વિભાવભાવોથી ભિન્ન આત્મામાં જ 'હુંપણું' કરવું, તેનો જ અનુભવ કરવો, તેને જ સમ્યગ્દર્શન કહેવાય છે. તે જ આ જીવનનું એકમાત્ર લક્ષ અને કર્તવ્ય હોવું જોઈએ.

**અશુચિ ભાવના –** 'મને, મારા શરીરને સુંદર બતાવવાના = શણગારવાના જે ભાવ છે અને વિજાતીયના શરીરનું આકર્ષણ છે કે જે શરીરની ચામડીને હટાવતા જ માત્ર માંસ, લોહી, પરુ, મળ, મૂત્ર વગેરે જ જણાય છે કે જે અશુચિરૂપ જ છે' એવું ચિંતવી પોતાના શરીરનો અને વિજાતીયના શરીરનો મોહ ત્યજવો, તેમાં મૂંઝાવું (મોહિત થવું) નહિ.

**આસ્રવ ભાવના –** પુણ્ય અને પાપ - એ બન્ને મારા (આત્મા) માટે આસ્રવ છે. તેથી વિવેકે કરી પ્રથમ પાપોનો ત્યાગ કરવો અને એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષે શુભ ભાવમાં રહેવું કર્તવ્ય છે.

**સંવર ભાવના –** સાચા (કાર્યકારી) સંવરની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. તેથી તેના લક્ષે પાપોનો ત્યાગ કરી, એકમાત્ર સાચા સંવરના લક્ષે દ્રવ્યસંવર પાળવો.

**નિર્જરા ભાવના –** સાચી (કાર્યકારી) નિર્જરાની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. તેથી તેના લક્ષે પાપોનો ત્યાગ કરી, એકમાત્ર સાચી નિર્જરાના લક્ષે યથાશક્તિ તપ આચરવું.

**લોકસ્વરૂપ ભાવના –** પ્રથમ લોકનું સ્વરૂપ જાણવું, પછી ચિંતવવું કે 'હું અનાદિથી આ લોકમાં સર્વ પ્રદેશે અનંતી વાર જન્મ્યો અને મરણ પામ્યો; અનંતા દુઃખો ભોગવ્યાં. હવે ક્યાં સુધી આ ચાલુ રાખવું છે ?' અર્થાત્ તેના અંત માટે સમ્યગ્દર્શન આવશ્યક છે. તો તેની પ્રાપ્તિનો ઉપાય કરવો.

બીજું, લોકમાં રહેલ અનંતા સિદ્ધ ભગવંતોને અને સંખ્યાતા અરિહંત ભગવંતોને અને સાધુ ભગવંતોને વંદણા કરવી. તેમજ અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકાજીઓની તથા સમ્યગ્દષ્ટિ જીવોની અનુમોદના કરવી, પ્રમોદ કરવો.

**બોધિ દુર્લભ ભાવના –** બોધિ એટલે સમ્યગ્દર્શન. અનાદિથી આપણી રખડપટ્ટીનું જો કોઈ કારણ હોય તો તે છે સમ્યગ્દર્શનનો અભાવ. તેથી સમજાય છે કે સમ્યગ્દર્શન કેટલું દુર્લભ છે ? કોઈક આચાર્ય ભગવંતે તો કહ્યું છે કે વર્તમાન કાળમાં સમ્યગ્દષ્ટિ આંગળીના વેઢે ગણી શકાય એટલા જ હોય છે.

**ધર્મસ્વરૂપ ભાવના –** વર્તમાન કાળમાં ધર્મસ્વરૂપમાં ઘણી વિકૃતિઓ પ્રવેશી ચૂકેલ હોવાથી, સત્યધર્મની શોધ અને તેનું જ ચિંતન કરવું. સર્વ પુરુષાર્થ તેને પામવામાં જ લગાવવો.

બાર ભાવનાના વિસ્તૃત વર્ણન માટે પૃષ્ઠક્રમાંક ૧૧૭ થી ૧૨૯ વાંચવા.

- પુરુષાર્થથી ધર્મ થાય અને પુણ્યથી ધન મળે. અર્થાત્ પૂર્ણ પુરુષાર્થ ધર્મમાં લગાવવો અને ધન કમાવવામાં ઓછામાં ઓછો સમય વેડફવો. કારણ કે ધન મહેનતના અનુપાતમાં (= પ્રમાણમાં = Proportionately) નથી મળતું, પરંતુ ધન પુણ્યના અનુપાતમાં મળે છે.

# ૪૦
# ચિંતનકણિકાઓ

♦ એક સમકિત પાએ બિના, તપ-જપ-ક્રિયા ફોક; જૈસા મુર્દા સિનગારના, સમજ કહે તિલોક. અર્થાત્ સમ્યગ્દર્શન વગરની સર્વ ક્રિયા-તપ-જપ-શ્રાવકપણું-ક્ષુલ્લકપણું-સાધુપણું વગેરે મડદાને શણગારવા જેવું નિરર્થક છે. અત્ર કહેવાનો ભાવાર્થ એ છે કે આવા સમ્યગ્દર્શન વગરની ક્રિયા-તપ-જપ-શ્રાવકપણું-ક્ષુલ્લકપણું-સાધુપણું ભવનો અંત કરવા કાર્યકારી નથી. અર્થાત્ તે ન કરવું એમ નહિ, પરંતુ તેમાં જ સંતોષાઈ ન જવું. અર્થાત્ તેનાથી જ પોતાને કૃતકૃત્ય ન સમજતા, સર્વ પ્રયત્નો એકમાત્ર નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે જ કરવા.

♦ ભગવાનના દર્શન કઈ રીતે કરવા ? ભગવાનના ગુણોનું ચિંતન કરવું અને ભગવાન, ભગવાન બનવા માટે જે માર્ગે ચાલ્યા તે જ માર્ગે ચાલવાનો દઢ નિર્ધાર કરવો તે જ સાચા દર્શન છે.

♦ સંપૂર્ણ સંસાર અને સાંસારિક સુખો પ્રત્યેના વૈરાગ્ય વગર મોક્ષમાર્ગની શરૂઆત થવી અત્યંત દુર્લભ છે. અર્થાત્ સંસાર અને સાંસારિક સુખોની રુચિ સહિત સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે.

♦ જીવને ચાર સંજ્ઞા/સંસ્કાર - આહાર, મૈથુન, પરિગ્રહ અને ભય અનાદિથી છે. તેથી તેના વિચારો સહજ હોય છે. તેવા વિચારોથી જેને છૂટકારો જોઈતો હોય તેઓએ પોતાનો તેના તરફનો ગમો તપાસવો. અર્થાત્ જ્યાં સુધી આ સંજ્ઞાઓ ગમે છે અર્થાત્ તેમાં સુખ ભાસે છે; જેમ કે, કૂતરાને હાડકું ચૂસવા આપતા તેને તે તાળવામાં ઘસાઈને લોહી નીકળે છે, કે જેને તે એમ સમજે છે કે લોહી હાડકામાંથી નીકળે છે અને તેથી તેને તેનો આનંદ થાય છે કે જે માત્ર તેનો ભ્રમ જ છે. આ રીતે જ્યાં સુધી આ આહાર, મૈથુન, પરિગ્રહ અને ભય અર્થાત્ બળવાનનો ડર અને નબળાને ડરાવવા/દબાવવા ગમે છે ત્યાં સુધી તે જીવને તેના વિચારો સહજ હોય છે. તેથી તેના સંસારનો અંત થતો નથી. તેથી મોક્ષેચ્છુએ આ અનાદિના ઊલટા સંસ્કારોને મૂળથી કાઢવાનો પુરુષાર્થ આદરવાનો છે કે જેના માટે સર્વપ્રથમ આ સંજ્ઞાઓ પ્રત્યેનો આદર નીકળવો આવશ્યક છે. તેથી સર્વ પુરુષાર્થ તેઓ પ્રત્યે વૈરાગ્ય થાય તેના માટે જ લગાવવો આવશ્યક છે કે જેના માટે સદ્વાંચન અને સાચી સમજણ આવશ્યક છે.

♦ તમને શું ગમે છે ? આ છે આત્મપ્રાપ્તિનું બેરોમીટર - થરમોમીટર. આ પ્રશ્નનો ઉત્તર

ચિંતવવો. જ્યાં સુધી ઉત્તરમાં કોઈ પણ સાંસારિક ઇચ્છા/આકાંક્ષા હોય ત્યાં સુધી પોતાની ગતિ સંસાર તરફની સમજવી અને જ્યારે ઉત્તર એકમાત્ર આત્મપ્રાપ્તિ એવો હોય, તો સમજવું કે આપના સંસારનો કિનારો બહુ નજીક આવી ગયેલ છે. તેથી તે માટેનો પુરુષાર્થ વધારવો.

- તમને શું ગમે છે ? આ છે તમારી ભક્તિનું બેરોમીટર - થરમોમીટર. અર્થાત્ ભક્તિમાર્ગની વ્યાખ્યા એ છે કે જે આપને ગમે છે, તે તરફ આપની સહજ ભક્તિ સમજવી. ભક્તિમાર્ગ એટલે વેવલાંવેડાંરૂપ અથવા વ્યક્તિરાગરૂપ ભક્તિ ન સમજવી. પરંતુ જે આપને ગમે છે અર્થાત્ જેમાં આપની રુચિ છે તે તરફ જ આપની પૂર્ણ શક્તિ કામે લાગે છે. તેથી જેને આત્માની રુચિ જાગી છે અને માત્ર તેનો જ વિચાર આવે છે, તેની પ્રાપ્તિના જ ઉપાયો વિચારાય છે. તો સમજવું કે મારી ભક્તિ યથાર્થ છે અર્થાત્ હું સાચા ભક્તિમાર્ગે છું. અર્થાત્ જ્યાં સુધી તમને શું ગમે છે?ના ઉત્તરમાં કોઈ પણ સાંસારિક ઇચ્છા/આકાંક્ષા હોય અથવા કોઈ વ્યક્તિ હોય ત્યાં સુધી પોતાની ભક્તિ સંસાર તરફની સમજવી. જ્યારે ઉત્તર એકમાત્ર આત્મપ્રાપ્તિ એવો હોય, તો સમજવું કે આપના સંસારનો કિનારો બહુ નજીક આવી ગયેલ છે. અર્થાત્ ભક્તિ એટલે સંવેગ સમજવો કે જે વૈરાગ્ય અર્થાત્ નિર્વેદ સહિત જ આત્મપ્રાપ્તિ માટે કાર્યકારી છે.
- અભયદાન, જ્ઞાનદાન, અન્નદાન, ધનદાન, ઔષધદાનમાં અભયદાન અતિ શ્રેષ્ઠ છે. માટે સર્વ જનોએ રોજિંદા જીવનમાં જયણા રાખવી અત્યંત આવશ્યક છે.
- ધન પુણ્યથી પ્રાપ્ત થાય છે કે મહેનતથી અર્થાત્ પુરુષાર્થથી ? **ઉત્તર** : ધનની પ્રાપ્તિમાં પુણ્યનો ફાળો અધિક છે અને મહેનતનો અર્થાત્ પુરુષાર્થનો ફાળો ઓછો છે. કારણ કે જેનો જન્મ ધનવાન કુટુંબમાં થાય છે તેને, કોઈ પણ પ્રયત્ન વગર જ ધન પ્રાપ્ત થાય છે અને ધંધામાં ઘણી મહેનત કરતા લોકો પણ ધન ગુમાવતા જણાય છે. ધન કમાવવા માટે પ્રયત્ન આવશ્યક છે, પરંતુ કેટલો ? કારણ કે ઘણા લોકોને બહુ ઓછા પ્રયત્ને અધિક ધન પ્રાપ્ત થતું દેખાય છે. જ્યારે કોઈને ઘણા પ્રયત્નો કરવા છતાં ઓછું ધન પ્રાપ્ત થતું જણાય છે. તેથી એ નિશ્ચિત થાય છે કે ધન પ્રયત્ન કરતાં પુણ્યને અધિક વરેલ છે. તેથી જેને ધન માટે મહેનત કરવી આવશ્યક લાગતી હોય તેઓએ પણ વધારેમાં વધારે અર્ધો સમય જ અર્થોપાર્જનમાં અને ઓછામાં ઓછો અર્ધો સમય તો ધર્મમાં જ લગાવવા યોગ્ય છે. કારણ કે ધર્મથી અનંત કાળનું દુ:ખ ટળે છે અને સાથે સાથે પુણ્યના કારણે ધન પણ સહજ જ પ્રાપ્ત થાય છે. જેમ ઘઉં વાવતા સાથે ઘાસ આપમેળે જ પ્રાપ્ત થાય છે, તેમ સત્યધર્મ કરતા પાપો હળવા બને છે અને પુણ્ય તીવ્ર બને છે. તેથી ભવકટીની સાથે સાથે ધન અને સુખ આપમેળે જ પ્રાપ્ત થાય છે અને ભવિષ્યમાં

અવ્યાબાધ સુખરૂપ મુક્તિ પણ મળે છે.

- કર્મોનો જે બંધ થાય છે, તેના ઉદયકાળે આત્માના કેવા ભાવ થશે ? અર્થાત્ તે કર્મોના ઉદયકાળે નવા કર્મો કેવાં બંધાશે ? તેને તે કર્મનો અનુબંધ કહેવાય છે. તે અનુબંધ અભિપ્રાયનું ફળ છે. માટે સર્વ પુરુષાર્થ અભિપ્રાયને બદલાવવા લગાવવો અર્થાત્ અભિપ્રાયને સમ્યક્ કરવામાં લગાવવો.
- સ્વરૂપથી હું સિદ્ધસમ હોવા છતાં, રાગ-દ્વેષ મારા કલંક સમાન છે. માટે તેને ધોવાના (ટાળવાના) ધ્યેયપૂર્વક, ધગશ અને ધૈર્યસહિત ધર્મપુરુષાર્થ આદરવો.
- સંતોષ, સરળતા, સાદગી, સમતા, સહિષ્ણુતા, સહનશીલતા, નમ્રતા, લઘુતા, વિવેક વગેરે ગુણોને આત્મપ્રાપ્તિની યોગ્યતા માટે જીવનમાં કેળવવા અત્યંત આવશ્યક છે.
- તપસ્યામાં નવવાડથી વિશુદ્ધ બ્રહ્મચર્ય અતિ શ્રેષ્ઠ છે.
- સંસારી જીવો નિમિત્તવાસી હોય છે. કાર્યરૂપે તો નિયમથી ઉપાદાન જ પરિણમે છે, પરંતુ તે ઉપાદાનમાં કાર્ય થાય ત્યારે નિમિત્તની હાજરી અવિનાભાવે હોય જ છે. તેથી વિવેકે કરી મુમુક્ષુ જીવ સમજે છે કે કાર્ય ભલે માત્ર ઉપાદાનમાં થાય. પરંતુ તેથી કરીને પોતાને સ્વચ્છંદે કોઈ પણ નિમિત્તને સેવવાનો પરવાનો નથી મળી જતો. તેથી જ તેઓ નબળા નિમિત્તોથી ભીરુભાવે દૂર જ રહે છે.
- સાધક આત્માએ ટી.વી., સિનેમા, નાટક, મોબાઇલ, ઇન્ટરનેટ વગેરે જેવા નબળા નિમિત્તોથી દૂર જ રહેવું આવશ્યક છે. કારણ કે ગમે તેટલા સારા ભાવોને ફરી જતા વાર નથી લાગતી. બીજું, આ બધા જ નબળા નિમિત્તો અનંત સંસારના અર્થાત્ અનંત દુઃખની પ્રાપ્તિના કારણ બનવા સક્ષમ છે.
- માતા-પિતાના ઉપકારોનો બદલો કોઈ રીતે વાળી શકાતો નથી. એકમાત્ર તેઓને ધર્મ પમાડીને જ વાળી શકાય છે. તેથી માતા-પિતાની સેવા કરવી. માતા-પિતાનો સ્વભાવ અનુકૂળ ન હોય તો પણ તેઓની સેવા પૂરેપૂરી કરવી અને તેઓને ધર્મ પમાડવો. તેના માટે પ્રથમ પોતે ધર્મ પામવો આવશ્યક છે.
- ધર્મ ન લજવાય તેને માટે સર્વ જૈનોએ પોતાના કુટુંબમાં, વ્યવસાયમાં - દુકાન, ઑફિસ વગેરેમાં તથા સમાજમાં સહુની સાથે પોતાનો વ્યવહાર સારો જ હોય તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

- અપેક્ષા, આગ્રહ, આસક્તિ, અહંકાર કાઢી નાખવા અત્યંત આવશ્યક છે.
- સ્વદોષ જોવો, પરદોષ નહિ, પરગુણ જોવો અને તે ગ્રહણ કરવો અત્યંત આવશ્યક છે.
- અનાદિની ઇન્દ્રિયોની ગુલામી છોડવા જેવી છે.
- જે ઇન્દ્રિયોના વિષયોમાં જેટલી આસક્તિ વધારે, જેટલો જે ઇન્દ્રિયોનો દુરોપયોગ વધારે; તેટલી તે ઇન્દ્રિયો ભવિષ્યમાં અનંત કાળ સુધી મળવાની સંભાવના ઓછી.
- મારા જ ક્રોધ, માન, માયા, લોભ મારા કટ્ટર શત્રુ છે. બાકી વિશ્વમાં મારો કોઈ જ શત્રુ નથી.
- એક એક કષાય અનંત પુદ્‌ગલપરાવર્તન કરાવવા શક્તિમાન છે અને મારામાં તે કષાયોનો વાસ છે, તો મારું શું થશે ? માટે ત્વરાએ સર્વ કષાયોનો નાશ ઇચ્છવો અને તેનો જ પુરુષાર્થ આદરવો.
- અહંકાર અને મમકાર અનંત સંસારનું કારણ થવા સક્ષમ છે. તેથી તેનાથી બચવાના ઉપાય કરવા.
- નિંદા માત્ર પોતાની કરવી અર્થાત્ પોતાના દુર્ગુણોની જ કરવી. બીજાના દુર્ગુણો જોઈને સૌપ્રથમ પોતે પોતાના ભાવ તપાસવા અને જો તે દુર્ગુણો પોતામાં હોય તો કાઢી નાંખવા અને તેમના પ્રત્યે ઉપેક્ષાભાવ અથવા કરુણાભાવ રાખવો. કારણ કે બીજાની નિંદાથી તો આપણને ઘણો કર્મબંધ થાય છે. અર્થાત્ કોઈ બીજાના ઘરનો કચરો પોતાના ઘરમાં ઠાલવતા નથી જ, તેમ બીજાની નિંદા કરવાથી તેમના કર્મો સાફ થાય છે, જ્યારે મારા કર્મોનો બંધ થાય છે.
- ઈર્ષ્યા કરવી હોય તો માત્ર ભગવાનની જ કરવી. ભગવાન બનવા માટે ભગવાનની ઈર્ષ્યા કરવી, અન્યથા નહિ. એ સિવાય કોઈની પણ ઈર્ષ્યા કરવાથી અનંત દુઃખ દેવાવાળા અનંત કર્મોનો બંધ થાય છે અને જીવ વર્તમાનમાં પણ દુઃખી થાય છે.
- જાગૃતિ હર સમયે રાખવી અથવા કલાકે કલાકે પોતાના મનના પરિણામની ચકાસણી કરતા રહેવી. તેનું વલણ કઈ તરફ છે ? તે જોવું અને તેમાં જરૂરી સુધારા કરવા. લક્ષ એકમાત્ર આત્મપ્રાપ્તિ જ રાખવું અને તે ભાવ દૃઢ કરતા રહેવો.
- અનંત કાળ સુધી રહેવાના બે જ સ્થાનો છે :- એક, સિદ્ધાવસ્થા(=નિર્વાણ) અને બીજું, નિગોદ. પહેલામાં અનંત સુખ છે અને બીજામાં અનંત દુઃખ છે. તેથી પોતાના ભવિષ્યને લક્ષમાં લેતા સર્વ જનોએ પોતાના સર્વ પ્રયત્નો અર્થાત્ પુરુષાર્થ એકમાત્ર મોક્ષાર્થે જ કરવા યોગ્ય છે.

- 'મારી સાથે જે થાય તે સારા માટે' - એમ માનવું. જેથી કરી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચી શકાય છે. અર્થાત્ નવા કર્મોના આસ્રવથી-બંધથી બચી શકાય છે.
- મારે કોનો પક્ષ = કોની તરફેણ કરતા રહેવી ? મારે ક્યા સંપ્રદાયની અથવા ક્યા વ્યક્તિવિશેષની તરફેણ કરતા રહેવી ? **ઉત્તર** :- માત્ર પોતાની જ, પોતાના આત્માની જ તરફેણ કરતા રહેવી. કારણ કે તેમાં જ મારો ઉદ્ધાર છે, અન્ય કોઈની તરફેણમાં મારો ઉદ્ધાર નથી, નથી, ને નથી જ. કારણ કે તે તો રાગ-દ્વેષનું કારણ થાય છે. પરંતુ જ્યારે પોતાના આત્માની જ તરફેણ કરવામાં આવે ત્યારે તેમાં સર્વ જ્ઞાનીની તરફેણ સમાઈ જાય છે.
- જૈન કહેવાતા લોકોએ રાત્રિના કોઈ પણ કાર્યક્રમ - ભોજન સમારંભ ન રાખવા જોઈએ. લગ્નાદિ પ્રસંગે ફૂલનો અને ફટાકડાનો ઉપયોગ ન કરવો જોઈએ.
- લગ્ન એ સાધક માટે મજબૂરી હોય છે, નહિ કે ઉજાણી. કારણ કે જે સાધકો પૂર્ણ બ્રહ્મચર્ય ન પાળી શકતા હોય તેમને માટે લગ્નવ્યવસ્થાનો સહારો લેવા યોગ્ય છે કે જેથી કરીને સાધક પોતાનો સંસાર, નિર્વિઘ્ને શ્રાવકધર્મ અનુસાર વ્યતીત કરી શકે અને પોતાની મજબૂરી પણ યોગ્ય મર્યાદા સહિત પૂરી કરી શકે. આવા લગ્નના ઉજવણાં ન હોય. કારણ કે કોઈ પોતાની મજબૂરીને ઉત્સવ બનાવી, ઉજાણી કરતા જણાતા નથી. તેથી સાધકે લગ્ન બહુ જ જરૂરી હોય તો જ કરવા અને તે પણ સાદાઈથી. બીજું, અત્ર જણાવ્યા અનુસાર લગ્નને મજબૂરી સમજીને કોઈએ લગ્નદિવસ વગેરેની ઉજાણી કરવા જેવી નથી અર્થાત્ તે દિવસે વિશેષ પ્રકારે ધર્મ કરવા જેવો છે અને એવી ભાવના ભાવો કે 'હવે મને આ લગ્નરૂપ મજબૂરી ભવિષ્યમાં ક્યારેય ન હજો ! કે જેથી કરી હું ત્વરાએ આત્મકલ્યાણ કરી શકું અને સિદ્ધત્વ પ્રાપ્ત કરી શકું.'
- જન્મ એ આત્માને અનાદિનો લાગેલ ભવરોગ છે, નહિ કે ઉજાણી. કારણ કે જેને જન્મ છે તેને મરણ અવશ્ય છે અને જન્મ-મરણનું દુઃખ અનંતુ હોય છે. અર્થાત્ જ્યાં સુધી આત્માની જન્મ-મરણરૂપ ઘટમાળ ચાલે છે, ત્યાં સુધી તેને અનંત દુઃખોથી છૂટકારો મળતો નથી. અર્થાત્ દરેકે એકમાત્ર સિદ્ધત્વ (=જન્મ-મરણથી કાયમ માટેનો છૂટકારો) જ ઇચ્છવા યોગ્ય છે. તેથી આવા જન્મના ઉજવણા ન હોય. કારણ કે કોઈ પોતાના રોગને ઉત્સવ બનાવી, ઉજાણી કરતા જણાતા નથી. તેથી સાધકે અત્ર જણાવ્યા અનુસાર જન્મને અનંત દુઃખોનું કારણ એવો ભવરોગ સમજીને, જન્મદિવસ વગેરેની ઉજાણી કરવા જેવી નથી. અર્થાત્ તે દિવસે વિશેષ પ્રકારે ધર્મ કરવા જેવો છે અને એવી ભાવના ભાવો કે 'હવે મને આ જન્મ કે જે અનંત દુઃખોનું કારણ એવો ભવરોગ છે, તે ભવિષ્યમાં ક્યારેય ન હજો!' સાધકે એકમાત્ર સિદ્ધત્વની પ્રાપ્તિ અર્થે (=અજન્મા બનવા અર્થે) જ સર્વ પુરુષાર્થ લગાવવા જેવો છે.

- અનાદિથી પુદ્‌ગલના મોહમાં અને તેના માટેની જ મારામારીમાં જીવ દંડાતો આવ્યો છે. પુદ્‌ગલના મોહના ફળરૂપે તે અનંતા દુઃખોને ભોગવતો આવ્યો છે. તેથી ત્વરાએ પુદ્‌ગલનો મોહ ત્યજવા જેવો છે. તે માત્ર શબ્દમાં નહિ. જેમ કે - ધર્મની ઊંચી ઊંચી વાતો કરવાવાળા પણ પુદ્‌ગલના મોહમાં ફસાયેલા જણાય છે. અર્થાત્ આ જીવ અનાદિથી આવી જ રીતે પોતાને છેતરતો આવ્યો છે. તેથી સર્વ આત્માર્થીને અમારો અનુરોધ છે કે આપે આપના જીવનમાં અત્યંત સાદાઈ અપનાવી પુદ્‌ગલની જરૂરિયાત બને તેટલી ઘટાડવી અને જાવજ્જીવ દરેક જાતના પરિગ્રહની મર્યાદા કરવી. અર્થાત્ સંતોષ કેળવવો પરમ આવશ્યક છે. કે જેથી પોતે એકમાત્ર આત્મપ્રાપ્તિના લક્ષ માટે જ જીવન જીવી શકે કે જેથી તે પોતાના જીવને અનંતા દુઃખોથી બચાવી શકે છે અને અનંત અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરી શકે છે.
- આત્માર્થીએ દંભથી હંમેશા દૂર જ રહેવું જોઈએ. અર્થાત્ તેને મન-વચન અને કાયાની એકતા સાધવાનો અભ્યાસ નિરંતર કરતા જ રહેવો જોઈએ અને તેમાં અડચણરૂપ સંસારથી બચતા રહેવું જોઈએ.
- આત્માર્થીએ એક જ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આ મારા જીવનનો છેલ્લો દિવસ છે અને જો આ મનુષ્યભવમાં મેં આત્મપ્રાપ્તિ ન કરી તો હવે અનંત, અનંત, અનંત, ......... કાળ પછી પણ મનુષ્યજન્મ, પૂર્ણ ઇન્દ્રિયોની પ્રાપ્તિ, આર્ય દેશ, ઉચ્ચ કુળ, ધર્મની દેશના, ધર્મની પ્રાપ્તિ વગેરે મળે તેમ નથી. પરંતુ અનંત, અનંત, અનંત, ......... કાળ પર્યંત અનંત, અનંત, અનંત, ......... દુઃખો જ મળશે. તેથી આ અમૂલ્ય-દુર્લભ મનુષ્યજન્મ માત્ર શારીરિક-ઇન્દ્રિયજન્ય સુખ અને તેની પ્રાપ્તિ પાછળ ખર્ચવા જેવો નથી. પરંતુ તેની એક પણ પળને વ્યર્થ ન ગુમાવતા, માત્ર ને માત્ર, ત્વરાએ શાશ્વત સુખ એવા આત્મિક સુખની પ્રાપ્તિ અર્થે જ લગાવવા યોગ્ય છે. 'માનવભવની પ્રત્યેક પળ ચક્રવર્તીના ષટ્ ખંડના સામ્રાજ્યથી અને ઇન્દ્રના ઇન્દ્રાસનથી પણ વધુ કિંમતી છે' -આ વાત કદી ભૂલવા જેવી નથી.

## ૪૧
# રાત્રિભોજન વિશે

**રા**ત્રિભોજનનો ત્યાગ મોક્ષમાર્ગના પથિક માટે તો આવશ્યક છે જ પરંતુ તેના આધુનિક વિજ્ઞાન પ્રમાણે પણ અનેક ફાયદાઓ છે. જેમ કે રાત્રે નવ વાગ્યે શરીરની ઘડિયાળ (body clock) પ્રમાણે પેટમાં રહેલ વિષારી તત્ત્વોની સફાઈનો (detoxification) સમય હોય છે. ત્યારે પેટ જો ભરેલું હોય તો શરીર તે કાર્ય કરતું નથી (skip કરે છે) અર્થાત્ પેટમાં કચરો વધે છે. પરંતુ જેઓ રાત્રિભોજન કરતાં નથી તેઓનું પાચન નવ વાગ્યા સુધીમાં થઈ ગયું હોવાથી તેમનું શરીર વિષારી તત્ત્વોની સફાઈનું કાર્ય સારી રીતે કરી શકે છે. બીજું, રાત્રે જમ્યા પછી બેથી ત્રણ કલાક સુધી સૂવાનું વર્જ્ય છે. તેથી જેઓ રાત્રે મોડેથી જમે છે તેઓ રાત્રે મોડા સૂવે છે. પરંતુ રાત્રે અગિયારથી એક વાગ્યા દરમિયાન ઘેરી ઊંઘ (deep sleep) લિવરની સફાઈ અને તેની નુકસાનીની ભરપાઈ (cell regrowth) માટે અત્યંત આવશ્યક છે કે જે રાત્રિભોજન કરવાવાળા માટે શક્ય નથી. તેથી તે પણ રાત્રિભોજનનું મોટું નુકસાન છે. આરોગ્યની દૃષ્ટિએ આ સિવાય પણ રાત્રિભોજન ત્યાગના બીજા અનેક ફાયદાઓ છે.

આયુર્વેદ, યોગશાસ્ત્ર અને જૈનેતર દર્શન અનુસાર પણ રાત્રિભોજન વર્જ્ય છે. જૈનેતર દર્શનમાં તો રાત્રિભોજનને માંસ ખાવા સમાન અને રાત્રે પાણી પીવાને લોહી પીવા સમાન જણાવેલ છે. બીજું, રાત્રિભોજન કરવાવાળાના સર્વ તપ-જપ-જાત્રા એ સર્વ ફોક થાય છે અને રાત્રિભોજનનું પાપ સેંકડો ચાંદ્રાયણ તપથી પણ ધોવાતું નથી -એમ જણાવેલ છે.

જૈનદર્શન અનુસાર પણ રાત્રિભોજનમાં ઘણું પાપ જણાવેલ છે. અત્ર કોઈ એમ પૂછે કે 'રાત્રિભોજન ત્યાગ વગેરે વ્રતો અથવા પડિમાઓ (પ્રતિમાઓ) તો સમ્યગ્દર્શન બાદ જ હોય છે, તો અમોને તે રાત્રિભોજનનો શો દોષ લાગે ?' તો તેઓને અમારો ઉત્તર છે કે રાત્રિભોજનનો દોષ સમ્યગ્દૃષ્ટિ કરતા મિથ્યાદૃષ્ટિને અધિક જ લાગે છે. કારણ કે મિથ્યાદૃષ્ટિ તેને રાચી-માચીને સેવતો

(કરતો) હોય છે. જ્યારે સમ્યગ્દષ્ટિ તો આવશ્યક ન હોય, અનિવાર્યતા ન હોય તો આવા દોષોનું સેવન જ નથી કરતો. અને જો કોઈ કાળે સમ્યગ્દષ્ટિ સંયોગવશ, કર્મવશ, લાચારીવશ, બીમારીવશ કદાચ આવા દોષોનું સેવન કરે છે તો પણ ભીરુભાવે અને રોગના ઔષધ તરીકે કરે છે, નહિ કે આનંદથી અથવા સ્વચ્છંદે. આથી કોઈ પણ પ્રકારનો છળ કોઈએ ધર્મશાસ્ત્રોમાંથી ગ્રહણ ન કરવો. કારણ કે ધર્મશાસ્ત્રોમાં દરેક વાતો અપેક્ષાએ હોય છે. તેથી કરીને વ્રતો અને પડિમાઓ (પ્રતિમાઓ) પાંચમા ગુણસ્થાનકે કહી છે. તેનો અર્થ એવો ન કાઢવો કે અન્ય કોઈ નિમ્ન ભૂમિકાવાળાઓ તેને અભ્યાસ અર્થે અથવા તો પાપથી બચવા ગ્રહણ ન કરી શકે. બલકે સૌએ અવશ્ય ગ્રહણ કરવા યોગ્ય જ છે. કારણ કે જેને દુ:ખ પ્રિય નથી એવા જીવો દુ:ખના કારણરૂપ પાપોને કેવી રીતે આચરી શકે? અર્થાત્ ન જ આચરી શકે.

# ૪૨
# સમાધિમરણ ચિંતન

**સૌ**પ્રથમ એ સમજવું જરૂરી છે કે 'મરણ એટલે શું અને ખરેખર મરણ કોનું થાય છે ?'

**ઉત્તર –** આત્મા તો અમર હોવાથી ખરેખર ક્યારેય મરણ પામતો જ નથી. પરંતુ આત્માનો પુદ્ગલરૂપ શરીર સાથેનો એકક્ષેત્રાવગાહ સંબંધનો અંત આવે છે, તેને જ મરણ કહેવાય છે. તેથી મરણ એટલે આત્માનું એક શરીર છોડી બીજા શરીરમાં જવું.

સંસારમાં કોઈ એક ઘર છોડી, બીજા સારા ઘરમાં રહેવા જાય છે ત્યારે અથવા કોઈ જૂના કપડા બદલાવી નવા કપડા પહેરે છે ત્યારે શોક કરતા જણાતા નથી. ટ્રેનમાં સર્વ પોતપોતાનું સ્ટેશન આવતા ઊતરી જાય છે, પરંતુ કોઈ તેનો શોક કરતા જણાતા નથી, તો મરણપ્રસંગે શોક કેમ થાય છે ? તેનું સૌથી મોટું કારણ છે મોહ. અર્થાત્ તેઓને મારા કરી માન્યા હતા, તેથી શોક થાય છે. સૌ કોઈ જાણે છે કે – સર્વને એક દિવસ આ દુનિયામાંથી જવાનું છે. છતાં પોતા વિશે ક્યારેય કોઈ વિચાર કરતા નથી. અને સમાધિમરણની તૈયારી પણ કરતા નથી. તેથી સર્વજનોએ પોતાના સમાધિમરણ વિશે વિચારી, તેના માટેની તૈયારી કરવા યોગ્ય છે.

તેથી પ્રશ્ન થાય કે સમાધિમરણ એટલે શું અને તેની તૈયારી કેવી હોય ? સમાધિમરણ એટલે એકમાત્ર આત્મભાવે (આત્મામાં સમાધિભાવે) વર્તમાન દેહને છોડવો. 'હું આત્મા છું' એવા અનુભવ સાથેના અર્થાત્ સમ્યગ્દર્શન સહિતના મરણને સમાધિમરણ કહેવાય છે. આ સમાધિમરણનું મહત્ત્વ એટલે છે કે તે જીવ સમ્યગ્દર્શન સાથે લઈને જાય છે, અન્યથા (અર્થાત્ સમાધિમરણ ન હોતા) તે જીવ પ્રાયઃ સમ્યગ્દર્શન વમીને જાય છે. લોકો સમાધિમરણની તૈયારી અર્થે સંથારાની ભાવના ભાવતા જણાય છે, અંત સમયની આલોચના કરતા/કરાવતા જણાય છે, નિર્યાપકાચાર્યની (સંથારાનો નિર્વાહ કરાવનાર આચાર્યની) શોધ કરતા જણાય છે. એક અપેક્ષાએ તે સારી વાત છે પરંતુ સમ્યગ્દર્શન કે જે સમાધિમરણનો પ્રાણ છે તેના વિશે લોકો અજાણ જ હોય – તેવું જણાય છે. તેથી સમાધિમરણની તૈયારી અર્થે, આ પૂર્ણ જીવન એકમાત્ર સમ્યગ્દર્શનની પ્રાપ્તિના ઉપાયમાં જ લગાવવું યોગ્ય છે. કારણ કે સમ્યગ્દર્શન વગર અનંતી વાર બીજું બધું જ કરવા છતાં આત્માનો ઉદ્ધાર શક્ય બન્યો નથી, ભવભ્રમણનો અંત આવ્યો નથી. અર્થાત્ સમ્યગ્દર્શન વગર ગમે તે ઉપાય કર્યાથી,

કદાચ એક-બે કે થોડાક ભવો સારા મળી પણ જાય છતાં, ભવકટી થતી નથી. અને તેથી કરીને અનંત દુ:ખોનો અંત આવતો નથી. અર્થાત્ નરક/નિગોદના નદાવા (acquaintance = હવે પછી એ જીવ ક્યારેય નરક/નિગોદમાં જવાનો નથી) થતા નથી. માટે આવા દુર્લભ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે અને તેની તૈયારીરૂપે આ સંસાર પ્રત્યેનો વૈરાગ્ય, સંસારના સુખો પ્રત્યેની ઉદાસીનતા અને શાસ્ત્રસ્વાધ્યાયથી યથાર્થ તત્ત્વનો નિર્ણય આવશ્યક છે.

આ મનુષ્યભવ અત્યંત દુર્લભ છે. તેથી તેનો ઉપયોગ શેમાં કરવો ? તે વિચારવું અત્યંત આવશ્યક છે. કારણ કે જેવું જીવન જીવશો પ્રાયઃ તેવું જ મરણ હોય છે. માટે નિત્ય જાગૃતિ જરૂરી છે. જીવનમાં નીતિ-ન્યાય આવશ્યક છે. નિત્ય સ્વાધ્યાય, મનન, ચિંતન પણ આવશ્યક છે. કારણ કે આયુષ્યનો બંધ ગમે ત્યારે પડી શકે છે અને ગતિ અનુસાર જ મરણ વખતે લેશ્યા હોય છે. તેથી જેઓ સમાધિમરણ ઇચ્છતા હોય તેઓએ પૂર્ણ જીવન સમ્યગ્દર્શનસહિત ધર્મમય જીવવું આવશ્યક છે. તેથી જીવનભર સર્વ પ્રયત્નો સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અર્થે જ કરવા યોગ્ય છે. કારણ કે સમ્યગ્દર્શન અર્થે કરેલ સર્વ શુભ ભાવ યથાર્થ છે, અન્યથા તે ભવકટી માટે અયથાર્થ નીવડે છે. અને તે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બાદ પણ પ્રમાદ સેવવા યોગ્ય નથી. કારણ કે એક સમયનો પણ પ્રમાદ નહિ કરવાની ભગવાનની આજ્ઞા છે.

સર્વજનોએ માત્ર પોતાના જ પરિણામ ઉપર દૃષ્ટિ રાખવા જેવી છે અને તેમાં જ સુધારો ઇચ્છવો. 'બીજા શું કરે છે ?' અથવા 'બીજા શું કહેશે ?' વગેરે ન વિચારતા પોતા માટે શું યોગ્ય છે? તે વિચારવું. આર્તધ્યાનના અને રૌદ્રધ્યાનના કારણોને ન સેવવા. જો ભૂલથી, અનાદિના સંસ્કારવશ આર્તધ્યાન અથવા રૌદ્રધ્યાન થયું હોય તો તરત જ તેમાંથી પાછા ફરવું (પ્રતિક્રમણ), તેનો પસ્તાવો કરવો (આલોચના) અને ભવિષ્યમાં આવું ફરી ક્યારેય ન થાય (પચ્ચક્ખાણ) તેવો દૃઢ નિર્ધાર કરવો. આવી રીતે દુર્ધ્યાનથી બચી, પૂર્ણ યત્ન સંસારના અંતના કારણોમાં જ લગાવવા યોગ્ય છે. આવી આત્મ-જાગૃતિ જીવનભર માટે જરૂરી છે. ત્યારે જ મરણસમયે જાગૃતિ સહિત સમાધિ અને સમત્વભાવ રહેવાની સંભાવના રહે છે કે જેથી સમાધિમરણ થઈ શકે. સર્વ જનોને આવું સમાધિમરણ પ્રાપ્ત થાય તેવી ભાવનાસહ, જિનાજ્ઞા વિરુદ્ધ અમારાથી કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે અમારા મિચ્છામિ દુક્કડં !

ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

# ૪૩
# યુનિવર્સલ લૉ

## યુનિવર્સલ લો - સર્વને સમાનરૂપે લાગુ પડતી બ્રહ્માંડની સંચાલન વ્યવસ્થા

❖ મેં જે આપ્યું છે, તે જ મને મળે છે. હું જે બીજા માટે ઈચ્છીશ, તેવું જ મારી સાથે થશે.

❖ હું આત્મા છું. આ શરીર એ મને મળેલ ભૂમિકા (Role) છે. સામાન્યપણે, આપણને જેનું અત્યંત આકર્ષણ હોય તેવી જ ભૂમિકા આપણને મળે છે.

❖ મારી સાથે જે કાંઈ પણ થાય છે તે મારા જ ભૂતકાળનો અરીસો છે. તે મારા જ પૂર્વકૃત કર્મોનું/કાર્યોનું ફળ છે. મેં જે કાર્ય મન-વચન-કાયાથી ન કર્યું હોય, ન કરાવ્યું હોય, ન અનુમોદન કર્યું હોય તેવું કાર્ય મારી સાથે કદી નહીં બને.

❖ તેથી એક વાત નક્કી જ છે કે મારી સાથે ભૂતકાળમાં, વર્તમાનમાં અથવા ભવિષ્યમાં કોઈ પણ પ્રકારનો અન્યાય થયો નથી, થતો નથી અને થશે પણ નહીં. આવી સમજણ થવાથી હું કોઈ પણ ફરિયાદ વગર (No Complaint Zoneમાં) જીવી શકીશ. મારી સાથે જે પણ થાય છે તે મારા જ ભૂતકાળના કારણે થાય છે. તેથી 'મારી સાથે જ કેમ?' એ પ્રશ્ન જ ઉદ્ભવતો નથી.

❖ હું મારું સદનસીબ (Good Luck) સત્કાર્યો (પુણ્ય) કરીને અને મોટા પાપોનો (જુગાર, દારૂ, માંસાહાર, વેશ્યાગમન, પરસ્ત્રીગમન, ચોરી, શિકાર, વ્યભિચાર, કંદમૂળ ભક્ષણ, રાત્રિ ભોજન, તમાકુ, અથાણાં, મધ, અંજીર, માખણ વગેરે) ત્યાગ (પ્રત્યાખ્યાન=પ્રતિજ્ઞા) કરીને બનાવી શકું છું.

❖ આ સમીકરણ યાદ રાખવું: પાપ એટલે દુઃખ અને પુણ્ય એટલે સુખ.

❖ આ વાત અવશ્ય યાદ રાખો: મારે મારા દુઃખમાંથી પણ ફાયદો લેતાં શીખવાનું છે.

❖ હું અહિંયા કોઈ પણ શરત અથવા અપેક્ષા વગર આપવા આવ્યો છું. આ રીતે આપીને હું કાં તો મારૂં જૂનું દેણું ચૂકવી રહ્યો છું અથવા તો મારી નવી જમાપૂંજી બનાવી રહ્યો છું. બંને સંજોગોમાં ફાયદો મારો જ છે.

❖ મારે મારી ફરજ ઉત્તમ રીતે બજાવવાની છે, બીજા પણ એવું જ કરે એવા આગ્રહ વગર. આપણે બધાએ આપણા કુટુંબ, મિત્રો, સહકર્મીઓ, સમાજ અને દેશ પ્રત્યેની આપણી ફરજ સર્વોત્કૃષ્ટ શક્તિ મુજબ બજાવવાની છે.

❖ આપણે આપણી જાત પ્રત્યે કડક અને બીજા પ્રત્યે નરમ/ઉદાર/દયાળુ બનવાનું છે.

❖ 'મારી સાથે જે પણ થાય છે તે સારા માટે જ થાય છે.' આ સર્વોપરિ સકારાત્મકતાનો રસ્તો છે.

❖ લોકો સાથેના મારા પ્રતિભાવ આ ચાર રીતના હોવા જોઈએ:

૧) **મૈત્રી :–** સર્વ જીવો સાથે મૈત્રી. આથી મારા કોઈ દુશ્મન નહીં રહે. મિત્રોનું સારું (હિત) ઈચ્છવાથી મારું હિત થશે. આ રીતે મારી ખુશી જળવાઈ રહેશે.

૨) **પ્રમોદભાવ :–** બીજાના ગુણોની પ્રશંસા કરવાથી તે ગુણો મારામાં ખીલી જશે.

૩) **કરુણા :–** પાપીઓ પ્રત્યે કરુણા રાખવી. કારણ કે તેઓને બ્રહ્માંડના નિયમની ખબર નથી. તેનાથી મારો મનોભાવ સારો રહેશે.

૪) **મધ્યસ્થતા / કોઈ જ પ્રતિભાવ નહીં :–** જ્યારે કોઈ આપણને દુ:ખ આપે ત્યારે મૌન અને શાંત રહેવું અને હૃદયમાં આભાર ! સ્વાગતમ્ ! (Thank you ! Welcome !)ના ત્રણ ચરણોનું ચિંતન કરવું.

✯ **પ્રથમ ચરણ** : મારી પૂર્વની ભૂલો માટે હું ક્ષમા માંગું છું. (Sorry! Sorry!)

✯ **બીજું ચરણ** : હું નક્કી કરું છું કે આવું બીજા સાથે હું કદી નહીં કરું. (Never again)

✯ **ત્રીજું ચરણ** : સામેવાળી વ્યક્તિને મને સ્વચ્છ કરવાવાળી ઉપકારી માનીને હું મનમાં ધન્યવાદ આપીશ (Thank you). જેથી મને ગુસ્સો, અણગમો, નિરાશા વગેરે નહીં આવે. તેથી મારી ખુશી જળવાશે કે જે સ્વાગતયોગ્ય વાત છે (Welcome!). આમ કરવાથી હું અન્યો પ્રત્યેના દ્વેષ / અણગમાના વિષચક્રમાંથી બચી જઈશ. આ રીતે હું નકારાત્મક

વિચારોથી બચીને સકારાત્મક વિચારોમાં પ્રવૃત્ત રહી શકીશ.

❖ મારે મારી વૃત્તિમાં ફેરફાર સમજણથી કરવાનો છે, દબાણથી નહીં. તેથી આ 'સહજ યોગ' છે, 'હઠ યોગ' નથી.

❖ મારે મારા શરીરનો અને મનનો ઉપયોગ મુક્તિ માટે કરવાનો છે. તેના માટે સર્વપ્રથમ સમ્યગ્દર્શન જરૂરી છે. તેથી મારા આ જીવનનું પહેલું ધ્યેય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જ છે. તેના માટે સૌથી પહેલા સાંસારિક ઈચ્છાઓનો ત્યાગ આવશ્યક છે, નહીં કે ઘર, પરિવાર, પૈસાનો ત્યાગ. મારે મારી ઈચ્છાઓને અને અણગમાને દર બે કલાકે તપાસીને, તેનો ૧૨ અને ૪ ભાવનાથી મૂળમાંથી નાશ કરવાનો છે.

❖ સત્ય મારી અંદર જ છે. તેને શોધવા મારે ક્યાંય બહાર જવાની જરૂર નથી.

❖ જેમણે સત્યનો અનુભવ કર્યો છે, તે જ બીજાને તે રાહ બતાવી શકે છે. આવી વ્યક્તિ કયારેય પોતાની જાતને દુનિયાની ઝાકમઝોળમાં લાવતી નથી. તેઓ પદ, પ્રસિદ્ધિ અને પૈસા પાછળ પડતા નથી.

❖ સમ્યગ્દર્શન (આત્મ સાક્ષાત્કાર) મેળવવા માટે હું સત્યનો સ્વીકાર કરવા (Ready to accept) અને તે સત્ય અનુસાર પોતાને બદલવા (Ready to change) સદા માટે તૈયાર છું.

❖ મારે મારી જાતને બદલવાની છે (જે સરળ છે), બીજાને નહીં કે જે અતિ કઠિન છે તથા આક્રોશ, નિરાશા અને ઉદ્વેગનું કારણ બને છે.

❖ હું હંમેશા યાદ રાખીશ કે દરેક જીવ પાસે અનંત કાળ રહેવાના બે જ વિકલ્પો છેઃ
(૧) સિદ્ધાવસ્થા (અનંત સુખ) અને (૨) નિગોદ (અનંત દુઃખ). મારે સિદ્ધાવસ્થા માટે જ પુરૂષાર્થ કરવાનો છે. અન્યથા નિગોદ કોઈ પણ પ્રયત્ન વગર (By default) મળવાનું જ છે.

❖ મારી તુલના મારે બીજા સાથે નથી કરવાની. પરંતુ મારી આજને મારે મારી ગઈકાલ સાથે સરખાવીને મારી આજને સુધારવાની છે. આજ દૈનિક પ્રગતિનો (Daily progress) માર્ગ છે.

❖ આ નિયમોને આખા દિવસ દરમિયાન પ્રયોગમાં લાવીશ અને સૂતા પહેલા તેમાં જે ક્ષતિ થઈ હોય તેને તપાસીને ભવિષ્યમાં જાગૃતિ દ્વારા સુધારવાનો પ્રયત્ન કરીશ.

# Universal Law

**Universal Law - Universal Operating System applicable to everyone**

❖ I receive what I give. What I wish for others comes back to me.

❖ I am the soul. This body is a role that I have been given. Generally, we get the role we had hankered after.

❖ Whatever is happening to me is a mirror of my past. It is a reflection of my past deeds. What I have not done or not caused or allowed to be done through acts of mind, speech and body shall never happen to me.

❖ Therefore, no injustice is done to me either at present, or in the past or in the future. By realising this, I remain firmly in the **"No Complaint Zone".** Whatever has caused me pain is a result of my own past actions. It has nothing to do with others. So there is no question of blaming others. Hence the **"Why Me?"** question does not arise.

❖ I create good luck by doing *puṇya* (merits) and stop doing *pāpa* (demerits).

❖ I create bad luck by committing pāpa (demerits) like indulging in the 7 vices (gambling, consuming alcohol, consuming non-vegetarian food, having relations with prostitutes, stealing, hunting and adultery/infidelity), eating root vegetables, eating after sunset, eating pickles, honey, figs, butter, etc.

❖ **Bear in mind :** *Pāpa* = Pain; *Puṇya* = Gain

❖ **Reflect on this :** I shall learn to gain from pain

- ❖ I am here to give unconditionally, without any expectations. By giving, I am either repaying my old debts or creating a new deposit. I benefit in both cases.
- ❖ I have to perform my duty to the best of my ability, without expecting others to do their best. All of us have to fulfill our duty towards family, friends, colleagues, society and country.
- ❖ I have to be strict with myself and lenient with others.
- ❖ Whatever happens, happens for good. This is the way of super positivity.
- ❖ I have to deal with people in four ways (4 Bhāvanās):

  1. **મૈત્રી** : *Maitri* - ***Universal Friendship*** : It shall protect my happiness by not creating enmity with others. Wanting the welfare of others shall ensure my own welfare.
  2. **પ્રમોદભાવ** : *Pramoda* - ***Admiration*** : By admiring others' virtues I shall imbibe them.
  3. **કરૂણા** : *Karunā* - ***Compassion*** : Compassion for sinners because they are unaware of the Universal Law.
  4. **મધ્યસ્થતા / કોઈ જ પ્રતિભાવ નહીં** : *Mādhyasthya* - ***Indifference or no response*** : When anyone hurts me, I shall stay calm and contemplate upon 'Thank you! Welcome!' inside my heart. This protects my happiness.

     It is a 3-step process:

  ✯ **Step 1** - I shall apologise for my past mistakes **(Sorry! Sorry!)**

- ✯ **Step 2** - I shall not repeat my mistakes **(Never again!)**
- ✯ **Step 3** - I believe that my opponent has obliged me by cleaning me. So I shall say **'Thank you!'** in my heart. This will ensure that annoyance / irritation does not get triggered and that I do not get trapped in the vicious circle of anger and resentment, which leads to more and more anger and hatred.

❖ These three steps are a shield for my happiness and good spirits. Hence, it is a **welcome** move. They save me from negative thoughts and emotions, and make space for positivity.

❖ Attitude changes through conviction and not by force because this is the path of *sahaja yoga* and not *haṭha yoga*.

❖ My goal is to use this body and mind to liberate myself by gaining samyak darana.

❖ The truth lies within me. I do not have to go anywhere seeking it. I just need to look inwards.

❖ To attain samyak darana (self-realisation), I am always **'Ready to Accept'** the truth/good and **'Ready to Change'** accordingly.

❖ Only one who has attained samyaktva can guide others. Such a person never thrusts himself in the limelight. He never seeks fame and money. He remains in the background and helps true seekers on a one-on-one basis.

❖ In order to make real progress on the spiritual path, I have to rise above worldly desires, not give up my worldly home, family or wealth.

- I have to change myself, which is easy, and not others, which is not only difficult but also causes animosity, anger, anguish, disappointment, frustration and resentment.
- I have to remember this: Every soul has only two permanent abodes - ***Mokṣa** and **Nigoda***

  *Mokṣa* = liberation, highest form of existence, the state of supreme and unending bliss

  *Nigoda* = bondage, lowest form of existence, the state of uninterrupted grief, intense sorrow and endless pain and suffering
- I have to ask myself which option I would prefer, out of *Mokṣa* and *Nigoda.* If I choose *Mokṣa,* I have to work for it. Otherwise I will end up in *Nigoda* by default.
- *I shall not compare myself with others. Instead, I have to compare my today with my yesterday and ensure daily improvement. This is the way to achieve **daily progress.***
- *I have to check my **Bucket List** and work on it with the Twelve Contemplations (bhvans). I need to check my likes and dislikes every two hours and correct them.*
- *I have to apply this for the whole day and check for deviations at night before going to sleep.*

**મૈત્રી ભાવના** - સર્વ જીવો પ્રત્યે મૈત્રી ચિંતવવી, મારો કોઈ જ દુશ્મન નથી એમ ચિંતવવું, સર્વ જીવોનું હિત ઈચ્છવું.

**પ્રમોદ ભાવના** - ઉપકારી તથા ગુણી જીવો પ્રત્યે, ગુણ પ્રત્યે, વીતરાગ ધર્મ પ્રત્યે પ્રમોદભાવ લાવવો.

**કરુણા ભાવના** - અધર્મી જીવો પ્રત્યે, વિપરીતધર્મી જીવો પ્રત્યે, અનાર્ય જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

**મધ્યસ્થ ભાવના** - વિરોધીઓ પ્રત્યે મધ્યસ્થભાવ રાખવો.

**- મુખપૃષ્ઠની સમજણ -**

આપના જીવનમાં સમ્યગ્દર્શનનો સૂર્યોદય થાય અને તેના ફળરૂપ-અવ્યાબાધ સુખસ્વરૂપ સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ થાય એજ ભાવના.

*Ebook available on* : **www.jayeshsheth.com**